## ● અનુક્રમણિકા ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૨૪ | નિશ્ચય૦ - પૂ.ઉ.શ્રીનું સુંદર નિશ્ચયનયનું સમર્થન | ૧ |
| ૨ | ૩ | ૨૬ | નિશ્ચય૦ - પૂ.ઉ.શ્રીનું સુંદર નિશ્ચયનયનું સમર્થન | ૭ |
| ૩ | ૩ | ૨૯ | નિશ્ચય૦-જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઇતિહાસ | ૧૧ |
| ૪ | ૩ | ૩૦ | નિશ્ચય૦-જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઇતિહાસ | ૧૯ |
| ૫ | ૩ | ૩૧ | નિશ્ચય૦-જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઇતિહાસ | ૩૦ |
| ૬ | ૩ | ૩૨ | નિશ્ચય૦-જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઇતિહાસ | ૩૮ |
| ૭-૯ | ૬ | ૧-૩ | આધ્યા૦ - અનાથ જગત અને અનાથી મુનિ | ૪૩-૬૫ |
| ૧૦-૧૨ | ૬ | ૪-૬ | આધ્યાત્મિક પ્રવચન - આજની તક | ૬૫-૮૬ |
| ૧૩-૧૫ | ૬ | ૭-૯ | આધ્યાત્મિક પ્રવચન - કલ્યાણમિત્રના મૂલ્ય | ૮૭-૧૦૮ |
| ૧૬-૧૭ | ૬ | ૧૦-૧૧ | આધ્યાત્મિક૦ - મદનરેખાની કલ્યાણ મિત્રતા | ૧૦૯-૧૨૩ |
| ૧૮-૨૪ | ૬ | ૧૨-૧૮ | આધ્યાત્મિક પ્રવચન - નમિ રાજર્ષિ | ૧૨૩-૧૭૦ |
| ૨૫-૨૯ | ૬ | ૧૯-૨૩ | આધ્યા૦ - નમિ રાજર્ષિની વૈરાગ્યભાવના | ૧૭૧-૧૯૩ |
| ૩૦-૪૧ | ૬ | ૨૪-૪૦ | આધ્યા૦-જીવન ૫૨ અધિકાર અને અંજનાસુંદરી | ૧૯૩-૨૭૮ |
| ૪૨ | ૬ | ૪૧ | આધ્યા૦-જીવન ૫૨ અધિકાર અને અંજનાસુંદરી | ૨૭૮ |
| ૪૩ | ૬ | ૪૨ | આધ્યા૦-જીવન ૫૨ અધિકાર અને અંજનાસુંદરી | ૨૮૬ |
| ૪૪ | ૬ | ૪૩ | આધ્યા૦-જીવન ૫૨ અધિકાર અને અંજનાસુંદરી | ૨૯૧ |
| ૪૫ | ૬ | ૪૪ | આધ્યા૦-જીવન ૫૨ અધિકાર અને અંજનાસુંદરી | ૨૯૯ |
| ૪૬ | ૬ | ૪૫ | આધ્યા૦-જીવન ૫૨ અધિકાર અને અંજનાસુંદરી | ૩૦૬ |




E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

(૧)

# નિશ્ચય અને વ્યવહાર

(૩) નિશ્ચયના લક્ષ સાથેનો વ્યવહારમાર્ગ એજ નિશ્ચયની સાધનાનું કારણ છે. માટે નિશ્ચયરૂપી કાર્યના ઇચ્છુકે વ્યવહારરૂપી કારણને આદરવું જ જોઈએ. પૂ. ઉપાધ્યાયજી મહારાજ તે કહે છે.

**"મુખ્યપણે જિમ ભાવે આણા (જિનવચનથી અંતરને ભાવિત કરવાનું કરે), તિમ તસ કારણ તેહ; કાર્ય ઇચ્છતો કારણ ઇચ્છે; એ છે શુભમતિ રેહ."**

(૪) નિશ્ચયદૃષ્ટિ વિના વ્યવહારથી કાંઈ લાભ નહિ, એ વચન ઉપર જે અજ્ઞાની એમ કહે છે કે **'આદરશું અમે જ્ઞાનનેજી, શું કીજે પચ્ચકખાણ ?'** એમ કરીને જે વ્રત પચ્ચકખાણાદિ ક્રિયા છોડી દે છે તેના માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજ લખે છે કે,

**"કિરિયા ઉત્થાપી કરીજી, છાંડી તેણે લાજ;**
**નવિ જાણે તે ઉપજેજી કારણ વિણ નવિ કાજ.**
**નિશ્ચયનય અવલંબતાંજી નવિ જાણે તસ મર્મ;**
**છાંડે જે વ્યવહારનેજી લોપે તે જિનધર્મ."**

(૫) શ્રી **"ઓઘનિર્યુક્તિ"** શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

**"निच्छयमवलंबंता णिच्छयओ णिच्छयं अयाणंता ।**
**णासंति चरणकरणं बाहिर करणालसा केई ॥"**

અર્થાત્ નિર્ણયાત્મક રીતે નિશ્ચયનયને નહિ સમજતા કેટલાકો માત્ર એનું આલંબન કરવા જાય છે; તે ખરી રીતે બાહ્ય ક્રિયાના આળસુ હોય છે, અને નિશ્ચયના ઓઠા હેઠળ વ્યવહારમાર્ગને લોપી પોતાના ચરણ-કરણ (ચારિત્રના મૂળ-ઉત્તર ગુણો)નો નાશ કરે છે.

(૬) ખરી રીતે નિશ્ચયની સિદ્ધિ કરવા માટે અનેક પ્રકારના વ્યવહાર માર્ગ સમર્થ છે. એનાથી વાસ્તવિક નિશ્ચયની સાવધાની વિકસે છે. તે બતાવતાં પૂ. ઉપા. મહારાજ કહે છે કે-

**"સ્થવિરકલ્પ-જિનકલ્પની કિરિયા છે બહુભેદ.**
**કિરિયા જે બહુવિધ કહી, તેહજ કર્મ પ્રતિકાર;**
**રોગ ઘણા ઔષધ ઘણા, કોઈને કોઈથી ઉપકાર."**

સાધુ બે પ્રકારે, (૧) **સ્થવિરકલ્પી** એટલે કે ગચ્છવાસી સાધુની મર્યાદા પાળનાર; અને (૨) **જિનકલ્પી** એટલે જિનેશ્વરદેવના ચારિત્રની મર્યાદાવાળું ચારિત્ર વહનાર. જિનકલ્પી માત્ર દિવસના ત્રીજા પહોરમાં આહાર-નિહાર-વિહાર કરે છે,



તે પણ વિશિષ્ટ અભિગ્રહ (નિયમ) સાથે; બાકી ઊભા કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે. એમાં એમને એટલો બધો જાગ્રત આત્મોપયોગ સાથે શ્રુતનો ઉપયોગ હોય છે કે એના પરથી જ કેટલો સમય વીત્યો તે જાણી શકે છે. ઘોર ઉપસર્ગમાં પણ એ અડગ રહે છે. પૂર્વે એમણે તપ-સત્ત્વ-ધૈર્ય વગેરે પાંચ ભાવના દ્વારા આત્માને ખૂબ કેળવ્યો છે. એટલે અહીં નિશ્ચયની સાધનામાં સાવધાન છે. પરંતુ આનો અર્થ એ નથી કે સ્થવિર કલ્પીની સાધનાની કિંમત નથી. એ પણ કર્મ ટાળવાનો મહાન ઉપાય છે. એમાં પણ નિશ્ચય સાધના દ્વારા નિશ્ચયનયના ચારિત્રે પહોંચી શકાય છે. પરંતુ તે બધું વ્યવહાર ચારિત્રથી આત્માને કેળવીને જ બને છે. જેમ જગતમાં રોગ ઘણા છે, તો એના ઔષધ પણ ઘણાં છે. કોઈને કોઈ ઔષધથી વ્યાધિ મટે છે; તો બીજાને બીજાથી. એવી રીતે અનેક પ્રકારની મોક્ષસાધક ક્રિયાઓ છે; એમાં કોઈને કોઈથી ભવરોગ ટળે, તો બીજાને બીજીથી. માત્ર વસ્તુ એટલી કે તેની સાધના જ્ઞાનરૂપી વૈદના કહ્યા મુજબ થવી જોઈએ, અને અંતિમ સાધ્યના લક્ષવાળી જોઈએ.

(૭) એજ વસ્તુ નિશ્ચયવ્યવહારગર્ભિત શ્રી સીમંધર સ્વામીના સ્તવનમાં કહે છે :-

**"શિબિકાવાહક પુરુષતણી પર કહ્યા રે, નિશ્ચયનય વ્યવહાર;**
**મિલિયા મિલિયા રે ઉપકારી, નવિ જુજુઆરે,....**
**શુદ્ધ અશુદ્ધપણું સરખું છે બેઉં ને રે**
**નિજ નિજ વિષે શુદ્ધ... પર વિષે અશુદ્ધતા**
**"નિશ્ચયનય પરિણામપણાએ છે વડો રે, તેવો નહિ વ્યવહાર;**
**ભાખે ભાખે રે કોઈક ઈમ તે નવિ ઘટે રે;....**
**"જે કારણ, નિશ્ચયનય કારજ અછે રે, કારણ છે વ્યવહાર..."**

શું કહ્યું ! **પાલખી ઉપાડનાર બે માણસની જેમ નિશ્ચય અને વ્યવહાર બેઉ નય ભેગા મળીને ઉપયોગી છે;** પણ છૂટા છૂટા નહિ - કેમકે **'એકાકી નય સઘળા મિથ્યામતિ રે, મિલિયા સમકિત રૂપ'** એમ **'સંમતિતર્ક'** શાસ્ત્ર પણ કહે છે, ત્યારે અહીં કોઈ પ્રશ્ન કરે કે-

**પ્ર.**- તેમ છતાં બંનેમાં નિશ્ચયનય એ શુદ્ધનય ખરો ને ?

**ઉ.**- શ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે બંને નય શુદ્ધ છે અને બંનેય નય અશુદ્ધ પણ છે. એટલે કે શુદ્ધ નિશ્ચય, શુદ્ધ વ્યવહાર, અશુદ્ધ નિશ્ચય, અને અશુદ્ધ વ્યવહાર-એમ ચાર ભેદ પડે છે. દરેકની પોતાને વિષે શુદ્ધતા છે, ત્યારે પરને વિષે અશુદ્ધતા છે. એથી નિશ્ચય-વ્યવહાર બંનેની ઉપયોગિતા છે.

**પ્ર.**- છતાં, નિશ્ચયનય મોટો અને મુખ્ય ખરો ને ? તેથી જ વ્યવહારનય નાનો અને ગૌણ પણ ખરો ને ? તો પછી મોટાને જ પકડવો સારો કે નહિ ?

**ઉ.**- બંનેય નય સરખા છે, કોઈ મોટો કે કોઈ નાનો નથી. કેમકે નિશ્ચય



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

એ કાર્ય છે અને વ્યવહાર એનું કારણ છે. બેમાંથી કોને મુખ્ય એટલે ઉપયોગી ને કોને ગૌણ એટલે નિરુપયોગી કહીએ ? કાર્ય એ કારણ વિના થઈ શકવાનું જ નથી, એ દૃષ્ટિએ **કારણ** મુખ્ય છે, ઉપયોગી છે. ત્યારે કારણથી કાર્ય નિપજાવીએ તો કામનું, નહિતર એકલા કારણને રાખવા-રમાડવાથી શું ? અંતે હાથમાં કાર્ય રહેવાનું. એ દૃષ્ટિએ **કાર્ય** મુખ્ય છે, ઉપયોગી છે. દા.ત. અગ્નિ અને રસોઈ, ધંધો અને કમાણી, એ કારણ-કાર્યો છે; બેય મોટા છે. કાનજીમતિઓ જૈનશાસનનું આ રહસ્ય સમજતા નથી અને એકલા નિશ્ચયને મુખ્ય કરવામાં પડ્યા છે. તેથી તે નિશ્ચયમૂઢ બની મિથ્યાત્વમાં રમે છે; પણ નિશ્ચયને કદી પામી શકતા નથી. જેમ, ભોજન છોડી દઈ માત્ર તૃપ્તિની રટણા કરનારો તૃપ્તિ પામી શકતો નથી.

(૮) ખરી રીતે નિશ્ચયના લક્ષથી હોંશથી વ્યવહાર સાધતાં સાધતાં પૂર્ણતા આવે છે; નહિ કે વ્યવહારને છોડી દઈને અથવા વ્યવહારમાં રસ ન લઈને. તે બતાવે છે :-

**"પાઠ-ગીત-નૃત્યની કળા રે, જિમ હોય પ્રથમ અશુદ્ધ રે,**
**મનવસિયા પણ અભ્યાસે એ ખરી રે."** (હોવત જાત વિશુદ્ધ.)

બાળકને વિદ્યાભ્યાસ કરવામાં કે મોટાને પણ સંગીત શીખવામાં, કે નૃત્યમાં હોશિયાર થવામાં પહેલાં તો અશુદ્ધ તો અશુદ્ધ પણ ક્રિયા કરવી પડે છે. પરંતુ એનો અભ્યાસ (Practice) કરતાં કરતાં એ શિક્ષણ પૂર્ણ બને છે; ને તે વિદ્યા-કળામાં પારંગત થવાય છે. એવી રીતે **નિશ્ચયની દિશામાં વ્યવહાર ક્રિયાના ખૂબ અભ્યાસથી નિશ્ચય પમાય છે.**

(૯) વળી કહ્યું છે કે

**"મણિશોધક શતખારના રે, જિમ પુટ સકલ પ્રમાણ."**-

અશુદ્ધ રત્નને શુદ્ધ કરવા માટે ક્ષારના સો પુટ આપ્યા, ત્યાં પહેલા-બીજા પુટે તો ખાસ કાંઈ શુદ્ધિ નહોતી થઈ; સર્વથા શુદ્ધિ તો **૧૦૦મા** પુટે આવી. પણ તેથી કાંઈ પૂર્વના પુટ નકામા નથી ગણાતા, પૂર્વનો એક પણ પુટ અનુપયોગી નથી. એમ જ વ્યવહારના અનેક આચરણથી શુદ્ધ નિશ્ચયે પહોંચાય છે.

(૧૦) તેથી કહ્યું કે-

**"નિશ્ચય ફલ કેવલ લગે રે, નવિ ત્યજીએ વ્યવહાર;**
**ચકી ભોગ પામ્યા વિનારે, જિમ નિજ ભોજન સારે રે, ગુણવસીયા."** નિશ્ચયરૂપી ફળ કે જે કેવળજ્ઞાને આવે છે, ત્યાં સુધી વ્યવહારમાર્ગ છોડવા નહિ, જેમ, કોઈને ચક્રવર્તીના ઉચ્ચ ભોજનાદિભોગ ભોગવવા છે, પણ તે ન મળે ત્યાં સુધી જો પોતાના ચાલુ સામાન્ય ભોજન કરવાનું મૂકી દે તો વહેલો જમદ્વારે પહોંચી જાય ! અને ચક્રવર્તીના ભોગ અદ્ધર રહી જાય ! એવી આ એકાંત નિશ્ચયવાદીઓની દુર્દશા છે ! એ બિચારા શ્રેણિક જેવાના દાખલા લે છે પણ **'નવી તે જાણે રે કિરિયા ખપ વિના, સમકિત ગુણ પણ તાસ.'** શ્રેણિક જેવાનેય પ્રભુ સમાગમ, જિનવાણી શ્રવણ, પ્રભુના આગમન



સમાચારે વધામણીદાન, પ્રભુભક્તિ, સાધુસેવા વગેરે અનેક ક્રિયાથી સમકિતગુણ હતો; ક્રિયા વિના સમ્યક્ત્વ નહોતું પ્રગટ્યું કે નહોતું વિકસ્યું.

(૧૧) સાચો જૈન ક્રિયા અને જ્ઞાન બંનેનો મેળ સાધનારો હોય. એના ઉપર પૂ. ઉપા. મહારાજ ફરમાવે છે કે,

**"ક્રિયા બિન જ્ઞાન નહી કબહુ, ક્રિયા જ્ઞાન બિન નાંહી;**
**ક્રિયા જ્ઞાન દોઉ મીલત રહત હૈ, જ્યૌં જલ રસ જલ માંહી."**

ક્રિયા વિના જ્ઞાન જ્ઞાનના રૂપમાં રહી શકતું નથી અને જ્ઞાન વિના સાચી ક્રિયા હોઈ શકતી નથી. જેમ પાણીની સાથે જ પાણીનો સ્વાદ ભળેલો છે, તેમ જ્ઞાન અને ક્રિયા બંને સાથે મળેલા જ રહે છે. અહીં બંને સાથે ન પણ રહેવાથી ત્રણ પ્રશ્ન થાય છે.

**પ્ર.**- ૧-સિદ્ધ ભગવાનને જ્ઞાન છે પણ ક્રિયા ક્યાં રહે ?

**ઉ.**- એમને કયું જ્ઞાન છે ? એમને તો રાગદ્વેષ વિનાનું સંપૂર્ણ વસ્તુ સ્વરૂપનું જ્ઞાન છે, એને અનુરૂપ ક્રિયા સ્વરૂપ રમણતાની ક્રિયા, ઉદાસીનતાની ક્રિયા, ચોથી ઉજાગરણ દશાની ક્રિયા છે. બાકી એ સિદ્ધ થયેલા હોવાથી 'આ સાધના મારે સાધ્ય છે, આ મારો માર્ગ છે'-એવું સાધનાનું જ્ઞાન એમને નથી તેથી એમને કોઈ પણ સાધનાની ક્રિયા શાની હોય ?

**પ્ર.**- ૨-ખેર ! જૈન મુનિનો વેશ લીધેલા મિથ્યાદૃષ્ટિને ચારિત્રની ક્રિયા હોઈ શકે છે, પણ એને સમ્યગ્જ્ઞાન ક્યાં છે ?

**ઉ.**- મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વનો પાયો જ નહિ હોવાથી વાસ્તવિક છટ્ઠા ચારિત્ર (પ્રમત્ત વિરતિ) ગુણ સ્થાનકની ક્રિયા માની નથી. જેમ, દા.ત. ઉદાયી રાજાનું ખૂન કરવાના ઈરાદે મુનિવેશ લીધેલો વિનયરત્ન નામનો બનાવટી સાધુ, એ શું ચારિત્ર પાળનારો કહેવાય ? એ તો બીજા ખૂનીઓ કરતાં ખૂનની ભૂમિકાની એક જુદી જાતની ક્રિયા કરનારો ગણાય; અને એને યોગ્ય જ્ઞાન એના દિલમાં રમતું જ હતું. અને કાંઈ ચારિત્રક્રિયા સાધનારો ગણાય જ નહિ. નહિતર તો ખૂનની ક્રિયા કરનાર ખૂનીને ઓપરેશનની ક્રિયા કરનારો, અને ઓપરેશનની ક્રિયા કરનાર ડાકટરને ખૂનની ક્રિયા કરનારો કેમ ન કહેવાય ?

**પ્ર.**- ૩-ઠીક. તો પણ સંમૂર્ચ્છિમ ક્રિયા કરનારને તો મલિન ઈરાદો-મેલો આશય નથી, તેથી મેલા આશયની ક્રિયા એ નહિ ગણાય; અને ક્રિયા તો એ છે જ. પરંતુ ત્યાં જ્ઞાન ક્યાં છે ?

**ઉ.**- જેવી રીતે એ મેલા ઈરાદાવાળી ક્રિયા નથી તેવી જ રીતે શુભ ઈરાદાવાળી, શુભ ઉપયોગવાળી પણ ક્રિયા ક્યાં છે ? એ તો ઓઘક્રિયા છે, ઉપયોગશૂન્ય ક્રિયા છે. તેથી શુભાશયવાળી જો ક્રિયા નહિ તો એને અનરૂપ (સદૃશ) જ્ઞાન પણ શાનું હોય ? શાનું જોઈએ ? ત્યારે જેવી ક્રિયા છે તેવું જ્ઞાન તો છે જ.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**પ્ર.**- આ તો બધું બરાબર. પરંતુ ખરો પ્રશ્ન તો એ છે કે જ્ઞાન અને ક્રિયા બંનેય આત્માની અંદરના માનીએ તો શો વાંધો ? **જ્ઞાન આત્માની અંદરનું અને ક્રિયા જડ શરીરની શા માટે લેવી ?** ઊલટું આત્માનું જ્ઞાન અને જડકાયાની ક્રિયા, -એ બેનો મેળ મળે એવો નથી. આત્માની આંતરિક ક્રિયા સાથે જ જ્ઞાનને મેળ હોય. તો પછી જડની ક્રિયા હોવી જ જોઈએ એવો નિયમ માનવાની શી જરૂર ?

**ઉ.**- તમારો નિયમ સિદ્ધ ભગવાનના આત્માની દૃષ્ટિએ બરાબર છે; કેમકે એ અશરીરી છે. પણ આપણે જે શરીરધારી છીએ ત્યાં શરીર આત્માને માત્ર ચોંટેલું નથી; પરંતુ આત્માના પ્રદેશે પ્રદેશ શરીરના પ્રદેશે પ્રદેશની સાથે ખીરનીર પેરે અથવા લોહ-અગ્નિવત્ ઓતપ્રોત થઈ ગયેલ છે. તેથી જ વીતરાગ સર્વજ્ઞ બનેલા આત્માને પણ શરીર પર ઘા લાગતાં આત્મામાં અશાતાનો અનુભવ થાય છે. જો બાહ્ય જડની ક્રિયાને આંતરિક આત્માના જ્ઞાન સાથે કાંઈ મેળ જ ન હોત તો શરીર પરના પ્રહારથી આત્માને અંદર શાતાનું સંવેદન મટી અશાતાનું સંવેદન થવાનું બનેજ કેમ ? અને એ શરીર છૂટી ગયા પછી એના પર ગમે તેટલા ઘા લાગે પણ એ નિમિત્તે જીવને કશું સંવેદન થતું નથી. માટે શરીર સાથે એકરૂપ બનેલા આત્માના જ્ઞાનને શરીરક્રિયા સાથે સંબંધ છે, એ માનવું જ જોઈશે. તેથી તો જીવતા માણસનું શરીર ગળે કોળિયો ઉતારે છે, અને મડદું નથી ઉતારતું એ સ્પષ્ટ દેખાય છે. કેમ વારું એમ ? કહો કે, જીવતાનો આત્મા ત્યાં શરીર સાથે તદાત્મક રહેલો છતો તેવું જ્ઞાન કરે છે તો એ આત્મા સાથે જાણે અભેદભાવે રહેલું શરીર તેવી ક્રિયા કરી શકે છે. માટે આત્માનું આંતરિક જ્ઞાન અને જડ શરીરની બાહ્ય ક્રિયા-એ બેનો સંબંધ માનવો જ જોઈશે. અલબત વીતરાગ પરમાત્માની શરીર ક્રિયા સાથે એમના આત્મામાં રાગદ્વેષની પરિણતિ નથી, પરંતુ પ્રત્યક્ષ જ્ઞાન અને શાતા-અશાતાના સંવેદન જરૂર છે જ. એટલે સાર એ નીકળ્યો કે કેવળ 'શુદ્ધ નયનું જ્ઞાન કરો, શુદ્ધ આત્મદ્રવ્યનું જ્ઞાન કરો.' એમ જ્ઞાનમાર્ગનો ઢોંગ કર્યે નહિ ચાલે. એની સાથે અશુદ્ધ આત્મ પ્રયોજન અર્થાત્ રાગી-દ્વેષી આત્માથી નીપજતી જે ખાનપાન રંગરાગાદિની તથા સાવદ્ય વ્યાપારાદિની શરીરક્રિયા, તેને પણ બંધ કરવી જોઈએ. નહિતર એ એમજ ચાલુ રહેવાથી માનવું જ જોઈશે કે આત્મામાં જ્ઞાન પણ તેવું જ છે, શરીરની વીતરાગ ક્રિયાનો તમે ચાળો નહિ કરી શકો. એમ નહિ કહી શકો કે અમારી શરીરક્રિયા વીતરાગતા સાથેની છે. જ્યારે સરાગતા સાથેની છે, તો સરાગદશા ટાળવા તેવી ખાનપાન, મોહમય દુનિયાદારી, આરંભ-પરિગ્રહ વગેરે ક્રિયાઓ છોડવી જોઈશે; અર્થાત્ દાન-શીલ-તપની, વ્રત-નિયમની, ત્યાગ-નિવૃત્તિની ક્રિયા આદરવી જ જોઈશે.

(૧૨) જ્ઞાન અને ક્રિયાના ગાઢ સંબંધ અંગે એના એક પદમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ, જુઓ કે કેવું સુંદર લખે છે,

**"નિકટદશા છાંડી જડ ઊંચી દૃષ્ટિ હૈ તાકી;**



**ન કરે કિરિયા જનકું ભાખે, નહિ ભવથિતિ પાકી."**

અર્થાત્, જડ માણસ, અજ્ઞાન માણસ નજીકની શક્ય અવસ્થા છોડીને ઠેઠ ઊંચે અશક્ય તરફ દૃષ્ટિ તાકે છે, નાખે છે. દા.ત. ધારો કે પચાસમે પગથીએ દિવાનખાનું છે ત્યાં જવું છે. હવે કોઈ મૂર્ખ જીવ જો પહેલેથી જ માત્ર સીધા **પચાસમા** પગથીએ પગ મૂકવાની વાત રાખે, પરંતુ જ્યાં જમીન ઉપર ઊભો છે તેની નજીકમાં રહેલા પહેલે બીજી પગથીએ ચઢવાની વાતે ય ન રાખે, તો પછી પરિણામ સ્પષ્ટ છે કે ક્રમસર પહેલે પગથીએ પગથીએથી ચઢવા નહિ માંડવાથી એ કદી પચાસમે પગથીએ પહોંચવાનો નથી. એવું ગુણસ્થાનકમાં ક્રમસર ન ચઢવાથી ઊંચે જવાય નહિ. ત્યારે આત્મસ્પર્શી ગુણસ્થાનકની વસ્તુસ્થિતિ કાંઈ એવી નથી કે આપણે એવો પુરુષાર્થ ન કરીએ અને કોઈ ઈશ્વર કે ભાગ્ય આપણને સીધા વિમાનની જેમ તેરમે વીતરાગ સર્વજ્ઞતાના ગુણઠાણે પહોંચાડી દે. અજ્ઞાની માણસ નજીકમાં રહેલી જે દાનાદિ ક્રિયાઓ, પ્રભુભક્તિ, સામાયિક, ત્યાગ વગેરે ક્રિયાઓ અને એથી નીપજતી થોડી થોડી પણ જે આત્મપરિણતિની સુધારાની દશા, તેને અવગણે છે, તેને આદરતો નથી. અને પહેલેથી જ સીધી તેરમા ગુણઠાણાની કેવળજ્ઞાન યુક્ત વીતરાગ દશા ઉપર દૃષ્ટિ નાખે છે; એના અભ્યાસનો ચાળો કરે છે. એને ભાન નથી કે વીતરાગદશા તો સમૂલ રાગદ્વેષ હણ્યા પછી આવે અને રાગદ્વેષ સમૂલ નાશ પણ પહેલાં અપ્રશસ્ત રાગદ્વેષને રોકવાથી થઈ શકે; તેમજ અપ્રશસ્ત રાગ અને દ્વેષ એની પોષક ક્રિયાઓ બંધ કર્યાથી રોકાય; પણ એમને એમ વાતો કર્યાથી નહિ. ત્યારે એવી ક્રિયા બંધ કરી મનનેય પાછું અપ્રશસ્તમાં ન તણાઈ જવા દેવા માટે શુભ ક્રિયાઓ ખૂબ આદરવી જ જોઈએ. જડ અજ્ઞાનીને આ ક્રમનું જ્ઞાન નથી, આ ક્રમની ક્રિયા આદરવી નથી અને લોકને કહેવું છે કે 'ગમે તેટલી ક્રિયાકષ્ટિ કરો, પરંતુ ભવસ્થિતિનો પરિપાક થયા વિના તમારી ક્રિયાઓ એળે જવાની છે. ત્યારે જો એ પાકી ગઈ છે તો જ્ઞાનદશાથી જ આત્મામાં ગુણસ્થાનક સ્પર્શશે, પણ બાહ્ય જડક્રિયાથી નહિ.' આમ લોકને એ ભરમાવે છે. પરંતુ ઉપર કહ્યું તેમ નિકટમાં રહેલી શક્ય એવી તારક ક્રિયા અને એથી થતું જ્ઞાનદશાનું ક્રમિક આરોહણ આદરતો નથી. માત્ર ઊંચી જ્ઞાનદશા તરફ તાકી રહે છે. એ એવી મૂર્ખાઈ છે કે,

**(૧૩) "ભાજનગત ભોજન કોઉ છાંડી, દેશાંતર જિઉં દોરે;**
**ગહત જ્ઞાનકું કિરિયા ત્યાગી..."**

ઉચિત ક્રિયાને છોડી ઊંચી જ્ઞાનદશાને જે પકડવા જાય છે, તે સામે ભાણામાં આવેલા ભોજનને ત્યજી ભોજન માટે દેશાંતરે દોડનારા મૂર્ખ જેવો છે. તો એને કાંઈ ઊંચી જ્ઞાન દશા મળી ગઈ છે કે મળવાની તૈયારીમાં છે અને ત્યાગ, તપસ્યા, સામાયિક વગેરે ક્રિયાઓ જરૂરી નથી, તેમજ ભોગવિલાસની ક્રિયાઓ એના આત્મા પર કાંઈ અસર નથી કરતી,- એવું નથી; છતાંય ભોગવિલાસ ન ત્યજવાનું કારણ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

એ છે કે ત્યાગ તપસ્યાદિની કષ્ટમય ક્રિયા કરવા તરફ એને કંટાળો છે, અકળામણ છે; ભોગવિલાસની ક્રિયામાં એને ટાઢક છે, ઠંડક છે. તેથી જ જ્ઞાનની વાત કોઈ કરે તો તે એને ગમે છે; પણ કોઈ ક્રિયાના સુંદર ફળ વર્ણવી ક્રિયા સાધવાનું કહે તો એનું ત્યાં મન બગડે છે; સુખમાંથી દુઃખમાં પડવાનું એને લાગે છે. ખરું જોતાં, ક્રિયા વિના જ્ઞાનની વાત એ લંગોટીય વિના નગ્ન શરીરે માથે પાઘડી પહેરવા જેવી વસ્તુ છે. સમુદ્રમાં પડ્યા તરવાની ક્રિયા કર્યા વિના, તરવાની કળા માત્ર જાણી રાખવા જેવું, મોટા તરવૈયા તરીકેની ડંફાસ મારવા જેવું, કે તરવા ઉપર ભાષણ કરવા જેવું છે.

(૧૪) બીજે ઠેકાણે પૂજ્યશ્રી કહે છે કે ઇષ્ટ નગરે પહોંચવા ઘોડે ચઢી ત્યાંનું લક્ષ્ય રાખીને જવાય છે; અને નગરે પહોંચ્યા પછી મહેલમાં ચઢવા માટે ઘોડાની જરૂર નથી રહેતી. તેથી કાંઈ એમ ન કહેવાય કે નગરે પહોંચ્યા પહેલાં રસ્તામાંથી જ ઘોડો મૂકી દેવો. એવી રીતે નિશ્ચયે પહોંચવાના લક્ષ્યથી વ્યવહાર માર્ગ આદરતાં આદરતાં નિશ્ચય મહેલમાં પહોંચાય છે. પણ તે પહેલાં જ વ્યવહાર મૂકી દેવાય નહિ. એવું કરનારની દયા ખાતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે **"નિશ્ચય નવિ પામી શકે જી, પાલે નવિ વ્યવહાર;**

**પુણ્યરહિત તે એહવાજી, તેહને કવણ આધાર."**

(૧૫) છતાં નિશ્ચયના લક્ષ વિનાના વેશધારીના કેવળ વ્યવહારને ધર્મવિરુદ્ધ કહ્યો,

**"કેવલ લિંગ (મુનિવેશ) ધારી તણો, જે વ્યવહાર અશુદ્ધો રે.**

**આદરીએ નવિ સર્વથા, જાણી ધર્મ વિરુદ્ધો રે."**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨૬,તા.૫-૩-૧૯૫૫

## (૨) નિશ્ચય અને વ્યવહાર

(૧૬) ત્યારે વ્યવહારને છાંડી નિશ્ચયની જપમાળા ગણનાર માટે કહ્યું,

**"નિશ્ચયધર્મ ન તેણે જાણ્યો,**

**જે શૈલેષી (ચૌદમા ગુણઠાણા) અંતે વખાણ્યો; ધર્મ અધર્મ તણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલ તારી, તસ સાધન તું જે જે દેખે, નિજ નિજ ગુણઠાણાને લેખે; તેહ ધરમ વ્યવહારને જાણો. કારજ કારણ એક પ્રમાણો."**

નિશ્ચયધર્મ તો ચૌદમાના અંતે પહોંચતા આવે છે. ત્યારે તે પુણ્ય-પાપોનો અને ધર્મ પ્રવૃત્તિ-અધર્મ પ્રવૃત્તિ બંનેનો અંત લાવી ભવસાગરને પાર મોક્ષ પમાડે છે. પણ એ સ્થિતિએ પહોંચવા માટે પોતપોતાના ગુણસ્થાનકની કક્ષામાં જે જે વ્યવહાર સાધના છે તેને પણ તમે ધર્મ જ જાણો, કારણ કે કાર્ય અને કાર્યમાં પરિણમનાર કારણ, બંનેય એકરૂપ છે. અથવા કાર્યનું અસાધારણ કારણ પણ વ્યવહારથી કાર્ય જ છે. જેમકે ખરી રીતે આયુષ્ય એ જીવન છે, પરંતુ હવાપાણી



એ જીવન કહેવાય છે.

આવી રીતે શ્વેતાંબર શાસ્ત્રોમાં ઠામઠામ નિશ્ચય અને વ્યવહાર બંનેને અગત્ય આપી છે. દ્રવ્યક્રિયા સાથે ભાવક્રિયા પર પૂર્ણ ભાર મૂક્યો છે. એ ભાવક્રિયાના સંપાદનમાં નિશ્ચય દૃષ્ટિ રાખવાની હોય છે. કેટલાકો બિચારા એવી અજ્ઞાનતામાં ઘસડાય છે કે 'શ્વેતાંબર મતમાં તો એકલી ક્રિયાની મજૂરી કર્યે જવાનું કહ્યું છે અને ક્યાંય નવતત્ત્વ, ષડ્ દ્રવ્ય, નય, નિક્ષેપ વગેરે વસ્તુ સમજી વિવેક નિશ્ચયદૃષ્ટિ કેળવવાનું કહ્યું નથી.' પરંતુ આવી ભ્રમણામાં પડતાં પહેલાં એ વિચારવું જોઈએ કે નિશ્ચયદૃષ્ટિ એટલે શું ? શું માત્ર પોપટપાઠની જેમ નવતત્ત્વો વગેરેના નામ ગણી જાય, ભેદ ગણી જાય, અને 'દ્રવ્યદૃષ્ટિ,' 'સ્વતંત્ર પર્યાય,' 'નિર્વિકલ્પ અવસ્થા,' 'વીતરાગી દશા' વગેરે શબ્દો રટ્યા કરે એથી કાંઈ નિશ્ચયદૃષ્ટિ પ્રાપ્ત થઈ ન કહેવાય નિશ્ચયદૃષ્ટિ માટે તો અશુભ વ્યવહારને ત્યજી શુભ વ્યવહારને જોરમાં આદરતા આદરતા, સાથે સંસાર સુખની અરુચિ કેળવી સ્વાત્માને કર્મ બંધનથી મુક્ત કરીને શુદ્ધ સિદ્ધ અથવા પ્રાપ્ત કરવાનું સચોટ ધ્યેય રખાવું જોઈએ.

## • કાનજીમત એ જૈન મત નથી, પણ જૈનેતર મત છે. શાથી ? •

કાનજીમત જે સિદ્ધાન્તો માને છે, જે પ્રતિપાદનો કરે છે, તે અનેકાંતવાદી વાસ્તવિક જૈન સિદ્ધાન્તો, અને જિનોકત તત્ત્વો તથા પદાર્થોનો અપલાપ કરે છે. વિરોધ કરે છે; તેથી કાનજીમત એ ભલે પોતે જૈનમત હોવાનો દાવો રાખે, પણ વસ્તુસ્થિતિએ એ દાવો દંભરૂપ છે. એ મત આધુનિક ઉપજાવી કાઢેલો સ્વતંત્ર મત છે. **એ જૈન મત નથી, જૈનેતર મત છે, અજૈનમત છે.** તે આ રીતે :-

શ્રી જિનશાસને નિશ્ચયસાધના, નિશ્ચય મોક્ષમાર્ગ, નિશ્ચય ધર્મ, નિશ્ચય આત્મા, નિશ્ચય સમ્યક્ત્વ, નિશ્ચય ચારિત્ર, નિશ્ચય કારણતા વગેરે જે માન્યા છે, તેની કાનજી પંથીઓને ગંધ સરખી નથી; અને બાંધેભારે 'નિશ્ચય' 'નિશ્ચય' કુટ્યા કરે છે. વળી નિશ્ચયનો એકાંત પકડે છે. શ્રી શ્વેતાંબર શાસ્ત્રોમાં-**શ્રી ભગવતીજી, શ્રી આચારાંગ, શ્રી સન્મતિ તર્ક, શ્રી વિશેષાવશ્યક, શ્રી અનેકાંતમત વ્યવસ્થા, શ્રી નયોપદેશ** વગેરે મહાશાસ્ત્રોમાં-નિશ્ચય સાધનાનું, નિશ્ચય તત્ત્વનું અને નિશ્ચય દૃષ્ટિનું શ્રી જિનકથિત યથાર્થ પ્રતિપાદન કરેલું છે. સાથે જ સ્યાદ્વાદ નીતિથી વ્યવહારદૃષ્ટિ-વ્યવહાર નયને પણ યથાર્થપણે બતાવતા સાથે મોક્ષ સાધનામાં વ્યવહાર માર્ગની અતિ ઉપયોગિતા બતાવેલી છે, એ નિશ્ચય-વ્યવહારના નિરૂપણો વાસ્તવિક જૈનમત છે. કાનજીમતને એ માન્ય નથી, તેથી એ જૈનેતર મત છે; જૈન મત નથી.

(૧) જિનશાસને મોક્ષ સાધનામાં પહેલાં ગુણસ્થાનકેથી માંડી શુભ વિકલ્પો વડે ક્રમશઃ આગળ વધતાં દશમાં ગુણસ્થાનક સુધીની સાધના અને અગીયાર-બાર-તેર-ચૌદમે ગુણસ્થાનકોએ પૂર્ણ વીતરાગની વ્યવસ્થિત આત્મસ્થિતિ બતાવી છે. પરંતુ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

કાનજીમતીઓને તો ચોથા ગુણસ્થાનકે જ નિર્વિકલ્પ દશા લાવવી છે. માટે કાનજી મત બાળજીવોને નિર્વિકલ્પ દશાનો ઉપદેશ દે છે, અને શુભ પણ વિકલ્પોને મોક્ષ સાધવા માટે ઉપયોગી માનવામાં મિથ્યાત્વ મનાવે છે. એટલું જ નહિ બલ્કે વાચિક-કાયિક, પૌદ્ગલિક ક્રિયાને પણ નકામી ગણે છે. ત્યારે ખરી રીતે શુભ વિકલ્પોની માનસિક પ્રવૃત્તિ તેમજ શુભ વાચિક અને કાયિક પ્રવૃત્તિ, કે જે પુદ્ગલની ક્રિયા ગણાય, એના દ્વારા જીવે ચોથે, પાંચમે, છઠ્ઠે એમ આગળ વધવાનું જૈન મતે જણાવ્યું છે. કાનજીમત એને મોક્ષસાધનામાં તદ્દન નિરુપયોગી ગણે છે; તેથી એ જૈનેતર મત છે.

(૨) પોતાને જૈનમત તરીકે ઓળખાવનારા શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દિગંબર મતોએ જ્ઞાનાચારાદિ પંચાચારના બાહ્ય આચારો પણ અવશ્ય આચરણીય માન્યા છે, ત્યારે નવો નીકળેલો કાનજીમત તો તેને મોક્ષસાધનામાં ઉપયોગી માનવામાં મિથ્યાત્વ ગણાવે છે; અને તેથી જ એ પવિત્ર આચારોને મોક્ષ-સાધક પાસે એ આચરાવતો નથી. પંચાચારના દાન-શીલ-તપ-ભાવના અનુષ્ઠાનો, વ્રત-પચ્ચક્ખાણ, સામાયિક-પૌષધ, પ્રભુભક્તિ વગેરેના થોકબંધ અનુષ્ઠાનો ગુણસ્થાનકમાં આગળ વધારે છે, એવો જૈન મત છે. છતાં કાનજીમતી કુપંથીઓને એ નકામા કહેવા છે. માટે જ કાનજીમત એ જૈનમત નથી.

(૩) પરદ્રવ્યો એવા પણ દેવની ગુરુની, શાસ્ત્રની-ઈત્યાદિ અનેક પ્રકારે શુભ આલંબનોની ઉપયોગિતા અને ઉપકારકતા જિનશાસને પ્રરૂપી છે. ત્યારે આ નવીન કાનજીમત એને ઉડાવી દ્રવ્યની સ્વતંત્રતા જુદી જાતની પ્રરૂપે છે, અને પરદ્રવ્યને અકિંચિત્કર કહે છે. તેથી એ જૈનમત નથી.

(૪) શુભાશુભ બાહ્યનિમિત્તની અસર અને કરુણતા કાનજીશાસન નામંજુર કરે છે; ત્યારે જૈનશાસન એને સારી રીતે માને છે. તેથી જ કર્મપુદ્ગલના સંયોગથી જ જીવને સંસાર કહે છે. જૈનમત ઉપાદાન શુદ્ધિ ઉપરાંત શુભ નિમિત્તોની અસરના અનેક દૃષ્ટાન્ત કહીને ખાસ કરીને શુભનિમિત્તો સેવવાનું કહે છે. એવું વૈશ્યાદિ કુસંસર્ગનો ત્યાગ, ખરાબ ભાષાનો ત્યાગ, કાયિક બાહ્ય કુચેષ્ટાઓનો ત્યાગ, વગેરે વગેરે અશુભ નિમિત્તોને ત્યજવાનું ઉપદેશે છે. (જે ત્યાગને આચરવાનું કાનજીમતીને પણ કબૂલ કરવું જ પડશે. નહિતર માત્ર કાયાથી પરસ્ત્રીના આલિંગનમાં કાનજીમતે શો વાંધો ?) પણ કાનજીમતે એ નિમિત્તોની અસર નથી. તેથી એ નિમિત્તોની અસર નથી. તેથી એ મત જૈન મત નથી.

(૫) જિનશાસનમાં પરદ્રવ્ય એવા પુણ્ય-પાપ કર્મના ઉદયની કિંચિત્કરતા જીવ પર માનીને જીવમાં ઔદયિક-ભાવ માન્યો છે; તેથી જ સંસારી જીવમાં શાતા-અશાતા માનવ શરીરીપણું, દેવશરીરીપણું, ઊંચગોત્ર, યશ વગેરે અનેક પરિણામો જન્મે છે. કાનજીમતીને પુણ્ય પણ નકામું કહેવું છે. એટલે એ જૈન મત નથી.

(૬) શ્રી જિનેશ્વર દેવના શાસને ભવિતવ્યતાને નિયત અનિયત્ કહી છે;



નિયત એ રીતે કે કેવળજ્ઞાનીએ દીઠેલું અવશ્ય બનશે; જ્ઞાનીએ દીઠેલી વસ્તુ બનવામાં કાંઈ ફેરફાર નહિ થઈ શકે. અનિયત એ રીતે કે જ્ઞાનીને એવું કેમ દીઠું ? કારણ એ છે કે જીવને અમુક અમુક કર્મનો ઉદય અનુકૂળ હશે, તેમાં જીવ તે તે પુરુષાર્થ કરશે ત્યારે જ તેવું તેવું પરિણામ આવીને ઊભું રહેશે. માટે જ્ઞાની તેવું જુએ છે. અર્થાત્ તે તે પરિણામ આવવામાં જ્ઞાનીની દૃષ્ટિ કારણભૂત નથી. તેમજ માત્ર ભવિતવ્યતા કારણ નથી; કિન્તુ પ્રધાનપણે તો ક્યાંક કર્મ-ઉદય કારણ હશે, તો ક્યાંય જીવનો ઉદ્યમ મુખ્ય કારણ બનશે; ક્યાંય એ બધું હોવા છતાં કાળ પ્રધાન બનશે. જેમ કે, આંબો આજે વાવ્યો, પાણીય સિંચ્યું, છતાં ઠેઠ ઉનાળે કેમ ફળે છે ? તો કહેવું પડશે કે એમાં કાળ કારણ છે. ગર્ભ ધારવાનો ઉદ્યમ કરવા છતાં, પુત્ર પ્રાપ્તિની પુણ્યાઈ હોવા છતાં, નવ મહિનાના કાળે જ પુત્ર જન્મે છે. આમાં એમ નથી મનાતું કે 'ભવિતવ્યતા એવી છે, અગર જ્ઞાનીએ એમ દીઠું છે કે આંબો, ગર્ભ વગેરે ત્યારે જ ફળે, તેથી એવું બને છે.' પણ કાનજી પંથમાં નિયત ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાન્ત છે; અર્થાત્ એકાંતે 'ભવિતવ્યતા હોય તેવું જ થાય.' એમ ઐકાંતિક ભવિતવ્યતાની મહત્તા ગણાય છે. શ્રી સર્વજ્ઞ પ્રભુના શાસનમાં તો સ્વભાવ-કર્મ-કાળ-ઉદ્યમ અને ભવિતવ્યતા એમ પાંચેય કારણને ન્યાય અપાયો છે. આમ જિનશાસન તો એવા એવા કોઈ સિદ્ધાન્તો અને તાત્ત્વિક પદાર્થો પ્રરૂપ્યા છે; જેનો અપલાપ કાનજીમતવાળા કરે છે. તેથી તે જિનશાસન માનનારા નથી રહી શકતા; પણ **અજૈન** એવા કાનજી શાસનને સ્વીકારનારા કરે છે.

(૭) કાનજીમત સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્રનો સમ્યક્જ્ઞાનમાં સમાવેશ કરીને પ્રાથમિક અવસ્થામાં પણ શુદ્ધ ઉપયોગ (સમ્યગ્જ્ઞાન) એ **ધર્મ,** અને એ આચરણીય એમ કહે છે.' જૈન મતે સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્રને પણ સમ્યક્ જ્ઞાનના સહકારમાં સ્વતંત્ર ધર્મ કહી જ્ઞાનની જેમ એ બેયને ખાસ આદરણીય ગણે છે. તેથી જેમ **'ज्ञानवैराग्याभ्यां मोक्षः'** જ્ઞાન અને વૈરાગ્યથી મોક્ષ' એવો સિદ્ધાન્ત માનનાર દર્શન એ જૈનેતર દર્શન છે. જૈન દર્શન નથી; તેવી રીતે કાનજી દર્શન પણ જૈનેતર દર્શન છે.

(૮) કાનજી મત **દ્રવ્યદૃષ્ટિ** કેવળ શુદ્ધ આત્મ દ્રવ્યને ત્રિકાલ અવિકારી અ-પરાધીન, ઈત્યાદિરૂપે જોવાનું કહે છે; તેથી તે સાંખ્યમતનું અનુકરણ કરે છે. કેમકે સાંખ્યો પણ પુરુષ એટલે કે આત્માને સર્વદા નિરંજન-નિરાકાર-નિર્વિકાર કુટસ્થ નિત્ય માને છે, અને એ રીતે જ્ઞાન કેળવી પ્રકૃતિથી ભેદ-જ્ઞાન કરવાનું કહે છે. જેમ સાંખ્યમત એ જૈનેતર મત છે, તેમ કાનજી મત એ જૈનેતર ઠરે છે. જૈન મતે તો અનેકાંત શૈલીથી **પર્યાય દૃષ્ટિ** પણ જાગ્રત રાખવાનું કહે છે. કેમકે અનેકાંત શૈલીથી આત્મા વિકૃત, સાકાર, સાંજન પણ છે. એમાં પણ સંસારી જીવમાં અપ્રશસ્ત વૃત્તિઓ અને બંધનોના પર્યાયો જોરદાર છે. એટલે કે અપ્રશસ્ત રાગ-



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દ્વેષાદિ અને પાપકર્મના બંધનો ખૂબ છે. ત્યાં સાધકે એ જોતા રહેવું જોઈએ કે 'શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર દેવોએ અને એમના પગલે ચાલીને સદ્ગુરુઓએ મને તત્ત્વદર્શન કરાવ્યું, માર્ગ સુઝાડ્યો; તેથી હવે તો જગતને મૂકી દેવ-ગુરુના જ આશરે રહું, એમની જ મમતા, ને એમનો જ પક્ષ ધરું; અને સાંસારિક કાર્યવાહી છોડી દેવગુરુએ ફરમાવેલી કાર્યવાહી રૂપ કાયિક વાચિક માનસિક અનુષ્ઠાનો આદરું.' -આ શું કર્યું ? આત્માને પહેલાં તો અશુભ પર્યાયોથી મુક્ત કરવા શુભ પર્યાયવાળો બનાવવાનું ધાર્યું. પાછું એમાં કેટકેટલી પ્રગતિ થઈ તે પણ જોતા રહેવાનું કર્યું. એમાં શુભાનુષ્ઠાનને અનુલક્ષીને પર્યાયદૃષ્ટિ જાગ્રત રાખવાની વાત આવી. અરે, એથી ય આગળ જુઓ કે પોતાના આત્માને સમયાન્તર ઉપયોગવાળા કેવળજ્ઞાન અને કેવળદર્શન તથા ક્ષાયિક ચારિત્રના શુદ્ધ પર્યાયવાળો બનાવવાની ધારણામાં પણ અશુદ્ધ પર્યાયો દૂર કરી શુદ્ધ પર્યાયો પ્રગટાવવાની દૃષ્ટિ આવી; એટલે કે **પર્યાયદૃષ્ટિ** આવી. ત્યાં કાનજીમત એકલી **દ્રવ્યદૃષ્ટિ** કેળવવાનું કહે, એથી એ **જૈનેતર** મત ઠરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨૯,તા.૨-૪-૧૯૫૫

## ③ નિશ્ચય અને વ્યવહાર

### જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઈતિહાસ

**• નિશ્ચય - વ્યવહારની મર્યાદાએ મોક્ષમાર્ગની સાધનાનું સ્વરૂપ •**

પૂ. પ્રખર ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની ઉપર શ્રી કાનજીએ કરેલા વ્યવહારમૂઢતાના આરોપની પોકળતા બતાવવાના પ્રસંગને પામીને અહીં સુધીમાં સમયસાર-પ્રવચનસારાદિ ગ્રન્થ, સોનગઢી આશ્રમની પ્રવૃત્તિઓ, શ્રી કાનજીના ભાષણો અને એમના ભક્તોના ગુણગાન, વગેરેના આધારે નવા નિશ્ચયપંથનું ઠીક ઠીક આલોચન કર્યું. સાથે સાથે પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી સર્વજ્ઞકથિત નિશ્ચય માર્ગનેય કેટલો બધો આવશ્યક માને છે, તેમજ વ્યવહાર શૂન્ય એકલા નિશ્ચયમાર્ગને પકડનારની કેવી અજ્ઞાનદશા સૂચવે છે, એ એઓશ્રીના વચનોથી જોયું. છેવટે શ્રી કાનજીમત એ કેમ જૈનમત નથી ? એની લેશ વિચારણા કરી. **હવે પ્રાંતે વાસ્તવિક જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઈતિહાસ કેવો છે, એમાં નિશ્ચયવ્યવહારની મર્યાદા જાળવીને મોક્ષમાર્ગની સાધના કેવા સ્વરૂપે કરવાની કહી છે, એનો સંક્ષિપ્ત વિચાર કરવામાં આવે છે.**

**આત્માનું અસલી સ્વરૂપ : મોક્ષ અને સંસાર શું ? :-** અનંત જ્ઞાની વીતરાગ પરમાત્મા શ્રી તીર્થંકર ભગવાન ફરમાવે છે કે જગતમાં મુખ્ય તત્ત્વ બે;-ચેતન અને જડ; અર્થાત્ જીવ અને અજીવ. આમાં ચેતન જીવતત્ત્વ ચૈતન્યવાળું એટલે કે



જ્ઞાનાદિગુણ સંપન્ન છે. ન્યાયદર્શનાદિના મતની જેમ આ જ્ઞાનાદિગુણો જીવમાં કાંઈ બહારથી નવા આવીને ઉત્પન્ન નથી થતા; પરંતુ એ જીવના સ્વભાવભૂત ગુણો છે. જીવ જ્ઞાનાદિ સ્વભાવવાળો છે. જેમ અગ્નિનો બાળવાનો સ્વભાવ હોય છે, દર્પણનો પ્રતિબિંબ પકડવાનો સ્વભાવ હોય છે, દીપકનો પ્રકાશવાનો સ્વભાવ છે; તેવી રીતે **જીવનો અનંતજ્ઞાન, અનંત સુખ વગેરેનો સ્વભાવ છે; અર્થાત્ જીવ જ્ઞાનાદિગુણમય હોવાની વસ્તુસ્થિતિ છે.** એટલે કે જીવદ્રવ્ય સ્વભાવિક રીતે (૧) અનંતજ્ઞાનમય છે, (૨) અનંતદર્શનમય છે, (૩) અવ્યાબાધ અનંતસુખમય છે, (૪) અનંત ચારિત્રમય છે, (૫) અનંત વીર્યમય છે, (૬) અક્ષય (અજર અમર) છે, (૭) અરૂપી છે, (૮) અગુરુલઘુ જીવતત્ત્વ નિશ્ચયથી મૂળરૂપે (અસલી સ્વરૂપ)માં આવું આવું છે; પણ **મૂળસ્વરૂપમાં અજ્ઞાન, દુઃખ, રાગ-દ્વેષાદિ, જન્મ-મરણ, ને શરીરાકારતાના સ્વરૂપવાળું નથી,** આ અસલી અનંતજ્ઞાન સુખાદિમય અવસ્થા જો પ્રગટ હોય, તો એજ જીવની મોક્ષ અવસ્થા છે, સિદ્ધ અવસ્થા છે, શુદ્ધ અવસ્થા છે, જો એ પ્રગટ નથી, પણ પ્રગટપણે તો અજ્ઞાન, દુઃખ, દેહધારી વગેરે અવસ્થા દેખાય છે, તો એ એની સંસારાવસ્થા છે, અસિદ્ધ અને અશુદ્ધ અવસ્થા છે. ત્યારે અહીં પ્રશ્નો એ થાય છે કે,

**સંસારાવસ્થા કોની ? :-**

**પ્ર.-૧.** શું આ સંસાર અવસ્થા પણ જીવની વાસ્તવિક સ્થિતિ છે ? કે સ્વપ્નવત્ કેવળ ભ્રમણા છે ?

ઉ.- સંસાર વાસ્તવિક રીતે વિદ્યમાન છે એ આપણે અનુભવીએ છીએ. એ જીવની અશુદ્ધ અવસ્થા છે. એમાં જીવ અજ્ઞાન છે, દુઃખી છે, શરીરી છે, રોગી છે, દ્વેષી છે વગેરે પ્રત્યક્ષ અનુભવમાં છે. **જો એ બધું સ્વપ્નની જેમ ભ્રમણાનું હોત, તો પાછો એ પ્રશ્ન તો ઊભો જ રહેત કે એ ભ્રમણા કોને ?** જો જીવને નહિ પણ કોઈ બીજાને; તો પછી જીવને એ ભ્રમણા પણ નહિ હોવાથી જીવ તો શુદ્ધ જ રહેત, મોક્ષસ્વરૂપી જ હોત. તેથી તો પછી મોક્ષ સાધવાની ભાંજગડ જ નથી રહેતી. મોક્ષ છે જ. પછી 'જીવનું અસલ સ્વરૂપ ઓળખો... ઉપાધિમાં ન અટવાઓ...' વગેરે વગેરે ઉપદેશ શા માટે ? ત્યારે જો કહો ના, ના એ ભ્રમણા જીવને જ છે, તો ભલે **ભ્રમણાની વસ્તુ કાલ્પનિક હતી; પણ કમમાં કમ ભ્રમણા તો વાસ્તવિક વિદ્યમાન ખરી ને ? તો એ ભ્રમણા હોવી એય સંસારાવસ્થા જ છે.** અશુદ્ધ અવસ્થા છે. **નિશ્ચયથી એટલે કે અસલી સ્વરૂપમાં જીવ આપણો અનંતજ્ઞાન-સુખાદિસંપન્ન હોવા છતાં વર્તમાનમાં આપણે જીવ પોતે જ મિથ્યામતિ ધરનારા, વિકલ્પો કરનારા, રાગીદ્વેષી બનનારા છીએ, મહાઅજ્ઞાન અને દુઃખી છીએ, એ નક્કર હકીકત છે; રખડતા અને કોઈ અદૃશ્ય તત્ત્વને પરાધીન છીએ એ વાસ્તવિક અનુભવીએ છીએ. નિશ્ચયપ્રેમી કાનજીમતીઓ આને શું કહેશે ? સાચું કે ભ્રમ ?**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**પ્ર.-૨. આત્મામાં આ બિગાડો શાથી થયો ?**

ઉ.- **બિગાડો છે તે મૂળ શુદ્ધ વસ્તુમાં પણ (બાહ્ય) તત્ત્વના પ્રવેશ વિના થાય નહિ, એ નિયમ છે.** પર ઉપાધિની અસર વિના વસ્તુ વિકૃત અને અશુદ્ધ બને નહિ. જો એવી કોઈ જ પરની અસર નથી અને છતાં વસ્તુ અમુક સ્વરૂપવાળી છે, તો તો પછી એ સ્વરૂપ એનું કાયમી સ્વરૂપ જ બની જશે ! એનું સ્વભાવગત સ્વરૂપ જ હશે ! એટલે તો પછી અનુભવાતી અજ્ઞાનાદિ અશુદ્ધ અવસ્થા પણ જીવનો અસલી સ્વભાવ માનવો પડશે. કિન્તુ એ અસલી નથી એ પણ ચોક્કસ વાત છે, અને જીવનો છે એ પણ નક્કર હકીક્ત છે. દુઃખ, વિકલ્પો, મિથ્યામતિ રાગ, દ્વેષ વગેરે કાંઈ જડના ધર્મ નથી. કેમકે કોઈ જડ એને અનુભવતું નથી. આપણે જીવજ એને અનુભવીએ છીએ અને પાછા એ જીવના શુદ્ધ સ્વરૂપમાં તો છે નહિ. **તેથી જ સાબિત થાય છે કે કોઈ પરતત્ત્વની વેઠ જીવને વળગી છે, પરતત્ત્વના સપાટે જીવ ચઢ્યો છે, કે જેથી એનું અજ્ઞાન દુઃખાદિનું અશુદ્ધ સ્વરૂપ જીવમાં આવ્યું છે.**

**કર્મની અસર વિના જીવમાં એમને એમ અશુદ્ધિ નહિ :-** પરની ફસામણ વિના જીવ કાંઈ મૂર્ખ નથી કે એમને એમ પોતે ને પોતે પોતાની જાતે જ અશુદ્ધ બની જાય; રાગાદિ કરતો રહે અને મનુષ્યાદિ સ્વરૂપવાળો બન્યો રહે. એ તો પરદ્રવ્યની અસર નીચે જ બને. દૂધને બહારની ગરમ હવાની અસર થાય છે તો બગડે છે; ગરમાગરમ સ્વાદિષ્ટ ચાહને ચાર છ કલાક બહારની ઠંડી હવાની અસર થાય છે, તો બગડે છે; તેમ જીવને બહારના એટલે કે પર એવા કર્મ દ્રવ્યની અસર છે, **પર એવા કર્મપુદ્ગલના વિપાક-ઉદયની અસર છે, તો એ બગડ્યો છે; તો જ એનામાં પ્રગટપણે અનંતજ્ઞાનમયતા નહિ, પણ અજ્ઞાનમયતા છે; પ્રગટપણે સ્વભાવિક સુખમયતા નહિ, પણ દુઃખની રીબામણો છે; પ્રગટપણે વીતરાગતા નહિ, પણ રાગી-દ્વેષી અવસ્થા છે. જીવની કેવી કરુણ દશા !!** એ કર્મની બેડીઓ તૂટી જાય તો આ સંસારાવસ્થાનો બિગાડો મટે, અને મોક્ષ અવસ્થા, અસલી સંપૂર્ણ શુદ્ધ અવસ્થા પ્રગટે. માટે જ તત્ત્વાર્થ સૂત્રકારે '**कृत्स्नकर्मक्षयो मोक्षः ॥**' કહ્યું, '**સમસ્ત કર્મનો ક્ષય**' એ મોક્ષ કહ્યો, પણ 'બિગાડાનો ક્ષય એ મોક્ષ' એમ ન કહ્યું. કેમકે બિગાડાનું ખાસ કારણ કર્મ છે. કર્મ નાશ પામ્યેથી બિગાડો તો આપોઆપ મીટી જવાનો છે. એટલે એ આવ્યું કે સંસાર અવસ્થા એ જીવની પોતાની વાસ્તવિક હકીકત છે. એ દશા એક એવી વસ્તુ છે કે જે પર એવા કર્મદ્રવ્યની અસરથી બનેલી છે. કર્મના નિમિત્તથી બનેલી છે. તેથી કાનજીમત જે માને છે કે 'પરદ્રવ્યની અસર પડી શકતી નથી, પરદ્રવ્ય નિમિત્ત બની શકતું નથી,' તે પ્રમાણ વિરુદ્ધ છે, અસત્ય છે.

**કર્મની અસર હોવામાં બીજું કારણ :-** આનું એક બીજું પણ કારણ એ છે કે જો કર્મની અસરના હિસાબે નહિ પણ, જીવની પોતાની માત્ર પૂર્વ પૂર્વની



રાગાદિ અશુદ્ધિના હિસાબે જ વર્તમાનમાં રાગ, અજ્ઞાન, શાતા, યશ વગેરે અશુદ્ધિ પ્રગટ દેખાય છે, એમ કહેવામાં આવે તો, પ્રશ્ન એ ઉઠે કે **કેવળજ્ઞાની વીતરાગ બનેલા આત્માને તો રાગાદિ અશુદ્ધિ મટી ગઈને ? તો હવે એમને વેદનીય અવસ્થા, શરીરાકાર અવસ્થા, આયુ, યશ અવસ્થા વગેરે શાથી ?** બીજું, પૂર્વનો રાગ વર્તમાનમાં રાગ કરાવે એ બને, પણ **વર્તમાનમાં અનુભવાતી પ્રગટ શાતા એ પૂર્વના કયા આંતરિક કારણે ?** વર્તમાનમાં અશાતા, ઈન્દ્રિયો, ગમનાગમનાદિ ક્રિયા વગેરે કયા કયા કારણે ? વળી એ કર્મના ઉદયને બરાબર કેમ અનુસરે છે ? આ બધાનું સમાધાન પર એવા કર્મદ્રવ્યની પ્રબળ નિમિત્તતા માનવાથી જ થઈ શકે. તોજ કહી શકાય કે વીતરાગ સર્વજ્ઞ બનેલા આત્માને પણ હજી ઘાતી કર્મના ઉદયરૂપી બંધન જે વર્તે છે; તે કર્મ બધાં કેવળજ્ઞાન પામવાની સાથે એક જ સમયમાં પાકી જાય એવાં નથી, પરંતુ ક્રમે ક્રમે પાકી પાકીને ઉદયમાં આવનારા છે. તેથી મોક્ષ થવાને વિલંબ લાગે છે.

**આત્મા પર કર્મની અસર છે જ, એનું ત્રીજું કારણ :- ઘાતી અને અઘાતી કર્મોમાં તફાવત પણ આ રીતે છે કે ઘાતી કર્મો આત્માની શુદ્ધતાને બગાડે છે; ત્યારે અઘાતી કર્મો આત્માની સ્વતંત્રતાને આક્રમે છે, દબાવે છે;** વીતરાગ સર્વજ્ઞતા આવીને, જીવ શુદ્ધ બનવા છતાં, એનામાં હજી સ્વતંત્રતા નથી આવી, એને હજી અઘાતી કર્મની અસર મુજબ વર્તવું પડે છે. કર્મ આત્માની શુદ્ધતા-સ્વતંત્રતાને આક્રમતા ન હોય તો કર્મના બે વિભાગ શા ? **પર દ્રવ્યની અસર તો ત્યાં સુધી છે કે મોક્ષ પામતી વખતે અહીં શરીર જેવા આસને હોય છે, તેવા જ આસને આત્મા બહાર નીકળી સિદ્ધશિલા ઉપર સદાકાળ માટે અવસ્થિત રહે છે.** એમ કર્મની અસર નીચે આત્મા સંસારીપણે રહે છે.

**સંસાર ક્યારથી શરૂ :-**

**પ્ર.-૩. આત્મામાં સંસારાવસ્થા ક્યારથી થઈ !**

ઉ.- જ્યારથી કર્મનો સંબંધ છે ત્યારથી સંસારાવસ્થા છે.

**કર્મસંબંધ ક્યારથી ? :-**

**પ્ર.-૪. કર્મનો સંબંધ ક્યારથી છે ?**

ઉ.- જ્યારથી કર્મસંબંધ થવાના કારણો છે ત્યારથી કર્મસંબંધ છે.

**કર્મના કારણો ક્યારથી ? :-**

**પ્ર.-૫. કર્મસંબંધ થવાના શા કારણો છે અને જીવે તે ક્યારથી સેવવા માંડ્યા ?**

ઉ.- કર્મસંબંધ થવામાં કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રૂપી આશ્રવો છે. જીવ એ મિથ્યાત્વાદિ આશ્રવો સેવે છે તેથી કર્મના બંધનથી બંધાય છે. મિથ્યાત્વ વગેરેને સેવવાનું કારણ એ મિથ્યાત્વાદિને યોગ્ય પૂર્વ કર્મના



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ઉદય છે, તેમ સાથે સાથે જીવનો અવળો પુરુષાર્થ પણ કારણભૂત છે.

**પ્ર.-૬.** તો મિથ્યાત્વના હેતુભૂત એ પૂર્વ કર્મ પણ મિથ્યાત્વાદિને લીધે જ બંધાયા હશે ને ? અને એ મિથ્યાત્વાદિ પાછા એનાથી પૂર્વના કર્મસંબંધને લીધે હશે? એમ હોય તો એની મૂળ શરૂઆત ક્યારથી થઈ ?

**કર્મ અને કર્મકારણની ઘટમાળ અનાદિથી :-**

ઉ.- વાત સાચી છે કે વર્તમાનમાં થતો કર્મ-સંબંધ જાગેલા મિથ્યાત્વાદિને લીધે છે. મિથ્યાત્વાદિ પૂર્વ કર્મના કારણે જાગે છે. એ પૂર્વનાં કર્મ પાછા ત્યાં જાગતા મિથ્યાત્વાદિના લીધે જ જન્મ્યા હતા. ત્યાંના એ મિથ્યાત્વાદિ વળી એનાથી પૂર્વના કર્મના લીધે જાગ્યાં હતાં. એમ પૂર્વે પૂર્વે કર્મ, મિથ્યાત્વાદિ, કર્મ, મિથ્યાત્વાદિ, કર્મ, મિથ્યાત્વાદિ...ની ઘટમાળ અનાદિકાળથી ચાલી આવે છે. **પૂર્વે કોઈ વખતે આત્મા એકલો તદન શુદ્ધ હતો અને એને પછી મિથ્યાત્વાદિ વિના એમજ કર્મ ચોંટી પડ્યા; કે કર્મના ઉદય વિના મિથ્યાત્વ-રાગાદિ એમને એમ જાગી ગયા;-એ વસ્તુ બની શકે જ નહિ.** નહિતર તો પછી મોક્ષ થવા છતાંય ક્યારેક પાછી એવી ઘટમાળા શરૂ કેમ ન થાય ? જો થાય તો તો મોક્ષની કિંમતેય શું ? **ખરી રીતે સર્વથા શુદ્ધને કોઈ કારણ નથી કે જેનાથી અશુદ્ધિરૂપે કાર્ય થઈ શખે.** મિથ્યાત્વ-રાગાદિ અશુભ ભાવો એ કર્મના ઉદયનું કાર્ય છે; અને કર્મનો ઉદય એ કર્મસંબંધનું કાર્ય છે. ત્યારે કર્મસંબંધ એ મિથ્યાત્વાદિ ભાવોનું કાર્ય છે. કારણ વિના કાર્ય બની શકે જ નહિ. તેથી કર્મસંબંધ માટે મિથ્યાત્વાદિ, મિથ્યાત્વાદિ માટે કર્મઉદય, કર્મ ઉદય માટે કર્મસંબંધ- એમ ચાલું જ છે. આમ ક્યારેય પૂર્વ કાળે આત્મામાં કર્મ નહોતા, તેમ મિથ્યાત્વાદિ નહોતા, પણ પછી શરૂ થયા,-એવું માનવું યુક્તિ યુક્ત જ નથી,

**અનાદિ ઘટમાળને અંત કેમ હોય :-**

**પ્ર.-૭.** આ ઘટમાળ જો અનાદિની છે, તો એનો અંત ન થવાથી મોક્ષ પણ ન થાય ને ?

ઉ.- ના, અંત થઈ શકે છે, ને મોક્ષ પણ બની શકે છે. અલબત પૂર્વના કર્મના લીધે મિથ્યાત્વાદિ જાગે છે ખરા, પરંતુ **એ મિથ્યાત્વાદિને કચરનારા સમ્યક્ત્વાદિ ગુણો છે. ત્યાં જો આત્મા અવળા પુરુષાર્થને બદલે જાગ્રતિ સાથે સવળો પુરુષાર્થ કરે તો એ મિથ્યાત્વાદિની તેટલી પ્રબળ અસર નથી રહેતી.** તેથી એના પરિણામે તેવા ગાઢ કર્મ બંધાતા નથી; પણ દુબળા કર્મ બંધાય છે. પાછા એ દુર્બળ કર્મ ઉદયમાં આવે છે ત્યાં પણ આત્માનો સમ્યક્ત્વાદિ માટેનો સવળો પુરુષાર્થ અને જાગ્રતિ એની અને મિથ્યાત્વાદિની અસર અત્યંત નબળી પાડી દે છે. એમ કરતાં કરતાં મિથ્યાત્વાદિ નાશ પામે છે. **આત્માની જાગ્રતિ અને સત્ પુરુષાર્થમાં એ તાકાત છે કે કેઈ કર્મોને અસર રહિત બનાવી દે છે; તેમ મિથ્યાત્વાદિ ભાવોનેય સાવ મંદ કરી દે છે.** ક્રમે કરીને સત્ પુરુષાર્થ વધી જતાં સર્વ મોહનો અને સર્વ



કર્મનો અંત આવી શકે છે; તેથી મોક્ષ થઈ શકે છે. મોક્ષ અસંભવિત નથી. **પુરુષાર્થમાં મિથ્યાત્વાદિ દોષોની વિરોધી શુભ ભાવનાઓ અને શુભ સ્થાનના સેવન સાથે સમ્યક્ત્વાદિ ગુણો માટેની મહેનત આવે;** યોગ પૂર્વસેવા, ભાવમલક્ષય, અપુનર્બંધકતા, માર્ગાનુસારિતા, યોગબીજસંગ્રહ, યમ-નિયમાદિ, સમ્યક્ત્વ, દાનાદિ, દેશવિરતિ, ભાવશ્રાવકતા, સર્વેવિરતિ, પંચાચાર, વગેરેનું સેવન આવે.

એટલે, એ આવ્યું કે આત્માની સંસારવસ્થામાં કાલ્પનિક નથી, પણ વસ્તુગત્યા વિદ્યમાન છે. માટે જ મુમુક્ષુએ એ ટાળવાનો પ્રયત્ન કરવાનો છે. એને ટાળવા માટે ઉપાયો છે, અને તે ઉપાયો સફલ થઈને મોક્ષ અવસ્થા જરૂર પ્રગટે છે. તો અહીં પ્રશ્ન એ થાય છે કે,

**મુમુક્ષુભાવ કેમ પ્રગટે ? :-**

પ્ર.- પહેલું તો એ કહો કે મુમુક્ષુભાવ અર્થાત્ મોક્ષની ઇચ્છા શી રીતે પ્રગટે ?

ઉ.- મોક્ષ ઉપરનો દ્વેષ ટળ્યાથી મોક્ષરુચિ જાગે.

પ્ર.- મોક્ષ ઉપરનો દ્વેષ શી રીતે ટળે ?

**ઉ.- જીવની પોતાની સંસાર-અવસ્થાના કરુણ બ્યાનનો ખ્યાલ કરવાથી, એવો સંસાર અત્યંત અસાર અને નિર્ગુણી ભાસે છે. એટલે અત્યાર સુધી મોક્ષ ઉપર જે અભાવ, અરુચિ રહેતી હતી; તે મટી જાય છે. આત્માના અપકારી, ભયંકરમાં ભયંકર અપકારી તરીકે સંસારની ઓળખ થાય છે, ત્યારે એવા સંસાર ઉપર સહેજે તિરસ્કાર છૂટે છે, દ્વેષ અને ઉદ્વેગ જાગે છે; જરાય એ રુચતો નથી. તેથી આત્મા એમાં આકુળ વ્યાકુળ રહે છે. એટલે મોક્ષ ઉપરની અરુચિ (દ્વેષ) ટળીને એવા સંસારથી છૂટવાનો એટલે કે મોક્ષ પામવાનો તીવ્ર અભિલાષ જાગે છે.**

**સંસારનું કરુણ બ્યાન કેવું ? :-**

પ્ર.- સંસારનું એવું તે શું કરુણ બ્યાન છે ?

ઉ.- સંસારમાં, ઉપર કહ્યું તેમ, આત્માની પોતાની જ અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્ય વગેરે સમૃદ્ધિ દબાઈ ગઈ છે. જુઓ દુર્દશા કેવી ! કે **લોકાલોકને જોઈ શકવાની તાકાતવાળો આત્મા ભીંતનો ઓઠે શું પડ્યું છે તે દેખી શકતો નથી ! અનંતાનંત કાળની ઘટનાઓને સાક્ષાત્ પેખી શકનારો આત્મા માત્ર એક કલાક પછી શું બનવાનું છે, કે હજી ગયા જ ભવમાં પોતે કોણ હતો, ક્યાં હતો, ને શું શું કર્યું હતું, એટલું પણ નજરે દેખી શકતો નથી ! ત્યારે અસલમાં આત્મા અનંત સુખનો ઘણી છતાં, આજે એને એક મામુલી સુખ, દા.ત. રસાસ્વાદનું સુખ મેળવવા માટે, ચણા લાવો, દાળ બનાવો, લોટ બનાવો, મસાલા-બસાલા નાખી વેસણ તૈયાર કરો, તાવડી લાવો, તેલ લાવો, ચૂલો લાવો, સળગાવો ભજીયા કરો, બહુ ઉના નહિ, એવી સાવધાનીથી એને ખાઓ... એમ કેટલીય વેઠ કરવી પડે છે !** તેય પેટ ભરીને ખાધા પછી આનંદ તો પાછો પૂરો થઈ જાય છે ! હવે જો



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વધારે ખાય તો દુઃખ શરૂ થાય છે. એવી એકેક ઈન્દ્રિયના એકેક વિષયમાંથી સુખ લેવા માટે દિનરાત કેટકેટલા કલેશ અને કેટકેટલી પરાધીનતા કરવી પડે છે ! છતાં મિથ્યાત્વના કેફમાં આત્મા અનંત સુખ ભૂલી ઘડીમાં આહાર કરવામાં સુખ કલ્પે છે, તો ઘડીકમાં વિષયમાં; તો પછી વળી પરિગ્રહમાં સુખ માને છે, ત્યારે પાછો વળી નિદ્રામાં સુખ દેખે છે. સાચા મોક્ષના સુખનું એને ભાન સરખું નથી. યાદ સરખી નથી. કોઈ યાદ કરાવે તો માનવા તૈયાર નથી. એ તો કૃત્રિમ દુન્યવી ક્ષણિક સુખમા લુબ્ધ છે. **તેથી આહારાદિમાં સુખ જુએ છે, એટલું જ નહિ પરંતુ એ આહાર, એ વિષયો, એ પરિગ્રહ, એ નિદ્રા તરફ પૂરજોશથી ધસે છે; એમાં ઓતપ્રોત થઈ પ્રવર્તે છે. એ પ્રવર્તવાનું પણ** હિંસા, જુઠ, અનીતિ, ચોરી, કલહ, આરોપ વગેરે **ભયંકર દુષ્કૃત્યો, અને** ક્રોધ-માન-માયા-લોભ-ઈર્ષ્યા-મમતા વગેરે **જાલિમ દુર્ગુણો સેવીને કરે છે.** આના યોગે ઘોર પાપકર્મોથી એ લેપાય છે. અને એથી નરક નિગોદાદિના શરીર ધારણ કરી ગજબનાક અનંત દુઃખાગ્નિની ભઠ્ઠીઓમાં દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી એ શેકાય છે !! ત્યાં પછી આહાર-વિષયોની ય સગવડ સુકાઈ જાય છે ! દુન્યવી સુખનાય વાખા પડે છે ! ત્યારે, મોક્ષનું સુખ તો ક્યાંય દૂર છે ! અનંત સમૃદ્ધિવાળા જીવની આ કેવી દુઃખદ દુર્દશા !

**પ્ર.- નિગોદ એટલે શું ?**

ઉ.- લીલ, ફુગ, બટાટા, કાંદા, વગેરે સ્થુલ અને બીજા નજરેય ન ચઢે તો સૂક્ષ્મ શરીરો કે જેના અસંખ્યાતમા અંશના એકેક શરીરમાં **અનંતા** એકેન્દ્રિય જીવો પુરાય છે, તે શરીરને નિગોદ કહે છે. બહુ પૂર્વે જીવે સૂક્ષ્મ નિગોદની સ્થિતિમાં અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તના કાળ કાઢ્યા છે.

**પ્ર.- પુદ્‌ગલ પરાવર્ત એટલે ?**

ઉ.- એકેક પુદ્‌ગલ પરાવર્તમાં અસંખ્ય વર્ષો પ્રમાણ સાગરોપમોની વીસ કરોડ-કરોડ સંખ્યાથી બનેલા કાળચક્રો **અનંતા** સમાય છે. કેટલા ? અનંતા ?

**પ્ર.- જીવ ઊંચે શી રીતે આવ્યો ?**

ઉ.- એકેક પુદ્‌ગલ પરાવર્તમાં નિગોદપણે ને નિગોદપણે જ કે જ્યાં નારકી કરતાં અનંતગુણું દુઃખ છે ત્યાં, જીવે અનંતા જન્મ-મરણ કર્યાં. એવા અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તોના કાળના જન્મ-મરણના અને બીજા દુઃખોનાં માપ કેટલા ? એ વીત્યા પછી ભવિતવ્યતાના યોગે નિગોદમાંથી જીવ બહાર નીકળી એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રીય સુધીના અનેક જાતના અવતારમાં અનંતી વાર ભમ્યો !! દાખલા તરીકે, સૂક્ષ્મ એકેન્દ્રિય પૃથ્વીકાયાદિની યોનિમાં આવ્યો. ત્યાંય નિસ્સીમ દુઃખ ! પાછું ત્યાંને ત્યાં જન્મવા મરવાનું જરૂર પડ્યે અસંખ્ય વાર ! એમાંથી પાછો નિગોદમાં; ત્યાંથી વળી બાદર (સ્થૂલ) પૃથ્વીકાયાદિમાં; ફરી નિગોદે; તેય જરૂર પડ્યે નિગોદપણે અગણિતવાર જન્મવા-મરવાનું ! પાછું ત્યાંથી બીજા



એકેન્દ્રિયપણામાંથી બહાર નીકળીને દ્વીન્દ્રિય (બે ઈન્દ્રિય)-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિયપણે ઉત્પન્ન થયો. એમાંય સંખ્યાબંધ ભવો કર્યા. એ બધે જીવન કેવું ? આહાર-વિષય-પરિગ્રહની લાલસા અને પ્રવૃત્તિનું. સાથે કષાયો અને હિંસાદિ છે જ. પછી જો ત્યાંથી બહુ ખસ્યો તો ગયો નિગોદાદિ એકેન્દ્રિયપણામાં. ત્યાં કેટલાય જન્મ-મરણાદિના ત્રાસ ભોગવી પાછો માંડ ઊંચે વિકલેન્દ્રિયપણામાં આવ્યો.

**ભવોનાં દુઃખ :-** પૃથ્વી, પાણી, વનસ્પતિ, અગ્નિ, વાયુ, કીડા, મંકોડા, માકણ, મચ્છર વગેરે એકેન્દ્રિય-વિકલેન્દ્રિયના ભયંકર દુઃખો તો સમજાય છે ને ? કચરામણ, કપામણ, છેદામણ, અગ્નિમાં બળવાનું, ઉકળતા પાણીમાં જીવતા બફાવાનું, કળકળતા ઉષ્ણ ઘી-તેલમાં તળાવાનું, ઈત્યાદિ ઈત્યાદિ પીડાઓનો ત્યાં પાર નથી. એવું **અનંતી અનંતી વાર ભોગવી જીવ માંડ ઊંચો આવ્યેથી તિર્યંચ પંચેન્દ્રિયપણું પામ્યો.** તેય જંગલી સિંહ-વાઘ-વરુ જેવા અવતારે ! એટલે ? **આહાર-વિષય-પરિગ્રહ લાલસામાં ભયંકર કષાયો અને ઘોર હિંસાદિના પાપભર્યા જીવન !** તેથી મરીને પટકાયો નરકગતિમાં. **નરકના ત્રાસનું તો પૂછવાનું જ શું ?** કલ્પનામાં ન આવી શકે એવા ત્રાસ ! પંચેન્દ્રિય જેવા પંચેન્દ્રિય સાંગોપાંગ શરીરે, ધોબીના ધોતીયાની જેમ શિલા ઉપર વારંવાર ઝીકાવા-કુટાવાનું ! અગ્નિમાં લાકડાની જેમ પટકાઈ ભડભડ બળવાનું ! શાકભાજીની જેમ છરીથી ટુકડે ટુકડામાં કપાઈ મરવાનું ! કરવતથી ઊભા વહેરાવાનું ! યંત્રમાં શેરડીની જેમ પીલાવાનું ! વગેરે વગેરે દુઃખોમાં રીબાઈ રહેવાનું તે અસંખ્ય વર્ષો સુધી ! એટલે અનહદ વેઠીને બહાર નીકળી પાછો થયો તિર્યંચ પશુ, કોઈ માછલો, મરઘો કે જ્યાં ચવાવા-કપાવાના અસ્સીમ દુઃખ છતાં એ વેઠી કદાચ ઉગ્ર ક્રોધમાં ન ચઢ્યો તો ગયો દેવના અવતારમાં. પણ પાછો ત્યાંથી મરીને પશુ-પંખી એટલે, એજ કષાયના દુર્ગુણો, એજ હિંસાદિ દુષ્કૃત્યો ભર્યાં જીવન ! જો વધુ ખસ્યો તો ઠેઠ એકેન્દ્રિયપણે પહોંચ્યો. એમ કેટલાય આંટાફેરા પછી માંડ માનવ જીવન પામ્યો. પણ કેવું ? અનાર્ય મનુષ્ય જીવન ! કસાઈ જેવાં જીવન ! ત્યાં શું કરવાનું જડે ? **એજ સંજ્ઞાઓ, એજ કષાયો, એજ હિંસાદિ !** નથી ને ક્યાંય મનુષ્ય તિર્યંચના અવતારે બહુ કષ્ટ વેઠ્યા તો દેવતાના ભવ પણ મળ્યા. પરંતુ શું કરવા ? એની એજ સંજ્ઞાદિની રમત રમવા ! આમ સંસારની ચારે ગતિમાં જીવ અનંત અનંત વાર ભટક્યો.

**કાનજીમત ક્યાં ભૂલે છે ? :-** અહીં એક વસ્તુ ખાસ ધ્યાનમાં એ લેવાની છે કે આ બધા વિવિધ ભવો અને દુઃખોની પરિસ્થિતિ **જીવની** જ થયેલી છે, જડની નહિ. એટલે **નિશ્ચયનયે સહજ સ્વરૂપે જીવ ગમે તેટલો શુદ્ધ, અરૂપી અને સુખસ્વભાવી છતાં, એજ જીવ સંસારની ગતિઓમાં પરાધીન પણે વિવિધ દેહધારી એ દુઃખ ભોગવનારો બન્યો છે, એ તેટલી જ સત્ય હકીકત છે. એવા એવા દેહના અને બીજા સંયોગોના કારણે જ દુઃખમાં રીબાયો છે, એ પણ સાચી જ બીના છે.**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

એટલે કહો કે પુદ્ગલના સંયોગોની ઊંડી અસર તળે એ આવ્યો જ છે. આત્મા તેવા દેહના અનુસારે જ તદાકૃતિવાળો બન્યો છે, દેહના કપાવા-છુંદાવા સાથે જ ઘોર ત્રાસ પામ્યો છે. **આમ પરદ્રવ્યની ભારોભાર અસર આત્મા પર પડી છે.** કાનજીમત 'જીવ શુદ્ધ સ્વરૂપી, શુદ્ધ સ્વરૂપી, સ્વતન્ત્ર દ્રવ્ય, સ્વતન્ત્ર દ્રવ્ય એને પરદ્રવ્યની કોઈજ અસર નહિ અસર નહિ...' આવું આવું ગોખાવી ગોખાવીને ભૂલાવામાં પાડી દે છે ! કેમ જાણે પૂર્વોક્ત ચારે ગતિના ભ્રમણ, વિવિધ દેહો, અને એના ઉપરના ભયંકર દુઃખો એ તો બધું પુદ્ગલ ઉપર; જીવને કાંઈ લાગે-વળગે નહિ ! તેથી એ સઘળું યાદ કરવાની જરૂર જ નહિ !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૩૦,તા.૯-૪-૧૯૫૫

## ૪ નિશ્ચય અને વ્યવહાર

**કાનજીમતની બીજી ભૂલ : સંસારનાં કારણ :-** એટલું જ નહિ પણ આગળ વધીનેય કાનજીમત ક્યાં આખી ભીંત ભૂલે છે, એ જુઓ, ખરી રીતે પૂર્વે કહ્યું તેમ **જીવને સંસારની ચારેય ગતિમાં ભટકવું પડ્યું ?** કારણ કે, આહાર, ઈન્દ્રિયના વિષયો-રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અને શબ્દના થોક, ધનમાલ, ઘર, સ્થાન, કુટુંબ, કાયા, કીર્તિ વગેરેના મમત્વ-પરિગ્રહ, નિદ્રા, આરામી, -આ **ચારની સંજ્ઞાઓમાં, એની જ લેશ્યા અને લાલસાઓમાં** જીવ ખૂબ મહાલ્યો. એની પાછળ વળી **ક્રોધાદિ ચાર કષાયની** સંજ્ઞામાં રુલ્યો. જ્ઞાનીના નહિ પણ લોકના ધોરણે ચાલવા રૂપ **લોકસંજ્ઞામાં** ઘસડાયો; દશમી **ઓઘસંજ્ઞામાં** તણાઈ એકેન્દ્રિય જેવી સ્થિતિમાંય ભલે વ્યક્ત હિંસા જુઠ ચોરી વગેરે પાપ આચરવાનાં નહોતા, છતાં ન એ પાપોનો કોઈ તિરસ્કાર, કે ન એની કોઈ વિરતિ (ત્યાગની પ્રતિજ્ઞા) ! ચારે ગતિમાં એવું ! મન વિનાની સંમૂર્ચ્છિમ અવસ્થામાં, બેભાન સ્થિતિમાં કે છતાં મને પણ શૂન્ય મગજ કે અન્ય લક્ષની સ્થિતિમાંય ઓઘસંજ્ઞાની અસર હેઠળ કેવળ જડ તરફ પ્રવર્ત્યો; એનું જ પીંજણ ચાલું રાખ્યું. એ દશેય સંજ્ઞા પાછળ મારામારી, કલહ, હિંસા, જુઠ-ડફાણ, અનીતિ અન્યાય, ચોરી જુગાર, અબ્રહ્મ-મૈથુનની કામચેષ્ટાઓ, ધંધાધાપા, વેપાર રોજગાર આરંભ-સમારંભ વગેરે અનેકાનેક **પાપની પ્રવૃત્તિઓ** હિસાબ વિનાની આચરી. અરે ! પરિગ્રહ-વિષય-આહારાદિની સંજ્ઞાને વશ પડી દાન, તપસ્યા વગેરે ધર્મક્રિયાઓ પણ કરી ! યાવત્ ચારિત્ર પણ લીધું, સાધુ બન્યો ! કહો, કેવો બહાદુર ! કિન્તુ એ દાન, એ તપ, એ ચારિત્રાદિ શા માટે ? કાં સ્વર્ગના વૈષયિક સુખ લેવા, કાં અહીં જ લક્ષ્મી લેવા, માનપાન મેળવવા, સારાં સારાં ભોજન વગેરેની સગવડ પ્રાપ્ત કરવા માટે !

**અનંત અનંત કાળથી ચાલતી ૩ લત :-** (૧) અનંત અનંત કાળથી જીવને



બસ **એકસરખી લગની કેવી ?** 'ખાઉં, ભેગું કરું, રંગરાગ અને મોજ કરું, આરામ કરું !' એવી. (૨) ત્યારે અનંત અનંતકાળથી જીવની લાગણીઓ **એકસરખી કેવી ?** ગુસ્સાભરી, અહંકારમય, માયાવાળી અને લોભ-લાલચની ! સ્વાર્થ સાધવા દુબળા પ્રત્યે રોફ ભરી લાગણી, સબળા પ્રત્યે દીનતાભરી લાગણી ! (૩) ત્યારે **એકધારી મન-વચન-કાયાની પ્રવૃત્તિ કેવી ?** એકધાર્યા **વિચારો** શાના ચાલે ? મનોરથો શાના ? હોંશ શાની ? કહો, આરંભ-સમારંભના, હિંસાના, અસત્યના, ઉઠાવગીરીના, વિષયભોગના, અનેક પાપયોજનાઓના તો અનંત અનંતકાળથી, **વાણીમાં** એક સરખું શું ઉતરે ? ત્યાગ, તપસ્યા કે વ્રત-પચ્ચકખાણ ? ના રે ના; એજ આરંભ-સમારંભ, અસત્ય, અનીતિ, વિષયક્રીડાઓ, અને દુન્યવી ધંધાધાપા લક્ષ્મી વગેરેની વાતો જ વાણીમાં ઉતરે છે. પછી **કાયાથી દોડધામ** શાની તરફ હોય ? એ આરંભ-સમારંભાદિની તરફ ! આમ,

**લગની, લાગણીઓ, અને હીલચાલ બધી જ મલીનવૃત્તિઓ, દુર્ગુણો અને દુષ્કૃત્યોની ચાલી રહી છે. અનંત અનંત કાળથી આજ સુધી એમજ બનતું આવ્યું છે. તેથી જ પામર જીવને સંસારના ચોરાશી લાખના યોનિચક્રમાં ભટકવું પડ્યું છે !!**

**પણ કાનજીમતને** આ કાંઈ સુઝતું નથી. તેથી કાનજીમતીને એ ચાલુ રહે તો વાંધો નથી. એ તો કહે છે 'પૂર્વે ધર્મક્રિયાઓ કરી, તપ-દાનાદિ, પુણ્ય ક્રિયાઓ, કર્યે ગયો, તેથી જીવ સંસારમાં રખડ્યો !' કેવું કાનજીનું કારમું અજ્ઞાન !! એ કહે છે કે "એક જીવ બીજાની હિંસા કરે છે એમ માનવું મિથ્યાત્વ છે ! જીભરૂપી પુદ્ગલ દ્વારા જીવ અસત્યભાષણની ક્રિયા કરે છે, એમ માનવું મિથ્યાત્વ છે ! આરંભસમારંભાદિના નિમિત્તે જીવ જડકર્મ ઉપાર્જે છે, ને તે કર્મના ફળ ભોગવે છે, એમ નિમિત્ત કારણ અને પરદ્રવ્યની અસર માનવી એ મિથ્યાત્વ છે ! આવા આવા મિથ્યાત્વના લીધે જ મોક્ષ થયો નથી અને સંસારમાં ભટકવું પડે છે" આવું કાનજીમત કહે છે. **સંસારમાં વસ્તુગત્યા ભ્રમણની કારણભૂત ક્યાં પેલી આહાર વિષય પરિગ્રહ નિદ્રાની લગનીઓ, ક્રોધાદિની લાગણીઓ, ને હિંસાદિની હીલચાલ ! અને ક્યાં કાનજીમતે કલ્પેલી વ્રત તપદાનાદિ ધર્મક્રિયા પ્રત્યે અરૂચિની અને કલ્પિત મિથ્યાત્વાદિની પોકળ વાતો !** કેવું એમનું જોરદાર મિથ્યાત્વ ! આનું પરિણામ એ આવે છે કે સંસાર ભ્રમણાના જે વાસ્તવિક કારણો છે એને ટાળવા-રોકવાનું અને મોક્ષના સાચા ઉપાય સેવવાનું કાનજીમતીઓને ઉત્તમ માનવભવમાંય બાજુએ રહી જાય છે; તેથી એમને સંસાર ભ્રમણના કારણો સેવાયે જાય છે, અને બીજી બાજુ 'પુણ્ય ક્રિયા નકામી, પર-દ્રવ્ય કાંઈ કરતું નથી, નિમિત્ત કારણ નકામું છે,'... વગેરે વગેરે ભ્રમણાના પોપટ-પાઠમાં જીવન વેડફાયે જાય છે ! તો એમનું ભાવી કેવું થશે !! ખૂબી તો જુઓ કે,



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**કાનજીમતે આપત્તિ :-** (૧) કાનજીમતીઓ ખાટાં, મીઠાં કે તીખાંતમતમતા રસદાર ભોજનો કર્યે જાય તો એ ભોજન ક્રિયા તો જડની ક્રિયા છે, એની કાંઈ અસર એમને આત્મા ઉપર માનવાની નથી, તેથી એમાં ઓછપ કરવાની શી જરૂર ? તેમ ઓછપ કરનારી ક્રિયા જેવી કે તપસ્યા, રસત્યાગ વગેરેની એમને ત્યાં શી યોજના ? (૨) એમ એમના સિદ્ધાન્ત મુજબ લક્ષ્મી ઉપાર્જવાના, નોકરી-વેપાર-વકીલાત, ડાકટરી વગેરે ઉપાયોની કાર્યવાહીને આત્માના શુદ્ધાશુદ્ધ ભાવો સાથે કાંઈ લાગતું વળગતું નથી. તેવી પરિગ્રહની એ કાર્યવાહી ઓછી કરવાની કે મમતા કાપનારી દાનાદિ ક્રિયાની એમને શી જરૂર ? (૩) અરે ! આગળ વધીને વિચારીએ તો એમનો નિમિત્તની નપુંસકતાનો સિદ્ધાન્ત, એમનો- 'જડક્રિયાની ચેતનાના ગુણદોષ ઉપર કોઈ અસર નહિ' -એવો સિદ્ધાન્ત એમને મૈથુનની ક્રિયાય ઓછી કરવાનું શા માટે કહે ? કેમકે કામ-પાત્રનાં ગમે તેવા અંગ-ચૂંથણ એ તો જડ શરીરની ક્રિયા છે. એની પર એવા આત્મ-દ્રવ્યના રાગ વાસનાદિ ઉપર એમના મતે કોઈ અસર નથી ! તેથી એમને એને ઓછી કરવાની જરૂર નથી ! ઓછા તો રાગાદિને કરવાના ! બાહ્ય ક્રિયાને નહિ ! વળી એ ગલીચ ક્રિયાઓ તે તે ગાત્રોના પહેલેથી જ નિયત થયેલા ક્રમબદ્ધ પર્યાય છે; એથી એ કાંઈ આત્માના વાસના-કામરાગાદિ અશુદ્ધ ભાવોથી પ્રવર્તે છે એવું નથી. એટલે કે વાસનાદિ વિના પણ પ્રવર્તી શકે; અને એમાં વાંધો શો ? આત્મદ્રવ્ય જુદું છે, શરીર દ્રવ્ય જુદું છે; તેથી આત્માના રાગાદિભાવોની અસર શરીર ક્રિયા ઉપર હોય જ નહિ. એટલેય રાગાદિભાવો રહે કે ન રહે. પણ શરીરની એ કામ ચેષ્ટાઓ ઓછી કરવાની શી જરૂર ? આત્માને કાયિક બ્રહ્મચર્ય અને સદાચાર સુદ્ધાં પાળવાનું એમના મતે કોઈ ફળ નહિ, તો પછી એનુંય પાલન શા સારું ? આમ કાનજીમતે આહાર-વિષય-પરિગ્રહની પ્રવૃત્તિ ઓછી કરવાનું કે તપસ્યા-શીલ-દાનની ક્રિયાઓ આચરવાનું આત્માને ઉપયોગી નથી; તેથી જ એમાં કોઈ ધર્મ નથી. એટલે (૪) એના બદલે 'અંતરાત્માની શુદ્ધિ કરો, રાગાદિ વિભાવો દૂર કરો, આત્માના શુદ્ધ વીતરાગી સ્વરૂપને ઓળખી ક્યાંય યાવત્ દેવાધિદેવ પરમાત્મા કે સદ્ગુરુ ઉપર પણ રાગવાળા ન બનો...' આવા આવા દોઢ ડહાપણમાં કાનજીમતીનું મહામૂલું માનવ જીવન વેડફાય છે. (૫) નથી એને **શત્રુંજયાદિ** મહાતીર્થોની, કે શ્રી **આદીશ્વરદાદા** વગેરેના અદ્ભુત બિંબોની ભક્તિ ઉપાસના કરવાની; કે (૬) નથી એને આચાર્યો, ઉપાધ્યાયો અને મુનિમહર્ષિઓની સેવા શુશ્રૂષા કરવાની. ઊલટું, (૭) એને તો 'અહો ! આ પાષાણ અને આ પાખંડીઓથી તરવાનું અજ્ઞાન ઠીક ચાલી પડ્યું છે !' એમ મશ્કરી કરી એની ઉપાસના કરતા હોય તો તેય મૂકી દેવાની છે. અને કામપાત્ર, રસમય આહાર, વિષયો, પરિગ્રહ અને આરંભ સમારંભાદિની ઉપાસના કર્યે જવાની છે ! (૮) કાનજીમતીને આ બધા આહાર-



વિષયાદિથી જરાય ડરવાનું નથી, એ એક મહાન આશ્ચર્ય છે ! એને તો ડરવાનું છે ધર્મક્રિયાઓથી ! ત્યાગ તપસ્યાથી ! દાનશીલથી ! વ્રતપચ્ચકખાણોથી ! માનેલા મિથ્યાત્વોથી ડરવાનું છે ! 'રખેને એ બધાથી ભવવૃદ્ધિ ન થાય !' વાહ ! કેટલું ભયાનક અજ્ઞાનતાંડવ ! કેટલી કારમી ગાઢ મિથ્યાત્વની રીબામણ ! કેવા ભયંકર ભવભ્રમણની વૃદ્ધિના કારસ્તાન !

**બે પ્રવેશ : વ્યવહારરાશિ અને ચરમાવર્ત :-** હવે આપણે એ જોઈએ કે વસ્તુગત્યા આત્મા કેવી રીતે ઊંચે આવે છે. જૈન સિદ્ધાન્ત કહે છે કે **સંસારમાં બે પ્રવેશ અતિ મુશ્કેલીભર્યા છે.**

(૧) એક તો, અનાદિકાળથી ચાલી આવતી એકધારી જે નિગોદપણે જ જન્મવા-મરવાની સ્થિતિ નામની અવ્યવહારરાશિ, એમાંથી બહાર નીકળી પૃથ્વી-કાયાદિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, ને પંચેન્દ્રિયપણા રૂપી વ્યવહાર રાશિમાં પ્રવેશ કરવાનું મળે એ અતિ મુશ્કેલ છે.

(૨) બીજો પ્રવેશ અચરમાવર્તકાળમાંથી ચરમાવર્ત કાળમાં પેસવાનું મળે તે કઠીન છે.

**ચરમાવર્તકાળ એટલે ? :-** પહેલો પ્રવેશ હજી અભવ્ય જીવને પણ મળી જાય છે, પણ બીજો પ્રવેશ તો અભવ્યને મળતો જ નથી કેમકે **ચરમાવર્તકાળ એટલે મોક્ષે જવાના સમય પૂર્વનો એક પુદ્ગલ પરાવર્તનો કાળ, ચરમાવર્તનો અર્થ સંસારકાળનો છેલ્લો પુદ્ગલપરાવર્ત કાળ.** અભવ્ય જીવનો તો કદીય મોક્ષ જ થવાનો નથી; એટલે અભવ્યનો સંસારકાળ સદા ચાલવાનો હોઈ એનો અંતજ આવવાનો નહિ હોવાથી, એના સંસાર કાળનો કોઈ પુદ્ગલ પરાવર્ત કાળ **છેલ્લો** છે જ નહિ. ભવ્ય જીવને મોક્ષ થાય છે. તેથી એ થવા પૂર્વનો જે સાંસારિક છેલ્લો પુદ્ગલ પરાવર્તકાળ, એને ચરમાવર્તકાળ (ચરમ=છેલ્લો; આવર્ત=પુદ્ગલપરાવર્ત) કહેવાય છે. એની પૂર્વના એના બધા પુદ્ગલ-પરાવર્તો એ **અચરમાવર્તો છે. એ વટાવીને અંતિમ પરાવર્તમાં પ્રવેશ કરવાનું પણ મોંઘેરું છે. કેમકે એ પોતાના હાથની અર્થાત્ ઉદ્યમની વસ્તુ નથી. એ તો કાળની વસ્તુ છે.** પૂર્વનો એટલો અનંત અનંતો કાળ વીતે, પછી છેલ્લો આવર્ત આવીને ઊભો રહે છે. ચરમાવર્તની પૂર્વના અચરમાવર્ત કાળમાં આપણે અનંતા પુદ્ગલપરાવર્તો દુઃખમાં રીબાતા વેઠી આવ્યા છીએ, એ ખાસ યાદ રહે.

**અચરમાવર્તમાં ધર્મક્રિયા ! :- અચરમાવર્ત કાળમાં જીવની દશા પૂર્વે કહ્યું તેમ આહારાદિ સંજ્ઞાઓમાં એકાકારતાની હોય છે. જીવની દૃષ્ટિ કેવળ સંસારની હોય છે; મોક્ષદૃષ્ટિનું નામ-નિશાન ત્યાં હોતું નથી ! વાસ્તવિક આત્મહિત માટેની કોઈ લાગણી જીવને ત્યાં જાગી શકતી જ નથી !** એક માત્ર પૌદ્ગલિક સુખની જ ભૂખ રહ્યા કરે છે. એવા જીવને કદાચ તીર્થંકરદેવ જેવા પણ મળી જાય. એમની



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

જોરદાર ધર્મવાણીય સાંભળે; પરંતુ એમાંથી બહુ બહુ તો એને લેવાનું એટલું જ આવડે કે "હું આ ધર્મક્રિયા, આ ત્યાગ, આ તપ, આ ચારિત્ર સાધું તો મને પણ સારાં સારાં માનપાન મળે, ભોજન મળે, વસ્ત્રાદિ મળે, પૈસા મળે... યાવત્ મોટા શિષ્યાદિના પરિવાર કે ભક્તોના સમૂહ મળે, કે પરભવે સ્વર્ગાદિના સુખ મળે." મોક્ષની લેશ પણ શ્રદ્ધા એને થતી નથી. રસ, ઋદ્ધિ અને શાતા મેળવવાની જ ગાઢ આસક્તિ એને હોય છે ! પછી તે માટે એ ધર્મક્રિયાઓ, ત્યાગ, તપસ્યા વગેરે આદરે પણ છે. **પરંતુ એ બધાનું લક્ષ્ય શું ? એજ આહાર-વિષય-પરિગ્રહનું, રસ-ઋદ્ધિ-શાતાનું, માન અને પાનનું ! આહાહા ! કેવી કંગાળ દશા જીવની ! કેટલી પુદ્ગલની ગુલામી ! સ્વ સમૃદ્ધિના વિસ્મરણ સાથે કેવી પરની લગની ! ધર્મક્રિયા કરવાના હિસાબે તે ત્યાં મળે પણ છે; પરભવમાં પણ મળે છે; પરંતુ અહાહા ! એ સંજ્ઞાનું જોર ! આસક્તિની ચિકાશ ! કષાયોના તાંડવ ! હિંસા-જૂઠ-અનીતિ-કામાંધતા ચેષ્ટા અને મિથ્યાત્વાદિ પાપોની ભરચકતા !** ઈત્યાદિ સેવીને ફળ રૂપે તો ચિરકાળ ભયંકર દુર્ગતિઓમાં ભમવાનું જ ને ? આ જે ભવભ્રમણ મળ્યું એ જીવની કઈ ભૂલના કારણે ? નહિ કે **કાનજીમત કહે છે તેમ ધર્મક્રિયા** કરવાની ભૂલના કારણે, નહિ કે પુણ્યના માર્ગ આરાધવાની ભૂલના કારણે, નહિ કે નિશ્ચય ધર્મ વિસરીને વ્યવહાર ધર્મની રસિકતા-નિમિત્તની પ્રધાનદષ્ટિ-પર-દ્રવ્યની અસરકારતાની માન્યતા વગેરે ભૂલના કારણે. કિન્તુ ભૂલ એ છે કે સ્વપ્ને પણ મોક્ષ જેવી વસ્તુ છે એનો ખ્યાલ નહિ ! ભૂલેચૂકે પણ મોક્ષ પામવાની ઈચ્છા જ નહિ ! બલ્કે મોક્ષ પ્રત્યે દ્વેષ છે. વાત માત્ર પૌદ્ગલિક સુખો અને પૌદ્ગલિક ઉન્નતિ કમાવાની ! એથી જ એવા લક્ષ્ય પાછળ ક્રોધ-લોભાદિ કુટિલ કષાયોના સેવન કરે છે અને **કષાયો એટલે જ ભાવસંસાર; કષાયો એટલે સંસારના મુખ્ય કારણો, મોક્ષદષ્ટિના અભાવે, જીવ ધર્મક્રિયાઓ કરતો હોય ત્યાં, કે ન કરતો હોય ત્યારે પણ એ જ પૌદ્ગલિક દષ્ટિ પાછળ વિષયાદિ સંજ્ઞાઓ, કષાયની લાગણીઓ અને હિંસાદિ પાપાચરણો તથા ગાઢ મિથ્યાત્વના લીધે જ સંસારમાં ભટકે છે.**

**મોક્ષદષ્ટિ ચરમાવર્તમાં જ :-** એવો એ અચરમાવર્ત કાળ પૂરો કરીને જીવ જ્યારે ચરમાવર્ત કાળમાં એટલે કે છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં પ્રવેશ કરે છે, ત્યારે એનામાં હવે મોક્ષદષ્ટિ જાગવાની શક્યતા ઊભી થાય છે, લાયકાત આવી શકે છે. પરંતુ અહીં પાછું એવું નથી કે ચરમાવર્તમાં પ્રવેશે કે તરત બધાને મોક્ષદષ્ટિ જાગે જ. કોઈને જાગે પણ ખરી અને કોઈને ન પણ જાગે; તે...ચરમાવર્તનો કેટલોય કાળ પસાર કર્યા પછી ય જાગે; યાવત્ ચરમાવર્તના છેડે પણ જાગે ! પણ નિયમ એવો છે કે એક પુદ્ગલ પરાવર્તથી અધિક કાળ બાકી હોય ત્યાં સુધી તો મોક્ષદષ્ટિ જાગે જ નહિ. બીજા શબ્દમાં કહીએ તો **મોક્ષની દષ્ટિ જાગ્યા પછી માત્ર એક પુદ્ગલ પરાવર્તની અંદર જરૂર મોક્ષ મળે.** એનો અર્થ એવો નથી કે દરેકને



એટલો કાળ કરવો પડે. એ તો વધારેમાં વધારે કાળ થાય તો કેટલો થાય એનું માપ છે. બાકી તો મોક્ષદષ્ટિ જાગ્યા પછી વહેલોય મોક્ષ થાય છે.

**ચરમાવર્તમાં ઉદ્યમની મુખ્યતા :-** અચરમાવર્ત કાળમાં ધર્મની સામગ્રી મળે ખરી, પણ ધર્મનો ઉદ્યમ કરવાની લાયકાત જ જીવમાં નથી હોતી. ચરમાવર્તમાં એ લાયકાત આવે છે; તેથી પુણ્યના યોગે ધર્મસામગ્રી મળી જાય અને જીવ જો સત્પુરુષાર્થ આદરે, ધર્મઉદ્યમ કરે, તો મોક્ષદષ્ટિ જાગે છે. તેથી એ મોક્ષમાર્ગની આરાધનામાં કે મોક્ષમાર્ગના સાધનની આરાધનામાં લાગી જાય છે. શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના ધર્મ-શાસનના આલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ મળે છે; અથવા ઈતર અવીતરાગ અસર્વજ્ઞ ધર્મસ્થાપકના શાસનને પામીને મોક્ષમાર્ગના સાધનભૂત મોક્ષરુચિ, વિષય-વિરાગ, શમ, દમ, તિતિક્ષાદિ કોઈ ગુણની સાધના મળી શકે છે. ગમે તે, પણ ચરમાવર્તમાં સત્ ઉદ્યમ, પુરુષાર્થ ઉપર મોટો આધાર છે.

**સત્પુરુષાર્થનું પહેલું કર્તવ્ય :- સદ્ગુરુનો સંયોગ કે ધર્મનાં બીજા કોઈ નિમિત્ત મળવાનો પુણ્યોદય જાગે ત્યારે આત્માએ મોક્ષની રુચિ જગાવી લેવાનો પુરુષાર્થ પહેલો કરવાનો છે.** મોક્ષની રુચિ, મોક્ષની પ્રીતિ થવાનું કાર્ય સહેલું નથી. કેમકે એ માટે આખા સંસાર ઉપર ઉત્કટ ઉદ્વેગ જાગવો જોઈએ. હાડોહાડ અરુચિ થવી જોઈએ, અને મોક્ષ ઉપરનો દ્વેષ નાબુદ થવો જોઈએ. **આખા સંસારમાં તો દેવતાઈ સુખો કે મોટા રાજ-રાજેશ્વરના સુખ પણ આવે. એના ઉપરેય ભારે કંટાળો અને અભાવ જાગવો જોઈએ; તો મોક્ષ ખરેખર ગમે.** એ ક્યારે જાગે ? કે, જો **શું સુખભર્યો કે શું દુઃખભર્યો, સમસ્ત પ્રકારનો સંસાર નિર્ગુણ-નિસ્સાર લાગે ! અપકારક અને વિશ્વાસઘાતી લાગે ! તોજ એના પર અભાવ થઈ જાય; અને તોજ એની પ્રતિપક્ષી મોક્ષઅવસ્થા ઉપર પ્રીતિ જાગે.**

**સંસાર કેવો ભયંકર ! :- 'પૌદ્ગલિક સુખ દુઃખભર્યો સંસાર નિર્ગુણ છે, ગુણરહિત છે, અત્યંત અસાર એવી જડમાયાથી ભરેલો છે, એનાથી આત્માને કોઈ લાભ નથી. કોઈ ઉપકાર નથી. એટલું જ નહિ પણ ઉપરથી એ આત્માને નુકશાન કરનારો છે, એની અનંત જ્ઞાનસુખાદિ સમૃદ્ધિ અને સ્વતંત્રતાને દબાવનારો છે. તે પણ, આત્માઓની પાછળ મરી ફીટે છતાં એ તો અંતે આત્માને દુર્ગતિના દુઃખની ઘંટીમાં ઘાલી પીલનારો પીસનારો હોઈ, ઉપકાર ઉપર અપકાર કરનારો છે ! અરે એટલું જ નહિ કિન્તુ આત્માને વિશ્વાસમાં રાખીને અનેકાનેક પ્રસંગમાં એનો એકાએક દ્રોહ કરનારો છે ! સંસારના એવા કેટલાય સંયોગો બને છે કે જે જીવને પૂર્ણ વિશ્વાસ આપીને વિશ્વાસનો અકાળે કારમો ઘાત કરે છે !'** (દા.ત. "પુત્ર પચીસ વરસની ઉંમરનો બરાબર તૈયાર થયો, બાપને હવે એની પૂર્ણ આશા છે કે એ સેવા કરશે; ત્યાં તો સંસારની વિચિત્રતા એ પુત્રને મોત આપીને ઉઠાવી લે છે !!)..."

**મોક્ષરુચિની ભાવના : આવશ્યકતા :-** આવું આવું સંસારની અસારતા



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

નિર્ગુણતા, અપકારકતા, વિશ્વાસઘાતકતાનું જીવને સચોટ ભાન થઈ જવાથી સંસાર ઉપર તિરસ્કાર છૂટે છે; હાડેહાડ અરુચિ પ્રગટે છે. **જીવ પોતે તેમાં મોહ્યો છે, એમાં પોતાની મૂર્ખ શિખરતા ભાસે છે ! એમાં ફસાયો છે તે બદલ પોતાની પામરતા લાગે છે !** હવે એને થાય છે કે "પોતે ક્યારે એમાંથી છૂટે ! ક્યારે સંસારની બેડીઓ તૂટી જ્યાં જન્મ-મરણ નહિ, દેહ નહિ, દુઃખ નહિ, પુદ્ગલ નહિ, પરાધીનતા નહિ, એવાં મોક્ષનાં સામ્રાજ્ય મળે !" એમ મોક્ષનાં મીઠાં સ્વપ્ન આવે છે. મોક્ષ ઉપર હાર્દિક રુચિ જાગે છે. અલબત આ માટે યોગની પૂર્વસેવા ખૂબજ ઉપયોગી બને છે. **આ મોક્ષદૃષ્ટિ એ મોક્ષરુચિ જો જાગી તો એમાં સાચી નિશ્ચયસાધનાનો અંશ છે.** ત્યારે કાનજીમતીઓ જે કરે છે, એમાં સાધનાનું નામ નિશાન નથી. માત્ર ટાયલાં અને અસંભવિત કલ્પનાઓ છે. અસ્તુ. બાકી આ મોક્ષદૃષ્ટિ-મોક્ષરુચિની પહેલી આવશ્યકતા છે. કેમકે એ હોય તો બીજી ધર્મસાધનાઓ આત્માની પ્રગતિકારક બને છે; આત્માને મોક્ષ યોગ્ય અવસ્થાની નજીક નજીક લઈ જાય છે. નહિતર તો જેમ પૂર્વે તેમ ચરમાવર્તમાંય મોક્ષરુચિ-મોક્ષદૃષ્ટિ વિનાની સાંસારિક આશંસાવાળી ધર્મક્રિયાઓ તો જીવની અનાદિની વિષયાદિ સંજ્ઞાઓ અને કષાય રૂપી દુર્ગુણોને પોષે છે; તે જીવને ક્યાંથી ઊંચે લાવી શકે ? માટે જ મોક્ષદૃષ્ટિ અતિ જરૂરી છે. અલબત મોક્ષદૃષ્ટિ જગાવવાના હેતુથી કરેલી યોગપૂર્વસેવા સફલ બને છે.

**મોક્ષદૃષ્ટિ જગાડનારી-ટકાવનારી સાધના :-** ચરમાવર્ત કાળમાં આવેલા એવા ઘણા જીવો છે કે જેને મોક્ષદૃષ્ટિ જાગી હોતી નથી. પરંતુ એ કોઈ આર્ય દર્શન (ધર્મપંથ)ના સંત સાધુ કે થોડા પણ જાણકારના સંસર્ગમાં આવે છે, એનો મોક્ષ-ઉપદેશ સાંભળે છે ત્યારે એ સાંભળીને એની આંખ ઊંચી થઈ જાય છે. પોતે આજ સુધી ભૂલ્યો એવું લાગે છે. એમના કહેવા મુજબ યોગની પૂર્વસેવા સાધે છે. આ ઉપદેશનું આકર્ષણ થાય છે એ વસ્તુ સહેજે પણ બને છે અને સકારણ પણ બને છે. જીવ પોતે કોઈ દુઃખમાં આવી પડ્યો, અને ત્યાં હિતોપદેશ સાંભળવા મળી જાય છે. ક્યાંય વૈરાગ્યજનક પુસ્તક વાંચનથી કે અનિત્યભાવના અશરણભાવના વગેરે ભાવના વિચારવાથી અથવા પોતાના કે બીજાના જીવનમાં કોઈ આકસ્મિક સાંસારિક વિકરાળ ઘટના જોઈને પણ સંસાર ઉપર વૈરાગ્ય અને મોક્ષ ઉપર રુચિ જાગે છે. આમ, મોક્ષરુચિ જગાવવા માટે સંસારની વિચિત્રતાઓ પર ઊંડા ચિંતન, અનિત્યાદિભાવના, હિતોપદેશશ્રવણ, વૈરાગ્યગ્રંથોનું વાંચન તથા યોગની પૂર્વસેવા વગેરે સાધન છે. મોક્ષરુચિ જાગ્યા પછી પણ એને ટકાવી રાખવા માટેય આગળ કહેવાશે તે સાધનો સેવવાની જરૂર છે. નહિતર તો સંસારના પ્રલોભક સંયોગો મનને ફેરવી નાખતાં વાર નથી લગાડતા. એ સાધનામાં યોગની પૂર્વસેવાદિની સાધના ઉપરાંત યમ, નિયમ, વ્રત પ્રતિજ્ઞાઓ વગેરે આદરવા સારા લાભકારી



નીવડે છે. ત્યાં પૌદ્ગલિક આશંસા અને મિથ્યા અભિનિવેશ ન જોઈએ. શક્ય પ્રમાણમાં એ આદરવાથી એ લાભ થાય કે જીવ પરાપૂર્વની આહારાદિ સંજ્ઞાની લગની, ક્રોધ, લોભાદિની અશુભ લાગણી અને હિંસાદિની અસત્ પ્રવૃત્તિઓમાં એવો ન ફસાય કે જે મોક્ષદૃષ્ટિ જ ચૂકાવી નાખે. અહીં કાનજીમતનું અક્રિય જ્ઞાયકભાવનું સાયન્સ ચાલે એવું નથી.

**કોઈ પણ આર્યધર્મમાં :-** મોક્ષદૃષ્ટિની સાધનાની આ વસ્તુ ગમે તે આર્યધર્મના પંથમાં આવવાથી શક્ય બને છે. કેમકે આર્યધર્મ અલગ આત્મતત્ત્વના હિમાયતી છે. એના પ્રણેતાઓ પોતપોતાના ગજા મુજબ મોક્ષનું સ્વરૂપ અને મોક્ષ પામવાની સાધનાનો પ્રકાર ઉપદેશે છે. પરંતુ સામાન્યથી સર્વ આર્યધર્મો આત્માને મુખ્ય કરતા હોવાથી, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને સેવનીય માને છે; સનાતન આત્માના સંસ્કાર સુધારી પરલોકહિતને કરે એવી ગુરુભક્તિ, દેવસેવા, સદાચાર, તપ વગેરે યોગની પૂર્વસેવા આચરવાનું માને છે. ત્યારે વિશેષત; શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સૂક્ષ્માસૂક્ષ્મ જીવોના પ્રકારોનું સ્વરૂપ પ્રત્યક્ષ જુએ છે, અને જગતને ઉપદેશે છે. વળી એના ઉપર એ ભગવાન સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોટિની અહિંસા, સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના સ્વરૂપ દર્શાવે છે; અને સાથે એને યોગ્ય પંચાચારની ઉપાસનામય શુદ્ધ ચારિત્ર જીવન-સરણીનો કાર્યક્રમ બતાવે છે. બાકી બીજાઓ અર્થાત્ અસર્વજ્ઞ ધર્મપ્રણેતાઓ સ્થૂલરૂપમાં અહિંસાદિનું વર્ણન કરે છે. એમજ એ તપ-સ્વાધ્યાય વગેરેનું પણ સ્થૂલરૂપે વર્ણન કરે છે. એમજ અહિંસાદિ પાંચ એ **યમ** કહેવાય છે; અને તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન, (ધ્યાન); ઈન્દ્રિયજય અને **મનઃશુદ્ધિ,** એ પાંચને **નિયમ** કહેવામાં આવે છે. સ્વાધ્યાય એટલે શાસ્ત્રાધ્યયન, મહાપુરુષોના જીવનચરિત્રનું વાંચન, તથા તત્ત્વપઠનાદિ, આર્યોના આ યમનિયમનું પાલન એમને અનાર્ય અને મ્લેચ્છો કરતાં ઊંચી કક્ષામાં રાખે છે. એ પાલન પાછળ જો કોઈ સાંસારિક લાભની આશંસા નથી, તો એ મોક્ષરુચિ જગાવવામાં, ટકાવવામાં અને વધારવામાં ખૂબજ સહાય કરે છે. મોક્ષની પ્રીતિ એવી સહેલી વસ્તુ નથી કે વિરોધી સંયોગોના જોરમાં એમ જ જાગી જાય અને ટકી જાય ! કેમકે સાચી મોક્ષની રુચિ એટલે દુન્યવી સંયોગજન્ય કોઈ પણ સુખ પર આસ્થા નહિ; હવે એ આસ્થા ક્યારે જાગે કે ક્યારે ટકે ? સંસારના ઈષ્ટ સંયોગોના જો તેટલા જ ભોગ-ઉપભોગના ઘેરાવાની વચમાં રહ્યે જવાય તો અનાદિનો ઊંધો ટેવાયેલો જીવ શું પહેલેથી જ વીતરાગ દશાવાળો બની શકશે કે જેથી બહારના સંયોગોના ઉપભોગની એને કોઈ અસર નહિ થાય ? શી રીતે એમ બને ? અનંત અનંત કાળના આહાર વિષય પરિગ્રહના ઈષ્ટ સંયોગો ભર્યા જીવન, અને એની પાછળ કામક્રોધાદિની પ્રવૃત્તિનાં જીવન જીવી જીવીને આત્મામાં સીમેન્ટ, કોન્ક્રીટના પાયે મજબુત થયેલી એની આસ્થા અને કુસંસ્કારો, એવાં ને એવાં જીવન ઊભા



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

રહીને, શી રીતે મંદ પડે ? શી રીતે મંદ પડીને હ્રાસ પામી ચાલતા થાય ? કહો કે એ બાહ્ય જીવનમાં ઓછપ લાવવી ઘટે.

**મોક્ષરુચિ જગાવનારી-વિકસાવનારી સાધનાઓ : સહજ ભાવમલક્ષય-અપુનર્બંધકતા-યોગપૂર્વસેવા-યોગબીજ સંગ્રહ-માર્ગાનુસારિતાદિ :**

**ભાવમલક્ષય : ૩ લક્ષણ :-** ચરમાવર્તમાં જીવ જે ઊંચો આવે છે એમાં શાસ્ત્રકાર કહે છે કે પહેલાં તો, આત્મામાં અનાદિનો રહેલો જે **'સહજ ભાવમલ'** એટલે કે તેવા તેવા પુદ્ગલનો સંબંધ થવાની યોગ્યતા, એનો હ્રાસ થાય છે; અને એ થવાના ત્રણ લક્ષણ પ્રગટે છે.

**૧. દુઃખી જીવો પર અત્યંત દયા.**

**૨. ગુણવાન ઉપર અદ્વેષ,** (કોઈ પણ ગુણી જીવ પર દ્વેષ ન કરવો) દીન દુઃખી વગેરે સૌ પ્રત્યે ઔચિત્ય પાળું. અને,

**૩. સર્વત્ર ઔચિત્યનું પાલન. (અનુચિત ન વર્તવું)** એટલે, આમાં ચાવી બતાવી દીધી કે જો તમારે અનાદિના સહજ ભાવમળનો ક્ષય નક્કી કરવો હોય તો આ ત્રણ ગુણ વિષે પુરુષાર્થ કરો. આમાં જે પહેલું લક્ષણ દયા, એ ક્યાંથી આવી શકે, જો 'એક આત્મદ્રવ્ય બીજા આત્મદ્રવ્યને કાંઈ કરી શકતું નથી.' એમ કાનજીમતાનુસારે માની લેવાનું હોય ? કેમકે એમ માની લેવામાં તો પછી આપણી દયા બીજા જીવને કોઈ જ લાભની નથી એમ લાગે. એવી રીતે ગુણવાન ઉપર દ્વેષ નહિ કરવો પ્રેમ રાખવો. એ પણ વસ્તુ કાનજીમતે અયોગ્ય ઠરે; કેમકે એમાં તો રાગ એ તો આત્માનો દોષ છે ! ત્યારે ઔચિત્યપાલન તો ખાસ બાહ્ય કાયિક-વાચિક પ્રવૃત્તિ છે. આત્માના આંતરિક ઉદયમાં એનો કોઈ ઉપયોગ નથી, એમ કાનજીમત કહે છે. ત્યારે જૈનમત તો કહે કે જીવ ચાહ્ય જૈન ન હોય, અજૈન હોય, તો પણ એનામાં આ દયા વગેરે ત્રણ લક્ષણ આવી શકે છે, અને એ કારણે જીવ ચરમાવર્તમાં હોઈ શકે છે. તેથી જ એના આત્માની પણ તેટલા અંશે ઉન્નતિ થઈ ગણાય છે.

**અપુનર્બંધક દશા : ૩ લક્ષણ :-** એટલું જ નહિ કિન્તુ જૈનમત તો ત્યાં સુધી કહે છે કે હજી પણ આગળ ઉન્નતિ સાધતો જીવ ભલે જૈનમત સ્વીકારનારો ન પણ બન્યો હોય છતાં એનામાં **'અપુનર્બંધક દશા'** આવી શકે છે. એમાં આત્માની યોગ્યતા એટલી વધી હોય છે કે પાપકર્મના બંધન ઉત્કૃષ્ટ સ્થિતિના નથી લાગી શક્તા. એ દશાના ત્રણ લક્ષણો હોય છે.

**૧. તીવ્ર ભાવે પાપ ન કરે.**

**૨. ઘોર સંસારને બહુ માને નહિ.**

**૩. ઉચિત સઘળું કરે.**

એટલે કે, અપુનર્બંધક દશામાં ચઢવું હોય એણે આ લક્ષણો જીવનમાં ઉતારવા જોઈએ. આ પણ બીજી ઉન્નતિની ચાવી બતાવી. ઉન્નતિ કાળના પ્રારંભિક જીવનમાં



કાંઈ પાપકાર્ય સર્વથા છૂટી નહિ જાય; પરંતુ અહીં કર્તવ્ય એ છે કે કમમાં કમ પાપકાર્ય કરતી વખતે હૃદયને તીવ્રભાવ-ઉગ્રતાવાળું ન કરવું; કિન્તુ 'અરે ! ક્યાં આ કરવું પડ્યું ! શું થશે મારું !' એમ કોમળ ને ડરતું રાખવું, પાપના ડંખવાળું, પાપના પશ્ચાત્તાપવાળું રાખવું. આનો અર્થ એ કે બને એટલા બહારના મોટા પાપ કાર્ય છોડે, ને ન છૂટે એવા નાના મોટા પાપકાર્યમાં પોતાના જ આત્માનું બહુ બગડી રહ્યું છે, એનો ભય રાખે. આ વસ્તુ પણ કાનજીમતને અનુકૂલ નહિ. કેમકે એ મતમાં તો બહારની ક્રિયાને આત્મા સાથે સંબંધ નથી. પાપભયાદિ લાગણીઓ નકામી છે. તેમજ બધું નિયત થયા મુજબ બન્યા જ કરે છે, ત્યાં પાપનો પશ્ચાત્તાપ કરવો નકામો છે. ત્યારે બીજું લક્ષણ જે 'સંસારને ઘોર ભયાનક માની એના પર બહુમાન ન ધરવું,' તેમાં સંસાર એટલે બાહ્ય પૌદ્ગલિક અનુકૂળ સંયોગો, મોહાંધ સ્નેહી સંબંધીઓ; બાહ્ય આહાર-વિષય-પરિગ્રહ-કીર્તિ વગેરે એના પ્રત્યે હૈયાનો સદ્ભાવ નહિ. કેમકે એ બધું આત્માને મોહ કરાવી, કષાયોમાં રમાડી, કર્મના બંધનથી બાંધીને દુર્ગતિની કેદમાં પૂરી દે છે,-એવું આ અપુનર્બંધક જીવ સમજતો હોય છે. પણ કાનજીમતથી આવું સમજી શકાય એમ નથી. કેમકે એમના કોરા નિશ્ચયના અને દ્રવ્ય સ્વતંત્રતાના સિદ્ધાંતથી વિરુદ્ધ થાય ! ત્યારે ત્રીજું લક્ષણ પણ એમને જરૂરી નહિ, કેમકે એમાં તો જે બાહ્ય સઘળું ઉચિત કર્તવ્ય બજાવવાનું, તે બાહ્ય શરીરની ક્રિયા હોવાથી એમના હિસાબે જીવદ્રવ્યને ઉપકારી નહિ ! પછી શી જરૂર એની ?

**યોગની પૂર્વ સેવા :-** પણ ખરી રીતે અનાદિ અનંતા કાળથી સંસારચક્રમાં ભમી રહેલો જીવ સહજમલક્ષય અને અપુનર્બંધક દશાના લક્ષણો જીવનમાં (આચરણમાં) ઉતારે ત્યારે ઊંચે આવે છે. મોક્ષરુચિ જગાડવા માટે એટલું જ નહિ પણ જેને યોગની પૂર્વસેવા કહેવાય એ પણ ખૂબ જરૂરી છે. બીજા કેટલાક દર્શનવાળા ભોગાદિસુખ નિમિત્તે યમનિયમાદિ પૂર્વસેવા કરવાનું ઉપદેશે છે, પણ તે તો ચરમાવર્તની પૂર્વકાળેય મળે છે. તે અહીં નથી લેવાની. અહીં તો મોક્ષરુચિ નિમિત્તે પૂર્વસેવા આદરવાની છે. **'યોગની પૂર્વ સેવા'** એટલે યોગ પમાડનારી ભૂમિકાની સાધના. એમાં **'યોગ'** શબ્દનો અર્થ **'મોક્ષ'** સાથે યોજી આપનાર **'માર્ગ'** છે. યોગ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમત્વ, અને વૃત્તિ સંક્ષય, એ પાંચ ક્રમે છે. એમાં આરાધ્ય **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર** છે. એ પ્રાપ્ત થવાની પૂર્વભૂમિકામાં જે સાધના કરાય છે, તેને **'યોગની પૂર્વસેવા'** કહેવાય છે. આ પૂર્વસેવા, આગળ કહ્યું તેમ, બીજાઓએ કામ ભોગાદિસુખની પ્રાપ્તિ અર્થે બતાવેલી પૂર્વસેવા કે જે અચરમાવર્ત કાળમાં મળી શકે છે, એના કરતાં જુદી સમજવાની છે. તેથી આમાં કોઈ પણ જાતની પૌદ્ગલિક સુખ, માનપાનાદિ મેળવવાનો ઉદ્દેશ નથી રાખવાનો; તેમ સંમૂર્ચ્છિમની જેમ પણ આ ગબડાવવાની નથી. પરંતુ નિરાશંસભાવે શુદ્ધ હૃદયની કરવાની છે. તેથી જ આ ચરમાવર્ત કાળમાં જ મળે છે. આના ચાર પ્રકાર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

શાસ્ત્રકારોએ કહ્યા છે; **૧. ગુરુ-દેવાદિ-પૂજન, ૨. સદાચાર, ૩. તપ, અને ૪. મુક્તિ પ્રત્યે દ્વેષનો અભાવ.**

**૧. ગુરુદેવાદિપૂજન :- ગુરુપૂજનમાં** 'ગુરુ' શબ્દથી માતા, પિતા, કલાચાર્ય, એમના સંબંધી વૃદ્ધો અને ધર્મોપદેશક ગુરુઓ લેવાય છે. એમને ત્રિકાળ નમસ્કાર કરવા, એમની વિનય-મર્યાદા સાચવવી, અસ્થાને એમનું નામ ન લેવું. એમની નિંદા સાંભળવી પણ નહિ. સારા સારા વસ્ત્રાદિથી એમની ભક્તિ કરવી, ધર્મકાર્યમાં એમને જોડવા, ધર્મદેશક ગુરુને ધર્મસામગ્રી દેવી, એ ગુરુઓને અનિષ્ટ હોય તે ત્યજવું, ઈષ્ટ આદરવું, એમના આસનાદિ આપણે ન વાપરવા... વગેરે ગુરુપૂજનમાં આવે છે, ત્યારે, **દેવ પૂજનમાં** જ્યાંસુધી કોઈમાં ખાસ વિશેષ દેવપણું નિશ્ચિત ન થાય ત્યાં સુધી આગ્રહ રહિત 'ચારિસંજીવની' ન્યાયથી સર્વદેવોને પૂજવામાં આવે છે. તે પુષ્પો, ધાન્યબળી, વસ્ત્રો વગેરેથી અને સુંદર સ્તોત્રો તથા શ્રદ્ધા અને પવિત્ર મનથી પૂજાય છે. મન પવિત્ર બનાવવા ઈન્દ્રિયો અને ક્રોધાદિ કષાયો ઉપર અંકુશ મૂકવો પડે છે. જ્યાં સર્વજ્ઞ વીતરાગ અર્હત્ દેવની સમજ પડે છે ત્યાં પછી એમને જ વિશેષ રૂપે પૂજે છે; પણ સાથે બીજા દેવોનો તિરસ્કાર નથી કરતો. ગુરુદેવોદિપૂજનમાં 'આદિ' શબ્દથી 'દીનાદિવર્ગને દાન' લેવાનું છે. તે દાન પણ પોતાને અને પોતાના પોષ્યવર્ગને વાંધો ન આવે એ રીતે કરાય છે. એમાં પોતપોતાના સિદ્ધાન્તાનુસારી વ્રતધારી ત્યાગી સાધુઓ, દીનદુઃખી, અંધ, રોગી વગેરેને દાન કરવાનું હોય છે. કેમકે **'धर्मस्यादिपदं दानं' =ધર્મનું પહેલું પગથીયું દાન છે.**

**૨. સદાચાર :-** યોગપૂર્વસેવાના બીજા પ્રકારના સદાચારમાં આ આ ગણાય છે :- લોકનિંદાનો ભય; દીનઅનાથનો ઉદ્ધાર; કૃતજ્ઞતા; સુદાક્ષિણ્ય ખીલવવાં; કોઈની પણ નિંદા ન કરવી; સાધુપુરુષોની પ્રશંસા કરવી; આપત્તિકાળે દીન-ગરીબડા ન બનતાં ધીર બનવું; સંપત્તિકાળે નમ્રતા રાખવી; અવસરેજ બોલવું; તે પણ અવસરને યોગ્ય અને પરિમિત શબ્દોમાં બોલવું; બોલેલું પાળવું; પ્રતિજ્ઞાઓ સાચવવી; આર્ય કુળધર્મોનું અનુસરણ કરવું; ખોટા ખર્ચ ન કરવા; યોગ્ય સ્થાને જરૂર ખર્ચવું; મુખ્ય કાર્ય સાથે મતલબ રાખવી; પ્રમાદ ન સેવવો; લોકાચારને ન લંઘવા; સર્વત્ર ઔચિત્ય જાળવવું; પ્રાણ જતાં પણ નિન્દ્ય પ્રવૃત્તિ ન કરવી;-ઈત્યાદિ બધા સદાચાર યોગપૂર્વ સેવામાં પળાય છે.

**૩. તપ :-** વળી ત્રીજું, પાપનો નાશ કરવા માટે યથાશક્તિ તપ આચરવામાં આવે છે. તપ અનેક પ્રકારના હોય છે. દા.ત. ચાન્દ્રાયણ તપ એટલે કે શુક્લપક્ષમાં એકેક કોળીયો ભોજનમાં વધારતા જાય, અને કૃષ્ણપક્ષમાં એકેક ઘટાડતા જાય... યાવત્ અમાવાસ્યાને દિવસે તદ્દન ભોજન બંધ હોય, એવી રીતે બીજા પણ કૃચ્છ તપ, અતિકૃચ્છ તપ, મૃત્યુંજય-જપ સહિત મૃત્યુઘ્ન તપ, તે તે પાપોના નાશક વિવિધ પાપસુદન તપો. આ બધા તપ પણ પૂર્વસેવામાં આચરાય છે.





# (૫) નિશ્ચય અને વ્યવહાર

## જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઈતિહાસ

### નિશ્ચય-વ્યવહારની મર્યાદાઓ મોક્ષમાર્ગની સાધનાનું સ્વરૂપ

**૪. મુક્તિ વગેરે પ્રત્યે દ્વેષનો અભાવ :-** યોગની પૂર્વસેવામાં ચોથું એ કરવાનું છે કે મોક્ષ એના સાધન અને સાધક પ્રત્યેનો દ્વેષ દૂર કરી દેવો જોઈએ. મોક્ષ પ્રત્યે હજીય અનુરાગ કદાચ ન પ્રગટ્યો હોય એ બને, કિન્તુ અરુચિ તો ન જ જોઈએ. ભવાભિનન્દી એટલે કે સંસારને જ બહુમાનનારો જીવ મોક્ષ, મોક્ષના સાધન, અને એના સાધકો પ્રત્યે અજ્ઞાનતાવશ દ્વેષ કરનારો હોય છે. મૂઢ જીવોના શાસ્ત્રોમાં પણ એવા અસત્પ્રલાપ આવે છે કે મીંડા જેવી શૂન્ય મુક્તિ કરતાં વૃન્દાવનમાં શિયાળ થવું સારું... ઈત્યાદિ એથી જ ચરમાવર્તમાં આવેલા તે અ-મૂઢ જીવોને ધન્ય છે કે જેમણે સંસારના મુખ્ય બીજભૂત સંસારનું બહુમાન ત્યજ્યું છે, અને મોક્ષ, મોક્ષના ઉપાયો અને મોક્ષમાર્ગને આદરનારા પ્રત્યેનો ખાર, અરુચિ છોડી કલ્યાણભાગી બન્યા છે.

આ ચારે પ્રકારની યોગપૂર્વસેવા મોક્ષપ્રીતિને જગાવી ટકાવી શકે છે. પરંતુ કાનજીમતીને તો, જ્યાં બાહ્ય ક્રિયાને ઉપયોગી માનવામાં મિથ્યાત્વ લાગી જતું હોય ત્યાં મહાધર્મ સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યગ્દર્શન તો શું, પણ યોગપૂર્વસેવાની ભૂમિકામાંય આવવાનું શે બને ? બાકી સંસારના ઊંડા કૂવામાંથી જીવો ઊંચે આવે છે તે પ્રાયઃ આ રીતે પૂર્વસેવા દ્વારા આવે છે.

**યોગબીજ સંગ્રહ :-** એટલું જ નહિ. પણ આત્માની ઉન્નતિ સાધવા માટે જેને **'યોગનાં બીજ'** કહેવાય, એનો સંગ્રહ કરવો જરૂરી રહે છે. યોગનાં બીજ આ પ્રમાણે છે :- (૧) જિન કહેતાં રાગદ્વેષાદિસર્વદોષ રહિત વીતરાગ પરમાત્માને વિષે કુશળ ચિત્ત; વારંવાર શુભ ચિંતનથી મન પરોવવું. ચિત્તની કુશળતા માટે દુન્યવી સુખની આશંસાનો ત્યાગ, અને આહારાદિ દશ સંજ્ઞાઓનો નિરોધ આવશ્યક છે; (૨) જિનને નમસ્કાર, જિનનું પૂજન, ભક્તિ વગેરે; (૩) આચાર્યાદિનો વિનય, પૂજન, વૈયાવચ્ચ, સેવા-શુશ્રુષા; (૪) સ્વાભાવિક એવો સંસાર પ્રત્યે ઉદ્વેગ; (૫) અનેક પ્રકારના ઈન્દ્રિય-મનને કબજે કરનારા નિયમો, અભિગ્રહો, પ્રતિજ્ઞાઓ, (૬) ધર્મશાસ્ત્રના લેખન, પૂજન, વાંચન, વાંચનાદિમાં સહાય વગેરે. આમાંય મોટે ભાગે શું છે ? બાહ્ય શરીરની ક્રિયા, પરદ્રવ્યોનું આલંબન, નિમિત્તનું સેવન વગેરે; કે જે કાનજીમતને આત્માની ઉન્નતિમાં જરાય ઉપયોગી નથી માનવા. કેવો જૈન તો શું પણ આર્યકોટિમાં ન આવી શકે એવો કાનજીમત !!



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**ભવાભિનંદિતાત્યાગ :-** એટલું જ નહિ, પણ એની સાથે જુઓ કે આત્મા સંજ્ઞા, કષાયો, અને પાપાચરણના કારમા વ્યસનમાંથી ઊંચે આવવા શું શું કરે છે. આત્માને મોક્ષદૃષ્ટિ જાગે છે ત્યાં ભવાભિનન્દિપણાનો અંત આવે છે. ભવાભિનન્દિપણું એટલે સંસાર ઉપર બહુમાન સાથે સંસારની રસિકતા. એની પાછળ જીવ હૃદયની ક્ષુદ્રતા, લોભમાં લંપટતા, મહાદીનતા, ઈર્ષ્યા-પરસુખદ્વેષ, પરગુણદ્વેષ, દુન્યવી સુખસગવડની તીવ્ર અભિલાષા પાછળ ભારે ભય, શઠતા, મૂઢતા, વગેરે દોષોનું જોર હોય છે. પણ હવે મોક્ષરુચિમાં એના પ્રતિપક્ષી ગુણો કેળવાઈને એ દોષોનો નાશ કરવામાં આવે છે. એ પ્રતિપક્ષના ગુણ આઃ- ઔદાર્ય, ઉદાત્તતા લોભમાં ઉદ્વેગ, સ્વાત્માનું મૂલ્યાંકન, પ્રમોદભાવ, મૈત્રીભાવ, સરળતા, વિવેક... વગેરે. એ પાછા એમજ નથી ટકતા. એને યોગ્ય પ્રવૃત્તિ આદરવી પડે છે; અરે ! કહો કે આદરાઈ જાય છે. અનાદિના મનના મેલા વલણને ફેરવવું જ પડે છે, પ્રારંભમાં જુના ઊંધા સંસ્કારની અસરને લીધે ન માનતા એવા મનને બળાત્કારે ગુણ તરફ વાળવું પડે છે. **એવી મથામણો કેઈવાર થાય ત્યારે મનની સહજ પ્રવૃત્તિ ગુણમાં થાય છે.** અહીં પ્રશ્ન થશે કે

**પ્ર.-** ભવાભિનંદિપણાના દોષો ટાળી, મોક્ષદૃષ્ટિને યોગ્ય ગુણો કેળવવા-ટકાવવાની શી શી પ્રવૃત્તિ છે ?

ઉ.- એવી દોષશોષક અને ગુણપોષક પ્રવૃત્તિના બે પ્રકાર પડી શકે. (૧) **માર્ગાનુસારી જીવન અને (૨) યોગદૃષ્ટિના વિકાસક યમનિયમાદિ યોગ-અંગો.**

**૩૫ ગુણોવાળું માર્ગાનુસારી જીવન :-** અનાદિની ખંધી સંજ્ઞાઓ, લઠ્ઠબાજ કષાયો, અને પાપરસિકતાનો સામનો કરવા જીવને કેટકેટલું કરવું પડે છે ! જીવન મોક્ષ માર્ગને અનુસારી એટલે કે મોક્ષના ઉપાય તરફ સહેલાઈથી લઈ આવે એવી શુભ વૃત્તિ-પ્રવૃત્તિવાળું જીવવું જોઈએ છે; તેય દીર્ઘકાળ સુધી જીવવું જરૂરી છે. માર્ગાનુસારી જીવનમાં પાંત્રીસ ગુણોનું જીવન આવે છે. એમાં ૧. ન્યાયસંપન્ન વિભવ, ૨. આયોચિત વ્યય, ૩. ઉચિત ઘર, ૪. ઉચિત વિવાહ સંબંધ, ૫. અનુદ્ભટ વેશ, ૬. અજીર્ણે ભોજનત્યાગ, ૭. યોગ્ય કાલે પ્રકૃતિને અવિરુદ્ધ ભોજન, ૮. માતાપિતાની પૂજા, ૯. પોષ્યનું પોષણ, ૧૦. દીન-અતિથિ-સાધુની સેવાશુશ્રૂષા, ૧૧. ચારિત્રશીલ અને જ્ઞાનવૃદ્ધિની ભક્તિ, વગેરે પ્રવૃત્તિ આદરવાની હોય છે. **આ આદરવામાં જો બેદરકારી રાખે, જો ઉપેક્ષા સેવે, તો મોક્ષરુચિ એવી સુંવાળી ચીજ નથી કે એમજ ટકી રહે. જીવે શુભ પ્રવૃત્તિના આધારે જીવવાનું છે. એકવાર હૈયાના આશય ચોક્ખા કરવા સાથે શુભ પ્રવૃત્તિમાં ખૂબ લાગ્યા રહેવું જોઈએ છે. તોજ અશુભવૃત્તિઓ ઘટે. પછી શુભ વૃત્તિમાંથી શુદ્ધવૃત્તિમાં જઈ શકાય.** ઉપરોક્ત અગીયાર ગુણ ઉપરાંત ૧૨. આંતર છ શત્રુ (કામક્રોધાદિ) ઉપર વિજયની પ્રવૃત્તિ,



૧૩. ઈન્દ્રિયોના નિગ્રહની પ્રવૃત્તિ, ૧૪. સત્સંગ, ૧૫. ધર્મશ્રવણ, ૧૬. બુદ્ધિના આઠગુણ; ૧૭-૨૨. મિથ્યાઅભિનિવેશ-નિંદા-નિંદ્યવર્તાવ-ધર્મ-અર્થ-કામને પરસ્પર બાધા-તોફાની સ્થાન-અદેશકાલચર્યા-એ છનો **ત્યાગ.** ૨૩. દયા, ૨૪. પરોપકાર, ૨૫. સૌમ્યતા, ૨૬. પાપભીરુતા, ૨૭. દીર્ઘદૃષ્ટિ, ૨૮. વિશેષજ્ઞતા, ૨૯. બલાબલ વિચારણા, ૩૦. પ્રસિદ્ધ દેશાચાર પાલન, ૩૧. લોકયાત્રા, ૩૨. ગુણપક્ષપાત, ૩૩. કૃતજ્ઞતા, ૩૪. શિષ્ટાચાર પ્રશંસા, અને ૩૫. લજ્જા; -આ ગુણોની પ્રવૃત્તિને પણ સારી રીતે સેવવી જોઈએ છે.

**યોગના અંગ યમનિયમાદિ :-** મોક્ષદૃષ્ટિ જગાડીને જ્યારે જીવ અનાદિની ઓઘદૃષ્ટિના અંધકારને ટાળી યોગદૃષ્ટિનો પ્રકાશ પ્રાપ્ત કરે છે, ત્યારે ઠેઠ પરમાત્મા બનવા સુધીમાં આઠ આઠ પગથીએ યોગના અંગ, તત્ત્વસન્મુખતા અને માનસિક દોષ ત્યાગ સધાય છે. યમ-નિયમ-આસન વગેરે આઠ યોગાંગના પગથીઆ છે, અદ્વેષ-જિજ્ઞાસા-શુશ્રૂષા-શ્રવણાદિના ક્રમે તત્ત્વસન્મુખતાના આઠ પગથીઆ છે. ખેદ-ઉદ્વેગ-ક્ષેપ-ઉત્થાન ઈત્યાદિ માનસિક દોષોના નાશના આઠ પગથીઆ છે. એમાં જે પહેલા બે યોગાંગ-યમ અને નિયમ છે, એની પ્રવૃત્તિ આત્માને સારી રીતે વિકાસના રસ્તે ચઢાવી-ટકાવી શકે છે. પૂર્વે કહ્યું તેમ યમ પાંચ છે. અહિંસા-સત્ય-અસ્તેય (ચોરીનો ત્યાગ)-બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ. પ્રારંભમાં આ સર્વાંશે પાળવાનું ન બને તો પણ **અમુક અમુક અંશે પાળવાનું જરૂરી બની શકે છે; અને બનવાનું જ જોઈએ. તો જ અનંતી-અનંતી વાર હિંસા-જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહની પ્રવૃત્તિઓ કરી કરીને જે આહારાદિ સંજ્ઞાઓ અને ક્રોધાદિ કષાયોની પરિણતિને પોષ્યે રાખી છે તેનો હ્રાસ થતો આવે.** વળી યમની સાથે નિયમનું પાલન પણ જોઈએ. **નિયમમાં ઈન્દ્રિયજય-મનઃશુદ્ધિ-તપ-સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન,** -એ પાંચ આવે છે. આની ધોધમાર પ્રવૃત્તિઓ આત્માની અનાદિ અનંત કાળથી ચાલી આવતી ઈન્દ્રિયપરવશતા, મનની મલિનતા, યથેચ્છ તૃષ્ણાઓ, જડ પુદ્ગલની જ રાતદિ' રટણા, કાયાદિની ચિંતા-કાળજી વગેરેને કાબુમાં લે છે; એના લતનો હ્રાસ કરે છે. અને એ બહુ જરૂરી છે. નહિતર મોક્ષદૃષ્ટિના એ પાકા વિરોધી છે. ત્યારે જો મોક્ષદૃષ્ટિ ન ટકી તો તો પછી જરાય ઊંચે વધવાનો અવકાશ જ નથી. યમ નિયમમાં આગળ વધતાં આસન એટલે કે મન=સ્થૈર્ય અને પ્રાણાયામ એટલે કે બાહ્યવૃત્તિ-નિરોધપૂર્વક આંતર્વૃત્તિવિકાસને સાધવામાં આવે છે. એમાં તો આત્મામાં એટલું બધું બળ ઊભું થાય છે કે એ જીવનમાં એક માત્ર ધર્મને જ સર્વસ્વ માને છે. ધર્મ ખાતર પ્રાણ ત્યજવાની તૈયારી હોય છે, પણ પ્રાણ બચાવવાના લોભમાં ધર્મ હરગીજ છોડવા એ તૈયાર નથી. આ સ્થિતિને પહોંચેલો છતાં સમ્યક્ત્વ ન પામ્યો હોય એવું ય બને છે. છતાં ત્યાં મિથ્યાત્વનું જોર ઘણું ઘણું મંદ પડી ગયું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

છે. ત્યારે વિચારો કે મિથ્યાત્વની મંદતા કરવામાં સમ્યક્ત્વની ગેરહાજરીમાં પણ આત્માએ કેટકેટલી અનેકવિધ શુભવૃત્તિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા કેટલો બધો વિકાસ સાધ્યો હોય છે. એ વૃત્તિ-પ્રવૃત્તિઓમાં એને મોક્ષદૃષ્ટિ જાગ્રત છે તેથી સંસારવૃદ્ધિ નથી થતી, પણ ઊલટું સંસાર કપાઈ રહ્યો હોય છે, મોક્ષની નજીક જઈ રહ્યો હોય છે. આ બધી સાધનાની પરવા ન કરે અને નિશ્ચયમાર્ગ-નિશ્ચયમાર્ગના ચકડોળે ચઢી જાય તો સંસારમાં રૂલે જ ને ? કે બીજું કાંઈ થાય ?

**ઉપરની બધી સાધનામાં ક્યાંય દુરાગ્રહ નથી હોતો, તેમજ સાંસારિક સુખ કીર્તિ વગેરેની આશંસા નથી હોતી, એ નિશ્ચય તરફની અનુકૂળતા છે.**

**સમ્યક્ત્વ :-** હવે આવે છે સમ્યક્ત્વનું પગથીયું. એમાં જિને કહેલા તત્ત્વ ઉપર અનન્ય રુચિ જગાવવાની છે; તત્ત્વોને હૈયામાં પરિણત કરવાના છે. એ સ્થિતિને પહોંચવા માટે 'યોગબીજના સંગ્રહ'માં કહેલી સાધના જોરદાર બનવી જોઈએ. જૈન કુલમાં જન્મેલાને સહેજે **જિનેશ્વરદેવ એ પરમાત્મા તરીકે, નિર્ગ્રન્થ સાધુ એ ગુરુ તરીકે, અને જૈનધર્મનો પંથ મળે છે.** એ પામીને એમને મહાકિંમતી સમજી એમના ઉપર અનન્ય પ્રીતિ ભક્તિ કેળવ્યે જવી જોઈએ. જિનમૂર્તિની, ઊંચી ઊંચી વસ્તુથી, ખૂબ ભક્તિ-પૂજા-ઉત્સવ, એમની આગળ એમના અનંતગુણ અને ઉપકારના સ્તવન તથા નિજના દોષોના ગર્હણ, સદ્‌ગુરુના આદર-સમાગમ-દાન-ઉપદેશશ્રવણ, સાતક્ષેત્રની ભક્તિ, દાન-શીલ-તપ-ભાવની શક્ય આરાધના, શુભભાવના, તત્ત્વ ચિંતન, વૈરાગ્યવૃદ્ધિ, જિનેશ્વર દેવો અને અન્ય મહાત્માઓના જીવન ચરિત્રનો અભ્યાસ, દયા, પરોપકાર, શક્ય વ્રત, નિયમો વગેરેમાંથી જેટલું બને તેટલું અને તે સહર્ષ સાધવું જોઈએ.'

આત્મા જન્મે જૈન ન હોય તો પણ જ્યારે એ મોક્ષદષ્ટિના પ્રભાવે બહિર્મુખ મટીને આંતમુર્ખ બને છે તેમજ એનામાં દિનપ્રતિદિન મધ્યસ્થતા ગુણ ખીલતો આવે છે, ત્યારે એથી એને સત્ય તત્ત્વની વધુ ને વધુ જિજ્ઞાસા જાગે છે. એમાં ક્યાંય શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અથવા એમના અનુયાયીનો સમાગમ મળી જાય છે. ત્યાં એમની પાસેથી સત્ય તત્ત્વ જાણવાની અપૂર્વ તક મળે છે. ત્યાં કદાચ પોતાની જ્ઞાનશક્તિ ઓછી હોય તો પોતાની બુદ્ધિ તત્ત્વોના વિસ્તાર અને ઠેઠ ઊંડાણમાં અલબત નથી પ્રવેશતી; છતાં શ્રી સર્વજ્ઞ અરિહંત પ્રભુની પિછાણ થવાથી સર્વજ્ઞ વચન ઉપર એવી હાર્દિક શ્રદ્ધા આત્મિક કોમલતા સાથે પ્રગટે છે કે ત્યાં મિથ્યાત્વના પડદા ચીરાઈ જાય છે ! મિથ્યાત્વના અંધેરા ઉલેચાઈ જાય છે ! નય નિક્ષેપાનું, નવ તત્ત્વનું, અનુયોગ-અનુગમનું વગેરે સૂક્ષ્મ અને વિસ્તૃત જ્ઞાન તો હોય પરંતુ આંતર પરિણતિ સંસારસુખ અને એના સાધનો તરફ ભય અને ઘૃણા-તિરસ્કારવાળી ન હોય, સર્વજ્ઞોક્ત તત્ત્વ સિદ્ધાન્ત અને આચાર માર્ગ ઉપર હાર્દિક શ્રદ્ધા ન હોય, અપેક્ષા ન હોય, તો એ વિદ્વાન ગણાતો આત્મા પણ સમ્યક્ત્વને બદલે મિથ્યાત્વમાં



અથડાઈ રહ્યો હોય છે ! અહીં તો જીવને સમ્યક્ત્વ ગુણ પ્રગટે ત્યારે કે સમ્યક્ત્વ ગુણ પ્રગટાવવાની રુચિ જાગે ત્યારે એ સડસઠ પ્રકારના વ્યવહારને આદરવા માંડે છે. તો ક્રમશઃ ઉન્નતિ સધાય છે.

**૬૭ પ્રકારે સમકિતનો વ્યવહાર :-** સમ્યક્ત્વનો સડસઠ પ્રકારે વ્યવહાર આદરવાનો હોય છે. એમાં પરમાર્થ પરિચય કુસંગત્યાગાદિ **ચાર સદ્દહણા. ત્રણ લિંગ :-** જોરદાર તત્ત્વ શ્રવણેચ્છા, ઉત્કટ કોટિની ચારિત્ર ધર્મની ભૂખ, દેવગુરુનું વૈયાવચ્ચ (સેવા-શુશ્રુષા),**ત્રણ** પ્રકારે મન-વચન-કાયાની **શુદ્ધિ** -'જિનભક્તે જે નવિ થયું, તે બીજાથી નવિ થાય' એવો અટલ મનોનિર્ણય, જિનવચન એજ સત્ય, એને જ વળગીને વચન વ્યવહાર, દેવતાઈ ઉપસર્ગમાં પણ સમ્યક્ત્વ ટકાવવાની કાયાની સહનવૃત્તિ હોય. વળી સડસઠ વ્યવહારમાં શમસંવેગાદિ પાંચ લક્ષણ, કે જેમાં અનુકંપામાં આત્મા દ્રવ્યદયા-ભાવદયા ઉભયનો ખપી બને છે, એ આવે; તેમ પાંચ ભૂષણ, પાંચ દૂષણ ત્યાગ, આઠ પ્રભાવકતા, છ-છ ભાવના, આગાર, સ્થાન વગેરે આવે.

**સમ્યક્ત્વની કરણી :-** સમ્યક્ત્વ નિર્મળ કરવા માટે કેટલીક વિશેષ કરણીની જરૂર છે. એમાં રોજ ત્રણ વાર જિનેશ્વર દેવના શાશ્વત અથવા વિધિ પ્રતિષ્ઠિત બિંબના દર્શન, ઉત્તમ વસ્તુથી પૂજન, વર્ષે એકવાર પણ તીર્થયાત્રા, સાતક્ષેત્રમાં યથાશક્તિ તન-મન-ધનથી ભક્તિ, અભયદાન, ધર્મોપકારી દાન, સાત વ્યસનોનો ત્યાગ, શ્રી અરિહંતનો જાપ શ્રી નમસ્કાર મંત્ર-પંચ પરમેષ્ઠી સ્મરણાદિ કરવાનું હોય છે. આ બધુંય શુભવૃત્તિઓ અને શુભપ્રવૃત્તિઓનો થોક માગે છે. કાનજીમતને તો શુદ્ધનો ખપ હોવાથી આ બધું અનાવશ્યક લાગે છે. તેથી એમને એ લાભપ્રદ નથી લાગતું. તેથી એના વિના સમ્યક્ત્વપ્રકાશ ક્યાંથી પામે ?

**શ્રાવકપણું - દેશવિરતિ :-** સમ્યક્ત્વ પામીને આગળ વધતાં જીવ પ્રતિજ્ઞાપૂર્વક સ્થૂલ અહિંસાદિના પાલન માટે એના પાંચ અણુવ્રત સ્વીકારનારો બને છે. પ્રતિજ્ઞા એ તો મન પર બેડી છે; યથેચ્છ પ્રવૃત્તિ ઉપર અંકુશ છે. પૂર્વે યમ-નિયમની વાત આવી તે તો ઈચ્છા મુજબ એમને એમ પાલન કરવાની વાત હતી. અહીં સમ્યક્ત્વના પાયા ઉપર પ્રતિજ્ઞાઓ કરીને વિશેષરૂપે પાળવાની વાત છે. એટલે અહીં પાંચ અણુવ્રતની સાથે ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષાવ્રતની પણ પ્રતિજ્ઞાઓ કરાય છે; અને એનું અતિચારોના શક્ય પરિહાર સાથે પાલન કરાય છે. ગુણવ્રતમાં દિશાપરિણામ, ભોગોપભોગનાં પરિણામ, અને અનર્થદંડની પ્રવૃત્તિથી વિરમણ (નિવૃત્તિ) કરવાનું આવે છે. શિક્ષાવ્રતમાં સામાયિક, દેશાવકાશિક, પોષધ અને અતિથિસંવિભાગવ્રત આવે છે. આત્મામાં નિશ્ચયથી **શ્રાવકપણાનો પરિણામ** કેટલીકવાર વ્રતો લીધા પછીય આવે છે; અને વ્રતો લીધા પછી પડી ય જાય છે. તેથી એને **જગાવવા-ટકાવવા માટે આ સાધના** જરૂરી છેઃ- (૧) વ્રતોનું નિત્યસ્મરણ,



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

(૨) અધિકગુણીનું બહુમાન. (૩) હિંસાદિ પાપો પર જુગુપ્સા, (૪) સ્વ પરિણતિની તપાસ, વ્રતોના સુપરિણામની વિચારણા, (૫) તીર્થંકર ભક્તિ, (૬) સાધુભક્તિ-સમાગમ, અને (૭) ઉત્તર ગુણો પર શ્રદ્ધા.

**શ્રાવકની નિત્ય ચર્યા આ મુજબ છે :-** નવકારસ્મરણ સાથે નિદ્રાત્યાગ, આત્મ સ્મરણ, ચૈત્યવદન, આવશ્યક-પ્રતિક્રમણ, મંદિરગમન-પૂજન, ગુરુવંદન, દેવગુરુ પાસે પચ્ચકખાણ, ગુરુને શાતા પૂચ્છાપૂર્વક નિમંત્રણ, જિનવાણીશ્રવણ, તત્ત્વ નિર્ણય, સુપાત્રદાન, અર્હત્પૂજા, ભોજન, ધર્મપ્રધાન, અર્થચિંતા, ધર્મે ધનબુદ્ધિ, વિધિ ભોજન, પચ્ચકખાણ, મંદિરગમન, પ્રતિક્રમણ-છ આવશ્યક, શિષ્ટાચારશ્રવણ, સાધુભક્તિ, સામાયિકાદિ યોગનો અભ્યાસ, નમસ્કારાદિ ચિંતન, વિધિનિદ્રા, મોહગર્હા, સૂક્ષ્મવિચારણા વગેરે આ શ્રાવકપણું અને શ્રાવકની ચર્યા પણ નિશ્ચય યુક્ત વ્યવહારની સાધના-સ્વરૂપ બની આત્માની ઉન્નતિને પ્રેરે છે.

**શ્રાવકધર્મની યોગ્યતાના ૨૧ ગુણ :-** જૈન શાસ્ત્રકારો કહે છે કે **ધર્મ એ રત્ન છે; મનુષ્યભવરૂપી બજારમાં એને ખરીદી શકાય; પરંતુ ખરીદવા માટે ગુણોરૂપી સોનાનાણું જોઈએ.** એવા ગુણો એકવીસ છે. તે આ પ્રમાણે :- (૧) અક્ષુદ્રતા, (૨) સુરૂપતા (પંચેન્દ્રિય પટુતા), (૩) સૌમ્યપ્રકૃતિ, (૪) લોકપ્રિયતા, (૫) દયાલુતા, (૬) મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ, (૭) અક્રૂરતા, (૮) પાપભીરુતા, (૯) અશઠતા, (૧૦) સુદાક્ષિણ્ય, (૧૧) લજ્જાલુતા, (૧૨) ગુણાનુરાગ, (૧૩) પાપકથા વર્જી સત્કથારસ, (૧૪) સુદીર્ઘદર્શિતા (૧૫) સુપક્ષ-યુકતતા, (૧૬) વિશેષજ્ઞતા, (૧૭) વૃદ્ધાનુસરણ, (૧૮) વિનીતતા, (૧૯) કૃતજ્ઞતા, (૨૦) પરહિતકારિતા અને (૨૧) લબ્ધલક્ષ્યતા (ધ્યેયની ચોકસાઈ). આ બધા અથવા ઓછાવત્તા ગુણોથી ભાવશ્રાવક-પણાના પગથીએ ચઢી શકાય છે.

**ભાવશ્રાવકના ક્રિયાગત લક્ષણો :-** આત્માની ઉન્નતિ સાધનારો જીવ હવે હૃદયથી શ્રાવક બનીને મુખ્ય છ લક્ષણો અને એના અનેક પેટાભેદને **ક્રિયામાં** ઉતારે છે; તેથી એને **ક્રિયાગત લક્ષણ** કહે છે. ત્યારે બીજા સત્તર લક્ષણ હૃદયના **ભાવમાં** ઉતારે છે; એટલે એ **ભાગવત લક્ષણ કહેવાય છે. ક્રિયાગત લક્ષણોમાં :-** (૧) **વ્રત-કર્મ કરનારો,** (૨) **શીલવાન,** (૩) **ગુણવાન,** (૪) **ઋજુવ્યવહારી,** (૫) **ગુરુની શુશ્રૂષા કરનારો, ને** (૬) **પ્રવચનમાં કુશલ,** એટલે કે શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવના શાસ્ત્રમાં કુશલ. આ દરેકના આવી આવી રીતે **પેટાભેદો પણ છે. એમાં**

પહેલાં **વ્રતકાર્ય અંગે** વ્રતો સંબંધી (૧) ઉપદેશશ્રવણ (૨)-બોધ-(૩)-ગ્રહણ-(૪)-દૃઢ પાલન, એ ચાર ભેદ છે...

બીજાં **'શીલવત્તા'માં** ૧. શીલરક્ષાના સ્થાનનું સેવન, ૨. પરગૃહપ્રવેશત્યાગ-અનુદ્ભટ વેશ-૩ વિકારી વચનનો ત્યાગ અને ૪ બાલીશ ક્રીડાત્યાગ, અને કઠોર વચને પ્રયોગનો ત્યાગ આવે.



**ત્રીજા ગુણવત્તામાં** આમ તો ગુણો અનેક પ્રકારના આવે, પણ અહીં ખાસ ક્રિયારૂપી ગુણ લેવાના છે. (૧) વૈરાગ્યદાયી શાસ્ત્રાધ્યયનરટણ વગેરે, (૨) તપ-નિયમ-વંદનાદિ, (૩) ગુણી જનોનો વિનય, (૪) ગીતાર્થ (ઉત્સર્ગ-અપવાદના જ્ઞાતા) ગુરુના વચનને યથાર્થ માનવારૂપી અનભિનિવેશ, અને (૫) શ્રદ્ધા સહિત એને સાંભળવા તે એમ પાંચ છે...

ચોથા **'ઋજુવ્યવહાર'માં** આવે, ૧. યથાર્થ (સાચું) બોલવું, ૨. અવંચક (નિર્દંભ) ક્રિયા, ૩ છતાં નુકશાનોનું પ્રકાશન, અને ૪ હૃદયના સદ્ભાવ સાથે મૈત્રીભાવ.

પાંચમા 'ગુરુશુશ્રૂષા' લક્ષણમાં આ ચાર પેટાભેદ છે :- ૧ ગુરુને ધ્યાનાદિમાં બાધ કર્યા વિના સર્વ પ્રકારે સેવવા, ૨ ગુરુની પ્રશંસા સંભળાવી, બીજાઓને ગુરુસેવક કરવા; ૩ ગુરુને ઔષધાદિ સંપાદન, અને ગુરુના હાર્દિક ભાવને અનુસરવા પૂર્વક ગુરુ પર સદા બહુમાન.

છઠ્ઠા **'પ્રવચન કુશલતા લક્ષણ'**ના ૬ ભેદ :- ૧ શ્રાવકને યોગ્ય સૂત્રોનું અધ્યયન, ૨ અર્થજ્ઞાન, ૩-૪ ઉત્સર્ગ-અપવાદના-વિષય-વિભાગનો બોધ, ૫ સદા વિધિવાળા ધર્માનુષ્ઠાન પર પક્ષપાત અને ૬ દેશકાળને અનુરૂપ ગીતાર્થવ્યવહારનું જ્ઞાન.

આ સુંદર વ્યવહારમાર્ગ કેવળ આત્મકલ્યાણના ઉદ્દેશથી આદરતો જરૂર સમ્યગ્દર્શન નિર્મળ કરતો જાય છે, સારાસારનો જ્ઞાતા બને છે; ને તત્ત્વપાક્ષિક થાય છે. તેથી સુંદર પ્રગતિ સાધે છે. પરંતુ આવા આત્મતારક વ્યવહારથી રિસાયેલા કાનજીમતીને શું ?

**ભાવશ્રાવકના ભાવગત ૧૭ લક્ષણ :-** ભાવગત લક્ષણો મુખ્યત્વે સંસારના વિવિધ ભાવો તરફ ભાવશ્રાવકનું હૈયું કેવું કેવું હોય છે તે સૂચવે છે. એના સત્તર ભેદ આ મુજબ છે :- (૧) સ્ત્રી એટલે કે કામપાત્રને અનર્થની ખાણ, ચંચળ અને નરકની વાટ સમાન સમજે છે. (૨) ઈન્દ્રિયો રૂપ જંગલી ઘોડા ઉપર જ્ઞાનની લગામથી અંકુશ મૂકે છે. (૩) ધનને અનર્થ અને કલેશકારી માની એમાં સહેજ પણ લપેટાતો નથી. (૪) સંસારને દુઃખમય, દુઃખફલક, દુઃખપરંપરાદાયી અને વિટંબણારૂપ સમજી એના પ્રત્યે ઉદ્વેગ ધરે છે. (૫) વિષયો પર વિષની જેમ ભય અને અરુચિ રાખે છે. (૬) સાધુના નિરારંભ-નિષ્પાપ જીવનને વખાણતો, તીવ્ર આરંભો ત્યજે અને અશકય આરંભોને અનિચ્છાએ કરે. (૭) ગૃહવાસને પારધીનો પાશ (ફાંસો) સમજી ચારિત્રમોહ તોડવા મથે. (૮) આસ્તિક્યાદિભાવ અને પ્રશંસાદિ વડે દેવગુરુની પ્રભાવના કરી સમ્યક્ત્વ નિર્મળ કરે. (૯) લોકહેરી ત્યજે. (૧૦) પરલોકસાધનામાં જિનાગમને જ પ્રમાણ માની વર્તે. (૧૧) શક્તિ ગોપવ્યા વિના દાનાદિ ચાર ધર્મને સેવે. (૧૨) મૂઢ જીવોની મશ્કરીને અવગણી ચિંતામણિ સમાન નિરવદ્ય (નિષ્પાપ) આત્મહિતકર ધર્મ સાધે. (૧૩) ધન સ્વજન ઘર વગેરેમાં ઉદાસીન ભાવે રહે. (૧૪) ઉપશમ પ્રધાન



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વિચારણા રાખતો દુરાગ્રહમાં ન ફસાય. (૧૫) લક્ષ્મી વગેરે સર્વ પદાર્થોની ક્ષણભંગુરતા સતત ચિંતવી મમત્વ ત્યજે. (૧૬) ભોગોથી કદી તૃપ્તિ નથી થવાની એમ માની, સેવવા પડે તે માત્ર બીજાના હિસાબે સેવે. (૧૭) વેશ્યાની જેમ આજકાલમાં છોડું છું એવી સાવધાનીમાં ઘરવાસને પારકા તરીકે અને ડંખતા હૈયે સેવે. આ સત્તરમાં પણ વાસ્તવિક નિશ્ચયદૃષ્ટિ સહિત વ્યવહારનું પાલન છે, એવું જ,

**શ્રાવકની ૧૧ પડિમા :-** આત્મવિકાસમાં આગળ વધતાં શ્રાવક પહેલી એક માસની, બીજી બે માસની, ત્રીજી ત્રણ માસની... એવી અગીયાર પ્રતિમાનું એટલે કે ભીષ્મ પ્રતિજ્ઞાનું કઠોર પાલન કરનારો બને છે. એમાં પણ નિશ્ચય દૃષ્ટિનો જોરદાર પ્રકાશ ઝગમગવા સાથે નિશ્ચયની નજીક ને નજીક લઈ જનારા વ્યવહારનું સચોટ પાલન છે. અગીયાર પડિમા આ પ્રમાણે :- ૧. સમ્યગ્દર્શનદઢતાની, ૨. નિરતિચાર અણુવ્રતોની, ૩. સામાયિકની, ૪. પર્વ પૌષધની, ૫. પર્વરાત્રિ પ્રતિમાની, ૬. બ્રહ્મચર્યની, ૭. સચિત્તત્યાગની, ૮. સાવદ્ય આરંભના ત્યાગની, ૯. બીજાના દ્વારા પણ આરંભનો ત્યાગ રાખવાની, ૧૦. સ્વાધ્યાય-ધ્યાન-યોગની મુખ્યતા હોવાથી પોતાના નિમિત્તે બનાવેલા આહારના પણ ત્યાગની, અને ૧૧મી શ્રમણની. દેવતાઈ ઉપદ્રવ આવે તો પણ એ પોતાની તે તે પ્રતિજ્ઞાની ચર્યા પાળવામાં અડગ રહે છે. શું સમજીને ? **'આત્માની પોતાની ચીજ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે, તે હાથમાં આવેલી શા માટે ગુમાવવી ? દેહાદિ સંયોગો આમેય જવાના છે. આત્મા પરની મમતામાં ભૂલો પડી ગયેલો માંડ અહીં સમજણો થયો છે...,'** વગેરે વગેરે સમજીને. આમાં નિશ્ચયદૃષ્ટિનું ક્યાં સ્થાન નથી ?

**ક્રમમાં ફરક :-** હવે અહીંથી આગળ વિકાસનું પગથીયું અગારવાસ (ગૃહસ્થવાસ) છોડીને અણગાર, ત્યાગી સાધુ બનવાનું આવે છે. અહીં એક વસ્તુ ખ્યાલ રાખવાની છે કે **બધા જ જીવો 'ભાવમલ ક્ષય'થી માંડી બરાબર આજ ક્રમે ત્યાગી સાધુતાએ પહોંચે છે એવું નથી. કર્મલઘુ અને પરાક્રમી હોય તે વચલાં કોક પગથીયાં કૂદીને ય ઊંચે ચઢે છે. છતાં એટલું તો છે જ કે સહજભાવમલનો ક્ષય, અપુનર્બંધક દશા, ભવોદ્વેગ, મોક્ષરુચિ, અને સમ્યક્ત્વ,-એટલું તો અવશ્ય પ્રાપ્ત કરવું જ પડે છે.** પછી સમકિતી જીવ બહુ પરાક્રમી બને તો શ્રાવકપણું પામ્યા વિના અગર પ્રતિમાવહન વિના સાધુપણું લેનારો થાય, એવું બની શકે છે. છતાં જ્યારે એ પ્રશ્ન કરવામાં આવે કે,

**આપણામાં સહજભાવમલક્ષય અને અપુનર્બંધક દશા નક્કી કરવી હોય તો શું કરવું ? :-** તો એનો ઉત્તર એ મળે કે **એ બંનેના ત્રણ ત્રણ લક્ષણો જીવનમાં જીવવા માંડો.** એથી ખાતરી થશે. એવી રીતે એ જીજ્ઞાસા થાય કે

**સાચી મોક્ષરુચિ શી રીતે જગાવવી ?** તો એના માટે એમ કહેવાય કે **યોગની પૂર્વસેવાનું જીવન અને માર્ગાનુસારી જીવન જીવવા માંડો.**





## ૬ નિશ્ચય અને વ્યવહાર

## જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઈતિહાસ

**સમ્યક્ત્વ પ્રગટ કરવા કે નક્કી કરવા શું કરવું ?** એ પ્રશ્નોના ઉત્તરમાં એમ કહેવાય કે એમાં **મોક્ષરુચિ સાથે શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતના વચન ઉપર અનન્ય શ્રદ્ધા કામ કરે છે. પરંતુ એ કેળવવા માટે અનેક ઉપાયોની સાધના કરવી જોઈએ છે. દા.ત. યોગ બીજાનો સંગ્રહ,** યમનિયમ વગેરે **યોગની પૂર્વસેવા,** વગેરેની સાધના જરૂરી છે. એને સાદા શબ્દોમાં એમ કહેવાય કે **જિનેન્દ્રદર્શન-વંદન-પૂજન, નિર્ગ્રન્થ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ મહર્ષિઓની ઉપાસના, સમાગમ-શુશ્રૂષા, મૈત્રી આદિ ચાર ભાવના. જિનવાણી શ્રવણ, જૈન શાસ્ત્રાધ્યયન, જૈન તત્ત્વજ્ઞાન પરિચય, અહિંસા-સત્યાદિગુણો-કષાય-નિરોધ-ઈન્દ્રિય નિગ્રહ અને અનિત્યાદિ ભાવના વિષે સબળ પુરુષાર્થ, દયા-દાન-શીલ-ત્યાગ-તપ-પરોપકાર-વ્રત-પચ્ચકખાણ-સામાયિક-પૌષધ... યાવત્ જરૂર પડ્યે સાધુ જીવનના અભ્યાસ સુધીની સાધનાએ પહોંચે ત્યાં સાચો સમ્યક્ત્વ દીપક પ્રગટે છે; અથવા એમાંથી અમુક સાધના થાય તોય કેટલાકને સમ્યક્ત્વ પ્રગટે છે. આ બધી સાધના વખતે સંસારની અસારતાનું, સંસારમાં જીવની વિટંબણાનું, અને મોક્ષમાં જીવની નિશ્ચિન્ત સ્વસ્થતાનું ભાન** જરૂરી હોય છે તેમજ સંસાર ટળી **મોક્ષ મળે તો સારું એવી ઊંડે ઊંડે અભિલાષા હોવી આવશ્યક છે.** એટલે અહીં નિશ્ચય દૃષ્ટિ બરાબર જાગતી રહીને સકલ વ્યવહારમાર્ગ આદરાય છે, તેથી સાચું સમ્યગ્દર્શન ઉદય પામે છે. એના ઉપર અણુવ્રતોવાળું શ્રાવકપણું પળાવા દ્વારા સાચું જ દેશવિરતિ-ગુણસ્થાનક અને મહાવ્રતોવાળું સાધુજીવન જીવાવા દ્વારા ખરેખર સર્વ વિરતિ-ગુણસ્થાનક પ્રગટ થાય છે.

**એટલું ખાસ ધ્યાન રાખવું ઘટે કે ગુણસ્થાનકની વસ્તુ આત્માની પરિણતિ (વલણ-વૃત્તિ) રૂપ છે, માત્ર જ્ઞાન રૂપ નહિ. ત્યારે, નય નિક્ષેપાનું, નવ તત્ત્વનું. છ દ્રવ્યનું, દ્રવ્ય સ્વાતંત્ર્યનું, નિમિત્તની નપુંસકતાનું વગેરે જ્ઞાન એ તો માત્ર જ્ઞાન સ્વરૂપ છે. એનાથી એટલું અજ્ઞાન ટળે; પણ મિથ્યા પરિણતિ કેમ ટળે ? એ ટાળવા તો સમ્યક્ પરિણતિ જોઈએ; અને તે પરિણતિ ઉપરોકત વ્યવહારનું સતત સવિધિ, સાદર અને દીર્ઘ સેવન કર્યા વિના કેમ જ ઘડાઈ શકે ? કાનજીમતીઓ આ સમજતા નથી. અહીં,**

પ્ર.- નિશ્ચયની સાધના વિના એકલા વ્યવહારની સાધનાથી શું વળે ?

ઉ.- પાછા આમાં ભૂલ્યા ! અહીં તો નિશ્ચયસાધના ઠામઠામ છે. દા.ત. ભાવગત લક્ષણો શ્રાવક જે ધરાવે છે, એની પાછળ શ્રાવકનું શું લક્ષ્ય છે ? શી તત્ત્વમાન્યતા છે ? લક્ષ્ય તો તે છે જે પહેલેથી જોતાં આવ્યા છીએ કે અનાદિ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અનંત કાળથી નિજનો આત્મા નિજ ઘર જે મોક્ષની શુદ્ધ સ્વતંત્ર અવસ્થાને ગુમાવી પર ઘર એવા સંસારની પરતંત્રતાની ને અશુદ્ધ અવસ્થાની બેડીમાં જકડાયો છે એને એ બેડીઓમાંથી મુક્ત કરી મૂળ શુદ્ધ મોક્ષની અવસ્થામાં ઝીલતો કરી દેવો. કહો જો આ લક્ષ્યમાં નિશ્ચયદૃષ્ટિની ક્યાં ગેરહાજરી કે ઓછાશ છે ? સાધક ઠેઠ યોગની પૂર્વસેવાથી માંડીને અહીં દેશવિરતિ યોગની ઉપાસના કરવા સુધી પહોંચ્યો છે, એમાં બધે જ લક્ષ્ય આ છે. હૃદયના કોઈ ખૂણામાં એને મોક્ષના બદલે સ્વર્ગના સુખ, ને શુદ્ધના બદલે અશુદ્ધ અવસ્થા નથી જોઈતી. ત્યારે તત્ત્વની માન્યતા પણ કેવી છે કે પોતાને આત્મા અસલી સ્વરૂપે અનંત જ્ઞાન અને અનંતસુખાદિ સ્વરૂપે હોવા છતાં સંજ્ઞાઓ, કષાયો, હિંસાદિ પાપકૃત્યો અને મિથ્યાત્વાદિ આશ્રવો સેવી સેવીને કર્મના બંધનમાં પડ્યો છે, અને તેથી સંસારમાં ભટકી રહ્યો છે. જો એને એમાંથી મુક્ત કરવો હોય તો આશ્રવો મૂકી દેવા સાથે સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલ ધર્મકર્તવ્યો (શુભ આશ્રવ), સંવર અને નિર્જરા-માર્ગનું આરાધન કરવું જોઈએ. એ આરાધન ક્રમસર વધતાં વધતાં મિથ્યાત્વ-સંજ્ઞા-કષાય-પાપવૃત્તિઓ નામશેષ થતાં આરાધન પરાકાષ્ઠાએ પહોંચે છે. ત્યાં આત્મા પરમાત્મા બને છે ! વીતરાગ અનંતજ્ઞાની ભગવાન બને છે ! કહો જો, તત્ત્વદર્શનમાં ક્યાં ખામી છે ? ક્યાં એ ક્રિયા માર્ગ જે આરાધે છે તે મૂઢની જેમ આરાધે છે ? નિર્મળ તત્ત્વજ્ઞાન, દર્શન શુદ્ધિ અને મહાવિવેકપૂર્વકની એની સમ્યક્ પ્રવૃત્તિ છે. નિજના આત્માને પરમશુદ્ધ આત્મા બનાવવાના જ એક લક્ષ્યથી જિનાજ્ઞાપાલનની અને જિનેશ્વરદેવ તથા સંયમી મહાવ્રતી ગુરુઓના ગુણગાન-સત્કાર-ભક્તિ-બહુમાન અને સતત સ્મરણશરણની એટલી એને રઢ લાગી હોય છે કે એ સાચો નિશ્ચયયુક્ત વ્યવહારને આરાધે છે. તોજ તે ઉન્નતિની પરાકાષ્ઠા સુધી ચઢી શકે છે.

**ખરો નિશ્ચય અહીં શાથી ? :-** આ ગુણોની કેળવણીમાં ખરેખર નિશ્ચય માર્ગનીય આરાધના આવી જાય છે. કેમકે મહા નિશ્ચયમાર્ગ આત્માના પરમશુદ્ધ પરિણામને પ્રગટાવવાનો છે. એ માટે અશુદ્ધ પરિણામને સર્વથા ટાળવાનો છે. પણ એ તોજ શક્ય બને કે જો અશુભ સંજ્ઞા-કષાય-હિંસાદિના પરિણામ-વલણ મટે. એ માટે શુભ પરિણામકારી પ્રભુભક્તિ-ત્યાગ-તપ-વ્રત સ્વાધ્યાયાદિ શુભ પ્રવૃત્તિઓની ઉત્કૃષ્ટતાએ પહોંચવું પડે. એની તરફના પ્રયાણ માટે ઉપર કહેલા યોગ્યતાના સોળ ગુણો જરૂરી છે. એની જેમ, હવે જે સાધુતા વર્ણવાશે. એનું પણ આત્મ પરિણમન એ મહાનિશ્ચયના માર્ગે પ્રયાણ છે. ક્યાં અનાદિની આત્મપરિણામની ખરાબખસ્ત અશુદ્ધતા ! ક્યાં આ ક્રમે એમાં થયેલો જબરદસ્ત હ્રાસ ! પણ તે આવી સાધનાઓથી હોં, કોરી નય, નિક્ષેપા ને ષડ્દ્રવ્યની કાનજીમતે કહેલી સમજથી નહિ ! સાધનામાં યોગ્યતા અને માર્ગ બંનેની સાધના જોઈએ છે. હા, શાસ્ત્ર કહે છે કે જેમ અન્યત્ર તેમ અહીં પણ દીક્ષા યોગ્યતામાં એમ બને છે કે પહેલાં યોગ્યતાના સોળે સોળ



ગુણ કદાચ જોવા ન મળે, તો પણ જો જઘન્યથી, સંસારની નિર્ગુણતાનું સચોટ ભાન અને વ્રતપાલનમાં દૃઢતા,-માત્ર આ બે ગુણ હોય તો એટલી યોગ્યતાથી લીધેલા ચારિત્રનું પાલન કરતાં કરતાં બીજા ગુણો અને બીજી યોગ્યતા ખીલી ઉઠે છે. એથી આગળની મહાવૈરાગ્ય, મહાઅપ્રમત્તતા, મહાન તત્ત્વ રમણતાદિ સિદ્ધ થવાની ભૂમિકા સર્જાય છે.

**નિર્ગ્રન્થ સાધુ જીવન :-** સુયોગ્ય આત્મા સાધુતા સ્વીકારે છે ત્યાં પાપમય ને પાપપોષક ઘરવાસ ત્યજી બાહ્ય ધનકુટુંબાદિ સર્વ સંબંધના ગ્રન્થ (ગાંઠો) છોડી નાખે છે; અને જીવનભર માટે સર્વ સાવદ્ય (પાપવાળો) પ્રવૃત્તિના નવકોટિ ત્યાગની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારે છે. (**નવકોટિ**=મન, વચન, કાયા, એ દરેકથી સાવદ્ય ન જાતે આચરવું, ન બીજા પાસે આચરાવવું, સાવદ્ય આચરણને અને એ આચરતા બીજાને ન અનુમોદવા.)આમાં પણ અંતરના પાપસંબંધોની ગાંઠ છોડી નાખે છે. તેથી એ હવે **નિર્ગ્રન્થ સાધુ** કહેવાય છે. વળી એ હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના સર્વથા ત્યાગના પાંચ મહાવ્રત સ્વીકારે છે. પછી એને ગુરુની નિશ્રામાં જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર,-એ પંચાચારનું જીવન જીવવાનું હોય છે. મહાવ્રતો હૃદયપૂર્વક સ્વીકાર્યાથી અને પાળ્યાથી આત્માની કેટલીય મહા અશુદ્ધિઓ ટળી જાય છે. ત્યારે પંચાચારના પાલનમાં આત્મામાં કેટલીય તત્ત્વપરિણમનની અને સ્વરૂપરમણની પ્રવૃત્તિ ચાલે છે. અભ્યન્તર તપાચારમાં પ્રાયશ્ચિત્તથી આત્માના દોષોનું સંશોધન-વિનયવૈયાવચ્ચથી આત્માનું મહાન વિનમ્રીકરણ, સ્વાધ્યાયથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ, ધ્યાન અને કાયોત્સર્ગથી આત્મામાં સત્જ્ઞાનનું પરિણમન અને સ્વરૂપ થાય છે. શું છે એ બધું ? આત્માને વાસ્તવિક શુદ્ધ બનાવવાના માર્ગે સાચું પ્રયાણ. કાનજીમતીને આ બધું ખપતું નથી એ એક ભયંકર ભૂલ છે. મોક્ષમાર્ગની સાચી સાધનાના સાધુ જીવનમાં પંચમહાવ્રત અને પંચાચારના પાલન ઉપરાંત પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, ચાર સંજ્ઞા અને ચાર કષાય અને હાસ્યાદિ કષાયનો નિરોધ, નવ બ્રહ્મચર્ય ગુપ્તિનું પાલન, શલ્ય-ગારવ-કુલેશ્યાદિનો પરિહાર, પરીસહ-ઉપસર્ગોનું સમાધિપૂર્વક સહન, વગેરેમાં જોરદાર પુરુષાર્થ ચાલુ હોય છે. આમાં નિશ્ચય-વ્યવહાર-ઉભયની, કહેવા માત્રની નહિ પણ, ખરેખરી અમલી સાધના છે. એથી આત્મા ખરેખરી ઉન્નતિમાં આગળ વધે છે. આના વિના કાનજીમતીના બેહાલ છે !!

**ભાવ સાધુના ૭ લક્ષણ :-** સાધુજીવનમાં અંતરમાં સાધુતાની સ્પર્શનાના રૂપે આ સાત જરૂરી સાધના છે :- (૧) **સર્વ માર્ગાનુસારી ક્રિયાનું પાલન :-** જિનાગમની આજ્ઞાનું અને સંવિગ્નાચાર્યની આચરણાનું અનુસરણ. (૨) **ધર્મમાં શ્રેષ્ઠ શ્રદ્ધા :-** વિધિસેવા, જ્ઞાનતપ આદિમાં અતૃપ્તિ, શુદ્ધ ધર્મદેશના, સ્ખલનાઓનું પ્રાયશ્ચિત્તીકરણ, (૩) **સરળ ભાવે પ્રજ્ઞાપનીયતા :-** ઉત્સર્ગસૂત્ર-અપવાદસૂત્ર-વિધિસૂત્ર-ભયસૂત્ર-વગેરે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

જુદી જુદી જાતના સૂત્રો ગીતાર્થ ગુરુ સમજાવે તે જ પ્રમાણે દુરાગ્રહરહિત સમજવાની અને વિશુદ્ધ દર્શનચારિત્ર આરાધવાની લાયકાત. (૪) **ક્રિયાઓમાં અપ્રમાદ :-** બિનસાવધાની, વિકથા વગેરે ત્યજી વિદ્યામંત્રની જેમ ચારિત્રની નિષ્કલંક સાધના. (૫) **શક્યનો પુરુષાર્થ :-** અશક્ય ન આદરીને અસંયમ-અપભ્રાજનાથી બચાવ; શક્ય સર્વ આચરીને પ્રભાવના. (૬) **ઉચ્ચ ગુણાનુરાગ :-** પરના લેશગુણમાંય મહાન ગુણબુદ્ધિ અને પ્રશંસા; જાતના લેશ દોષમાંય નિર્ગુણીપણાનો ખ્યાલ. (૭) **ગુરુની પરમ આરાધના :-** ગુરુ આજ્ઞા ચરણકમલે ભૃંગવત્ બની ગુરુની સેવા શુશ્રૂષા કરવી, ગુરુની આજ્ઞા આરાધવામાં લિપ્સાસહિત લીનતા, ગુરુ પર અતિ બહુમાન...વગેરે.

**સાપેક્ષ યતિધર્મ :-** આ સાધનાનું આરાધન કરતાં આત્મામાં નિશ્ચય તરફ સુંદર પ્રગતિ થાય છે; ઘણી ઘણી પરપરિણતિઓનો વાસ્તવિક ત્યાગ થાય છે. આદરસહિત વ્યવસ્થિત વિવિધ સતત સાધનાઓ વિના અંતરાત્માની અશુભ પરિણતિઓ ક્યાંથી ખસે ? તે વિના તત્ત્વપરિણમન (પરિણતિ) ક્યાંથી થાય ? ઉપર ઉપરનું તત્ત્વજ્ઞાન જુદું, અને અંદરની તત્ત્વપરિણતિ જુદી. અહીં સુધી વર્ણવેલ સાધુપણું એ **સાપેક્ષ યતિધર્મ** કહેવાય છે; કેમકે એમાં ગચ્છવાસ, અને એની ય મર્યાદાઓનું પાલન, ગુરુની અતિ નિકટ નિશ્રા સહિત એમના વચનને અનુસારી જીવન, અવસરે અપવાદ માર્ગનું ય સેવન વગેરે આલંબનોની અપેક્ષા સેવીને યતિધર્મ પાળવાનો હોય છે. અહીં સુધીમાં પણ ગુરુની આજ્ઞાના પાલનમાં પોતાના આત્માને મહાન ઉપકાર ચિંતવવાનો હોય છે. એમ માનવામાં કાનજીમત કહે છે તેમ મિથ્યાત્વ નહિ પણ મહા સમ્યક્ત્વ છે. કેમકે એના દ્વારા નિશ્ચય મોક્ષમાર્ગની નિકટ જવાય છે. એમ સાપેક્ષ યતિમાં બીજી પણ કેઈ નિશ્ચયોપયોગી સાધના હોય છે; જેવાં કે, મહાવ્રતના આત્મ-પરિણામનું રક્ષણ, વિશુદ્ધ સમિતિગુપ્તિ-ઉપયોગ, સર્વત્ર રાગદ્વેષનિગ્રહ, બ્રહ્મચર્યવાડોનું પાલન, કષાયોનો અનુદય (**ભગવાન** જેવા)તથા વિફલીકરણ, અતિસ્નિગ્ધ ભોજન નહિ, વિભૂષાત્યાગ, ઉપયોગ પ્રધાનતા, તત્ત્વસ્થૈર્ય, આવશ્યક યોગમાં નિયમિતતા, વગેરે. એ પાલનમાં પારંગત થયેથી ગુરુની આજ્ઞા મેળવવાપૂર્વક નિરપેક્ષ યતિધર્મની પાયરીએ સાધક ચઢે છે.

**નિરપેક્ષ યતિધર્મ :-** એમાં હવે ઉત્સર્ગ માર્ગનું પાલન કરવાનું હોય છે. પરંતુ આ માટે પહેલાં પોતાના આત્માને ધૃતિ, બલ વગેરે પાંચ 'તુલના'થી તોલવાનો હોય છે; વિશેષ કોટિની કડક સાધનાઓમાંથી પસાર કરવાનો હોય છે. **તુલના** એટલે એવા પ્રકારનો અભ્યાસ કે જેથી પોતાના આત્માને તોળી શકાય કે હવે એ નિરપેક્ષ ધર્મ પાળી શકશે કે કેમ ? એ માટે વિવિધ પ્રકારના તપ, એમાં ઉપવાસો અને પારણે લુખી નીવી અને અન્તપ્રાન્ત આહારના આયંબિલ સુધી; તે પણ અમુક અમુક અભિગ્રહો સાથે કરવાના. વળી ઉપાશ્રયમાં, બહાર, તથા નિર્જન સ્મશાનાદિ સ્થલોમાં રાત્રિભર કાયોત્સર્ગ કરવાના. એવી રીતે કષાયો પરના પૂર્ણ વિજયનો



અભ્યાસ=કષાયોની સંલેખના (કષાયોને ઘસી નાખવા) કરવાની; એમ શરીર સંલેખના; વળી શ્રુતજ્ઞાનના પરાવર્તનનો એવો અભ્યાસ કરવાનો કે જેથી પૂરી એકાગ્રતા અને ચોકસાઈના લીધે અમુક સૂત્રપાઠ-અર્થપાઠના આધારે જાણી શકે કે એમાં કેટલો સમય પસાર થયો. વળી પરીસહ ઉપસર્ગમાં ટકવા માટે ધૃતિ, બળ કેળવવાના... વગેરેના અહીં વિસ્તારને અવકાશ નથી. પરંતુ તુલનાઓ સાધી ઉત્તીર્ણ (પાસ) થયા પછી ગુરુ-આજ્ઞાથી નિરપેક્ષ યતિધર્મમાં પ્રવેશે છે. હવે સિંહની જેમ ગચ્છની સહાય વગેરેની અપેક્ષા વિના એકાકી વિચરે છે. અહીં શરીરની કોઈ માવજત નહિ, કોઈ ઔષધ નહિ, લગભગ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવાનું, માત્ર દિવસના ત્રીજા પહોરમાં આહાર, નિહાર (વડી નીતિ), વિહાર ક્યાંય અપવાદનું સેવન નહિ; દા.ત. નિર્જીવ રસ્તે ચાલતાં સામેથી સિંહ વાઘ આવતા દેખાયા તો પણ તે માર્ગ મૂકીને કાચીમાટી વનસ્પતિ વગેરેના માર્ગે જવાનું નહિ; અતિઅલ્પ ઉપકરણ, દિવસે રાત્રે નિદ્રાદિ ત્યજી ધર્મધ્યાનમાં લીનતા. વગેરે આરાધના કરતાં જો ધ્યાનનું બળ વધી ક્ષપકશ્રેણિ માંડી તો મોહનીય વગેરે ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન, અને પછી આયુષ્ય વગેરે અઘાતી નાશ પામ્યે મોક્ષ થાય છે. ધ્યાનમાં કંઈક કમી રહે તો સ્વર્ગ મળે છે. ત્યાંથી ફરી માનવભવ, સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રની સાધના...એમ કરતાં સર્વકર્મક્ષયે મોક્ષ થાય છે. ઉપર કહ્યું તેમ સાધનાની પગથી-પગથીએ ચઢે તો નિરપેક્ષયતિધર્મ અને કેવળજ્ઞાનદાયી ધ્યાન સુધી ચઢી શકે છે. પરંતુ હજી બાળપોથીનું ઠેકાણું ન હોય, અને નિશ્ચય સાધનાના એમ.એ.(M.A.)ના વર્ગમાં ઘુસી જાય તો ?

આત્માની ઉન્નતિનો આ બહુ ટૂંકો ઈતિહાસ છે; ઈતિહાસ શું ? માત્ર આછી છાયા છે. એનો સાર એ છે કે અનાદિ અનંત કાળથી આત્મામાં સ્વભાવ જેવા થઈ બેઠેલા, સંજ્ઞાઓ મિથ્યાત્વ-કષાયો-પાપાચરણો વગેરેનું તદ્દન નાબુદ કરવા માટે અનેકાનેક પ્રકારની ક્રમિક કાયિક માનસિકાદિ સાધનાઓ જરૂરી છે. ભગવાન તીર્થંકરદેવના વિરહકાલમાં એમની મૂર્તિ, એમનાં આગમ, એમના વચનબદ્ધ આચાર્ય ભગવંતોના શાસ્ત્રો, નિર્ગ્રન્થ ગુરુઓ, શાસ્ત્ર અને પરંપરાસિદ્ધ મોક્ષમાર્ગના આચાર-અનુષ્ઠાન-આત્મપરિણતિ વગેરેની ખૂબ ખૂબ ઉપાસના કરી ભવ્ય જીવો આત્મકલ્યાણને સાધો એજ એક શુભેચ્છા.

પૂ. પરમોપકારી ગુરુદેવ સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય દેવેશ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી** લખેલ આ નિશ્ચય-વ્યવહારના લખાણમાં ક્યાંય પણ પ્રમાદના યોગે શ્રી જિનવચનથી વિરુદ્ધ લખાયું હોય એનો ત્રિવિધ ત્રિવિધે મિચ્છામિદુક્કડં દેવા સાથે નિશ્ચયની ભ્રમણાવાળી માન્યતાઓમાં ફસેલાઓ સત્યને સમજી એ ત્યજે અને શુદ્ધ જિનમાર્ગને આરાધે એવું ઈચ્છીને આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

**ॐ अर्हं नम : ।**

સકલાગમ રહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. ગણિવર્ય **શ્રી ભાનુવિજયજી મહારાજનાં**

⑦

# આધ્યાત્મિક પ્રવચન

## • અનાથ જગત અને અનાથી મુનિ. •

(પૂ. ગુરુદેવની સાથે વ્યાખ્યાનકાર પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજ ચાલુ સાલમાં અમદાવાદ જ્ઞાનમંદિરમાં ચાતુર્માસાર્થે પધાર્યા પછી દર રવિવારે જુદા જુદા વિષયો પર એઓશ્રીનાં જાહેર વ્યાખ્યાનો થઈ રહ્યાં છે, અર્ધા કલાક પહેલેથી શ્રવણ માટે ઊભરાતી ભાવુક જનતા શ્રવણમાં તરબોળ બની રહે છે. શ્રાવણ સુદ ૧ રવિવારના પ્રવચનનું વૈરાગ્યપ્રેરક અવતરણ નીચે અપાય છે... **-તંત્રીઓ.**)

**सिद्धाणं नमो किच्चा, संजयाणं च भावओ ।**
**अत्थधम्मगइं तच्चं, अणुसट्ठिं सुणेह मे ॥**

શ્રી તીર્થંકર અને સિદ્ધ ભગવંતો તથા સંયમધારી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહર્ષિઓને નમસ્કાર કરીને, કલ્યાણકામી જીવોથી અભિલષિત ધર્મના જ્ઞાનને આપનાર સાચી શિખામણ હું કહું છું, તે સાંભળો.

અનંત ઉપકાર કરનારા શ્રી તત્ત્વજ્ઞાની મહાપુરુષો મસ્તાન થઈને ફરતા જગતની કેવી અનાથ દશા છે, તેનો હુબહુ ચિતાર ખડો કરે છે. મહાપવિત્ર શ્રી ઉત્તરાધ્યયન સૂત્રને વિષે શ્રી અનાથી મુનિના અધ્યયનમાં મગધ દેશના સમ્રાટ રાજા બિંબિસાર યાને શ્રેણિકની આગળ અનાથી મુનિએ કરેલું અનાથતાનું અદ્ભુત વર્ણન મળે છે. એ વાંચતાં કે સાંભળતાં આત્મા અનેરું તત્ત્વજ્ઞાન પામી વૈરાગ્ય રસમાં તરબોળ બની જાય છે.

**અનાથીનું સૌંદર્ય :-**

અનાથી મુનિનો પ્રસંગ જીવની અનાથદશાનો પ્રસંગ છે. માટે જ એમણે **'અનાથી'** નામ રાખ્યું છે. અસાર ઉપરાંત ભયાનક એવા આ સંસારનો ત્યાગ કરી



અહિંસાદિ પંચ મહાવ્રત અને જ્ઞાનાચારાદિ પંચ આચારના પવિત્ર મુનિ-જીવનમાં વિચરતા અનાથી મહર્ષિ એક વખતે શ્રેણિકની રાજધાની રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા છે. મહારાજા શ્રેણિક રયવાડીએ ફરવા નીકળેલા, તે ત્યાં આવે છે અને મુનિને વૃક્ષની નીચે ખૂબ સમાધિ ને સંયમમાં ઝીલતા જુએ છે. મુનિનું સુકોમળ અંગ અને સુંદર રૂપ, સાથે આત્મામાં ખીલી ઉઠેલો પ્રશમ રસ, આમ બાહ્ય ને આભ્યંતર સુંદરતાને લીધે રાજા આકર્ષિત થયો. સહજ ઉદ્ગાર નીકળી પડે છે, 'ધન્ય રૂપ ! શું એમના શરીરનું લાવણ્ય છે ! શું રૂપ છે ! એના માથે કળશરૂપી શોભતી કેવી સૌમ્યતા ! એમની મુદ્રા કહી રહી છે કે એ ક્ષમાના ભંડાર છે. અસંગ દશાના અધિપતિ છે !' આ કોણ આકર્ષાય છે ? તે કે જે સમ્યગ્દર્શનના બળે વિરક્ત દશાથી અને શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે ઉછળતી પ્રીતિ-ભક્તિથી ભવિષ્યમાં પદ્મનાભ નામના તીર્થંકર થવાના છે. જીવનની પાછલી અવસ્થામાં ક્ષાયિક સમ્યક્ત્વના માલિક બને છે. અનંતાનુબંધીના ઘરના ક્રોધ, લોભાદિ ચાર કષાયો તથા મિથ્યાત્વ મોહનીય આદિ દર્શનત્રિક, એ સાત **દર્શનસપ્તક** કહેવાય. એનો ક્ષય કરે ત્યારે ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટે છે. ક્ષાયિક એટલે ક્ષયથી નીપજેલું. એ ક્ષપકશ્રેણિથી નીપજે છે.

**પ્ર.-** ક્ષપકશ્રેણિ એટલે ?

**ઉ.-** આત્મામાં ઉચ્ચ શુભ અધ્યવસાયથી જે અમુક પ્રકારે અંતિમ કર્મક્ષયની ધારા લાગે તેને ક્ષપકશ્રેણિ કહે છે.

જો આવતા ભવનું આયુષ્ય ન બાંધી લીધું હોત તો કેવળજ્ઞાન લેત. આયુષ્ય બંધાઈ ગયું છે એટલે નાઈલાજ. એથી જ ક્ષપકશ્રેણિ અધુરી રહે છે. એને **ખંડ ક્ષપકશ્રેણિ** કહે છે. શ્રેણિક પાછલી અવસ્થામાં ધર્મ પામ્યા; સમકિત પણ મોડા પામ્યા છે. એમને મુનિના દર્શન થાય છે. એ વિચારમાં પડી જાય છે.

**શ્રેણિકને આશ્ચર્ય :-**

'અરે, આ નાની વયમાં માથાના મોવાળા યાને કેશ કેમ ઉખેડી નાખ્યા છે ? તરુણ અવસ્થામાં તરુણી કેમ છોડી ? શી મધુરી કંચનવર્ણી કાયા ! એનાથી સુંદર ભોગ ભોગવવા છોડી કેમ આ જોગ લઈને નીકળ્યા ! કંઈ ઘમંડ બમંડ તો નથી ને ? પણ ના, રૂપ સુંદર તેવો આકાર સુંદર છે. ચંદ્રમા જેવું મુખ શોભી રહ્યું છે. આંખો કમળની શોભા ધારણ કરે છે. **आकृतिर्वदति गुणान् ।** માણસની આકૃતિ ગુણો સૂચવે છે. બાહ્ય પુણ્યાઈ એમને સારી મળી હશે ! તો પછી વૈભવ વિલાસ ત્યજી દઈ આ કપરા માર્ગે કેમ નીકળી પડ્યા ! કુટુંબ પરિવારનો મોહ કેમ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મૂક્યો ? કયા નગરના એ વાસી છે ? શા કારણે સંયમ લીધું ?' ...ઇત્યાદિ-ઇત્યાદિ જિજ્ઞાસાઓ મનમાં ઊભરાતી ચાલી. વંદન કરીને પૂછે છે;

**રાજાનો પ્રશ્ન :-**

**तरुणोऽसि अज्जो पव्वइओ, भोगकालम्मि संजया ।**
**अवट्ठिओ सि सामन्ने, एयं सुणेमिहुंता ॥**

આપ ભોગ-કાળને ઉચિત એવી યુવાન વયે **યોગ-પંથે** નીકળ્યા છો, તો તેનું કારણ સાંભળવા માગું છું.'

કહો જો, યોગ પ્રત્યે રસ વગર આ પૂછાય ? રસ ન હોય તો તો પહેલેથી જ એમ થાય કે આ મફતના કેમ હાલી નીકળ્યા છે ? આજે કહે છે ને કે ભારતમાં બાવન લાખ બાવા મફતીયું ખાય છે ! પછી સાધુ રજીસ્ટ્રેશન બીલ, ને એવા કેઈ ધિંગાણા ઊભા થાય છે. કાળ કાળનું કામ કરે છે. વિવેકથી વિચાર કરે તો સાધુની મહાન ઉપયોગિતા સમજાય ! એમના ઉપકારક પુરુષાર્થ સમજાય ! રાજ્ય-વ્યવસ્થા અને સામાજિક પરિસ્થિતિ પર ભાર પડતો બચવાનું સમજાય !

**મુનિનો ઉત્તર :-**

મુનિ રાજાને ઉત્તર કરે છે, **'अणाहो मि महाराय ।'** રાજન્, હું અનાથ છું, મારે કોઈ નથી. કોઈ મારી દયા કરનાર કે મારું કાર્ય કરનાર સ્વજન નથી. પછી શું થાય ? અનાથ એવો નીકળી પડ્યો છું.'

**રાજાની ઉદારતા :-**

રાજા હસ્યો. 'અહો ! એટલી બધી પુણ્યાઈ પરવારી ગઈ, કે કોઈ સગાવહાલા ન નીકળ્યા. મને ન ઓળખતા હો, તો જાણી લો કે હું મગધ દેશનો રાજા છું. હું તમારો નાથ થઈશ. ચાલો ઘેર. ઘેર વિપુલ ભોગો છે, ભોગવો. મિત્ર-સ્નેહીનો પરિવાર આપીશ. આનંદ મંગળ કરો.'

કેમ ખરું ને ? આનંદ મંગળ કરો નહીંતર મનુષ્ય જીવન ડૂલ થઈ જવાનું છે ! માટે હાથમાં આવેલાનો લહાવો લઈ લેવો ! પછી તો જે સ્થિતિ મળે તે આના જેવી નહીં ! મજેના રંગરાગ, વૈભવવિલાસ, ગળચટાં ખાનપાન, તીખાં તમતમતાં ભજીયા બનાવવાનું, કજીયા કરવાનું ક્યાં મળે ? કેમ બોલતાં નથી ? આવાં અશન-પાન, સુવાની મુલાયમ તળાઈઓ ક્યાં મળે ? શ્રીદેવીની રાત-દિવસ ઉપાસના કરવાનું, લોકોના ઉપર રોફ બતાવવાનું, સત્તા ચલાવવાનું ક્યાં મળે ? જીવ આ બધું સમજીને કરે છે, માટે એ કરવા ઉપર પાછું જીવને ફુલાવાનું મન થાય છે ! દંડો બતાવતો જાય, જમતો જાય ને સત્તા ચલાવે. કેટલીય વાર ઉજાણી



માણી લીધી, છતાં બીજી વાર મળે તો પાછું 'હાઈક્લાસ ! આજે મજાહ આવી' માને છે. મીઠાં કોળિયા ખાતો જાય છે ને પ્રશંસાના ફૂલ વેરતો જાય છે ! મજાહનો લહાવો અહીં લેવો જોઈએ કારણ કે મનુષ્ય ભવ દુર્લભ છે. કેટલું અજ્ઞાન ! શું આ બધું કંઈ અંતરાત્માના રક્ષક ધર્મ માટે કરાય ખરું ? લાવો ફરી ફરીને ધર્મનો મજાનો લહાવો લીધા કરીએ, કેમ કે મનુષ્યભવ દુર્લભ છે એમ થાય છે ખરું ?

અહીં એક વસ્તુ જુઓ કે શ્રેણિકની ઉદારતા કેવી ! વૈભવ મફત આપવા તૈયાર થાય છે, છતાં અહીં અનાથી મુનિ આંતર તૃપ્તિમાં ઝીલતા હોઈ એમને ક્યાં લાલચ લાગે એવી છે ? એ તો રોકડો જવાબ ખરખાવે છે ! રોકડો એટલે કલદાર, ઝટ વટાવી શકાય એવો !

**મુનિનો રોકડો જવાબ :-**

**'अप्पणा वि अणाहो सि, सेणिआ ! मगहाहिव ! ।**
**अप्पणा अणाहो संतो, कस्स णाहो भविस्ससि ॥'**

'હે મગધરાજ શ્રેણિક ! તું જાતે જ અનાથ છે ! જાતે અનાથ તું કોનો નાથ થઈ શકીશ ? આશ્ચર્ય છે કે તું ખરેખર સ્વયં અનાથ છતાં બીજાનો નાથ થવા નીકળી પડ્યો છે !'

સંસાર પ્રત્યે બેપરવા બન્યા હોય એ જ રોકડો જવાબ આપી શકે. જવાબ ઉધારિયો નહીં ! તમને આવું રોકડું સાંભળવું ગમે ? કે એવું ગમે કે-'ભાઈ, તમે તો દેવદર્શન કરનારા મોટા શ્રાવક ! નિયમિત વ્યાખ્યાને આવો છો ! તમારા જેવાને લીધે શાસન ટકે છે ! તમારા જેવા ન હોય તો સાધુને કેવી રીતે ચાલે ? શ્રાવકો છે તો સાધુઓ છે.' કેમ આવું બધું ગમે ને ? હા, તો પછી વિચારજો આગળ વધવાનો કોઈ અવકાશ છે ? **જે કરી રહ્યા છો તેના અહીં ગુણગાન સાંભળવા આવો છો કે જે નથી કરતા તે સમજવા અને પ્રેરણા લેવા આવો છો ?** આગળ વધવું હોય તો ત્રુટિ સાંભળવાનું માગો. એ ધગશ હશે તો ત્રુટિ સાંભળતાં રીસ નહીં ચઢે. **જેને શિખામણ સાંભળતાં રીસ ચઢે એણે સમજી રાખવું કે આગળ વધવાનું, ભાગ્ય-દશા સુધારવાનું માંડી વાળ્યું.**

કવિ કહે છે-**'રીસ ચઢે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી !'**

અનાથી રોકડો જવાબ આપે છે. રાજાએ આવા ઉત્તરની આશા નહોતી રાખી, છતાં એ રીસ નથી ચઢાવતા; પણ 'હું અનાથ !' એમ વિસ્મય પામે છે. વાત પણ સાચી. જો વિચાર કરે તો સમજાય કે-'આવું રોકડું કહેનાર કોણ મળે ? દુનિયામાં માખણદાસો તો ઘણાય મળે છે. એટલે જ રાજાના મનમાં એ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

નથી આવતું કે-'શું આ મને અનાથ કહે છે ? સુણાવી દઉં એમને કે મહારાજ જરા ધ્યાન રાખીને બોલો. આવું તમે કોને કહી રહ્યા છો ?...' એ તો વિસ્મય પામીને પૂછે છે, "હું શી રીતે અનાથ ? મારી પાસે કેટકેટલો વૈભવ પરિવાર છે ! હાથી બે-ચાર નહિ, પણ હાથીઓની કતાર જામેલી રહે છે. ઘોડાઓની સંખ્યાનો પાર નથી. વિપુલ ધન-ધાન્યાદિનું વિસ્તૃત ઐશ્વર્ય છે. મારી આંખનું પોપચું ઊંચું થાય ત્યાં દુનિયા કંપે છે ! એ ઠકુરાઈ ભોગવનારો હું અનાથ ?"

**અનાથ જગતનું વ્યાખ્યાન શાથી ? :-**

અનાથી મુનિ કહે છે, "રાજા તને અનાથના અર્થની ખબર નથી. **'અનાથ' એ શું શબ્દ છે એનું ઉત્થાન ન સમજે તે એના વિવેકને ન કરી શકે.** અનાથ શબ્દનો અર્થ શું છે, તેનું મૂળ શું છે, ઇત્યાદિ સમજવું જોઈએ. આજે આપણે એનો થોડો વિચાર કરવો છે, જેથી આપણને આખાય જગતની મહા અનાથતાનું ભાન થાય અને એ અનાથતા હૃદયે ઠસી જઈને આપણને સનાથ બનવાના સાચા માર્ગે ચઢાવે. સૂત્રમાં ટૂંકમાં અનાથતા સમજાવી અને તે અનાથીની જીવનકથાના અમુક પ્રસંગથી, ત્યારે સૂત્રમાં વધારે કેટલું વર્ણવી શકાય ? સાંભળનાર રાજા **શ્રદ્ધાળુ, અક્કલવાળો ને હોંશિયાર હતો તેથી સાર, સત્ત્વ બતાવી દેવાથી સમજી લે છે.** આજનો જમાનો કોરા બુદ્ધિવાદનો આવ્યો છે; માટે સાર વિચારતાં પહેલાં જરા વિસ્તાર વિચારવો રહે છે.

**અનાથના વિચારનો વિસ્તાર શું છે ?** એ, કે અનાથ કોણ ? શાથી ? અનાથતાની પરિસ્થિતિ કેવી કેવી ? અનાથતાના કટુ પરિણામ શા ? આજના જીવનમાં શી અનાથતા ? આ બધાની તારવણી અને એ અનાથતા ટાળવાના શા ઉપાય સમજાય છે ? વગેરે થોડું વિચારીશું. એમાં સૂત્રના ભાવ પણ જોઈશું.

**પહેલી અનાથદશા ? :-**

પહેલું એ કહો, કોણ **અનાથ છે, જડ કે જીવ ?** શું થાંભલો અનાથ ખરો ? પાટ અનાથ ખરી ? ઘરબાર અનાથ ખરા ? ના, દા.ત. ઘરનો જો માલિક મરી જાય તો આખું ઘર તો શું, પણ થાંભલોય પોકે રોતો નથી. જીવ સાથે એને લેવા-દેવા નહિ. એને તો આ માલિક નહિ, તો બીજો ! બંગલો મસ્ત છે. ધણી એક નહિ તો બીજો ! એને રોવાનું નહિ. અરે, ઊજડ રહે અને જીર્ણ થઈ જાય તોય શું ? એને કોઈ દુઃખ નથી. અનાથ તો જીવ છે. **જીવની કર્મ-પરવશદશામાં એવી અનાથતા કે અનંતાનંત પુદ્ગલ પરાવર્તના કાળ તો એને સૂક્ષ્મ વનસ્પતિકાય એટલે કે સૂક્ષ્મ નિગોદની અવસ્થામાં જકડાઈ રહેવું પડ્યું છે.**



**અનંતો કાળ એટલે કેટલો ? :-** અસંખ્યાતા વર્ષોનો ૧ પલ્યોપમ. પલ્યોપમ વર્ષોની માપણી મગજમાં લાવવી હોય તો કલ્પનાથી લાખ જોજનના જંબુદ્વીપ જેટલા પ્યાલામાં ભરેલા સરસવનો ૧-૧ દાણો આગળ આગળના ડબલ વધતા ૧-૧ સમુદ્ર અને દ્વીપમાં નાખતા જાય, એ ગણિતથી શરૂ કરી જે જંગી ગણતરી બતાવી છે, એવા પરાર્ધોના પરાર્ધો દ્વીપ સમુદ્રના દાણાની સંખ્યા વિચારવી. આનાથી પણ વધારે સંખ્યામાં ૧-૧ વાળના ટૂકડા કલ્પી તે ટૂકડાઓથી ૧ જોજનનો લાંબો, પહોળો, ઊંડો, કૂવો ઠાંસીને ભરાય અને પછી સો સો વર્ષે ૧-૧ ટૂકડો બહાર કાઢતાં જ્યારે તે કૂવો (એટલે કે પલ્ય) ખાલી થાય તેટલો કાળ ૧ પલ્યોપમ કાળ. એવા ૧૦ કોટિ કોટિ પલ્યોપમનો ૧ સાગરોપમકાળ; એવા ૨૦ કોટિ કોટિ સાગરોપમનું ૧ કાળચક્ર; એવા અનંતા કાળચક્રનો ૧ પુદ્ગલ પરાવર્ત. **એવા અનંતાનંત પુદ્ગલ પરાવર્તના કાળ નિગોદમાં જીવે કાઢ્યા !** તેમાંય જન્મ-મરણ અન્તર્મુહૂર્તે અન્તર્મુહૂર્તે ! એમાંથી બહાર નીકળ્યા, સૂક્ષ્મ પૃથ્વીકાય વગેરેમાં આવ્યા, ફેર પાછા નિગોદમાં પટકાયા, સૂક્ષ્મ પૃથ્વીકાય વગેરેમાં આવ્યા, ફેર પાછા નિગોદમાં પટકાયા, ફેર બહાર નીકળ્યા, ચઢતાં ચઢતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયમાં ગયા અને પડ્યા. આ અનાથ દશા નહિ તો બીજું શું ? **એવી તિર્યંચગતિમાં તત્ત્વ સાંભળવા-સમજવાનો સંયોગ જ નથી, ઉદ્ધાર કરનાર તીર્થંકર પણ નથી.** વેદવાનું-ભટકવાનું, જન્મમરણ, જન્મ મરણ વગેરે અનાથ દુઃખમય દશા જીવને રીબાવી નાખે એવી ભોગવવાની. એમાંથી ઉપર આવ્યા તો પશુ-પંખી, સમુદ્રના માછલા વગેરે થયા ! જંગલી સિંહ-વાઘ-વરૂ થયા ! કેઈ વાર નરકમાં ગયા ! જીવ એમાંથી પાછો પડ્યો તે ઠેઠ નિગોદ સુધી પહોંચ્યો ! પાછો અનંતકાળે બહાર નીકળ્યો, ફરી તિર્યંચ પશુના અવતાર ! કોઈ બચાવનાર નહિ. એમાંથી ઊંચે આવતા દેવ મનુષ્યના ભવ મળ્યા, પણ ધર્મ ક્યાંથી મળે ? આ અનાથ દશા. **ચોરાશી લાખ જીવાયોનિમાં જીવ અનાથ નિરાધારપણે ભટક્યો.** એમાં ક્યાંક પૂર્વે ધર્મ મળ્યો હશે તે આજે જૈનકુળમાં ઉચ્ચ ધર્મસામગ્રીવાળો માનવભવ મળ્યો. પૂર્વની આ પ્રથમ નંબરની અનાથતા.

**બીજી અનાથદશા જુઓ :-** જીવ ઇચ્છે કે ન ઇચ્છે પણ શરીર, પ્રાણ ને ઇન્દ્રિયોની ગુલામી પરાધીનદશા એવી કે એમાં જીવ બિચારાનું કોઈ બેલી નહિ. મહા અનાથદશા ! મોટો રાજા થાય પણ **શરીરની ગુલામી** કરવાની. શરીરને લઈ જા પથારીમાં, લઈ જા પાયખાનામાં, લઈ જા ભોજન પર, લઈ જા પૈસા કમાવા...! શરીરની ગુલામી, તેવી **પ્રાણની પરાધીનદશા** એવી કે આજના માનવોની જેમ હવા



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પાંચ મિનિટ હડતાલ પર ઊતરે તો ? રામ રમી જાય. પ્રાણની **આગળ આ અનાથદશા, આયુષ્યની આગળ જીવની અનાથદયા** એવી કે નરકમાં કપાઈ મરે, છુંદાઈ મરે પણ આયુષ્ય તૂટે નહિ. આયુષ્ય કર્મરૂપી ગુંદરના હિસાબે એકેક જીવપ્રદેશ શરીરના ૧-૧ અણુ અણુને ચોંટ્યો રહે. ત્યાં મરી શકે ક્યાંથી ? ત્યારે વળી અહીં આયુષ્યની ગુલામી એવી કે જીવ ન ધારતાં મરે; અહીંનું સર્વસ્વ ગુમાવી ચાલતો થાય; તો પરલોકમાં પરાણે ક્યાંય જઈ પડે ! **કેવી અનાથદશા !**

**અનાથપણે કેવું રીબાવાનું ? :-** ત્યારે જુઓ કે એ બધી ચોરાશી લાખ યોનીઓમાં આત્મા પર લાગતા કર્મ પ્રવાહની જોહુકમીમાં જીવને દુઃખનો પાર નહિ. **પૃથ્વીકાય, અપ્‌કાય વગેરેના ભવોમાં જીવને છેદન, ભેદન, કૂટણ-કચરામણ, બળવાનું, શેકાવાનું, અગ્નિ પર ઉકળવાનું જીવતા જીવે છોલાવાનું વગેરે રીબામણનો પાર નહિ.** ત્યારે પોરા, કીડા-કીડી, માખી-મચ્છર વગેરે વિકલેન્દ્રિયના અવતારમાં અનાથદશા એવી કે ત્યાં અગણિતવાર ચગદાવા, છૂંદાવા, બળવા, ચવાવા વગેરેમાંથી કોણ બચાવે ? એમ પશુપંખીના જન્મોમાં અનાથદશા એવી કે એના ભયંકર ત્રાસ, રીબામણ તો નજર સામે દેખાય છે. આજે અહીંથી પરદેશ નિકાસ થતા વાંદરા વગેરે પર ત્યાં જે ઘાતકી પ્રયોગો થાય છે એમાંથી એ બિચારા જીવોનો રક્ષક-નાથ કોણ ? કસાઈ પારધી અને મ્લેચ્છોના સકંજામાંથી પશુ-પંખીને બચાવનાર નાથ કોણ ? ભલેને રાજવી ઘોડો, પણ રાતના તબેલામાં મચ્છરથી કોણ બચાવે ? ત્યારે નરકમાં, પરમાધામીના ત્રાસમાં બચાવનાર તો શું પણ એક આશ્વાસનનો શબ્દ કહેનાર નાથ છે કોઈ ? દેવના ભવમાં ય ઈર્ષ્યા, લોભ, લંપટતા અને તેથી નીપજતા હલકા પરભવમાં જીવની અનાથદશા ક્યાં ટળે છે ?

અનાથી મુનિએ અનાથી નામ અમસ્તુ નથી રાખ્યું. સાધુ થયા એટલે તો ખરેખર સનાથ બન્યા છે; દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને એમના શાસનની મહાશીતળ છત્રછાયા પામ્યા છે. છતાં જગતને વિષે પોતાની અનાથદશા પ્રતિક્ષણ ખ્યાલમાં રહે એ માટે અનાથી નામ રાખ્યું છે.

માનવ ભવમાં અનાથદશા કેવી ભયાનક છે એની અમને જાગ્રતિ રાખવી છે. મનુષ્ય અવતારમાં જુઓ નાથ મળે છે ? ગુલામી, અપમાન, તિરસ્કાર, અપયશ વગેરે પરાણે વેઠવા પડે છે એ અનાથદશા જ સૂચવે છે ને ? કોઈ પ્રકારના વારંવાર રોગ, અકસ્માત, સગાંસ્નેહીઓની રીસ, ટોણાં અનાથપણે સહવાસનો પાર નથી.





# (૮) આધ્યાત્મિક પ્રવચન

**જેવો ભવ, તેવો ભાવ :-**

અનાથ દશામાં જેવી રીતે ઉંદરડા બિલાડીથી ખવાય છે, હરણીયાં-સસલાં-વાઘ-વરુથી ચવાય છે, એવી રીતે મનુષ્યને રાતદિવસ અનેક ચિંતાની હૈયાહોળીઓમાં ચવાવાનું, ને રાગદ્વેષમાં કચરાવાનું બને છે. જેવો જેવો પ્રસંગ ઊભો થયો, તેના તેના હિસાબે પોતાના દિલમાં અધમભાવ ચાલુ થયો. આત્મામાં ગર્ભિત રીતે ઘોર હિંસાની, જૂઠની, માયાની પરિણતિઓ ભરેલી છે. સામગ્રી નથી તેથી એ દબાઈ ગઈ છે. જેવો પ્રસંગ તેવો ભાવ ઊભો થાય છે. એમ **જેવો ભવ, તેવો ભાવ !** બિલાડીના ભવમાં ઉંદર મારવાનો ભાવ ! આ જુલમ કેવો ! **જીવ રાત્રિભોજન કરે ને હૈયાને કંઈ ડંખ નથી,** ને ધારો કે બિલાડી થયો, તો હવે ? કૉલેજમાં ભણ્યા વિના ઉંદર પકડવાની એમ.એ.ની ડીગ્રી ! પછી ત્યાં કોઈની શિખામણ ન ચાલે, રાતદિ' ઉંદરો પકડવાનું કામ ધમધોકાર ચાલુ ! એમ ગિરોળી થયો તો ભીંત-ઉપર માખી બેઠી એટલીવાર ! સતત નાના જીવોને કોળિયો કરી જવા ધ્યાન અને ધમાલ ! ત્યાં જનારો માનવ આ બધું અહીં ક્યાં શીખ્યો ? કહો, **'જેવો ભવ તેવો ભાવ !'** તેવા તેવા ભવમાં અંદર છૂપી રહેલી આ હિંસક લાગણીઓ અને હિંસાની કળા પ્રગટ થાય છે. સંસારમાં અનાથ દશા એ કરાવે છે.

**કર્મ આગળ અનાથ દશા ! :-**

આ બધાના મૂળમાં કારણભૂત કર્મની આગળ જીવની અનાથ દશા છે. કર્મને ભગવાનની પણ શરમ નથી ! જાણે એ પ્રભુને ય કહે છે કે તમને ય ન છોડું, વીર પ્રભુને તીર્થંકર બન્યા પછી પણ કર્મનું ઉઘરાણું આવ્યું ! જઘન્યથી કરોડ દેવતા સાથે રહે છે. પ્રભુ વિચરે છે, ત્યાં આસપાસ સવાસો યોજનમાંથી મારી-મરકી વગેરે ઉપદ્રવ દૂર થાય છે, છતાં ગોશાળાની તેજોલેશ્યાની પ્રદક્ષિણા માત્રથી દાહની પીડાથી પ્રભુ પોતે હેરાન થાય છે ! પોતે તો વીતરાગ છે. તેથી આમાં જરાયે વ્યાકુલ નથી બનતા, છતાં શિષ્યથી જોયું જતું નથી. **'મારા આત્મોદ્ધારકને, મારા દેવાધિદેવને આ પીડા ! તેમને પીડા એ અમને પીડા.** અનંતકાળથી સંસારમાં અનાથપણે રખડતા જીવોને ઊંચકી બહાર કાઢનાર નાથને આ પીડા !' પ્રભુના એક શિષ્ય સિંહ અણગાર જંગલમાં જઈ રૂવે છે, પ્રભુ બોલાવી કહે છે, 'રડ નહિ. જા,



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મારા માટે ઔષધ તરીકે રેવતી શ્રાવિકાને ત્યાંથી બીજોરા પાક લઈ આવ.'

શિષ્ય છે, ભક્ત છે એટલે દિલને શાતા વળી. એ પણ શું માને ? **'ધન્યભાગ્ય મારા કે પ્રભુને મને આ અનુપમ લાભ આપ્યો !' શ્રી જૈન શાસનની આ બલિહારી છે કે ગુરુ આદેશ ફરમાવે એના પર શિષ્ય મહાકૃપા મળી એમ માને.** અહોભાગ્ય લેખે કે ગુરુએ મને આજ્ઞા ફરમાવી ! **જ્યારે આત્મામાં સંસારનાં વલણ છૂટી મોક્ષનાં વલણ જાગે છે, મોક્ષની દિશાની લગની લાગે છે, ત્યારે સંસારના હિસાબ ફરી જાય છે, હવે કર્મક્ષયના હિસાબ ગણાય છે.** એટલે એમ માને છે કે ગુરુઆજ્ઞા તો મહાન કર્મક્ષય કરાવનારી છે. એ જેને મળે એ ભાગ્યશાળી જીવ જાણવો.' સિંહ અણગાર હરખમાં આવી ગયા, રેવતીને ત્યાં પહોંચી ગયા.

**પ્રભુ શ્રી મહાવીરદેવ પર માંસાહારિપણાનો આક્ષેપ :-** ખૂબી જુઓ કે અહીં દૂધમાંથી પોરા શોધવા મથનારા આજના કહેવાતા ભણેલાઓ મહા અહિંસાવાદી જૈન ધર્મમાંથી માંસાહાર કાઢવા 'માર્જારથી કરાયેલું એટલે બિલાડીથી મરાયેલ કુકડાનું માંસ તું લઈ આવ;' એ અર્થ કરે છે ! આ અર્થ કેટલો અસંગત છે એ વિચારો. પ્રભુને બાળી મૂકવા મૂકાયેલી તેજોલેશ્યાએ પ્રભુના શરીરમાં ઉષ્ણતા કેટલી બધી ઊભી કરી છે ! તે મટાડવા શીત ઉપાય હોય કે ઉષ્ણ ઉપાય ? કુકડાના-શરીરમાં ગરમી કેટલી ? એની કામવાસના ઉગ્ર ! વળી, એની હગાર પડે. એની ગરમી એટલી બધી કે ગુમડાં ફોડી નાખે ! તો એના ઉષ્ણમાંસનો ઉપયોગ શું ગરમી શમાવે, કે ગોશાલાની તેજોલેશ્યાની ગરમીમાં વધારો કરે ? ખરી રીતે અહીં વસ્તુસ્થિતિ એ છે કે આ શબ્દો વનસ્પતિ શાસ્ત્રના છે; અર્થ એ છે કે 'વિરાલિકા નામની વનસ્પતિમાં સંસ્કારેલો બિજોરાપાક તું લઈ આવ' છે. સંસ્કૃત ભાષામાં શબ્દના અનેક અર્થ થાય છે. એમાંથી જ્યાં જે અર્થ સંગત હોય ત્યાં તે જ લેવાય. દા.ત.- સૈન્ધવના બે અર્થ છે, ઘોડો અને લૂણ, પણ જમવા બેઠેલો માણસ કહે છે, 'સૈન્ધવ લાવો,' ત્યાં ઘોડો અર્થ કરી ઘોડો હાજર કરે એ કેટલું બેહુદું ! એમ શેઠ બહાર જવા માટે નોકરને કહે છે, 'સૈન્ધવ લાવ,' ત્યાં નોકર લૂણ લઈ આવે એ કેટલું બેહુદું ! એવું જ અહીં પિત્તશામક બિજોરું ન લેતાં માંસાહારનો અર્થ લેવો એ અજ્ઞાન દશા છે. વર્તમાનકાળનાં ચેડાંની બલિહારી છે, કે ઝાડ પાનના જીવનેય ન અડવા સુધીની દયા પાળનાર-ઉપદેશનારા પ્રભુ મહાવીરદેવ જેવાને માંસાહારી ઠરાવાય છે !

**કર્મ આગળ આપણે કેવા અનાથ ! :-**

આપણી વાત એ છે કે પ્રભુને પણ કર્મની જોહુકમીથી તેજોલેશ્યા સહવી પડી તો શું ભગવાન એને રોકવા સમર્થ નહિ ? બીજી અનાથતા તમે જાતે



અનુભવી રહ્યા છો. કુટુંબ, પરિવાર, ધન, માલ, શરીર વગેરેની કેટલીય પીડા અને પરાધીનતા પરાણે ભોગવો છો ! એ અનાથદશા નહીં તો બીજું શું છે ? ઈચ્છા નહિ છતાં શરીરના રોગોની પીડા કેટલી ? મન નહિ તો પણ પરાધીનપણે નોકરી, અને અભિમાની, સ્વાર્થાંધ કે કકળાટિયું કુટુંબ કેમ ચલાવી લેવું પડે છે ? ઈચ્છા તો એવી છે કે પોતાનું ઘર અને કુટુંબ દેવ જેવું હોય ! ધંધો સ્વતંત્ર અને ધમધોકાર હોય ! પણ આ તો શું કરે ? મિંયા મશાલા વિના રહ્યા છે ! ઝુંપડીયા ઘરમાં કેમ રહેવું પડે છે ? ગરીબી શા માટે ભોગવવી પડે છે ? થઈ જાઓને શ્રીમંત ? પત્ની સારી જોઈને પરણી લાવ્યા, પણ એ નીવડી કુભારજા. તો કાઢી મૂકોને એને ? ના, એ તો ઘંટીનું પડ ગળે ઘાલ્યું, એ ક્યાં મૂકી આવો ? એંઠવાડની ચાટમાં બકરું ખાવા આવ્યું, પણ ચાટ પર તો કોઈએ ઘંટીનું પડ ઢાંક્યું હતું. એ કાણામાં જોર કરીને મોઢું ઘાલ્યું ને દૂધપાક પણ ચાટ્યો પણ પછી શું ? હવે જિંદગીભર **'गले में घंटी का पड लेकर घूमो.'** એમ અહીં અનાથ દશા એવી કે જિંદગીભર એ પત્ની વેઠી લેવી પડે છે. જીવની અનાથ દશા કેટલી ? કે એને ન ગમતા માતા, પિતા, પુત્ર, પતિ, પુત્રી, કાકા-કાકી, ભાઈ-ભોજાઈ, દેરાણી-જેઠાણી-નણંદ વગેરે કેટલાયની પીડા અને પરાધીનતા ભોગવવી પડે છે !

**શેઠ-નોકરની અનાથતા :-**

એથી આગળ જુઓ કે જે નોકરને પગાર શેઠ આપે છે, છતાં શેઠને એવા ય નોકરની કેટલીય અવળચંડાઈ વેઠી લેવી પડે છે ! શેઠની આ અનાથદશા ! ત્યારે નોકર જે શેઠનું ચામડાં તોડીને કામ કરે છે, તોય શેઠ એને લાત મારે, ગાળ-ટોણાં મારે, તો તે ખાઈ લેવાં પડે છે. મન મનાવી લેવું પડે છે કે 'પગાર આપનાર શેઠની ગાળ એ તો ઘીની નાળ છે.' મન રાજી નથી પણ શું કરે ? કોઈ રખેવાળ નથી, શરણ નથી. જુઓ જૂનો નોકર છે. તમારું બધું જાણે છે. ઈન્કમટેક્ષવાળાએ ૧૩ ની સાલમાં ૭ ના ચોપડા કઢાવ્યા. જો નોકર ચાડી ખાઈ આવે તો ટેક્ષ કલેકટરનું એસેસમેન્ટ મોટું આવે છે. એટલે નોકરને થાબડીને રાખવો પડે છે ને ? કહો જો, નોકર શેઠનું ચાટું કરે કે શેઠ નોકરનું ? અવસર આવે અહીં શેઠને નોકરની દાઢીમાં હાથ ઘાલવા પડે છે. આ શું છે ? અનાથ પરાધીનદશા !

એમ માલ માથે પડ્યો છે. અધકચરો ગ્રાહક મળ્યો. ના ના કહી રહ્યો છે, તો શું કરો ? એને ય ગમે તેમ સમજાવીને માલ માથેથી ઉતારવા મથો ને ? એ ન માને અને માલ માથે પડ્યો રહે એ અનાથ દશા નહિ ? દલાલ, વેપારી બંનેને ગ્રાહકની, કે ગ્રાહકને બંનેની ગુલામી કરવી પડે છે ! અનાથ દશાનું નાટક વિશ્વભરમાં ચાલે છે, તેનાં આ સેમ્પલ છે.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**ભવિતવ્યતા અને કાળ આગળ અનાથ દશા :-**

વળી જુઓ કે નિયતિ એટલે કે ભવિતવ્યતા અને કાળની આગળ પણ કર્મની જેમ અનાથ દશા કેવી ? ભગવાને પોતે જ નાલાયક એવા ગોશાલાને તેજોલેશ્યા શીખવાડી. શું આ ? ભવિતવ્યતા ! એની આગળ ભગવાનનું ય ન ચાલ્યું. એમ કાળ કાળનું કામ કરે છે ત્યાં જીવનું શું ચાલે છે ? ભલે ને રસાયણ ખાધા હોય, પણ ૪૫ વર્ષની ઉંમર થઈ, ત્યાં કાળા ભમર જેવા વાળ ધોળા થાય છે ! શરીરે કરચલીઓ પડે છે ! પુત્રનું મુખ જોવાની ઘણીય ઈચ્છા હોય છતાં ગર્ભ નવ મહિને જ પાકે છે ! શું આ ? કાળ આગળ જીવનો કોઈ બેલી નથી, જીવ અનાથ છે.

**મેતારજ કર્મ આગળ અનાથ ! :-**

એમ કર્મની આગળ મેતારજનો જીવ પૂર્વે ચારિત્ર પાળી દેવ થયો હતો, છતાં એ દેવને પણ પછી ભંગણીના શરીરમાં નાખ્યો. ત્યાં કોઈ બચાવનાર નાથ ન મળ્યો ! કર્મસત્તા જાણે કહે છે, 'મારું ધાર્યું હું કરવાની.' તે જ ભવમાં મોક્ષમાં જનારા મેતારજને ભંગણીના પેટમાં મોકલ્યો. પણ બીજા કર્મ સારાં તે ત્યાંથી જન્મતાં જ સારા શેઠને ત્યાં ટ્રાન્સફર મળ્યું. આઠ શ્રીમંત કન્યા સાથે સગાઈ થઈ હવે ભાઈ પરણવા નીકળ્યા. ત્યાં ભંગણી બજાર વચ્ચે એનો ઘોડા પરથી પગ તાણી કહે છે 'મારા રોયા હેઠો ઊતર હેઠો ! મારા પેટના ! આ નવી આઠને અભડાવવા નીકળ્યો છે ?' કેમ આવી વિટંબણા ? કહો કર્મ આગળ જીવની અનાથદશા છે.

**કાળ અને મિથ્યાત્વાદિ આગળ જીવ અનાથ :-**

કાળની આગળ જીવની અનાથદશા એવી કે જીવનો, અચરમાવર્ત કાળમાં, સહજ મળ યાને રાગ-દ્વેષનો જોરદાર ભાવમળ કેમે કર્યો શમે નહિ ! ભગવાનના સમવસરણ મળે તો પણ નહિ ! સહજ મળની આગળ જીવ અનાથ ! એમ જોરદાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અશુભ ભાવો, વગેરેની આગળ પણ જીવ અનાથ છે. એ અઢળક પાપ કરાવે છે, અઢળક કર્મો બંધાવે છે, ને દીર્ઘ સંસારમાં ભમાવે છે ! આમાં જીવનો કોણ બેલી ? કોઈ નહિ, માટે અનાથ !

**સાચા પુણ્યોદય કયા ? એની કદર કેટલી ? :-**

આ બધી વાતો પરથી વિચારજો કે વર્તમાન સ્થિતિ પામવા પછી આ કેવી વસ્તુ સાંભળવા-સમજવા મળે છે ! એની સાથે એ કારમી અનાથતાને દૂર કરવા જીવન સંગ્રામ ખેડનાર મહામુનિઓના કેવા સુંદર દૃષ્ટાંત જોવા મળે છે ! **આ કેટલો મોટો ભાગ્યોદય ! ત્યારે બીજા તુચ્છ પુણ્યોદય ઓછા હોય ને કુકા ઓછા**



**મળ્યા, ચીંથરા ઓછા મળ્યા, એમાં શું રોવાનું હતું !** રાત દિ' એની પોક શી મૂકવાની ! એ મળ્યું હોય તોય જો આવી અનાથ દશા હજી પૂંઠે ઊભી જ છે તો ભાવી દશા કેવી ? એનો ભયંકર ચિતાર તો જરા નજર સામે લાવો. **ધર્મભૂમિકાવાળા ભવમાં આટલા ઊંચા આવ્યા છો એની કદર કરો.** પછી બીજા લક્ષ્મી આદિના પુણ્ય કમી મળ્યા બદલ કોઈ રોદણાં નહીં રહે !

**દેવને પુણ્યોદયની ખામી ! :-**

દેવની પાસે ઘણું છે, પણ જુઓ છો એની અનાથ દશા ? સમોસરણમાં વાણી સાંભળે, પણ દેવભવના બંધનને કારણે એક નવકારશીનાય પચ્ચક્ખાણ નહિ ! એક સામાયિક નહિ ! રોજનાં સુપાત્રદાન નહિ ! કરોડો, અબજો વર્ષના આયુષ્યમાં એક દિવસનું ય બ્રહ્મચર્યનું વ્રત નહિ ! સમકિતી દેવ સમજે બધું ! ચાહે બધું ! ન કરી શકવાનો ખેદ બહુ ! છતાં કરી શકે નહીં ! તમે ઠેઠ સર્વવિરતિ સુધીના ભાવ જગાડી શકો એમ છો ! આવી રૂડી સનાથ દશા મળી છે ! આવો પુણ્યોદય જાગતો છે ! છતાં, કહો જો એની કદર કેટલી ? વ્રત-નિયમનું નામ સાંભળતાં શું થાય છે ? 'હાય, વ્રતની વાત આવી ! હાય બાધા ! અરે ! ઉપવાસ કરવો પડશે !' આજ ને ? શું એમ થાય છે ખરું કે 'હાય ખાવાનું હાય, પૈસા ! હાય, ભોગવિલાસ !' ના, તો કહો ધર્મની કદર કે શ્રદ્ધા-બહુમાન હૈયાના કયા ખૂણામાં છે ?

**સાચી આઝાદી ! :- જૈન શાસનના ત્યાગ, તપશ્ચર્યા એ તો સાચી આઝાદી છે !** ખરી સનાથ દશા અપાવનાર છે. **દુનિયાદારીમાં હાથ જોડી બેસી રહી ધન-ધાન્યની માત્ર શ્રદ્ધા કર્યે ચલાવી લો છો ખરા ? ના, તો પછી ધર્મમાં કેમ શ્રદ્ધાથી ચલાવી લો છો ? ભાન નથી કે ત્યાગ, તપ, વ્રત, નિયમ વગેરે નહિ હોય તો આહાર-પરિગ્રહાદિની ગુલામી અનાથ એવા પોતાના જીવને ક્યાં ફેંકી દેશે એનો પત્તો નહિ !**

**સંજ્ઞામાં અનાથ :-** આહારસંજ્ઞા, વિષયસંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, ભયસંજ્ઞા, લોકને સારું લગાડવાની સંજ્ઞા, ક્રોધાદિ કષાયોની સંજ્ઞા ! આ બધામાં જીવ કેવો અનાથની જેમ ટોલ્લે ચઢે છે ! ઘડી જંપ છે ? આઘો જાય, પાછો જાય, લાવ પૈસા, લાવ ખાવા, લાવ રૂપાળા રૂપ, ગીત..., બસ.' એ લતો પૂંઠે લાગી જ છે ! ગળ્યું મળ્યું ત્યાં ખાટાની લત ! ને ખાટું મળ્યું ત્યાં ગળ્યાની લત ! ઉનાળામાં ઠંડીની લગની, ને શિયાળામાં ગરમીની લગની ! એમ સો મળ્યા તો હજારની લગની ! ને હજાર મળ્યા તો લાખની લગની ! એવી ભયની લત ! વાત વાતમાં 'હાય શું થશે ? ખરચ વધશે તો, આવક ઘટશે તો !' કેટલા ભય ! કેવી કંગાલ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દશા ! એવી જ ગુસ્સાની લત ! રોફ કરવાની લત ! નવી નવી તૃષ્ણાની લત ! મમતાની લત ! ત્યારે લોકલત પણ ગળે વળગી છે ને ? ‘ચાર માણસ આપણને સારા કેમ કહે ! પછી ધર્મ ભૂલવામાં કપટ કરવામાં, જૂઠું કહેવામાં વાંધો નહિ !’ કેમ એમજ ને ? **સમુદ્ર જ્યારે રત્નો છુપાવી રાખી મડદાને બહાર કાઢે છે, ત્યારે પોતાને બુદ્ધિજ્ઞાન માનતો માણસ લોકસંજ્ઞાની ગુલામીમાં ગુણોને બહાર કાઢી દોષનાં મડદા અંદર સંતાડે છે !** એ લોકસંજ્ઞાને પનારે પડ્યો શું શું નથી કરતો ?

**ગારવમાં અનાથ દશા :-** જુઓ ત્યારે. ખાવામાં કુશકી હોય ને મૂછ ઉપર હાથ ફેરવે છે ! ‘અમે ખોટું ખાઈએ નહિ, બધું અપ-ટુ-ડેટ જોઈએ !’ આ શું છે ? **રસ ગારવ** છે ! એમ ‘કપડા અપ-ટુ-ડેટ જ જોઈએ !’ ‘પગે ન ચાલીએ, રીક્ષા જોઈએ ! મુંજી રહે એ બીજા ! આપણે તો ઠાઠથી રહીએ !’ આ બધો **ઋદ્ધિ ગારવ** છે. એમ **શાતા ગારવમાં** બધું સુખ શીલિયાપણા પર ગર્વ ! ‘છ વાગે ઉઠીને મજૂરી કરે તે બીજા ! અમે નહિ ! આપણે તો નિરાંતે આઠ-નવ વાગે ઊઠીએ !’ આ શાતા ગારવ છે.

**શલ્યમાં અનાથ દશા :-** ત્યારે ત્રણ શલ્યો આગળ તો જીવ સાવ રાંકડો બની બેસે છે. માયા, નિયાણ, મિથ્યાત્વ-એ ત્રણ શલ્ય છે, માસખમણના પારણે માસખમણમાં લાખો પૂર્વેના જંગી કાળના વહાણાં વહી ગયા, છતાં **અગ્નિશર્મા નિયાણશલ્યની આગળ અનાથ બની કેવા ભયંકર વૈર-વિરોધમાં તણાયો ! જમાલીને** ઘણું સમજાવ્યો ગૌતમસ્વામીએ; સમજાવ્યા છતાં મિથ્યાત્વ શલ્યના સકંજામાં ફસાઈ અનાથ બન્યો ! કંઈ અનાથ દશા છે જીવની ! **લક્ષ્મણા સાધ્વી** માયાનું શલ્ય રાખી એવી અનાથ બની કે ૮૦૦ કોડાકોડી સાગરોપમ ભવમાં ભટકી !

**દુર્ધ્યાનમાં અનાથપણું :-**

**તો દુર્ધ્યાનમાં કેવા છો ? સનાથ છો કે અનાથ ?** અનાથ ! આર્ત-રૌદ્રધ્યાન ઘણુંય નથી કરવું, પણ ન થાય એ માટે કોઈ બચાવનાર છે ? કંઈ ઉપજતું નથી ને ? જીવની આ ભારોભાર અનાથ દશા છે, છતાં તાનમાનમાં બરાબર ફરો છો ને ? એટિકેટમાંથી હાથ નથી કાઢતા ! ઉંદરને ખાવાના પાંચ દાણા મળે ને પૂંછડી પટ પટાવી પાછલા પગ પર ટટાર ઊભી છાતીએથી ઊંચો થાય છે ! ખબર નથી કે પાછળ અંધારામાં કાળો બિલાડો તાકી રહ્યો છે ! ‘તું મસ્ત થા, હમણાં તારો કોળિયો કરી જાઉં છું !’ એમ તમને જરા બે પૈસા મળે, ચાર છોકરા-છોકરી ને વહુઓ, રહેવા ઘર મળે, બસ **મસ્ત થાઓ છો ! પણ ખબર નથી કે હમણાં અનાથપણે મૃત્યુબિલાડો કોળીયો કરી જવા તાકી રહ્યો છે !** કેવી કરૂણ દશા



ભોગવી રહ્યા છો ! ઊંચામાં ઊંચા દેવાધિદેવ મળ્યા ! ઊંચામાં ઊંચા ગુરુ મળ્યા ! શ્રેષ્ઠધર્મ મળ્યો ! એને જીવી બતાવનાર ધન્ના, શાલિભદ્ર ને જંબૂસ્વામી જેવા આદર્શો મળ્યા ! છતાં એમને આદર્શ બનાવી સંજ્ઞા-ગારવ-શલ્ય-દુર્ધ્યાનથી છૂટવાની કોઈ ગરજ, કોઈ પુરુષાર્થ નહિ ! ‘અરે, આટલી ઊંચી આત્મકલ્યાણની સામગ્રીમાં ય મારી આ દુર્દશા !’ એમ હૈયે ભોંકાતું ય નથી ? આવી બધી જીવની અનાદિ કાળથી અનાથ દશા ચાલી આવી છે !

**દેવની દુર્દશા :-** દેવ જેવાને ય દુર્ધ્યાન ગળે વળગ્યું છે ! એનેય સુખસમૃદ્ધિ છતાંય ઈર્ષ્યા પીડે છે ! દેવીઓ રિસાય, માનતી નથી ! દેવ એનાથી દુઃખમાં ને દુર્ધ્યાનમાં શેકાય છે ! એમાં જોતજોતામાં દિવ્ય સુખના દહાડા વહી જાય છે ! છ માસ બાકી રહે ત્યારે વિમાન, વૈભવ, દેવીઓ બધું ય ઝાંખુ પડી ગયેલું દેખાય છે ! ત્યાં, જેમ તળાવમાં પાણી સૂકાઈ જતાં દિવસના તાપમાં માછલી શેકાય એમ શેકાય છે ! દુર્ધ્યાનનો પાર નથી ! આગળ ગંદી, ગોબરી ગર્ભની ગટરમાં પુરાવું પડશે એની કલ્પનાથી એ ધ્રુજી ઉઠે છે ! કલ્પાંતનો પાર નથી ! કોઈ બચાવનાર નથી ! કેવી અનાથ દશા !

**ગર્ભમાં અંધારું કેવું ? કોઈ વેન્ટીલેશન ખરું ? તાપ કેવો ? કે એરકન્ડીશન્ડ ખરું કે જે ઉનાળામાં ઠંડી ને શિયાળામાં હુંફ આપે ?** ત્યાંનો ખોરાક કેવો ? માતાએ ખાધેલા અને અંદરના પિત્તાદિ રસોથી બગડેલાનો જ આહાર ને ? દેવને આ દેખીને શું થાય ? ‘અરરર ! આ લોચા ખાવાના ! આ લોચાની અંદર જીવને પુરાવાનું !’ જન્મ્યા પછી પણ શરીર કેવું ધારણ કરી રાખવાનું ? માથાથી પગ સુધી નર્યું મળમૂત્ર, લોહી, ને હાડ માંસથી ભરેલું ! દેવતાઓને અવધિજ્ઞાનથી આ નજરે દેખાય પછી કેમ ન મુંઝાય ? **આખા શરીરને વિષે ચોક્ખા પદાર્થનો એક કણિયો જ્યાં ન દેખાય, ત્યાં ઉપરના અસ્તરથી તમે મોહો છો !** ‘વાહ, કેવું ગુલાબી શરીર ! કેવા ગફોલા જેવા ગાલ !’ છે કંઈ દુર્દશાનો પાર ? પેલા દેવને તો એવું સુંદર અંદર ને બહાર ચકચકતું મુલાયમ શરીર કે એને જો માણસ જુએ તો આશ્ચર્યથી પાગલ થઈ જાય ! માટે તો અહીં દેવ વિકુર્વેલા શરીરેથી આવે, મૂળ શરીરથી નહિ. ભરતચક્રીને દેવનું મૂળ રૂપ જોવા ઇચ્છા થઈ. ઇન્દ્રે એક આંગળી માત્ર દેખાડી ! પણ રૂપાળા ભરતચક્રીના ય ભ્રમર ઊંચા થઈ ગયા ! આ સૌંદર્ય વરસી રહ્યું છે ! ત્યારે એની લીલા કેવી ? અદ્ભુત ગીત, નૃત્યક્રીડા ! રત્નના મહેલ અને નન્દન વનની શોભા ! સદા માટે એક સરખો ઠંડો મીઠો પવન ! મીઠી સુગંધની મઘમઘતા ! કેવું ખુશનુમા વાતાવરણ ! પાછી ધંધા-ધાપાની કંઈ ચિંતા નહિ ! કોઈ મજૂરી નહિ ! તાળા-કુંચી નહિં ! ચોરાઈ જવાની ચિંતા નહિ ! આ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પુણ્યાઈવાળાને પણ ઈર્ષ્યા પીડે ! રીસ પીડે ! છેલ્લા છ માસ તરફડે ! ત્યાંથી ભ્રષ્ટ થઈ કાં તો પૃથ્વીકાયમાં, પાણી તરીકે, કે વનસ્પતિકાયમાં ! અથવા કૂતરા-બિલાડી તરીકે, કે કાં મનુષ્ય ગર્ભમાં પૂરાવાનું ! દેવતાને પણ અનાથ દશા છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩,તા.૨૧-૯-૧૯૫૭

# ૯ આધ્યાત્મિક પ્રવચન

**પૃથ્વીકાયાદિમાં અનાથદશા :-** તો પૃથ્વીકાયમાં અનાથપણે કેવું સહવાનું ? દુઃખ ને ત્રાસની પીડાનું પૂછવાનું નથી ! શ્રીઆચારાંગ સૂત્રમાં કહે છે કે પૃથ્વીકાયાદિ જીવોને છેદન-ભેદન અગ્નિમાં શેકાવા-બળવાનું એમાં કેવા દુઃખ ? જેમ કોઈ માણસ ભારે ગુન્હામાં આવ્યો ! રાજા હુકમ કરી એના આંખ-કાન-નાક કપાવી નાખે ! મોઢે ડૂચા મરાવી બાંધી જકડીને પીટાવે. તો એ માણસ કેવું દુઃખ સહે ? ચામડી છોલાવી ઉપર મીઠું નખાવે, કેટલો ત્રાસ ? બોલી શકાય એમ નથી, ને પીડાનો પાર નથી ! એ દશા પૃથ્વી, પાણીના જીવની ! છેદન, ભેદન, તાપણ, ક્ષારની ઘોર પીડા ! તેમ અગ્નિ-વાયુના જીવ સામસામા મારે ને મરે છે ! સગડી ધખધખે છે, ત્યાં વાયુ ફુંકાય છે ! બંનેની દુર્દશા ! ત્યારે વનસ્પતિની દુર્દશા ! તમે માનો છો આજે સારા ભીંડા, ટીંડોળા મળ્યા, પણ એ જીવતા છે કે મરેલા ? વાડીએથી ઉતર્યા એટલે મરી ગયા ? ના, ઘેર લાવીને શું કરો ? એને પંપાળો ? પૂર્વની ડોશીઓ બે ભીંડા ઊંચા કોરાણે મૂકતી ! કેમ ? અભયદાન ! આજે રસ્તામાં બીજાના બે ભીંડા પડી જાય તોય દેખનારને વળવળાટ થાય છે ! "અરે ! આની ઝોળી કેવી કાણી ? હાય, ભીંડા પડી ગયા !" એમ નથી થતું ને કે આ બે ભીંડાના જીવ કેવા ભાગ્યશાળી કે બચી ગયા ! ક્યાં ગઈ દયા ને અભયદાનની જૈન સંસ્કૃતિ ? બાર પર્વતીથિએ તમારા ઘરમાં આ એકેન્દ્રિય જીવોને અભયદાન ખરાં ? લીલી શાકભાજી નહિ, દળવા કરવાનું કે ધોવાનું નહિ; છે પર્વે પણ અભયદાન ? બસ ખાવા-પીવા, ને મોજમજાહ સાથે ઠસ્સો જાળવવાની તમન્ના છે ! ક્યાં ખબર છે એકેન્દ્રિય જીવોને અનંતત્રાસ થાય છે ! શાસ્ત્ર કહે છે નરકના જીવ કરતાં ય અનંતગુણું એકેન્દ્રિય નિગોદના જીવને દુઃખ ! એને બિચારાને અનાથપણે એ ભોગવવાનું ! એમ અનાથ કીડા-કીડી, માખી-મચ્છર, માકણ પીડાય છે ! એ બધી ઘોર અનાથ સ્થિતિમાંથી તમે બહાર નીકળ્યા તે શા માટે ?



**પશુ-પંખી તિર્યંચની અનાથદશા :-**

જીવ જાનવર થાય ત્યારે અનાથદશા કેવી ? થાકેલો, માંદો, કે ભૂખ્યો-તરસ્યો બળદ નથી ચાલતો તો ખેડૂત શું કરે છે ? 'ચાબુક ખાઈને પણ ખેડ.' એજ ને ? ઘોર ઉનાળામાં તરસ લાગી છે, હજી બે પાંચ માઈલ ચાલવાનું છે. બળદ ધીમો પડે તો ગાડાવાળો શું કરે છે ? અણીયારી ખીલી ઘોંચે છે ! લાકડીના પ્રહાર ઠોકે છે ! એક માઈલમાં કેટલી વાર ? ફર્લાંગે ફર્લાંગે કેટલાય પ્રહાર ને પરોણા ! ક્યાં હિસાબ છે ? ત્યાં બળદનું કંઈ ઉપજે ખરું ? બચે ખરો ? ના, આ અનાથદશા છે ! ઢોર સાવ નકામું થાય ત્યારે માલીક શું કરે છે ? નિર્દયતાથી કેટલાક પહેલા આબુ જેવા જંગલમાં મૂકી દેતા ! આજે કસાઈને વેચી મારે છે ! એમ સમજીને 'બિચારાનો જલદી પાર આવશે' કેટલું કારમું અજ્ઞાન ! ગામડાં ભાંગી શહેર કર્યા ! પશુની મજૂરીથી નભતા વેપાર ભાંગી યંત્રો પર વેપાર ઊભા કર્યા ! પછી પશુનું શું ? તો કે કતલખાને ! આજના માનવની કેવી આ દાનવદશા !

**નરકના જીવની અનાથદશાનું પૂછવું જ શું :-**

**ભવભાવના** ગ્રંથમાં સાંભળતા આંતરડા ઊંચા થાય, એવું નરકના દુઃખોનું વર્ણન ભર્યું છે ! નરકમાં ઓછામાં ઓછું ૧૦ હજાર વર્ષનું આયુષ્ય ! પછી તો વધતાં અસંખ્ય વર્ષોનું ! એમાં ક્ષેત્રની પીડા અંગાર વરસે એવી ! ત્યાંની ગરમીથી બળેલા-ઝળેલા જીવને અહીં ટાટાની ભઠ્ઠીમાં મૂકે તો ઊંઘ આવી જાય એવી ઠંડક લાગે ! ત્યારે વિચારો ત્યાંની ગરમી કેવી ! એ ક્ષેત્ર જ એવુ કે કુદરતી ગરમી ! તેમ, નારકોમાં પરસ્પર કાપાકાપી પણ ભારે ! શસ્ત્રો માટે આરમરી (શસ્ત્રાગાર)માં જવાનું નહિ, જમીન જ શસ્ત્રો પ્રગટ કરે ! ભાલો જોઈએ તો ભાલો ને તલવાર જોઈએ તો તે ! અરે ! ઝાડ નીચે ઊભો કે ઝાડ પરથી તલવારની ધાર જેવાં પાન પડે ! પરમાધામીના હાથે કરવતે વહેરાવાનું ! શિલા પર અફળાવાનું ! ભાલે ભેદાવાનું ! ને તલવારે કપાવાનું ! 'જૂઠું બોલતો'તો ? લાવ, જીભ એમ કરી ખેંચી કાઢે જીભ ! 'કામાંધ હતો ? લે' કહીને ધખધખતી લોઢાની પુતળી સાથે ભેટાવે ! મોંમાં ઉકળતું સીસું રેડે, તે યાદ કરાવી કરાવીને કે 'અભક્ષ્ય-અપેય બહુ ગમતાં'તા ? લે.' આવી બધી અનાથદશાની પીડા એને હોય છે !

**સહજ ભાવમળ આગળ જીવ અનાથ :-** આ બધાના મૂળ કારણમાં અનંતાનન્ત કાળથી ચાલી આવેલી **'સહજ ભાવમળની'** પરાધીનતા છે, એના કારણે આત્માની અશરણતા પ્રવર્તી રહે છે. સહજ ભાવમળ એટલે રાગદ્વેષની અનાદિથી લાગેલી પ્રબળવાસના. એ હ્રાસ ન પામે ત્યાં સુધી જીવનું કાંઈ ઉપજતું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

નથી. તીર્થંકરદેવ જેવા મળે છતાં મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય અને હિંસાદિ પાપો અશરણ એવા જીવને ગળે વળગ્યા રહે છે. તેથી જ સંસારચક્રને વિષે દુઃખ અને દુર્દશા સિવાય બીજું કંઈ જોવા મળતું નથી. આ સહજ ભાવમળમાં અનાથ દશા છે.

આ બધી વાતો વર્તમાન સુંદર સ્થિતિવાળા જન્મમાં સાંભળવા, સમજવા મળે છે. સાથે એવી કેઈ અશરણ દશાને ફગાવી દઈ પુરુષાર્થી બનેલા અને બનતા મુનિ-મહાત્માઓનાં એવાં દૃષ્ટાંત જોવા મળે છે કે જે જોઈને ભવ્ય પ્રેરણા મળે ! આ બધું કેવું ઉત્તમ પુણ્ય ! બે કુકા ઓછા મળ્યા, ચાર ચીંથરા ઓછાં મળ્યાં, માટીનાં મકાન અને માટીના શણગાર ઓછાં મળ્યા, એમાં શું રોવાનું હતું ? એવી પુણ્યની ઓછપ એ શોચનીય નથી, પણ જે મહા અનાથ દશા પૂંઠે લાગી છે, તે શોચનીય છે. દેવ જેવાને ભલે મહાવૈભવ-વિલાસ મળ્યા, છતાં સમકિતી દેવ એને બહુ રડતો નથી, પરંતુ જે ભગવાનના સમવસરણમાં જઈ પ્રભુની દિવ્ય દેશના સાંભળે છે, બધું સમજે છે, અને પાછો કેઈ મનુષ્યોને ચારિત્ર લેતાં જુએ છે, દેવ ભવના કારણે પોતે ચારિત્ર નથી લઈ શકતો, એવી અનાથ દશા એના હૈયે ડંખે છે. ધર્મ સામગ્રીનું પુણ્ય ઓછું હોવાનું એને ખટકે છે ! એની આગળ સ્વર્ગીય સુખ-વૈભવનાં પુણ્ય તુચ્છ લાગે છે. તેમ તમારે હવે દૃષ્ટિ ફેરવીને જીવનમાં ધર્મની ઓછપ તરફ દૃષ્ટિ નાખવાની છે. 'આપણે ધર્મ ઠીક ઠીક કરીએ છીએ એમ નહિ, ગુણ ઠીક ઠીક મેળવ્યા છે એમ નહિ, પણ હજી કાંઈ જ પામ્યા નથી. કેમ હવે પામું, હવે આગળ વધીએ !' એ ભાવ જાગતો રાખવાનો છે.

આ બધી ઢગલાબંધ અનાથદશા જોઈ. હવે એમાંથી અનાથીમુનિ મગધ દેશના સમ્રાટ જે મુનિના નાથ થવા તૈયાર થયેલા તેમને અનાથદશાનું કેવું ભાન કરાવે છે તે જુઓ. એ કહે છે,

## • અનાથી મુનિનું જીવન વૃત્તાન્ત •

**વૈભવી જન્મ :-**

હે રાજન્ ! અનાથ કે સનાથ કોણ એની તને ખબર નથી, તો મારી જ વિતક સાંભળ. કોશાંબી નામની મહાન નગરી છે. ત્યાં મારા પિતા વસે છે. એમની પાસે અઢળક સંપત્તિ. એમના પુત્ર એવા મારે, કહે, વૈભવવિલાસની શી કમી હોય ? એમને હું પ્રાણ કરતા અધિક વહાલો. યુવાવસ્થામાં આવતાં મારાં લગ્ન કરવામાં આવ્યાં. પત્ની પણ સારી, સુશીલ અને મારા પર અત્યંત રાગવાળી



મળી. સાથે મારા સ્વભાવમાં ભળી ગયેલી. હવે આમાં સુખશાન્તિની પૂર જ ઉછળે ને ? આવી સુખ-ભોગની છોળો ઉછળતી સ્થિતિમાં કોઈ કલ્પના ય થાય કે દુઃખના ડુંગરા ઊતરી પડશે ?

**ઘોરદાહ :-** પણ એક વાર બન્યું એવું કે હજી તો હું પ્રથમ વયમાં છું ત્યાં એકાએક મારી આંખમાં અતુલ વેદના થવા લાગી ! ઝાટકા અને બળતરાની પીડા ભયંકર ! પાછો આખા શરીરમાં વિપુલ દાહ થવા લાગ્યો. જાણે આગ સળગી ! એકેક અંગ બળબળું થવા લાગ્યું ! કોઈ ચેન નથી ! ત્રાસનો પાર નથી ! રાજન્ ! શું કહું તને ? વેદના આંખમાં તો એવી કારમી ઉપડી કે જાણે કોઈ ક્રોધથી ધમધમતો દુશ્મન કાનમાં અત્યંત અણીદાર શસ્ત્ર ભોંકી દેતો ન હોય ! અરે મારી કેડ અને માથું વગેરે એવા સળગી ઉઠેલા કે એની તો હું તને શું વાત કહું, પરંતુ મારી અંતરની બધી ય અભિલાષા પણ બળીને ખાખ થઈ જતી હતી ! આવી કારમી પીડા, અત્યંત વેદના અને ભયંકર ત્રાસ, મોંઢેથી કહ્યા ન જાય એવા હતા, કેમ કે એ દાહથી તો જાણે મારા ઉપર વજ્રપાત થઈને મારા અંગે અંગે દાહની, અગનની, લા'યોની જ્વાળાઓ ઊઠી હતી ! દુઃખની સીમા નહોતી !

**ઉપચાર :-**

કુટુંબ તો મારું મોટું હતું, પણ એ બિચારા બીજું શું કરી શકે ? મારા માતાપિતા વગેરે બધા જ આ જોઈ સમસમી ઊઠ્યા ! મારા પિતાએ તરત જ ત્યાં મોટા આયુર્વેદાચાર્યો, પ્રાણાચાર્યો, ધન્વંતરી સમા વૈદ્યોને બોલાવ્યા. એ લોકો પણ મારી ભયાનક પીડામય અવસ્થા જોઈ કમકમી ઊઠ્યા ! છતાં એમણે શરીર જોઈ તપાસી ઔષધોપચાર શરૂ કર્યા. બહારથી લગાવવાના મહાન શીતળ ચંદન વગેરેના લેપ અને અંદર ખાવાની કેઈ કિંમતી દવાઓના ઉપચાર શરૂ કરી દીધા ! પણ અહીં રોગ તો ઘટવાને બદલે જાણે વધી રહ્યો હતો ! તો'ય મારા પિતા નિરાશ થાય એવા નહોતા ! તરત જ મોટા મોટા વિદ્યા-મંત્ર-જડીબુટ્ટીના જાણકારોને તેડાવ્યા, મન્ત્ર-તન્ત્રના વિશારદોને ભેગા કર્યા ! એમણે બિચારાઓએ પણ પોતાની અમૂલ્ય શક્તિઓ મારી ઘોર પીડાઓ શમાવવા માટે ચલાવવા માંડી ! પણ બધું જ ફજૂલ ! કોઈ જરા જેટલો લાભ ન થયો ! અંગે અંગમાં સળગતી લા'યો જરાય ઓછી થઈ નહિ !

ત્યારે મહાનુભાવ ! જો, કે આવા મૃત્યુંજયો મારી યથાસ્થિત ચિકિત્સા કરી રહ્યા છે, છતાં મને દુઃખથી છોડાવી શકતા નહોતા ! આ હતી મારી અનાથદશા !


E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**કુટુંબમાં કોઈ બચાવનાર નહીં :-**

**पिया मे सव्वसारं पि दिज्जाहि मम कारणा ।**
**न य दुक्खा विमोयंति एसा मज्झ अणाहया ॥**

મારા પિતા હજારો લાખોનું ધન શું, સઘળો ય કિંમતી ખજાનો આપવા તૈયાર હતા ! વૈદ્યો, માન્ત્રિકો વગેરે પોતાની કળાના કુશળ કારીગર હતા, પૂરા જાણકાર હતા અને મારા પિતાએ એમને કહી દીધું હતું, 'આ મારા દિકરાને સાજો કરી દો ભલે એમ કરવામાં મારું બધું જ ધન ખરચાઈ જાય,' આટ આટલું ધન ખરચી નાખવા ભલે મારા પિતા તૈયાર હતા, અને ઉપાયો પણ તેવા કરાવ્યા, છતાં એ પિતા મને મારા દુઃખથી બચાવી શક્યા નહોતા, એ હકીકત છે. આ મારી અનાથ નિરાધાર દશા નહિ તો બીજું શું ?

માતાને તો મારી કારમી વેદનાથી શોકનો પાર નહોતો; જાણે મારાથી અધિક દુઃખમાં પોતે શેકાઈ રહી હતી ! છતાં તેથી મારે શું ? શું મારું દુઃખ જરાય એ ઓછી કરી શકી ? ના, એજ મારી અનાથદશા !

તો મારા નાના-મોટા ભાઈઓ, નાની-મોટી બહેનો મારી ચાકરી કરવામાં દોડાદોડ કરી રહ્યા હતા, મારા દુઃખે દુઃખી થઈ રહ્યા હતા, બધું ખરું, પણ મારું દુઃખ મિટાવી શકતા નહોતા, એ મારી કેવી અનાથદશા !

પત્ની તો મને જ પોતાના પ્રાણ ગણનારી, મારા પર મહાપ્રેમ વરસાવનારી, મારી ઈચ્છાને પૂર્ણપણે અનુસરનારી, એને તો આ મારું દુઃખ જોયું જતું નહોતું ! બિચારી કલ્પાંત કરતી હતી, એની આંખોમાંથી આંસુની ધારા ચાલતી ! પણ તેથી મારી પીડાની આગોમાં શી ઓછાશ ? ભલેને એ મારી પાસે ને પાસે બેસી રહી આંસુથી મારા હૃદયને ભિંજવી રહી હતી, પણ હું તો એ વખતે જંગલમાં કોઈ એકલો નિરાધાર પીડાય તેમ પીડાતો હતો ! પત્ની મારી ઢોંગી નહોતી, સ્વાર્થી નહોતી, નહોતી ખાતી, નહોતી પીતી, મારા જાણતાં શું કે અજાણમાં એ ભોજન ન કરે, સ્નાન વિલેપન બધું જ મૂકી દીધું હતું, કેવળ મારી પાસે ને પાસે બેસી રહેતી, સહજ પણ ત્યાંથી ખસતી નહોતી, આટલું કરવા છતાં હું તો દાહમાં એના એજ ગલોટિયાં ખાઉં છું, ઊંચો-નીચો થાઉ છું, બળુ બળું થઈ રહ્યો છું, એ શું ? એ મને દુઃખથી મુક્ત કરાવી શકી નહિ ! આજ મારી અનાથદશા !

**અનાથીને ભવ્ય જાગૃતિ આવી ! :-** અનાથી કહે છે, 'હે મગધાધિપ ! બધું જ ફોગટ નીવડતું જોઈ મને વિચાર આવ્યો કે અહો ! આ મારી લાચારી શા કારણે ? બીજા બધું જ આપે, પ્રેમ આપે, ધન-સંપત્તિ આપી દે, પોતાની કાયા તોડી નાખે, પરંતુ મને જો અત્યંત પ્રિય શાતા લેશમાત્ર પણ નથી આપી શકતા



તો ખરેખર મારું કોણ છે ? અને આ ઘોર અશાતામાં ઉઠીને ચાલતો થાઉં, મરી પરવારું, તો પાછી ભાવી અનંત સંસારમાં આવી દુસ્સહ્ય કારમી વેદનાઓ ઊભી જ છે ! ધર્મ વિના પરભવે સુખની આશા શી ? અનંત જીવોને અહીં અભયદાન, શાતાનાં દાન કર્યા વિના ભવાંતરે શાતાની આશા શી ? તો શું હું અહીં ય ગુમાવું અને પરલોકમાં ય ખોવાઈ જાઉં ? અહીં ય મારા પિતા વગેરે મને દુઃખથી બચાવી શકતા નથી, તો પછી આગળ મને કોણ બચાવવાનું હતું ? બચાવે તો એક માત્ર જિનેશ્વરદેવનો મહામૂલો ધર્મ બચાવે ! અતિ કિંમતી ચારિત્રજીવન બચાવે ! તો પછી, બસ, જો હું એક વાર પણ આ વિપુલ વેદનામાંથી છૂટું તો હું સીધો ચારિત્ર-દીક્ષા જ લઈ લઈશ ! આવી કારમી પીડાઓ શું, કે નાની પીડાઓ શું, પીડા માત્રમાંથી, દુઃખ માત્રમાંથી છોડાવી લેનાર મહા ક્ષમા માર્ગને, મહાન ઈન્દ્રિયનિગ્રહના માર્ગને, મહાન અહિંસા, સંયમ અને તપના માર્ગને, સ્વીકારી લઈશ ! શા માટે હવે આવી પ્રત્યક્ષ અને ભાવી અનાથ દશા ઊભી રાખું ? હવે તો જિનેન્દ્રનાથના ચરણે પડી જઈશ !'

હે ભાગ્યવંત ! આશ્ચર્ય જો કે આ ભાવનામાં હું ચઢ્યો ને મને ત્યાં કેટલા ય કાળથી દુર્લભ એવી પરમ ઊંઘ આવી ગઈ ! બસ, એક જ રાત્રિ વીતતાં તો મારી વેદના નષ્ટ પ્રાય થઈ ગઈ ! પીડાનો અંત આવ્યો ! બીજી બાજુ દિવસોના દિવસો ઊંઘ નહોતી આવી, તે આવી ગઈ એટલે સગાંવહાલાં પણ હર્ષિત થઈ ગયા, પણ તેમની ખુશી ક્યાં લાંબી ચાલે એવી હતી ?

પ્રભાતે ઊંઘમાંથી આંખ ખોલી. જાગતાં જોઉં છું તો હવે મને કોઈ આગ નહિ, કોઈ જ પીડા કે અશાંતિ નહિ ! અહાહાહા ! આ શું ! મનને થયું કે **'ખરેખર ! ધર્મસાધનાની ભાવના માત્રનો આ ચમત્કાર ! ચારિત્રના નિર્ણય માત્રનો જાદુ ! તો ચારિત્રનો તો કેટલોય પ્રભાવ !** તો હવે શો વિલંબ ! આ રોગ પણ એકાએક આવ્યો'તો, તો કાલનીય શી ખબર ? શો ભરોસો ? આ સંસારમાં જીવ વનવાસી ! જાણે જંગલનું હરણિયું ! ચારે કોર ભય ! માટે સાધુપંથે ચઢી જવું.' પછી તો ઉઠીને તરત જ સંસાર ત્યજી સાધુ દીક્ષાના ભવ્ય પંથે વિચરવા તૈયાર થયો !" પણ કહો જો, કુટુંબીઓના ગળે આ કેમ ઊતરે ? એ તો પાછા નારાજ થઈ જાય ! કહે, 'અરે ભાઈ ! આ તું શું કરે છે ! આટઆટલી વેદના શમ્યા પછી સુખભોગ ભોગવવાના મૂકી કઠોર કષ્ટમય ચારિત્ર લેવાની વાત કરે છે !!'

**મોહઘેલાને સમજૂતી :-** ત્યારે અનાથી જેવાએ એમ મોહાંધ કુટુંબીઓને સમજાવવું પડે છે કે 'આ તમે શું કહો છો ? હજી, ધનના ઢગલા અને વહાલાના વિસ્તાર છતાં કાલ સુધીની મારી અનાથદશા શું તમે નજરે નથી જોઈ ? ઠીક છે

આજે રોગ નથી, પણ શું આગળની ખબર છે કે કર્મ રાશીના કોથળામાંથી ક્યારે કયું બિલાડું બહાર પડશે ? નથી તો તમને ગમ, કે નથી મને ! મારે તમારે બધા માટે ડહાપણ એ છે કે એ બધી અનાથ દશાની વિટંબણાનો અંત લાવનારા રૂપાળા ચારિત્રના પલ્લે પડી જવું.

અહીં સ્નેહીઓ કહેશે 'એ ખરું, પણ ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થતો ? ચારિત્રના કષ્ટ કેમ સહશો ?'

ત્યારે મુમુક્ષુએ કહેવું પડે કે થાય ખરો, પણ કેટલો ? ઘર એટલે આરંભ-પરિગ્રહ અને રાગદ્વેષાદિ ભરેલુંજ ને ? એથી ઊધરે કેટલું અને ધર્મથી જમા કેટલું થાય ? પાપ આશ્રવોમાં ભવ તરફ પ્રયાણ કેટલું મોટું અને તોતડા-બોબડા અને ટૂંકા ધર્મથી મોક્ષ તરફ પગલાં કેટલા ? માટે જ કહો **ધર્મની ખરી મઝા અને, કેવળ જમાખત, એ ચારિત્રમાં જ મળે !** ત્યારે ચારિત્રના માટે જ શ્રાવકધર્મ એ કેડીનો માર્ગ, સાધુધર્મ એ ગાડા ચીલો, રાજમાર્ગ ! કેડીએથી રાજમાર્ગે આવવું જ પડે. બાકી કષ્ટની વાતમાં તો સંસારી અનાથીની દાહ-દશાના કષ્ટનું દૃષ્ટાંત મોજુદ છે. એ શું ઓછું હતું ? તેમ નરકાદિ ગતિઓનાં કષ્ટ ક્યાં કમ છે ? એની આગળ ચારિત્રનાં કષ્ટ કયી વિસાતમાં ? ક્યારે ય પણ કષ્ટ વિના કર્મનાશ ક્યાં થાય એવો છે ? ચિકિત્સાનાં કષ્ટ વેઠીને જ આરોગ્ય સુખ મળે છે.

અનાથી ઋષિ કહે છે, 'સગાંજનોને સવારે સમજાવી દઈ મેં ચારિત્ર લીધું. તો હવે હું જાતનો અને બીજાનો નાથ બન્યો; અરે, સર્વે ત્રસ સ્થાવર જીવોને અભયદાનના પટ્ટા લખી આપી એમનો હું નાથ બન્યો. તારા મનને થશે કે કાલે નાથ નહોતો, આજે એટલામાં શી રીતે નાથ બનાય ? પણ જો, કે આ જગતમાં અનાથતા કોણે ઊભી કરી છે ? જ્ઞાનીઓ કહે છે,

**अप्पा कत्ता विकत्ता य दुक्खाण य सुहाण य ।**
**अप्पा मित्तममित्तं च दुप्पट्ठिय सुपट्ठिओ ॥**

આત્મા પોતે જ પોતાના દુઃખ યા સુખનો કર્તા ય છે, ને લોપક પણ છે; પોતે જ પોતાની મિત્રતાનું યા શત્રુતાનું કાર્ય કરે છે. તે શી રીતે ? એક જ રીતે, કે **આત્મા દુઃપ્રસ્થિત બને તો પોતે જ દુઃખભાર નોંતરી શત્રુનું કામ કરે છે, સુપ્રસ્થિત બને તો સુખ નક્કી કરી પોતે પોતાના મિત્રનું કાર્ય કરે છે. દુઃપ્રસ્થિત એટલે ખરાબ ચાલવાળો, અસંયમી, સ્વચ્છંદી, સ્વેચ્છાચારી. ત્યારે સુપ્રસ્થિત એટલે સારી ચાલવાળો, સંયમી, જ્ઞાનીને સમર્પિત, સદાચારી.** કુચાલવાળો આત્મા પોતે જ વૈતરણી વગેરેના રૌરૌ નરકના ત્રાસ ઊભા કરે છે, સુપ્રવૃત્ત આત્મા પોતે જ નંદનવન આદિના દિવ્ય આનંદમય સ્વર્ગ ઊભા કરે છે. ચારિત્રમાં આત્મા સુપ્રવૃત્ત



બની પોતાનું અને બીજાનું ભલું કરનારો અને રક્ષણ કરનારો થાય છે, તેથી તે નાથ બને છે. યોગક્ષેમ કરે તે નાથ કહેવાય.

મગધરાજ શ્રેણિક સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે ! પોતાનો નાથપણાનો ગર્વ ઓસરી જાય છે. નજર સામે જાતની જ કેઈ અનાથતાની ભયંકર ભૂતાવળો ખડી થાય છે ! ત્યાં બીજાના નાથ બનવાની કલ્પના ઊભી જ ક્યાંથી રહી શકે ?

અનાથી મુનિએ તો પછી ત્યાં સાધુ બન્યા બાદ પણ બીજી કેટલીય અનાથતા કેવા કેવા કારણે ઊભી થાય છે તે બતાવ્યું. એમણે કહ્યું, 'હે રાજન્ ! જો, કે કેટલાક જીવો નિર્ગ્રન્થપણું એટલે કે સંયમ જીવન સ્વીકાર્યા પછી પણ બહુ ડરપોક બની સીદાય છે; મહાવ્રતોને હૃદયમાં બરાબર સ્પર્શાવતા નથી; આહારના રસોમાં આસક્ત બને છે; સમિતિ-ગુપ્તિનો કોઈ ઉપયોગ નથી, તપ અને નિયમથી ભ્રષ્ટ થાય છે, પરિણામે ઇન્દ્રિયોની ગુલામીમાં પોતાના આત્માને વિડંબીને ભવવૃદ્ધિ કરે છે, અનાથ એવા તેઓ સંસારને ક્યાંથી પાર કરી શકે ? એમ કુશીલ, મંત્ર-જંત્ર, દોષિત ભિક્ષા, વિષયાસક્તિ વગેરેમાં પડેલા ઝેરથી પણ મહા ભયંકરતા સર્જે છે ! પોતાનો એવો દુષ્ટ આત્મા જ ગળાવાઢ દુશ્મન કરતાં પણ કેઈ ગુણી ભયાનકતાઓ ઊભી કરે છે. બાજપક્ષીના શિકારની જેમ દુઃખદ દુર્ગતિઓનો શિકાર બની જાય છે; ભારે અનાથ બને છે.

આની સામે મહાત્મા અનાથીએ ચારિત્ર, ગુણસંપન્ન પવિત્ર પંચ આચાર, ઉત્તમ સંયમ, પાપસ્થાનોની સંપૂર્ણ અટકાયત, ઉગ્ર તપ, ઉગ્ર ઇન્દ્રિયદમન, દૃઢ વ્રત વગેરેથી નિપજતી મહાન નાથદશા બતાવી. સંસારમાં પોતાના આત્માનું જો સંયમન ન કર્યું તો આત્મા જ જાત માટે મહાદુઃખ ઊભા કરનારો અને સંયમન કર્યું તો જાતે જ મહાસુખ સર્જનારો બને છે; ને બીજાનો પણ રક્ષક નાથ બને છે. કહો જો, સંયમી સાધુ સુખી કે તમે સુખી ? સાધુને પગે ચાલવાનું તમે મોટરમાં બેસો છો, સાધુને વાળનો લોચ કરવાનો, તમે હજામત કરાવી શકો છો, સાધુને ઘર ઘર ભિક્ષા માટે ફરવાનું, તમે મનમાન્યાં ભોજન બનાવરાવી જમો છો, કોણ સુખી ? મન મુંઝાય છે, સાધુ દુઃખી એ કઈ જીભે બોલી શકાય ? ત્યારે સંસારીને જ્યાં રાત-દિવસ અજંપો ને વાતવાતમાં પરશવતા હોય, કોઈ તેવા રોગ-ઉપાધિ-ઉપદ્રવ આવે ત્યારે મહા અનાથ દશા દેખાય ત્યાં સુખી હોવાનો દાવો કેમ કરી શકાય ?

**શ્રેણિકની પ્રશંસા :-**

સાંભળીને રાજા ઠરી ગયો ! હાથ જોડીને કહે છે, 'મહાત્મન્ ! આપે તો મને સચોટ અને યથાર્થ વસ્તુદર્શન કરાવ્યું. આપનો મનુષ્યજન્મ સફળ થઈ ગયો,



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

આપનાં પુણ્ય સફળ થઈ ગયાં, ભગવાન જિનેશ્વરના માર્ગે ચઢી જઈને તો ખરેખર આપ જ સનાથ બન્યા છો ! આપ જ સકુટુમ્બ બન્યા છો. અમારા જેવા તો ભારે એકલવાયા અનાથ દશામાં સબડીએ છીએ. આપ તો સર્વ અનાથ જીવોના નાથ બન્યા છો ! અજ્ઞાનતાવશ, મોહમૂઢતાવશ આપને અનાથ સમજવાની અને આપના નાથ બનવાની મેં પહેલાં વાત કરી તેની હું ક્ષમા માગું છું. આપ મારા હિતશિક્ષક બનો એમ ઈચ્છું છું. આપને ધ્યાનમાં જે આ વિઘ્ન કર્યું અને તુચ્છ ભોગો માટે આપને મેં આમંત્રણ કર્યું તે મારો અપરાધ માફ કરજો. એમ કહી રાજાએ નિર્મળ ચિત્તે ધર્મના અનુરાગી બની રોમાંચિત શરીરે મુનિને પ્રદક્ષિણા દીધી; વંદન કર્યું, ને પરિવાર સાથે ત્યાંથી ચાલ્યો ગયો. મુનિ ગુણસમૃદ્ધ, મનવચન કાયાના દંડથી વિરામ પામેલા ને સમ્યક્ પ્રવર્તક બની પક્ષીના જેમ મુક્ત વિહારીપણે પૃથ્વીતલ ઉપર નિર્મોહી થઈ વિચરે છે. તમે પણ જીવનમાંથી અનાથ દશા દૂર કરી સ્વ-પરના નાથ બનો એ શુભેચ્છા.

❖ ❖ ❖

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૪,તા.૨૮-૯-૧૯૫૭

## (૧૦) આધ્યાત્મિક પ્રવચન

### • 'આજની તક' •

(એક જાહેર વ્યાખ્યાન)

**માનવભવનાં મહામૂલ્ય શાથી ? :-**

અનંત ઉપકારી જ્ઞાની ભગવંતોએ માનવભવનાં મહામૂલ્ય ગાયાં છે; કેમકે અહીં ઉત્તમ કોટિની તક મળે છે. આજે તમે મનુષ્ય છો ને ? તો જો તમે આજની તક જે મળી છે તેની ઊંચી કદર કરો, અને ઊંચો ઉપયોગ કરો તો તમારો આત્મા ન્યાલ થઈ જશે. ઊંચી કદર અને ઊંચો ઉપયોગ કરવા માટે પહેલા તો આજની તક શી એ સમજવું જોઈશે. એનું કારણ એ છે કે જેમ બીજે બને છે તેમ અહીં પણ માણસ જો ભળતી જ વાતને આજની મહાન તક સમજી મૂકે, તો એને તક તરીકે સમજ્યા પછી એ કાંઈ બાકી નહિ રાખવાનો. પરિણામે પોતાના જ આત્માની મહાન પાયમાલી સર્જાય એમાં શી નવાઈ ! સામાન્ય પ્રસંગ અને તકમાં આ તફાવત છે કે સામાન્ય પ્રસંગને સામાન્ય રીતે હાથ ધરાય છે, ક્યારેક જતો પણ



કરાય છે, ત્યારે તકને તો માણસ ચાહીને વધાવે છે, વિશેષરૂપે રસથી એમાં પ્રવર્તે છે. તેથી જો ખરેખરી તક સમજમાં લેવાય, તો રસપૂર્વક એને વધાવી લેવાનું બને, એને ઝડપી લેવાનું અને લાભ ઉઠાવવાનું બને.

**ભળતી તકો :-**

તમે જુઓ છો ને કે નાનો બાળ ખેલવાની અને ખાવાની તક કેવીક વધાવે છે, કેવીક ઝડપી લે છે ? નિશાળિયો બન્યા પછી પરીક્ષામાં સારા નંબરે પાસ થવાની તકનો લાભ ઉઠાવી કેવી કેવી મહેનત કરે છે ! મોટો થયો એટલે એના માબાપ જો કોઈ શ્રીમંત સારી કન્યાનું એના માટે કહેણ આવે તો એ તકને પકડી લેવામાં ગફલત કરે ખરા ? કન્યા સારી છતાં ગરીબની હોય કે રૂપાળી ન હોય તો એના કહેણને હજી તક નહિ સમજે. ખરી રીતે **સારાપણું ગુણ અને સંસ્કારની અપેક્ષાએ છે.** પરંતુ એ તો આત્માનું સારાપણું. પુદ્ગલ રસિયાને સારાપણું ચામડાના રૂપરંગમાં અને ધનમાલમાં લાગે છે, આત્માના ગુણો - ગંભીરતા, ઉદારતા અને સદાચારમાં નહિ, માટે તો એકલી કન્યા જ શું, મિત્ર, સ્નેહી વગેરે રંગે રૂપાળા અને પૈસે પહોંચતા જેટલા ગમે છે, તેટલા પ્રેમ અને બહુમાનથી કેવળ ગુણીયલ અને ધર્મિષ્ઠ મિત્ર-સ્નેહી નહિ. ધનવાન મિત્ર મળતો હોય તો તેને તો આજની એક ઝડપી લેવા જેવી તક સમજો છો, કિંમતી ચાન્સ સમજો છો. એથી જ પછી એનાં સ્વાગત, એની સાથે વાતચીત, એની સાથે ભોગ આપી મીઠો વ્યવહાર-એ બધું બજાવી લેતાં તમને આવડે છે. ત્યારે શું કદીય તમને એ ખ્યાલ આવે છે ખરો કે આ બધું કરવામાં કોઈ વડાઈ કે હોશિયારી નથી અને પરિણામ જોતાં એ કોઈ સાચી તક નથી ?

**સાચી તક :-**

**તક તો તે કે જે સ્વ-પરના આત્માને મહાન કલ્યાણકારિણી હોય અને એ મળી છે કે મળશે એવી શંકાસ્પદ હોય; અર્થાત્ દુર્લભતાવાળી હોય.** તો શું તમને એમ લાગે છે કે તમે આજે જેટલી તક વધાવી લો છો, એ બધી કલ્યાણ કરનારી છે ? દુર્લભ છે ? બાળપણું એટલે 'મા' 'મા' કરવાની જ તક ને ? યુવાની આવી એટલે રંગરાગ ઉડાવવાની જ તક ને ? ઘડપણમાં પુત્ર-પોતરાં સંભાળવાની જ તક ને ? માટે જ જાતે ય એમાં લીન અને બીજાને ય એમાં હોશિયાર બનાવવા ધખો છો, કેમ ખરું ને ? પણ એ તો કહો કે ત્યારે આત્મા તરફ દૃષ્ટિ નાખવાની, વાતવાતમાં આત્માને ધ્યાન પર લેવાની તક ક્યારે સમજવાના ? એક કવિએ કહ્યું,

**शैशवे स्यान्मातृमुखः, तारुण्ये तरुणीमुखः ।**
**वार्धक्ये स्यात्सुतमुखः, मूर्खो नात्ममुखः क्वचित् ॥**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અર્થાત્ જીવ બાળપણમાં માતાના સામું જ જોયા કરનારો, યુવાનીમાં યુવતીના સામે જ જોયા કરનારો, અને ઘડપણમાં પુત્રપોતરાં સામે જોયા કરનારો બને છે ! **પરંતુ એ મૂર્ખ જીવ જીવનના કોઈ પણ ભાગમાં આત્મસુખ, પોતાના આત્મા સામે જોનારો નથી બનતો ! એને વિચાર નથી આવતો, કે 'લાવ, અસલ તો મારો શાશ્વત આત્મા એજ ખરી ચીજ છે એના પુણ્ય-પાપ ઉપર અહીં અને આગળ ઉપર પણ સારું-નરસું મળવાનું છે; તો પુણ્ય વધારું અને પાપ ઘટાડું.** આ કરવાની તક તો અહીં મળી છે, કોણ જાણે કેટલીય મુશીબતે મળી હશે એને શા માટે ગુમાવી દઉં ? વેડફી નાખું ?' પુણ્ય વધારવાની અને પાપ ઘટાડવાની તક તો જ ઝીલાય ને, કે આત્મા તરફ દૃષ્ટિ રહે ? આજે તો માણસ છોકરાં ઉછેરતાં પણ કેઈ તકેદારી રાખે છે ? એજ કે માબાપનો કહ્યાગરો થાય, શરીરે સુખી થાય, કેળવાયેલો થાય, એને કન્યા રૂપાળી અને પૈસાવાળી મળે, સારો પુત્રાદિ-વિસ્તાર થાય. આત્મા ગુણની મૂર્તિ બને, અગાધ શાસ્ત્રજ્ઞાન મેળવે, શિવસુંદરીની સાથે લગ્ન કરવાના પુરુષાર્થ ખેડનારો બને, આવું આવું કંઈક ઝંખો ખરા ?... હવે આમાં, કહો તો ખરા, ઠેકાણું ક્યાંથી પડે ?

દુન્યવી સુખસંપત્તિ મેળવી લેવાની જ એક તક સમજવામાં માણસ હેવાન બને છે; સ્વાર્થાંધ બને છે, પોતાના અને બીજાના પરલોકને સરાસર યાદ નથી કરતો ! ખરે જ ! ક્યારે વિચાર્યું છે કે આંખ-મિચામણાં કરશો તો ય પરલોક તમને છોડવાનો નથી ? હજુ કાળ આગળ ઊભો છે તે કાંઈ બંધ થવાનો નથી. જવાનું ચોક્કસ છે. ક્યાં જવાનું છે તે પત્તો નથી, ક્યારે જવાનું તેની ખબર નથી, પણ જો પરમાત્માને ચરણે આત્માના સમર્પણ કરવા જોગું જીવન ન બનાવ્યું તો પછી કોઈ આધાર નથી. માટે તક સમજો, અઈમુત્તો ગૌતમ મહારાજાને વ્હોરાવીને એમની સાથે ચાલ્યો. ત્યાં જઈ પ્રભુ પાસેથી એવી તક સમજી આવ્યો કે ઘેર આવીને માતાની પાસે તક સાધી લેવા માગણી કરી. તક સમજો છો ને ? અહીં તમને તક મળી છે- શાની તક ? જન્મ-મરણના દુઃખ દૂર કરવાની, એ માટેનું આત્મામાં વાતાવરણ સર્જવાની. મૃત્યુ ક્યારે આવે તેની ખબર નથી. તો શું એને શરણે પડ્યા રહેવું ? 'હાય મરવાનું ?' એમ વલખાં મારવા નકામા છે. ફક્ત જન્મ લેવો ન પડે એવું કંઈક કરવાની જરૂર છે.

**જીવનશક્તિ અને પુરુષાર્થ લેખે લાગે છે ?-**

માણસ ભુલાવામાં પડે છે ત્યારે ખરેખરી તકને પકડી લેવાનું ભૂલી જાય છે, ને નિષ્ફળ તકને સાધી લેવા ફાંફા મારે છે પછી એની પાછળ જીવનશક્તિ અને ભગીરથ પ્રયત્નને એ બરબાદ કરે છે. લ્યોને તમારો જ દાખલો. તમારા જીવનમાં



હાલ એવી કેટલીય મુશીબતો હશે કે જે આજે દૂર થવી સંભવિત નથી. કહો જો, છે કે નહિ ? છે, ન ટળે એવી છે, છતાં ય એ ટાળવા દિન-રાત કેટલી બધી ઝંખના, વલોપાત, અને મહેનત કરો છો ? શું એ માનવ જીવનમાં મળેલી મોંઘેરી તક, અણમોલ જીવનશક્તિ અને ભગીરથ પુરુષાર્થ લેખે લાગે છે કે બરબાદ થઈ રહ્યું છે ? ત્યારે એ જુઓ કે અહીં જે સાધવાની, ને જેમાં પુરુષાર્થને અજમાવવાની ખરી તક છે, એ માટે જો મળેલી તક ઝડપી લઈ અમલી બનાવાય તો કેવાં અનેરા લાભ આત્માને વરે છે !

**ધનાર્જનની પાછળ :-** માનવ ભવમાં રૂપિયા ભેગા કરી લેવાની તક સમજતા મા, કેમકે એ તક અજમાવવા જશો ને પુણ્ય પાધરું નહિ હોય તો લેવાના દેવા થશે ! પુણ્ય સલામત હશે તો પણ રૂપિયા આવ્યા પછી (૧) એટલું પુણ્ય ઓછું થશે ! (૨) કમાઈ કરવામાં સેવેલા પાપો માથે ચઢશે ! (૩) રૂપિયા વધ્યાથી ચિંતા વધશે ! (૪) કલેશ-ટંટા વધશે ! (૫) નવાં પાપ વધશે ! (૬) પૈસા ખર્ચાતા જીવ બળશે ! એ ઉપરાંત પાછું (૭) એ અહીં પડતું મૂકીને પરભવે રવાના થવું જ પડશે ! આવું તો કેટલું ય છે ! તો કહો જો, એ ભેગું કરવાની તકને સુંદર તક કહેવી કે તકલાદી તક કહેવી ? એવી બીજીય બધી વિષય-ભોગાદિની તક પણ સુંદર તક કે તકલાદી તક ?

**ઉપાસનાની તક :-**

**ખરી તક, સુંદર તક તો શ્રી જિનેન્દ્ર પરમાત્માની ઉપાસના કરવાની તક છે.** આ તકને સાધવામાં આવે તો નિશ્ચિત લાભ છે. પેલી તક સાધવા જતાં તો કાંઈ કહેવાય નહિ કે લાભ થશે કે નુકસાન ! જ્યારે અહીં તો લાભનું નક્કી; અને તે લાભ પણ આ જીવનમાં જ નહિ, પરંતુ પરભવે પણ ખરો ! અરે ! પરભવે તો ઉચ્ચ કોટિના લાભ ! જુઓ એક જિનદર્શન માત્રની તક સાધી હતી તો નરસિંહને કેવા મહાન સંરક્ષણ મળ્યા !

## • નરસિંહની ઘટના •

**ભિખારીનું દુર્ભાગ્ય :-** એક નગરમાં એક ભિખારી રહેતો હતો. ભાગ્યનો અધુરો, તે ઘર ઘર લાજ મૂકીને ભીખ માગતો ફરે છે છતાં પેટ પૂરતું ખાવાનું નથી મળતું. એમાં એક વાર તો એવું બન્યું કે સામટા ૧-૨ દિવસ સુધી કંઈ જ ખાવા મળ્યું નહિ ! તો શું લોક કૃપણ હતા ? ના, તે વખતની આર્ય પ્રજા તો અતિથિસત્કારના મંગળકારી ધર્મને વરેલી હતી. પણ આ ભાઈસાહેબના દુર્ભાગ્ય એવા કે એની યાચના વખતે ઘરધણી કંઈક બીજા કામમાં ગુંથાયેલ હોય, અથવા



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

સમય વીતી ગયો હોય, કે બીજો કોઈ ઈર્ષ્યાળુ ભિખારી આ ભિખારીને ખડકી મહોલ્લામાં પેસવા જ દેતા ન હોય... આવા કોઈને કોઈ કારણે એને ખાવા મળ્યું નહિ. જ્યાં જીવના પુરુષાર્થ ઉપર ભાગ્યની આ ઉપરવટ છે, ત્યાં બીજાને શું દોષ દેવો ?

**મુનિનું ભવ્યદાન :-** ભિખારી કંટાળ્યો, બીજા નગર તરફ જવા નીકળ્યો. આ નગરની બહાર નીકળ્યો ત્યાં સદ્‌ભાગ્યે એણે મુનિને દેખ્યા ! મુનિ એટલે તો દયાની મૂર્તિ ! દુખિયારાનો વિસામો ! એમને જોઈ ભિખારી રડી પડ્યો.

મુનિ પૂછે છે 'શું છે ? કેમ રડે છે ?'

ભિખારી કહે છે 'બે દિવસથી એક દાણો પણ ખાવા નથી મળ્યો ! આમે ય પૂરું તો મળતું નહોતું, એમાં બે દિનથી કંઈ જ ન મળવાથી ત્રાસી ગયો છું. મને ભાઈશાબ ! કંઈક એવું કરી આપો કે જેથી ખાવાનું તો મળે.' જુઓ મહાન મુનિ મળ્યા છે, પણ એમની પાસે આવું તુચ્છ માગવાનું સૂઝે છે !!

મુનિ કહે છે, 'તું ભલો માણસ છે ! એમાં શું વળશે ? તારાં ભાગ્ય જ જો કુડાં હશે તો ત્રાસ તો ઊભો જ રહેવાનો; અને ખાવાનું તો જનાવર કે કીડા-કીડીને ય મળી રહે છે તો શું તને નહિ મળે ?'

'પણ બાપજી ! ખરું કહું છું હું તો કીડી કરતાં ય હીનભાગી છું. મને નથી મળતું.'

'એનું કારણ તું પોતે છે,'

ભિખારી પૂછે છે, 'હું ?'

'હા, તેં પૂર્વે ધર્મ નથી કર્યો, ને અહીં ખાવાનું મળવાનો હક કરવા નીકળી પડ્યો છે ! સમજી લે કે હજી ય ધર્મ નહીં કરે તો આગળ આથી ય વધુ હેરાન થઈશ ! અહીં તો તને ધર્મ કરવાની ખરી તક મળી છે !'

'પણ ધર્મ શું કરું ? મારી પાસે આ ભીખ માગી ખાવાના ઠીકરા સિવાય કશું જ નથી.'

મુનિ કહે છે, 'તે એવું ક્યાં છે કે પાસે કંઈ હોય તો જ ધર્મ થાય ? જો, તું દેરાસરમાં જિનેન્દ્ર ભગવાનના દર્શન કરી શકે કે નહિ ?'

'હા, એ તો હું કરી શકું. પણ એટલામાં શું વળે ?'

**'અરે ગાંડા ! જિનદર્શનના મૂલ્ય ઓછા આંક મા, એ તો મહાધર્મ છે ! પ્રભુનાં દર્શનથી દુઃખ ટળે છે; અસંખ્ય જન્મનાં પાપ તૂટી જાય છે ! ને મહાન પુણ્યના લાભ થાય છે ! યાવત્ આ ભયંકર ભવસાગરથી એ પાર ઉતારી દે છે !'**



'હેં ! એમ ? તો હું હવે, જાઓ, ખૂબ દર્શન કરીશ.'

મુનિએ એવું સુંદર ધર્મદાન કર્યું કે ભિખારીમાં હિંમત આવી ગઈ. પાછો ઉપડ્યો નગરમાં. એ નગરમાં અનેક જિન મંદિરો હતાં ! ભિખારી ભાવનાના ઉલ્લાસ સાથે પ્રભુનાં દર્શન કરે છે. ભીખ માગતો ફરે છે. ઓછું મળે છતાં સમય કાઢીને ય દર્શનનો સારો લાભ ઉઠાવે છે. કેમ ? તક સમજ્યો ! મનુષ્ય જીવનમાં ધર્મ કરવાની અનેરી તક મળી છે, એ કેમ ન સાધવી ?

વચમાં વચમાં જરાક ભાન ભૂલે છે તે એને મનમાં કોકવાર એમ થઈ આવે છે કે 'આટઆટલાં દર્શન કરું છું છતાં જોઈએ એટલું કેમ મળતું નથી ?' જીવનની લાલચુ દશા આ ખોટો વિચાર કરાવે છે. પાછું જીવને એ ભાન નથી રહેતું કે આવા કુવિચારથી હું પેલી સારી ધર્મપ્રવૃત્તિના ફળમાં નડે એવું નવું પાપ ઉપાર્જી રહ્યો છું ! ભિખારીને જો કે પાછો તરત વિચાર આવે છે કે 'અરે ! મેં આ શું વિચાર્યું ? ગુરુ મહારાજે મને વિશ્વાસ આપ્યો છે 'પ્રભુના દર્શનથી દુઃખ ટળે છે.' છતાં આ વારંવારના મેલા વિચારથી એણે કેટલાંક વિઘ્ન ઊભા કર્યાં. તોય દર્શનથી પુણ્ય એવાં ઉપાર્જ્યાં કે આગળ જુઓ, કેવા મહાન લાભ પામે છે !

**પુરોહિતની દાસીના પેટે જન્મ :-**

અહીં કર્મની વિચિત્રતા થાય છે કે એક બાજુ જિનદર્શન માત્રથી પણ પુણ્ય જબરું ઉપાર્જ્યું છે; એ રાજા બનાવનાર છે, પરંતુ બીજી બાજુ કર્મના મિશ્ર ઉદય એને મનુષ્ય જન્મ આપે છે છતાં નીચા સ્થાને ! આવી કર્મની વિચિત્રતાની ગુલામીમાં માણસે અભિમાન શા ધરવા ? તેમ, શા સારુ વિષયોના ભિખારી બની મહાન પુણ્યાનુબંધી પુણ્યદાયી જિનભક્તિ, ત્યાગ, તપસ્યા વગેરે કરવાની મળેલી મોંઘેરી તક ગુમાવવી ? આ ભિખારી મરીને આવ્યો એક રાજપુરોહિતની દાસીની કુક્ષિમાં ! નવ મહિને એનો જન્મ થયો ત્યારે પુરોહિત રાજદરબારે બેઠો હતો; એટલે એ સમાચાર તરત જ એને ત્યાં પહોંચાડવામાં આવ્યા. પુરોહિતે એ સાંભળતાં તરત જ ગ્રહોનો યોગ વિચાર્યો અને મહાન રાજયોગ જોઈ એનું મસ્તક હર્ષથી ચમકી ઉઠ્યું !

રાજા પૂછે છે, 'કેમ પુરોહિતજી ! કેમ કાંઈ ચમકી ઉઠ્યા ?'

**રાજા બનવાની ભવિષ્યવાણી -**

પુરોહિત કહે છે, 'મહારાજ ! શું કહું ? **અત્યારે યોગ એવો છે કે આ દાસીપુત્ર તમારી પછી રાજા થશે !'**

રાજા આ સાંભળીને ક્યાં ઊભો રહે ? એના દિલમાં આ હકીકતે કારી ઘા કર્યો ! મનને આઘાત પહોંચ્યો કે 'હેં ! આ હું શું સાંભળી રહ્યો છું ? શું મારો



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વારસદાર એક દાસીપુત્ર ? શું રાજવંશાવળીનો ઇતિહાસ આવો લખાશે કે બીજા રાજાઓની ગાદીએ તો ઉત્તમ રાજપુત્રો આવ્યા, અને મારા જેવા કમભાગી અને સત્ત્વહીનની પછી એક દાસીપુત્ર રાજા બન્યો ! ના, ના, હું પુરુષાર્થહીન નથી, આ છોકરાનો હું સત્વરે નિકાલ કરાવી નાખીશ.'

કહો, પ્રમોદભાવના અને ગુણાનુરાગ ક્યાં સસ્તા પડ્યા છે ! રાજા જેવો રાજા. સારી ખાનદાનીવાળો ગણાય, મનનો મોટો હોવો જોઈએ, એ જ ઈર્ષ્યામાં પડ્યો ! ક્રોધથી ધમધમવા લાગ્યો ! મહાન પુણ્યશાળીના જતન કરાવવાની વાત તો ક્યાંયે દૂર, ઊલટું એનો ઘાત કરાવી નાખવાની કાળી લેશ્યામાં ચઢ્યો ! માનવ જીવનમાં કોઈની વડાઈનાં શ્રવણ મળે એ આપણા માટે ગુણાનુરાગ અને પ્રમોદભાવના વિકસાવવાની સોનેરી તક છે; એના દ્વારા નિજના હૃદયના ઉજ્જ્વલી કરણ અને પુણ્યવૃદ્ધિ કરવાની તક છે. કોઈનું સારું જોવા-સાંભળવા મળે ત્યારે જ પ્રમોદભાવનાને અવકાશ મળે ને ? તે વિના પ્રમોદભાવના શી ? સાચી તક સમજો આ પાપભર્યા સંસારમાં આવી તક મળવી દુર્લભ, મહાદુર્લભ છે એ બરાબર ખ્યાલમાં રાખો, એને વધાવવાના મહાલાભ વિચારો. તો આ જીવમાં એવી કેઈ તક વધાવી લઈ ફળદાયી બનાવવાનું સરળ થશે. રાજા બિચારો અહીં એ તક સમજે છે કે ઠીક થયું છોકરો જન્મ્યો ને ખબર પડી, ને હું રાજા છું. આમ નિકાલ કરાવી દઈશ.

**બધાય તકવાદી ! તો ધર્માત્મા ? :-**

પુરોહિત ખુશ થતો ઘેર પહોંચ્યો, અને અહીં રાજાએ તરત મહેલમાં જઈ પેંતરો ગોઠવ્યો ! શાનો ? પેલા મહાન પુણ્યવાન આત્માનો ઘાત કરાવવાનો ! એક માણસને તૈયાર કર્યો અને સૂચવ્યું કે છોકરાને ઉપાડી જંગલમાં હતો-નહતો કરી નાખવો. કેટલી બધી નિષ્ઠુરતા ! વેળાસર પેલાનો નાશ કરાવી નાખવાની **ઝેરી તક સાધવા પાછળ દોષોના પોટલા જ હોય ને ?** ગુણ ક્યાંથી હોય ? **સારી તક તે કે જે ઝડપી લેવા પાછળ આત્મગુણોનો વિકાસ થાય.** રાજાએ ગોઠવેલો માણસ તક શોધે છે કે ક્યારે બાળકને ઉઠાવી જાઉં. ત્યારે બાળકે જિનદર્શનથી પુણ્ય ઉપાર્જેલું છતાં વચમાં વચમાં મન બગાડી બાંધેલા પાપ પણ તક શોધે છે કે ક્યારે ઉદયમાં આવું ! જોયું ? રાજા ય તકવાદી ! માણસે ય તકવાદી ! પાપકર્મ પણ તકવાદી ! અહો ! દુનિયામાં કેવું બધે તક શોધવાનું, ને તક સાધવાનું ધમધોકાર ચાલી રહ્યું છે ! દુનિયાની આ ઘટમાળમાં આત્મજ્ઞ ધર્માત્મા પુરુષ અહીં મળેલી આત્મહિતની અણમોલ તકને પિછાણી લે છે અને એ તકને સાધી લેવા ખડે પગે રહે છે. એ જુએ છે કે શું જડ, કે શું ચેતન, આખી દુનિયા જ્યારે પોતપોતાની



તક ઝડપી લે છે, તો પછી હું આ કિંમતી માનવજીવનમાં સ્વરક્ષાની મળેલી મોંઘેરી તકો શા સારું ન ઝડપી લઉં ? બધા ય તકવાદી, તો હું ય તકવાદી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૫,તા.૫-૧૦-૧૯૫૭

# (૧૧) આધ્યાત્મિક પ્રવચન

**શ્રી જિનદર્શનનાં પુણ્ય આગળ પાપ તકલાદી :-**

બાળકનું પાપ ઉદયમાં આવ્યું. પેલા માણસને લાગ મળ્યો; બાળકને ઉઠાવ્યું, અને લઈ ચાલ્યો જંગલ ભણી ! પણ તમને ખબર છે ને કે આ પાપ પેલાં શ્રી જિનદર્શનનાં પુણ્ય આગળ તકલાદી હતા ? એટલે એનું લાંબું શું ચાલે ? ગામ બહાર નીકળતાં પેલાને બાળકનું નિર્દોષ અને સુકોમળ મોં જોતાં દયા આવી ગઈ ! મનને થયું કે 'બિચારા આવા ગભરૂ બાળકને કેમ મરાય ?' તરત જ ત્યાં ઉદ્યાનમાં એક ઝાડ નીચે બાળકને મૂકી દીધું; અને પોતે ચાલ્યો ગયો. અહીં ખૂબી એ થઈ કે એ ઉદ્યાન કેટલા ય વખતથી સુકાઈ ગયેલું હતું, પણ આ બાળકના પુણ્ય પ્રભાવે છોડવા પુષ્પિત થઈ ગયા ! જે ઝાડ નીચે બાળક સૂતું છે ત્યાં ઝાડ પર મોટી ઘટા થઈ ગઈ. સવારે માળી આવે છે, ઉદ્યાનને વિકસેલું જોઈ ચમકે છે, કે 'આ શું થયું !' અંદર પેઠો ત્યારે વિકસેલા ઝાડ નીચે આ બાળકને જોયું ત્યાં સમજાઈ ગયું કે 'આ બધો પ્રભાવ આ કોઈ મહાપુણ્યવંતા બાળકનો છે ! ગમે તે કારણે આ અહીં મૂકાઈ ગયું હોય, પરંતુ મારે તો ભાગ્ય ઉઘડી ગયાં !' બાળકને તરત હરખભેર પ્રેમથી ઉપાડી લીધું ! ગદ્‌ગદ હૈયે છાતી સરસું ચાંપે છે, અને ઘેર જઈ પોતાની પત્નીને સોંપે છે ! કોણ આ બધી ગોઠવણ કરે છે ? પુણ્ય ! માણસનું પોતાનું ધાર્યું શું થાય ? એ તો **પુણ્ય સલામત તો સુખ સલામત ! અને ધર્મ સલામત તો પુણ્ય સલામત !** માટે જ જે અહીં વિવિધ રીતે ધર્મ કરવાની તક મળી છે, તેને ઝડપી લઈ ધર્મ ખૂબ ખૂબ સાધી પુણ્ય સલામત રાખવા જોઈએ. પુણ્ય એટલે બીજું સમજતા નહિ, પુણ્ય એટલે આત્માની ઉન્નત સ્થિતિ.

માલણ જુએ છે કે બાળક તો રૂપરૂપનો અંબાર છે ! એને હરખનો પાર નથી, છોકરો બે એક વરસનો થયો છે ત્યાં માલણ એને લઈને ફૂલો સાથે રાજદરબારે ગઈ. માલણના છોકરા તરફ પુરોહિતની દૃષ્ટિ પડી એના મોંઢા પર સામુદ્રિક લક્ષણ જોતા ચમકી ઉઠ્યો ! 'શું સરસ લક્ષણો !'

રાજા પૂછે છે 'કેમ પુરોહિતજી ! શું છે ? કોનાં સરસ લક્ષણ ?'



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પુરોહિત કહે છે, 'મહારાજ ! આ માલણનો છોકરો તો રાજા થાય એવાં સરસ લક્ષણ છે !'

રાજા ચોંકી ઉઠ્યો ! 'હેં ? શું કહે છે ?' મનને થયું કે આ પેલો છોકરો તો ન હોય ? ત્યારે હેં ! શું એને મારાએ મારી નાખેલો નહિ ? ગમે તેમ હોય પણ હવે વહેલી તકે એનો ઘાટ ઘડાવી નાખું; નહિતર જો, આ રાજા થવાનો હોય તો અહીં મારી જ ગાદીએ થાય ને ? શું આવો હલકો વારસદાર મારો ?'

જો જો રાજાની અધમાધમ વિચારણા ! માનવજીવનમાં શું આવી વિચારણા કરવાની તક મળી છે ? સામા નિર્દોષ જીવને પોતાનો સ્વાર્થ પૂરવા માટે ખત્મ કરી નાખવાની વિચારણામાં રમવાનું તો જંગલી પશુને ય આવડે છે; ગિરોલી બિલાડી જેવા શિકારી પ્રાણીને ય આવડે છે. માત્ર વિચારણા જ નહિ, પણ એની પાછળ તાક્યા રહેવાનું ય આવડે છે એને રાજા વિચારણા કરીને બેસી નથી રહેતો. ઉઠીને મહેલમાં જઈ એને મારી નખાવવાની તક શોધે છે, લાગ શોધે ! છે કાંઈ ફેર ? **પશુ ય પોતાના જીવનમાં બીજાને મારી નાખવાની તક શોધે, ને માણસ પણ શોધે, તો એવા માનવમાં માનવતા શી ?** અથવા કહો કે **બીજા જીવોને જીવન આપવાની તો આપણી ત્રેવડ નથી, તાકાત નથી; તો પછી જીવન લૂંટવાનો અધિકાર જ શાને ?**

રાજા અબુઝ છે, માને છે કે મારું ધાર્યું કરી લઉં. પણ ખબર નથી બિચારાને કે **ઉત્તમ જન્મની વિશેષતા તો અભયદાન છે, મૃત્યુદાન નહિ. સુકૃત સેવન છે, દુષ્કૃત સેવન નહિ.** ત્યારે આ વિશેષતા અજમાવવાની તક પણ મૃત્યુ નથી આવ્યું ત્યાં સુધી જ ને ? જન્મ્યા એટલે મરવાનું તો છે જ; જન્મ ટાળો તો જ મૃત્યુ ટળે એમ છે; તો જ પરમાત્મા બની સંસારથી સદા મુક્ત બનાય એમ છે. એ બનાવવાની તક અહીં છે. પણ એ માટે **સુકૃત સેવનમાં** લાગી જવું જોઈએ. તો કહો એ તકનો બરાબર ઉપયોગ કરો છો ને ?

**સવારથી કાર્યવાહી શું ચાલી છે, જન્મને વધારવાની કે ઘટાડવાની ?** ધારો કે અહીં જન્મતી વખતે દસ વખત જન્મવું પડે એવી સ્થિતિ હતી. તો હવે આટલું જીવ્યા પછી કર્મના ભાર ઓછા કર્યા કે વધાર્યા ?

**પ્ર.**- કર્મના ભાર ઓછા કર્યાનું શેનાથી સમજાય ?

ઉ.- જ્ઞાનીઓ કહે છે કે **આહારાદિ સંજ્ઞાઓ, ઈન્દ્રિયોના મનગમતા વિષયો, ક્રોધમાનાદિ કષાયો..., એ બધા કર્મવૃદ્ધિ કરે છે. જીવનમાં મદ, મત્સર, કલેશ, કલહ, અવિવેક, અનુચિત વર્તાવ, એ બધા દુર્ગુણો કર્મના ઢેર વધારે છે.** કૃતઘ્નતા, ક્ષુદ્રતા, વૈર વગેરે કર્મના થોક આપે છે. આ બધું જોઈને કહો આજ સુધીના



જીવનમાં શું શું કર્યું છે ? આ કે આનાથી ઊલટું ? જન્મ્યા કે ખાઉં ખાઉં, છેવટે ખાવા કાંઈ ન મળે તો ડુચો-અંગુઠો ચાવું. બાળપણથી આહારની આ લત શરૂને ? તો માનની લાગણી પણ બાળપણથી ચાલુ ને ? જો બચ્ચાને પૂછીએ 'કોણ ડાહ્યો ? બાપા કે તું ?' ત્યારે કહેશે 'હું.' અહંકારની લેશ્યા ત્યારથી તે પાછી રીતસર પોષાતી ચાલી ! આવી તો કેઈ પાપપ્રવૃત્તિઓ ! જો જીવન આવું જ હોય તો તેમાં ૧૦ ભવના ૫ થયા કે ૧૫ થયા ? તેનું માપ આ રીતે નીકળે. બાળપણમાં કષાયની માત્રા કેટલી, આજે કેટલી ? પૂર્વે ગુસ્સો કેટલો, આજે કેટલો ? 'આને-તેને ઉખેડી નાખું, એનું અભિમાન હું તોડી નાખું'-આવી જાતના અભિમાનની માત્રા પહેલાં કેટલી, આજે કેટલી ? કુટુંબીઓને પહેલાં 'મૂર્ખા છો, ગધેડા છો' વગેરે કેટલું કહેતા ? આજે કહો છો ? એ શું ? રોફ અને તુચ્છતા વધારે ને ? એથી ભવ વધે કે ઘટે ? તો આજે ખાનપાનના રસ ઘટ્યા છે ને ? પહેલાં ખટાશ કે મીઠાશ પર વધુ ધ્યાન જતું હતું, આજે ઓછું ને ? એ સિવાય જીવનમાં જિનેન્દ્રદેવ અને એમના સંઘ તથા શાસન પર ઉછળતી ભક્તિ અને અનન્ય શ્રદ્ધા કેટલી કેળવી ? વ્રત-નિયમ, તપ, ત્યાગ વગેરેમાં કેટલા મસ્ત રહો છો ? એ બધા ઉપરથી માપ નીકળી શકે કે ભવ કટ્ટી થઈ કે ભવવૃદ્ધિ. રાજાને ભવવૃદ્ધિની કોઈ ચિંતા જ નથી. છોકરાને કેમ મરાવી નાખું-એક લેશ્યા છે.

**બાલકનું પુણ્ય :-** રાજાએ એક મારાને તૈયાર કર્યો. એણેય તક શોધી ! એક સંધ્યા કાળે માલણના બાળકને ઉઠાવી ઘોડા પર બેસાડી લઈ ચાલ્યો જંગલમાં. પણ જિનદર્શનના મહાન પુણ્યનો ટેકો હોય ત્યાં ભય શો ? ખુનીનાય દિલ પિગળી જાય. પુણ્ય ન હોય તો સારા દેખાતા માણસનીય બુદ્ધિ ફરી જાય ! જંગલમાં જતાં આ છોકરો ઘોડેસ્વારની દાઢીમાં પોતાનો કોમળ હાથ ઘાલી તાણે છે, અને કાલી ભાષામાં કહે છે, 'કાકા ક્યાં લઈ ચાલ્યા ? મને લાડવો આપશો ?' પ્રફુલ્લ બાળકની આ નિર્દોષતા, કોમળતા અને કાલાં કાલાં બોલ જોઈ ઘોડેસ્વારનું હૃદય દ્રવી ગયું ! પાછો ચાંદનીના તેજમાં બાળકનું મોઢું જુએ છે તો એ મહાન ભવ્યતા અને લાવણ્યભર્યું દેખાયું ! એથી મનમાં થયું કે અરે ! શું આવા છોકરાને મારી નાખવાનો ? ના, આ તો કોક નિર્દોષ ભાગ્યશાળી જીવ છે. રાજા કેટલો ક્રૂર કે આવા જીવને મારી નખાવવાનું સૂઝ્યું ? તો હું શું કરું ? પાછો જાઉં ? ના, એમાં તો રાજાને ખબર પડતાં મને જ પૂરો કરી નખાવે; અને પાછો છોકરાને બીજા મારાના હાથમાં સોંપે ! માટે આને અહીં ક્યાંક દૂર એવા સ્થાને મૂકી દઉં કે જ્યાંથી એને કોઈ બહારનો રખેવાળ મળી જાય !' **બાળકે પૂર્વ જીવનમાં ભિખારીનીય હાલતમાં જિનદર્શનની સાધી લીધેલી તકનો આ પ્રતાપ છે, કે ખુની પણ રખેવાળ**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

થાય છે !

**બાળક યક્ષમંદિરે :-** ઘણે દૂર દૂર ગયા પછી એક યક્ષનું મંદિર આવ્યું. ઘોડેસ્વારે જોયું કે આ ઠીક છે. અહીં કોઈ ને કોઈ ભક્ત માણસ આવશે ને આ છોકરાને લઈ જશે. બસ ! ઘોડેથી નીચે ઉતરી બાળકને લઈ ગયો મંદિરમાં, ને બાળકને કહે છે 'કેમ લાડુ ખાવો છો ને ?'

બાળક રોતડ નહોતો. જિનદર્શને એને નિર્ભીકતા આપી હતી, નિશ્ચિન્તતા આપી હતી. બાળ બોલે છે, 'હા'

'તો હું લાડવા લઈ આવું હો. બહુ લાડવા લાવીશ, બેસ અહીં' કહી ઘોડેસ્વાર મનોમન યક્ષને પ્રાર્થના કરે છે, 'હે યક્ષરાજ ! આનું જતન કરજો ભાઈશાબ ! હું તો પરાધીન છું, રાજાની હુકમથી આ સ્થિતિમાં મૂકાયો છું. પણ હવે હું કુટુંબવાળો છું, તે જાઉં છું.' એમ કહીને ત્યાંથી ચાલ્યો ગયો.

**વિધિના લેખ એટલે કે પોતાના જ ઘડેલાં કર્મના ઉદય શું કામ કરે છે ! આમાં માણસનું ધાર્યું શું ચાલે ? સારું ધારેલું વિધિ બગાડી નાખે, અને નરસું આવી પડેલું વિધિ સુધારી નાખે. માટે માણસના ગુમાન ખોટા, હર્ષ શોક ખોટા ! એણે તો સારી તક સાધવી રહી.**

**યક્ષ સ્વપ્ન આપે છે :-**

જિનદર્શનથી ઉપાર્જેલું બાળકનું ભાગ્ય જોર કરે છે, તે પેલો યક્ષ જાગતો દેવ છે તેથી આ બાળકની માત્ર રક્ષા જ નહિ, પણ એને સારી સ્થિતિમાં મૂકી દેવાનું શોધે છે ! ત્યાં એણે શોધી કાઢ્યું. બાજુમાં એક સાર્થવાહની પોઠ પડી છે. સાર્થવાહને દીકરો નથી. એને યક્ષ સ્વપ્ન આપે છે. જાને બાજુના મંદિરમાં કોઈ દેવકુંવર જેવો દીકરો છે, ને યક્ષ કહે છે 'લે લઈ જા, તારે છોકરો નથી તે છોકરો જોઈએ છે ને ? લઈ જા આ છોકરો.'

સ્વપ્ન પૂરું થયું, શેઠ ઉઠ્યો. પત્નીને જગાડીને શેઠ સ્વપ્નની વાત કરી કહે છે 'ચાલ, ચાલ, તૈયાર દેવકુંવર જેવો છોકરો અપાવું.' શેઠાણી તો આ સાંભળીને ગાંડી ને ઘેલી બની ગઈ ! 'હેં ! છોકરો ? હાશ ! મારા કોડ પૂરા થયાં ! ક્યારની હું ઝંખતી હતી, પણ પુત્રપ્રાપ્તિની તક નહોતી મળતી. આ ઠીક તક મળી !'

જગતમાં કેવી વિચિત્રતા ! બાઈને આ તક દેખાઈ કે 'પુત્ર મળો, તો ઘણું ઘણું.' આવી ને આવી જ તક દેખાય ત્યાં આ માનવ જીવનમાં ઉચ્ચ સાધનાની જે મોંઘેરી તક છે તે ક્યાંથી નજરે પડે ? જે ઉચ્ચ આધ્યાત્મિકતા કેળવવાની તક છે તે ક્યાંથી દેખાય ? જે માનવતાના ઉચ્ચ ગુણો ક્રમસર કેળવતા આવવાની તક છે તે શે સ્વપ્નમાંય ફરકે ? અહાહાહા, કેવી માનવની કંગાળ અને પામર



દશા ! પતિ-પત્ની ઉપડ્યા યક્ષમંદિરે.

**શેઠના ઘેર :-** અહીં બાળક પેલા ઘોડેસ્વારની રાહ જોતો બેઠો છે, પણ થોડી વાર થઈ, એટલે ધીરજ ખૂટી. ઉઠીને યક્ષમૂર્તિના ખોળામાં ચઢી બેઠો. મૂર્તિની **ફાંદ** પર હાથ પછાડી કહે છે 'કાકા, લાડવો આપો.' યક્ષને વાત્સલ્ય ઉભરાયું તે દૈવી પ્રભાવથી હાથ લાંબો કરીને માંહી લાડવો દેખાડી કહે છે 'લે લાડવો.' છોકરો તે લઈ મોજથી લાડુ ખાતો બેઠો છે, ત્યાં પેલા શેઠ-શેઠાણી આવી પહોંચ્યા. જુએ છે તો સાચે જ બાળક દીઠો ! કેવો લાગ્યો ? જાણે સ્વર્ગમાં સરકી પડેલો સેમ્પલ દેવ ! તરત જ પાસે જઈ બાઈએ બે હાથે ઊંચકી લીધો ! 'આવ, મારા દીકરા !' કહી આલિંગન દીધું ! યક્ષને ઓવારણ કીધા ! પતિ-પત્નીના હરખનો પાર નથી; કહે છે 'પુત્રનું નામ નરસિંહ હો.'

લઈ ચાલ્યા ઘેર ! મનને એવો હરખ છે કે 'હવે દેશ-દેશાન્તર ભટકીને શું કામ છે, જીવનનો અનુપમ લહાવો, મહાન તક, જે પુત્ર મેળવવાની, તે સધાઈ ગઈ, તો હવે તો બસ, એને જોઈ જોઈ ખુશ થવાનો, એને ભપકાથી ઉછેરવાનો, હૈયાની ઉલટથી એને રમાડવાનો આનંદ લૂટો આનંદ !' વિચારો, આજની તક આટલી જ ને ? આજની એટલે કે આ ભવની સાચી તક આ ? આ **રેતીમાંથી** તેલ કાઢવાનો ધંધો કે **તલમાંથી ? આમ ને આમ જ સાચી તક ગુમાવીને અનંતા માનવ ભવ બરબાદ કર્યા !** મોહના નશામાં ચઢેલા જીવને કોણ ઝાલી શકે ? કોણ રોકીને સાચી તકને સફળ કરવાના માર્ગે ચઢાવે ? પુત્ર પ્રાપ્તિ પછી પણ, આવડતે તો, સાચી તક છે એ પુત્રને ધર્મનો ફિરસ્તો બનાવવાની ! એવા પુત્રના કલ્યાણ માતાપિતા બનવાની ! જે જિનશાસનનો આપણને ધર્મદર્શન કરાવવાનો અનંત ઉપકાર છે, એ શાસનનો શક્ય બદલો વાળવાની અનુપમ તક છે. 'મારા ઉપકારી જિનશાસનની, આ પુત્ર દ્વારા, ભારે પ્રભાવના કરું.' ચાલુ છે ને આ તમારા જીવનમાં ? અહીં તો નરસિંહ પર મોહ કરવાનું ચાલુ છે. લખલૂટ ખર્ચથી એના ઉછેર થઈ રહ્યા છે, એને તો જિન દર્શનના પુણ્ય ફળ્યા છે. ક્યાં પૂર્વની ભિખારીપણાની દુર્દશા અને ક્યાં અહીં મહાશ્રીમંતાઈના ઠાઠમાં મહાલવાનું ! દુર્દશા દૂર કરવી હોય તો જિનને ભજવાની તક ખૂબ સાધી લો.

**કુદરતની અણમોલ ભેટ :-** જિનને ભજવાની સુંદર તક અહીં છે. એ માટે દર પ્રભાતે નવા મનોરથ કરો. ધ્યાન રાખો, માનવભવનો દરેક નવો દિવસ નવી તક આપે છે, એક અંગ્રેજ લેખકે લખ્યું છે કે જુઓ, પ્રત્યેક દિવસ એ કુદરતની અણમોલ ભેટ છે. When you rise up in the morning, you have a present, by nature, of a purse of new fresh 24 hours, notwith-



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

standing you have spoiled away thousands of past hours ! દર સવારે જ્યારે તમે જાગો છો ત્યારે કુદરત તમને નવા તાજા ૨૪ કલાકની ભેટ આપે છે. એ પૂર્વના હજારો દિવસના કલાક તમે કેવા બગાડ્યા એનો હિસાબ પણ એ નથી માગતી. એમ નથી કહેતી કે 'આટલો મારો માલ બગાડ્યો ? જાઓ, નવું નહિ મળે' એ તો જૂનું બધું ભૂલીને નવી ભેટ આપવા તૈયાર છે, એ ભેટનો સદ્ઉપયોગ નહિ કર્યો તો ભેટ ચાલી તો જવાની જ છે. જીવનમાં એમ થવું જોઈએ કે કેમ પળેપળનો ધર્મવેપાર કરું. વેપારના ઘણા નુસ્ખા છે. છેવટે 'નમો અરિહંતાણં'નું સ્મરણ, જાપ કે ધ્યાન તો બને જ ને ? મનને સજાગ દશા જોઈએ કે નવી સવારે આ માનવ જીવનમાં ગજબની તક મળે છે. ધર્મની ધૂન લગાઉં ! સુવાનું પણ એમજ નહિ કરું. ૧૫ ઝોકા ખાઈશ પછી સુઈશ. ત્યાં સુધી તો નવકારની ધૂન લગાવીશ એ માટે સ્વાધીન એવી અણમોલ તક હાથમાં છે. આવી સ્વાધીનતાનો ઉપયોગ ન કરતા પરતંત્રમાં તમે પીડાયા કરો છો એ કેટલી અજ્ઞાન દશા છે ?

**પરતંત્રતાનું મૂળ :-** કહો તો ખરા ઠામઠામ ઝીણી ઝીણી વાતની કેટલી પરતંત્રતા ઉઠાવો છો ? ત્યાં **વિચારવાની ફુરસદ નથી કે 'કેમ હું આટલી પરતંત્રતામાં પડ્યો છું ?'** એમાં પાછા **આજના ભીષણ જડવાદે માણસની જરૂરિયાતો વધારી દીધી છે તેથી પરતંત્રતાની બેડીઓ વધી છે.** વિચારો તો સમજાય કે પહેલાં એવો કાળ હતો કે ત્યાં ફુરસદ મળે તો ભગવાનના દર્શનથી, સામાયિકથી, સત્સંગથી, ઈત્યાદિ દ્વારા ઇન્દ્રિયો અને શરીરને ધન્ય કરાતા ! આજે ? કાંસકો ને દરપણ ! કલબ ને ક્રિકેટ ! નોવેલ્ટી ને નવલિકા ! પેપર ને પાનાં ! આજની ઊભી કરેલી જરૂરિયાતોએ કેટલી પરતંત્રતા વધારી દીધી છે ? ઇન્દ્રિયોની, કાયાની, સગાવહાલાની, સંબંધીની, દુનિયાદારીની,... એવી કેટલીય પરતંત્રતા ! સહુને સ્વતંત્રતા ગમે છે, તો સમજો કે આજની તક સાચા સ્વતંત્ર બનવાની છે. આજે એવા પણ શ્રાવક સાંભળ્યા છે કે કુટુંબના નિભાવ જેટલું જ કમાઈ ઘેર ચાલી આવીને સામાયિકમાં લીન બનતા ! ઘરાક ઘરે દોડતો આવી રોકડે માલ માગતો, તોય 'ના' કહેતા ! કેમ ? એટલા માટે કે વધારે પૈસા રાખવા ક્યાં ? એ માટે પાછી કબાટ તિજોરી રાખવાની ગુલામી ઉઠાવવી પડે ને ? પણ તમે તો આ સ્થાને પૂછવાના કે-

**પ્ર.**- પણ વધારે કમાઈને મૂક્યું હોય તો કામ લાગે ને ?

ઉ.- તો એ કહેતા કે 'ગમે ત્યારે લલાટ આપણી પાસે છે, પછી એવી ખોટી ચિંતા કરી ધર્મની તક કાં ગુમાવવી ?' હૈયું ખોલો તો ખબર પડે કે તિજોરી એ તિજોરી કે લલાટ એ સાચી તિજોરી ? તૃષ્ણા ને વધારી મૂકેલી સગવડોની ભૂખ



પાછળ આત્મા કેટલું ગુમાવે છે ! આ ખબર પછી અતિ અલ્પ જરૂરિયાત અનુભવમાં મૂકવા માંડો પછી ગમે ત્યારે કોઈ પૂછે કે,

'કેમ છે ભાઈ ?'

તો કહી શકશો "બહુ સારું છે."

'પણ હેં, કોઈ દુઃખ નથી ? કોઈ ફરિયાદ નથી ?'

'શા માટે ? ઇન્દ્ર જેવા ચરણે પડે છે એવા ત્રિલોકનાથ અને એમના શાસનની **છત્રછાયા** મળી છે. પછી દુઃખ શું ?'

તનથી કે ધનથી, માનો ને, કદાચ ભરપૂર સાધના, ચોવીસેય કલાકની સાધનાની તક ન મળી તોય છેવટે માનસિક ધર્મસાધનાની તો સુંદર તક છે જ, પછી બીજી ફરિયાદ શી ? પણ તમને જો આ તક નથી સમજાતી, નથી વધાવાતી, તો તમને તો કોઈ પૂછનાર મળવો જોઈએ, ઝટ દીનતા-હીનતા, નિરાશા-નિસાસો, ફરિયાદોનાં રોદણાં ને રાડો, પ્રદર્શિત કરવા માંડો છો ને ? ખબર છે કે આ કોની સામે ફરિયાદ છે ? કર્મની સામે. ત્યાં તમારું ચાલવાનું છે ? એ તો કર્મની સામે છાતી કાઢીને ચાલતાં આવડે તો જ ભગવાનના સાચા સેવક બની શકશો. ભગવાનનું શરણું સ્વીકારનાર એ કરી શકે છે. બાકી બીજા તો 'ધન-બાપા ! તમારું શરણ ! ધણિયાણી ! મારે તારું શરણ ! બજાર 'તારું શરણ !' આવું કરવાના. કેમ, આટલાં જ શરણ કે હજી બીજાના શરણ છે ? બોલો, બોલો, જલદી બોલો, કોનું શરણ ! કીર્તિનું શરણ, માનપાનનું શરણ, શાંતિ-સુખનું રાગ-રોષનું... કેટલાયનાં શરણ ! શરણ એટલે એના આધારે જીવન માનવાનું. આવા શરણમાં શોભા શી ? નિરધાર તો એ કરો, 'પ્રભુ ! તેં આ બધાની શરણાગતિને તિલાંજલિ આપી દીધી છે, તો હે નાથ ! એવું મારે મારા જીવનમાં જોઈએ, તને પ્રાર્થું છું કે જગતનાં શરણ મૂકી દેવાનું મારામાં તારા જેવું સામર્થ્ય ક્યારે આવે ! ક્યારે હું વીતરાગને સેવી વીતરાગ સર્વજ્ઞ બનું !' અરિહંતને ઓળખ્યા હોય ત્યારે આ તક ઓળખાય કે વીતરાગદેવ મળ્યા છે તો એમના આલંબને વીતરાગ બનવાની, એને એ માટે મહાવિરાગી બનવાની જે તક મળી છે તે ઝડપી લ્યો, સાધી લ્યો.

**નરસિંહને ફરી આપત્તિ :-** એક વખતનો પ્રસંગ છે; નરસિંહ પણ હવે મોટો થયો છે, તે શેઠ એને લઈને વેપાર અર્થે નીકળે છે; અને પાછા પેલા રાજાના નગરમાં આવે છે. રાજાની પાસે ભેટણું લઈને પહોંચે છે, ત્યાં પુરોહિતના કહેવાથી કહો કે આપમેળે કહો, રાજા નરસિંહને એ જ છોકરા તરીકે ઓળખી જાય છે, દિલમાં ચોંકી ઉઠે છે, 'હાય ! હજી આ જીવતો છે ? ને આ મારો વારસદાર થવાનો ? બસ, હવે બીજા હલકા માણસના ભરોસે કામ સોંપવાને બદલે એવી



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વ્યવસ્થિત યોજના કરું કે આનો અવશ્ય ઘાત થઈ જાય.'

**રાજાનું ષડ્યંત્ર :-** રાજાએ મનમાં ઘાટ ગોઠવી લઈ બહારથી એ શેઠ ઉપર ઘણો સદ્ભાવ બતાવ્યો, સન્માન કર્યું, ને એક જુદો મહેલ રહેવા માટે આપ્યો. પાછું રોજ બંનેને મળવા આવવાનું આમંત્રણ આપ્યું. શેઠને કે નરસિંહને શી ખબર કે આ એક પેંતરો છે ? એ તો સજ્જન, તે રોજ રાજાને મળવા જાય છે. રાજા પણ ખાસ કરીને નરસિંહ પર વધારે ને વધારે પ્રેમ બતાવે છે. એમ કરતાં મહિનો થઈ ગયો. શેઠે પોતાને વેપાર કરવો હતો તે કરી લીધો, એમાં પણ રાજાએ સારો ટેકો આપ્યો. હવે શેઠ પોતાના ઘેર જવા રાજાની રજા માગે છે. રાજા ગભરાયો કે 'હાય ! કામ તો થયું નહિ, ને તો શું આ છોકરો હાથમાં આવેલો જશે ?' એટલે શેઠને રોકવા માટે ખૂબ આગ્રહ કર્યો; પરંતુ શેઠનો નિર્ધાર જવાનો જ દીઠો એટલે હવે દાવ ફેંકે છે.

રાજા શેઠને કહે છે, 'એકાએક તમે બંને જશો ? હું તો ધારતો'તો કે સારું છે તમે અહીં સ્થિરતા કરી છે, પણ હવે એકદમ જ ઉઠીને જશો તો મને કેટલું બધું સુનું લાગશે ? એમ કરો, છેવટે છોકરાને થોડો વખત અહીં મૂકતા જાઓ. ધીમે ધીમે મારું મન હળવું થયા પછી એ ત્યાં આવી જશે. આમેય છોકરો કેટલો બધો વિનયી, પ્રેમાળ અને ગુણીયલ છે તો મને તો એના થોડો વખત પણ રહેવાથી બહુ આનંદ થશે !'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૬,તા.૧૨-૧૦-૧૯૫૭

## (૧૨) આધ્યાત્મિક પ્રવચન

રાજાએ એવી રીતે વાત મૂકી અને આગ્રહ કર્યો કે શેઠ કાંઈ બોલી શક્યા નહિ. પુત્ર નરસિંહ ઉપર પ્રેમ તો એટલો બધો છે કે એક દિવસ પણ એને છૂટો રાખવા દિલ નથી. પરંતુ અહીં રાજાનો મહેલ અને બીજી સગવડ ભોગવી છે, પાછો ખૂબ પ્રેમ કર્યો છે, એટલે શરમ પડી ગઈ. બીજાના અહેસાન નીચે આવવામાં બહુ વિચારવા જેવું છે. માટે તો કેટલીકવાર ચાલાક ગ્રાહક વેપારીની ચાહ-આઈસક્રીમ નથી લેતો. કોઈનું પેટમાં પડ્યું કે શરમ પડી સમજો. માટે જ **જ્યાં ત્યાં મફતિયું ખાવા-ચાટવાની તક ઝડપી લેનારાને પાછળથી પસ્તાવાનો પ્રસંગ ઊભો થાય છે. આજની સાચી તક તો એ કહેવાય કે સામાના કેઈ મફતિયા આમંત્રણમાં લલચાવાનું એક યા બીજા કારણે જતું કરાય.** આ જતું કરવાની તક



જો ન સાચવી તો સમજી રાખો કે અવસર આવ્યે સામાના પાપકાર્યમાં સહાયક થવું પડશે ! બીજાની ભારે માગણીના ભોગ થવું પડશે ! શેઠ ભોગ બન્યા, નરસિંહને ત્યાં મૂકવા પડ્યો ! એને ખૂબ ભલામણ કરીને શેઠ તો ગયા. નરસિંહ રાજાની પાસે રહે છે. એમાં રાજપુત્ર સાથે સારી દોસ્તી થઈ ગઈ. રાજા જુએ છે કે આ ઠીક છે. બરાબર બંનેની અતિ ગાઢ મિત્રતા એવી જામેલી જોઈ કે એક બીજા વિના રહી શકતા નથી. પછી રાજાએ રાજપુત્રને હુકમ કર્યો, 'જાઓ લશ્કર લઈને, ને અમુક રાજાને વશ કરી આવો.' રાજા મનમાં એમ સમજે છે કે 'આ નરસિંહ પણ સાથે ગયા વિના નહિ રહે, અને જશે એટલે લડાઈ પણ લડશે, ઊલટો રાજપુત્રથી આગળ થઈને લડશે, અને આમ પાછા વાણિયા ભાઈને ? તે સહેજે લડાઈમાં ખપી જશે ! ઠંડા પાણીએ ખસ જશે !' કેવી દુષ્ટતા !

**વિનાશને બદલે વિજય :-** રાજપુત્ર લડાઈ માટે તૈયાર થઈ ગયો. નરસિંહે પણ સાથે આવવા માગણી કરી. રાજપુત્ર કહે છે, 'તમે અહીં રહો, તમારું આમાં કામ નહિ,' પણ નરસિંહ ક્યાં છોડે એમ હતો ? એ તો આગ્રહથી સાથે ઉપડ્યો. બંને ગયા, સામા દુશ્મનને હાકલ કરી અને યુદ્ધ શરૂ થયું. રાજપુત્રે સજ્જનતાથી પહેલાં તો નરસિંહને લડાઈથી આઘો રાખ્યો, પરંતુ પોતે યુદ્ધમાં ફાવટ કરી શકતો નથી. એ જોઈને પરાક્રમી નરસિંહ યુદ્ધમાં ઊતરી પડ્યો. શસ્ત્ર વાપરવાની કળા જાણતો હતો, શૌર્ય હતું, પુણ્ય હતું, ધગશ હતી, બધાં કારણ ભેગાં મળ્યાં તેથી યુદ્ધમાં લડીને શત્રુને મહાત કરી દીધો ! વિજય ધ્વજ ફરકાવી દીધો ! બધાને હરખનો પાર નથી ! વિજયના સમાચાર રાજાને પહોંચાડવામાં આવ્યા.

**ખરેખરું કમભાગ્ય શું ? :-**

રાજાને જ્યાં નરસિંહના વિજયના સમાચાર મળ્યા ત્યાં એના મનને ખેદ અને ગુસ્સાનો પાર ન રહ્યો ! 'હાય ! હજી આ મર્યો નહિ ! ઊલટો વિજયી થઈને લોકપ્રિય બની બેઠો ! કેવા મારા કમભાગ્ય ! પણ હવે હું દુષ્ટનો વહેલો ઘાટ ઘડી નાખું છું ! હવે તો હરામીને સીધો જ મારા પુત્ર દ્વારા મરાવી નાખું છું ! લુચ્ચો શું સમજે છે ?' જુઓ ખૂબી. રાજા પોતાને કમભાગી માને છે, પણ પેલાનું પ્રબળ ભાગ્ય એની નજરમાં નથી ચઢતું એટલે વધુ ને વધુ ખૂનના પ્રયોગો કરવા ધસે છે ! ખરી રીતે તો સારું છે કે રાજા હજી સદ્ભાગ્યવાળો છે, કેમકે નરસિંહનો વિનાશ સર્જવાની મહાપાપની ઘોર તક હજી એ સફળ કરાવી શક્યો નથી ! પણ બિચારાને આ ક્યાંથી સમજાય ? **અને કમભાગ્ય કોને કહેવું ? નરસિંહને મરાવી શક્યો નહિ એને ? કે મરાવવાની ઘોર બુદ્ધિ થયા કરે છે એને ? ઉત્તમ ભવની આ બલિહારી, આ ભાવી સદ્ભાગ્ય ઉપાર્જવાની તક સમજો કે કુબુદ્ધિને જાગવા ન**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**દેવી, ને જાગે તો સદ્બુદ્ધિથી એને કચરી નાખવી.**

**નરસિંહને ઝેર દેવાનો હુકમ :-**

રાજા અજ્ઞાન છે, ઊલટું, 'હાર્યો જુગારી બમણું રમે,' એ ન્યાયે હવે પુત્રને સીધો હુકમ લખે છે, **'નરસિંહને ઝેર દઈ દેજો.'** પુત્ર મહા આજ્ઞાંકિત હોવાથી એને ખાતરી છે કે પુત્રને મન પિતા પહેલા, ને મિત્ર પછી. **પિતાને શું વિનયી પુત્ર મળ્યાની તકનું આ ફળ, કે એની પાસે નીચ કૃત્ય કરાવવું ? સામો આજ્ઞાંકિત મળ્યા પછી તો ઊલટી જવાબદારી વધી જાય છે; પોતાના સ્વાર્થને જતો કરી સામાના મહાકલ્યાણને સધાવવાની એ કલ્યાણ તક અર્પે છે !** આજની એટલે કે આ ઉત્તમ ભવની આ તક છે કે જ્યાં જ્યાં તમારું ઊપજતું હોય ત્યાં ત્યાં સત્કૃત્યો સધાવો. આ તક સાધી લેવાથી ઉભયના કલ્યાણ સિદ્ધ થઈ શકે છે. જેને વારંવારના જન્મ-મરણનો ખેદ છે, કર્મની શિરજોરીનો ડંખ છે, એ શું પોતાનાં કે શું બીજાનાં જન્મ-મરણ વધારવાનું કરે ? શું કર્મજાળને ફાલવા-ફૂલવા દે ? કર્મ સામે જંગ ખેલવાની આજની તક છે.

**કોણ બળવાન ? કર્મ કે આત્મા ? :-**

આ જગતમાં આત્માને કર્મના ભારે બંધન લાગ્યા છે. ચોરાશી લાખના ચક્કરમાં એ ભમાવે છે. કહો જો, બળવાન કોણ આત્મા કે કર્મ ? કહેશો આત્મા, તો ભગવાન શ્રી મહાવીરદેવને ચારિત્ર લેતાં જ કેમ ઉપસર્ગોની ફોજ ઊતરી પડી ? અરે, કેવળજ્ઞાન પામ્યા પછી જ તેજોલેશ્યાને કેમ નિવારી શક્યા નહિ ? ભલે એમણે ન નિવારી, દેવતાઓએ કેમ ન નિવારી ? કહેવું જ જોઈએ કે ભગવાનનાં કર્મ જોર કરતા હોય ત્યાં દેવોનું શું ચાલે ? **જે પ્રભુની હાજરી માત્રથી સવાસો યોજનમાંથી મારી-મરકી આદિ ઉપદ્રવો ભાગી જાય, જે જગત્ પરમાત્માના સેવનથી ભવમાત્રના રોગ ચાલી જાય, તે પ્રભુને છ માસ સુધી પિત્તનો વ્યાધિ !** કેમ ? કર્મ બળવાન છે. શ્રી તીર્થંકરદેવ જેવાનેય એના હિસાબ ચૂકવી દેવા પડે છે. કહો, ત્યારે કર્મ બળવાન ને ? પણ હા કહેતાં પાછો પ્રશ્ન થાય છે કે

**જો કર્મ બળવાન હોય તો આત્માનો મોક્ષ કેમ થઈ શકે ?**

**ત્યારે જો આત્મા બળવાન હોય તો શ્રી તીર્થંકર જેવાને ય કર્મ કેમ નડે ?**

હવે જવાબ દેતાં મુંઝવણ થાય છે, કેમ ? મુંઝવણ કરશો નહિ, **ભૂતકાળમાં પગભર કરેલાં કર્મ બળવાન છે. માટે ભલભલાને ય એનું દેવું ચૂકવવું પડે છે.** પરંતુ વર્તમાનમાં એના ઉદય ભોગવતી વખતે આત્મા બળવાન બની એને પોતાના વીર્યની સહાય ન કરે અર્થાત્ **પાપભરી પ્રવૃત્તિ ન કરે તો બિચારા નવાં કર્મ પગભર થઈ શકતાં નથી. આ દૃષ્ટિએ કર્મ કરતાં આત્મા બળવાન છે.** 'પૂર્વના કર્મ



ઉદયમાં આવી ગમે તેવી આપત્તિ આપો પણ હું નવા પાપના પુરુષાર્થ ન કરું, નવાને પેસવા ન દઉં, ચાવી મારી પાસે રાખું.' આ નિર્ધારપૂર્વક એકલો શુભ પુરુષાર્થ રખાય તો નવા કર્મનું કાંઈ જ ચાલતું નથી. આ નિર્ધાર જોઈએ, સતત જાગ્રતિ જોઈએ. માનવભવમાં આ જાગ્રતિની સુંદર તક છે; અને અવળો પુરુષાર્થ અર્થાત્ પાપપુરુષાર્થ ન કરવાની સાચી સોનેરી તક છે. **પોતાનાં પાપકર્મના ઉદયને આત્મવીર્યની સહાય ન આપવાની ઉત્તમ તક છે. એ માટે વિચારો કે કર્મસંયોગે દુઃખ ભલે ને આવ્યું. સંસાર છે એટલે એ તો આવે જ, પણ એમાં આત્માનું કાંઈ જ બગડતું નથી,** આત્માની ગુણસંપત્તિ અને ધર્મસંપત્તિ અખંડ રાખી શકાય છે. પ્રભુને કાનમાં ખીલા ઠોક્યા, પણ પ્રભુના આત્માનું હવે બધું બરાબર છે. ત્રિપૃષ્ટવાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં તપેલું સીસું રેડાવવાની પાપતકને વધાવી તો અહીં ખીલા ઠોકાયા, પણ અહીં પાછા **ખીલા ઠોકનાર ગોવાળિયા પર ગુસ્સો અને ઘા કરવાની પાપતક ન વધાવી, કિંતુ નીતરતી ક્ષમા-સમતા વરસાવવાની ધર્મતક વધાવી તો આત્માનું કશું બગડ્યું નહિ;** ઊલટું કર્મ કચરા સાફ થઈ ગયા, અને અંતે આત્માની અપૂર્વ વીતરાગ સર્વજ્ઞતાની નિર્મળ જ્યોતિ ઝગમગી ઊઠી.

**યક્ષ જાગતો, કે પુણ્ય જાગતું ? :-**

રાજાનો હુકમ લઈને માણસ ઉપડ્યો, પણ અહીં નરસિંહને જ્યાં **શ્રી જિનદર્શનથી નક્કર પુણ્યની મહાન ઓથ છે ત્યાં વાળ વાંકો શાનો થાય ?** ઊલટું નરસાનું સારું થાય, અવળાનું સવળું થાય. માટે જ આજની તક એવા પુણ્ય પગભર કરવાની છે. રાજાનો માણસ ચાલ્યો ખરો, પણ રસ્તામાં જંગલમાં જ અંધારું થઈ ગયું; તેથી એને રોકાવું પડ્યું. અંધારામાં ક્યાં ચાલે ? સમજ્યા ? **અજ્ઞાન અને મોહના અંધારામાં સદ્ગતિના સીધા માર્ગે ક્યાંથી ચાલી શકશો ?** માણસ રોકાયો, પણ ક્યાં ? પેલા યક્ષના મંદિરમાં ! જુઓ નરસિંહનું પુણ્ય નરસિંહની કોઈ મહેનત કે જાણકારી વિના કેવું ગુપ્ત કાર્ય કરી રહ્યું છે ! મંદિરમાં માણસ ઉંઘ્યો ત્યાં યક્ષ દિવ્યજ્ઞાનથી જુએ છે કે આ કોણ છે અને ક્યાં કેમ જઈ રહ્યો છે ! યક્ષ ચોંકે છે, 'અરરર ! મારા મહાત્મા પુત્ર પર આ આફત !' તરત જ લેખમાં ઝેરને સ્થાને રાજાની કન્યાનું નામ લખી દે છે અને કવરને બરાબર બીડી દે છે. કહો કોણ જાગતું ? યક્ષ કે નરસિંહનું પુણ્ય ? એ જ કહો કે પુણ્ય જાગતું છે તો યક્ષ જાગતો છે. સવારે માણસ ઉઠીને ચાલતો થયો; જઈને રાજપુત્રને તે કાગળ સોંપ્યો.

**નરસિંહના રાજપુત્રી સાથે લગ્ન :-**

અહીં એવું બન્યું છે કે રાજપુત્રની સાથે એની બહેન પણ યુદ્ધ જોવા આવી

છે. અપ્સરા જેવું એનું રૂપ છે, એવી જ કળા અને ગુણની ખાણ છે; એટલે રાજાએ હજી યોગ્ય પતિ મળવાના અભાવે એના લગ્ન નથી કર્યા. **આમાંય નરસિંહના પુણ્યનો સંકેત તે આ વિલંબ એની તરફેણમાં ઊતરે છે !** રાજપુત્રે પિતાનો નરસિંહને બહેન દઈ દેવાનો પત્ર વાંચ્યો. એને તો એમ થયું, 'અહો ! પિતાજી કેવા કદરદાન કે આ ખરેખરો હુકમ કર્યો.' તરત જ એણે ત્યાં વિવાહ-મહોત્સવ માંડ્યા અને ભારે દબદબાથી બહેનને નરસિંહ સાથે પરણાવી દીધી. બહેનને પણ આવા મહાપરાક્રમી અને મહાગુણિયલ પતિ મળવા બદલ હર્ષનો પાર નથી. ત્યારે રાજાને મનમાં હવે ભારે નિરાંત છે કે નરસિંહ ખલાસ થઈ ગયો હશે. સંસારની કેવી વિચિત્રતા ! બાપ-દીકરો બંને જુદી દિશામાં આનંદ માણે છે !

**યુગલ રાજાના ચરણે :-**

હવે તો અહીં બહુ બેસી રહેવાનો અર્થ નથી; તે રાજપુત્ર બધું લ્હાવલશ્કર અને બહેન-બનેવીને લઈને નગર તરફ પાછો આવે છે. રાજા વિજયનું સ્વાગત દેખાડવા નિમિત્તે મોટું સામૈયું કરાવે છે અને પોતે સામો આવે છે. ખરી રીતે એને વિજયનો જે હરખ નથી તે નરસિંહના ઘાટ ઘડાઈ ગયા જોવાનો હર્ષ છે. મન તલસે છે, 'જઈને પુત્રને શાબાશી આપું કે તેં ઠીક નરસિંહને ખત્મ કરી નાખ્યો.' પાછો રાજપુત્રને આની પાછળનો અંતરનો ખુલાસો કરવા દિલ આતુર છે, પણ અહીં તો વાત જુદી જ બની છે. એટલે એના તરંગ અને તલસાટ ક્યાં સુધી ? જેવો એ નગર બહાર રાજપુત્રને ભેટે છે, ત્યાં નરસિંહ અને કન્યા રાજાના પગમાં પડી નમન કરે છે.

રાજપુત્ર હરખાતો મલકાતો પિતાને કહે છે, 'પિતાજી ! આપે ખૂબ સરસ કદર કરી, કે નરસિંહને બહેન દઈ દેવાનો મને આદેશ કર્યો.'

રાજાનું તો આ સાંભળતાં જ હૈયું ધ્રુજી ઉઠ્યું છે ! પણ આ આગળ ચલાવે છે, 'આપનો એ આદેશ પત્ર મળતાંની સાથે જ મેં બંનેના લગ્ન કરાવી દીધાં અને જુઓ તો ખરા કેવું સરખે સરખાનું યુગલ દીપે છે ! બેન ભારે રૂપ, કળા અને ગુણનો ભંડાર, તો નરસિંહભાઈ પણ જુઓને ક્યાં ઊતરે એમ છે ? અને આ તો આપની મહાન કદર કે...'

રાજપુત્રનું આ લેક્ચર સાંભળવા-સહવાની રાજાને ધીરજ જ ક્યાં છે ? 'હવે ચાલો ચાલો મોડું થશે' એમ કહીને ઉતાવળે બધાને ત્યાંથી મહેલમાં લઈ આવે છે. ખાનગીમાં રાજપુત્ર પાસે પેલા હુકમનો પત્ર માગે છે.

**હાર્યો ય રોકાય તે ભાગ્યશાળી :-**

રાજપુત્રે તરત જ પત્ર આપ્યો અને રાજાએ તે વાંચ્યો, તો બરાબર ઝેરના



સ્થાને પોતાની કન્યાનું નામ દીઠું. પોતે જ પોતાના મનમાં વહેમાયો કે 'અરે ! શું મેં જ આવી ગરબડ કરી નાખી ? ત્યારે બીજું તો કોણ કરે ? કેવો હું ઉતાવળિયો કે પત્ર લખીને મેં બરાબર વાંચ્યો ય નહિ ? હાય, વિધિ કેવો ક્રૂર છે કે મારા હાથે જ ઊંધું મરાવે છે !' તો ચેત ને ? ના, **ચેતવાનું ક્યાં રસ્તામાં પડ્યું છે ? 'વાર્યો ન રહે તે હાર્યો રહે' એ કહેવત તો ભાગ્યશાળી માટે. ભાગ્ય ફૂટલાને તો હાર્યા પછી પણ સવળું નથી સૂઝતું !** કહોને તમારા જ જીવનમાં કોઈની સીધી શિખામણ ન માનતાં દોડ્યા હશો, ને અવળો ધંધો કર્યો હશે, તેમાં શું તમે હાર્યા નથી ? નિષ્ફળ નીવડીને મહેનત માથે નથી પડી ? અરે ! **ગુરુઓની અને શાસ્ત્રોની કેટલીય શિખામણ,-રાગ-દ્વેષ ઓછા કરવાની, ઈન્દ્રિયોની અનુકૂળ ન થવાની, આરંભ-પરિગ્રહ ઘટાડવાની, યાવત્ સંસારત્યાગ કરવાની-કેઈ સલાહ શું નથી મળી ? તો શું એ રાગ-દ્વેષ... યાવત્ સંસારથી વાર્યા રોકાયા છો ?** અરે ન રોકાતાં ત્યાં દોટ ચાલુ રાખી એ અવળા ધંધા કર્યા, તો તેમાં શું હાર્યા નથી ? **ને હાર્યા છતાં ય રોકાયા છો ? ના, ભાવી ભયંકર થવાનું હોય તો હાર્યા ય રોકાવાનું ન સૂઝે. હાર્યો જો રોકાય, તો તો પછી નવો નુકસાનીનો ધંધો બંધ કરે, અને જૂની નુકસાનીને ભરપાઈ કરી દેવા બીજો સીધો ધંધો હાથમાં લે. અહીં શો સીધો ? એ જ કે જ્વલંત વૈરાગ્ય, અને ઉછળતા ઉપશમ ભાવનાં પૂર; કડક ત્યાગ અને કઠોર તપ, અપૂર્વ દેવ-ગુરુભક્તિના ભરપૂર સત્કૃત્યોમાં લાગી જવાય એ સીધો ધંધો.**

**ભવ્ય પ્રેરણામૂર્તિ :-**

વર્તમાન જીવનમાં તો તક મળી છે. ભગવાન શ્રી મહાવીર પ્રભુના જીવનમાંથી ભવ્ય પ્રેરણા લેવાની. **એ પ્રભુ તો એક અજબ પ્રેરણામૂર્તિ છે.** મેરુ જેવા મોટા લાખ જોજનના ઊંચા પર્વતને પગના અંગુઠા માત્રના સ્પર્શથી હલાવવાની તાકાતવાળા છતાં પોતાના કાનમાં ખુશીથી ગોવાળિયાને ખીલા ઠોકવા દે છે, શું આમાંથી આપણે ઉચ્ચ ક્ષમા-સમતાની અને કર્મક્ષયના પરાક્રમ ફોરવવાની પ્રેરણા લેવાની ઓછી તક છે ? ચંડકોશિયા જેવા પણ દુષ્ટોનું 'શિવમસ્તુ'-કલ્યાણ થાઓ, આવી દયા અને ઉદારતા દાખવવાની પ્રેરણા લેવા શું ઓછી તક છે ? છ-છ માસ સુધી પ્રભુને કચરી છૂંદી નાખવા મથનાર સંગમ દેવતા ઉપર પણ અંતે 'અરેરે ! બિચારાની અનંત સંસારમાં કેવી ઘોર દુઃખમય દશા થશે !' એ કરુણા અને સહાનુભૂતિની લાગણીથી પ્રભુની આંખ અશ્રુભીની થાય, **આ પ્રસંગમાંથી આપણે દુશ્મન પ્રત્યે પણ કરુણા અને સહાનુભૂતિની લાગણીથી હૃદયને ભીનું કરવાની પ્રેરણા લઈ શકીએ ને ? આવી પ્રેરણા લેવા માટેની તક માનવભવ છોડીને બીજા કયા સારા ભવમાં મળશે ? વિચાર કરો તો સમજાય કે જો કર્મના ઉદયને આપણામાં મોહરૂપી આંતર**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**શત્રુઅને ખીલવવાની તક છે, આપણું ઊંધું વાળવાની તક છે, તો આપણને ભવ્ય પ્રેરણામૂર્તિ પ્રભુ શ્રી મહાવીર દેવના વિવિધ જીવન પ્રસંગોમાંથી ક્ષમા, કરુણા અને સહાનુભૂતિ વગેરેની પ્રેરણા લેવાની ખરી તક છે. એથી કર્મ-ઉદયને નિષ્ફળ કરવાની ઉત્તમ તક છે.**

**રાજાનો નવો દાવ :-**

રાજાને બિચારાને આવી પ્રેરણાની તક જોવી નથી. એને તો નરસિંહને મારવાની તક શોધવી છે. આ વિના હવે ચેન નથી. જો કે હવે તો નરસિંહના નાશનો વિચાર કરવો એ તો પોતાની છોકરીને જ રંડાપો આપવાનો ધંધો છે, છતાં રાજાને એનો કોઈ વિચાર નથી, એની કોઈ જ પરવા નથી. બસ એને તો નરસિંહને મરાવીને જંપવું છે ! **દ્વેષના ઉન્માદમાં ચઢેલા આત્માને સારાસારનું ભાન નથી રહેતું.** કહેવત તો 'મેં મરું, પણ તને રાંડ કરું' એટલી જ છે, જેમાં જાતે મૃત્યુ વહોરી લેવાની વાત છે, પણ આ રાજા તો પોતાની છોકરીને રંડાવનારા નરસિંહના મૃત્યુનો ભૂખ્યો થયો છે. પોતાની નામનાના-કીર્તિના કારમા લોભનું એ પરિણામ છે. લોભ તો પાપનો બાપ છે. લોભનો ઉન્માદ જાગ્યા પછી તો ભયંકર પાપને આવવાની તક મળે છે. માટે જ **ભારે પાપને અટકાવવા હોય તો ઉત્તમ પુરુષોના દૃષ્ટાન્તથી ભવ્ય ભાવનાઓ કેળવી લોભને કચરવાની ઉત્તમ તક અહીં છે.** આજની તક આવી ઉચ્ચ ભાવનાઓ કેળવવાની સમજજો. સામાન્ય નહિ, પણ ઘણી ઉમદા વિશિષ્ટ તક છે હોં. હવે રાજા નરસિંહને કહે છે,

'જુઓ આપણે ત્યાં રિવાજ છે કે પરણીને તરત રાતના નગર બહાર દેવીની આગળ પૂજન-સામગ્રી અર્પિત કરી આવવી. તો તમે આજ રાતના પૂજનસામગ્રી લઈ જજો.'

નરસિંહ તો સરળ છે, રાજાના દાવપેચની લેશ ગંધ એને નથી, તેથી વિનયપૂર્વક હર્ષથી રાજાની વાત સ્વીકારી લે છે અને રાત પડતાં પૂજનસામગ્રીનો થાળ લઈ નીકળે છે. અહીં, રાજાએ નરસિંહ પાસે જવાનું મંજૂર કરાવ્યા પછી તાબડતોબ મારાઓ નક્કી કરી દીધા છે, કહી દીધું છે એમને, 'રાતના મંદિર પાસે જે આવે તેને ત્યાંને ત્યાં જ પૂરો કરી દેજો.'

**પુણ્યની ગોઠવણ :-**

વિચારો અહીં બચવા માટે નરસિંહની પોતાની હોશિયારી ચાલે એવી છે ? ખબર જ નથી ! એકાએક જ મારાઓની તલવારો અંગ પર તૂટી પડવાની છે ! છતાં રક્ષણ મળે તો તે માત્ર પુણ્યના જોર પર. **ભિખારી અવસ્થામાં પણ નરસિંહે જિનદર્શનની મળેલી અદ્ભુત તક સાધવા ઉપર એવું પુણ્ય ઉપાર્જ્યું છે કે એ**



**રક્ષણની ઘટના ગોઠવી દે છે.** જેવો નરસિંહ બહાર નીકળ્યો કે રાજપુત્રે મહેલના ઝરુખામાંથી એને જોયો. તરત ઉપર બોલાવી પૂછે છે, 'અત્યારે ક્યાં ચાલ્યા ?' નરસિંહે ખુલાસો કર્યો. રાજપુત્રને નરસિંહ પર તો હવે અથાગ પ્રેમ વધી ગયો છે, એટલે એને મનમાં થાય છે કે,

**રાજપુત્રની ઉદારતા :-**

'નરસિંહ અહીં પરદેશી છે, એટલો બધો જાણીતો નથી. રખેને કદાચ એને કોઈ અજાણ્યા થકી કોઈ આપત્તિ આવે. હું તો જાણીતો છું. માટે મને જ જવા દે. વળી હમણાં જ એ પરણેલો છે. તો એને અહીં નિરાંતે મોજ કરવા દે. હું જ જઈશ.'

કહો, રાજપુત્રની આ કેવી ઉદાર વિચારસરણી ! કેવું ઔચિત્ય ! કેટલો વિવેક ! ત્યારે **એમ માનતા નહિ કે આટલી ઉદારતા કરનારને પણ આપત્તિ ન આવે. પોતાનાં પૂર્વનાં પાપકર્મ જોર કરતા હોય તો એનું દેવું આ સંયોગમાં ય ચૂકવવું પડે.** એ તો ચૂકવ્યા વિના છૂટકો જ નહિ, ભલે સારા બનો કે નરસા. પરંતુ સારા બનવાની સાધેલી તકનો એ રૂડો પ્રતાપ કે તમને એ દીર્ઘ ભવિષ્ય ઉજ્જવળ બનાવી આપે.

**રાજાનો ભારે કલ્પાંત અને પલટો :-**

રાજપુત્રે નરસિંહ પાસેથી પરાણે પૂજનથાળ લઈ દેવીનાં મંદિર તરફ સિધાવ્યું. ત્યાં તો મારા તૈયાર હતા, એકાએક એના પર તૂટી પડ્યા, એને મારી નાખીને ચાલ્યા ગયા. સવારે પોક પડી. રાજા આવીને જુએ છે તો પોતાના છોકરાનો કચ્ચરઘાણ જોયો. જોઈને ભારે કલ્પાંત કરે છે. હવે એને મનમાં થાય છે કે 'અહો ! કેવી મારી આ ભયંકર મૂર્ખાઈ અને ક્રૂરતા ! **જે નરસિંહને એનું પુણ્ય વારંવાર જબરદસ્ત રક્ષણ અને ઉત્તરોત્તર ઉન્નતિ આપે છે, એની સામે હું કંગાળ એક રાંકડો માણસ ઝઝૂમવા મથ્યો ?** તો એમાંથી સાર પણ શો કાઢ્યો ? અંતે બિચારો મારો જ નિર્દોષ પુત્ર મારી દુષ્ટતાનો ભોગ બન્યો ! મારા હાથનાં કર્યાં હૈયે વાગ્યાં ! ધિક્કાર છે મારા રાક્ષસી આત્માને !' ટોળે મળેલા લોકની આગળ પોતાના સમસ્ત પાપોનો ઇકરાર કરે છે, નરસિંહને પોતાની રાજગાદીએ રાજા બનાવે છે, અને પોતે સંસારત્યાગ કરી આત્મકલ્યાણના ચારિત્રમાર્ગને સાધે છે.

આજની તક આ છે, આત્મકલ્યાણ સાધવાની; પાપથી પાછા ફરવાની; જીવનમાંથી દુર્વાસના, દુર્ગુણો અને દુષ્કૃત્યોને તિલાંજલિ આપવાની; સદ્ગુણ અને સુકૃતમય જીવન કરી ભવસાગર પાર કરી જવાની.

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

## ૧૩ આધ્યાત્મિક પ્રવચન

## 'કલ્યાણમિત્રનાં મૂલ્ય.'

### (એક જાહેર વ્યાખ્યાન)

**સંસારમાં સંગ વિના ચાલતું નથી :-**

અનાદિ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને મેળા તો ઘણા થાય છે, પણ કલ્યાણમિત્રનો મેળો થવો, એ અતિદુર્લભ વસ્તુ છે. સંસારમાં રહીને જો કોઈ કહે કે મેળો શું કરવો ? તો તે બને એવું છે ? ના, સંસાર એવી ચીજ છે કે જીવ એમાં એકાકી રહી શકતો નથી. ગમે એટલી સંસારસુખની સામગ્રી મળે તો પણ સુખી એકલવાયો રહીને નહિ; એ તો બીજાના સહવાસમાં રહીને જ પોતાની જાતને સુખી માની શકે છે. કોઈને ધનના ઢગલા આપ્યા, ધાન્યના કોઠાર આપ્યા, બંગલા-મોટરો આપી; હવે એને કહો, તારે અમદાવાદમાં એકલા રહેવાનું. તરત એ કહેશે, 'તો એ બધાને હું શું કરું !' કેમ ? સાથે નોકરો જોઈએ છે, સગાં જોઈએ છે, એ સાહેબીને દેખનારા જોઈએ છે ! પાછો ઠસ્સો દેખાડવા માટે બીજા ઓછા સુખી જોઈએ છે ! કેટલાય મેળા છે, તો જાતને સુખી માની શકે છે. **એ તો માત્ર સિદ્ધ ભગવાન એવા સુખી છે કે જે એકાકી રહીને અનંત સુખ ભોગવી શકે છે.** સંસારી જીવનું એ ગજું નથી. ઝટ એ ફરિયાદ કરે છે કે 'ધનને શું બચકા ભરું ? ધાન્યના ઢગલાની શું ઈયળ થઈ રહું ? સારા સ્નેહી ક્યાં છે ?' અથવા 'ભલે ને કરોડો રૂપિયા હોય પણ સવા શેર માટીની ખોટ છે.' અથવા 'બધું છે પણ મને કોઈ કન્યા નથી દેતું.' વર્ષો સુધી કન્યા ન મળે પણ વલખાં માર્યે જાય છે. કારણ ? સંસારની દશા એવી છે કે એકલો સુખ માની શકતો નથી. નાના કીડા-કીડી હોય છે એને પણ મેળા જોઈએ છે. કોઈ દરમાં એક જ કીડી ભાગ્યે જોવા મળે. એકેન્દ્રિય જીવ છે, પણ એટલી કારમી ગુલામીમાં છે. ચાલતું નથી માટે એકલા અટુલા જીવવું પડે છે. સહવાસના આનંદ એના નસીબમાં નથી. બાકી તો સૌને મેળા જોઈએ છે, સંગ જોઈએ છે.

**સંગ ત્યાં દુઃખ :-**

આ સૂચવે છે કે સંસાર છે, ત્યાં સંગ છે. હવે જ્ઞાનીઓ કહે છે, **'સંગ છે ત્યાં દુઃખ છે.'** જ્યાં સુધી પ્યારી પત્નીનો **સંગ નહોતો** ત્યાં સુધી વલખાં મારતો; પણ થયા પછી સુખ શું વધતું જાય છે ? ના, એ તો કહે છે, 'પરણીને પસ્તાયા.'



પુત્રનો સંગ નહોતો ત્યાં સુધી વસવસો રહેતો, પણ પુત્ર મલ્યા પછી જો એ સાવ મૂરખ પાક્યો, કે બજારમાં બધું સાફ કરી નાખે એવો અક્કર્મી પાક્યો, કે વિરોધી પાક્યો, કે પક્ષાઘાતી પાક્યો, કે યાવત્ પરલોકમાં ચાલતો થયો, તો જેટલો વસવસો એના ન હોવાનો હતો, એના કરતાં ઘોર વસવસો હોવાનો થાય છે. રાત ને દિવસ હૈયું શેકાય છે. શું ચેતન કે જડ, જ્યાં સંગ ત્યાં દુઃખ. સુખ અનુભવમાં આવે છે તે બિંદુ જેટલું અને દુઃખ અપાર. જંબુકુમાર નવાણું ક્રોડ સોનૈયાનો માલિક હમણાં પરણી લાવેલી આઠ પત્નીઓને કહે છે,

**'જંબુ કહે સુખ વિષયનું અલ્પ, અપાય અનંત.'**

**સંગનો ભંગ થવાનો :-**

વિષયના સંગનું સુખ થોડું, અને દુઃખમય કષ્ટ અનંત ! શોધી કાઢો ક્યાંય સુખ કરતાં દુઃખ કેઈ ગુણું છે ? દેવતાઈ વિમાન, દેવતાઈ વૈભવ અને દેવતાઈ અપ્સરાઓનો સંગ થયો, છતાં એ દેવ ઈર્ષ્યામાં, રીસમાં, લોભમાં સળગે છે ! એમાં ય જ્યારે આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે બધું ઝાંખું લાગવાથી અને સામે મરણ તથા નીચેની ગતિમાં પડવાનું દેખાવાથી, જેમ પાણીમાંથી કાઢેલી માછલી ગરમ રેતીમાં તરફડે તેમ, હવે એ દેવ તરફડે છે ! હવે ગળામાંની માળા કરમાય છે, દેવીઓ માન ઓછું આપે છે, એ બધું જવાની નોટીસો દઈ રહ્યું છે, અને એ સહ્યું જતું નથી. પોતાનું મૃત્યુ તો પછી, પણ દેવીનું મૃત્યુ ય અસહ્ય થઈ પડે છે ! **સંગ છે ત્યાં ભંગ થવાનો જ; અને સંગનાં સુખ કરતાં ભંગનું દુઃખ ભારે.** માટે જ જ્ઞાની કહે છે, **'સંગ એ તો દુઃખનું મૂળ છે.'** માત્ર સત્સંગ એ સંગ રહિત મોક્ષની અવસ્થા મેળવવામાં સહાયક છે. સત્સંગ કહો કે કલ્યાણમિત્રનો યોગ કહો એક ચીજ છે.

### • શ્રી લલિતાંગદેવનો પ્રસંગ. •

ઋષભદેવ ભગવાનનો જીવ ચોથા ભવમાં લલિતાંગ નામે દેવતા છે અને ત્યાં શ્રેયાંસકુમારનો જીવ તે વખતે એમની સ્વયંપ્રભા દેવી છે. જુઓ **સંગ ત્યાં સુખ અલ્પ, દુઃખનો પાર નહિ.'** એ કેવી રીતે. દેવીનું આયુષ્ય ટૂંકું, દેવતાનું મોટું. તે દેવીનું આયુષ્ય પૂરું થયું. દેવને એટલો બધો રાગ હતો કે દેવી કાળ કરી ગયા પછી એના શોકનો પાર નથી; કાળો કલ્પાંત કરે છે. દેવીને શોધવા ઉદ્યાને ઉદ્યાને ફરે છે; વિમાનના સ્થાન સ્થાનમાં ફરે છે અને ગાંડાની માફક 'હે સ્વયંપ્રભા ! હે સ્વયંપ્રભા !' એમ બોલ્યા કરે છે. અસંખ્ય વર્ષોના સુખ પણ જાણે કંઈ વિસાતમાં નહોતા એટલું બધું ભયંકર દુઃખ દેવીના વિયોગનું લાગે છે.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પ્ર.- દેવતા તો સમ્યગ્દૃષ્ટિ હતો ને ? એ આટલો શોક કરે ?

ઉ.- સમ્યગ્દર્શન બેસી જ રહે એવું થોડું છે ? આવેલું જતાં વાર નહિ. તેમ એ પણ છે કે કદાચ સમ્યગ્દર્શન ટક્યું હોય અને ઊંડે ઊંડે શોક ભયંકર છે એવું લાગતું ય હોય, છતાં મોહનીયકર્મ એક એવી ચીજ છે કે એની બળવત્તામાં રાગ, શોક વગેરે રોકાયા ન રોકાય. સંસારની એ જ ખૂબી છે કે વસ્તુની સમજ આવ્યા પછી પણ રાગ-દ્વેષ ને હર્ષ-શોક તજવા કઠીન પડે છે. શ્રી લલિતાંગદેવને શોકનો પાર નથી. પૂર્વભવનો એનો મંત્રી અત્યારે દેવતા છે, એ શિખામણ આપે છે.

'શું કામઘેલા થાઓ છો ?'

'મારી સ્વયંપ્રભા વિના મને બધું સૂનું લાગે છે.'

'તમને ખબર છે ક્યાં ગઈ છે એ, અને એની શી હાલત થઈ છે એ ?'

'ક્યાં ગઈ છે એ ?'

'બ્રાહ્મણીને ત્યાં ?'

'હેં !'

'હેં શું ? જેને છ છોકરીઓ છે, પતિએ દરિદ્રતાને લીધે નોટિસ આપી દીધી છે કે જો હવે છોકરીનો જન્મ થશે તો હું ભાગી જઈશ, એવી બ્રાહ્મણીના પેટે સ્વયંપ્રભાનો જન્મ થયો છે અને બાપ ભાગી ગયો છે; માને ગુસ્સો ચઢ્યો કે આ કેવી અભાગણી કે મારો પતિ ખોવરાવ્યો ! એનું નામ જ ન પાડ્યું ! નામ વગરની એટલે નિર્નામિકા નામ પડી ગયું. એને ખાવા ધાન્ય નથી; ને બ્રાહ્મણીને વસ્તાર મોટો છે. મજૂરી કરી માંડ પૂરું કરે છે ! એક વાર છોકરી બહાર ગઈ બીજા છોકરાને લાડુ ખાતાં જુએ છે. છોકરીએ ઘેર આવી મા પાસે લાડુ ખાવા માગ્યો. મા ચુલાની કમઠાર ઉપાડી કહે છે : 'લે અભાગણી ! લાડુ !' છોકરી રુએ છે. પછી તો ગમે તેમ તોય મા ને ? દોરડું આપી કહ્યું :

'લે, લાકડાં લઈ આવ, વેચી પૈસા લાવ પછી લાડુ કરી આપું.'

છોકરી ગઈ લાકડાં કાપવા. લલિતાંગદેવ આ બધું સાંભળતાં સ્તબ્ધ થઈ ગયો છે ! મિત્ર દેવ કહે છે : 'જે સ્વયંપ્રભાની પાછળ પાગલ થયા છો, જુઓ તેની કેવી કરુણ દશા થઈ છે !' "આનું કારણ શું ?"

"એ જ કે તમે એના કલ્યાણમિત્ર તરીકેનું કામ નથી કર્યું. નહિતર એની આ દુર્દશા હોય ? તમારી પ્રત્યે મેં અને ગુરુ મહારાજે ગયા ભવમાં કલ્યાણમિત્રનું કામ કર્યું તો તમે આટલે ઊંચે આવ્યા ! નહિતર તો તમને બીજા મંત્રીઓ એવા હિતશત્રુ મળ્યા હતા કે એ નાસ્તિકતા પોષતા હતા ! ને નથી ને એમાં ને એમાં તમારું મૃત્યુ થયું હોત તો અત્યારે ક્યાંય નરકાદિ દુર્ગતિમાં રખડતા હોત ! એ તો



ગુરુમહારાજનો પ્રતાપ કે તમને ધર્મ સુઝાડ્યો, ચારિત્ર સધાવ્યું ને અહીં આવ્યા."

પણ હવે જુઓ નિર્નામિકાને કલ્યાણમિત્રનો યોગ થાય છે. લાકડાની ભારી ઊંચકીને આવી રહી છે, ત્યાં નગર બહાર કેવળજ્ઞાની ભગવંતને વંદન કરવા માટે લોકને જતા જુએ છે. તો પોતે પણ ગઈ. વંદના કરી દેશના સાંભળે છે. **"ધર્મથી જ સુખ મળે છે. જે જીવોએ પૂર્વ જીવનમાં ધર્મ નથી કર્યો અને આ જીવનમાં સુખની આશા રાખી દોડે છે, એમને બિચારાને લાતો ખાઈને પાછા પડવું પડે છે..."** ઉપદેશ નિર્નામિકાના દિલમાં સોંસરો ઊતરી જાય છે. મનોમન નક્કી કરે છે, 'ધર્મ કરું.' ગુરુએ માર્ગ બતાવ્યો. નાની ઉંમરમાં શ્રાવકધર્મ લીધો. ઘેર જઈ પાળવા લાગી. લલિતાંગદેવ ખૂબ જ રસપૂર્વક આ સાંભળે છે. સમજો છો ને કેમ ? પોતાની પ્રાણપ્રિયાનો વૃત્તાંત છે માટે. પ્રભુનાં જીવનચરિત્ર આ રસથી સાંભળો છો ખરા ને ? જો નહિ, તો પ્રભુની સાથે પ્રાણનો સંબંધ ખરો ? લાગતો નથી, કેમ ? તો ક્યારે એ કેળવશો ?

દેવને મિત્ર કહે છે, "લ્યો જુઓ હવે ફરીથી ગુરુ મહારાજ ત્યાં પધાર્યા છે અને આ તમારી નિર્નામિકાએ દેશના સાંભળી જીવનભરનું અનશન લીધું છે."

**ધર્મસાધનાનું પ્રતીક :-**

પહેલાં ધર્મની પ્રાપ્તિ કરી તે પછી એને એવો આરાધ્યો છે કે એથી આત્મા વધુ ને વધુ વૈરાગ્યમાં ચઢ્યો છે; સંસારથી ખૂબ ત્રાસ્યો છે; ધર્મમાં ઘણું મહાલ્યો છે; મહાધર્મની લગની લાગી છે. ધર્મ સાધ્યો કોને કહેવાય ? એને જ કે જેમાં દિનપ્રતિદિન વૈરાગ્ય વધતો જાય, સંસાર વધુ ને વધુ અકારો લાગે, મહાધર્મની એટલે કે એકલો ધર્મ જ સાધવાની લગની લાગે. એકલો ધર્મ ક્યાં થાય ? તમારા ઘરમાં ? ના, એ તો ચારિત્ર અર્થાત્ સાધુદીક્ષા લેવાય તો જ થઈ શકે ! પણ અહીં નિર્નામિકાને ચારિત્ર કોણ લેવા દે ? માતાને એક મજુરણ જોઈએ તે આ ઠીક મળી છે. કાંઈ પગાર નહિ, માત્ર રોટલા ને ચાર ચિંથરા આપવાના; કામ ચોવીસે ય કલાક કરે ! શું ખોટું ? પછી આને શાની છોડે ? આણે તો સીધું અનશન જ લીધું છે, તે અત્યારે એ અનશનમાં છે.

લલિતાંગદેવ એ સાંભળીને ક્યાં ઊભો રહે ? હૃદયદેવી સ્વયંપ્રભાનો પત્તો મળી ગયો, તે ઝટ દોડ્યો નીચે, હકીકત કહી. પેલીને જાતિસ્મરણ જ્ઞાન થયું; પૂર્વભવ દેખાયો; વાત માત્ર સાચી લાગી એમ નહિ પણ આકર્ષણ થયું. આ કહે છે, 'તારા વગર ઝુરું છું, નક્કી કર ત્યાં આવવાનું. અનશન કર્યું છે તો નિયાણું કર કે આ ધર્મના પ્રતાપે સ્વયંપ્રભા થાઉં.'

સંગ ત્યાં જંપ છે કે વિટંબના ? દુઃખ છે કે સુખ ? આર્યદેશની આ એક



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મહાન વિશેષતા હતી કે જીવનમાં ઓછામાં ઓછી ચીજથી ચલાવવું. ગુણવાનની આ ખાસિયત કે જરૂરિયાતો જ ઓછી રાખવી એટલે સંગ ઓછો કરવો પડે. ને સંગ ઓછો એટલે દુઃખ ઓછું. પણ પૂછશો કે સુખ ન મળે ને ? પરંતુ સમજો કે એ **માનેલું સુખ એ ઘોર દુઃખને કંકોત્રી લખવા જેવું છે.** પુત્ર-જન્મના સુખ લીધાં, વાજા વગડાવ્યાં તો પુત્ર-મરણના દુઃખ લેવા તૈયાર રહેવું પડશે. ત્યારે કારમી પોકો મૂકાશે. પાડોશીને કોઈ કહે તમારે ત્યાં આ પોકો, આ કાણ-મોકાણ કેમ નહિ ? તો એ કહેશે એ તો વાજાં વાગ્યાં હોય ત્યાં એ બધું. પુત્ર-જન્મના સંગમાંથી અનેક દુઃખો જન્મે છે. લલિતાંગદેવ નિર્નામિકાને નિયાણું કરવા કહે છે. આને કલ્યાણમિત્રનું કાર્ય કહેવાય ? કલ્યાણમિત્ર એટલે તો આત્માનું કલ્યાણ સધાવવાનું સંબંધીપણું બજાવે તે. ત્યારે અહીં તો લલિતાંગ એને મોક્ષની વાત તો દૂર, પણ મિત્રદેવ થવાનું ય કહેવાને બદલે કહે છે ફરી 'સ્વયંપ્રભાદેવી થવાનું નિયાણું કર.' સંસારસ્વાર્થની કેવી ખૂબી છે !

નિર્નામિકાને પણ જાતિસ્મરણ થવાથી મોહ જાગ્યો; લલિતાંગદેવ સાથેના વિલાસો યાદ આવ્યા. લલિતાંગનો પ્રેમ યાદ આવ્યો. જાતિસ્મરણ થયે ય ક્યાં કલ્યાણ છે ? તમને ઓરતો થાય છે ને કે અમને જાતિસ્મરણ થાય તો સારું. પછી વધુ ધર્મ કરીએ, પણ સ્વયંપ્રભાની સ્થિતિ ભૂલતા નહિ. પૂર્વભવનું કાંક દેખાતાં, જો મોહ જાગ્યો ને, તો બાર વાગશે. નિર્નામિકા જાતિસ્મરણ પહેલાં ધર્મના રંગમાં ચઢી હતી. વૈરાગ્યના સરોવરમાં ઝીલતી હતી, હવે એ ઊલટી મોહમાં પડી ને દેવી થવાનું નિયાણું કર્યું. આ જગતમાં કલ્યાણમિત્ર મળવા કેટલા દોહિલા છે ? તો એ મળ્યા તેની કદર છે ? કદર હોય તો એની પૂંઠે લાગી જતાં વાર લાગે ? ન લગાય ત્યાં સુધી ચેન પડે ? એ પણ યાદ રાખી લેજો કે **કલ્યાણમિત્રો જ લાંબી યાત્રામાં ઉપયોગી થશે, બાકીના સ્નેહીઓ તો તમને આ વિરાટ વિશ્વમાં નિરાધાર છોડી દેશે.**

નિર્નામિકાએ અનશન પૂરું કર્યું, મરીને લલિતાંગદેવની પાછી સ્વયંપ્રભાદેવી થઈ. હવે ખૂબી જુઓ કે પહેલા સ્વયંપ્રભાનું આયુષ્ય પૂરું થયું હતું તેથી લલિતાંગ શોકમાં પડ્યો હતો. હવે લલિતાંગનું આયુષ્ય પૂર્ણ થયું છે તેથી સ્વયંપ્રભા 'ઓ મારા વલ્લભ લલિતાંગ ! ઓ મારા...' કરવા લાગી. કેવો સંસાર ! કેવી ઘેલછા ! સંયોગ પાછળ વિયોગ નક્કી છે, છતાં કારમા કલેશ સંતાપ !

**સંગમાં સંતાપ :-**

સંગ છે ત્યાં સંતાપ છે. સંગ તૂટવા વખતની વાત તો પછી, પણ સંગના



કાળમાં ય એ ન તૂટે એવી ફિકર પણ કેટલોય સંતાપ કરાવે છે ! સંગ જેની સાથે થયો એના મન સાચવી રાખવામાં ય કેટલા કષ્ટ ! સંગના ટકાવ માટેની સાધન-સામગ્રીનું સંપાદન કરવામાં પણ તકલીફ ક્યાં ઓછી છે ? ત્યારે એ પ્રશ્ન થાય છે કે,

**પ્ર.-** સંગ માત્ર દુઃખદ છે તો સંગભર્યા સંસારમાંથી ઉદ્ધરવાની કોઈ ચાવી છે ?

ઉ.- હા, શાસ્ત્રે કહ્યું છે કે **સંગના દર્દનું ઔષધ સત્સંગ છે, સંગમાત્રમાંથી છોડાવનાર સત્સંગ છે.** કહેશે, 'અરે ભાઈ ! સત્સંગ પણ સંગ જ છે ને ?' ના, બીજા સંગને અજીર્ણ કહીયે-પેટનો કચરો કહીયે, તો સત્સંગ એ જુલાબની પડિકી છે. બીજા સંગને નિવાર્યા પછી એ આપોઆપ છૂટી જાય છે.

એક જ વાત છે કે **સંગ છોડો અને સંગ કરવો હોય તો કલ્યાણમિત્રનો સંગ કરો.** તમારી કાયાની, તમારી લક્ષ્મીની, તમારી કીર્તિની... એ બધાની ચિંતા કરનારા તો ઘણા મળ્યા, પણ **તમારા આત્માની ચિંતા કરનારા ક્યાં છે ?** આત્માનું કેમ ભલું થાય એ ચિંતા કરનારા કલ્યાણમિત્ર કહેવાય છે. એમનો સંગ સેવો.

તો માનો કે કુટુંબ-પરિવાર તમારા આત્માની ચિંતા નથી કરતો એટલે કે કલ્યાણમિત્રનું કાર્ય નથી બજાવતો, તો શું એમનો સંગ છોડવો એટલે એમને ધક્કો મારી કાઢી મૂકવા ?

ના, ધક્કો મારવાની વાત નથી. હા, તમારું ચાલે તો તમે જાતે સંસારનો સંગ છોડો, ન ચાલે તો એને કલ્યાણમિત્ર બનાવો. એય ન થાય તો સમજી મૂકો કે આ આપણા કલ્યાણમાં નથી વર્તતા !

**કલ્યાણ મિત્ર શું કરે ? :-**

આપણી કાયાને સારું સારું ખવડાવી-પીવરાવી મોહમાં રંગરાગમાં મસ્તાન રાખે છે; પણ તેથી શું વળ્યું ? એથી તો આપણા આત્માનું નિકંદન નીકળવાનું છે; કેમકે એમાં આત્માની પુણ્યમુડીનો નાશ અને પાપસિલકની સારી રીતે વૃદ્ધિ થાય છે ! પછી પરિણામ શું આવે ? એ વિચારો. એ તો **કલ્યાણ મિત્ર આપણને એકલું પુણ્ય ખાઈ જતાં ઊભા રાખે છે, અને નવા પુણ્યની કાર્યવાહીમાં જોડે છે; રંગરાગ, કષાયો, પાપનાં ચિંતન, ઈત્યાદિ અટકાવવામાં પ્રેરણા કરે છે; અને ત્યાગ, તપસ્યા, ઉપશમભાવ, ધર્મચિંતા વગેરેમાં જોડે છે.** બીજા તો ઝટ આપણને ક્રોધ, અભિમાન વગેરેની સલાહ આપશે, વિષયોમાં લોભાવશે, પૈસા-ટકાની ભારોભાર ચિંતા કરાવશે, જરૂર પડ્યે આપણને ગુરુ-ઉપદેશથી કે સ્વયં ધર્મ સ્ફુરતા હશે તો ય એ ધર્મમાં



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

આડખીલી કરશે, ધર્મમાં નિરુત્સાહી કરશે ! અને પાપમાં ઘસડશે. તમે વિચારી જુઓ કે જીવનમાં રાગ-દ્વેષ, મમતા-મૂર્છા, આરંભ-પરિગ્રહ વગેરે કેઈ પાપોમાં શું તમારી એકલી જાત પ્રેરે છે ? ના, કુટુંબ-કબીલા ભારે પ્રેરે છે. તો શું આ બધાને ખરેખર **મિત્ર** કહેવાય ?

**હિતશત્રુ અને કલ્યાણ મિત્ર :-**

જીવનમાં એ વિચારવું જોઈએ છે કે આપણા આત્માની દુર્દશા શાથી થઈ છે ? પાપથી ને ? તે પાપો શું આપણે એકલા જાત માટે જ પાપ કર્યા છે ? કુટુંબ પરિવાર ખાતર, મિત્ર-સ્નેહી ખાતર, શેઠ-સંબંધી ખાતર પાપો નથી કર્યા ? એ બધાએ આપણને આખરે શું પરખાવ્યું ? ભવભ્રમણ અને ભયંકર વિડંબણ કે બીજું કાંઈ ? તો શું એ કલ્યાણમિત્રનું કામ કહેવાય ? એવું કરનાર કલ્યાણમિત્ર નહિ ને ? કલ્યાણમિત્ર તો તે બન્યા હશે જેમણે ક્યાંક આપણને પુણ્યમાર્ગમાં જોડ્યા હશે, ધર્મજીવનમાં ચઢાવ્યા હશે, હિંસામાંથી છોડાવી દયા અને અહિંસામાં યોજ્યા હશે ! જૂઠ બોલતાં અટકાવી આપણને સત્ય બોલતાં કર્યા હશે ! લાડી-લક્ષ્મીની નવકારવાળી મૂકાવી નિરંજનનાથની નવકારવાળી પકડાવી હશે ! વાત આટલી જ છે કે **સંસારપક્ષનું કાર્ય કરાવનારા તે આત્માના હિતશત્રુ, અને મોક્ષપક્ષનું, ધર્મપક્ષનું કાર્ય કરાવનારા તે આત્માના કલ્યાણ મિત્ર.**

**જાત માટે શું ? :-**

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે માત્ર બીજાઓએ આપણી તરફ કલ્યાણમિત્રની ગરજ સારવાની છે અને આપણે બીજાઓ પ્રત્યે નહિ, એવું નથી. આપણે વિશેષ સાવધાન રહી બીજાઓ પ્રત્યે કલ્યાણમિત્ર ખાસ બનવાનું છે. આપણે કલ્યાણમિત્ર બનીશું તો એના દૃષ્ટાંતે બીજાઓ પણ આપણા કલ્યાણમિત્ર બનવા પ્રેરાશે. અનાદિ-અનંત કાળથી સંસાર ચક્રમાં રખડતા જીવને મુશીબતે માનવભવ મળ્યો છે, ત્યાં વિચારવાની જરૂર છે કે બીજા ભવોમાં અજ્ઞાનતા અને અશરણતા વશ કેઈ કાળાં કામ કર્યા, કેઈને સંસારના દીર્ઘ પાટે ચઢાવી દીધા. એમાં અંતે શી શાબાશી આપણે પામ્યા ? કે એ પામ્યા ? હવે અહીં જિનેન્દ્રદેવના શાસનનું શરણું પામ્યા છીએ, સજ્ઞાન બન્યા છીએ, તો વાતોડિયા મિત્રાચારી કે પાપસગાઈને બદલે કલ્યાણમિત્રતા કેળવવાની છે.

❖ ❖ ❖





# ⑭ આધ્યાત્મિક પ્રવચન

## ત્રણ પ્રકારના મિત્રનું દૃષ્ટાન્ત

**નિત્યમિત્ર :-** જગતમાં મિત્રો ત્રણ જાતના હોય છે. ૧. નિત્યમિત્ર, ૨. પર્વમિત્ર અને ૩. દર્શનમિત્ર, કવચિત્ મિલનમિત્ર. ચાલુ શબ્દમાં કહીએ તો રોજિયા મિત્ર, તહેવારિયા મિત્ર, કોક દિવસ મળનાર મિત્ર. પહેલા પ્રકારના મિત્ર રોજ આવીને બેસે, પૂછે, 'કેમ છગનભાઈ ! મગનભાઈ ! કેમ ચાલે છે ? આ જુઓને ફલાણાએ આવું કર્યું ને ઢીંકણાએ આમ કર્યું.' ગામગપાટા ને નિંદા કરે. કહેશે, 'જરા પાણી આવવા દો' પણ એમ એકલું પાણી પાવા મન ચાલે ? ના, ચા પીવરાવવી પડે છે. આમ પાણીને બદલે રોજ ચા પી જશે. પાછા કહેશે, 'જુઓ ભાઈ મારું કંઈ પણ કામ હોય તો કહેજો. અડધી રાતે કહેશો તો ય વાંધો નહિ આપણને કેઈ આશા અને વિશ્વાસ આપશે. આ રોજિયા મિત્ર.

**પર્વમિત્ર :-** ત્યારે બીજા મિત્ર વાર-તહેવારે આવતા-જતા રહેશે. આપણા ચાપાણી પીશે-કહેશે, ''કામકાજ હોય તો ખુશીથી કહેજો'' એમ કહેશે. આ પર્વમિત્ર-તહેવારિયા મિત્ર.

**દર્શનમિત્ર :-** ત્યારે ત્રીજા પ્રકારના મિત્ર તો ક્યારેક રસ્તામાં ભેટાઈ પડ્યા તો જુહાર માત્ર કરશે. બડી ડંફાસ નહિ પણ એવા પવિત્ર સ્નેહને દાખવશે કે જેમાં અવસરે કામ લાગે એવો વિશ્વાસ બેસે. આ દર્શનમિત્ર. આના પર એક દૃષ્ટાંત જુઓ.

એક રાજાને ત્યાં પરદેશી મંત્રી આવ્યો. એણે વિચાર કર્યો કે અહીં મિત્ર શોધવા દે, અવસરે કામ લાગે. કેમકે આ તો રાજખટપટ, કોને ખબર ક્યારે શું ન થાય ? એવા અવસરે જો કોઈ પહેલેથી મિત્ર કરી રાખ્યો હોય તો ખરો કામ લાગે. પણ હવે મુસીબત એ થઈ કે અહીં મિત્રો ઘણા, મંત્રી ઊંચા હોદ્દા પર હતો એટલે પછી શું પૂછવું ? જે ને તે માખણ લગાડવા આવે. બાકી મૂકે ? એમાં કોને સાચો મિત્ર ગણવો ? કેટલાક રોજ આવે; ખાય-પીએ, 'અડધી રાતે કામ આપીશું ફિકર ન કરતા' એમ કહે. બીજા ય મિત્ર મળ્યા તહેવારિયા, 'કોઈ કામ હોય તો કહેજો.' એવું કહેનારા. ત્યારે ત્રીજા એવા મળ્યા કે જે રસ્તે કોક વાર મળી જાય.

મંત્રીને વિચાર થયો, ''આમાં સાચો મિત્ર કોને ગણવો ? આમ તો રોજિયો મિત્ર કહે છે, 'અડધી રાતે સેવક તૈયાર છે, કામ હોય તો જરૂર કહેજો,' પણ

પારખું કરવું જોઈએ. મિત્ર એવો નક્કી કરી લેવો જોઈએ કે અવસર આવ્યે જે આપણી પડખે ઊભો રહે.''

મંત્રીએ પરીક્ષા કરવા શું કર્યું ? રાજાના છોકરાને આમંત્રણ આપ્યું. ઘેર બોલાવી જમાડ્યો, પછી ભોંયરામાં સુવાડ્યો. જમણ એવું જમાડ્યું કે નિરાંતે છ કલાક ઊંઘ આવી જાય. ભોંયરે ચાવી લગાડી. પછી એક લાલ બંબ જેવું કોળું રેશમી વસ્ત્રમાં વિંટાળ્યું; ને નોકરને કહે છે, 'જોજે કોઈને કહેતો નહિ. આ રાજપુત્રનું ગળું કાપી નાખ્યું છે. તે લઈ હમણાં બહાર જાઉં છું,' એમ કહી ચાલ્યો. અહીં નોકરનું પેટ કેટલું ? એને વિચાર થયો, 'આ વાત બહાર પડવાની. એમાં પહેલાં આપણે જ પકડાઈશું. તો એના કરતાં આપણે જ રાજાને વધામણી ન આપીએ ?' ગયો એ; રાજાને કહ્યું, 'મંત્રીએ છોકરાનું ખૂન કર્યું છે; મારી નજરે મેં ડોકું જોયું છે !'

હલકા માણસ સાથે ઊંચું કામ લેતાં બહુ વિચાર કરવા જેવો છે. જાત તેવી ભાત પડે છે. એકાદિ વેળા કામ રહી જાય એની જે ચિંતા નહિ, એટલી હલકાના હાથે ભળાવ્યાથી થાય છે. આ નોકર રાજાને કહી દે, એટલે કેવોક ભયાનક હો હા ? ત્યારે એ પણ સમજવા જેવું છે કે આપણે જ કોઈએ ખાનગી જેવી કહેલી વાતની બીજે ચાડી કરીએ તો એ આપણી કેટલી હલકાઈ ? કેવીક નાલાયકતા ! નોકરે રાજાને કહી દીધું. રાજા ચોંક્યો ! મંત્રીને પકડી લાવવા સિપાઈઓને દોડાવે છે.

અહીં મંત્રી રોજિયા મિત્ર પાસે જાય છે, કહે છે, ''કામ છે.''

પેલો ચકોર વાણિઓ, તે વિચારે છે, ''અરે ! આવો મોટો માણસ, તે પોતાને ઘેર મને બોલાવવાને બદલે મારે ઘેર આવીને મને કેમ કહે છે ! જરૂર દાળમાં કાળું છે.''

મંત્રી કહે છે, ''રાજાના છોકરાનું મારા હાથે ખૂન થઈ ગયું છે, મને બચાવ.'' હાથમાં છોકરાનું ડોકું દેખાય છે. સિંદુર છાંટી લોહી જેવું કર્યું છે. મંત્રી કહે છે, 'તું મને સંતાડે તો હું બચી શકું.'

કહો, બચાવે આ ? ઝટ કહી દીધું.

'તમે રાજદ્રોહી છો, ચાલ્યા જાઓ અહીંથી.'

મંત્રી કહે છે, 'પણ તું રોજ આવનારો, કહેતો હતો ને કે અડધી રાતે કામ કહેજો ?'

આ કહે છે, 'પણ તે આવું કામ કરવા ? રાજદ્રોહ પોષવા ? ખબરદાર, અહીં ઊભા તો ? જાઓ જલદી, નહિતર સિપાઈને બોલાવી લાવું છું.'



કહો, મિત્રતા કેવી ? આવાના ભરોસે રહ્યા તો શું થાય ? આપણી ગરદન પહેલાં એ જ કપાવે ને ? માટે બહુ મીઠાબોલા અને રોજ ડંફાસ મારનારથી સાવધાન રહેવું. સો દહાડાની સગાઈ પછી પણ કામ પડતાં પેલો એ જ વિચારશે, 'આ લપ ઘરમાં હું ક્યાં ઘાલું ?' મંત્રી સમજી ગયો, પારખી લીધો. ત્યાંથી નીકળી તહેવારિયા મિત્રને ત્યાં ગયો.

પેલો પૂછે છે, 'કેમ શું છે ?'

મંત્રી કહે છે, 'કામ બહુ ગંભીર છે. રાજપુત્રનું મારા હાથે ઉતાવળમાં ખૂન થયું છે. બચાવ જોઈએ.'

પેલો પૂછે છે, 'પણ તમે આવું કેમ કર્યું ?'

'અરે ભાઈ ! કરી નાખ્યું, મગજ જરા ઉશ્કેરાઈ ગયું, તેથી ગુસ્સો ચઢ્યો એટલે છરી લગાડી દીધી.'

પેલો કહે છે, ''થઈ જાય, થઈ જાય. ઠીક ત્યારે તમને સંતાડી દઉં. તમારી તો જેટલી સેવા કરું તેટલી ઓછી છે ! પણ જુઓને હું બચરવાલ છું. તમને સંતાડી તો દઉં પણ ઘર મારું એવું કાણું છે કે વાત છાની નહિ રહે. આવીને સિપાઈઓ ગોતશે. એમાં તમે ય પકડાશો અને હુંય દંડાઈ જઈશ !''

કેવો હોશિયાર છે ! શબ્દ એક ખરાબ નથી કાઢતો, આશ્વાસન આપે છે. કહે છે, 'પછી હશે તો મદદ કરવા આવીશ, પણ હમણાં ભાઈસાબ જાઓ.' કાઢ્યો !

આવા ય માણસો હોય છે ને ? દુનિયા છે, અનેક જાતની વસ્તુ અને અનેક જાતના માણસ મળે. બુદ્ધિમત્તા એ છે કે ઓળખ કરી રાખવી જોઈએ. એ ન કર્યું તો મૂર્ખા બનવાનું થાય. એકલા શબ્દો કે તાત્કાલિક લાભ પર ન જોવાય.

મંત્રી ઉપડ્યો કોક દિવસના મિત્ર પાસે. મિત્ર એને બોલાવીને અંદર લઈ જાય છે. પૂછે છે, 'શું કાર્ય-સેવા ?'

આ કહે છે, 'જુઓને આવું કામ થઈ ગયું છે.'

'ફિકર શું છે ? રહો આપણે ત્યાં, કોઈ ચિંતા નથી. ગુપ્ત સ્થાન છે. મહિનાઓ જાય તો ય પત્તો ન લાગે. બહાર સહેજ પણ હવા ફરકે નહિ.' મંત્રી વિચારે છે, ''મિત્ર મળ્યો ખરો !''

પારખું કરવા કહે છે, 'પણ ભાઈ પાછળનું તમને ખબર છે ? આ તો રાજાનો કુમાર, રાજા ઢંઢેરો બહાર પાડશે.'

પેલો કહે છે, 'તમે ફિકર ન કરો, પહેલાં મારા પ્રાણ જશે પછી આવશે તો તમારા પર. બાકી તો હું જીવતો છું ખાતરી રાખો તમને કશું થાય નહિ.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અરે ! રાજાને પત્તો ય ન લાગવા દઉં.' મંત્રીએ જોયું અહીં તો પૂરી સલામતી, પૂરું આશ્વાસન છે ! નગરમાં દોડાદોડ થઈ ગઈ. સિપાઈઓ ચારેકોર ફરી વળ્યા છે, 'મંત્રી ક્યાં ગયો, મંત્રી ક્યાં ગયો.' આ મિત્ર ખાનગીમાં જઈ મંત્રીને જણાવે છે, 'ધમાલ ચાલી છે. પણ તમે બેફિકર રહેજો. કોઈને ગંધ નથી જવાની.'

શોધાશોધની ધમાલ ચાલી પડી છે. કોટવાળોના ગુસ્સાનો પાર નથી. 'મંત્રી અને એના સાગ્રીતો પકડાય એને રાજા ગરદને મારશે !' એમ ચોમેર બોલાઈ રહ્યું છે. છતાં આ મિત્રને લેશ ગભરામણ નથી, જરાય મંત્રી તરફ અરુચિ થતી નથી. મંત્રીને ઊલટો કહે છે, 'આજે ધન્ય મારું જીવન ! આ સેવાનો લાભ મને આપ્યો !'

ત્યાં કોઈક સિપાઈઓ કહે છે ખરા, 'મંત્રીને કાઢ.' આ કહે છે, 'મારે ને મંત્રીને શું લાગેવળગવે ?' હું કોઈદિ' એના પગથિયે ચઢ્યો નથી. એનું ચાનું પવાલું ય પીધું નથી...' સફાઈ બંધ વાત કરે છે 'જોવું હોય તો ઘર ઉઘાડું છે. પેલા જાણે છે અહીં શું હોય ? છતાં ઘર જુએ છે, પણ ભોંયરું દેખાય એવું નથી, તે પાછા ફરે છે. નગરમાં હો હા પ્રસરી ગઈ છે ! ચારેકોર ભારે ઘમસાણ મચ્યું છે ! હવે જેમ જેમ સમય જાય છે તેમ રાણી છાતી કૂટે છે અને રાજાને ક્રોધનો પાર નથી. મિત્ર મંત્રીને જઈને કહે છે, 'નગરમાં આવું થયું છે. તમે નિરાંતે બેસો.'

મંત્રી કહે છે, 'હવે હું જાઉં.'

મિત્ર ગભરાઈને કહે છે, 'અરે ! જવાય ? ના, સિપાઈઓ લઈ ચાલશે. રાજા મારી નાખશે !' મંત્રી કહે છે, 'ગભરાઓ નહિ, આ તો વિધિ પૂરો થયો છે. રાજકુમારને મેં મારી નાખ્યો નથી. આ તો કોળું છે, બીજું કંઈ નથી.'

પેલો ચકિત થઈ કહે છે, 'શું ? પણ આ તમે...?'

'કંઈ વિસ્મય ન પામશો મારી સાથે ચાલો એટલે રહસ્ય ખબર પડશે !' નીકળીને ગયા રાજા પાસે, રાજા ધમધમે છે. મંત્રી કહે છે, 'રાજકુમાર અખંડ જીવતો છે' ભોંયરાની ચાવી આપી. માણસો રાજકુમારને લઈ આવ્યા. રાજા જુએ છે તો હસતો ને ખીલતો ! રાજા પૂછે છે, 'શું આ ?'

'કસોટી સાચો મિત્ર કોણ છે ? પરદેશમાં રહેવું એટલે મિત્ર જોઈએ તે આમ પરખી લીધો. નોકરને એટલે કહ્યું કે નોકરનું પેટ કેટલું તે ખબર પડે.' રાજા-રાણીને ખુશીનો પાર ન રહ્યો. આ મિત્ર ને મંત્રી જાણે બે શરીર ને એક આત્મા જેવા બની ગયા. હવે આ દૃષ્ટાન્તથી જુઓ કે,

**આત્માને ત્રણ મિત્ર હોય છે :-**

**૧. કાયા એ નિત્ય મિત્ર રોજિયો મિત્ર.** શું કરે એ ? આપણા માલપાણી



ઉડાડે. બધો વિશ્વાસ લે. કલાકોના કલાક આપણને એનામાં રોકી રાખે, પણ અવસર આવે ત્યારે ? જમરાજાનો હુકમ છૂટે ત્યારે શરીરને કહો જોઉં, કે 'તું મને બચાવ,' બચાવે ? અરે, એવડું મોટું કાર્ય તો પછી, પણ ૩૫૯ દિવસ ખવરાવ્યું, હવે સંવત્સરી આવી એને કહો જો 'આજે ઉપવાસ કરવાનો છે' તો એ ઝટ હોંશથી સ્વીકારી લે ? આખો દિવસ એ ભારે સ્ફુર્તિ દેખાડે ? બારસા સૂત્ર સાંભળવામાં, ચૈત્યપરિપાટી કરવામાં ને સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં એ કાયા પક્વાન્ન જમવા કે લાખ રૂપિયા લેવાની જેમ ખૂબ હરખભેર, એક ધ્યાનથી, અને ટટારપણે કામ આપે ને ? ના, કેમકે એ તો માલમલીદાનો સ્વાર ! રોજિયો મિત્ર ! મખમલના ગદેલા પર સુવાડો તો તૈયાર ! પણ ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ આવે તો સુસ્ત ! કાયા દુનિયાના બીજા બધા રોજિયા મિત્રને ટપી જાય એવી છે ! એને તો માત્ર આત્માનું પુણ્યધન હોઈયાં કરવાનું આવડે છે, અને પાપના ષડ્યંત્રમાં જીવને ફસાવવાનો ધંધો કરવો છે. પરિણામે આત્માને કર્મથી ભારે થઈ, દુર્ગતિમાં પટકાવાનું ! આ ય મહાનુકશાન. પાછું એ આત્મા જાતે કાયાના મોહમાં ફસી જાણી બુઝીને કરે છે ! તે ઠેઠ કાયા ડચકાં લે ત્યાંય જીવ એને ભૂલી સાચા મિત્રને પકડવાનું પરિવર્તન કરતો નથી ! તો આખરે શું ? જેવી રીતે વેશ્યા કહેતી જાય છે 'આ આપનું જ ઘર છે' અને ધન ઉપાડતી જાય છે, સામો સાફ થઈ ગયે તગેડી મૂકે છે, એવું પાછું જેમ પેલા રોજિયાએ પોલિસને બોલાવવાની ધમકી આપી તેમ એથી ય કાયા આગળ વધીને જીવને તગેડી મૂકવા યમરાજને હવાલે કરે છે ! **કાયા છે ત્યાં મૃત્યુ અવશ્ય છે. કાયા છે ત્યાં જ મૃત્યુ છે;** માટે કહેવાય કે કાયા જીવને મૃત્યુને સોંપી દે છે. પછી શું ? એ જ કે એ **કાયા જેવા રોજિયા મિત્રના વિશ્વાસની ફસામણીમાં જીવે આચરેલાં કુકર્મનો હવે દીર્ઘકાળ સુધી કરુણ દુઃખદ અંજામ જીવે ભોગવવાનો ! ત્યાં ય હવે પાછી રોજિયા મિત્ર જેવી કાયા એવી એવી મળવાની કે એ જીવનો રહ્યોસહ્યો પુણ્યમાલ ખાતી જાય ને પાપના ષડ્યંત્રમાં ઉતારતી જાય !** આ છે કાયારૂપી નિત્ય મિત્રના રંગઢંગ ! ત્યારે,

**૨. કુટુંબ એ પર્વમિત્ર :-** કુટુંબીઓ એ કાયા જેટલા વાંકા થઈ બેસતા નથી, આશ્વાસન આપે છે, પરંતુ અવસરે કામ કેટલા લાગે એ કહો, કાયા ચોવીસેય કલાક જીવની પુણ્ય-મુડી ખાય છે, ત્યારે કુટુંબ કદાચ ઓછી, પણ આપણી પુણ્યમુડી ઉડાવે ને ? વળી જીવ માંદો પડે, શરીરમાં અગન ઉઠી હોય, તો શું કુટુંબ એને ભોગવવામાં ભાગ પડાવે ? અગન ઓછી કરી શકે ? ના, 'અમે તો દવા દારૂ કરીએ બાકી તો તમારા નસીબની અગન તો તમારે જ વેઠવી પડે.'-કુટુંબની આ જ વાણીને ? મંત્રીને તહેવારિયો મિત્ર પણ દુઃખથી બચાવતો નથી; કહે છે મારે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ય છૈયાંછોકરાં છે; તેમ કુટુંબ પણ અવસરે પોતાનો સ્વાર્થ પહેલો જુએ છે. **ચોથે મજલે તમે ગાઢ ઊંઘે ઊંઘતા હો અને બીજે ત્રીજે માળ આગ લાગી તો કુટુંબી શું ઝટ નીચે ઊતરી જાય કે ઉપર તમને ઉઠાડવા આવે ?** સાચો જવાબ દેજો. તહેવારિયા મિત્ર જેવા કુટુંબ પાસેથી વધારે શી આશા રખાય ?

**૩. ધર્મ એ ત્રીજો દર્શનમિત્ર :-** ત્યારે મંત્રીને ખરો મિત્ર દર્શન મિત્ર મળ્યો, કોક દિ'મળનારો ! છતાં મહાન રક્ષણ આપનારો. એમ અહીં જીવને એવો મિત્ર ધર્મમિત્ર છે. ધર્મ તમે કોક દિ સેવ્યો હોય છતાં ય એ પરભવે જવાબ આપે છે; ચોવીસ કલાકમાંથી માત્ર બે જ કલાક સેવ્યો હોય, લાખની મુડીમાંથી માત્ર થોડા સો રૂપિયાથી ધર્મ સેવ્યો હોય, બહુ ભોગવિલાસમાંથી માત્ર થોડો જ ત્યાગ કરી ધર્મ સેવ્યો હોય, છતાં એ ધર્મ સચોટ જવાબ આપે છે. મૃત્યુ સમયે જ્યારે જીવનું બધું લૂંટાય છે, કોઈ સંઘરતું નથી, ત્યારે આ ધર્મમિત્ર કહે છે, **'ફિકર ન કરતા, આવજો મારા ઘેર, તમારા માટે અગાઉથી મોટી સ્વાગત-તૈયારીઓ કરી રાખું છું.'** સંગમ ભરવાડનું થોડુંક મુનિદાન હતું, પણ એ ધર્મે કેવો આશરો આપ્યો ? ગોભદ્ર શેઠને ત્યાં શાલિભદ્ર પુત્ર બનાવ્યા !

**ધર્મ એ ખરો કલ્યાણમિત્ર છે,** ખરો રક્ષક છે, ખરો ઊંચે ચઢાવનારો છે ! મહારાજા સંપ્રતિના જીવ ભિખારીએ પૂર્વભવમાં ખાવા માટે દીક્ષા લીધી, અડધો જ દિવસ પાળી અને મૃત્યુ આવ્યું. ત્યાં મૃત્યુ વખતે બહુ અલ્પ કાળ સારી ભાવનાનો ધર્મ પકડ્યો, તો એ ધર્મે રાજા અશોકના પુત્ર કુણાલને ત્યાં એને મૂક્યો ! તે એવો કે સમ્રાટ સંપ્રતિ રાજા બનાવ્યો ! ધર્મની બલિહારી છે, આત્માનાં સાચાં કલ્યાણ સાધી આપે છે.

**કાયા-કુટુંબ પણ કલ્યાણમિત્ર ? :-**

ત્યારે અહીં જુઓ કે કાયાને તો આપણે નિત્યમિત્ર જેવી ગણી, એકલી અનર્થ કરનારી ગણી; છતાં એ જ કાયાને સંપ્રતિના જીવ ભિખારીએ ચારિત્રમાં જોડી તો એને ષટ્કાયજીવની રક્ષક બનાવી; શુભ ભાવનાના મનવાળી બનાવી; તો અંતે એથી જ સમ્રાટ સંપ્રતિ બનાયું ! રાજા સંપ્રતિએ પણ કાયાને જિનભક્તિ, શાસનપ્રભાવના, સાધુસેવા વગેરેમાં જોડી તો એ જ કાયાએ આત્માને અનંતા પુણ્ય આપ્યાં ! શું આવી કાયા ઓછું કલ્યાણમિત્ર છે ? **માનવ જીવનમાં તો વિશેષે કરીને કિમિયાગરના ખેલ છે; ઝેરને અમૃત અને અમૃતને ઝેર બનાવી શકાય છે. ઝેર સમી કાયાને ત્યાગ, તપસ્યા, બ્રહ્મચર્યાદિમાં જોડો તો અમૃતનું કામ આપે છે ! અને અમૃત સમા ધર્મને ઝેરી દુન્યવી સુખો માટે સેવો, ઝેરી મોહમાયા ખેલવામાં વાપરો, તો અંતે ઝેરી પરિણામ આવે છે ! ત્રિપૃષ્ઠ વાસુદેવ** અને **બ્રહ્મદત્ત**



ચક્રવર્તીએ પૂર્વ ભવમાં તપ અને ચારિત્રના મહાન ધર્મને માન-મોહથી ખરડ્યો તો છેવટના પરિણામે સાતમી નરક આવીને ઊભી. એથી ઊલટું **મદનરેખાના** પતિ **યુગબાહુએ** પત્નીની સોનેરી શિખામણથી કાયાને ક્ષમાભીની અને સમતારંગી બનાવી, ભોગી **સનત્કુમારે** કાયાને ચારિત્ર અને ઘોર તપસ્યા સાધતી બનાવી તો એણે અમૃતનું કામ આપ્યું ! નરકને બદલે દેવલોક દેખાડ્યા ! ભાવીની કાળ પરંપરા સુધારી !

**માનવ કાયાથી મહાશક્યતાઓ :-**

ભૂલશો નહિ, **જીવનમાં સદાચાર, ઉદારતા, પરોપકાર, ત્યાગ, તપસ્યા, બ્રહ્મચર્ય વગેરે કાયાથી પણ કરવાના છે.** આત્મા એકલી ભાવના ભાવે અને કાયા દુરાચાર, રંગરાગ, વિષયસેવા, ખાનપાન, સ્વાર્થી પ્રવૃત્તિ વગેરેમાં રમતી રહે તો કલ્યાણ દૂર છે. ત્રિપૃષ્ઠ વાસુદેવને શ્રેયાંસનાથ ભગવાનના દર્શન મળ્યાં હતાં, એમની વાણી મળી હતી, પરંતુ કાયા વિષય-કષાયની સેવામાં ચકચૂર હતી તેથી સાતમી નરક આવીને ઊભી ! માટે કહો કે કાયાથી પણ ઘણું ઘણું કરવાનું છે. આજ માનવની કાયાને ધારો તો વિકારની શાંતિ, તૃષ્ણાની ઓછાશ, ને દેવગુરુધર્મની સેવામાં રમતી બનાવી શકો છો. એક જ ધ્યાન રાખો કે **આહાર અને વિષયના વિકારો ભાડુતી છે, કાયા સાથે કાંઈ, એના રૂપરંગની જેમ, જકડાયેલા નથી. જે કાયા અને ઈન્દ્રિયો વારંવાર એના ઉકળાટ અનુભવે છે, એની ખણજ અનુભવે છે, એના બદલે એ જ કાયા અને ઈન્દ્રિયોને જાણે હિમાલયના બરફ પર સુવાડવાથી કેમ એકદમ ઠંડગાર થઈ જાય ને સંકોચ અનુભવે, એવી રીતે કાયા અને ઈન્દ્રિયોને વિકારોની સામે અંદરથી ઠંડગાર અને સંકોચવાળી કરી દો તો કામ-ક્રોધાદિના કેઈ વિકારો શાંત થતા અથવા ઉઠવા જ નહિ પામતા દેખાશે.** વિચારવું જોઈએ કે મારે અને કામક્રોધાદિની લાગણીઓને શું લાગે વળગે ? હું તો જાણે બરફના આસન પર જબરો ઠંડીનો, શીતલતાનો અનુભવ, અને સ્થિર પ્રદેશ અનુભવી રહ્યો છું. આમ કામક્રોધાદિની સામે શીતલ અને શાંત બની જતી કાયા સદાચાર, બ્રહ્મચર્ય, ક્ષમા, સમતા વગેરે ગુણો ખીલવવામાં સારી ઉપયોગી થશે. તો એ કેટલી કલ્યાણમિત્ર બને ? કાયા કુટિલ છે, કાયા દુષ્ટ છે એમ કરી તરછોડવા જેવી નથી. **માનવની કાયા તો પહેલાં કહ્યું તેમ મહાન સદાચાર-બ્રહ્મચર્યાદિમાં રમતી બનાવી શકાય છે, દેવગુરુ ધર્મની સેવામાં રસિક, સેવામાં જ એકાન્તે મગ્ન બનાવી શકાય છે. માટે તો શાસ્ત્ર માનવભવના ઊંચા ગુણગાન કરે છે, એનાં ઊંચા મૂલ્યાંકન જ્ઞાનીઓએ બતાવ્યા છે.** આ ભવની કાયાને આપણી કલ્યાણમિત્ર બનાવવા ઉપર આ વાત છે, એવું જ કુટુંબને પણ કલ્યાણમિત્ર બનાવી શકાય છે.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

# (૧૫) આધ્યાત્મિક પ્રવચન

**રાજા સંપ્રતિ :-**

કાયાને કલ્યાણમિત્ર બનાવો કે કુટુંબને બનાવો, અથવા જાતે બીજાના તરફ કલ્યાણમિત્રતાનું કામ કરો, **કલ્યાણમિત્રતા માટે પહેલા નંબરમાં પરલોકદૃષ્ટિ ઊભી કરવી પડશે.** આર્યસુહસ્તિ મહારાજે ભિખારીની મુખાકૃતિ અને લક્ષણો ઉપરથી ભવિષ્યમાં એની મહાન સ્થિતિ જોઈ, એને પરલોક હિતકારી ચારિત્ર આપ્યું,- ભલે ત્યારે તો ભિખારીની પેટ ભરવાની જ દૃષ્ટિ હતી, પરંતુ ચારિત્ર પરલોકહિતકારી હતું અને સુકાની ગુરુની એકાંતે પરલોકહિતકારી દૃષ્ટિ હતી,- તો એ ભિખારીને મરતાં પરલોકદૃષ્ટિ જાગી ગઈ. એને ચારિત્ર લઈને ભારે ભૂખના ઉપર ખાધેલો વધારે આહાર પચ્યો નહિ, તે જ રાત્રે અજીર્ણ થયું, મરવા પડ્યો; સાધુઓ અને શેઠિયાઓ સેવા કરે છે, ત્યાં એને એમ થયું કે,

**'અહો, ધર્મનો કેવો રૂડો પ્રતાપ કે મેં તો ખાવા માટે ચારિત્ર લીધું, અને લીધા પછી પણ ખાવાનો ધંધો કર્યો છતાં જગતને વંદનીય એવા આ મુનિપુંગવો સાધુ ધર્મમાં આવેલા મારી સેવા કરે છે ! જે શેઠિયાના નોકરો પણ મારી સામું જોવા તૈયાર નહોતા એ શેઠિયાઓ હાથ જોડી મારી બરદાસ કરે છે ! ભગવાન જિનેશ્વરદેવનું આ કેવું અનેરું ધર્મશાસન ! ત્યારે હું રાંકડો સારી ય માનવ-જિંદગી હારી ગયો ! ઊંચા ધર્મને બદલે ધાન્યનો ઉપાસક બન્યો ! ક્યાં અધમ ધાન્યની લત, અને ક્યાં ઉત્તમ ધર્મસેવા !...'**

ભિખારી શુભ ભાવનામાં ચઢ્યો; મરીને સંપ્રતિ થયો ! એ જ ગુરુ આર્યસુહસ્તિ મહારાજના દર્શને જાતિસ્મરણ, પૂર્વ ભવનું સ્મરણ પામ્યો ! પાછો ગુરુના ઉપદેશથી **સવા ક્રોડ જિનબિંબ, સવા લાખ નવા જિનમંદિર, ૩૬૦૦૦ જિનમંદિરના જીર્ણોદ્ધાર, કેઈ દાનશાળાઓ, ધર્મશાળાઓ, વગેરેથી પૃથ્વીને અલંકૃત કરી દીધી,** દક્ષિણ દેશમાં સાધુવિહાર સુલભ કરી જૈનધર્મના પ્રચંડ પ્રચારમાં ભારે સહાયક થયો. ઠેઠ તુર્કસ્તાન, ગ્રીસ અને ઈરાન સુધી જૈનધર્મનો અને જૈન તત્ત્વજ્ઞાનનો ફેલાવો કર્યો ! વિશ્વમાં અહિંસા, પ્રાણિદયા, અને પરોપકારના ડિંડિમ વગાડ્યા, નાદ ગજાવ્યા ! કહેવાય છે કે અશોકના નામ પર ચઢેલા અહિંસાદિના શિલાલેખો રાજા સંપ્રતિએ કરાવેલા હતા. કારણ કે **અશોક કરતાં એટલો બધો એનો રાજ્યવિસ્તાર, એનાં પરાક્રમ, એની ઉદારતા, અને વિશેષમાં એને ખરેખર અહિંસાવાદી જૈનધર્મની પ્રાપ્તિ અને ઊંચા સુકૃતોથી ભરચક ભરેલું એનું જીવન... ઈત્યાદિ એની જ વિશેષતા સૂચવે છે, અશોકની નહિ.**

**આ અંગે વિશિષ્ટ જાણવાની ઈચ્છાવાળાએ ત્રિભુવનદાસ લહેરચંદ શાહ લિખિત "સમ્રાટપ્રિયદર્શી યાને ભૂલથી મનાવેલ મહારાજ અશોક અથવા જૈન સમ્રાટ સંપ્રતિ" પુસ્તક જોવું... પ્રકાશક શશિકાંત એન્ડ કાું. રાવપુરા વડોદરા-સંપાદક.**

**(૧) કલ્યાણમિત્ર બનવા પરલોકદૃષ્ટિ જોઈએ :-**

પ્રથમ નંબરે ધર્મ એ કલ્યાણમિત્ર છે. તેમ એ ધર્મ આપનાર દેવગુરુ કલ્યાણ મિત્ર છે. ધર્મમાં પ્રેરનાર-સહાય કરનાર સાધર્મિક એ પણ કલ્યાણ મિત્ર છે. **કલ્યાણ મિત્ર પરલોક દૃષ્ટિવાળો હોય. ધ્યાન રાખો, આ દુનિયામાં સંબંધ બાંધીને ગળું સોંપવાનું છે.** જેવો સંબંધ તેવો જવાબ મળશે. કુટુંબી મનમાન્યા છતાં જો હિતશત્રુ મળે તો હાથીએ ચઢાવી ઉકરડે ઉતારે. કુટુંબી દરિદ્ર છતાં કલ્યાણમિત્ર મલ્યા હોય તો ભલે પગે ચલાવીને પણ સ્વર્ગમાં મોકલે. દુઃખ કે સુખમાં પણ પત્ની ધર્મની જાગૃતિ આપતી હોય તો દેવલોક દેખાડે, મોક્ષનો પંથ બતાવે. તલવારે કપાયેલા પતિને પણ **ધર્મપ્રેરણા** આપીને જો મદનરેખાએ કલ્યાણમિત્ર બનવાનું કામ કર્યું, તો પતિ પાંચમા દેવલોકે ગયો. કલ્યાણમિત્ર બનવાનું ક્યારે બને ? ત્યારે કે જો **પરલોકદૃષ્ટિ હોય**-વાત વાતમાં 'પરલોકમાં આપણું શું થાય' એવી **ચિંતા** હોય, આવું કરીએ તો પરલોક બગડી જાય તેનો **ભય** હોય, 'ચાલે ત્યાંસુધી પરલોક બગાડનારી વિચાર, વાણી, વર્તાવની **છાયા** પણ નહિ લેવાની,' એ **નિરધાર** હોય.

**(૨) નિઃસ્વાર્થ હોય :-** આપણી સાથે સગાઈ કે મિત્રાચારી જોડતા હોય, એનામાં પાછો નિઃસ્વાર્થભાવ જોઈએ. પરલોક દૃષ્ટિવાળો હોય, પણ જો નિઃસ્વાર્થ નહિ હોય તો પોતાના ધર્મસ્વાર્થ માટે પણ સામાને પાપમાં રોકી રાખશે ! શું ? સમજ્યા ? દા.ત. કેટલાક ધર્મી માણસ પોતે ધર્મ કરવા જાય પણ નોકરને, સ્ત્રીને, કુટુંબને બરાબર સંસારના કામમાં જોડી રાખે છે. કદાચ સ્વાર્થ હોય પણ જો સામાના ય પરલોકની ચિતા રાખનારો હશે તો હજીયે કલ્યાણમિત્રનું કામ કરશે.

**એક બાદશાહને** નોકર રાખવો હતો. બે જણ આવ્યા.

બાદશાહ પૂછે છે, 'મારી અને તારી દાઢી સળગે તો પહેલા કોની બુઝાવે ?'

એક નોકર સ્વાર્થી, બનાવટી ઉત્તર આપે છે, 'પહેલાં આપની પછી મારી.' સળગે ત્યારે વાત છે ને ? પછી કોને નિઃસ્વાર્થ રહેવું છે ?

બીજાને પૂછતાં બીજો કહે છે, 'એક હાથથી આપની, એક હાથથી મારી બુઝાવું.' ચોક્ખો જવાબ દીધો. બાદશાહ તરત જ હિસાબ માંડે છે કે દુનિયામાં

સ્વાર્થ કોને નથી ? એમાં જે કહે છે કે 'પહેલી તમારી, પછી મારી' એ જૂઠો છે. બંનેની સાથે બુઝવવાનું કહેનારો સાચો છે. એનો સ્વાર્થ છતાં બીજાના સ્વાર્થને ભૂલનારો નથી. **એમ પોતાનો સ્વાર્થ જોવા છતાં બીજાનો સ્વાર્થ ન ભૂલે, તો એ કલ્યાણમિત્ર બની શકે છે** પણ આ તો ધર્મની વાત થઈ. કિંતુ જે સંસારરસિયા છે, એ જો સ્વાર્થી હોય તો હિતશત્રુનું કામ કરશે. માટે નિઃસ્વાર્થ જોઈએ, પરલોક-દૃષ્ટિવાળો જોઈએ.

(૩) **ધર્મ દેવાની પ્રવૃત્તિ જોઈએ** :- 'મોંઘવારી જગતમાં બહુ,' એમ કોઈ પોક મૂકે ત્યાં જો સામો કહે, 'વાત કરવા જેવી નથી ભાવ આસમાને ચઢ્યા છે, એક પીડા છે ? એવી તો કેઈ પીડા છે ! સમય બહુ ખરાબ ! સરકાર લોભી ! વેપારી લુચ્ચા ! ઘરાક રેઢિઆળ ! દલાલ સ્વાર્થલટ્ટુ ! આમાં ક્યાંથી સુખી થવાય ?' જો આ સલાહ આપી, તો શું કામ કર્યું. સામાને કષાયે ચઢાવી એના હિતશત્રુ બનવાનું કામ કર્યું. પેલો વાત કરતાં પહેલાં જે ઓછા કષાયવાળો હતો તેમાં ઘાસલેટ છાંટ્યું !

**નાગકેતુને મળેલ કલ્યાણમિત્ર :-**

નાગકેતુના જીવને કલ્યાણમિત્ર ન મલ્યો હોત ને હિતશત્રુ મલ્યો હોત તો ભવ ટૂંકાઈ જવાને બદલે ભવનો વિસ્તાર થાત ! નાગકેતુનો જીવ પૂર્વભવે ખેડૂતપુત્ર, એની ઓરમાન મા એને પીડે છે, કનડે છે ! એથી એણે શ્રાવકમિત્રની સલાહ લીધી. એ સારું થયું. જો ખરાબ મિત્રને પૂછે તો એ કહે, 'તું નામર્દ છે. સ્ત્રીજાત બીજું શું કરી શકે ? દંડો બતાવી દે ને ?' આવી સલાહ આપી હોત તો આ ય ભાનભૂલો થાત. કહેત, 'ચાવી ઠીક બતાવી. મા એ જ દાવની છે,' પછી નથીને એ પ્રયોગ અજમાવ્યો હોય, તો બાપ માનું પડખું લે, એટલે બાપ સામે દંડાદંડી ! પરિણામે જન્મોજન્મ વૈર બંધાવે ! પછી તો ભવાંતરે બંનેની વચ્ચે જ લડાઈ ! એથી વધુ ને વધુ વૈર ચાલે કે બીજું કાંઈ ?

**આ શ્રાવક મિત્ર કલ્યાણમિત્ર છે, દીર્ઘ દૃષ્ટિ છે, નિઃસ્વાર્થ છે, અવસરે સારી વાત કરે છે.**

ચોક્ખું કહ્યું, **'ધર્મ નથી કર્યો એટલે આ દુઃખ છે, સુખ જોઈએ તો ધર્મ કર.'**

'શું ધર્મ કરું ?'

'પહેલાં અટ્ઠમ કર.'

કરાય ? **દુન્યવી દુઃખ દૂર કરવા શું ધર્મ કરાય ? હા, ધર્મ ન કરે તો શું પાપ કરે ? ધર્મથી જ સૌ દુઃખ જાય એ માન્યતા તો ધર્મશ્રદ્ધાને પોષે છે.** પેલો છોકરો પણ ધર્મ તરફ આકર્ષાયો. અટ્ઠમ કરવો છે, હજી કર્યો નથી અને એક વાર



ઘાસની ઝુંપડીમાં સુતો છે. ત્યાં ઓરમાન માએ લાગ જોઈ ઝુંપડી સળગાવી. પેલો માંહી બળ્યો, મરતાં પશ્ચાત્તાપ કરે છે, 'અરેરે ! પૂર્વ જન્મમાં ધર્મ કર્યો નથી, તેથી તો અહીં દુઃખી થયો; ને અહીં પણ ધર્મ કરવો રહી ગયો, હવે મારું શું થશે !' એવી ધર્મની ભાવનામાં મર્યો, તો શ્રીકાન્તશેઠને ત્યાં જન્મ્યો. પર્યુષણ આવતાં શેઠના ઘરમાં અટ્ઠમની વાત થતી સાંભળી, આવું કાંક સાંભળ્યું છે એમ ચિંતવતાં પૂર્વભવનું સ્મરણ થયું. અટ્ઠમની ભાવના અને વીર્યોલ્લાસ જાગ્યો. હમણાં જન્મેલા બાળકે અટ્ઠમ ઝુકાવ્યો ! પણ એનું ગજું કેટલું ? એક બે દિનમાં ફૂલડાંની જેમ કરમાઈ ગયો ! મરેલો જાણીને કુટુંબ જંગલમાં મૂકી આવ્યા. એકનો એક પુત્ર મર્યો જાણી માબાપ આઘાતથી મર્યા. અહીં બાળકના અટ્ઠમે ધરણેન્દ્રનું આસન ડોલાવ્યું. ઈન્દ્રે આવી અમૃત છાંટી સચેત કર્યો, રાજાને રક્ષણ કરવા કહ્યું. નામ એનું નાગકેતુ થયું; એ મહાશ્રીમંત શેઠ છતાં ધર્મિષ્ઠ છે. ફૂલપૂજા કરતાં કેવળજ્ઞાન લીધું ! કેમ ? **'અટ્ઠમ એટલે અટ્ઠમ. ધર્મ કોઈ પણ ભોગે કરવો.' જેના ઉપર પ્યાર કરો તે પૂંઠે લાગે.**

**જે પૂંઠે લગાડવું હોય, તે સમજીને એના પર પ્યાર લગાડજો.**

ભલે કર્મસંજોગ તેવા હોત તો માતા સાથે લડીને ય મરત. કાંઈ ભલાઈ રાખી માટે માતાના હાથે મરવાનું નથી આવ્યું ! મરવાનું તો કર્મના અનુસારે બન્યું, પણ કલ્યાણમિત્રે દિશા ફેરવાવી. કેટલું ગજબ કામ કર્યું કલ્યાણમિત્રે ! કલ્યાણમિત્ર શ્રાવકે ધર્મસન્મુખ બનાવ્યો તો સુંદર ભવાંતર અને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાયું ! કલ્યાણમિત્રની બલિહારી છે; જીવનને દિવ્ય, દિવ્યાતિદિવ્ય બનાવે છે !

**હિતશત્રુ સંસારના ઘરમાં મોકલે છે, ત્યારે કલ્યાણમિત્ર એ ઘરમાંથી બહાર કાઢી મોક્ષમાર્ગે ચઢાવે છે.**

**આત્મહિતની વિચારણાથી શૂન્ય એવા સુખ-સગવડ પીરસે તે હિતશત્રુ છે; અવસરે ખાવાની થાળી પીરસવાને બદલે, ઉપવાસ શીખવે તે કલ્યાણમિત્ર છે.** થાળી પીરસવાનો અવસર હોય તો થાળી પીરસે, પણ આત્મહિત જગાવવા સાથે એ માટે સામેથી ટોણાં ય ખાવાં પડે, પણ વચન ખરાબ સાંભળીને ય કલ્યાણમિત્ર સારી શિખામણ આપે.

**કલ્યાણમિત્રના મૂલ્ય શું** :- કલ્યાણમિત્ર બનવા સારું કિંમત શું ખરચવી પડે ? કલ્યાણમિત્ર કઈ કિંમતથી મળે ? કોઈ ખર્ચ કાંઈ કિંમત નહિ. છતાં પણ **તેનાથી થતો ફાયદો કેટલો ?** પણ કહો મહાન પુણ્યોદય હોય તો કલ્યાણમિત્ર મળે. મિત્રો મળે રંગરાગને વૈભવમાં પાડનારા, પણ આત્મહિત ઈચ્છનારા જવલ્લે જ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મળે. **કલ્યાણમિત્ર ખોળીઆનાં સગાં નથી, એ તો આત્માના સગાં છે.** રાજીમતીએ નેમિનાથ ભગવાન સાથે લગ્ન કર્યા, દેહના નહિ, પણ આત્માના ! લાખોમાં જુદી પડે એવી છે ! દેવાંગનાના રૂપને તુચ્છકારે એવું રૂપ છે. એમાં નેમિનાથ પ્રભુ જેવા લોકોત્તર સૌંદર્યશાળી રાજપુત્ર સાથે પરણવા મલશે એ વિચારની પાછળ ભોગના કેવા કોડ હોય ! પણ જ્યાં પ્રભુ તોરણેથી પાછા ફર્યા ત્યાં શું કર્યું એણે ?

અલબત્ત પ્રભુને ઠપકો આપ્યો. જાણે છે કે આ તીર્થંકર થવાના છે. એટલે આ પાછા વળીને ક્યાં જવાના. એટલે કહે છે,

**‘ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત, મારા વાલમા,**

**સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત; પ્રીત કરંતા સોહિલી રે હાં, નિરવહતાં જંજાળ,**

**જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેવી અગનની ઝાળ.**

-આ મને ચિત્તમાંથી ઉતારી ક્યાં ચાલ્યા ? મુક્તિ ધુતારીના ઘેર ? તમને શું ખબર નથી કે અમે સતીઓ સારી કે જેને એક જ પતિ. આ મુક્તિને તો ગણિકાની જેમ અનંત સિદ્ધો પતિ છે. તો ય જાઓ છો ? ધ્યાન રાખજો કે **એ મુક્તિ સાથે પ્રીત માંડવી સહેલી છે, પણ નભાવવામાં તમારું તેલ નીકળશે.** જેવો સાપ રમાડવો, કે જેવી અગ્નિની ઝાળ સાથે રમત કરવી, એ મોંઘી પડે, તેવી મુક્તિની સાથે પ્રીત નભાવવી મોંઘી છે. પ્રીત કર્યા પછી અમને તમે લાતે મારો તો ય તમારા પગ પંપોળીએ, ને આ તો તમે જરાક એના પ્રત્યે અરુચિવાળા બન્યા તો તમને ધુત્કારી કાઢશે. દુનિયાના કે શરીરના જરાક મોહમાં પડ્યા તો એ દૂર જશે. **એ મુક્તિની પ્રીત નભાવવા તમારે ચામડાં તૂટી જાય તો ય સહવું પડશે, ચૂંકારો ય નહિ કરાય.** તો ય તમે ચાલ્યા ? ભલે, છતાં સમજી લો કે ત્યારે હવે હું તો તમને છોડવાની નથી તે નથી જ. તમે મારા હાથ પર હાથ નથી આપ્યો પણ દીક્ષા અવસરે મારા મસ્તક પર તમારો હાથ લઈશ.’

રાજીમતી કેવી કલ્યાણમિત્ર બની રહી છે ! ત્યાં ઘોંઘાટ નથી મચાવતી ! ‘તો શું જોઈને પરણવા આવ્યા હતા ? બીજાના જન્મારો બગાડવા ? જાઓ, જાઓ, તમને મારો ખપ નથી તો મને ય તમારો ખપ નથી...’ આવું કશું જ નહિ. હજી તો હસ્તમેળાપેય નથી થયો, પણ બીજો પતિ કરવાની વાતે ય નહિ. **ચામડાનાં લગ્ન એને ન ખપ્યાં, આત્માનાં લગ્ન ખપ્યાં !** જઈને નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી, કેવળજ્ઞાન ઉપાર્જ્યું ! મોક્ષ લીધો ! પ્રભુ સાથે ભાવી અનંતાનંત કાળના આત્મલગ્ન સાધ્યાં ! પ્રભુ કેવા સરસ કલ્યાણમિત્ર ! લગ્નના બહાને આવી રાજીમતીને ખોળિયાનાં હિત નહિ, પણ આત્માનાં હિત સાધવા ચેતાવી ગયા !



**કલ્યાણમિત્રનો યોગ કેવો ? નિજ અને પરના આત્મહિત સાધે એવો ! નિઃસ્વાર્થપણે, નિરપક્ષપણે ઉપકાર મળે એવો ! કલ્યાણમિત્રનો યોગ કેવો ? ભવના ભ્રમણ મિટાવી આપે એવો ! અવસરે જાતના દુઃખ વિસારી પરના સુખની ચિંતા કરે એવો !**

**કલ્યાણમિત્ર આપણે મેળવવાના છે; અને આપણે ય બીજા માટે કલ્યાણમિત્ર બનવાનું છે.** બે ય સાવધાની, હું કોઈનો મિત્ર થાઉં તે કલ્યાણમિત્ર જ થાઉં. માતાપિતા, પુત્ર, પત્ની, ભાઈ, બેન સૌ પ્રત્યે એક જ ભાવના, એક જ ચિંતા, **‘એમના આત્માનું હિત કેમ કરીને થાય !’** સ્વાર્થ ભુલાય, દીર્ઘાતિદીર્ઘ પરિણામ જોવાય, પોતાના અને પરના માનવભવના મહામૂલ્ય અંકાય, તો કલ્યાણમિત્ર બનાય. આપણે કલ્યાણમિત્ર શોધવાના; **ને હિતશત્રુ સાથે ઓળખીને કામ કરવાનું.** સગાં વહાલાં પણ જો આત્માની શત્રુવટનું કામ કરતા હોય તો તેની સાથે મનના મેળ નહિ. સાધર્મિકોના કલ્યાણમિત્ર થઈ શકો કે નહિ ? એણે જેવાં કર્યાં તેવાં એને ભોગવવા પડે એમ કહી ‘મારી નાણાં કોથળી મારા માટે, મારા કુટુંબ માટે’ આ ચાલે ? ભોગ આપવો પડે તો એને સમાધિ અપાય. **મદનરેખાએ મહાન ભોગ આપ્યો !** શું લાભ થાય ? ઘણા પાપથી બચાવે, પત્ની કલ્યાણમિત્ર બનવા પૂછે, ‘પૈસા કેવી રીતે લાવ્યા ? કાળું કરીને ? ના નથી જોઈતા એ ફેંકી દો,’ કલ્યાણમિત્ર બનેલી પત્ની પાપથી બચાવે. કલ્યાણમિત્ર ન હોય તો પતિ જાતે ડૂબતો ન હોય તો ડૂબવાનું કરી આપે. વિષય-કષાયની સલાહ આપે તો ભવસાગરમાં ધક્કો જ મારે છે ને ? કલ્યાણમિત્ર તો પરિણામના **અનંત દુઃખથી બચાવે.** અવસરે ભોગ આપવાની તૈયારી જોઈએ.

**જગડુશા :-** ચૌદમા સૈકામાં જગડુશાહે ત્રણ વરસ ગરીબોનો કલ્યાણમિત્ર બની અનાજ આપ્યે રાખ્યું ! ગુજરાતનો રાજા વિસળદેવ પણ દુકાળથી ત્રાસી ગયો, ખબર પડી જગડુશા પાસે પાટણમાં અનાજ છે, પૈસાથી વેચાતું આપવા પૂછાવ્યું. આ કહે છે, “મારું અનાજ નથી. નામ જોજો. ગરીબોના માટે છે.” ખરેખર તેમજ હતું, કોઠારો પર લેબલ હતું, **“ગરીબોનું અનાજ”** વેપાર કરવાનો અવસર છે, દુકાળી પડવાની છે. ફીકર નહિ, બજારના ભાવ ન ઉછળે તેવી રીતે ભેગું કર્યું. મોકો આવ્યો ઉછાળ્યું. રાજા ય ખરીદવા માગે તો “ના મળે, ગરીબોનું છે, મારું નથી” છતાં રાજાને અનાજ પોતાનામાંથી આપ્યું. **કલ્યાણમિત્ર બનવું હોય તો ભોગ આપો.** સામાને દુઃખથી બચાવો, પાપથી બચાવો. અપશયથી બચાવો, ખોટા કૃત્ય કરવામાં પડી જતો હોય તો તેમાંથી બચાવો. માખણ લગાડ્યા કરે અને અવસરે ભોગ આપવાની વાત નહિ, સ્વાર્થની જ વાત, તો કલ્યાણમિત્ર

નહિ બનાય. કલ્યાણમિત્ર બનવા ય સ્વાર્થાંધતા જતી કરવી પડશે, અને કલ્યાણમિત્ર બનાવવા ય સ્વાર્થાંધતા મૂકવી જોઈશે. પૂછો, કેમ એમ ? એટલા માટે કે કલ્યાણમિત્રની સલાહ સૂચનાઓ પશુના જેવા સ્વાર્થભોગની નહિ હોય; ત્યાગ, પરોપકાર, ઉદારતા, સહિષ્ણુતાની હશે.

**કલ્યાણમિત્ર કેવો છે ? :-** 'જ્યારે બીજા પંખેરા ફરફર કરીને ઊડી જાય, ત્યારે હું હાજર હોઈશ.' મરણ વખતે ગુરુ મહારાજને બોલાવો છો ને ? કેમ વળી ? જેવા તમારા ઘરના માણસો તેવા ગુરુ મહારાજ ! શું વધારે છે ? ના, **જ્યારે કોઈ કામ નથી લાગતું ત્યારે ગુરુ મહારાજ કામ આવે છે. હવે ભવાંતરમાં એ કામ આવશે. આલોકનું કંઈ કામ નહિ આવે, પૈસા ય નહિ ને પરિવારેય નહિ ! સતત ધર્મકર્તવ્યનું ભાન કરાવે, માનવજીવનના કાળમાંથી ભવિષ્યના અનંતકાળ ઉજળા કરી આપે, એવી ચાવીઓ કલ્યાણમિત્ર આપે છે; અનંત કાળની દિશા એ ફેરવી આપે છે.**

**કલ્યાણમિત્ર શું કામ કરે ? :- સમાધિની હિંમત આપે, સદ્‌ગતિની પરંપરા આપે ?** જુઓ મદનરેખા કેવી કલ્યાણમિત્ર બને છે.

## • મદરેખાની કલ્યાણ મિત્રતા. •

સુદર્શન નામનું નગર છે. મણિરથ નામે રાજા છે. નાનોભાઈ યુગબાહુ યુવરાજ છે. મદનરેખા એની પત્ની છે. મોટાભાઈ એક વાર કોઈ નિમિત્તે એને પોતાની દૃષ્ટિમાં લે છે. ધારી ધારીને એનું રૂપ જુએ છે. નાના ભાઈની પત્ની છતાં લોભાયો મોટોભાઈ. મનમાં થયું, 'આટલું બધું સૌંદર્ય ! મારી પટ્ટરાણી બનવા યોગ્ય છે, માટે કરું પેંતરો ! ગમે તે રીતે મારી રાણી બનાઉં' બુદ્ધિ બગડી. મુકામે આવીને દાસીને ખાનગી સમજાવી તંબોલ-વિલેપન-પુષ્પ-ફળોની ભેટ લઈ મોકલી. આ ય ચબરાક છે. અજુગતું બોલવાનું એકદમ નહિ. પહેલાં તો એ કહે છે, 'હે ભદ્રે, આ રાજા સાહેબે મોકલ્યું છે.'

મહાસતી કહે છે, 'કૃપા છે વડીલની,' કેમકે એના દિલમાં પાપ નથી.

પેલી કહે છે, 'આપના ગુણોને બહુ યાદ કરે છે.'

'કરે, ગુણગ્રાહી છે, નહિતર મારા જેવા નાના માણસની એમને શી કિંમત.'

આ હવે પોત પ્રકાશી કહે છે, 'મહારાજા તમારા ગુણસમુદાયમાં એટલા બધા અનુરક્ત બન્યા છે કે એ કહેવરાવે છે કે તમે યથેચ્છપણે મારી સાથે આનંદ વિલાસ કરો અને સમસ્ત રાજ્યનું સ્વામિત્વ સ્વીકારો.'



છે કોઈ વિવેક ? કોઈ બોલવાનું ઠેકાણું ? માણસ જ્યારે કામાંધ બને છે ત્યારે, શાસ્ત્ર કહે છે, જન્માંધ પુરુષ કરતાં વધુ કંગાળ બને છે. જન્મનો આંધળો તો જે છે તે દેખતો નથી, ને કામાંધ જે નથી તે દેખે છે. એમ સમજો કે સાપના મુખમાં અમૃત નથી, પણ કોઈ ઘેલો ત્યાં અમૃત હોવાનો આગ્રહ રાખી, એ લેવા જાય તો પરિણામ શું ? મરે જ કે બીજું કાંઈ ? એમ આ કામાંધો જ્યાં સતી સ્ત્રીમાં દુરાચાર પ્રત્યે કોઈ જ આકર્ષણ-પ્રલોભન નથી, ત્યાં એ કલ્પી દોડવા જાય તો ઘોર અનર્થ જ પામે ને ? **'સતી સંગાથે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ ?'** મદનરેખા સતી છે. સતી એટલે સંસારભોગમાં પોતાના પતિ સાથે પડેલી હોય, છતાં દુરાચાર, મર્યાદાઉલ્લંઘન અને પ્રલોભનોના પૂરની સામે પત્થરી દિવાલસમી હોય; એમાં તણાઈ જનારી નહિ ! એમાં વળી,

**જિનવચન ભાવિતમતિ :-** મહાસતી મદનરેખા તો જિનવચનથી ભાવિત મતિવાળી છે. ભાવિત મતિ સમજ્યા ને ? કપડાની અંદર મૂકેલી કસ્તૂરી કે અત્તરનું પુમડું જેમ કપડાના તંતુએ તંતુને સુવાસિત કરી દે છે, એમ જિનવચને મહાસતીની મતિના ખૂણેખૂણાને વાસિત કરી દીધો હતો. કપડાનો કોઈ પણ ભાગ સુંઘો, સુગંધ, સુગંધ ! તેમ આની મતિનો, આની બુદ્ધિનો, આની વિચારણાનો, મનોરથનો, વલણનો કોઈ પણ ભાગ જુઓ, જિનવચનનો મઘમઘાટ એમાં તરવરતો હોય. પિતાના ઘરમાં નાની ઉંમરમાં કેવું સંસ્કરણ એ પામી હશે ! કઈ વિદ્યાથી એણે નિજનો આત્મા પ્રકાશમાન કરી દીધો હશે ! એ વિચારો. રાજકુળમાં જન્મવા છતાં **જિનવાણીના રંગે આત્માને રંગી નાખવાના યોગે વૈભવ-વિલાસો એના હૃદયનો કબજો નહિ લઈ શક્યા હોય, તેથી એ પાર્થિવ સંપત્તિ એનામાં એક પણ દુર્વિચાર જન્માવી શકતી નથી ! એક પણ અસત્પ્રવૃત્તિ એની બુદ્ધિમાં પણ પ્રવેશી શકતી નથી ! તો આચરવાની તો વાતે ય ક્યાં ?** માતાપિતા અને વિદ્યાગુરુ કેવા કલ્યાણમિત્ર, કે એનું ઘડતર આ રીતનું કરવા પ્રેરાયા હશે ! ત્યારે એમ તો ચકલા-ચકલી ય માબાપ બની બેસે છે, વિદ્યાગુરુ બને છે, ત્યારે શું માણસ જેવો માણસ પણ વિશિષ્ટ બુદ્ધિ અને ધર્મ પામ્યો છતાં એટલી જ કક્ષાએ ? એમાં વળી પારકે ઘેર જવાની છોકરીને ય આત્માના શિક્ષણ નહિ ? ગુણોના ઘડતર નહિ ? શીલમર્યાદાઓના સંસ્કરણ નહિ ?



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

# (૧૬) આધ્યાત્મિક પ્રવચન

**સિંહણની શીલગર્જના :-**

મદનરેખા તો જિનવચનના રંગના એવા ઊંચા શિક્ષણ, ઘડતર અને સંસ્કરણ પામી છે કે દુન્યવી ભોગવૈભવને તૃણવત્ ગણે છે ! દાસીએ મહારાણી બનવાના આગળ ધરેલા પ્રલોભનને ઠોકરે મારે છે ! એની સામે સિંહણના જેવી શૂરવીરતાને ધારણ કરતી એ રાજાને પ્રતિબોધવા શીલ-મર્યાદાની ગર્જના કરે છે ! કહે છે,

‘અરે ભોળી ! સત્પુરુષનું મન બીજી કોઈ સ્ત્રીને વિષે પણ જતું નથી; એમાં પાપ છે, તો વહુ માણસને વિષે કામની પ્રવૃત્તિ એ તો મહાપાપ છે ! અને શીલ એ સ્ત્રીઓને માટે તો પહેલો ગુણ છે. જો મારામાં મૂળમાં એ ગુણ જ ન હોય તો પછી બીજા તો કયા જ ગુણો સંભવે કે જેમાં રાજા આટલો આકર્ષિત થાય છે ? યુવરાજની પત્ની બનેલી એવી મારે શીલભંગ કરીને તો રાજ્યનું સ્વામીપણું હો કે ન હો એની કોઈ કિંમત નથી ! જ્યાં યૌવન અને આયુષ્યરૂપી ઘાસ નિરંતર કાળની ક્ષણ ક્ષણ રૂપી દાવાનળના પ્રબળ જ્વાળા-સમૂહથી સળગી રહ્યું છે ત્યાં અકાર્યમાં કોણ રમે ? કોણ મન પણ કરે ? રાજાને કહેજે કે અનાદિથી ચાલી આવતા એવા આ અનંતકાળમય સંસારમાં અનંતી સ્ત્રીઓથી પણ જીવ જો ધરાયો નથી તો અહીં પુત્રવધૂ સમી એવા મારા એકથી કોઈ તૃપ્તિ નહિ થાય. તુચ્છ એવા કામની પરવશતામાં તો તમને ત્રણેય લોકમાં મહાન અપયશ મળશે ! અને પોતાના જ હાથે દુઃખો ખરીદી લઈ ઘોર નરકમાં પડવાનું થશે ! માટે મનમાં ખૂબ સંતોષ રાખી અકાર્યોથી પાછા હટો. નહિતર ભોગની તૃષ્ણા ક્યારેય નહિ મટે !’

**સદાચારીની મર્યાદા :-** કેટલો બધો સુંદર ઉપદેશ મહાસતીનો ! કહે છે, ‘સારા માણસનું તો પર સ્ત્રી ઉપર મન પણ ન જાય; દૃષ્ટિ નાખવાની તો વાતે ય શી ?’ ફલાણી સ્ત્રી, લોકો કહે છે કે, બહુ રૂપાળી છે, સુંદર છે, કેવીક હશે, એવી વિચારણા સરખી ન કરાય, શાસ્ત્ર કહે છે,

**सद्दा रूवा रसा गंधा फासाणां पवियारणा ।**
**मेहुणस्स वेरमणे एस वुत्ते अइक्कमे ॥**

સ્ત્રીએ પુરુષના અને પુરુષે સ્ત્રીના શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ સુંદર છે, એવી રાગભરી વિચારણા ન કરાય; કેમકે એવી વિચારણા બ્રહ્મચર્યવ્રતનો અતિક્રમ છે,



અતિચાર છે, સ્ખલના છે, બ્રહ્મચર્યમાંથી પતિત થવાના ઉત્તરોત્તર પગલાનું મૂળ કારણ છે. માટે તો કહ્યું કે કદાચ અજાણતાં અણચિંતવી નજર પણ પડી જાય, તો ય તરત જ મધ્યાહ્નના સૂર્ય તરફથી નજર ખસેડી લે તેમ દૃષ્ટિ ખસેડી લેવાની, અને એમાં રાગ નહિ કરવાનો, રાગભરી વિચારણા બિલકુલ નહિ કરવાની; પછી પ્રવૃત્તિની તો વાતે ય શી ? જો કોઈ પણ સ્ત્રી તરફ નહિ, તો વહુઅરો તરફ તો ખોટી દૃષ્ટિ નખાય જ શી રીતે ?

**ગુણહીન પ્રત્યે આકર્ષણ શા ? :-** સતી કહે છે, રાજા મને ગુણસંપન્ન જાણીને મારા તરફ આકર્ષાય છે, પરંતુ જો મારું શીલ હું ભાંગી નાખું તો પછી મારામાં કોઈ ગુણ જ નહિ રહે ‘મૂળ વિના તરુવર જેહવાં, શીલ વિના વ્રત તેમ રે’ શીલ નહિ, તો વ્રત શા ? અને ગુણ શા ? ત્યારે એવી ગુણરહિત બનેલી મારા પ્રત્યે પછી મહારાજાને આકર્ષાવાનું શું રહ્યું ? શીલ તો નારીનો પ્રથમ ગુણ છે. **શ્રી વીરપ્રભુ ગૌતમ સ્વામીને કહે છે, ‘ગૌતમ ! અનંત પાપરાશી ભેગી થાય ત્યારે સ્ત્રીપણું મળે છે !’ એમાં શીલ વિનાનું નારીજીવન એટલે તો ગંધાઈ ગયેલી છાશ ! પછી એમાં કશું સારાપણું નહિ. સ્ત્રીને માટે તો શીલભંગ એટલે જીવનમાં અતિ ભયંકર દુષ્કૃત્ય !** બાકી તો શું સ્ત્રી કે શું પુરુષ, બંનેને માટે શીલ એ પાયાનો ગુણ છે, એનો નાશ કરાવવાની બુદ્ધિ એ ભયંકર દુર્બુદ્ધિ છે.

**સ્ત્રીપણું અને શીલ :-** સતી કહે છે, ‘મારા શીલનો નાશ કરાવવા રાજા મને રાજ્યની સ્વામિની બનવાની લાલચ દેખાડે છે, પરંતુ મારે તો યુવરાજની પત્ની બન્યા પછી રાજ્યનું સ્વામિપણું મળી જ ગયું છે. હવે આગળ શીલભંગ કરીને ગમે તે મળતું હોય યા નહિ, તેનો મારે કોઈ ખપ નથી. શીલનો નાશ કરીને કોઈ આપત્તિ ટળતી હોય તોય તે એ રીતે ટાળવાનો મારે મોખ નથી, ભલે આપત્તિ આવે, હું વધાવી લઈશ; પણ શીલ નહિ છોડું.’

**શીલના લાભ અને ઉપાય :-** સ્ત્રીઓએ પણ મોક્ષ સાધ્યા છે ને ? પાપરાશિના ફળ સ્વરૂપ સ્ત્રીપણામાં ય ભવસાગર કેમ તરાયા ? મોક્ષ કેમ એકદમ નિકટ કરાયા ? કહો, શીલના પ્રભાવે. અબળા ગણાતી સ્ત્રીઓમાં પણ મહાસત્ત્વ ખીલે છે તે શીલના પ્રભાવે, બ્રહ્મચર્યના પ્રતાપે. જો વાસના વિકારની ઝણઝણાટી જન્મવા જ ન દેવામાં આવે, જો મહામૂલા વીર્યનાં સંરક્ષણ કરવામાં આવે, તો શરીરની સાચી કાંતિ વધે, બળ વધે, આવરદા વધે, ઇન્દ્રિયોનાં તેજ વધે અને મનની સાત્ત્વિકતા વધે. એના ઉપર ઉમદા વિચારણાઓ ને ભાવનાઓ સ્ફુરી શકે. તામસી વિચારો કેમ સ્ફુરે છે ? ઉદાત્ત વિચારોના સ્વપ્ના પણ કેમ નથી દેખાતા ? વાસના વિકારથી હાથે કરીને વીર્યનાં નાશ કર્યા છે માટે. **વાસના વીર્યનો નાશ કરે છે ત્યારે**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**જીવનમાં ભાવી અનેકાનેક લાભોનો પણ નાશ કરે છે.** તો શા સારૂ એવી વાસનાને જાગવા જ દેવી ? **સંકલ્પમાંથી જ કામ જન્મે છે તો એના સંકલ્પને જ ન થવા દેવો.** એ માટે બ્રહ્મચારી મહાપુરુષોના જીવન ચરિત્રો વિચારવા, તત્ત્વચિંતન કર્યા કરવું; ધર્મધ્યાનના વિષયભૂત જિનાજ્ઞા, રાગાદિના અનર્થ, કર્મના વિપાક અને ચૌદ રાજલોકના સ્વરૂપના વિશાળ ક્ષેત્રમાં મનને લહેરાવવું. માનસિક જગતમાંથી સ્ત્રી-તત્ત્વને જ કાઢી નાખવું.

**કાળની જ્વાળાઓ :-** મહાસતી રાજાને કહેવરાવે છે કે 'વિચાર કરો કે જીવન કેવું ઘટે છે ! યુવાની કેવી સરકતી જાય છે ! વિકરાળ કાળરૂપી દાવાનળની ક્ષણોરૂપી જ્વાળાઓ જીવન અને યુવાનીને કેવી બાળતી જાય છે ! એવી પરિસ્થિતિમાં અકાર્યને વિષે કોણ સુજ્ઞ રમે ?' કહેવાનું તાત્પર્ય એ છે કે **માનવજીવન અને વિશેષ કરીને યુવાનીનો કાળ એટલો બધો મહામૂલો મળ્યો છે કે એના પ્રત્યેક અંશનો ઉપયોગ, ઉચ્ચ કોટિના સદાચારનાં પાલન અને ઉચ્ચ કોટિની ઉપશમ-વૈરાગ્યભરી ભાવનાઓ અને પરમાત્મધ્યાનમાં કરીને નિજના આત્માને વિશિષ્ટ ગુણસ્થાનકના ઉન્નત ગિરિશૃંગે ચઢાવી શકાય.** એવી એ ક્ષણોનો સદુપયોગ ન કર્યો તો એ તો નિશ્ચિત છે કે વિકરાળ કાળ દાવાનળની ક્ષણરૂપી જ્વાળાઓ યુવાનીના અંશોને ભરખી તો રહી જ છે; એમાં સત્પ્રવૃત્તિને સ્થાન નહિ હોય અને અસત્પ્રવૃત્તિએ સ્થાન જમાવ્યું, તો આત્માના વિનાશને સર્જશે ! કાળ કાળનું કામ કર્યે જ જાય છે, ત્યાં સતી કહે છે 'અસત્કાર્યમાં કોણ રમે ?' એટલે ? **કાળના ખપ્પરમાં જીવન એકદિ' સંપૂર્ણ હોમાઈ જવાનું છે ! દુષ્કૃત્યો કરવા છતાં કાળનું ભક્ષણ અટકવાનું નથી;** મૃત્યુ રોકાવાનું નથી. મરવાનું બંનેને, સદાચારીને અને દુરાચારીને ય, **પણ દુરાચારીને ક્ષણિક જીવનના ખોટા સ્વાદમાં કરેલાં દુષ્કૃત્યો મર્યા બાદ એવાં માથે પડે છે કે છાલકાં તૂટી જાય. મહાસતી કહે છે, 'રાજન્ ! બુદ્ધિમાન થઈને કાળની ચવામણ પરખો, કાળનાં ભડકા નજર સામે રાખો, જીવન તો એક દિવસ જમરાજના મોંઢામાં ફસાઈ પડી ફના થઈ જવાનું છે. શા માટે એવા જીવનમાં આત્માને દુષ્કૃત્યથી કલંકિત કરવો ?** સરર સરકી જતા ઊંચા જીવનમાં તો સુકૃત સાધી લેવું જોઈએ. જેની ખાતર દુષ્કૃત્ય કરવા તૈયાર થાઓ છો એવા ભોગ તો અનાદિ અનંત કાળમાં અનંતી સ્ત્રીઓ સાથે થઈ ચૂક્યા, છતાં જો હજી તૃપ્તિ નથી તો અહીં બંધુપત્ની એવી મારા એકથી તૃપ્તિ થશે નહિ.'

કેવો સરસ ઉપદેશ ! વાત સાચી છે કે,

**ભોગથી ભૂખ વધે :-**

**અગ્નિ જો તૃપ્તે ઈંધણે, નદીયે જલધિ પુરાય;**



**તો વિષયસુખ ભોગતાં, જીવ એ તૃપ્તો થાય.**

વર્તમાન જીવનની જ દશા વિચારો... ઘણી બધી વાતની તૃપ્તિ નથી થઈ, તૃષ્ણાઓ જાગે છે. શા માટે ? શું એ વસ્તુ પૂર્વે નહોતી મળી ? પણ કહો, **ભોગવવાથી ભૂખ વધે છે, મટતી નથી. કેમકે ભોગવટો એના કુસંસ્કાર જ એવા વધારે છે કે નવી નવી ભૂખ, ને નવી નવી ચળ ઉપડ્યા જ કરે !** એને દાબવાનો રસ્તો જ એ કે ભોગથી દૂર રહો; ત્યાગને વળગો. દુરાચારથી દૂર રહી સદાચારમાં તૃપ્ત થાઓ.

**દુરાચારથી લોકમાં યશ નહિ.** પણ અપયશ મળે છે, **સુગતિ નહિ,** નરકાદિ દુર્ગતિ મળે છે. ક્ષણિક સુખના લોભમાં ભાવી દીર્ઘાતિદીર્ઘ કાળ વિસારવા જેવો નથી. ભાવી સુધારવા-બગાડવાનું આપણા હાથે જ બને છે, તો શા માટે પોતાના જ હાથે દુર્ગતિનાં દુઃખ ખરીદી લેવા ? શા માટે અકાર્યમાં પડી ભોગતૃષ્ણાને પુષ્ટ કરવી ? એ તો તો જ પુષ્ટ ન થાય કે જો એને મસાલા ન મળે.'

**રાજાને ઊલટી મતિ :-** આધ્યાત્મિક દેશની આ ઉપદેશ હવા છે; આ સંસ્કૃતિ છે. **મહાન પુણ્યોદયે અહીં જન્મ મળવાથી આ પામ્યા છો ! બીજે ગયા હોત તો ઊંધું સુઝત !** મણિરથ રાજા અભાગિયો છે, આ દેશમાં જન્મીને પણ ઊંધું સુઝે છે. સતીનાં વચનો દૂતીએ જઈને રાજાને સંભળાવ્યા, છતાં રાજા શાંત થવાને બદલે કામવાસનાથી અધિક પકડાયો.

**ભાગ્ય ફૂટવાનું હોય, ને ભાવી ભયંકર હોય ત્યારે કલ્યાણમિત્ર મળવા છતાં મન ઠેકાણે ન આવે.** કલ્યાણમિત્ર મદનરેખા જાતને તો બચાવે જ છે, પરંતુ રાજાને ય બચાવી લેવા ભવ્ય સલાહ આપે છે ! પણ કહે છે ને કે સારી વસ્તુ પચાવવા પણ બુદ્ધિ જોઈએ છે. રાજાની શુધબુધ ઠેકાણે નથી. કામદેવરૂપી નાગના ઝેરથી વ્યાપ્ત બની ગયો છે તેથી નિપુણ બુદ્ધિએ કહેવાયેલા સુભાષિત પણ વચનો એના હૃદયમાં ન ઊતર્યા. ભોગતૃષ્ણા વધી ! એ વિચારે છે,

**ભાઈની હત્યા કરવાની દુષ્ટ મતિ :-**

'નાનો ભાઈ યુગબાહુ જીવતો છે ત્યાં સુધી આને ગ્રહણ કરી નહિ શકાય. માટે ભાઈને હણીને પણ બળાત્કારે આ સ્ત્રીને ગ્રહણ કરું.' નિર્દોષ ભાઈની હત્યા કરાવવાના કુવિચાર સુધી રાજા ચઢ્યો. જુઓ ત્યારે કર્મની વિચિત્રતા. ભાઈનો કોઈ ગુનો છે ? છતાં એના પર કેમ આપત્તિ ? પૂર્વ જન્મના પાપને કારણ માન્યા વિના છૂટકો નથી. નહિતર અહીં એણે શું એવું કારણ આપ્યું છે ? કારણ વિના તો કાર્ય બને જ નહિ. **પોતાના દુઃખમાં પોતાનું જ પાપ કારણ છે.**

**ધર્મીને ઘેર ધાડ નહિ :-** માટે જ અહીં ગમે તેવા સાધુ પુરુષ બન્યા હો



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

છતાં પોતાના પૂર્વના દુષ્કર્મના ઉદય હોય તો આપત્તિ આવે જ. 'ધર્મીને ઘેર ધાડ' એ તો અજ્ઞાનીનાં વચન છે. એનો શો અર્થ છે ? એ જ કે ધર્મ કરે તો ધાડ આવે, એટલે ધર્મથી વિટંબણા, એમ ને ? ભૂલેચૂકે આવું બોલતા-માનતા નહિ. ધર્મથી તો સુખ જ મળે; માત્ર પૂર્વનું દેવું ચૂકવવું પડે.

**રાજાનો પ્રપંચ :-** રાજા હવે લાગ શોધે છે, ભાઈને હણવાના સ્વાર્થના અંધાપામાં લોહીના સંબંધ વિસરાઈ ગયા. આવા સંસારમાં ક્યાં વિશ્વાસ રાખી બેસી રહેવાય ? એક વાર વસંત ઋતુ ખીલી છે. મદનરેખા સાથે યુગબાહુ ઉદ્યાનમાં ગયો છે. ત્યાં હરી ફરીને કેળના ઘરમાં સુતો છે. મણિરથને ખબર મળે છે એટલે સીધો તલવાર લઈ ઉપડે છે. દેખાવ એવો કરે છે કે જાણે 'આટલી રાત્રે ભાઈ બહાર રહ્યો છે એમાં જોખમ છે, તેથી એને બોલાવી લાવું. તલવાર રક્ષણ માટે લીધી છે.' પ્રપંચને કોણ પહોંચે ? યુગબાહુના ય ખાસ માણસો ભૂલાવામાં પડી જાય છે, કેમકે એ તો રાજાને એક વાત્સલ્યભર્યા મોટાભાઈ તરીકે જુએ છે. **પ્રપંચી જગતમાં સામાના પેટની શી ખબર પડે ? ત્યારે શું આવા જગતની પાછળ માનવ જીવન હારી જવાનું ?** રાજા સીધો પહોંચ્યો પેલા કેળના ઘરમાં; અને જઈને નાનાભાઈને તલવારનો જોરદાર ઘા લગાવી દીધો ! મદનરેખાએ કોલાહલ કરી મૂક્યો, સિપાઈઓ અંદર આવી પહોંચ્યા; પણ રાજા બડો ઉસ્તાદ તે 'તલવાર પડી ગઈ' કે એવું કોઈ બહાનું કાઢી ત્યાંથી ચાલી ગયો.

મદનરેખા સમજી ગઈ કે આમ કેમ બન્યું ? હવે આની પાછળ પોતાના શીલનું અને જીવનનું શું ? પણ એ બધો વિચાર કરવા પહેલાં તો અત્યારે એ જુએ છે કે પતિ કઈ દશામાં છે. પતિની આંખ લાલચોળ છે. સતી સમજી જાય છે કે હૈયામાં ભાઈ ઉપર ક્રોધ ચઢ્યો છે. મરવાની તૈયારી છે, વૈદના ઉપચારને અવકાશ જ નથી એટલો ગાઢ પ્રહાર છે. જો આ ગુસ્સામાં મરે તો નરક ગતિ થવાનું સતી જુએ છે અને નરક એટલે ? શરીર પર માત્ર એક ઘા નહિ, પણ કાપાકાપી, છુંદાછુંદી સહવાની ! કુંભીપાકમાં પચાવાનું, અગ્નિમાં શેકાવાનું-બળવાનું... વગેરે કારમી વેદનાઓનો પાર નહિ ! મરતાં ગુસ્સામાં રહ્યા તો અહીં વળવાનું કાંઈ નહિ, ને ભવાંતરે નરકની ભયંકર યાતના ! તેય અપરંપાર ! તો પછી એવો ગુસ્સો કેમ જ રહેવા દેવાય ?

**શ્રેણિક અને કૃષ્ણ** જે તીર્થંકર થવાના છે, ક્ષાયિક સમક્તિના ધણી છે, તે નરકે શાથી ગયા ? ગુસ્સાના જ કારણે. ગુસ્સો કરવો નહોતો છતાં બીજાના ગુના પર થઈ ગયો, શું ? પોતાના વાંક પર નહિ, બીજાના વાંક પર ગુસ્સો, તો ય નરકે ગયા ! શ્રેણિકને પુત્ર કોણિકે કેદમાં પૂરી રાજ્ય કબજામાં લીધું. પાછો રોજ



૫૦ ફટકા મરાવે છે. હવે એક વાર હાથમાં ઘણ લઈને આવતો હોય તો શ્રેણિક શું સમજે ? એ જ ને કે હવે આ ઘણથી મારી નાખવા આવ્યો છે. તરત જ શ્રેણિકે આપઘાત માટે હીરો ચૂસી લીધો. ભગવાન મહાવીર દેવનું સ્મરણ કરવા વગેરે શુભ ભાવનામાં ચઢે છે 'નમોત્થુણં અરહંતાણં... નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ'...કરે છે. મેઘકુમાર, અભયકુમાર વગેરે સંસાર ત્યજીને ચારિત્ર લઈ તરી ગયા, તેમને ધન્યવાદ આપે છે. આટલી બધી જાગૃતિ છતાં મરવાની ક્ષણે પલટો પામી ક્રોધની વાસના ભભુકી, ઉઠી ગુસ્સામાં ચઢ્યા, 'આ કોણિક હરામખોર ! દુષ્ટ ! આ ધંધા ? તને તો... અરેરે ! આ મારી સ્થિતિ ?...' એવી કોઈ દુર્ધ્યાન ને ક્રોધથી ધમધમતી વિચારણામાં ચઢ્યા કે એથી મરીને સીધા નરકમાં પટકાયા !

કૃષ્ણ વાસુદેવને જંગલમાં ભાઈ જરાકુમારનું બાણ વાગ્યું છે. બળદેવ દડિયામાં પાણી લેવા ગયા છે. જેને એક વાર કઢેલાં દૂધ અને મીઠાં સરબતનાં સ્વાગત મળતાં તેની પાસે અત્યારે પાણીનો પવાલોય નથી. જેને ત્યાં હાથીઓ ઝૂલતા, ફૂલ જેવી શય્યાઓ હતી, તે અહીં પગે ઘસડાતા આવ્યા છે, ને જમીન પર સુતા છે ! સંસારની માયા દગાખોર છે ! હવે કૃષ્ણને મરણ સામે આવીને ઊભું છે. છતાં જરાકુમારને પોતે આશ્વાસન આપે છે, 'તું શું કરે ! તારા હાથે હું ન મરું માટે તો તું ૧૨-૧૨ વર્ષથી જંગલમાં રહે છે અત્યારે પણ બાણ હરણ ધારીને છોડ્યું હતું, પણ મારાં કર્મ એવાં, તે પ્રભુએ ભાખેલું મિથ્યા કેમ થાય ? લે જા આ કૌસ્તુભ મણિ, લઈને પાંડવો પાસે જા, તને રાજ્ય આપશે.' પેલો જાય છે. કૃષ્ણ શુભ ભાવનામાં ચઢી શ્રી નેમિનાથ પ્રભુને નમસ્કાર કરે છે. પોતાના કુટુંબીઓ અને બીજાઓએ સંસાર ત્યજી સંયમ લીધા તેની અનુમોદના કરે છે, પણ જ્યાં હવે જીવનદીપક બુઝાવાનો અવસર આવી ઊભો કે ગુસ્સો આવ્યો, 'હાહા પેલો દુષ્ટ દ્વૈપાયન ઋષિ ! હું ત્રણ ખંડનો માલિક વાસુદેવ, એવા મને જંગલમાં ભટકતો કર્યો ? મોટી દ્વારિકા બાળી ભસ્મ કરી ! પાપી ! દુષ્ટ ! આમ સામે આવ સામે ! તને તો...' આવી કોક ક્રોધથી ધમધખતી વિચારણામાં મરીને સીધા ત્રીજી નરકમાં ગયા.

**કટોકટી કોની ભારે ? કોની તરત જ ? :-**

મદનરેખા જુએ છે કે પતિ ગુસ્સામાં છે, ઘા મરણાન્ત લાગ્યો છે, બચાવાનો કોઈ ઉપાય નથી, મૃત્યુની તૈયારી છે ! આમાં જો ગુસ્સો લઈને મર્યા તો બિચારાની ભયંકર દુર્ગતિ થાય ! માટે હમણાં મારો વિચાર પડતો મૂકી એમનું સુધારવા દે. **કટોકટીનો પ્રસંગ એમને જે નજીક છે તેટલો મારે નજીક નથી, એમને જેટલો ભારે**

**છે તેનો સોમા શું લાખમાં ભાગેય મારે ભારે નથી.** એમને તો નરકાદિ દુર્ગતિના ઘોર ત્રાસ ! અને પાછો ધર્મ કોઈ આપનાર નહિ ! એટલે ત્યાંથી પણ મરીને આગળ દુઃખમય ભવોની પરંપરા ! કેવી ભીષણ કટોકટી કરી ! ત્યારે મારે એના પ્રમાણમાં શી કટોકટી ! હું તો જીવતી છું, ખાવા-પીવાનું મળે છે, મારપીટ નથી, પાછો ચારિત્રધર્મ લઈને પાળી શકું એમ છું !' કહો જો કટોકટી કોની ભારે ? કોની તરત જ ઊભી થવાની ? સામાનો આ વિચાર કરાય તો પછી એની સાથે આપણાં વર્તાવ દિવ્ય બની જાય ! સામો દુર્ગતિની હડફેટે ચઢી જાય તો એના બાર જ વાગે ને ? સમુદ્રનો માછલો થયો તો ? વનનો પશુ થયો તો ? એક વાર ધર્મની તક ગુમાવી તો પછી બચાવવાવાળુ કોઈ નહિ ! મહાવીર પ્રભુનો જીવ ત્રીજા મરીચિના ભવમાં ધર્મ ચૂક્યો તો પછી અસંખ્ય કાળની વિટંબણા આવી ! પાછો સોળમા વિશ્વભૂતિ મુનિના ભવમાં ભૂલ્યો તો સાતમી નરક સુધીના રૌરૌ ત્રાસ ! અગણિત સૂક્ષ્મ ભવોની કારમી કદર્થના ! ધર્મ પકડી રાખ્યો તો ચઢી જાઓ સદ્‌ગતિમાં ! પછી ઉચ્ચ ઉચ્ચ ભવો, ઉચ્ચ ઉચ્ચ ધર્મ, ને અંતે પરમપદ મોક્ષ ! પત્યું, પછી ક્યારેય કોઈ જ દુઃખ કોઈ જ દુર્દશા નહિ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૫૭

## (૧૭) આધ્યાત્મિક પ્રવચન

**મદનરેખાની ભવ્ય નિર્યામણા ! :-**

હવે જુઓ મદનરેખા સતી પતિને કેવી ભવ્ય નિર્યામણા કરાવે છે ! નિર્યામક શબ્દ તો સાંભળ્યો છે ને ? નિર્યામિક એટલે નાવનો સુકાની, નાવને પાર ઉતારનાર. ત્યારે નિર્યામણા એટલે જીવનનૈયાને પાર ઉતારવાની ક્રિયા; જીવને અંતસમયે એવું સુંદર ધર્મશ્રવણ, વૈરાગ્યશ્રવણ, શ્રી અરિહંતાદિ ઉત્તમ આત્માઓનાં જીવનનું શ્રવણ કરાવે કે જે સાંભળી જીવ સમાધિમાં ડોલતો થાય, પછી એને ક્ષમાપના, દુષ્કૃતગર્હા, વ્રત-નિયમ, નવકાર સ્મરણાદિ કરાવાય કે જેથી જીવનો એ પરીક્ષા-સમય સુધરી જાય. આ બધી આરાધના કરાવી તેને નિર્યામણા કહેવાય. મહાસતી એવું જ કંઈક સુંદર સંભળાવે-કરાવે છે. એ પતિના કાન પાસે મધુર વચનો કહે છે, "**હે મહાશય ! તમે એક ક્ષણ પણ મનમાં ખેદ કરશો નહિ, કેમ કે અહીં જે આ બન્યું છે તે માત્ર પોતાના કર્મનું જ પાકેલું પરિણામ છે, સ્વકર્મનો જ વાંક છે, એમાં બીજા કોઈનો વાંક નથી. જીવે જે કર્મ બીજા ભવમાં કે આ ભવે કર્યું હોય તે તેણે**



**વેઠવું પડે છે; બીજો તો એ કર્મના ઉદયમાં નિમિત્તમાત્ર થાય છે. ધ્યાન રાખજો, જે વખતે પ્રાણ કંઠે આવ્યા છે, તે વખતે તમે જો કે કદાચ બીજા પર દ્વેષ કરશો, તો પણ એને એ દ્વેષથી કશું થશે નહિ, તમને પણ દ્વેષનો કોઈ લાભ પરભવમાં મળશે નહિ; ઊલટું પરલોક હારી જશો. માટે હે વીર પુરુષ ! અંતરમાં સમાધિ કરો, અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનોક્ત ધર્મનું શરણું લો, અરિહંતાદિ પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરો. સર્વ મમત્વને છેદી નાખો. હવે તો કાયા ય પડવાની તૈયારીમાં છે તો એના પરથી પણ મમત્વ ઉઠાવી લો. થવા દો એનું થવું હોય તે. મમત્વ તો હવે માત્ર પોતાના આત્માનું કરો, સાચું મમત્વ કરો, 'મારા આત્માને કષાયથી કાળો હરગીજ ન કરું, પાપદાયી અસમાધિ ન કરાવું, અરિહંતાદિમાં લયલીન કરું'-આવું કંઈક આત્મમમત્વ કરો. સર્વ જીવોને પોતાના આત્મા જેવા સમજી, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, સ્નેહભાવ ધારણ કરો. અનંતજ્ઞાનસંપન્ન શ્રી સિદ્ધ ભગવાન આદિની સાક્ષીએ જીવનના સર્વ દુષ્કૃત્યોની ખૂબ ખૂબ નિંદા કરો, દુષ્કૃતનું સારાપણું સરાસર ભૂલી જાઓ. એ કરનારા નિજના આત્માની દુગુંછા કરો. સર્વ જીવો પાસેથી ક્ષમા માગી લો અને તમે તમારા તરફથી પણ સર્વને ક્ષમા આપી દો. મનમાં એવું ચિંતવો કે 'મારે વીતરાગ અરિહંત પરમાત્મા એ જ સાચા દેવ છે, પંચ મહાવ્રતધારી સંસાર-ત્યાગી સુસાધુ મહાત્માઓ એ જ સાચા ગુરુ છે; જૈનધર્મ એટલે કે શ્રી સર્વજ્ઞનો કહેલો ધર્મ એ જ પ્રમાણભૂત ધર્મ છે' વળી ત્રિવિધ ત્રિવિધે હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહાદિ પાપોની વિરતિ, પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ સ્વીકારી લો. એ પાપો હવે જીવનભર માટે કાયાથી, વાણીથી કે મનથી ન કરું, ન કરાવું કે ન અનુમોદું એવી પ્રતિજ્ઞા કરી લો. અઢારે ય પાપસ્થાનકોથી અત્યંત પાછા વળો. ભવસ્વરૂપની ભાવના કરો અને મનમાં નમસ્કારમંત્રનું સ્મરણ કરો. કારણ કે જેના દસેય પ્રાણ અંતે પંચ નમસ્કારમંત્રના સ્મરણ સાથે જાય છે તે કદાચ મોક્ષે ન જાય તો વૈમાનિક દેવ તો અવશ્ય થાય છે. ત્યારે નમસ્કારમંત્ર વગેરે ધર્મની રટણા મૂકીને બીજી રટણા કામેય શું લાગે ? માતા-પિતા, મિત્ર, પુત્ર-પત્ની અને બીજો સંબંધી વર્ગ,-એ બધા તો મૃત્યુ સમયે છૂટી જાય છે અને એક માત્ર ધર્મ જ પરભવ જતાં સાથે સહાયમાં રહે છે. માટે હે મહાનુભાવ ! હે સત્ત્વશીલ વીર ! આપના આત્મામાં ખૂબ સારી રીતે આ ભાવિત કરો, કષાયથી નીપજતા નરકના દુઃખો પર વિચાર કરો અને કષાયને વોસિરાવી, આવી પડેલા આ દુઃખને સાત્ત્વિકપણે સારી સમાધિથી સહન કરી લો. ક્યાંય મમત્વ કરશો નહિ. તમારી કાયા, અમે, અને અહીંનું બધું જ તમને જતા રાખીને અહીં જ રહેશે; માટે એના પર જરાય આસક્ત-મમત્વ રાખતા નહિ. આ બધું મળ્યાની કોઈ વડાઈ નથી, પરંતુ હે મહાશય !**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**જૈનધર્મ અને મનુષ્યભવ વગેરે સામગ્રી મળ્યાની વિશેષતા છે, એ દુર્લભ છે, ફરી મળવી મુશ્કેલ છે ! એ મળ્યાની સફળતા સમભાવ સિદ્ધ કરવામાં છે. માટે એક ક્ષણવાર પણ ચિત્તમાં સમભાવ અનુભવી આના સુંદર ફળને અવશ્ય મેળવી જાઓ.''**

**જિનધર્મી કલ્યાણમિત્રનો જ્વલંત વિવેક :-**

કલ્યાણમિત્ર બનેલી મદનરેખાના આ બોલ કયા અવસરે અને કેટલા ભવ્ય છે એ ધ્યાનમાં આવ્યું ? પતિ યુગબાહુ જ્યારે તલવારથી કપાઈ ગયો છે, લોહી વહી રહ્યું છે, મૃત્યુની તૈયારી છે, તેવા અવસરે મદનરેખા નિર્યામણાના ગીત ગાઈ રહી છે ! મરતાને મારવાને બદલે ઉદ્ધરવા કલ્યાણમિત્રની ફરજ બજાવી રહી છે ! સ્નેહીના મૂલ્ય અહીં અંકાય છે, 'પતિ મર્યા પછી મારું ગમે તે થવાનું હો, એ હમણાં નહિ વિચારવાનું. **મારા ભાગ્યમાં હશે તે અન્યથા થનાર નથી; પણ આમનું આ માનવભવનું ભાગ્ય અહીં પૂરું થઈ રહ્યું છે, એ હમણાં જ પરલોકમાં ઉપડી જવાના છે, તો એમનો વિચાર કરવા દે, એમનું સુધારી લેવા દે'** આવો નિર્મળ વિવેક એ જિનશાસનમાંથી સ્ફુર્યો છે ! એના ઉપર એ પોતાના એક માત્ર જિનવચનથી ભાવિત હૃદયને અહીં વહેવડાવી રહી છે ! તેથી જ એના વચનોમાં જૈનશાસનનો પ્રકાશ ઝળહળી રહ્યો છે ! ભયંકર દુઃખીને પણ શાંતિની ભારે શીતળતા આપે એવો ચંદનરસ નીતરી રહ્યો છે ! આત્માના સાચા સત્ત્વને વિકસિત કરી ગળાવાઢ દુશ્મન ઉપર પણ ક્ષમાનો ધોધ વહેવડાવી દે એવો સમર્થ પ્રેરણાનો ક્ષીરસાગર ઉછળી રહ્યો છે !

**સાચી ધીરતા અને વીરતા ! :-** 'હે મહાશય !' સંબોધન કેટલું સરસ ! મહાન યશસ્વી તરીકે બોલાવવાથી સામાને એમ થાય કે 'મારા મહાન યશ તો રોદણાં રોવામાં નહિ પણ ધીર અને વીર બનવામાં છે. કેમકે સતી કહે છે કે સ્વકર્મના નિર્ધારિત ઉદયમાં ખેદ શા ? ધીરતા જ જોઈએ; તે **કર્મને આહ્વાન સાથે કે 'આવો, આવો, તૈયાર છું. દુર્નિવારમાં પાછી પાની શા માટે કરું ? સહીશ, શાંતિથી સહીશ' આ નિર્ધારમાં ધીરતા છે.** સતીનો બોલ 'જ્યારે સંકટ આવવામાં ગુનો પોતાના જ કર્મનો છે, પોતાનો જ છે, બીજાનો નથી, તો એના પર દ્વેષ શા માટે ?'- આ બોલ વીરતા આપે છે. શાની વીરતા ? **બહારના સાથે ઝગડવાની નહિ, એને ક્ષમાથી નવરાવી નાખવાની વીરતા !** સામાએ જીવતા કાપી નાખવા સુધીની ઘોર ક્રૂરતા કરી છે. ત્યારે એવાના ઉપર પણ ક્ષમા કરવાનું દિલ બનાવવા **વીરતા** જોઈએ છે. આ ધીરતા અને વીરતા જીવને કેઈ કાળાં પાપથી બચાવી લે છે ! પરલોક સુધારી આપે છે ! ઉચ્ચ સુસંસ્કારોનો અમર પાયો નાખી આપે છે ! એવો કે આગળના ભવોમાં આત્મામાં ઊંચા ઊંચા ગુણો સહેજે સહેજે ખીલે.



ત્યારે એ તો ખરું જ છે કે અહીં ખેદ, શોક, હાયવોય, અને દ્વેષ ધરવાથી બગડેલું સુધરતું તો છે જ નહિ, અને બગાડનારને પણ કાંઈ અસર કરી શકતું નથી. ઊલટું અપૂર્વ સમય જે અરિહંતાદિનું શરણ-સ્મરણ કરવાનો છે, તે વીસરી જવાય છે, ચૂકાઈ જાય છે. તો જે કાયા સુદ્ધાં મૂકીને જવાનું છે, એની ગુલામી કરી મોહ-મદ-ઉકળાટ શા કરવા !

મહાસતીએ અહીં જૈનશાસનના અનુપમ કર્મ-સિદ્ધાન્તની યાદ દેવડાવી. સંસારની મોહમાયામાં ફસાઈ આડું-અવળું કર્યું કે ઝટ આત્મા પર કર્મના લેપ ચોંટ્યા ! હવે એ ઉદયમાં આવે એટલી વાર ! ઉદયમાં આવ્યા કે ઝટ જીવને અકસ્માત અણચિંત્યો માર ખવરાવે જ ! અહીં જ જુઓને, મોટાભાઈ તરફથી નિર્દોષ નાના ભાઈ પર આ જીવલેણ પ્રહાર શાનો હોય ? પણ આવ્યો ને ? **કર્મની ખંધાઈ છે, જોહુકમી છે, નિર્લજ્જતા છે. જગદ્ગુરુ ઋષભદેવસ્વામી ઘરમાં હતા ત્યાં સુધી કંઈ નહિ, ને દીક્ષા લીધી એટલે ૧૩-૧૩ માસ આહાર વિના રાખ્યા. કર્મ ભોગવાઈ ગયાં ત્યારે એકદમ જ શ્રેયાંસ દાન દેવા ઊભો થયો !** અનંત બળી તીર્થંકરદેવનું જ્યાં ન ચાલે તે કર્મને અન્યથા કરવા આપણે મથીએ ? મથીએ તો ય મહેનત નકામી છે. એમ જો કર્મ સામે આપણું ઉપજતું હોત ને, તો તો આજે એકેય દુઃખ ઊભું રહેવા ન દીધું હોત ! ઊલટાં આજે અણધાર્યા, અણચિંત્યા સંકટ આવી પડ્યાં છે ને ? શાથી ? કહો, આપણાં જ તેવાં પૂર્વ કર્મથી. તેથી મહાસતી પતિને કર્મ તરફ દૃષ્ટિ રાખી ભાઈનો ગુનો ભૂલી જવા કહે છે. હવે તો નવાં કર્મ ન પેસવા દેવા એમાં શાણપણ છે. એ માટે અરિહંતાદિ ચારનું શરણ અને સ્મરણ શિખવે છે.

**દીવામાં તન્મય અંધકાર તેજોમય :-**

અરિહંતપ્રભુ અને સિદ્ધભગવાન એ શ્રેષ્ઠ ઉપકાર અને ગુણોના ખજાના, સાધુ ભગવંતો એ ઉચ્ચ ધર્મ સાધનાના ઉચ્ચ સાધકો, તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ એ મહાપવિત્ર અને વિવેકભર્યો ધર્મ, આ ચાર કેટલા બધા સુંદર ઊંચા આદર્શ, ઉચ્ચ આલંબન ! આત્માને એમાં તન્મય કરી દેવાથી, **જેમ ગાઢ પણ અંધકાર પ્રકાશમય દીવામાં તન્મય થવાથી ઝગમગાટ ઉજાસ સ્વરૂપ થઈ જાય છે, તેમ અરિહંતાદિ ચારમાં તન્મય આત્મા ઝગમગતી શુભ ભાવનામય બની જાય છે ! વિશુદ્ધ ગુણોથી ઝળહળતો થઈ જાય છે !** આવું બન્યા પછી હિંસા-જૂઠ વગેરે ૧૮ પાપસ્થાનકો પ્રત્યે સહેજ પણ રસ ક્યાંથી રહે ? માટે જ,

**સંસાર અને પાપસ્થાનક :-** મહાસતી આખર મરતાં મરતાં પણ પતિને હિંસાદિથી વિરતિ, સર્વવિરતિ, ને સંયમ સ્વીકારી લેવાનું કહે છે, તથા ક્રોધાદિ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

કષાયો અને રાગદ્વેષ, વગેરે પાપસ્થાનકોને વોસિરાવી દેવાનું કહે છે ! કેટલું સુંદર આત્મસંશોધન થાય ! કેવી અદ્‌ભુત આત્મનિર્મળતા ખીલી ઉઠે ! આખો સંસાર પાપસ્થાનકોના સેવન પર ઊભો છે; નહિતર સંસારનું બીજું શું કારણ છે ? શા માટે જીવને સંસાર કચરી શકે ? **એ તો જીવ જો પાપસ્થાનકને પડતાં મૂકે, તો સંસાર જીવને પડતો મૂકે.** હિંસાદિ અસત્ક્રિયાઓ અને રાગદ્વેષ, લોભ, અહંકાર વગેરે મલિન લાગણીઓ, આત્માના **કચરા** છે, મહેલસમા આત્મામાં એ **વિષ્ઠાના પુંજ** છે. ભવચક્રમાં આત્માની સજાના એ **ગુના** છે. શાણપણના ભંડાર એવા આત્માનો એ નશો છે, **ઉન્માદ છે, પાગલતા છે !** પ્રકાશપાત્ર આત્મામાં એ ગાઢ **અંધકાર** છે ! એવા કચરા, વિષ્ઠાપુંજ, ગુના, ઉન્માદ અને અંધકારને હવે રાખવા-પોષવાનું શું કામ છે ?

**સમરો મંત્ર ભલો નવકાર :-** સતી કહે છે, 'હવે તો એને ઉલેચી નાખી આત્મઘરમાં મહામંગલમય અને પતિતપાવનકારી શ્રી નવકારમંત્રને વસાવો.' નવકારના અક્ષરમાત્રનું ધ્યાન પણ અલૌકિક લાભ આપે છે, મહાઉન્નતિ સર્જે છે; ઉડીને સદ્‌ગતિમાં જવા આત્માને હલકો-ફૂલ બનાવે છે. જૈનો પાસે આ અપૂર્વ મંત્ર છે ! અદ્‌ભુત રત્નનિધાન છે ! અનેરું આશ્વાસન છે ! અફસોસી એટલી જ છે કે આજે એની એવી ઓળખાણ નથી ! અભાગિયો નિધાનને શું પિછાણે ? નહિતર એ ભૂલાય ? એનાથી શું થાય એવો અણવિશ્વાસ રહે ? અરે, ૦|-૦|| કલાક રોજ પ્રભાતે નિયમિત ચોક્કસ સમયે પવિત્ર દિલથી નવકારના અક્ષરોનું એકાગ્ર સ્થિર ધ્યાન-સ્મરણ તો કરો, જુઓ કેવો અપૂર્વ લાભ એ દેખાડે છે ! પાર્શ્વકુમાર પાસેથી નવકારમંત્રના અક્ષરો મળ્યા એના પર સ્થિર થયેલો સર્પ મરીને ધરણેન્દ્ર બની બેઠો !

**જંગલની ઝુંપડી :-** કલ્યાણમિત્ર મદનરેખા ગળગળી થઈને પતિને વિનવે છે, 'હે ! સુબુદ્ધિ ! જીવનમાં નવકાર એ જ સાર છે, ધર્મ એ જ સાર છે; કષાયો તો મહારોગ છે; એની પકડ શી રાખવી ! પૈસા-પરિવાર તો ક્ષણિક સંસર્ગી છે, એના પર મમત્વ શા ધરવા ? મુસાફરને જંગલ વચ્ચેની વિસામા-ઝુંપડીસમા એના પર લયલીન બની આગળની દીર્ઘ મુસાફરીની સલામતી કાં વિસરવી ? ઝુંપડી ક્યાં સાથે આવે છે ? પૈસો ને પરિવાર ક્યાં સાથે આવે છે ? એની ખાતર મૂઢ બનીને નિજના હિત ન વિસારો. સાથે શું લઈ જવું છે ? ગુણ કે દોષ ? અરિહંતની માયા કે સંસારની માયા ?'

**માનવભવનું મહાફળ :-** અંતે મહાસતી કહે છે, 'જુઓ, આ જીવન પામ્યાની વડાઈ લાડી-વાડી-ગાડીના લહાવા લેવામાં નથી, ચિત્તને વિષયોના આનંદથી ભરી



દેવામાં નથી. એ તો ઝેર છે. **જીવનની વડાઈ તો ચિત્તમાં સમભાવ અને સમાધિ સ્થાપિત કરવામાં છે.'** જગતનું કશું ય સારું નહિ, ને ખોટું નહિ, એ ભાવના એ **સમભાવ. જગત સંબંધી કોઈ હર્ષ નહિ ને શોક નહિ એ સમાધિ.** ક્ષણવાર પણ ચિત્તમાં જો સમભાવ સ્પર્શી જાય તો એ પારસમણિની જેમ તુચ્છ લોઢા જેવા ચિત્તને કિંમતી સુવર્ણ જેવું કરી દે છે ! એક ક્ષણનો સમભાવ પણ આત્માને ન્યાલ કરી દે છે, મહાન રક્ષણ અને અભ્યુદય આપે છે ! સતી સમભાવ અને સમાધિના શક્ય સુકૃત કરી લેવા પતિને વિનવે છે. એક જ વાત છે, **'ભાઈએ ગમે તે કર્યું, પણ આપણે આપણું ન ચૂકો. સામો પોતાનું બજાવે ત્યારે આપણે આપણું બજાવો; આપણે સમભાવને સ્થિર કરો.' કેમકે જિનધર્મ અને મનુષ્યભવ વગેરે સામગ્રી ફરી જલદી નહિ મળે કે જેથી ત્યાં સમભાવ શરૂ કરી શકીએ. સમભાવ તરફ દૃષ્ટિ પણ નાખી શકીએ.** એ સંયોગ અહીં છે, માટે મહાસતી ઉત્સાહિત કરે છે, 'આ દુઃખને સારી રીતે સહન કરી લો અને માનવજીવનના એક મહાન ફળ સમા સમભાવથી મનને રંગી લો. જીવનનું સાચું ફળ સમભાવ પામી જાઓ.'

**પતિ પર સુંદર અસર :-** પતિની કલ્યાણમિત્ર બનેલી મહાસતી મદનરેખાના ચંદનરસ સમા શીતલ વચનામૃતો સાંભળી પતિના દિલના ક્રોધના ભડકા શાંત થઈ ગયા, ઓલવાઈ ગયા ! એ ઠંડગાર ઉપશમજલના સરોવરમાં ઝીલવા લાગ્યો ! પત્નીએ કહેલું બધું મસ્તકે અંજલી જોડી સ્વીકારી લીધું. અંતરના સત્ત્વ ખીલ્યાં ! હવે તો પ્રતિસમય સંવેગરસની પરિણતિ વધતી ચાલી ! **અસાર સંસાર, કર્મના વિચિત્ર ખેલ, મોહના ઘેરા નશા, પાપનાં ગાંડપણ-એ બધા પર ભારે નફરત છૂટી; એ વિટંબણામાંથી છોડાવનાર ધર્મ ઉપર અદ્‌ભુત શ્રદ્ધા અને રાગ પ્રગટ્યા, સર્વ ત્રાસ અને નાલેશીથી રહિત મોક્ષ ઉપર અથાગ પ્રીતિ જાગી. આનું નામ સંવેગની પરિણતિ.** એ વધુ ને વધુ જોરદાર બનતી ચાલી ! હવે એકલી ભાવના ભાવીને બેસી શું રહેવું ? જવું જ છે તો પાપ મૂકીને જવું. ષટ્‌કાય જીવોના સમારંભ, પાપલક્ષ્મીના પરિગ્રહ, જૂઠ ચોરી, ને વિષય ભોગનાં પાપને વોસિરાવ્યાં; એના ત્યાગની મહાન પ્રતિજ્ઞા રૂપી ભાવચારિત્ર અંગીકાર કરી લીધું. સર્વ જીવો સાથે મોટાભાઈને ય ખમાવ્યા; પોતાના અપરાધની ક્ષમા માગી લીધી અને પોતે ક્ષમા આપી દીધી. સમાધિ અને નમસ્કાર મહામંત્રના સ્મરણમાં લાગી ગયો. આ બધું ઝટપટ કરી લીધું અને ત્યાં તરત જ કાળ કરી વૈમાનિક સ્વર્ગના પાંચમા બ્રહ્મદેવલોકે પહોંચી ગયો. મહાસમૃદ્ધિ અને મહાતેજવાળો દેવ થયો !

**ધર્મપત્ની એટલે શું ? :-** ધર્મપત્ની ક્યાં લઈ ચાલી ? ઘોર નરકદાયી ગુસ્સાના પાતાળ કૂવામાંથી ઊંચકી ભવ્ય ક્ષમાના ગિરિશૃંગે લઈ ચાલી ! વિરાધનાના



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

સમુદ્ર પતનમાંથી બચાવી આરાધનાના ભવ્ય જહાજમાં પતિને બેસાડી દીધો ! **ધર્મપત્ની એટલે ? ધર્મ પોષનારી પત્ની. પાપની આગો બુઝાવી નિર્મળ આત્મકલ્યાણકારી ધર્મ સિંચનારી પત્ની.** તે જ ખરી કલ્યાણમિત્ર પત્ની. પાપની ઝાળો વધારી ધર્મથી દૂર રાખનારી સ્ત્રી એ ધર્મપત્ની નહિ. એ કલ્યાણમિત્રનું કાર્ય કરનારી નહિ; એ તો હિતશત્રુનો ભાવ ભજવનારી કહેવાય. પતિને મોહનાં પીરસણ કર્યાં તેથી શું ? કષાય વધાર્યાં તેથી શું ? પતિ પોતાના કષાય પાપથી પહેલી નરકે જતો હોય તો આવી પત્ની તો ઉપરથી ધક્કો મારી એને બીજી ત્રીજી નરકમાં ધકેલનારી ગણાય. તમે જો બીજાના કલ્યાણમિત્ર થવાને બદલે પાપપ્રેરક હિતશત્રુનું કામ કરશો તો એ બિચારાને નીચી દુર્ગતિમાં ધકેલનારા નીવડશો.

**સતીના સંતાપ :-** પતિ યુગબાહુ કાળ કરી ગયા પછી પરિવાર વર્ગ આક્રંદ કરવા લાગ્યો. શું ? એના જીવતા નહિ. ખબરદાર સતી બેઠી છે, પરિવારના આક્રંદથી એના આત્માનું બગડવા દેવું નથી. જાતેય મક્કમ હૈયું કરી બેઠી છે અને બીજાઓને ચૂપ રાખ્યા છે, કેવો એનો ધન્ય અવતાર ! કેટલો મહાન વિવેક ! પણ હવે પતિના મૃત્યુ બાદ એ સંતાપ કરે છે,

**"હાય ! જે આ મારાં રૂપ, લાવણ્ય અને સૌંદર્યે નિર્દોષ પતિનો નાશ સર્જ્યો, એ રૂપાદિ સાથે હું ગર્ભમાં જ કેમ ન ઓગળી ગઈ ? પતિ તો વિશુદ્ધ મનવાળા મહાતેજસ્વી અને અપરાધ વિનાના હતા. એવા નિર્દોષ, મહાત્માના મરણમાં સૌંદર્યના લીધે હું જ નિમિત્ત થઈ ! કેવાં મારાં કમભાગ્ય ! પણ હવે મારા જ નિમિત્તે આ જ્યેષ્ઠ બન્ધુએ આમને માર્યા છે, તો મારા શીલ પર હવે એ આક્રમણ કર્યા વિના નહિ રહે. તો મારે મારું શીલ કયા ઉપાયથી જાળવવું ?"**

કેટલા સુયોગ્ય સંતાપ છે ! આ સંતાપમાં પણ કલ્યાણમિત્રતાની સુવાસ છે. દોષ પતિના ખૂનીનો ન જોતાં પોતાનો દોષ દેખે છે ! સંતાપ પોતે મરણમાં નિમિત્ત બન્યાનો કરે છે ! વળી વિશેષ તો સંતાપ શીલ કેમ રક્ષાશે એનો કરે છે, પણ નહિ કે હવે સંસાર-સુખ ક્યાંથી મળશે, એનો ! માલિક વિનાની સ્થિતિમાં શું થશે એનો ! **ધર્મી હૃદયના સંતાપ કેવા હોય ? કહો, સ્વદોષનાં દર્શનનાં અને સ્વધર્મ હાનિની આગાહીના.**

**અરણ્યના માર્ગે :-** સતી સંતાપ કરીને બેસી ન રહી ! કેમકે શીલ કોઈ પણ ભોગે રક્ષવાની તમન્ના છે. કુલીન નારીને મનમાં ય બીજા વિચાર નહિ, પરપુરુષ તરફ દૃષ્ટિ સરખી નહિ. વાણીમાં ય કામના બોલ નહિ, તો કાયાથી તો શીલભંગની વાતેય શી ? ત્યારે, 'જોઈશું, એવું દેખાશે કે શીલ હવે ટકે એમ નથી તો આપઘાત કરશું' એમ પણ નહિ. કેમકે પોતે ગર્ભવતી છે, તો અંદરના જીવનો



વિચાર કરવાનો છે. વળી ચારિત્ર વિના પણ માનવદેહે કેમ મરાય ? ત્યારે, સંભવ છે દુર્બુદ્ધિવાળો રાજા સતી ન માને તો મનાવવા સતીના મોટા પુત્રનો પણ ઘાત કરવા તૈયાર થઈ જાય. માટે માર્ગ એવો કાઢવો કે બધું સચવાઈ રહે. રસ્તો કાઢ્યો એણે. તરત વિચારી લીધું, 'હું જો હવે અહીં જરા પણ રહું, સવાર પડવા દઉં, તો જોખમ મોટાં છે ! માટે અત્યારે જ અહીંથી નગર છોડી જંગલમાં ભાગી નીકળું.' કેવી રીતે ભાગવાનું ? રાણીના જેવા પરિવાર-સમૃદ્ધિવાળી છે, પણ કોઈને કહેવાનું ય નહિ અને કોઈને સાથે પણ લેવાના નહિ. રાજ્ય-ખટપટનો મામલો. જરા વાત ફૂટે, રાજા જાણી જાય તો આપત્તિ ઊભી થાય ! એ તો એકલા અટૂલા ચાલી નીકળવાનું; ભલે જંગલમાં થવું હોય તે થાઓ. લલાટ સાથે જ છે એમાં નક્કી થયેલું મળવાનું જ છે, ચાહ્ય સુખ કે ચાહ્ય દુઃખ. માટે ચિંતા શી ? સતીનો મોટો પુત્ર ચંદ્રયશ મહેલમાં છે. એને ય પડતો મૂક્યો. પોતે ગર્ભિણી છે, છતાં ઘોર રાત્રિએ એકલી છાનીમાની નીકળી પડી. પૂર્વદિશામાં જંગલનો માર્ગ લીધો.

રાતના ચાલતાં ચાલતાં એક મહાઅટવીમાં પહોંચી. રાત એમ જ પસાર થઈ. ઘોર જંગલની મધ્યમાં જાતને સ્વસ્થ માને છે. 'બસ, હવે અહીં રાજા તરફથી શીલ પર આક્રમણ નહિ આવે,' એવું મહાન આશ્વાસન લે છે. જીવનમાં પવિત્રતાનો અથાગ રાગ જુદા જ હિસાબ મંડાવે છે. મન એમ વાળી શકાય છે કે **જો હું ભરજંગલમાં એકલી અટૂલી છું તો મરનાર પતિ પણ, કોને ખબર, આ વિરાટ જગતની વચમાં એકલા અટૂલા ક્યાં છે !** મારે તો શુધબુધ છે, માનવીય દેહ છે, હૃદયમાં જિનધર્મ છે. એમની શી ખબર ? અને **જીવ રોદણાં રુએ છે કે 'મારું બધું ગયું,' પણ જોતો નથી કે જન્મ્યો'તો ત્યારે શું લઈને જન્મ્યો'તો ?** એકલું નગ્ન શરીર જ ને ? મરશે ત્યારે ? બીજું બધું તો ડૂલ, પણ નગ્ન શરીર પણ ડૂલ જ ને ? પંચપરમેષ્ઠી અને એમના ધર્મનું આલંબન મળ્યું છે એ મહાઅહોભાગ્ય છે.

**જંગલમાં પ્રસૂતિ :-** જંગલમાં સવાર પડી તોય વધુ રક્ષણની બુદ્ધિએ અટવીમાં ઊંડી ઊંડી જાય છે. મધ્યાહ્ન થતાં એક સરોવર આવ્યું, ત્યાં જંગલના ફળ-ફળાદિ લઈ ભોજન કરે છે. પાણી પીને પછી સાગાર પચ્ચક્ખાણ કરી લે છે, અર્થાત્ અમુક સંકેત કે સમય સુધી **ચારે ય આહારનો ત્યાગ. કેમ વારુ ? જંગલ છે, કોઈ વાઘ-વરુની આપત્તિ આવે તો મૃત્યુ અનશનમાં મળે.** ચાલી ચાલીને ખૂબ થાકી છે માટે, ત્યાં કેળ ઉગી હશે તેની નીચે સૂઈ જાય છે. નથી ને ઉંઘમાં ઉપદ્રવ આવ્યો તો મૂર્છામાં ન મરાય માટે **'એવા પ્રસંગે અહીંનું બધું વોસિરે'** એવો સંકલ્પ કરીને ઊંઘી જાય છે. હવે કેમ જાણે એના દુખિયારીના આ વિકટ દુઃખથી સૂર્ય પણ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પશ્ચિમ સમુદ્રમાં એકદમ ઝંપલાવે છે, અસ્ત પામી જાય છે. ચારે કોર ગાઢ અંધકાર પ્રસરે છે અને રાતના રાજા જંગલી શિકારી સિંહ, વાઘ, વરૂ વગેરેના રગડામાં કલેજા ધ્રૂજી ઉઠે એવી કારમી ચીસો પડે છે. મહાસતી સફાળી જાગી ઉઠી. ત્રાસ પામી જાય છે. ઊંચે આભ, ને નીચે ધરતી છે. પ્રકાશ પણ નથી કે ખબર પડે કે આ દિશામાંથી વાઘ આવી રહ્યો છે તો આપણે બીજી બાજુ નીકળી જાઓ. કોઈ રક્ષણ નથી. કંપી ઉઠે છે, પણ ખોટી હાયવોય કરવી નથી; શરીરે સ્ત્રી છતાં સ્વભાવે મરદ છે. તરત જ નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી જાય છે. નવકાર ગણ્યે જ જાય છે. એવામાં ત્યાં એને પ્રસૂતિ થાય છે. એક સુંદર પુત્રને જન્મ આપે છે. કોણ દાયાણી ? કોણ સેવામાં ? **ભાગ્યની રાક્ષસી લીલામાં જીવ એક રમકડું છે.** રમકડાના ઉધમાતની શી ગણતરી ? પુત્રનું નામ આગળ જઈને 'નમિ' પડે છે.

હવે અહીંથી નમિ રાજર્ષિનો અધિકાર શરૂ થાય છે. એમાં હજી મદનરેખાની આગળની હકીકત પણ આવશે.

❖ ❖ ❖

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૧૨,તા.૩૦-૧૧-૧૯૫૭

## (૧૮) આધ્યાત્મિક પ્રવચન

### • 'આધ્યાત્મિક સામ્રાજ્ય અને શ્રી નમિરાજર્ષિ.' •

**સામ્રાજ્ય એટલે શું :-**

અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવના પ્રવચનમાં અનેકાનેક તારક આગમશાસ્ત્રો છે. એ પૈકીના શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં છત્રીસ અધ્યયનો છે. એમાં શ્રી નમિરાજર્ષિના અધ્યયનમાં એ બતાવવામાં આવ્યું છે કે એકત્વ ભાવનાથી મહાત્મા બનેલા શ્રી નમિરાજર્ષિ ઈન્દ્રના પ્રશ્નો ઉપર અદ્‌ભુત કોટિના પ્રત્યુત્તરો આપે છે. જેમાંથી આત્માના ભવ્ય આધ્યાત્મિક સામ્રાજ્યનો ખ્યાલ આવે છે. અધ્યાત્મનું સામ્રાજ્ય એ ભૌતિક સામ્રાજ્યનું પ્રતિપક્ષી છે. સામ્રાજ્ય એટલે શું ? સામ્રાજ્ય એટલે વર્ચસ્વ, સામ્રાજ્ય એટલે હકુમત. અનાદિ અનંત કાળથી આત્મા ઉપર પંચભૂતના વર્ચસ્વ ચાલ્યા આવે છે, તેની સામે અધ્યાત્મનાં વર્ચસ્વ ઊભાં કરવાનાં છે. એ એને મિટાવવા માટે સમર્થ છે. પરંતુ **જીવોએ પોતાના માથે ભૌતિક સામ્રાજ્યનું એટલું બધું ચલણ ઉપાડ્યું છે કે એને લીધે કિંમતી આધ્યાત્મિક**



**સામ્રાજ્યનાં દર્શન કરવા એ નિર્બળ બની જાય છે.** જગતમાં કિંમતી વસ્તુ જલદી અને જ્યાં ત્યાં જોવા ક્યાં મલે છે ? કોહિનૂર હીરો જ્યાં-ત્યાં જોવા મળે ?

**ભૌતિક સામ્રાજ્યની આટલી બધી વ્યાપકતા શા કારણે છે ?** આત્મા અનંત શક્તિભર્યો હોવા છતાં મોહની અસર નીચે છે, મોહના ઘેનમાં છે. જગતના અનંતા જીવો ભૌતિક સામ્રાજ્યને સહર્ષ વધાવે છે, પછી ભલે આત્માનું નિકંદન નીકળે ! ક્ષણ સુખની પાછળ દિવસોના દિવસો શું, પણ વર્ષોના વર્ષો સુધી, જન્મોના જન્મો સુધી દુ:ખી થાય છે !

**દુ:ખનું નિદાન :-**

તેથી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું, **'मोहान्धत्वाद-दृष्टगुणदोष:...दु:खमादत्ते' દુ:ખ લેશ નહિ અને સુખ ઢગલાબંધ જોઈએ, આવી જીવની મનોવૃત્તિ હોવા છતાં મોહાન્ધ એવા એને દુ:ખ જ મળે છે, કેમકે એ ગુણદોષ જોતો નથી; દુ:ખકારિતા ને સુખકારિતા ક્યાં રહી છે, તે સમજતો નથી, ને કાર્ય પ્રવૃત્તિ ધૂમ કર્યે જાય છે.** તેનાથી દુ:ખી ન થાય તો બીજું શું થાય ? **નિજના આત્મા પર દૃષ્ટિ જાય, નિજના સ્વરૂપને વિચારે, તો થાય કે 'બહેતર છે કે આ દુ:ખભર્યું ભૌતિક સામ્રાજ્ય જાય, ને સુખકારી અધ્યાત્મ-સામ્રાજ્ય આવે'.** સંસારમાં એકે ય એવું જીવન નથી કે જેમાં ભૌતિક સામ્રાજ્ય ન હોય. માત્ર આ માનવભવમાં એ સામ્રાજ્ય હોવા છતાં એનો અંત લાવી શકાય છે.

**ભૌતિક સામ્રાજ્ય એટલે** ભૂત સંબંધી સામ્રાજ્ય. ભૂત પાંચ કહેવાય છે- પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, આપણે આમાં જડ માત્ર ગણી લેવા પડશે; જેથી આઠ કર્મની વિવિધ પ્રકૃતિઓ વગેરે પણ ગણત્રી બહાર ન રહી જાય કેમકે એ બધા જડનાં વર્ચસ્વ જીવે જે માથે કર્યાં છે તેને 'ભૌતિક સામ્રાજ્ય' શબ્દથી અહીં વિચારવાનાં છે. માટે કહો ભૌતિક સામ્રાજ્ય એટલે જીવ પર પંચ ભૂતનાં સામ્રાજ્ય.

**ભૌતિક વર્ચસ્વના અનર્થો અને વિટંબણાઓ :-**

ત્યાર વહેલી પ્રભાતે ઉઠીને કોઈ દિ' આ વિચાર કર્યો છે કે મારા માથે પંચ-ભૂતના સામ્રાજ્ય કેટલાં બધાં જામી પડ્યાં છે ! એનું એ સામ્રાજ્ય, એ વર્ચસ્વ અજમાવવા હેઠળ જીવને કેટકેટલું નાચવું પડે છે ! જીવને કેટકેટલાં ચીકણાં **રાગદ્વેષ,** ને કેટકેટલી **તૃષ્ણા અને મૂર્ચ્છા** કરવી પડે છે ! થોભો, જરા થોભો, વિચારો કે જૂઠ **અને અનીતિની તથા વૈર અને વિરોધની ગુલામી** કોણ કરાવે છે ? પંચ ભૂતના સામ્રાજ્ય જ ને ? **ઈર્ષ્યા અને દીનતાથી** અધમ બનવાનું કોના લીધે ? આ લોક પરલોકના સુંદર ઉચિત વર્તાવ છોડી **અનુચિત વર્તવાનું** શા કારણે ? **પોતાના જ**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**આત્માનાં હિત વિસરવાનું** કોના હિસાબે ? પંચ ભૂતના જ હિસાબે અને એના લીધે ને ? બસ, એ જ ભૂતોની જીવ પર હકુમત છે ! **ભૌતિક સામ્રાજ્યમાં જીવની કદર્થના છે !** ભૂતનાં વર્ચસ્વમાં જ સબડ્યા **ભક્ષ્ય-અભક્ષ્ય, કાર્ય-અકાર્ય, વાચ્ય-અવાચ્ય,** ઇત્યાદિના વિવેક ભૂલાય છે ! **અહંતા, સ્વાર્થરસિકતા** અને **ભોગલાલસાના** અંધકારમાં અટવાવાનું થાય છે ! એની પાછળ અનેક જાતના **કુવિચારો, કલેશ અને રગડા-ઝગડા** ખડા થાય છે ! ભૌતિક સામ્રાજ્યમાં જીવની આ કેવી કારમી વિટંબણા ! કેટલા અનર્થો !

**આધ્યાત્મિક સામ્રાજ્યના આશીર્વાદ :-**

અધ્યાત્મભાવના સામ્રાજ્યમાં આત્મા ઉપર પંચ ભૂતના નહિ, પણ આત્માની ચિંતા અને આત્મોન્નતિની સાધનાના વર્ચસ્વ રહે છે, એના બહુ આશીર્વાદ વરસે છે. એના યોગે જીવની આગળ ભૌતિક અર્થાત્ પંચભૂતના હિત ગૌણ બની જાય છે; **જડ પદાર્થોની કિંમત ગૌણ બની જાય છે, ને આત્મદૃષ્ટિ પ્રધાન બને છે,** પછી એમાં તો,

**જડ પદાર્થોએ ઇન્દ્રિયોને સુખ આપ્યા કે નહિ, મનની વાસનાઓ અને અહંકારને પોષ્યાં કે નહિ એ વસ્તુનો જે વિચાર, જે હિસાબ કે જે લગની નથી રહેતી, તે આત્મવિકાસ સધાયા કે નહિ એની રહે છે.**

વર્ચસ્વ અધ્યાત્મનું હોવાથી,

નિજનો આત્મા **રાગ-દ્વેષથી ન ખરડાય, ને વૈરાગ્ય અને ઉપશમમાં ઝીલતો રહે એ જોવાય છે !**

**તૃષ્ણા-મમતાના બંધનો ઓછા કરી નિસ્પૃહતા-નિર્મળતાના વિકાસ સધાય છે.**

**અસત્ય વચન અને અપ્રામાણિક વર્તન શરમજનક અને ભયંકર દેખાતાં, સત્ય અને પ્રામાણિકતાનો જ ખપ કરાય છે.**

**જો અધ્યાત્મભાવની હકુમત જામે, તો**

**વૈરને બદલે મૈત્રીભાવ, અને વિરોધને બદલે સહાનુભૂતિ પ્રગટાવાય છે !**

**ઈર્ષ્યાને બદલે ગુણદૃષ્ટિ, ને ગુણાનુરાગ કેળવાય છે !**

**અહંકારને બદલે પોતાના માથે વરસી રહેલી અનંત દોષો અને અનંતાકર્મની કચરામણ નિરખાય છે !**

**કઠોરતાને બદલે બીજા જીવો પ્રત્યે કરુણા અને વાત્સલ્યના પુર ઊભરાવાય છે !**

**સ્વાર્થરસિકતા પડતી મૂકી પરમાર્થ-પરોપકારના વ્યસન લાગે છે !**

**ભોગલાલસાને બદલે ત્યાગભાવનાના પૂર ઉછળે છે !**



**અધ્યાત્મના સામ્રાજ્ય હેઠળ રહેવાથી,**

**અભક્ષ્ય, અપેય, અવાચ્યને અકાર્ય ટાળી, ભક્ષ્યપેય-સેવન, તથા સુવચન અને સત્કર્તવ્યમય જીવન બનાવાય છે.**

**રાત-દિવસ જડની ઉપાસનાને બદલે દેવાધિદેવ, સદ્ગુરુ અને સદ્ધર્મની શ્રદ્ધાભર્યા દિલે શક્ય આરાધના કરાય છે !**

**સુખશાંતિ કેમ અલોપ ? :-**

પણ આ બધું કોને સૂઝે ? ભૌતિક સામ્રાજ્યની ઝેરી છાયામાંથી થોડો પણ બહાર નીકળે એને ! પંચ ભૂતની ગુલામી ઓછી કરે એને, ઓછી કરવી હોય એને ! જરા એટલું તો જુઓ કે આજે તમે પૂર્ણ સુખશાંતિમાં છો કે અનેક ઉપદ્રવોથી વિટંબણામાં હો એમ લાગે છે ? શાથી એમ ? કહો, ભૌતિક સામ્રાજ્યની રામાયણથી. અનંત અનંત કાળ એનું જ કહ્યું કર્યે ગયા, એનો જ વિકાસ જોતા ગયા, **એના વિકસવામાં મહાલતા ગયા, ને એના કરમાવામાં કરમાયે ગયા.** એની પાછળ લખલૂટ પાપ બંધાવે એવા વિચાર-વાણી-વર્તાવ આચર્યે ગયા... એમાં સુખશાંતિ થઈ અલોપ ! અને કદર્થના-વિટંબણાના વરસાદ વરસ્યા ! આ જીવનમાં કેટલું ય ન ઇચ્છવા છતાં વેઠવું પડે છે ને ? ન ધાર્યું સહવું પડે છે ને ? ભૌતિક સામ્રાજ્યમાં ઉપાર્જેલાં કર્મની એ વિટંબણા છે.

**મદનરેખા** રાજકુમારી હતી. યુવરાજની પત્ની હતી. રાજકુલમાં આવેલી હતી. છતાં એને એકાએક ઉપદ્રવ શાથી ? ભૌતિક સામ્રાજ્યના લીધે ? કોઈ કલ્પના હતી ? કોઈ અવિશ્વાસ થાય એવું હતું ? ના, છતાં દગો થયો ને ? **અકાળે વિશ્વાસઘાત ન કરે તો એનું નામ ભૌતિક સામ્રાજ્ય નહિ. સીતાને** ક્યાં ઓછું વીત્યું છે ? મહાન આત્માઓને ક્યાં નથી વેઠવું પડ્યું ? **સમરાદિત્યના** જીવે ક્યાં ઓછું વેઠ્યું હતું ?

**કાર્તિકશેઠ :-** આજના સૌધર્મેન્દ્ર શક્ર, તે મુનિસુવ્રતસ્વામીના વખતમાં કાર્તિકશેઠ હતા. શ્રાવકની અગિયાર પડિમા, મહિનાઓના મહિનાઓ સુધીના અમુક કડક અભિગ્રહો-નિયમો સાથે, ૧૦૦ વાર આરાધી હતી. જિનવચનથી ભાવિત બનેલા એમણે આધ્યાત્મિક સામ્રાજ્યને સ્વીકાર્યું હતું. તેથી સુંવાળાશ નહોતી રાખી; આત્મહિતાર્થે કષ્ટ સહન કરવાનું પસંદ કર્યું હતું. એવા કષ્ટ કોણ પસંદ નથી કરવા દેતું ? કુટુંબનો અન્ધ સ્નેહ, જગતના ખોટા ફોગટિયાં માનપાન, કાયાની ગુલામી, વિષયોની ભૂખ, એ જીવને કષ્ટ ગમવા નથી દેતા. ‘આજે રવિવારે ઘણા મોટા માણસોને મલવાનું છે, અહીં ધર્મસ્થાનમાં ક્યાં ગોંધાઈએ ?...’ એવા એવા ઉઠાવા થાય છે.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

કાર્તિકશેઠ દઢવ્રતધારી હતા, તેને પણ રાજાનો ઉપદ્રવ આવ્યો. રાજાએ એને ગૈરિક તાપસને પીરસવાનું કહ્યું, ન છૂટકે પીરસવું પડ્યું. પણ મનમાં થયું કે **'ભૌતિક સામ્રાજ્યમાં છું તેથી વેઠવું પડ્યું. આમાં મારા કર્મનો વાંક નથી, મારી ભૌતિક ગુલામીનો વાંક છે. મારા પ્રભુએ શીખવ્યું હતું. આઠ વરસનો થાય ત્યારે સંસાર-ત્યાગ કરવા હકદાર છે. ભૌતિક સામ્રાજ્યના સીમાડામાંથી નીકળી શ્રમણો પાસે આધ્યાત્મિક સામ્રાજ્યમાં લઈ જઈ ચારિત્રમાર્ગને અપનાવી શકે છે. જગતના ચક્રવર્તીનોય શહેનશાહ થઈ શકે છે. એ જો મેં અપનાવ્યો હોત તો આજે આ વિટંબણા ન હોત.'** શું જોયું એણે ? રાજાનો વાંક નહિ, કર્મનો વાંક નહિ, ભૌતિક વર્ચસ્વનો વાંક.

**અનાર્ય, આર્ય અને જૈનનો આ તફાવત છે :-**

અનાર્ય કહે છે, 'આ રાજાએ બગાડ્યું.' આર્ય કહે છે, 'પૂર્વના કર્મે બગાડ્યું.' જૈન વિચારે છે, 'કર્મ વિસાતમાં નથી, પોતાની જાતના જ રાગદ્વેષ પરિણામમાં ઉપદ્રવનાં દુઃખ મનાવે છે.' ભૌતિક સામ્રાજ્યમાં ફસી રહેવાથી ઉપદ્રવો આવે છે. વસ્તુના પર મોહ કર્યો તેથી રાગ થાય છે; અને પછી એ વસ્તુ બગડતાં કે નાશ પામતાં દુઃખ થાય છે. રાગ હતો માટે દુઃખ લાગ્યું. એ તો સમજી જ રાખો કે દુઃખ રાગની પાછળ છે. જીભડીને ખૂબ હુલાઈ ફુલાવી, 'બોલ, શું તારે જોઈએ છે ? આ લે, તે લે, મેવા-મીઠાઈ-પક્વાન્ન-પૂરી' લીધાં, આમ જો રાગ કર્યો તો પાછળ દુઃખ આવ્યું સમજો. કેમકે મીઠું ખાધા પછી હવે તો મોઢું ગળ્યું થઈ ગયું તો 'લે હવે ભજીયાં, ખરખડીયાં, ચટણી, મસાલા !...' દોઢ નવટાંકની જીભ જબરદસ્ત આત્માને નચાવી રહી છે ! સારા જોવાના-સાંભળવાના વિષયો મળે એટલે બાદશાહી લાગે છે ! જડની હકુમત નીચે રહેલી રસનાને રેલાવી રહ્યો છે પછી અવસર જો આવ્યો મોળું સાદુ ખાવાનો, તો દુઃખ લાગે છે. કહે છે, 'આપણાં કર્મ દુબળાં,' એટલે કર્મનો વાંક. અરે ! **કર્મનો વાંક શાને ? ભૌતિક ગુલામી ઉઠાવી ગળ્યું, તીખું વહાલું કર્યાનો વાંક છે.** એ ન કર્યું હોત તો મોળુ મળતાં દુઃખ ન લાગત. પૈસા ઉપડી ગયા પોક મૂકે છે, 'કર્મ એવાં.' કર્મ શાના એવાં ? પૈસાને ઝેર ન માન્યા, માનવ જીવનનું સર્વસ્વ માની રાગ કર્યો, કિંમતી માન્યાં, તેથી હવે ગુમાવતાં રોવાનું થાય છે. **પૈસા વધે છે તો શું વધે છે ? તિજોરી. પરિવાર વધ્યો તો શું વધ્યું ? મ્યુનિસિપાલિટીની વસ્તી વધી.** એમાં રાગ શા કરવા ?

**નમિનો જન્મ :-**

મદનરેખા એ જ વિચારે છે, 'ક્યાં મને સારું રૂપ મલ્યું કે એના નિમિત્તે બિચારા નિર્દોષ પતિ તલવારના ઝટકે મર્યા !' શું ? વાંક કર્મનો નહિ, પોતાના



રૂપનો; ભૌતિક સામ્રાજ્યનો ! જંગલમાં ચાલી નીકળી, ઘોર જંગલમાં ભારે ભય હતો, પણ આધ્યાત્મિક સામ્રાજ્યનું વર્ચસ્વ સ્વીકાર્યું. મંગળમય નવકારમંત્રને ગણ્યે રાખ્યો. પંચપરમેષ્ઠીનું શરણ કર્યું, **કાયાનું થવું હોય તે થાઓ, મન સલામત રાખવું.** ગર્ભનો કાળ પાકી ગયો હતો. પ્રશસ્ત મુહૂર્તે પુત્રને જન્મ આપ્યો. આનું જ નામ **'નમિ'** થશે. અત્યારે તો વનવગડામાં છે. અહીંથી નમિરાજર્ષિનું ચરિત્ર શરૂ થશે. મદનરેખાનો બાકીનો અધિકાર પણ આમાં આવશે.

**સરોવરમાં સતીને હાથી ઉછાળે છે :-**

નમિ આગળ ઉપર મહાન રાજા થનાર છે, પણ અત્યારે જન્મતાં સ્થિતિ વિષમ છે ! માતા મદનરેખાને રાતભરનો દીર્ઘ પ્રવાસ અને પ્રસૂતિની મહાઅશક્તિ, છતાં સેવામાં કોણ ? વિસામો ક્યાં ? ભૌતિક સામ્રાજ્યની ગુલામી વહોરી, પછી સુખની ને આસાયેશની વાત કેવી ? હીરોશીમાંના લોકોને કલ્પના હતી ? પણ અમેરિકાના અણુબોંબમાં બળી મર્યાને ? **ભૌતિક વર્ચસ્વ જ એવાં કે અણધારી આફતમાં અકલ્પ્ય દુઃખ દેખાડે.** જગત પર આપત્તિ શાથી વરસી રહી છે ? પૂર્વની અને વર્તમાનની ભૌતિક હકુમતને પલ્લે પડી રહ્યાથી. મદનરેખા આ સમજે છે, તેથી અહીં આપણે જોઈ આવ્યા કે પતિના મૃત્યુ વખતે એણે અદ્ભુત કાર્ય બજાવ્યું, પછી જંગલમાં નીકળી પડવાનું મહાન પરાક્રમ કર્યું. તો અહીંય શા સારું મુંઝાય ? દેવકુંવર જેવા પુત્રને વનવગડામાં જન્મ આપવો પડ્યો, કોઈ દાસી તો શું, એક નાની ગાદી સરખી ય અહીં નથી કે જેના ઉપર પુત્રને સુવાડી શકે. મહાકપરી સ્થિતિ છે, હૈયું ધ્રૂજી ઊઠે, કલેજે કમકમી આવી જાય, આંખમાંથી પાણી વહી ચાલે, એવી પારાવાર મુશ્કેલી છે. ભલે ગમે તેટલું, **પરંતુ શીલની રક્ષા થયાના અપૂર્વ સંતોષમાં અને જિનવચનથી ભાવિત મતિના રંગમાં મદનરેખાનું મન પ્રફુલ્લિત છે.** પુત્રને કામળીમાં લપેટી, હાથે પતિ યુગબાહુના નામની વીંટી પહેરાવી, ઝાડ નીચે મૂકે છે. પોતે અશુચિ સાફ કરવા સરોવરમાં જાય છે. હવે જુઓ પાછી પૂર્વકૃત કર્મની વિટંબણા ! શરીર અને કપડું સાફ કર્યું ન કર્યું ત્યાં એક જલચર હાથીએ એને સૂંઢમાં પકડીને આકાશમાં ઉછાળી. શું થાય ? પોક પડી જાય ને ?

**અધ્યાત્મ સામ્રાજ્યનું પહેલું પગથિયું :-** મારવાડમાં 'ઓ બા !' ગુજરાતમાં 'ઓ બાપ !' ને દક્ષિણમાં 'ઓ આઈ !' પણ મદનરેખા પાસે તો **'નમો અરિહંતાણં'** છે. ચીસ તો પડી જાય પણ ચીસા-ચીસમાં ફરક ! **'ઓ બાપ !'ની ચીસ નિઃસત્ત્વના ઘરની, 'નમો અરિહંતાણં'ની ચીસ સત્ત્વના ઘરની. પેલી ચીસમાં પાપ તો ભોગવો પણ પાછું પાપ લ્યો. આમાં પાપ ભોગવો પણ પુણ્ય લ્યો.** આની ક્યારે ટેવ પાડશો ? ટેવ પાડવી હોય તો માત્ર આવા જ પ્રસંગે નહિ, સામાન્ય સામાન્ય



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પ્રસંગોમાં **'નમો અરિહંતાણં'** યાદ કરો. અધ્યાત્મના વર્ચસ્વ નીચે કામ કરવું હોય તો આ એક ઉત્તમ ઉપાય છે. સુખી થવાનો આ માર્ગ છે. બાકી તો સમજી રાખો કે ભૌતિક વર્ચસ્વમાં જકડાએલાને સુખની આશા રાખવી નકામી છે. **સહરાના રણમાં પાણીની આશા રાખવી, ચોરની પલ્લીમાં માનવું કે ઠગાઈ નહિ થાય, અગ્નિમાં હાથ ઘાલી વિચારવું કે નહિ બળું, એવું ભૌતિક સામ્રાજ્યમાં સુખ ઈચ્છવાનું છે.** મારા પ્રભુએ કહ્યું છે, 'તું ભૌતિક સામ્રાજ્યમાં પરાધીન અને પીડિત બન્યો છે અને બનીશ. આધ્યાત્મિક સામ્રાજ્યમાં સુખ અને સ્વાતંત્ર્ય મેળવી શકે છે. તો ભૌતિક સામ્રાજ્યની વિટંબણા શા માટે ભોગવવી ?' આધ્યાત્મિક સામ્રાજ્યમાં પહેલું પગથિયું નવકાર છે. ભૂલશો નહિ, **મન મારે છે ને મન જીવાડે છે.** મન પર લઈ લો કે 'ઓ બાપ !'ની પોક મૂક્યે કે હાયવોય કર્યે કંઈ નહિ વળે. મન મક્કમ કરી અરિહંતને ભજ. ત્રણ વરસના ટિણિયા વજ્રકુમારને માએ ઘણું સમજાવ્યા-ફોસલાવ્યા; માતાએ પોક મૂકી, 'હાય ! ધણી નીકળી ગયો, ને છોકરોય પત્થર છે ! એને કંઈ થતું નથી !' પણ વજ્રકુમાર એક જ વિચાર કરે છે, 'કઈ પરિસ્થિતિમાં છું ? માતાએ પંચ સમક્ષ વહોરાવ્યો છે. હવે જવું ક્યાં ? માતા પાસે જઉં તો શું થાય ? **માંડ છૂટેલો, પાછું મારે ભૌતિક સામ્રાજ્યની ચક્કીમાં ઘૂમવાનું થાય ! માતાની સાથે મારું પતન જોઈને બીજા કેટલાય ભ્રષ્ટ થઈ જાય ! સંઘની અને ધર્મની હીલના થાય ! મારી અને કેટલાયની પરભવે પણ બોધિ હણાઈ જાય !** એ કરતાં અડગ રહું તો બધાનું ભલું થાય; અને કદાચ માતા પણ માર્ગે ચઢી જાય. રાજા ભલો, જો હું મક્કમ તો કાયમી છોડાવશે' બસ, મનને મક્કમ કરવાની વાત છે. મન મક્કમ કર્યું તો મહાન યુગપ્રધાન, દશપૂર્વધર મહાપ્રભાવક મહર્ષિ બન્યા !

**સતીને વિમાન બચાવે છે :-** હાથીએ મદનરેખાને ઉછાળી. નવકારમંત્રનું સ્મરણ છે. જુઓ પુણ્ય ક્યાંથી નીકળી આવે છે. તે જ વખતે નંદીશ્વર દ્વીપે એક વિદ્યાધર વિમાનમાં જઈ રહ્યો છે. જુએ છે કોઈ માણસ આકાશમાં ઊછળી રહ્યું છે. સહેજ પણ બીજો કંઈ વિચાર કર્યા વિના વિમાન તરત જ ત્યાં લઈ જઈ સેકન્ડમાં લઈ લે છે બાઈને. વિમાન તો પુરજોશમાં ચાલ્યું જાય છે. સતી બૂમ મારે છે, "અરે ! મારો હમણાં જ જન્મેલો છોકરો નીચે છે, જીવે છે, એકલો છે. કોઈ વનેચર ખતમ કરશે, કાગડો આંખ ફોડશે, અગર ખોરાક વિના એમ જ મરી જશે. માટે દયા કરી મને તે બાળક લાવી આપો. અગર મને ત્યાં લઈ જાઓ."

**માતાપિતાનો ઉપકાર :-** સતીએ બાળકની કરુણ સ્થિતિનો ખ્યાલ આપ્યો એ શું સૂચવે છે ? બાળક એટલી પરાધીનદશામાં છે કે માતા રક્ષણ કરે તો બચે.



આજે માતા-પિતાના ઉપકારને ભૂલી જનારાને આ વિચાર ક્યાં છે ? ભાન નથી, 'તું ગર્ભમાં આવ્યો ત્યારથી માતાએ કેવાં તારાં સંરક્ષણ અને પોષણવર્ધન કર્યાં છે ? માતાને સુખવિલાસ ઘણાં ય વહાલા હતા, પરંતુ ગર્ભનું જતન કરવા તારી રક્ષા માટે કેટલાય જતા કર્યા ! જન્મ્યા પછી સત્તર કામમાં ગુંથાયેલી માતા તને ન ભૂલી. તને તો ભૂખ્યો છતાં ખાવાનું લેવા કે માગવાની ય હોંશ ક્યાં હતી ? કાગડા આંખ કોચી જાય કે બિલાડું ફેંદી નાખે તોય જાતનું રક્ષણ કરવાની તારામાં ક્યાં હોશિયારી હતી ? એ તો વરસોના વરસો સુધી માતાપિતાની સતત કાળજીએ તને આંચ ન આવવા દીધી, પાળ્યો-પોષ્યો, મોટો કર્યો, આજે એ બધું ભૂલી એ જ માબાપની સામે ડોળા કાઢવાની એમની સાથે ઝગડવાની ધિટ્ઠાઈ-નફટાઈ કરી રહ્યો છે ! બાયડીના મોહમાં લંપટ બની માતાપિતા પરની પ્રેમભક્તિને ઠોકરે મારી રહ્યો છે ! માતાએ તારા પર વહાલ કેવા કર્યા હતા તે કૃતઘ્ન બનેલા તારે ક્યાં જોવું છે ? શિયાળાની કડકડતી ટાઢમાં માતાની પથારીમાં તેં પેશાબ કરેલા, છતાં માએ તને તરછોડ્યો નહોતો, પોતે ઠંડી વેઠીને તને વહાલો કરી ગરમીની હુંફ આપી હતી ! તને તો ખાતાં ય શું આવડતું અને બીજું ય શું આવડતું ? માતા-પિતાએ બધી વાતે તને હોશિયાર કર્યો. પગભર કર્યો. હવે એ બધું ભૂલી જઈ ઉપરથી એમના તરફ અરુચિ અવગણના કરતા, એમની સેવા ભૂલતા, નિર્લજ્જ ! શરમાતો નથી ?'

**વિદ્યાધરની લંપટતા :-**

મહાસતી પોતાના બાળકની કરુણ હાલતનો ખ્યાલ આપી તેને લઈ આવવાની દયા કરવા કરગરે છે. ત્યારે આ નંદીશ્વર દ્વીપે જવા નીકળેલો વિદ્યાધર કહે છે, "દયા કરું, જો તું મને તારા પતિ તરીકે સ્વીકારે તો. હું વિદ્યાધરોના ચક્રવર્તી રાજા મણિચૂડનો પુત્ર છું. મારું નામ મણિરથ છે. મારા પિતાએ દીક્ષા લીધી છે. તેમને વંદન કરવા નંદીશ્વર દ્વીપે હું જઈ રહ્યો છું; એમાં મેં તને દીઠી. હું પિતાના સ્થાને વિદ્યાધરોનો રાજા છું. મારે અનેક વિદ્યાધર રાણીઓ છે. એ બધાના માથે તું પટ્ટરાણી સ્વામિની થા; અને એ બધી રાણીઓને હું તારી દાસી બનાવું. તારા બાળકની તું ચિંતા ન કર. કેમકે મારી પાસે પ્રજ્ઞપ્તિ વિદ્યા છે, એણે મને કહ્યું છે કે તારા બાળકને રાજા પદ્મરથ લઈ ગયો છે. એ ઘોડા વડે જંગલમાં દૂર ખેંચાઈ ગયેલો ત્યાં આવી ચઢેલો. તારા બાળને જોઈ ખુશ થઈ એને લઈ ગયો અને પોતાની રાણી પુષ્પમાલાને સોંપ્યો અને ત્યાં એના પુત્ર તરીકે એ બાળ સુખમાં કલ્લોલ કરે છે. તો તું એનો હવે ખેદ છોડી દે અને મારી સાથે ભોગવિલાસ કર."



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

## ૧૯ આધ્યાત્મિક પ્રવચન

### • શ્રી નમિરાજર્ષિ. •

**વિચિત્ર સંસાર :-** જુઓ કર્મની વિચિત્રતા ! બાળક નમિના બાપ ક્યાં ? ભાઈ ક્યાં ? અને માતા ક્યાં ? વનવગડામાં જન્મ, અને પુણ્યોદય રક્ષકને તાણી લાવે છે. બાળકનો પોતાનો અહીંનો શો પુરુષાર્થ છે ? કંઈ જ નહિ. એ તો પુણ્યના ઉદય કામ કરી રહ્યા છે. જીવનમાં આવા તો ઢગલાબંધ કિસ્સા બને છે. છતાં માણસને એટલો વિચાર નથી આવતો કે ‘તો પછી પુણ્ય વધારું. પુણ્ય વધારવા, જીવનમાંથી દોષ-દુર્ગુણો કાઢી નાખી સદ્‌ગુણો અને સદ્ધર્મ ભરી દઉં. શા માટે ક્ષુદ્રતા, ઈર્ષ્યા, વૈર-વિરોધ, અભિમાન, તૃષ્ણા ઇત્યાદિ કરી કરીને પાપના પોટલાં બાંધું ? શા માટે આરંભ-પરિગ્રહ અને મોહમાયાના કૃત્યો કરી કરી પાપની સીલક વધારું ? હવે તો હૃદયની વિશાળતા, વિશ્વવાત્સલ્ય, ગુણાનુરાગ, ક્ષમા, સમતા, નમ્રતા, નિર્લોભતા વગેરે ગુણોના અભ્યાસમાં લાગી જાઉં. વીતરાગ પ્રભુએ ફરમાવેલા તરણતારણ ધર્મકૃત્યોમાં ઓતપ્રોત રહું.’ આવું કરે તો પુણ્ય વધે, ને જો પુણ્ય સાબૂત તો જંગલમાં પણ મંગલ ! વિકટ સ્થિતિમાં પણ મહાન રક્ષણ !

બાળકને પદ્મરથ રાજા લઈ ગયો; પોતાના પુત્ર તરીકે જગતમાં જાહેર કર્યો. જગત એને યુગબાહુ-મદનરેખાના પુત્ર તરીકે નહિ, પણ પદ્મરથ-પુષ્પમાલાના પુત્ર તરીકે ઓળખશે. સંસારની કેવી વિચિત્ર ઘટમાળ ! જીવે સંસારમાં કેઈ માબાપો બદલ્યા ! ભાઈ-બહેન બદલ્યા ! પતિપત્ની બદલ્યા ! નળ રાજાની પત્ની દમયંતી સ્વર્ગમાં જઈ આવી. હવે કૃષ્ણ-વાસુદેવના પિતા વસુદેવની પત્ની બને છે; તે વખતે નળ રાજા દેવ તરીકે છે, અને એના પરણતાં પહેલાં એનું પારખું કરે છે. સંસારની આ વિચિત્રતા પર એને અસાર માની તુચ્છ માની મોટમોટા મહારાજાઓ પણ સંસાર ત્યજી અણગાર બની ગયા.

**સતીને શીલની ચિન્તા :-**

સતીને હવે પુત્રની ચિન્તા કરતાં, વિદ્યાધરની અયોગ્ય માગણી ઉપર પોતાના શીલને કેમ જાળવવું એની ચિન્તા થઈ પડી; દિગ્મૂઢ થઈ ગઈ કે આ શું ? ત્યારે શું મેં ગયા ભવે બીજાને શીલમાં અંતરાય કર્યા હશે ? તેથી અંતરાય થાય છે ? અથવા અરિહંતનું શરણું બરાબર નહીં લીધું હોય તેથી શીલ પર આક્રમણની પરિસ્થિતિ ઊભી થાય છે. જીવની કેટલી અજ્ઞાનદશા ! જગતના દુઃખી જીવોના



નાથ, એકાન્તવત્સલ, જગત ઉપર અનંત ઉપકાર વરસાવનાર કલ્પવૃક્ષ સમા અરિહંતદેવનું શરણું મૂકીને બહાર જાવું છે; વિષયોના બાવળિયે વળગવું છે, કાંટા ન વાગે તો શું થાય ? કુદરતી અરણ્યના તૃણ મૂકી શિકારીના ગોઠવેલા મિષ્ટાનમાં લલચાય તો હરણિયા કેવી રીતે બચે ? સરોવરના યથેચ્છ વિહરણ મૂકી માંસપેસીમાં લોભાયેલા માછલાની કેવી વિટંબણા ! રોટલીના ટૂકડાની લાલચે આજના માનવીનાં પાંજરે પૂરાયેલા ઉંદરની કઈ દશા થાય છે ! ટૂકડો લેવા જાય એટલી જ વાર ! આજા-ફસાજા. આજના નિર્દય માણસના હાથમાં તે ઉંદરની દશા શું ? દુનિયામાં બિલાડો ઉંદરનો વૈરી કહેવાય; પણ તે યોજનાબદ્ધ નહિ. આજનો માનવ યોજનાબદ્ધ વૈરી ! કેવો કળિકાળ ! પ્રકૃતિએ સર્જેલી સૃષ્ટિમાં બધા ભાઈ ભાઈ કહેવાય. જાતે જીવી બીજાને જીવાડવાનું હોય; ત્યારે આજે બીજાને મારીને જીવવાનું કરે છે. દુર્ગતિના પાંજરામાં પૂરાવાની આ લત છે ! માનવજીવનમાં આવ્યા એટલે તો બાજી જીતી ગયા સમાન છે; પણ મૂઢ જીવ તે ભૂલી જાય છે; અને બાજી હારી જવાની કરણી લઈ બેઠા છે. કવિ ઋષભદાસ કહે છે, **‘ધન કીધું ધૂળધાણી, જીતી બાજી ગયો હારી રે, સંસારિયામાં’** સુસંસ્કાર અને માનવભવ આદિનું પુણ્યધન વેડફી નાખ્યું, તો બાજી હારી ગયા. કેમકે પહેલાં નીચેથી ઊંચે આવ્યા હતા; હવે અહીં ઊંચેથી નીચે પટકાવાનું થાય છે. શું કારણ ? રૂડું રૂપાળું મળેલું અરિહંતનું શરણ અને એમણે ફરમાવેલા ગુણોનું શરણ મૂકી બહાર મોહમૂર્તિઓ અને દોષોમાં ભટક્યા માટે જ ને ?

**આત્મજાગૃતિની પારાશીશી :-**

મહાસતી મદનરેખાના દિલ પર યુવાન વિદ્યાધર રાજાએ પત્ની બનવાની કરેલી માગણીએ કારી ઘા કર્યો ! એને થયું, **‘જે મહામૂલ્યવંતા શીલની રક્ષા માટે રાજવી સગવડો ત્યજી આટલે દૂર ભયાનક જંગલમાં આવી ચઢી એ શીલ પર પાછું આક્રમણ ?** શીલનો ભંગ થવાનું પાછું અહીં પણ ઉપસ્થિત થયું ?’ શું ? ખ્યાલ આવે છે કે એને ધર્મ કેટલો બધો દુર્લભ અને કેટલો બધો મોંઘેરો લાગ્યો છે ? આટઆટલી વિષમ પરિસ્થિતિમાં એને એ નથી લાગતું, ‘અરેરે ! મારી સંપત્તિ લૂંટાઈ ગઈ ! હાય ! મારા સંસારસુખ લૂંટાઈ ગયા !...’ આવું કશું એને લાગતું નથી. જે લાગે છે તે એક જ કે ‘અરે ! મારા પ્રાણથી અધિક પરમ પ્રાણતુલ્ય શીલનું રક્ષણ શી રીતે કરવું ? શીલ પર આ કેવી ઉપરાપર આપત્તિ !’ **માણસને જ્યારે ધર્મ, સદ્‌ગુણને અને સદાચાર રોમે રોમમાં વ્યાપી જાય છે, રગે રગમાં વહેતા થઈ જાય છે, હૈયું એના જ શ્વાસોશ્વાસ લે છે, ત્યારે એ ધર્મ, સદ્‌ગુણો ને સદાચારની રક્ષા અને વિકાસમાં આત્માને અપૂર્વ પ્રમોદ-પ્રફુલ્લિતતા, તેમ એના**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**નાશની આગાહીમાં આત્માને ઘેરી ચિન્તા અને ઉદ્વિગ્નતા જે થાય છે એવી ભૌતિક સંપત્તિની રક્ષા-વૃદ્ધિમાં કે નાશની આગાહીમાં નથી થતી. આત્મજાગૃતિની, આત્મનિર્મળતાની આ એક સચોટ પારાશીશી છે; એટલું જ નહિ પણ આત્મજાગૃતિ ને આત્મનિર્મળતા કદાચ ન થઈ હોય તો એને ઉત્પન્ન કરવાનો આ સિદ્ધ ઉપાય પણ છે. મનુષ્ય તરીકે જીવવાની શી વિશેષતા છે, જો એકલા રોટલા જ ખાવા હોય, એકલા રૂપિયા જ ભેગા કરવા હોય, એકલા વિષયસુખોના જ લહાવા લેવા હોય ? ક્ષુદ્ર કીડા-કીડી કે જનાવર તરીકે જીવીને પણ એ તો કરી શકાય છે. માનવભવના ઊંચા હોદ્દે આવ્યાનાં મૂલ્ય સમજવાં જોઈએ. આ ભવ્ય કોટિના માનવજીવનના સ્વામી તરીકે જીવી જાણ્યું એનું નામ ગણાય કે ધર્મ, સદ્‌ગુણો અને સદાચારના ભેખ લેવાય, દિનરાત એની ઝંખના કરાય. વિરાટ વિશ્વમાં કર્મવશ જીવની એકલી અટુલી અને પરિભ્રમણમય અવસ્થા નજર સામે રહે તો આ કંઈ જ કઠિન નથી. મૂલ્ય સ્વચ્છંદ જીવન જીવ્યાનાં નથી, શ્રી અરિહંત પરમાત્માને આધીન જીવ્યાનાં છે. કિંમત ક્રોધાદિ દુર્ગુણો કેળવ્યાની નથી, ક્ષમાદિ સદ્‌ગુણો વિકસાવ્યાની છે. વડાઈ હિંસાદિ દુરાચારોમાં રક્ત રહ્યાની નથી, અહિંસાદિ સદાચારોમાં લાગ્યા રહ્યાની છે.**

**સતી માર્ગ કાઢે છે :-** મદનરેખાએ જોયું, 'અત્યારે હું આ વિદ્યાધર રાજાના કબજામાં છું અને એ કામવાસનાથી પીડિત થયો છે, મારા પર કામાન્ધ બનેલો છે. છતાં મારે કોઈ પણ ભોગે શીલની રક્ષા તો કરવાની જ છે; તો હું હમણાં તો કોઈ વિષયાન્તર કરી દઉં, વાત વાયદે ચઢાવી દઉં, દરમિયાન આપત્તિ હટાવવાનો રસ્તો કાઢીશ' આવો મનોમન વિચાર કરીને પેલાને કહે છે, 'જો તમે મને નન્દીશ્વર દ્વીપમાં પ્રભુના દર્શન-વન્દન કરાવો, તો તમારા ઇચ્છિત માટે પ્રયત્ન કરીશ' બસ, આ આશા મળતાં હવે પૂછવાનું જ શું ? મનમાં એ હર્ષિત થઈ ગયો. હવે તો મનથી સમજી લે છે કે આ આપણી પ્રાણપ્યારી બની ગઈ; અને પ્રાણપ્યારીની પાછળ તૂટી મરવામાં સંકોચ શા ? **અનંત ઉપકારી પરમાત્માની પાછળ તૂટી મરવાનું નહિ ! સદ્‌ગુરુના બોલ પાછળ નહિ ! પ્રાણપ્યારી ખાતર બધું જ ! કેવી મોહમાયા ! કેવી પાગલદશા !** માણસે એટલો વિચાર નથી આવતો કે **જીવવું જ છે તો પ્રભુને ખાતર જીવું ! ખાવું જ છે તો નાથની સેવાને ખાતર ખાઉં ! સેવા-ચાકરી જ કરવી છે તો પરમાત્મા બનાવનાર દેવગુરુની સેવા ચાકરી કરું !**

**નન્દીશ્વર દ્વીપમાં :-**

ખુશી ખુશી થઈ ગયેલો વિદ્યાધર રાજા વિમાનને નન્દીશ્વરે લઈ ચાલ્યો. વિદ્યાના બળે પહોંચતા વાર શી ? નન્દીશ્વર દ્વીપ પળવારમાં આવી ગયો. ત્યાં



ઉતર્યા. ભરતક્ષેત્રની રહેવાસી મદનરેખા તો ત્યાંના શાશ્વત જિનમંદિર જોઈને ચકિત થઈ ગઈ ! મનને થયું, 'અહો ! કેવાં અદ્‌ભુત દર્શન ! આ મને શું જોવા મળ્યું ! નન્દીશ્વર દ્વીપ આ જંબૂદ્વીપથી આઠમો દ્વીપ છે. વચમાં સાત સાગરો પડ્યા છે ! નન્દીશ્વર દ્વીપમાં ચાર દિશામાં ચાર ભવ્ય **અંજનગિરિ** પર્વત છે. એકેક અન્જનગિરિને આસપાસ ચાર દિશામાં ૪-૪ **દધિમુખ** નામના સુંદર પર્વતો છે, અને ઈશાન વગેરે વિદિશામાં ૮-૮ **રતિકર** નામના પહાડ છે. એમ નન્દીશ્વરની એકેક દિશામાં કુલ ૧૩-૧૩ પર્વત છે. ચારેય દિશામાં કુલ બાવન પર્વત છે. એના એકેક ઉપર એકેક ભવ્ય જિનાલય છે. તે સો યોજન ઊંચા અને પચાસ યોજન પહોળા છે. કુલ બાવન ભવ્ય દેરાસર છે. એમાં દરેકમાં ઝગમગતા રત્નમય ૧૨૪-૧૨૪ જિનબિંબ છે ! બાવન દેરાસરમાં કુલ ૬૪૪૮ જિનેશ્વર ભગવંતના પ્રતિમાજી છે !' મદનરેખાએ બધાં દેરાસર જુહાર્યાં. બધા ભગવંતના દર્શન કરતાં એનાં નેત્ર નાચી ઉઠ્યાં ! વન્દન કરતાં કાયા થનગની ઉઠી ! હૈયે વસાવતાં હૈયું તરણતારણ દેવાધિદેવની ભક્તિરસમાં હિલોળે ચઢ્યું ! **'અહો ! જીવનની કેવી ધન્ય ઘડી ! કેવી ધન્ય પળ ! કેવા અજબ ભાગ્યોદય !'** જિનદર્શન-વન્દનમાં એ દુઃખમાત્ર ભૂલી ગઈ ! આટઆટલી કારમી આપત્તિઓ ઉપર જો આ મળ્યું તો આણે તો આપત્તિઓને મહાસંપત્તિદાયી બનાવી, સંપત્તિરૂપ બનાવી ! અરે ! પ્રાણ કાઢી આપીને પણ આ યાત્રા ક્યાં મળે ? **નાથ જિનેન્દ્રદેવના ચરણકમળે ભ્રમરસમ બનેલો એનો આત્મા નાથને પામીને જાણે સર્વસ્વ પામ્યો ! નવું જીવન, નવી ચેતના પામ્યો !** જો જો હાં, હજી સુવાવડ આજે જ થઈ છે; પોતે જૈનધર્મના આચાર-વિચારોની જાણનારી અને પાળનારી છે; અને એવી એ શુદ્ધ કરેલા શરીરે જિનમંદિરમાં જઈ દર્શન-વન્દન કરે છે, ભક્તિભર્યા જિનસ્તોત્રો બોલે છે.

**મુનિની દેશનામાં :-**

દર્શન-વન્દન કર્યા પછી ત્યાં આવેલા વિદ્યાધર ચક્રવર્તીની સમૃદ્ધિ તરછોડી મહામુનિ બનેલા મણિચૂડ રાજર્ષિ પધારેલા છે, તેમને ભાવપૂર્વક વન્દના કરે છે અને દેશના સાંભળવા બેસે છે. મુનિપુંગવ સંયમ અને તપની સાધનાથી મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય-એ ચાર જ્ઞાનના સ્વામી બનેલા છે. તેમનો આ વિદ્યાધર રાજા, પુત્ર છે. પુત્રના મનોગત મલિનભાવ મહર્ષિએ જોયા. જોયું કે આને તો આ મહાસતીને મહારાણી કરવી છે, ઉન્માર્ગે એનું મન ચઢી ગયું છે; તો એ ધર્મશિક્ષાને યોગ્ય છે. મુનિએ તરત જ એવી દેશના શરૂ કરી કે જે પુત્ર મણિપ્રભના દિલમાં ખળભળાટ મચાવી મૂકે ! શું સંભળાવ્યું હશે ? એવું જ કંઈક ને કે,



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**'આ જગતમાં વિષયોના કીડા બનેલા, વિષયોની ગટરમાં મેલું ચૂંથનારા જીવની કેટલી દુર્દશા છે ? એક માત્ર પોતાની જ વિષયખણજથી વ્યાકુલ થયેલો માનવ ગંદકીના ગાડવા સમી નારીનો લંપટ બને છે ! ગુલામ બને છે ! પોતાના સુકૃત-અવસરની અને પોતાના જ વીર્યની બરબાદી કરે છે ! પાછો વધારે ખણજ અનુભવે છે અને વધારે બરબાદ થાય છે ! પરમાત્મ સેવાનાં ઉચ્ચ કર્તવ્ય ભૂલે છે ! ઊંચા માનવભવ સુધી આવેલો ત્યાંથી ભ્રષ્ટ થઈ પાછો વિષયાસક્તિના ઘોર વારસા સાથે નીચા પશુ વગેરેના અવતાર પામે છે ! અને ત્યાં વિષયોની ઘેલછા અને ઉપરાંત અવિવેક-અબુઝપણાને પરવશ બને છે ! વિષયસેવાની ગન્દી રમત અને કષાયોનાં કારમા તોફાન મચાવે છે ! એમાંય અહીં માનવભવમાં પરનારી-લંપટ બનેલાની તો અહીં મહાઅપકીર્તિ અને મહાખુવારી સાથે પરલોકમાં નરકની ભીષણ ભઠ્ઠીઓમાં ઊભા સળગવા વગેરેના કારમા દુઃખોનો પાર નથી રહેતો ! કામવાસનામાં અંધ બનેલો ત્યાં એવા નપુંસક વેદના ઉદય મળે છે કે જેમાં એક બાજુ સ્ત્રી-પુરુષ બંનેને ભોગવવાનો કારમો કામાગ્નિ ભભૂકી ઉઠે છે અને બીજી બાજુ ભોગનો લેશ મળતો નથી. વિચારો કેવી રીબામણ ! પણ આંધળા બનેલાને આ ક્યાં જોવું છે ? એને તો એક જ લત છે, વિષયભોગની. પછી એ મહાસતીના ય સૌંદર્ય લૂંટવા કેમ તૈયાર ન હોય ? જાતે તો બગડે પણ બીજા પવિત્ર આત્માને ય કુમતિના ઝેર એના હૈયે વ્યાપી ગયા હોય છે ! એ કુળ નથી જોતો, ધર્મ નથી જોતો, પરલોક નથી જોતો ! સામા જીવના ચીરાઈ જતા હૃદયને જોવા માટે એને આંખ નથી ! ક્રૂર વાઘ-વરુ નિર્દોષ હરણિયાને ત્રાપે એમ એવા કામાંધો પવિત્ર સતી પર ત્રાપે છે ! પણ એ મૂઢને ખબર નથી કે એમ કરવા જતાં કાં પોતાનો તત્કાલ વિનાશ થાય છે, અગર તો સતી આત્મઘાત કરતાં એનું માત્ર મડદું જ હાથમાં આવે છે !...'**

**વિદ્યાધરનો સંવેગ : ક્ષમાયાચના :-**

મહામુનિએ શું પીરસ્યું ? ભૌતિક સામ્રાજ્યને માથે કરવામાં જીવની કંગાળ દુર્દશા, અને આધ્યાત્મિક સામ્રાજ્યમાં સમૃદ્ધ દશા ! એમણે આ ધર્મદેશનાનો જે ધોધ વહેવડાવ્યો; એમાં મણિપ્રભ વિદ્યાધરના દિલની કુવાસનાની કચરા તણાઈને સાફ થઈ ગયા ! બુદ્ધિના મેલ ધોવાઈ ગયા ! સંવેગ ઉત્પન્ન થઈ ગયો ! પરસ્ત્રીને ભ્રષ્ટ કરવાની પિશાચી લીલા ખેલવા તૈયાર થયેલા પોતાના આત્મા પર ભારે જુગુપ્સા થઈ ! અત્યંત તિરસ્કાર છૂટ્યો ! એને થયું કે 'અરે ! હું કેવો અધમાધમ ! કેવો પાપી ! કેટલો નફટ અને નિષ્ઠુર ! ક્યાં કુળને અજવાળનારા



આ કુળદીપક મારા પિતા મુનિ ! અને ક્યાં એ જ કુળની શોભાને બાળી ભસ્મ કરવા તૈયાર થયેલો હું કુલાંગાર પુત્ર ! ક્યાં એમના નિર્મળ અને સર્વાંશ બ્રહ્મચર્ય ! અને ક્યાં મારા સદાચારના વિષયભોગની પણ મર્યાદા વટાવી, વિકસેલા દુરાચાર ! પિતાએ રાજ્ય આપ્યું, કન્યાઓ પરણાવી, છતાં હું દુરાચારના ભોગનો ભુખારવો ! નરકનો પ્રવાસી ! ધિક્કાર છે આ કામવાસનાને !' હૃદય પીગળી ઉઠ્યું ! પરલોકનો મહાન ભય એની નજર સામે તરવરી રહ્યો ! ધર્મ સરાસર ચૂકાઈ જતો દેખાયો ! હૃદયમાં અજ્ઞાન અને વિટંબણામય સંસાર પ્રત્યે નફરત અને તારક ધર્મ પ્રત્યે પ્રીતિ ઉભરાણી. આત્મા પર ભૌતિક રૂપરંગે જે વર્ચસ્વ જમાવ્યા હતાં તે ફગાવી દેવાયાં, અને અધ્યાત્મના સામ્રાજ્ય મસ્તકે ધરાયાં ! આવો સંવેગ જાગ્યા પછી એ કેમ ઝાલ્યો રહે ? ઊભો થઈ ગયો. સતી મદનરેખાને હાથ જોડી એની ક્ષમા માગે છે ! પોતાની ભૂલનો ભારે પશ્ચાત્તાપ કરે છે ! કહે છે, 'આજથી તું મારી ધર્મની બહેન છે. તારા શીલ બદલ નિશ્ચિન્ત રહેજે. તું ઉદાર છો, મોટા મનવાળી છો, મારા અયોગ્ય બોલને માફ કરજે. તારી હું ક્ષમા માગું છું.' જુઓ, અધ્યાત્મના સામ્રાજ્ય શિરે ધર્યા પછી કેટલા વિવેકી અને સુંદર દિવ્ય બોલ વહી ચાલે છે ! એવા બોલ કહીને એ વારંવાર ક્ષમા યાચે છે. મદનરેખા તો ખરેખર મોટા મનવાળી છે, અધ્યાત્મના સામ્રાજ્યમાં વિહરતી એણે પતિઘાતક જેઠ ઉપર પણ મન ગુસ્સાથી બગાડ્યું નથી; ત્યારે આ તો લજ્જા મૂકી ક્ષમા માગે છે, ત્યાં રોફ શાનો આવે ? ઉપરથી પ્રશંસા કરે છે, 'તમે ખરેખરા ક્ષત્રિય છો. આટલી બધી મારી ક્ષમા માગવાની ન હોય, તમે તો મને નન્દીશ્વરની યાત્રા કરાવી. ઉપકારી છો...' અધ્યાત્મના શાસનની બલિહારી છે !

## • 'નમિ'ના પૂર્વભવ •

મદનરેખા વિશિષ્ટ જ્ઞાની મહર્ષિને વન્દન કરી વિનયપૂર્વક પૂછે છે, 'પ્રભુ ! કર્મે મને રાજરાણી સમજીને પુત્ર મોકલ્યો, પણ તે પુત્રને ભરજંગલમાં જન્મવા-મુકાવાનો અવસર કેમ આવ્યો ?'

મહર્ષિ કોમળ વાણીથી કહે છે, "કર્મની વિચિત્રતા છે. તારો પુત્ર અને એને જંગલમાંથી લઈ જનાર પદ્મરથ રાજા, બંને પૂર્વ ભવે ચક્રવર્તીના પુત્ર હતા. પરંતુ ત્યાં સાધુજનોની બોલબાલા હતી. એ અધ્યાત્મના સામ્રાજ્ય પ્રચાર્યે જતા હતા. તેથી જ લોકનાં જીવન ઉચ્ચ હતા. આ બંને સાધુસમાગમમાં આવ્યા, ઉપદેશ સાંભળ્યો, ઘોર સંસાર પર તિરસ્કાર છૂટ્યો. ચક્રવર્તીના ઘરના પણ વૈભવ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અને વિલાસ વિષભર્યા અન્નની માફક અકારા લાગ્યા એની પાછળ મૂઢ બનવામાં અમૂલ્ય જીવનધન એળે જતું લાગ્યું. પૃથ્વી આદિ પંચભૂતનાં સામ્રાજ્ય હેઠળનું જીવન કિંમત ગુમાવતું લાગ્યું. મનને થયું કે **'શું ભવ આમ જ હારી જવાનો ? વારંવાર ઉઠતી વિષયસુખની ખણજને વારંવાર વિષયસેવાથી તૃપ્ત કરતાં કરતાં એ ખણજ વધાર્યેજ જવાની ? પછી તો આનો અંત જ ક્યારે આવે ? એ તો હવે વિષયસેવા જ બંધ કરીએ; અને વૈરાગ્ય ભાવનામાં તરબોળ રહીએ તો ખણજ મોળી પડતાં ક્રમશઃ નિર્મૂળ શાંત થઈ જાય. ભૌતિક સામ્રાજ્ય છોડી અધ્યાત્મનાં. સામ્રાજ્ય હેઠળ રહીએ તો જ સુખી થવાય.'** વિચાર કરીને સંસારમાંથી ઊભા થઈ ગયા, ચારિત્રમાર્ગ સ્વીકાર્યો અને ભવ્ય સાધના કરી દેવલોકમાં ગયા.

"દેવલોક પણ ક્યાં કાયમી સંઘરે એવો છે ? લાંબો પણ દેવતાઈ સુખનો કાળ જોત જોતામાં વીતી ગયો. ભૌતિક લીલા એવી જ. કહે છે ને 'સુખના દહાડા ટૂંકા, તે પૂરા થતાં વાર નહિ ! અને દુઃખના દહાડા શે પસાર ન થાય !' દેવતાઈ આયુષ્ય પૂર્ણ થયે, દેવભવમાં પણ પૂર્વના વૈરાગ્યના અભ્યાસે એવા લંપટ નહીં બનેલા, ને જિનભક્તિમાં રસમગ્ન રહેલા, તે કાળ કરી ફરી પાછા, ચક્રવર્તીના ઘરે પુત્રપણે અવતર્યા. પુણ્યશાલીને જેમ પુણ્યસમૃદ્ધિનો યોગ થયો તેમ સદ્ગુરુનો પણ યોગ થયો, ધર્મદેશના મળી, ચોંક્યા ! પુણ્યાનુબંધી પુણ્ય હોય તો આ સ્થિતિ પ્રાપ્ત થાય. નહિતર તો **પાપાનુબંધી પુણ્યની લીલા ઝેર સમી નીવડે ! જીવને એ એવો ભૌતિક સમૃદ્ધિનો ગુલામ બનાવે, ભૌતિક સામ્રાજ્યનો સેવક બનાવે અને એવો ઘેલો-મેલો કરી મૂકે, એવા અભિમાનમાં ચઢાવે, એવો મોહાન્ધ-વિષયાન્ધ બનાવે, કે એને ધર્મ સૂઝે જ નહિ !** એ પાપવાસનાના નશામાં ઉન્મત્ત બને ! પાપપ્રવૃત્તિમાં યથેચ્છ પ્રવર્તે ! એને ગુરુ કડવા લાગે ! ધર્મના કાર્ય તરફ દુગંછા થાય, કંટાળો આવે, અણગમો ઉપજે ! આમ પાપાનુબંધી પુણ્યની લીલા જીવની ઉપર ભૌતિક સામ્રાજ્ય પાથરીને જીવને આ ચંચળ માનવભવમાં ચંચળ ભોગ ભોગવી લેવા નિઃશંક બનાવે છે; જાણે મરણ આવવાનું જ નથી ને અહીંથી અજ્ઞાત પ્રદેશમાં નિરાધારપણે જવાનું નથી એ રીતે, એ એમાં જ મસ્ત રહે છે. પરિણામ ? જીતી બાજી હારી જવાનું ? ઊંચેથી નીચે પટકાવાનું ! સુખના બદલા કારમા દુઃખથી વાળી આપવાના ! ચક્રવર્તીના ભાગ્યવન્તા આ બે પુત્રો ધર્મોપદેશ સાંભળી ચોંક્યા ! લાગ્યું, **'ક્યાં આ સંસારરૂપી ચોરની પલ્લીમાં ફસાયા ! અહીં તો માલ-મેવા ખાઈને લૂંટાવાનું ! અને અહીં માલ પણ શો છે ? કૂચા ચાવવાના ! કંચન કુટુંબની બેડીઓમાં ફસાયા મરવાનું ! હવે તો ઉઠો, ઉઠો, રહ્યો સહ્યો પુણ્યનો અને પુરુષાર્થનો માલ લઈ ભાગો.'** અધ્યાત્મનાં સામ્રાજ્ય સ્વીકારી મહાવૈરાગ્ય, ઉત્કટ ત્યાગ, અપૂર્વ જ્ઞાન-ધ્યાન વગેરેમાં સંપૂર્ણ મગ્ન રહેવા સજ્જ થઈ ગયા ! ચારિત્ર લીધું ! પણ ત્રીજે જ દિવસે વીજળી પડી ! પણ હવે ખોવાનું શું છે ? અરિહંતદેવ ઉપર અથાગ પ્રેમ, વિષયો પર ઉત્કટ વૈરાગ્ય અને ચારિત્ર, એના બળ ઉપર એવી અનુપમ સમાધિમાં ઝીલ્યા, કે પંડિત મરણ પામી પાછા દેવલોકમાં ગયા.



**"દેવભવમાં,** બાવીસ સાગરોપમોના વર્ષો દિવ્ય સુખમાં પર્વત પરની વૃષ્ટિના પાણીની જેમ ઢળતા ચાલ્યાં. હવે તો છેલ્લા સાગરોપમમાં ૧૦ કોટાકોટિ પલ્યોપમનાય છેલ્લા પલ્યોપમે અસંખ્ય વર્ષ હવે સમેટાવાની તૈયારીમાં છે. એટલામાં અહીં ભરતક્ષેત્રમાં ૨૨મા શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન-કલ્યાણકનો મહાપ્રસંગ આવ્યો. દેવ-દેવેન્દ્રોની દોડાદોડ ચાલી. ચાલે જ ને ? ત્રિભુવન ગુરુને, જગતને ઉદ્ધરનારું, કેવળજ્ઞાન અને તીર્થંકરપણું પ્રગટ થાય, પછી શું માનવ કે શું દાનવ, શું સુર કે સાવજ, સૌને હરખનો પાર નહિ એ તે એ ! માટે તો કવિએ ગાયું, **'જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય તે સુર, નર, ખેચરા.'**

જિનેશ્વર ભગવાનના કલ્યાણક પ્રસંગો જોઈને જીવોમાં અપરંપાર ભક્તિ ઉભરાય છે. ત્યારે એમ થવું જોઈએ કે 'અહો ! આવા નાથ શોધ્યા ક્યાં મળે !' દુનિયામાં માણસ શુદ્ધ ધર્મ અને શુદ્ધ ઈષ્ટદેવને શોધવા નીકળે તો ભૂલો પડી જાય. ત્યાં એ સહેજે પ્રાપ્ત થયા પછી તો દિન અને રાત એ પ્રભુના ભક્તિસ્મરણો હૃદયમાં ગુંજ્યા કરે; હૈયું વારંવાર ગદ્ગદ થઈ પ્રભુના ઉપકાર સંભારી પ્રભુનું શરણું લે. હૃદય દ્રવે, આંખ ભીની થાય, મન વિચારે, 'નાથ ! ક્યાં તું અનંત ગુણોની મૂર્તિ ! અને ક્યાં હું અનંતા દોષોનો ઉકરડો ! ક્યાં છે મારું ગજું ? તું તારે તો તરાય ! તારા વિના મારે કોનો આશરો ? તેં જ મને આટલે ઊંચે આણ્યો છે, અને હજી પણ તું જ મને આગળ લઈ જશે !...'

દેવભવમાં પણ અધ્યાત્મના સામ્રાજ્ય સ્વીકાર્યા હોય તો આ શક્ય છે. પેલા બે દેવ શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકમાં ગયા છે. ત્યાં પ્રભુની દેશના સાંભળી પોતાનો આગામી ભવ પૂછે છે. પ્રભુ કહે છે 'તમે બાકી રહેલું થોડું આયુષ્ય પૂર્ણ કરી આ ભરતક્ષેત્રમાં તમો બંનેમાંથી એક મિથિલાપુરીના રાજા જયસેનના પુત્ર અને બીજો મહાસતી મદનરેખાના પુત્ર થશો. રાજ્ય પામશો, ચારિત્ર પામશો...' પ્રભુના વચનથી હર્ષિત થયા.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

# (૨૦) આધ્યાત્મિક પ્રવચન

અનુક્રમે આયુષ્ય પૂર્ણ કરી બેમાંથી એક જણ મિથિલાપુરીમાં રાજા જયસેનનો પુત્ર થયો. નામ પદ્મરથ રાખ્યું. મોટો થતાં એને રાજ્ય ભળાવી જયસેને ચારિત્ર લીધું. આર્યદેશની આ વિશેષતા સંસાર ડહોળ્યા પછી પણ ભલે રાજવી સ્થિતિ, તો ય ત્યાગ કરી સંન્યાસમાર્ગ લેવાનો. ત્યારે બીજો દેવ કાળ કરી તારા પુત્રપણે જંગલમાં જન્મ્યો. ત્યાં રાજા પદ્મરથ અશ્વથી ખેંચાઈ ગયેલો, તે એને લઈ પોતાની રાણી પુષ્પમાલાને પુત્ર તરીકે સોંપ્યો. એના આગમનથી રાજાઓ નહિ નમનારા નમશે; તેથી એનું નામ **'નમિ'** થશે.

મહાજ્ઞાનીએ મદનરેખાના પ્રશ્નનો ઉત્તર કર્યો. એમાં સતીને ઘણું વિચારવાનું મળ્યું ! 'બંનેનો કેવો પૂર્વસંબંધ ! એકધારો ને એક સરખો ! છ ખંડના માલિકના ઘરે જન્મવા છતાં બંનેના સાથે જ પળવારમાં એના ત્યાગ અને કઠોર સંયમ ! ગુરુના વચન પર બંનેની એક સાથે આસ્થા કેટલી ! તત્ત્વ-જિજ્ઞાસા કેવી ! આત્માની કોમળતા કેવી ! આ બધામાં આધ્યાત્મિકતાના કેવા સુંદર સામ્રાજ્ય !...' ગુણાનુમોદનમાં મદનરેખા લીન બની ! ગુણાનુમોદન કેવું અન્તર-સ્પર્શી બન્યું એનું પરિણામ હવે જુઓ.

**આકાશમાંથી વિમાન ઉતરે છે :-**

મહર્ષિ પાસેથી આ જાણ્યું, એટલામાં ગગનમાંથી ઝણણણ ગીતગાન સાથે દેવો અને સુરસુન્દરીઓથી પરિવરેલો એક તેજસ્વી દેવતા વિમાનમાં ઉતરી આવ્યો. શું એનું તેજ ! એના અંગે અંગ પર સૂર્યપ્રભાને પણ ટપી જાય એવી ઝગમગ જ્યોતિ ઝળહળી રહી હતી ! અપૂર્વ લાવણ્ય, મહામુલાયમતા વગેરેનું જ જાણે એનું શરીર ન બનાવ્યું હોય એટલો બધો અદ્‌ભુત કાન્તિમય ઝળહળાટ દીપતો હતો ! એની ઉપર પાછા દિવ્ય વેશ પરિધાન કરેલા અને એના ઉપર માથે રત્નોનો મુગટ, ગળામાં દિવ્ય રત્નોના હાર, હાથે રત્નમય બેરખા... ઈત્યાદિ ભાત ભાતના કેઈ અલંકારો ઝગમગ દીપી રહ્યા હતા અને ચારે દિશાઓને એની ઝલામલ પ્રભાથી દેદીપ્યમાન કરી હતી. એ વખતે આકાશમાંથી જે એનું વિમાન નીચે ઉતરી રહ્યું છે એ રત્નોનું બનાવેલું અને સૂર્ય-ચંદ્રને પણ ઝાંખું પાડી દેતું હતું. એમાં નૃત્ય કરતી દેવાંગનાઓના કંકણ ઝાંઝરની ઘુઘરીઓના મધુરા નાદથી વાતાવરણ ગુંજી



ઉઠ્યું હતું. પાછું એમાં અનેક પ્રકારના વાજિંત્રોના મનોરથ સુરથી અધિક રણકી ઉઠેલા સુર સુંદરીઓના કોમળ કંઠના સુરીલા ગીતથી વાતાવરણમાં દૂર સુધી સંગીતની લહેરીઓ પ્રસરી રહી હતી. સેવક દેવતાઓ પોતાના આ માલિક દેવતાની બિરુદાવલિ ગાઈ રહ્યા હતા ! વિમાન બાજુએ ઉતારી એમાંથી મુખ્ય દેવ જ્યાં બહાર આવ્યો ત્યાં એની પાછળ સુંદર રૂપવાળા દેવતાઓ અને લાવણ્યભરી દેવાંગનાઓએ એની પાછળ અનુસરીને જય જયનો નાદ ગજાવી મૂક્યો. હવે જુઓ આ બધા ભૌતિક ઠઠારાની પાછળ અધ્યાત્મનાં સામ્રાજ્ય કેવાં કામ કરી રહ્યા છે !

**દેવતા પહેલો સતીને નમે છે ! :-**

તેજસ્વી દેવતા આગળ આવીને પહેલો મહાસતી મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા દઈ એના ચરણમાં પડી નમસ્કાર કરે છે ! અને પછી જ્ઞાની મુનિવરને નમીને પોતાને ઉચિત સ્થાનમાં દેશના સાંભળવા બેસે છે. પરંતુ દેવનો આ વ્યવહાર જોઈને મણિપ્રભ વિદ્યાધર ચમકી ઉઠે છે, 'આ શું ? આવા ગુરુને મૂકી એક સ્ત્રીને પહેલા નમવાનું અને પછી ગુરુને ? કેટલું બધું અજુગતું ?' જો જો હવે એ ભૌતિક સામ્રાજ્ય હેઠળ સ્ત્રીનો પક્ષપાતી નથી રહ્યો, હવે તો અધ્યાત્મના સામ્રાજ્ય હેઠળ આવ્યો છે; એટલે સમજે છે કે **ગુણની દૃષ્ટિએ જે ઊંચા તે મહાન અને મહાનને પહેલો નમસ્કાર હોય, મહાનનાં પહેલા સ્વાગત-સન્માન હોય ! એમાં જ વિવેક છે, એમાં જ આપણા આત્મામાં એવા ગુણ પ્રવેશને અવકાશ છે. કે જે ઉત્તરોત્તર ગુણોની સુલભતા કરી આપે. મોટાને અવગણી નાનાને આગળ કરવામાં તો હૃદય પહેલેથી જ સંકુચિત ભાવવાળું બને છે, ત્યાં સાચા અધ્યાત્મનો વિકાસ ક્યાંથી થાય ?** અસ્તુ. વિદ્યાધર દેવતાએ કરેલો નમસ્કારનો વ્યવહાર સાંખી શક્યો નહિ, તે ઝટ બોલી ઉઠ્યો, 'અરે વિબુધ દેવ ! જ્યાં તમારા જેવા દિવ્ય જ્ઞાનને ધરનારા નીતિનું ઉલ્લંઘન કરે, ત્યાં અલ્પ જ્ઞાનવાળા અમારે શું કહેવાનું રહે ? દુર્ધર એવા ચારિત્રને ધારણ કરનારા અને મહાન અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન સુધીના ચાર જ્ઞાનના સ્વામી બનેલા આ મુનિસત્તમને છોડી એક સ્ત્રી માત્રને નમસ્કાર કરવામાં આવે છે તેમાં તો અવિચારિપણું છે.'

**જ્ઞાનીનો ખુલાસો :-**

દેવતા આનો કંઈપણ ઉત્તર કરવા જાય એટલામાં તો મહાજ્ઞાની મહાત્મા ખુલાસો કરે છે, "હે દેવાનુપ્રિય ! તું નથી ઓળખતો આ દેવને, કે નથી ઓળખતો આ સ્ત્રીને, તેથી આ નમસ્કારનું રહસ્ય સમજ્યા વિના દેવને ઠપકો આપવા લાગી ગયો ! આ ભાગ્યવાન દેવ ઠપકાને યોગ્ય નથી. એનું કારણ એ છે કે, જો, રાજા



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મણિરથ પોતાના નાનાભાઈ યુગબાહુની મદનરેખા નામની ભાર્યાને વિષે આસક્ત બન્યો ! એને મહારાણી બનવા એણે આગ્રહ કર્યો. પરંતુ એ મહાસતીએ એનો જોરદાર ઈન્કાર કર્યો. તેથી મણિરથે એને બળાત્કારે રાણી બનાવવા યુગબાહુ પોતાનો ભાઈ છતાં એનું ખૂન કર્યું. યુગબાહુ મરણ સમયે અત્યંત ક્રોધમાં આવી ગયેલો નરકાદિ ભયંકર દુર્ગતિમાં ઘસડાઈ જવાની તૈયારીમાં હતો ત્યાં મહાસતી મદનરેખાએ એને અતિનિપુણ અને મધુર વચનોથી

(૧) **એવી કર્મ-સિદ્ધાંતને ક્ષમા સમતાની હિતશિક્ષા આપી,**

(૨) **એવી જિનશાસનમાં ફરમાવેલ અંતિમ આરાધના કરાવી** અને,

(૩) **એવા પંચપરમેષ્ઠી-નમસ્કાર મંત્રના સ્મરણમાં ઝીલતો કર્યો,**

કે જેના પ્રભાવે એ મહાભાગ યશસ્વી સમાધિ મરણ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો ! તે જ દેવ અહીં તારી સામે આવી ઊભો છે; અને એ જ આ મદનરેખા મહાસતી છે કે જેને એણે પહેલાં વંદન કર્યું. દેવલોકમાં જન્મીને દેવે જોયું કે 'અહો ! પૂર્વ ભવે મરણ સમયે ક્યાં મારી નરક તરફની દોટ ! અને ક્યાં એ પત્ની મદનરેખાએ મારો આત્મગુરુ બની હિતશિક્ષા અને નિર્યામણારૂપે મારું બાવડું પકડીને મને પકડાવેલી સમતા-સમાધિ રૂપી સદ્ગતિની દિશા ! એણે તો મારી ઘોર દુર્ગતિની ઉપરાપર નિપજનારી પરંપરાને અટકાવી સદ્ગતિની હારમાળા ગોઠવી આપી ! મારી એ પત્ની નહિ, પણ ખરેખરી ધર્મગુરુ છે. તો લાવ એ ઉચ્ચ આત્માને, એ મહાન ઉપકારીને નમસ્કાર કરી મારા આત્માને કૃતાર્થ કરું, પવિત્ર કરું !' એમ વિચારીને એ અહીં આવીને પોતાના નિકટના ધર્મગુરુ તરીકે એને પ્રથમ નમસ્કાર કર્યો."

**મહાસતીને શરમ લાગે :-** મદનરેખા આ બધું સાંભળી શકે ? એને પોતાની હાજરીમાં પોતાની આટલી બધી પ્રશંસા કેવી અસહ્ય લાગી હશે ! શરમમાં મુખ કેવું નીચું ઢળી ગયું હશે ! એ પોતે સમજે છે કે 'ક્યાં પોતે પાપભર્યા ગૃહવાસમાં સબડનારી ! અને ક્યાં મહાપવિત્ર સંયમપંથે વિચરી રહેલા અને તેમાંય વળી ચાર જ્ઞાનના ધણી આ મુનિપુંગવ ! શું એવા એ મહર્ષિ મારા જેવા પાપમલિનહીન આત્માની પ્રશંસા કરે છે !' એટલે ? મુનિ અજુગતું કરે છે એમ એ નથી માનતી, પરંતુ પોતાની જાત પ્રશંસાને યોગ્ય લાગતી નથી. પોતાને તો એક અવશ્ય કરવા જેવું કર્તવ્ય બજાવ્યું લાગે છે, નહિ કે કોઈ મોટું પરાક્રમ કર્યું. કર્તવ્ય બજાવ્યામાં શી મોટી મહાજ્ઞાનીની પ્રશંસા લેવાની યોગ્યતા ? શેમાંથી આ ભાવ જન્મે ? ભૌતિક સામ્રાજ્યના ગુલામ બન્યા રહેવામાં તો પ્રશંસા ગમે. ઊલટું એમ થાય કે



'ક્યાં વધારે પડતી પ્રશંસા છે ! પરાક્રમ કર્યું છે તો કહે છે ને ? મેં કેવા મારા સ્વાર્થ જતા કરી એમને સુંદર ધર્મચિંતા કરાવી ! અને એ તો ગુરુ મહારાજ પણ સમજે જ છે ને કે એ અવસરે ગુરુ મહારાજ પોતે પણ ક્યાં નિર્યામણા કરાવવા આવી શક્યા હતા ? એ તો હું હતી તો આ દેવ થયા !...' વગેરે વગેરે કેઈ અજુગતું વિચારવાનું બને, જો ભૌતિક સામ્રાજ્યની હકુમતતા રહીને અહંભાવ, જાતબડાઈ, ક્ષુદ્રતા, સુકૃતનાં ગર્વ, વગેરેમાં ફસ્યા રહેવાય. મહાસતીએ તો અધ્યાત્મના સામ્રાજ્ય શિરે ધર્યા છે એટલે એની રૂએ નમ્રતા, લઘુભાવ, પોતાના અનંત પાપ અને દોષોના ભારનો ખ્યાલ, કર્તવ્ય અને પરાક્રમના અંતરની સમજ, ઈત્યાદિ ગુણગણને ધરનારી છે. માટે જ પોતાની પ્રશંસામાં શરમાઈ જાય છે.

ત્યારે મહર્ષિએ મદનરેખાએ કરેલ ધર્મદાનના સંક્ષેપમાં કેવા સરસ ત્રણ મુદ્દામાં વર્ણવી આધ્યાત્મિક સામ્રાજ્યનો એક સુંદર નમુનો રજૂ કર્યો.

**તમારે સ્વાત્મવિનાશક ભૌતિક સામ્રાજ્યમાંથી નીકળી જઈ આધ્યાત્મિક સામ્રાજ્યના સીમાડામાં આવવું છે ? અધ્યાત્મની હકુમત હેઠળ રહેવું છે ? તો**

(૧) કર્મના અટલ સિદ્ધાન્તને વિસ્તારથી સમજી જીવનમાં ખૂબ પચાવો, એનો વારંવાર ઉપયોગ કરો અને એથી ક્ષમા અને સમતાનો ખૂબ જ ખપ કરતા ચાલો. જ્ઞાનાવરણીયાદિ કર્મનાં સ્વરૂપ કેવાં છે, એ કેવી કેવી રીતે જીવ ઉપાર્જે છે અને એનાં કેવા કેવા ઉદય અને પરિણામ જીવને ભોગવવા પડે છે, એ વિચારો. શુભ ભાવનાદિના કેવા ચમત્કાર છે કે એ કર્મોને અતિ દુબળા પાડી દે છે, એ જુઓ કેવી કેવી રીતે ભૂતકાળની અપેક્ષાએ કર્મની આત્મા પર શિરજોરી, પણ ભાવીની અપેક્ષાએ આત્માની કર્મ પર શિરજોરી એ ચિંતવો. જીવનના વિવિધ પ્રસંગોમાં કર્મસિદ્ધાન્ત, કર્મસ્વરૂપ, અને કર્મફળ સામે રાખી મન બગડતું અટકાવો. ચિંતવો કે ભાવી ઉજ્જવળ અને કર્મરહિત કરવા માટે ક્ષમા-સમતા જ કામ કરશે. એ માટે મહાપુરુષના દૃષ્ટાન્ત વિચારો. કહો છો ને 'કમજોર, ગુસ્સા બહોત.' એટલે ? એ જ **કે ક્ષમા વીરની, ગુસ્સો કાયરનો. એમ સમતા જ્ઞાનીની, ઉકળાટ અબૂઝનો.** ક્ષમાની વીરતા અને સમતાની સુબુધ્ધતા અપનાવશો તો અધ્યાત્મના સામ્રાજ્યની શીતળ છાયા મળશે. એથી ઊલટું ક્રોધની નિર્બળતા અને ઉકળાટની અબૂઝતા અપનાવી તો ભૌતિક સામ્રાજ્યની સળગતી અટવી મળશે. એમાં ભૂલ્યા પડ્યા પછી ઉગરવાનો અવકાશ નહિ રહે; ને લાહ્યોની વેદના અપરંપાર !

(૨) મહામુનિએ બીજું એ કહ્યું કે જિનશાસને ફરમાવેલી અંતિમ આરાધના મહાસતીએ અજબ કરાવી ! શું શું આવે એમાં ?



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

૧. દુષ્કૃત્યની ગર્હા

૨. સ્વસુકૃત જેટલી જીવનની ધન્યતાના ખ્યાલ, અને અરિહંતાદિ મહાત્માઓના સુકૃતોની વીણી વીણીને ભરચક અનુમોદના,

૩. પ્રતિજ્ઞાપૂર્વક પાપોનો ત્યાગ,

૪. અધિકરણોને અર્થાત્ હિંસા-આરંભ સમારંભાદિ પાપનાં સાધનોને વોસિરાવવા રૂપી ત્યાગ,

૫. અનશન, આહારનો ત્યાગ,

૬. બાર ભાવનાનું ચિંતન,

૭. અરિહંત-સિદ્ધ-સાધુ-ધર્મ એ ચારનાં શરણનો સ્વીકાર...ઇત્યાદિ. ભૌતિક સામ્રાજ્યમાં આ કાંઈ જોવા નહિ મળે એમાં તો ઊલટું દુષ્કૃત્યોની હોંશ વગેરે જોવા મળે. એની હકુમત જ એવી છે કે એમાં ગુલામી ભોગવતા જીવોને ઊલટું દુષ્કૃત્યોનો રસ ઘણો ! એના સેવનથી લાભ થતા હોવાની ભ્રમણા ઘણી ! અને એથી જીવન ધન્ય બનવાની ભ્રાન્તિ મોટી ! તેથી જ દુષ્કૃત્યોની પરંપરા ભારી ! સુકૃત તરફ સુગ થાય ! પાપ પ્રત્યે જુગુપ્સા જ નહિ ! તો એના ત્યાગની પ્રતિજ્ઞાની તો વાતેય ક્યાં ? ઊલટું પાપસેવન જાણે પ્રતિજ્ઞાપૂર્વક થતું હોય એમ દેખાય ! પાપસેવનમાં એટલો રસ, એટલો ખંત, એટલો ભોગ ! પાપપ્રવૃત્તિઓ નિર્ભયપણે વધાર્યે જવાની, પાપસાધનોને વોસરાવવાની આરાધના જ ક્યાં ? ઉત્તમ ભાવનાઓ ભાવવાની જગા જ ક્યાં ? અરિહંત પ્રભુ આદિનો આશરો માનવાની વસ્તુ જ ક્યાં ? આ બધું તો આધ્યાત્મિક સામ્રાજ્યને માથે ધરીએ તો બની શકે. મહામુનિ કહે છે કે મદનરેખાએ પોતાની જેમ પતિને પણ આધ્યાત્મિક સામ્રાજ્યમાં ઝીલતો કરી અંતિમ આરાધનાઓમાં ઓતપ્રોત કરી દીધો.

(૩) ત્રીજી વાત મહામુનિએ નમસ્કારમંત્રની રટણા કર્યાની કરી. આ પણ આધ્યાત્મિક સામ્રાજ્ય શિરે ધરાય તો જ બને. પંચભૂતના વર્ચસ્વ માથે કરેલાને તો દુન્યવી અર્થ-કામની જ રટણા સૂઝે; મોહાંધ સગાંવહાલાં દુન્યવી સ્વાર્થ સાધી આપનારા, અને દુન્યવી વસ્તુઓની જ રટણા સૂઝે. જીવનનો અંત આવે ત્યાં સુધી, શ્વાસોશ્વાસનો છેલ્લો ઘરેડો ચાલે ત્યાં સુધી, જમરાજ ઉપાડવા માંડે ત્યાં લગી, એ જ રટણા, એ જ પિંજણ, અને એ જ ધ્યાન ! આત્માની કેવી કરુણ દશા ! આ વિરાટ વિશ્વમાં પંચપરમેષ્ઠીનું નામ પણ સાંભળવા ક્યાં મળે ? એમની ઓળખાણ અને એમના પ્રત્યેની રુચિની વાતે ય શી ? તો જ્યારે આજે આ ઉત્તમ ભવ, ઉત્તમ સ્થાન, અને ઉત્તમ સંયોગોમાં સર્વશ્રેષ્ઠ પંચપરમેષ્ઠીની પ્રાપ્તિ થઈ છે ત્યારે પણ એને વિસારી અન્ય વિનશ્વર, ઠગારા અને પરિણામે મહાદુઃખદાયી



પદાર્થોમાં સબડી મરવાનું કરાય એ કેવી દયાપાત્ર દુર્દશા ! માણસને બીજું કાંઈ ન આવડે તો પણ અરિહંતસિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ, એ પાંચ પરમેષ્ઠીની રટણા, આશરો અને ધ્યાન માત્રમાં લીન બનાય તો ય મહાન ઉદ્ધાર થાય. પંચ પરમેષ્ઠીનો નમસ્કાર મંત્ર તો મહામંત્ર છે, એના સમો કોઈ મંત્ર નહિ. નમસ્કારમંત્રના અક્ષરો પર મન બરાબર લગાવી જાપ કરવામાં આવે, રટણા કર્યા કરવામાં આવે તો કેટલાય અદ્‌ભુત મહાન લાભો થાય છે. જીવનની કેઈ ચિન્તાઓના ભાર, કેઈ કષાયોના આવેશ અને કેઈ વિષયોની વિચારણાઓને હળવી પાડી શકાય છે, અટકાવી શકાય છે. એથી આત્મા ઘણો સ્વસ્થ, શાંત તથા ખુશનુમામાં રમતો બને છે. આ પ્રત્યક્ષ લાભ છે, અને પાછો જેવો તેવો લાભ નહિ, મહાન લાભ છે. ત્યારે ક્ષણવાર પણ નમસ્કારમંત્રનું ધ્યાનથી કરેલું ચિંતન પારલૌકિક તો અવર્ણનીય લાભ આપે છે. ક્ષણવારમાં આટલો લાભ, તો જીવનભરનાનો કેટલોય લાભ ! ભૌતિક આશરા ઓછા કરો તો આ બને. મનમાં નક્કી કરો જગત અસાર છે, નવકાર સાર છે. જડનું ચિંતન ચિતા છે, નમસ્કારનું ચિંતન ચિંતામણિ છે.

**વિદ્યાધરને જ્ઞાની મહર્ષિ કહે છે,** 'આ મહાસતીએ પતિને મહામૂલા નમસ્કારમંત્રની રટણામાં ચઢાવી દીધો. પતિ એમ આરાધનામાં રક્ત થવાથી કાળ કરીને બ્રહ્મ નામના પાંચમા દેવલોકે દેવ તરીકે ઉત્પન્ન થયો. એ આ અહીં આવ્યો છે, અને આવી સદ્‌ગતિ ભવિષ્યની ઉજ્જવળ પરંપરાને અપાવનાર આ મહાસતીને પોતાના ધર્મગુરુ તરીકે એણે પહેલો નમસ્કાર કર્યો. એમાં ખોટું શું કર્યું ? સમ્યક્ત્વના મૂળભૂત શ્રી જિનેશ્વરદેવના ધર્મનું દાન કરવાનો ઉપકાર તે એક અતિ મહાન ઉપકાર છે, અને એ મહાન ઉપકારથી કૃતજ્ઞ બનેલા એના વડે કૃતજ્ઞતા આ રીતે પ્રગટ કરાઈ. જૈન મતમાં પણ કહ્યું છે કે

**जो जेण सुद्धधम्मंमि ठाविओ संजएण गिहिणा वा ।**
**सो चेव तस्स जायई धम्मगुरू धम्मदाणाओ ॥**

-જે સાધુ અગર ગૃહસ્થે જેને શુદ્ધ ધર્મ (સમ્યક્ત્વ)માં સ્થાપિત કર્યો, એ પુરુષ ધર્મદાન દ્વારા એનો ધર્મગુરુ જ બને છે.

**सम्मत्तं दिंतेणं दिन्नं सिवसिरिसुहं भवो निहओ ।**
**तद्दाणुवयाराओ तेण परो नत्थि उवयारो ॥**

-સમ્યક્ત્વ ધર્મ આપનારે તો મોક્ષ લક્ષ્મીનું સુખ આપ્યું; અને અનંત કાળથી ચાલી આવતી વિકરાળ ભવપરંપરાને છેદી નાખી. તેથી જ એના દાનના ઉપકાર કરતાં બીજો કોઈ ચઢીયાતો ઉપકાર જગતમાં નથી.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મહર્ષિએ આ જગતમાં આત્મદૃષ્ટિએ અસંખ્ય અપકારોના ભોગ બનતા અને સાચા ઉપકારને નહિ પામી અનેક અસત્પ્રવૃત્તિઓ દ્વારા પોતાના જ માથે દુઃખના ઝાડ ઉગાડતા પામર આત્માને ઉગરવા માટે અને વિશાલ સુખોના ઉદ્યાનમાં વિહરવા માટે કેવા સુંદર ઉપકારનો ખ્યાલ આપ્યો ! સમ્યગ્દર્શન-મૂલક ઉપકારને નહિ કરનારા અને મિથ્યાભાવની અનેક પ્રવૃત્તિઓમાં જોડનારા, તથા વિષય-કષાયવર્ધક સંયોગ સામગ્રી ઊભી કરી આપનારાઓ આત્માને વાસ્તવિક શો ઉપકાર કરે છે ? એમાં મિથ્યામતિની વૃદ્ધિ જ ને ? રાગ-દ્વેષની હોળી જ ને ? કષાયોની જ્વાળા જ ને ? વિષયગૃદ્ધિના ઉન્માદ જ ને ? આત્મા-પરમાત્માના વિસ્મરણ જ ને ? આથી આ જીવન કે પરલોકમાં શા સુખ ? શી શાંતિ ? સમ્યક્ત્વના પ્રકાશથી તો જીવ એવાં યથાર્થ તત્ત્વદર્શન કરે છે કે જેથી ગમે તેવા સારા કે વિકટ પ્રસંગોમાં ખોટી વિચારણા, ખોટાં દુર્ધ્યાન, ખોટી લેશ્યાઓને એ સ્થાન આપતો નથી. એમાં તો એ પાપને પુણ્યમાં ફેરવી નાખે છે, જેમ મદનરેખાના પતિએ મરતાં કર્યું ! અને સદ્ગતિ સાધી, ભવની પરંપરા સુધારી નાખી. આવું સમ્યક્ત્વ આપવાનો ઉપકાર કરનાર એ તો અનંત ઉપકાર કરનારો બન્યો. એની તોલે બીજો કયો ઉપકાર આવી શકે ? મોક્ષ પામવા સુધી લાભ જ્યાં નક્કી થઈ જાય, એનાથી વધીને જગતમાં કઈ ઉત્તમ ચીજ છે ? માનવભવની અને જિનશાસન પામ્યાની કદર હોય તો જીવો પર આવો ઉપકાર કરવામાં લાગી જાઓ.

વિશિષ્ટ જ્ઞાની શ્રી મણિચૂડ મહર્ષિએ મદનરેખાની જે ભવ્ય ઓળખાણ કરાવી તેથી મણિપ્રભ વિદ્યાધર સ્તંભિત થઈ ગયો. એના મનને થયું કે 'અહો ! આ મદનરેખા તે કેટલો ઊંચો આત્મા ! કેવી ભયંકર કપરા સંયોગમાં નિજની મહાવિકટ પરિસ્થિતિ અને સ્વાર્થ વિસરીને એણે પતિને કેવી ભવ્ય નિર્યામણા કરાવી ! અને કેવો એને સ્વર્ગમાં ચઢાવી દીધો ! ક્યાં મારી મોહમૂઢ ઘેલછા ! અને ક્યાં એનો જ્ઞાનસમૃદ્ધ વૈરાગ્યમય વિવેક ! ક્યાં મારી કામદેવને શરણાગતિ ! અને ક્યાં એનાં અરિહંતપ્રભુને આત્મસમર્પણ ! ક્યાં હું જડ ચામડાનો પૂજારી ! ક્યાં એ પ્રકાશમય ચેતન આત્માની ઉપાસક !...' મણિપ્રભ ખૂબ જ પશ્ચાત્તાપ પામ્યો, તરત જ એણે દેવની ક્ષમા માગી. **ગુણવાન આત્માની ગુણસુવાસ એવી ચમત્કારિક હોય છે કે કાળમીંઢ પત્થર જેવા દોષભર્યા આત્માને પણ પલાળી નાખે, ગુણલુબ્ધ બનાવી દે, ને દોષ ઓકાવી નાખે ! જાતે સુધરવા માટે તો ખરું જ, પણ બીજાને ય સુધારવાના કોડ હોય તો ય જાતે ગુણસમૃદ્ધ બનવાની જરૂર છે.**





# (૨૧) આધ્યાત્મિક પ્રવચન

**કૃતજ્ઞતા : દેવતાની ભવ્ય પ્રાર્થના :-**

મહાસતીથી ઉપકૃત બનેલો દેવતા પોતાની જાતને ઉપકારના એવા મેરુ ભાર નીચે દબાયેલો માને છે કે હવે એને એ ભાર કંઈક ને કંઈક નીચે ઉતારવાની તમન્ના છે; કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા એનું મન તલસાટ અનુભવી રહ્યું છે. એમાં ય શુદ્ધ કલ્યાણમિત્ર તરીકેના પવિત્ર ઉપકાર વરસેલા હોય ત્યાં એની અપૂર્વ અસર પડે છે. કલ્યાણમિત્ર બનેલાને તો કોઈ દુન્યવી લાભનો બદલો લેવાની લેશમાત્ર ભાવના હૃદયના કોઈ ખૂણામાં નથી હોતી; તેથી એનો પ્રભાવ ઉપકૃત ઉપર વળી અદ્ભુત પડેલો હોય છે. દેવતાને એ પ્રભાવના અંજામણ એવા લાગ્યા છે કે જાણે હું મહાસતીનું શું શું ભલું કરી દઉં ! આત્મામાં કૃતજ્ઞભાવ ન ઉછળે તો, ભલે સામાએ તો ઉપકારની સુવાસ ફેલાવી દીધી, પણ પોતે પશુભાવથી શી વિશેષતા ધારણ કરી ? એમ તો કૂતરા જેવા પ્રાણી પણ કોઈનું ખાધેલું અન્ન એમને એમ જતું કરતા નથી; ચોર, લૂંટારાનો માર ખાઈને પણ અન્નદાતા ઉપકારીની રક્ષા કરવા તત્પર રહે છે. માનવ જેવા માનવમાં કૃતજ્ઞતા દર્શાવવાની ભૂખ નહિ, તમન્ના નહિ તો તો એ કૂતરા જેવા પશુથી ય ગયો ને ? ભૂલશો નહિ આપણા ઉપર શ્રી અરિહંત પરમાત્માનો આ ઉત્તમ ભવ, શરીર આરોગ્ય, ઇન્દ્રિયમનની પટુતા, માર્ગદર્શન વગેરે આપવાનો ઉપકાર ઓછો નથી ! આપણને એ વિચારવા હૈયું જોઈએ. એ ઉપકારના ભારે મૂલ્યાંકન જોઈએ; એમના પ્રત્યેની કૃતજ્ઞતા દર્શાવવા તલસાટ જોઈએ. જો એ હોય તો એથી પણ એ અનંત ઉપકારના વિધાતા પરમાત્માની ભક્તિના પૂર ઉછળે. શું સમજ્યા ?

**પ્રભુ અનંત ગુણસંપન્ન છે, આવા ઉત્તમ પાત્ર ક્યાં મળે એટલે તો ભક્તિ કરવાના ભાવ ઉછળે જ.**

**પ્રભુ આપણા ભવિષ્યને મહાન ઉજ્જ્વળ અને સંપન્ન બનાવનારા છે, માટે તો ભક્તિની સાગરભરતી ચઢે જ.**

**પ્રભુના પસાયે મળેલી મહાન તન-મન-ધનની શક્તિ-સામગ્રી બધી બીજે ન વેડફાઈ જાય માટે એમની સેવામાં અર્પિત કરી દેવા માટે તો ભક્તિના ગંગાપૂર ચઢે જ, એ તો જુદું; પરંતુ,**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**એમણે આપણા પર આટલો ગજબ ઉપકાર કર્યો માટે પણ ઉપકારના ઋણ ભારથી કંઈક હલકા થવા પણ ભક્તિલાલસા જાગે.**

મનને વિચાર જોઈએ, શૂન્ય મન હોય, ધિટ્ઠું મન હોય, તો કંઈ કહેવાનું રહેતું નથી. બાકી વિચારશીલતા હોય તો આઘા જઈએ, પાછા જઈએ ને એ પ્રભુના ચરણે તન, મન અને ધન સમર્પવા શક્ય ભોગ આપીએ; એ નાથના શાસન અને સંઘની સેવા કરી લેવા શક્ય કરતા જ રહીએ. દેવતાનું દિલ મહાસતીના ઉપકારની લાગણીથી ભરાઈ આવ્યું છે. કૃતજ્ઞતાથી કૃતાર્થ થવા એને પૂછે છે, 'હે મહાભાગ્યવતી ! તારા જેવો ઉપકાર કરવાનું તો મારું શું ગજું ? પણ તને હવે જે ઈષ્ટ હોય તે મને ફરમાવ, તો હું તે કરી કંઈક કૃતાર્થ બનું.'

**મદનરેખાની મહેચ્છા :-**

જો જો હવે મદનરેખા શું માગે છે. સંયોગો ભૂલતા મા. પોતે નિરાધાર બની ગઈ છે; ઘણું સહ્યું છે; આવી સ્વર્ગીય-વિભૂતિ જેને અપાવી છે એ પ્રાર્થના કરે છે; એ પાછો દેવ એટલો મોટા સામ્રાજ્ય કે કેઈ ચમત્કારિક વસ્તુ આપવા સમર્થ છે. આવા બધા સંયોગોમાં શું શું માગી લેવાનું મન ન થાય ? પણ મહાસતી એમાંનું કશું માગતી નથી. વાત પણ સાચી છે કે જે ભૌતિક સમૃદ્ધિઓના દારુણ અંજામ નજરે નિહાળ્યા છે, હજી પણ એ મળે તોય છેવટે મૃત્યુ તો એને ખૂંચવી લેનાર જ છે,... એના હવે શા ઓરતા કરવા ? શા અભરખા કરવા ? જ્યારે દેવતા જ આપવા બેઠો છે તો એવું તુચ્છ તણખલા જેવું શું માગવું'તું ? સતી માગે છે, 'મને મિથિલાપુરીમાં લઈ જાઓ કે જ્યાં મારો પુત્ર છે. એને જોઈને પછી, ગુરુણી સાધ્વીજી મહારાજ બતાવો કે જેથી એમની પાસે ચારિત્ર લઈ આ ચિંતામણી રત્નથી ય અધિક એવા માનવભવને સફળ કરું.' જુઓ સીમંધર ભગવાન પાસે ચારિત્ર ન માગ્યું ! કેમ ? એટલા જ માટે કે **ભગવાન બહારથી મળ્યા પછી પણ ખરું અભ્યન્તર મળવાનું તો આપણે જેવું ચારિત્ર પાળશું એના ઉપર મપાશે.**

**મિથિલામાં :-** દેવતા દિવ્ય પ્રભાવથી તત્ક્ષણ જ મદનરેખાને ત્યાં લઈ જાય છે. નમિનાથ પ્રભુ અને મલ્લિનાથ પ્રભુ ! જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકોથી પવિત્ર થયેલી એ ભૂમિ છે એટલે તીર્થબુદ્ધિએ પહેલાં તો સતી જિનેન્દ્ર ભગવાનના ભવ્ય મંદિરો જુહારે છે. તથા પ્રભુએ કરેલા અતુલ આત્મપરાક્રમો અને ભવ્ય ઉપકારોને સ્મૃતિપટમાં લાવી હૈયું ભક્તિભીનું કરે છે. ત્યાં એક મુકામમાં સાધ્વીજી પ્રવર્તિની મહારાજ બિરાજે છે. એમની પાસે જઈ વંદના કરીને ધર્મદેશના સાંભળે છે. દેવગુરુ-દર્શન અને જિનવાણી-શ્રવણ એના કલેજાને અપૂર્વ શીતળતાથી ઠારે છે; હૃદયને કોઈ નવું જ જોમ, નવી જ સ્ફુર્તિ, નવો જ પ્રકાશ આપે છે. એટલે



હવે સાથેનો દેવતા જ્યારે કહે છે,

'ચાલો તમારો પુત્ર બતાવું.'

**ત્યારે મહાસતી ભવ્યવાણી ઉચ્ચારે છે, 'નાથ અને નાથની વાણી સાંભળ્યા પછી હવે મોહના અરમાન ઓસરી ગયા. અનાદિ અનંતકાળથી ચાલી આવતા અનંતા પરિવર્તન ભર્યા આ ભવ નાટકમાં કોણ કોનો પુત્ર ? કોણ કોનું સ્નેહી ? એવા દુઃખદ ભવની પરંપરા વધારનારા સ્નેહ અનંતા કરાય તો પણ એનો છેડો આવે એમ નથી. માટે મારે તો હવે એવા સ્નેહથી સર્યું. હવે તો આ ગુરુણી મહારાજના ચરણ કમળે જ મારી ગતિ હો.'**

**દીક્ષાના પવિત્રપંથે :-**

દેવતા આ સાંભળી એનો મહાવૈરાગ્ય અને મહાસત્ત્વ જોતાં કશું જ બોલવા ન પામ્યો. સાધ્વીજીને અને મદનરેખાને નમસ્કાર-વંદના કરી પોતાના સ્થાને ચાલ્યો ગયો; અને મહાસતીએ ત્યાં અથિર અસાર સંસારની કાંચળી ફગાવી દઈ સાધ્વી-દીક્ષા અંગીકાર કરી જીવનને ધન્ય બનાવ્યું. દીક્ષા લઈ ગામેગામ વિહરતા અહિંસા, સંયમ અને તપનું એવું સુંદર પાલન કરે છે કે એમાં એને અપૂર્વ જોમ અને જાગ્રતિ સાથે **વિશ્વવાત્સલ્યના પૂર ઉલટે છે, એમાં જુઓ એ ઝગડતા પુત્રોને કેવા નવરાવે છે !**

મિથિલાનો પેલો રાજા પદ્મરથ જંગલમાંથી એકલા પડેલા મદનરેખાના જે પુત્રને લઈ ગયો તેના બાલપણામાં જ પદ્મરથને સર્વે રાજાઓ શરણે આવી નમી પડ્યા. બાળકનો આ પ્રભાવ જોઈ એનું નામ **'નમિ'** રાખવામાં આવ્યું.

**પદ્મરથની દીક્ષા : નમિને રાજ્ય :-**

નમિ હવે બીજના ચન્દ્રની જેમ વધે છે. મોટું રાજકુલ મળ્યું છે; રાજા પદ્મરથની સાથે પૂર્વના અનેક ભવોનો સંબંધ છે, સ્નેહ છે તેથી પોતાના જબરદસ્ત પુણ્યનો ઉદય છે તેથી રાજાનો પ્રેમ અપરંપાર છે. તો રાણીને તો જાણે ખોટનો દીકરો ! પ્રેમનું પૂછવું જ શું ? એવો ઊંચા સુખમાં રાખી એને ઉછેરે છે કે જાણે સગાં માતા-પિતા જ ન ઉછેરતા હોય ! નમિ મોટો થાય છે એટલે કળાઓનું શિક્ષણ આપવામાં આવે છે. સુંદર, સુઘડ અને સશક્ત દેહથી તથા અનેકાનેક સારી કળાઓથી દિનપ્રતિદિન નમિ વધી રહ્યો છે. ઉંમરમાં આવતા ઊંચા રૂપને ધરનારી એકસો આઠ કન્યાઓ સાથે એના પાણિગ્રહણ થાય છે. દરમિયાન રાજા પદ્મરથ પણ પૂર્વે ઊંચી આરાધના કરીને આવેલો જીવ છે, તે વૈરાગ્ય પામી નમિને સોંપી ચારિત્ર લે છે. **અમૃતનાં ભોજન શરૂ કર્યાં, હવે કદાચ વચમાં કુસકાનાં ભોજન કરવાનો અવસર આવી ગયો તો પણ એ અમીના આસ્વાદ શે**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**વીસરાય ?** લાગ મળતાં કુસકાના ભોજન ફગાવી દઈ અમૃતભોજન પકડી લેતાં વાર શી ? પદ્મરથે પૂર્વે ચક્રવર્તીના ઘરમાંથી નીકળી ચારિત્ર લીધેલું હતું. ગમે તેવા વૈભવ-વિલાસ છતાં સમજ્યા હતા કે **'ભવની મુસાફરીમાં માનવજીવન એ તો એક Flag-Station વાવટા મથક છે, એનાં ટૂંકા કાળમાં ભાવી અનંત કાળ ઉજ્જ્વળ કરવાનો મોકો છે. એ છોડી ભાવી કાળ કાળો કરવાનું શા માટે કરવું ? ભલે વૈભવ-વિલાસ ફગાવી દેવાય'** માટે ચારિત્ર લીધું હતું. અને,

(૧) **ચારિત્ર-જીવન એટલે ત્રસ, સ્થાવર બંને પ્રકારના જીવોને અભયદાન દેનારું જીવન !**

(૨) **સાધુપણું એટલે આરંભ-સમારંભના મૂળભૂત પરિગ્રહ અને એની પાછળ થતા અનેક પ્રકારના રાગદ્વેષાદિ દોષો અને દુષ્કૃત્યો વિનાનું જીવન.**

(૩) **ચારિત્ર જીવન એટલે સ્ત્રી-પુત્રાદિ અને એની સાથે ઊભા થતા કામરાગ-સ્નેહ રાગના બંધન વિનાનું જીવન !**

(૪) **ચારિત્ર-જીવન એટલે પવિત્ર જ્ઞાનાચાર, દર્શનાચાર વગેરે પાંચ આચારોમય બની ગયેલું જીવન !**

**આવા જીવનનો અભ્યાસ એટલે અમૃતભોજનના આસ્વાદ !** નિર્મળ ચિત્તે અને શુદ્ધ હૃદયે કર્યા પછી તો સ્વાદ અંતરમાં લખાઈ ગયા ! એની આગળ પછી મોટી ચક્રવર્તીની કે ઈન્દ્રની પણ ઠકુરાઈ અને ભોગલીલા બેસ્વાદ લાગે ! કડવી કષાયેલી લાગે. રાજા પદ્મરથ, અવસર આવતાં, એ મૂકી દઈ ચારિત્રજીવનમાં ઝુકી પડ્યા, અપૂર્વ આરાધના કરી. કર્મનો નાશ કરી કેવળજ્ઞાન અને મોક્ષ લીધાં. અહીં નમિ રાજ્ય સંભાળે છે.

**ખૂની મણિરથ : જીવનનો જુગાર :-**

આ બાજુ મદનરેખા તો પતિના મૃત્યુ પછી ચાલી નીકળી છે. પતિનું ખૂન કરનારો મોટો ભાઈ મણિરથ તલવાર મારીને જ્યાં મહેલમાં ગયો કે એનાં પાપ ભરાઈ આવ્યાં ! રાત્રિના વખતે એક મોટો નાગ એને ડસ્યો, ને પ્રાણ ચાલી ગયા ! મરીને ચોથી નરકમાં ફસાઈ પડ્યો ! વિચારો, મહેલમાં અંધારું હશે ? ના, ઘણાય ઝગમગ દીવા હશે. તો પછી દીવો સર્પ ન દેખાડે ? ના, એક શું, પચાસ દીવા હોય તો ય ન દેખાડે. હા, પુણ્યનો દીવો જળતો હોય તો તે બચાવે, પણ તમને એ ખરું કારણ દેખાતું નથી. શું માનો છો પૈસા કોણ આપે ? દુકાન ! આની જ ખબર છે ને ? પૈસા પુણ્ય આપે કે દુકાન ? પુણ્ય એ જ કેશીયર છે. દુકાનની બેંક ભલે ને ખોલી, પણ પુણ્ય કેશીયર જો ગેરહાજર, તો પૈસા ન મળે. મણિરથ પાસે પુણ્યનો દીવો બુઝાઈ ગયો હતો તેથી પાપના અંધારામાં સાપ કરડ્યો !



મરીને ચોથી નરકે ચાલતો થયો !

**જીવનનો જુગાર :-**

મણિરથ બિચારો ! ઉત્તમ મનુષ્ય જીવનમાં આવ્યો, શું કમાઈ ગયો ? જુગારીને બાપનો લાખો ક્રોડોનો ભલે વારસો મળ્યો, પણ પરિણામ ? જુગારના ચડસમાં ફનાફાતિયા અને દેવામાં જેલ ભેગા કે બીજું કાંઈ ? **તેમ માણસ પણ અસાર અને ગલીચ ભોગમાં લુબ્ધ બને છે ત્યારે જાણે જીવન ધનનો એ જુગાર ખેલે છે ! ક્ષણિક સુખમાં દીર્ઘકાળના જંગી દુઃખોને નોંતરે છે !** અહીં પણ અપયશ, ને પરલોકમાં દુર્ગતિની પરંપરામાં જઈ ફસાય છે ! આજના જે માંધાતાઓ અજ્ઞાન જગતને એવા જડવાદી અને કોરા ભૌતિક વિલાસભર્યા જીવનરૂપી જુગારમાં ફસાવે છે, એ પ્રજાનું શું હિત કરી રહ્યા છે ! ઝેરના લાડુ ખવરાવનારી માતા બચ્ચાનું શું હિત કરી રહી ગણાય ? પ્રજા કદાચ નાદાન બને, પ્રજાપાલકથી કેમ જ નાદાન બનાય ?

**અહિંસા-સત્ય વગેરેની મૂળ ચાવી :-**

આર્ય ભૂમિ પર તો આત્મપ્રધાન જીવન બનાવવાના હોય એના સ્થાને કથિર કાયાને પ્રધાન બનાવનારું જીવન એ અનાર્ય જીવન નથી તો શું છે ? એ જીવનનો જુગાર નથી તો શું છે ? એના પર પછી અહિંસા અને સત્યની આશા રાખવી છે ! પણ એ તો સર્પના મુખમાં અમૃતની આશા રાખવા જેવું છે. જડે અમૃત ત્યાં ? ના, તો કેવળ જડદ્રષ્ટા પાસે અહિંસાની આશા શી ? એટલે તો આજે અહિંસાના નામ ઉપર કેટલી બધી ઘોર હિંસા ચાલી પડી છે ! સત્ય નીતિના બ્યુગલ ફૂંકવા છતાં કેટલી બધી પારાવાર અસત્ય-અનીતિ ચાલી પડી છે ! સ્વાર્થ સાધવાની કેટલી ગોઝારી રમત ચાલી પડી છે ! માણસ શા માટે અહિંસા પાળે ? શા માટે સત્ય, પ્રામાણિકતા અને સ્વાર્થત્યાગ હાથ ધરે ? હિંસા અને અસત્યભર્યા જીવન જીવવામાં જ્યાં બહાર પ્રતિષ્ઠા, માલ અને મોટાઈ મળતી લાગતી હોય ત્યાં શું કામ એને છોડે, એ તો **આત્માનો વિચાર હોય, પરલોકનો ભય હોય, અને ટૂંકાશા કિંમતી માનવભવને હારી ન જવાની ભારે ચિંતા હોય તો અહિંસા, સત્ય અને નીતિનો ખપ કરાય ! તો સ્વાર્થલાલસાને જતી કરાય !** અહિંસાદિની આ ચાવી છે. મણિરથમાં એ કાંઈ હતું નહિ, તેથી દુરાચારનો લહાવો લૂંટવા ગયો ! વળ્યું કાંઈ નહિ અને ચોથી નરકમાં જઈ ફસાયો ! **આધ્યાત્મિક જીવનદૃષ્ટિ વિના પશુ જીવન ભૂલાવા અશક્ય !**

**ચન્દ્રયશ રાજા :-** રાજાના કરુણ મોતે મરી ગયા પછી મંત્રીઓને કાંઈ એના પ્રત્યે સહાનુભૂતિ કે સદ્ભાવ નથી ! બીજી બાજુ મદનરેખાનો પત્તો નથી ! ભારે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ચિંતામાં છે ! યુગબાહુના ખૂન અને મદનરેખાના બેપત્તા ઉપર એમને બાળપુત્ર ચન્દ્રયશ ઉપર ભારે સદ્ભાવ-સહાનુભૂતિ જાગી ! અને એને રાજગાદીએ બેસાડી દીધો ! સાથે એનું અને રાજ્યનું ભારે જતન કરે છે ! એમ કરતાં ચન્દ્રયશ મોટો થઈ ગયો. **પુણ્યશાળીને બધું સરખું આવી મળે. પુણ્ય જ કામ કરે છે. નહિતર આમાં એનો સ્વકીય શો પુરુષાર્થ હતો ?** નમિ અને એ બંને રાજા બની ગયા છે, રાજ્ય ચલાવે છે.

**ભાઈઓ વચ્ચે ઝગડો :-** એક વાર એવું બન્યું કે નમિરાજાનો સકલ રાજ્યમાં મુખ્ય એવો એક સફેદ હાથી, જે હસ્તિરત્ન હતો, તેણે તોફાન મચાવ્યું ! ઉન્મત્ત બની આલાન સ્તંભ તોડી નાખી નાઠો. નાઠો, નાઠો તે એવો કે કોઈના કબજામાં ન આવી શક્યો ! તે જાય ભાગ્યો વિંધ્યાચલની અટવી તરફ ! **વિષય અને કષાયના ઉન્માદમાં ચઢેલો જીવ પણ આમ જ સંસારની દુર્ગતિરૂપી અટવી તરફ દોડી રહ્યો છે !** હાથી હવે આગળ વધતાં સુદર્શન નગર પાસે થઈને જઈ રહ્યો છે, ત્યાં રાજા ચન્દ્રયશના માણસો અશ્વક્રીડાએ આવેલા છે; તેમણે એને જોયો. રાજાને તરત ખબર આપી અને રાજાએ નિષ્ણાત માણસો પાસે એને પકડી મંગાવી રાખ્યો. અહીં નમિરાજાને ત્યાં હાથીને શોધાશોધ ચાલી પડી છે ! એમાં ચરપુરુષો દ્વારા ખબર પડી છે કે હાથી તો ચંદ્રયશ રાજાના કબજામાં છે. તરત નમિ રાજાએ દૂત મોકલી કહેવરાવ્યું કે,

'એ ધોળો હાથી અમારો છે, માટે એને મોકલી આપો !'

ત્યારે ચન્દ્રયશ દૂતને કહે છે, 'રત્નો કાંઈ પરાપૂર્વથી નક્કી થઈ ચાલી આવેલાં નથી; તેમ કાંઈ કોઈના શાસનમાં હોવા નિર્ધારિત થયેલાં નથી એ તો ભુજબળ ઉપર મેળવાય છે, અને ભોગવાય છે ! સત્ત્વરૂપી ધનવાળા પુરુષો તલવારના જોર પર પૃથ્વીના માલિક અને ભોક્તા બને છે, એ નથી જાણતા ? તો શી ભીખ માગવા હાલી નીકળ્યા છો ?' એમ કહીને દૂતની અવગણના કરી કાઢી મૂક્યો.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''  વર્ષ-૬,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૫૭

## (૨૨) આધ્યાત્મિક પ્રવચન

જુઓ હવે એક હાથીના નિમિત્તે ભાઈ-ભાઈની વચ્ચે કેવા વૈમનસ્ય ઊભાં થયાં ! શું રાજા ચન્દ્રયશ લોભિયો હતો ? ના, એની ઉદારતા કેવી મહાન છે એ



આગળ જોવા મળશે ! પરંતુ અહીં રાજાપણાની ખુમારી આડી આવી ઊભી. માણસ પાપમાં પ્રેરાય છે તે માત્ર પૈસાના લોભ ઉપર, એવો નિયમ નથી. અહંત્વ અને હોશિયારીના ઘમંડ ઉપર પણ કેંઈ પાપો સર્જાય છે ! ઓહો, **જગતમાં અહંત્વ ન હોત, તો તો જગત પર કેટલાય પાપો, કેટલાય કલેશ અને કેટલાય અનર્થના અગ્નિ-વરસાદ ન વરસત ! પરંતુ સંસારમાં શીતલ વરસાદની આશા શી ? ખોળિયે મનુષ્ય થયા તેથી શું ? માનવદેહના બિબામાં ઢળાયા તેથી શું ? ધાતુ તો સંસારી જીવની જ ને ? જનમ જનમમાં ફરતી આવતી એ ધાતુ ભલે મૂળમાં સુવર્ણ સ્વરૂપ હોય, પણ મલમલિન છે ! એનાં સંશોધન વિના માત્ર બિબું સારું મળ્યું અને ઘાટ દેખાવડો ઘડાયો એટલું જ અંદરખાને તો એ જુગજૂની અહંભાવ અને હોશિયારીના ગર્વના કચરા તદવસ્થ છે, કાયમ છે; ત્યાં એના વારેવારે પ્રદર્શન થાય એમાં નવાઈ નથી.** એના પર પછી અસદ્ આચરણ, મહાઅનર્થ, કલેશ વગેરે મંડાય એ સહજ છે, પરિણામે પણ પાછી જીવધાતુને અહીંથી મરીને હલકાં ઢાંચામાં ઢળાવાનું ! હલકી યોનિના દેહમાં સપડાવાનું ! **નહિતર માનવજીવ તો એક એવી ઊંચી કોટિનો અવસર છે કે એમાં આત્મસુવર્ણનું સંશોધન થાય, અહંભાવ વગેરેના કેંઈ કચરા, નમ્રતા, મૃદુભાવ અને પરહિતદૃષ્ટિ વગેરેના તેજાબથી સાફ કરાય ! પણ ખાટલે મોટી ખોડ. આત્મસુવર્ણ તરફ દૃષ્ટિ જાય તો ને ? ભૌતિક સામ્રાજ્ય હેઠળ કામ કરતા જીવને આત્મદૃષ્ટિ લાધવી મુશ્કેલ છે.** એ તો આધ્યાત્મિક સામ્રાજ્યની હકુમત સ્વીકારાય, તો બને. હમણાં તો ચન્દ્રયશ રાજા ગર્વમાં છે.

**નમિની ચઢાઈ :-** નમિ રાજા દૂત પાસેથી ચન્દ્રયશના બોલ સંભાળે છે. શામ, દામ, દંડ, ભેદ એ ચાર ઉપાયમાંથી શામ ઉપાયમાં નિષ્ફળતા મળી એટલે દંડ ઉપાય અજમાવવા એ લશ્કર લઈને ચન્દ્રયશની સાથે લડાઈ કરવા ચઢી આવે છે. સામાએ સત્ત્વની હાકલ કરી છે, માટે સત્ત્વ બતાવવું એ લગની લાગી છે. ખબર નથી કે આ કોની સામે લડવાનું. અજ્ઞાનમાં માણસ શું નથી કરતો ?

અહીં ચન્દ્રયશને નમિ આવે છે એની ખબર પડી એટલે એ પણ પરાક્રમી હોવાથી લશ્કર લઈ સામો જવા તૈયાર થઈ ગયો. પરંતુ બન્યું એવું કે 'ચાલવા માંડે છે ત્યાં સ્થળે સ્થળે અપશુકન નડ્યા ! હવે શું થાય ? મંત્રીઓએ જોયું કે કામ મોટું છે. રાજાઓના યુદ્ધ ! એમાં જો હારી ગયા, તો ખલાસ રાજ્ય ને પાટ બધું ખત્મ ! અને શુકન એનો ભાવ ભજવે. માટે રોકાઈ જવામાં ભલે જરા નીચું દેખાશે, પણ હમણાં જવાની ઉતાવળ ન કરવી.' મંત્રીઓ અક્કલવાળા કે અક્કલ વિનાના ? આજે તો શુકન શા ? ને બુકન શા ? કેમ એમ જ ને ? કે કંઈ કામ હાથમાં લેવું હોય તો શુકન જુઓ ખરા ?



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**પ્ર.**- શુકન તો સારા ધર્મના કાર્યોમાં જોવાના ને ? સંસારના કાર્યોમાં શુકનની શી જરૂર ?

ઉ.- એ જ, કે **અપશુકને કાર્ય ઉપાડ્યું અને નિષ્ફળતા મળી તો ચિત્તને વધુ અસમાધિ થવાની, હાયવોય થવાનો; કાર્ય કરતાં કરતાં ભલીવાર નહિ દેખાવાથી ચિત્તે કલેશ અને કષાયો વધવાના ! આ બધાથી બચવા માટે શુકન જોવાય છે.** માટે તો કાર્ય કરવા ઊભા થયા ને, ત્યાં પણ જો ધોતીયાનો છેડો પગના અંગુઠામાં ભરાયો અને તેથી જરા ખચકો લાગ્યો તો ય તે અપશુકન ! ચાલતાં પગ કે આંગળા ઠોકરાયા તો ય અપશુકન ! કામ કરવા જતા અગર શરૂ કરતાં જ કોઈનો, ભલે બીજા પ્રસંગમાં, પણ એવો કોક શબ્દ સાંભળવા મળે કે 'કંઈ નહિ વળે' 'ખલાસ !' 'મર્યા' વગેરે, તો ય તે અપશુકન ! ઉંબરે પગ ઠોકરાયો તો કે પાછળ છીંક થઈ તો, કે બહાર નીકળતાં લાકડાનો ભારો મળ્યો કે બિલાડી આડી ઉતરી વગેરે થયું તો અપશુકન ગણી માણસો કાર્ય કરવા જતાં અટકી જતા. એમાંય શુકન કરતાં શબ્દ આગળ, તે શુકન સારાં મળ્યાં છતાં કોઈ બોલ્યું કે 'ક્યાં ચાલ્યા કશું બની શકવાનું નથી'...ઈત્યાદિ તોય તે શબ્દ શુકનને મોળા પાડી પોતાનો ભાવ ભજવે છે. **પૂર્વના માણસો શુકન પર ધ્યાન દેતા, અને તેથી અટકી જઈ ઘણી અસમાધિથી બચી જતા.** આજની પ્રજા તો જડની પૂજારી બની ગઈ છે. આધ્યાત્મિક વસ્તુની અશ્રદ્ધાળુ થઈ ગઈ છે, એટલે આવી વસ્તુને વિચારવા જ તૈયાર નથી. અપશુકનની કેવી માઠી અસર થાય છે એના પર વિશ્વાસ નથી. આધ્યાત્મિક અસર પણ કેવી ખરાબ પડે છે એ જોવું જ નથી. આધ્યાત્મિક વસ્તુ માને તો ને ? કેટલીકવાર અપશુકનમાં દોડ્યા દોડ્યા જવાથી પરિણામે નુકસાન આવતાં પસ્તાવાનો પાર નથી રહેતો. શ્રદ્ધાબલ હોય તો ભલે કાર્ય મોડું થાય, પણ અપશુકનમાં અટકી જઈ નમસ્કારમંત્રાદિના સ્મરણમાં વિશેષ લાગી જવાય. એ રીતે પણ નવકારમંત્ર અને પંચપરમેષ્ઠી ઉપર શ્રદ્ધા સ્થાપિત થાય છે, વૃદ્ધિંગત થાય છે;-'સારું કરશે તો આજ કરશે. અરિહંતાદિ પંચપરમેષ્ઠીથી અને તન્મય ધર્મથી જે નહિ થાય એ બીજા કોઈથી નહિ થાય,' એવો દૃઢ વિશ્વાસ એ સમ્યક્ત્વનું લિંગ છે.

મંત્રીઓએ રાજાને કહ્યું : 'આ અપશુકનોમાં જવું યોગ્ય નથી.'

રાજા કહે છે, 'પરન્તુ સાત્ત્વિક મનુષ્યોને શી ચિંતા ?'

'સાત્ત્વિકને પણ અપશુકન નિષ્ફળતા અપાવે છે. આપને નિષ્ફળતા જોઈએ છે ?'

'તો પછી દૂતને કહ્યું તેનું શું થાય ?'



'એ ગમે તે ઉપાય કરો, પણ હમણાં જવું તો ઠીક નથી જ.'

રાજા વિચારમાં પડ્યો. સલાહકાર મંત્રીઓની સલાહ અવગણી શકતો નથી; તેમ સત્ત્વને ય દબાવી શકતો નથી. શું થાય ? પણ આધ્યાત્મિક સામ્રાજ્યની આ ખૂબી કે **જેને વિશ્વાસમાં લીધા હોય, જેના પર વિશ્વાસ મૂક્યો હોય, એની નિઃસ્વાર્થભાવની અને સમજપૂર્વકની સલાહ પર વિચાર થાય; પણ પોતાની સત્તાધીશતાની ખુમારી ઉપર એને એકદમ અવગણાય નહિ !**

રાજા પૂછે છે, 'તો શો ઉપાય કરવો ?'

મંત્રીઓ કહે છે, 'હમણાં દરવાજા બંધ કરાવી અંદર બેસીએ. પછી અવસરે યોગ્ય થઈ રહેશે.'

ગમે તે રીતે, પણ રાજાને મંત્રીઓનું કથન માનવું પડ્યું, અને પોતે નગરના દરવાજા બંધ કરાવી ત્યાં જ રહ્યો. ત્યારે નમિરાજા પણ ક્રમશઃ આગળ વધતો ઠેઠ આ નગરની બહાર સૈન્ય સાથે આવી પહોંચ્યો, અને ત્યાં છાવણી નાખીને રહ્યો. જુઓ, ભાઈ છે ને બંને ? પણ એક બીજાને ઓળખતા નહિ હોવાથી સામસામા શત્રુ બની બેઠા છે. અજ્ઞાન કેવો ઉલ્કાપાત મચાવે છે ! **જીવો પાપમાં ચઢે છે તે ઘણું તો અજ્ઞાનતાને લીધે. પાપ શું, એના ફળ શું, એમાંથી બચાવ શો ?... વગેરે વગેરે કાંઈ ખબર નથી, માટે પાપની હઠે ચઢે છે ! અરે કેટલીય વાર તો જરાક વિચારણા ફેરવવાથી પાપ હળવું થઈ જતું હોય, ધર્મમાં પલટો પામતું હોય, પરંતુ એનું જ્ઞાન નથી માટે ઘોર પાપ શિરે લે છે, અજ્ઞાન ભયંકર છે, ખરું ને ?** છતાં જ્ઞાન મેળવવા, જ્ઞાનનો ઉપયોગ કરવા કોઈ દરકાર ?

**ધર્મ જ તારણહાર :-**

સાધ્વી મદનરેખા ચારિત્ર લઈને સુંદર પાળી રહ્યા છે. જોરદાર તપ તપે છે ! બાહ્ય અને આભ્યન્તર બંને ! શું થયું ? લોહીના બુંદ સુકાણા ! ચરબીના લબોચા સુકાણા ! મનના જોસ મોળા પડ્યા ! પણ અંતરાત્મામાં ચઢતી યોગદષ્ટિના અજવાળાં પથરાયાં ! ખપે આવી મહાન કમાણી ? હા કહો છો, પણ એ લાવનારો બાહ્ય-આભ્યન્તર તપ ન ખપે, એમ ને ? એનું કારણ **મોટું મન, ઔદાર્ય, સહિષ્ણુતા, વિશ્વવાત્સલ્ય, ભાવદયા, ચુસ્ત સદાચાર, આત્મચિન્તા ઈત્યાદિ ગુણોનો ખપ ન કરો પછી ઉપરના બાહ્ય-આભ્યન્તર તપની તમન્ના ક્યાંથી જાગે ?** ભૂલશો નહિ, જીવન તો ક્ષણભંગુર છે. જે સંસારના મોહમાં એ મૌલિક ગુણો ભૂલો છો તે **સંસાર વિશ્વાસઘાતી છે ! વિશ્વાસમાં રાખીને અંતે બધી ધારણા બાતલ કરનારો છે ! ગુણોના બદલે સેવેલા ક્ષુદ્રતા, અસહનવૃત્તિ, વૈર-વિરોધ, જડ પ્રીતિ વગેરે દોષો સાથે જીવનું દુર્ગતિમાં એ પારસલ કરનારો છે !** એવા સંસારમાંથી, ભવચક્રમાંથી છૂટવાનું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અમોઘ શસ્ત્ર ધર્મ છે. ધર્મ જ તારણહાર છે. એ ધર્મ આ મૌલિક ગુણો અને બાહ્ય-આભ્યન્તર તપને શિખવે છે.

**સાધ્વી મદનરેખાને ચિંતા :-**

સાધ્વીજીને ગમે તે રીતે સાંભળવા મળ્યું કે નમિ અને ચન્દ્રયશ લડાઈ લડવા તૈયાર થઈ ગયા છે. એ તો જાણે છે કે આ બે પોતાના જ પુત્ર અને પરસ્પર સગા ભાઈ છે ! એમને એમ થયું, 'ત્યારે શું આ બે જણ લડાઈમાં અનેક માણસોનો કચ્ચરઘાણ કાઢી નરકમાં જાય ? એમ ના થાઓ. ઉત્તમ કુળમાં જન્મવા છતાં બિચારા અજ્ઞાન અને મોહવશ આમ કરી રહ્યા છે. **ભૌતિક સામ્રાજ્ય જ એવા છે કે એની હકૂમતમાં રહેલાને અજ્ઞાન અને મોહમાં ગળાબુડ ડૂબાડૂબ રાખે ! ઘોર પાપ આચરાવે ! માનવ જીવનને ધૂળધાણી કરાવે ! અંતે હાથ ઘસતા નરકમાં ધકેલી દે !** પણ મારાથી કેમ જોઈ રહેવાય ? જાઉં, બંનેને ઓળખ કરાવી શાંત પડવા સમજાવું.' કલ્યાણમિત્ર બનવાનો જાણે જીવનમંત્ર ! પહેલાં જેઠ મણિરથને કલ્યાણમિત્ર તરીકે સલાહ આપી ! પછી પતિ યુગબાહુની મહાન કલ્યાણમિત્ર બની નરકને બદલે સ્વર્ગમાં ચઢાવનારી બની ! બાદ વિદ્યાધર મણિપ્રભની કલ્યાણમિત્ર બની ! પછી સ્વાત્માની કલ્યાણમિત્ર બની ચારિત્ર લીધું ! હવે પુત્રો પ્રત્યે કલ્યાણમિત્ર બનવા તૈયાર થાય છે ! કેવું ધન્ય જીવન ! **દિલ સાફ, સરળ અને પવિત્ર હોય, દિલ મૈત્રી, કરુણા, પ્રમોદ અને મધ્યસ્થભાવથી ઓતપ્રોત હોય, દિલમાં સ્વાર્થલાલસા બળીને ખાખ થઈ ગઈ હોય, અને દિલમાં પરમાર્થના વ્યસન લાગ્યા હોય, તો જ ધન્ય જીવન જીવી શકાય.** એવાં જીવન પૂર્વે જીવાતાં, તેથી દેશ આબાદ હતો, પ્રજા આબાદ હતી ! સુખ-શાંતિના ડીમડીમ વાગતા. આજે દુઃખની પોકો પડે છે. ધન્ય જીવન જ હૃદયને અપૂર્વ શાંતિ, ને અપૂર્વ જોમ આપે ! ત્યારે સામાના કલ્યાણ થાય એ તો વળી મહાન લાભ. માનવ તરીકે જીવ્યાની સુવાસ એમાંથી મળે; આશ્વાસન અને હિંમત એમાંથી મળે ! નહિતર તો કઠોર અને અયોગ્ય રહી ગમે તેટલી દોડધામ કરવા છતાં સરપાવે રોદણાં, હાયવોય અને નિરાશાનો પાર નહિ ! અધ્યાત્મનાં વર્ચસ્વ માથે ધર્યા પછી કલ્યાણમિત્ર બનવું સહેલું છે. એ નથી એટલે હિતશત્રુનાં કામ કરાય છે. નહિતર દીકરા-દીકરીને ધર્મ કરાવવાની વાત આવે ત્યાં 'એને માસ્તર આવે છે, અભ્યાસ બહુ છે, ઢિંકણું છે ને પૂંછડું છે.' એવાં બહાનાં કાઢી ધર્મમાં જોડવાનું ચૂકો ખરા ? કલ્યાણમિત્ર બનવાનું ભૂલો ખરા ? મહાવીરના સંતાનના કર્તવ્ય શા ? ધર્મના જ્ઞાન વિનાનું કર્મનું જ્ઞાન ક્યાં લઈ જશે ? એ વિચારો, ભૌતિક સામ્રાજ્ય ઉતારી અધ્યાત્મનાં સામ્રાજ્ય, અરિહંતની વાણીના સામ્રાજ્ય માથે ધરો.



**નમિને પ્રતિબોધ કરવા :-** મદનરેખા સાધ્વીજીએ પોતાની પ્રવર્તિનીને આ હકીકત જણાવી; અને સમજાવવા જવા આજ્ઞા માગી. એમણે પણ જોયું કે તેમ કરવું અવસર યોગ્ય છે. સાધુજનોએ તો સ્વ-પર કલ્યાણના ભેખ લીધા છે; એટલે અકલ્યાણકર કશું જ થાય નહિ, અને કલ્યાણકરમાં આળસ કરાય નહિ. એમણે ખુશીથી આજ્ઞા આપી. એટલે મદનરેખા સાધ્વીજી સપરિવાર અહીં નમિરાજા પાસે આવે છે. રાજાની નજીક આવતાં રાજા વિનયથી ઊભો થઈ જાય છે, વન્દના કરે છે, 'પધારો' એમ કહી સ્વાગત કરે છે.

**સંત-સાધુનાં મૂલ્યાંકન :-**

પૂર્વે રાજા મહારાજા અને ચક્રવર્તી સુદ્ધાં સંત-સાધુના ભારે વિનય, આદરમાન અને સ્વાગત કરતા. સમજતા કે 'અમે ભોગી. ભોગના ગુલામ, અને આ ત્યાગી, ભોગના વિજેતા ! હજાર લડાઈ જીતવી સહેલી, પણ ભોગ-લંપટતા જીતવી દુષ્કર ! માટે જ એ મહાવીર ! એમને તો ચરણે જ ઝુકાય, એમના તો સેવક જ બની રહેવું જોઈએ' ક્યાં છે આજે આ ? મોટા પ્રધાનોમાં તો નહિ, પણ સામાન્ય પાંચ કુકાની પુણ્યાઈ મળી ત્યાં ય નથી ! કેવો વિષમ કાળ ! કેવો વિનાશક કાળ !

પૂર્વના રાજાઓ વળી સમજતા કે 'અમારા કાયદા-કોર્ટ અને પોલીસોથી જનતામાં જે ચોરી-લૂંટફાટ અને અસત્ય-અનીતિ નથી અટકી શકતા, એ આ સાધુ-સંતોના પવિત્ર જીવન અને ધર્મોપદેશથી અટકે છે ! દુરાચાર કે જે દેશનું સત્યાનાશ કાઢે છે એ અમારાથી જે નથી અટકતા, એ આ વિભૂતિઓથી અટકે છે. ચોરને શાહુકાર બનાવનાર, ગુંડાને સદ્‌ગૃહસ્થ બનાવનાર, ખૂનીને દયાળુ બનાવનાર, પાપીને ધર્માત્મા બનાવનાર આ છે, અમે નહિ ! તો ખરેખરા શ્રેષ્ઠ જન-ઉપકાર કરનાર આવા સંત-સાધુ તો અમારા રાજ્યના ને સમસ્ત વિશ્વના અલંકાર છે, એમનો તો અમે મહાન ઉપકાર માનીએ, એમના તો અમે દાસ બની રહી ભક્તિપૂજા કરીએ. એકાદ ખૂની, ચોર કે દુરાચારીને દબાવનાર જમાદારને માન-ઈનામ અપાય છે, તો અનેક ખૂનીઓ, ચોરો ને દુરાચારીઓને માત્ર દબાવનાર નહિ, પણ સુધારનાર સાધુ-સંતના કેટલાં સ્વાગત-સન્માન અને ભક્તિ-પૂજા હોય ?'

રાજાઓ વળી સમજતા હતા કે 'અમે તો પ્રજાનું ચોર-ડાકુથી માત્ર રક્ષણ કરીએ અને બાહ્ય થોડી સગવડ કરી આપીએ એટલું જ; ત્યારે સંત-સાધુ તો પ્રજાને મહાકલ્યાણકારી ધર્મ આપે છે. જગત્પિતા પરમેશ્વરના ભક્ત બનાવે છે ! દયા-દાનના ઉપાસક બનાવે છે ! કેઈ પરોપકારના સુકૃત કરાવે છે ! દુકાળ જેવામાં



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

સુખી માણસો પાસે ધન-ધાન્યની નદીઓ વહેવડાવે છે ! આમાંનું અમે શું કરી શકીએ ? એ તે એ ! જગતમાં ત્યાગ-વૈરાગ્ય, સંતોષ-સદાચાર, સંપ-સહાનુભૂતિ, એ શિખવાડે છે ! એ પ્રચારે છે ! યાવત્ જનતામાંથી સંતસાધુ એ સર્જે છે, જે પાછા કલ્યાણ પ્રવાહને વહેતો, વધુ વહેતો રાખે છે ! એ માથાના મુગટ છે ! રાજ્યના ખરા તારણહાર છે !'

વળી રાજાઓ સમજતા કે 'જગતમાંથી અજ્ઞાનના અંધારાં કોણ ટાળે છે ? સાધુ-સંતો જ. જીવનમાં કઠોર તપસ્યા કરી શાસ્ત્ર-અધ્યયનના ભારે પરિશ્રમ સાધુ-સંતો કરે છે ! પાછા એ જ્ઞાનને જીવનમાં જીવી જ્ઞાનીનું નામ સાર્થક કરે છે ! જ્ઞાનના મોટા શાસ્ત્રો રચે છે ! શાસ્ત્રોના ભંડાર ભરાવે છે ! એકલા જ્ઞાન ભંડાર જ નહિ, પણ પૃથ્વીના આભરણ તુલ્ય મોટમોટા વિમાનશા મંદિરો, તીર્થો, ધર્મશાળાઓ, દાનશાળાઓ એમના ઉપદેશથી બંધાય છે !... આ બધું અમારાથી શે બને ? કેવા એમના ભવ્ય ઉપકાર ! અને ક્યાં અમારી કૂપમંડુક સ્થિતિ ! એવા પવિત્ર ઉપકારમૂર્તિઓના તો અમે કમળભૃંગ બની રહીએ ! શક્તિ આવ્યે અમે અમારાં જીવન એમને સમર્પી દઈએ !'

રાજાઓ સાધુ-સંતોના આવાં આવાં સાચાં ઉચ્ચ મૂલ્યાંકન કરતા તેથી એમના દાસ બની રહેતા, એમનું ઊંચું ગૌરવ કરતા, મહાન સ્વાગત-સત્કાર કરતા; અને અવસર આવ્યે જાતે એમના શિષ્ય બની જઈ સંસાર ત્યજી સાધુ-સંત થઈ જતા ! નમિ રાજાએ મદનરેખા સાધ્વીજીની કોઈ બીજી ઓળખાણ વિના એક માત્ર સંત વ્યક્તિ છે માની એમનો સત્કાર કર્યો; ઊંચા આસને બેસાડ્યા, હવે વિનય સહિત નમ્ર શબ્દોમાં પૂછે છે,

'કહો શી આજ્ઞા ? કયા ખાસ કારણે પધારવું થયું ?'

સાધ્વીજી કહે છે, 'હે નરાધિપ ! રાજ્યલક્ષ્મી તો શરદઋતુના મેઘની જેમ ચંચળ છે ! આવી કે ગઈ ! એની ખાતર તારા મોટા ભાઈ સામે લડવા તૈયાર થયો છે ? મહાનુભાવ ! જીવન જલબિંદુની જેમ ક્ષણસ્થાયી છે, એમાં મહાસુકૃતો આચરવાનું છોડી આ તારા મોટા ભાઈની સાથે ઝગવાનું મહાઅકૃત્ય કરવા તૈયાર થયો છે ? વળી શરીરનો શો ભરોસો ? કેઈ રોગનું ઘર ! રોગ અને વૃદ્ધાવસ્થાથી જોતજોતામાં જર્જરિત થઈ જવાનું. એમ થાય તે પૂર્વે શું એમાંથી ધર્મનો કસ ખેંચી લેવાનો ? કે એનાથી મોટા ભાઈની સાથે યુદ્ધનાં પાપ કરવાનાં ? યુદ્ધમાં થતા જીવઘાતથી તો જીવનું જરૂર ઘોર નરકમાં પતન થાય છે. એમાં ય **મોટા ભાઈના પૂજન, પ્રશંસા કરવાને બદલે સંગ્રામ ?'**

નમિ રાજા આ સાંભળી વિસ્મય પામે છે, 'શું હું ભાઈ સાથે લડું છું ? એ



શી રીતે ?' છતાં સાધ્વીજીને વિનયથી કહે છે,

'ભગવતી ! એ મારો મોટો ભાઈ કોણ કે જેની સામે હું યુદ્ધમાં ઉતર્યો છું, અને તે યુદ્ધ અયુક્ત છે એમ આપ કહો છો ?'

સાધ્વીજી કહે છે, 'આ ચન્દ્રયશ એ જ તારો મોટો ભાઈ !'

રાજા પૂછે છે, 'એ કેવી રીતે ?'

દયાળુ મદનરેખા સાધ્વીજીએ સઘળો પૂર્વ સંબંધ સંભળાવ્યો. એમાં જન્મ વખતની યુગબાહુના નામની વીંટી અને કાંબળની વાત આવી, એટલે તરત જ રાજાએ આજ સુધી પોતે માનેલી માતા પુષ્પમાળાને પૂછ્યું, કે 'આ શું ? એ વીંટી અને કાંબળ રાખ્યા છે ખરા ?'

પુષ્પમાળાએ એ કાઢી બતાવ્યા, અને કેવી રીતે જંગલમાંથી તેને રાજા લઈ આવ્યો હતો એ પણ કહ્યું.

આ બધું જાણીને નમિ રાજા સ્તબ્ધ થઈ ગયો. મનને થયું, 'અહો કેવો આ વિચિત્ર કર્મસંયોગ !' વિશ્વાસ પણ બેઠો, છતાં યુદ્ધથી વિરામ પામવાની વાત ખરી ? ના, કેમ ? અભિમાન વચમાં આડું આવ્યું ! મનને એમ થાય છે કે 'સાચું, હું નાનોભાઈ, પણ ગુનેગાર હું ક્યાં છું ? મોટાભાઈએ હાથી કબજે કર્યો, માગવા છતાં પાછો ન આપતાં એ અધિકાર જમાવે છે ! મને સત્ત્વ હોય તો બતાવી આપવા હાકલ કરે છે ! તો મારાથી પાછા કેમ જવાય ? એમાં તો મારી નિઃસત્ત્વતા દેખાય !'

જોયું ? અહંભાવ માણસને કેટલો દબાવે છે ! સાધ્વીજીના નિઃસ્વાર્થ વચન પછી પણ કેવો અનુચિત કાર્યમાં જકડી રાખે છે ! પરંતુ આનું બીજ સમજો છો ? **માણસ હજી ય પોતાનો ગુનો હોય તો તો પાછો ફરે, અહંત્વ છોડી દે, પરંતુ સામાનો ગુનો દેખાય અને પોતાનામાં બળ જણાય ત્યાં અહંભાવ મૂકવાનું અને અનુચિત કાર્ય છોડી દેવાનું મુશ્કેલ પડે છે ! પુણ્ય કર્મની પણ આ એક વિટંબણા છે !** ભલે પોતાનો ગુનો નથી, છતાં **ગુનો ન હોવાનો અહંકાર એ મહાવિટંબણા છે !** એ ગુનેગાર તરફ તુચ્છતાની દૃષ્ટિ રખાવે છે ! પછી ત્યાં દિલના ઔદાર્ય કે ક્ષમા ક્યાંથી ઉભરાય ? **ગુનો ન કરવો, સીધી ચાલે ચાલવું એ જો કે આ જગતના પાપભર્યા વાતાવરણમાં કઠિન છે, છતાં એનો અહંકાર ન હોવો, હું પદ ન હોવું, અને ગુનેગાર તરફ ક્ષમા અને દયાભાવ રહેવો, તથા દિલની ઉદારતા વરસવી એ મહાકઠિન છે.** પણ એ બધું પુણ્યે મળેલી શક્તિ છે ત્યાં સુધી. માટે જ કહેવાય કે પુણ્ય પણ વિટંબણારૂપ છે. એ વિટંબણા અનેક અનર્થો લાવે છે. તેથી પુણ્યથી ય સાવધ રહેવા જેવું છે કે રખેને એ પુણ્ય અહંકારી ન બનાવે, સામા ઉપર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

તુચ્છતા ક્ષુદ્રતા ન કરાવે. તેમજ એ પણ સાવધાની જોઈએ કે આપણો ગુનો નથી, ને આપણે સીધું જીવન જીવીએ છીએ તો એના ઉપર અહંકાર ન થાય, બીજાને તુચ્છ ન લેખીએ, બીજા પર દ્વેષ ન કરીએ; અવસરે ગુરુઓની સલાહ ન અવગણીએ. નમિ રાજાને માન નડે છે; પાછા ફરવાનું નથી પરવડતું. ત્યારે પૂછશો કે,

**પ્ર.**- તો શું બીજાથી ખોટી રીતે દબાવું ?

ઉ.- અહીં એ વિચારો કે આ ગણત્રીઓ અનંત ભવોમાં ક્યાં નથી રાખી ? પરંતુ શું એથી આજે આપણો આત્મા પવિત્ર વિચારોમાં રમતો છે ? કષાયોના સકન્જામાંથી બચેલો છે ? ધર્મના પાયાભૂત મૈત્રી, કરુણા આદિ ભાવો સિદ્ધ કર્યા છે ? જો ના, તો એ અહીં નહિ કરો તો ક્યાં કરશો ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૧૭,તા.૪-૧-૧૯૫૮

## ૨૩ આધ્યાત્મિક પ્રવચન

સાધ્વીજી નમિને સમજાવે છે, ''જો, તું પૂર્વે મહાચારિત્ર પાળીને આવ્યો છું. તારા તો **પેટ સાગર જેવા હોય, ગાગર જેવા નહિ ! સાગરમાં તો કેઈ મામુલી તરંગો અંદર સમાઈ જાય.** મન મોટા રાખવાના કે છીછરાં ? મોટા મનને કદાચ ફરિયાદ હોય, તો શાની ? શું એ કે 'આણે મારી વિષયની વસ્તુ ખૂંચવી લીધી ?' 'શું એ ફરિયાદ કે બજારે મારા પૈસા પડાવી લીધા ?'...ના, ફરિયાદ હોય તો એ હોય કે 'મારી સમાધિ લૂંટી લીધી ! **માટીનું ધન ભલે જાઓ, આત્માનું ધન ન જાઓ'** ત્યારે તું આ ફરિયાદ કરે છે ?''

નમિ કહે છે, 'હું હાથીને નથી મોહતો; ઉપરથી એ તિરસ્કાર કરે છે એ મારાથી સહન નથી થતું.'

'અરે ભલા ! **આ સંસારમાં તિરસ્કાર તો આ જીવને સમજહીન દશામાં ક્યાં ઓછા આવ્યા છે ?** આવા સુંદર સમજના ભવમાં તો એવા તિરસ્કારની કોઈ નવાઈ ન માનતાં આપણા અભિમાનને હેઠું મૂકવામાં સમજને કૃતકૃત્ય કરવી જોઈએ.'

'હજી એ મારાથી નથી બનતું.'

**સાધ્વીજી ચન્દ્રયશ પાસે :-** સાધ્વીજી સમજૂતી થવી અશક્ય દેખી ત્યાંથી ધર્મલાભની આશીષ આપી કરુણાભર દિલે આવ્યા ચન્દ્રયશ પાસે. એણે અને પરિવારે એમને ઓળખી લીધા; ચકિત થયા ! કેમકે આજ સુધી એમનો પત્તો



નહોતો, તે આજે એકાએક નજર સામે ! તે પણ સંયમના વેશમાં ! અહીં ચન્દ્રયશને કાકાના જુલ્મ વીસર્યા વીસરે એમ નથી. એને પોતાની મહાસતી માતાની વિટંબણા, નિર્દોષ પિતાનું ખૂન, એમાંએ માતાએ કરાવેલ નિર્યામણા વગેરે જાણવા મળ્યું છે. એની સામે કાકાની ભયંકર દુષ્ટતા, એ માતાને જોતાં નજર સામે જાણે હુબહુ થઈ ! મનને ખૂબ જ ગુસ્સો આવ્યો. અને બીજી બાજુ માતા પ્રત્યે ભારે હેત ઉભરાયું. માતાની થયેલ દુઃખદ સ્થિતિ પર હૈયું ભરાઈ આવ્યું; રુદન કરતાં કરતાં પૂછે છે, 'મા ! આ શું ?' સાધ્વીજી મહારાજ બધી હકીકત કહે છે, જે સાંભળતાં રાજા અને પરિવાર કેઈ પ્રકારની લાગણીઓ અનુભવે છે. રાજપુત્ર નમિનો જંગલમા જન્મ ! કેવી કર્મવિટંબણા ! હાથીનું મદનરેખાને ઉછાળવું, એ કેવી કર્મની ધિટ્ઠાઈ ! કર્મના ઉદયની કેવી અવશ્યંભાવિતા ! છતાં વિદ્યાધર વિમાનની પ્રાપ્તિ એ કેવી અકસ્માત્ પુણ્યોદયની બલિહારી ! માણસનું ધાર્યું શું થાય ? પુણ્ય વિના કોણ બચાવે ! વિદ્યાધરની કામવાસના એ કેવી મોહમૂઢ દશા ! મદનરેખાની શીલમાં પ્રાણાંતે પણ મક્કમતા, એ કેવો સદાચાર પ્રેમ ! કેવો સદ્ આત્મપુરુષાર્થ ! નંદીશ્વરનાં દર્શન એ કેવું અહોભાગ્ય ! નંદીશ્વરની કેટલી સુંદર તીર્થયાત્રા ! જ્ઞાની મુનિની દેશનામાં કેટલી સુંદર તત્ત્વશિક્ષા ! સુંદર ધર્મશિક્ષા ! કેવીક ભાવદયા ! વિદ્યાધર મણિપ્રભનો હૃદયપલટો અને ક્ષમાપના-એ કેવો યોગ્ય જીવ ! ધર્મ કેવો તારણહાર ! યુગબાહુનું દેવ બનીને આવવું એ માત્ર અંતિમ સાધના, છેડે કષાયને વોસિરાવવામાં પણ કેવો અચિંત્ય અદ્ભુત લાભ ! દેવતાઈ સેવા મળવા છતાં મદનરેખાનો કેટલો જ્વલંત વૈરાગ્ય અને ભગીરથ ચારિત્રપુરુષાર્થ ! રાજા પદ્મરથ અને નમિના કેવા ઉચ્ચ કોટિના પૂર્વભવ ! ચક્રવર્તીના ઘેર જન્મવા-જન્મવા છતાં કેટલો ઝળહળતો મોક્ષપ્રેમ, ભવોદ્વેગ, વૈરાગ્ય અને કઠોર ચારિત્ર સાધના ! જિનશાસનની કેવીક અપૂર્વ બલિહારી ! કે રાજા પદ્મરથ પણ ચારિત્રમાર્ગે ! ત્યારે પરસ્પર અજ્ઞાન દશામાં નમિ-ચન્દ્રયશનો કેવો રણસંગ્રામ ! દુન્યવી જડ વસ્તુ કે જે આત્મસમૃદ્ધિ આગળ તુચ્છ ગણાય, એનો કેવા પ્રત્યાઘાત !... ઈત્યાદિ ઈત્યાદિ જોતાં અનેક લાગણીઓનો અનુભવ રાજા ચન્દ્રયશ વગેરેએ કર્યો. નમિએ એટલો બધો અનુભવ કે માતૃ-વાત્સલ્ય ન અનુભવ્યું એનું કંઈ કારણ ? એ જ કે એ જન્મથી જુદા સંયોગમાં ઉછર્યો હતો. બસ, સંસારમાં આમ જ છે. જીવ જુદા સંયોગમાં ટેવાયો છે, તેથી જ પોતાના ખરા સગા ધર્મની ઉત્તમ વાતો સાંભળીને પણ એટલો બધો નથી તો આકર્ષાતો કે નથી ઝુકી પડતો ! આ પરિસ્થિતિ સમજી લેવા જેવી છે. વિચારવા જેવું છે કે 'હેં ? જેમ નમિને બનાવટી માતાપિતા મળ્યા તો સાચી માતા પ્રત્યે એટલો ન આકર્ષાયો કે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

એનું વચન ઉઠાવી લે, સામા ભાઈ ચન્દ્રયશ પ્રત્યે એવો ન આકર્ષાયો કે એની સામે માન મૂકી દે, તેવી રીતે અમને અમારા સાચા સગાં તારણહાર સ્નેહી દેવાધિદેવ-સદ્ગુરુ અને સદ્ધર્મ પ્રત્યે ન આકર્ષાવા દેનારા આ કેવા ગોઝારા આ બનાવટી સંસારસંબંધો !'

**ચન્દ્રયશના વાત્સલ્ય અને વૈરાગ્ય :-**

ચન્દ્રયશ રાજા સાધ્વીજીના રોમાંચક ઘટનાઓના વર્ણન સાંભળી ક્યાં ઊભો રહે ! પાણી પાણી થઈ ગયો ! વિશેષે કરીને નમિ એ પોતાનો ભાઈ છે એ જાણી ખૂબ ખુશી થયો અને એના ઉપર એના હૈયામાં ભ્રાતૃવાત્સલ્ય ઉભરાયું ! ઝટ ઊભો થઈ ગયો ! અને મોટા વૈભવ સાથે નમિની સામે ચાલ્યો ! માન મૂકી દીધાં અને ભાઈને આવકારવા ઉપડ્યો ! નમિને ય ચન્દ્રયશ ભાઈ તરીકેની ખબર તો પડી જ હતી, પણ એનામાં એ ભ્રાતૃપ્રેમ ન ઉભરાયો રીસ કાયમ રહી એનું શું કારણ ? કહો, મોટાની મોટાઈ જુદી ! વડિલ તે વડિલ ! નાના પ્રત્યે એની લાગણી, સહિષ્ણુતા, પ્રેમ, એ બધું જુદું અને વડિલ એ રીતનો વ્યવહાર કરે પછી નાનામાં યોગ્યતા છૂપી પડી હોય એ ઉછળ્યા વિના રહે ? ચન્દ્રયશને સામે આવતો જાણી નમિ પણ ઉઠ્યો. એ એની સામે આવ્યો, મોટાભાઈને નમી પડ્યો. ચન્દ્રયશે પણ એને ખૂબ વાત્સલ્યપૂર્વક આલિંગન કર્યું. બંને સૂર્ય-ચન્દ્રની જેમ દીપી ઉઠ્યા ! સંપની બલિહારી છે ! કુસંપની નાલેશી છે ! બંને નગરમાં ગયા. હવે ચન્દ્રયશ કહે છે,

'જો ભાઈ નમિ ! પિતાનું મૃત્યુ અને માતાની ખોટ થયા બાદ મને તો ઘરમાં ક્યાંય આનંદ નહોતો ! સંસારમાં ક્યાંય ગોઠતું નહોતું, પરંતુ શું કરું કે કોઈ રાજ્યનો ભાર ઉપાડી શકે એવો પુરુષ મળતો નહોતો. એટલે અનિચ્છાએ પણ આટલો કાળ ઊભો રહ્યો છું. એમાં માતાજીની બધી હકીકત સાંભળી પછી વૈરાગ્ય વૃદ્ધિનું પૂછવું જ શું ? પાછો તું આવી મળ્યો, તો હવે આ પણ રાજ્ય સંભાળી લે, અને બંને રાજ્યલક્ષ્મીનો સ્વામી થા.' ચન્દ્રયશની કેવી ઉદારતા ! કેટલો વૈરાગ્ય ! વાત પણ સાચી છે કે મદનરેખાનો એ અધિકાર સાંભળી કોને વૈરાગ્ય ન થાય ? હજી ચન્દ્રયશની ઉંમર કાંઈ બહુ વહી ગઈ નથી; પરંતુ સંસારની દુઃખદ ઘટનાઓ જાણ્યા પછી દિલ જે ઉઠ્યા, તે ઉંમરને શું જુએ ? કાયરતા શી કરે ? વિષયોને ચાટવાના હવે શા અભરખા રહે ? દિલ જો ખરું ઉઠ્યું છે,તો તો પછી ઉઠ્યું તે ઉઠ્યું.

ચન્દ્રયશની આ ઉદારતા ભ્રાતૃવાત્સલ્ય વગેરે જોઈને નમિને હવે પ્રેમ ભારે ઉભરાયો છે. તે હવે ચન્દ્રયશ તો કહે, પણ પોતે રાજ્ય સ્વીકારી લેવાનું અને



મોટાભાઈને જતા કરવાનું કેમ જ કરી શકે ? જુઓ, આપણા ઉદારતાદિ ગુણોનો **કેવો સરસ પડઘો પડે છે. ક્ષમા, ઉદારતા, નમ્રતા આદિ આધ્યાત્મિક સામ્રાજ્યના ગુણો ભૂલી આપણે નકામા ઉતાવળા થઈ ભૌતિક સામ્રાજ્યના ક્રોધ, અહંકાર, સ્વાર્થ-લંપટતા વગેરે દોષોને આવકારીએ છીએ. એનો સામેથી એવો જ પ્રત્યાઘાત પડે છે.** નમિએ રાજ્ય લેવાની ઘસીને ના પાડી. ઉપરથી કહે છે,

'મોટાભાઈ ! બંને રાજ્ય તમારા, અને હું તમારો સેવક.'

'અરે ભલા ! હું તો એકનેય છોડવા માગું છું ત્યાં તું ઉપરથી મને બીજું વળગાડે ?'

'હાસ્તો, પિતાજીના સ્થાને તમે મળી ગયા પછી મારે શા માટે વડિલની શીતળ છાયા ન ભોગવવી ? **એવી ગુલાબી છાયામાં જે આનંદ છે, તે સ્વતંત્ર રહેવામાં નથી.'**

'અરે પણ તું તારું જ જોશે કે મારું કાંઈ જોઈશ ? માતાનું કરુણ જીવન ન જોયું ? પિતા દેવ સેવામાં હાજર થયા પછી ય એમણે શું કર્યું ? આ હું હવે ભૌતિક સામ્રાજ્યની લીલા સમા સંસારથી પૂરો થાક્યો છું. ભાઈ મારા ! સંસાર તો મેં બહુ જોયો, હવે તો આધ્યાત્મિક સામ્રાજ્યવાળો પ્રભુનો માર્ગ જોવો છે. **જીવન તો પાણીના રેલાની જેમ ચાલ્યું જાય છે ! અને માનવ-જીવનના અણમોલ કર્તવ્ય રહી જાય છે !** આવો ઉચ્ચ ભવ ! આ જિનશાસન ! અને અનંત કલ્યાણપ્રદ સંયમની સાધના ! કેટલો અદ્ભુત યોગ ! કેવી સુવર્ણ તક ! ફરી ફરી આ ક્યાં મળે ? હું તો આજ સુધી સંસારમાં રહેવાની ઈચ્છા નહિ છતાં રાજ્યભારને વહન કરવા સમર્થ પુરુષ નહિ મળવાથી આટલો વખત ફસાઈ રહ્યો છું. વિશેષ તને શું કહું ? હવે તો તું બંને રાજ્ય સંભાળી લે એટલે હું નીકળી જાઉં; અને અધ્યાત્મના પૂર્ણ સામ્રાજ્ય હેઠળ પવિત્ર અને ઉન્નત સંયમ જીવન જીવી લઉં.'

**કૃતજ્ઞતા અને શાસન પ્રભાવના :-**

ચન્દ્રયશે નમિને સમજાવી આગ્રહપૂર્વક મનાવી, રાજ્યગાદી ઉપર તેનો અભિષેક કર્યો; અને પોતે શ્રી જિનેન્દ્ર ભગવાનના મંદિરમાં ભક્તિ-મહોત્સવ કરી યાચકો વગેરેને વિપુલ દાન દઈ મહાન શાસન પ્રભાવના સાથે ચારિત્રપંથે પ્રયાણ કર્યું. શક્તિસંપન્ન માણસ અવસર પામીને શાસન પ્રભાવના ન કરે તો એ શક્તિઓ શા કામની ? **શાસન પ્રભાવક પ્રસંગો, ઉત્સવો વગેરે તો અનેકોને શ્રી અર્હત્ પરમાત્મા અને એમના ધર્મ પ્રત્યે આકર્ષિત કરે છે, પ્રશંસક બનાવે છે;** અને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ **ધર્મપ્રશંસાને સમ્યક્ત્વનું બીજ કહે છે.** અહીં માત્ર પ્રશંસા જ કરી, તો છેવટે ભવાંતરે પણ બોધિબીજ, સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું; વીતરાગ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પ્રણીત ધર્મની પ્રાપ્તિ થવાની. સેંકડો હજારો લોકોને આવા શ્રેષ્ઠ લાભ કરાવનારા **પ્રભાવનાના પ્રસંગો છતી શક્તિએ અવસર પામીને પણ ન ઉજવે, એની દેવાધિદેવ પ્રત્યે અને એમના ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા કેટલી ?** ત્યારે આવી અતિ આવશ્યક કૃતજ્ઞતા બજાવવી ચૂકે એ કેવા નવાં પાપ પણ બાંધે ! કેવા અંતરાય ઉપાર્જી ફરી આ અને બીજી શક્તિઓ મેળવવા નાલાયક બની જાય ! **કૃતજ્ઞતા તો પાયાનો ગુણ છે.** એના ઉપર ધર્મની ઈમારત ઊભી રહે છે. ત્યારે શું કૃતજ્ઞતાની ઉપેક્ષાને પાયાનો દોષ ન કહેવાય ? એના પર દૃઢ મોહની ઈમારત ન ખડી થાય ? **ભૌતિક સામ્રાજ્ય હેઠળ રહેવાની ગુલામી જ પરમાત્મા સરખાની પ્રત્યે પણ કૃતજ્ઞતા બજાવવાનું ભૂલાવે છે !**

**નમિને દાહ :-**

નમિ રાજાને મહાવૈભવની પ્રાપ્તિ થવાથી એ હવે ચક્રવર્તી રાજાની જેમ અસ્ખલિત શાસન ચલાવે છે; અને બંને રાજ્યને પાળે છે. શું છે આ ? મહાન પુણ્યનો ઉદય પણ જો જો હોં એના પર આફરીન થતા નહિ. **આ તો ગમે તેમ પુણ્ય તો ય સંસારના ઘરનાને ? એટલે ? એટલે એ, કે એ પાપના ઉદયથી કલંકિત ! માટે જ સુખમય સંસાર પણ અસાર ! સંસારમાં ભૌતિક સામ્રાજ્યની હકુમતમાં રહેવાનું એટલે કદાચ સુખનું મધ ચાટવાનું મળે ખરું, પણ તે તલવારની ધાર પર લગાડેલું ! અસાર સંસારના પુણ્યો પાપથી કલંકિત ! સુખ એ દુઃખથી કલંકિત !** નમિ રાજાને આટલો વૈભવ, વિશાળ અંતઃપુર, મહાસત્તાધીશતા,... વગેરે ઘણું છતાં એકવાર શરીરે મહાદાહનો વ્યાધિ ઉત્પન્ન થયો ! દેહમાં અગન અગન ઉઠી છે; વેદનાનો પાર નથી ! રાજ્યવૈદ્યો આવ્યા, અનેકાનેક કિંમતી ઉપચારો કરે છે, પણ કોઈ અસર નહિ ૧ દિવસ, ૨ દિવસ... ૧ સપ્તાહ, ૨ સપ્તાહ...૧ માસ, બે માસ,... પાપના ઉદયનું કામ જોરદાર ચાલ્યું ! અપાર પીડા છે ! દિન ને રાત બળું બળું થઈ રહ્યું છે. મખમલની શય્યામાં રાજા ગલોટિયાં લે તેથી શું ? અંતરના દાહ મોળા પડવા તૈયાર નથી. બીજાં બધાં પુણ્ય સાબૂત છે, પણ આ પાપોદયથી એવા નિર્બળ બની ગયા છે કે એ રાજાને સુખ આપી શકતા નથી ! એક વખત સારું લાગતું બધું હવે એકાએક અકારું લાગે છે ! દુઃખથી કલંકિત સુખની શી કિંમત ? શી વડાઈ ? માટે જ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા સંસારના સુખને પણ તુચ્છ, વિશ્વાસઘાતી, અને અવસરે બાળનારા કહે છે. **એવા સુખ ચાટવાના લોભે ભૌતિક સામ્રાજ્યમાં વસવાનું ભુંડું ! અહીંય બાળે અને ભવાંતરે ય બાળે !**

**ભવો સારાં છતાં પાપનો ઉદય ! :-**

છ છ મહિના વીત્યા, રાજાનો મહાદાહ મિટાવી શકાતો નથી ! જુઓ,



એમના પૂર્વના ભવો તો સુંદર હોવાનું સાંભળી આવ્યા છીએ, તો ક્યાંથી આવાં પાપ બહાર ફૂટી નીકળ્યાં ? કહો, પાપકર્મ તો અસંખ્ય ભવો પૂર્વેનાય ઉદયમાં આવે. મહાવીર પ્રભુને ઠેઠ ઋષભદેવ પ્રભુના વારામાં પોતે મરીચિ તરીકે બાંધેલું નીચ ગોત્ર નામનું પાપકર્મ કોડાકોડી સાગરોપમના અસંખ્ય વર્ષોમાં થયેલ અસંખ્ય ભવો પછી પણ ઉદયમાં આવ્યું ને ? શ્રી પાર્શ્વનાથ પ્રભુને ત્રીજા ભવથી ઉત્તમ જીવન છતાં ચોથા ભવે, છઠ્ઠા ભવે, આઠમા ભવે અને ઠેઠ છેલ્લા દશમા ભવે પણ ઘોર ઉપદ્રવકારી પાપ ઉદયમાં આવ્યા ને ? સમરાદિત્ય મહર્ષિને ઠેઠ પહેલા ભવથી માંડી નવેય ભવ સુધી ઘોર દુઃખ દેનારાં પાપ ઉછળી આવ્યાં ને ? એવું નમિ રાજાને બન્યું. માટે જ, **પુણ્યના વિશ્વાસ કરવા જેવા નથી; કે એનાં ગુમાન ધરવા જેવાં નથી. કયા ભવનાં પાપ ક્યારે ઉદયમાં આવે એનો કોઈ પત્તો નહિ. આ પણ સંસારની એક અસારતા છે કે એક તો કાળજૂનાં દેવાં અકાળે ભરપાઈ કરવાના આવે ! અને બીજું, એમાં ચમરબંધીની પણ શરમ ન રહે !** છ છ માસથી મહાદાહ મોટા રાજા જેવાને નાના બાળકની જેમ વ્યાકુલ કરી રહ્યો છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૧૮,તા.૧૧-૧-૧૯૫૮

## (૨૪) આધ્યાત્મિક પ્રવચન

**દુઃખ અશાતાના વધારે કે સ્નેહના ? :-**

નમિ રાજાની વ્યાધિ લંબાઈ રાણીઓ બિચારી આવા ગુણસંપન્ન પતિ ઉપર અત્યંત સ્નેહ અને સમર્પણ ધરનારી, એને સંતાપનો પાર નથી. માણસને જાતે દુઃખ હોય એના સંતાપ જે નથી થતા એ એવા સ્નેહપાત્રના દુઃખ પર સંતાપ થાય છે ! **તો શું સ્નેહ અશાતા વેદનીય કરતાંય વધુ દુઃખકારી છે ?** હાસ્તો, આ જુઓ જ છો ને ? તેમ, જાતે ય જીવનમાં ક્યાં અનુભવ નથી ? મરનાર મરી ગયા પછી પણ સ્નેહના પ્રમાણમાં જિંદગી સુધી હૈયાં સંતાપથી શેકાય છે ને ? બાળક પણ પોતાના દુઃખે જેટલું નથી રડતું એટલું માતાના દુઃખ જોઈ રડે છે. તિર્યંચમાં પણ એવું દેખાય છે. **અમદાવાદમાં જ એક વાંદરી** પોતાના બચ્ચાના મરવા પાછળ ઝુરી ઝુરીને મરી હતી ને ? લોકે કેટલુંય ખાવા-પીવા ધર્યું છતાં ભૂખે મરી ! સ્નેહના સંતાપની વાત પૂછો મા. **ભૌતિક સામ્રાજ્ય માથે ધર્યાના આ તાંડવ છે. એ જ સ્નેહ કરાવી સંતાપે છે. એમાં જ પંચભૂતતા પુતળા પર ઝુરવાનું થાય છે.** મહાપ્રભાવક શ્રી પાદલિપ્તસૂરિ મહારાજે લખેલી **તરંગવતી તરંગલોલા** કથામાં



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

તરંગવતી પૂર્વભવે પક્ષિણી હતી. તે પારધીના શિકારનો ભોગ બનેલ પોતાના પ્રિયતમ પંખીની વેદના પર ભયંકર તરફડી અને અંતે પતિના મરવા પાછળ અગ્નિમાં ઝંપલાવી જીવતી બળી મરી. શું દુઃખ બળી મરવાનું વધારે કે સંતાપનું દુઃખ વધારે ? કહો **સંતાપનું જ દુઃખ વધારે, કે જેનાથી બચવા જીવતી સળગી મરવાનું દુઃખ વહોરી લીધું ! એ સંતાપનાં કારમા દુઃખ શાની પાછળ ? સ્નેહની પાછળ. માટે જ જ્ઞાનીઓ કહે છે કારમા દુઃખનું મૂળ કારણ સ્નેહ છે; રાગ છે.** રાગને ને દુઃખને માપબંધી સંબંધ (Proportionate ratio) છે. **જેટલો રાગ વધારે તેટલું દુઃખ વધારે.** સર્વથા રાગરહિત વીતરાગને કોઈ દુઃખ નહિ, શરીર પરનું દુઃખ પણ શરીર પરના રાગના લીધે પડે છે, એ સમજી રાખજો. માટે તો મહાત્માઓ આધ્યાત્મિક સામ્રાજ્ય ધરી શરીર અને આત્માનું **ભેદજ્ઞાન** એટલું બધું આત્મસાત્ કરે છે, શરીર પરથી રાગ અને મમત્વ એવું નિર્મૂલ કરી દે છે કે જીવતાં પીલાતાં, જીવતાં માથે અંગારા વહતાં, લેશમાત્ર દુઃખી થતા નથી અને ઊલટું શુભધ્યાનની ધારા વધુ જ્વલંત બનાવી વીતરાગ સર્વજ્ઞ બને છે ! તરત જ વિદેહ બની મુક્તિપુરીમાં શાશ્વતા ધામ કરે છે !

**દુઃખી કોણ ? અને પાપ કોણ બાંધે છે ? :-**

**મહાત્મા ગજસુકુમાળે** માથે સોમિલ સસરે રચેલ માટીની પાળની વચ્ચે સોમિલ સસરે ખડકેલ ધખધખતા અંગારાથી બળતાં સ્થિર રહી એ જ વિચાર્યું કે **'જે બળે છે તે મારું નથી, અને મારું છે તે બળતું નથી.'** શું મારું નહિ ? શરીર, શું મારું ? આત્મા અને જ્ઞાન-ચારિત્રાદિ સમૃદ્ધિ. એ બળતા નથી, શરીર બળે છે. એમાં પોતાને શી ખોટ ? બળવા-મરવાની વાત તો પછી રોગમાં ય માંદું કોણ ? આત્મા અને જ્ઞાનાદિ ? ના, શરીર માંદુ. ભૂખ્યું-તરસ્યું કોણ ? શરીર. ગરમી-ઠંડી કોને ? શરીરને. અપમાન તિરસ્કાર કોના પર ? શરીર પર, પણ આત્મા અને જ્ઞાનાદિ સમૃદ્ધિ પર નહિ. તો પછી એમાં મુંઝવણ શી ? બેસે છે મગજમાં આ ? હા, છતાં જરા જરા શી પ્રતિકૂળતામાં ઊંચા-નીચા થાઓ છો, આકુલ-વ્યાકુલ બનો છો, અને જૂનાં પાપના નિકાલ વખતે નાખુશ થઈ કેઈ નવાં કષાયનાં પાપ સંગ્રહો છો ! તપ, જપ, પ્રભુભક્તિ વગેરે ધર્મક્રિયાઓ ભૂલો છો ! અનેક અભક્ષ્ય દવાઓ અને રાત્રિભોજન જેવાં પાપ આચરો છો ! ધન્ય તમારી સમજ !! માનવજીવનની આ કેવી વિટંબણા ! દુઃખી શરીર, અને પાપ બાંધે ગમાર આત્મા ! **ગમાર એટલા માટે કે દુઃખ દ્વારા થોડાં પાપ જ્યારે જવા તૈયાર થયા ત્યારે નવાં અઢળક પાપ ભેગાં કરી રાખે છે !** પૈસાના દુઃખે અનીતિનાં, ઘોર કર્માદાનનાં ભયંકર પાપ ભેગાં કરે છે ! શાના લીધે ગમારી ? જાતને એટલે



આત્માને દુઃખ માનીને ! ખરું જોતાં આત્માને તો દિવાળી છે, પાપકચરો સાફ થઈ રહ્યો છે. દિવાળીના દિવસોમાં કચરો સાફ થઈને ઘર ઉજળું બને છે ને ? તો, આટલો જ વિચાર દૃઢ બનાવો કે દુઃખી, ભૂખી, તરસી, કાયા બને છે, આત્મા કે એની જ્ઞાનાદિ ધર્મસમૃદ્ધિ નહિ. માટે પારકી એવી ક્રિયા વગેરે પરના એવા અંધરાગ છોડો, તો સુખી મહાસુખી થશો.

**આધ્યાત્મિક સામ્રાજ્ય માટે શું કરવું ? :-**

**રાગ નહિ, તો છતી કાયાએ કોઈ દુઃખ નહિ. રાગ છે, સ્નેહ છે, ત્યાં દુઃખ છે, કારમા સંતાપ છે.** રાગ ભૌતિક સામ્રાજ્ય કરાવે છે. એ છોડી આધ્યાત્મિક સામ્રાજ્યના સીમાડામાં વસવું હોય તો દુન્યવી વસ્તુ પરથી રાગ ઓછો કરતા ચાલો, સ્નેહ ઘટાડતા ચાલો, એની પાછળના સંતાપને વોસરાવી દો, ફગાવી દો, કહી દો **"તારી પાછળ હું શા માટે સ્નેહ-સંતાપમાં મરું ? શા માટે પાપી બનું ? સ્નેહ કરીશ તો તો મારા આત્મા પર, જેથી એ દુર્ગતિમાં ઘસડાઈ ન જાય. ભવની કટ્ટી કરે, વૃદ્ધિ નહિ. માટે જ સ્નેહ કરીશ તો પરમાત્મા પર, ધર્મગુરુઓ પર, દાનાદિ ધર્મ પર, ક્ષમાદિ ગુણો પર, અહિંસાદિ સદાચારો પર અને જ્ઞાનાદિ સમૃદ્ધિ પર. સંતાપ કરીશ તો આ બધાની ખોટ પર !"** આવું કોક કરી એને અનુકૂળ વર્તશો તો આધ્યાત્મિક સામ્રાજ્યમાં વસવાટ મળશે, જે જન્મોજન્મ અજવાળી દેશે ! મહાસુખમાં ઝીલાવશે ! કેવળ શરીર પર, કુટુંબ પર, માલ-મિલકત અને વિષયો પર, સ્નેહ કરતા રહેશો તો એ હિંસા-અહિંસા નહિ જોવા દે, અસત્ય બોલાવશે, અનીતિ કરાવશે, વિષયાસક્તિ અને વાસના-વિકારો પોષશે, માણસાઈ છોડાવી ક્ષુદ્રતા, રોષ, રોફ, માયાપ્રપંચ, ઈર્ષ્યા, વૈરવિરોધ, સ્વાર્થાંધતા વગેરે મેલાં ઊંચકાવશે ! આ બધું ભૌતિક સામ્રાજ્યનું કારસ્તાન ! પરિણામે દુર્ગતિની દીર્ઘ કેદમાં સબડી મરવાનું ! અને અહીં પણ એ સ્નેહની પાછળ સંતાપની લા'યો વેઠવાની.

**સ્નેહ પર બીજી દૃષ્ટિએ વિચારણા :-**

નમિ રાજાની રાણીઓને પતિના દુઃખ પર સંતાપ અપરંપાર છે, કેમકે પતિની પ્રત્યે સ્નેહ ભારે છે. આ સ્નેહને એક દૃષ્ટિએ વિચાર્યો. હવે બીજી દૃષ્ટિએ જુઓ. એમને પતિ ઉપર ભારે સ્નેહ અને સમર્પણ છે, તેથી પતિની શુશ્રૂષામાં જાતે ચન્દન ઘસી ઘસીને પતિને લેપ કરે છે, ચોવીસેય કલાક પાસે ને પાસે સેવામાં ખડે પગે રહે છે. આજની વાત ન્યારી છે ! પતિ નર્સોને સુપરત !

**એક હતા શેઠ :-** આજના કાળની એક ઘટના જુઓ. એક XYZ નગરમાં એક XYZ શેઠ બિમાર પડ્યા. દરદ ગંભીર જાણી ડૉક્ટરોની કોન્ફરન્સ બેઠી.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વિચારોની આપ-લે કરે છે પણ ઉપાય હાથ નથી લાગતો; ને શેઠને અકળામણ વધારે છે. તેથી પોતાના જૂના વૈદ્યને બોલાવવો 'પડ્યો'. પડ્યો એટલા માટે કે એ વૈદ્ય સાથે શેઠને કટ્ટી થઈ હતી. એનું કારણ એવું બનેલું કે એક વાર વૈદ્યના ઘરમાં આગ લાગી હતી. શેઠ તે સાંભળી વૈદ્યને બોલાવી કહે છે,

'કેમ ઘરને આગ લાગી ?' 'હા'

'બહુ બળ્યું હશે.' 'બળે તો ખરું જ ને ?'

'તો એમ કરો આપણે ત્યાંથી જે જોઈએ તે લઈ જાઓ.'

વૈદ્ય ચિડાઈને કહે છે, 'શું બોલ્યા ? તે હું ભિખારી-ભિખારી છું ? ખાવાનું ખૂટી ગયું મારી પાસે ? ચારના વચમાં આમ બોલતાં શરમ નથી આવતી ? આટલી બધી શેઠાઈની ખુમારી ? લાગણી હતી તો સીધા દસ વીસ હજાર મોકલી આપવા'તા ને ? તુમ શેઠ હો, તો તુમારે ઘરકે...'

**લક્ષ્મીનો નશો :-**

વૈદ્યની ઓજસ ભરી વાણી પર શેઠ ઝંખવાણા પડી ગયા કાંઈ બોલી ન શક્યા. બસ ત્યારથી વૈદ્યે ત્યાં જવાનું બંધ કર્યું, અને શેઠે પણ બોલાવવા બંધ કર્યા. **લક્ષ્મીનો નશો કેવો છે ! એ જગતને તુચ્છ લેખાવે છે ! ગર્વનાં ગિરિશ્રૃંગે ચઢાવે છે ! દીન દુઃખી કે ઓછા પૈસાવાળા પ્રત્યે અધમ વ્યવહાર આચરાવે છે ! એમાં ન બોલવાનો વિવેક, ન વર્તવાનો વિવેક, કે ન વિચારવાનો વિવેક ! ભારે અયોગ્ય વાણી, વર્તાવ, ને વિચારસરણી ! ભૌતિક સામ્રાજ્યમાં સારું શું જોવા મળે ? એ તો લક્ષ્મી છતાં આધ્યાત્મિક સામ્રાજ્ય માથે ધર્યા હોય તો ઉદારતા, નમ્રતા, ગુપ્તદાન, સાચી લાગણી, સૌમ્યતા વગેરે ઝળહળે !**

શેઠે વૈદ્યને બંધ તો કર્યા પણ અત્યારે તો બિમારી ગાઢ લાગે છે. ડૉક્ટરોના હાથ હેઠા પડ્યા છે, શું કરે ? કહે છે ને કે ગરજે ગધેડાને બાપ કહેવો પડે ? એ જ વૈદ્યને બોલાવવો પડ્યો. વૈદ્ય આવ્યો, શેઠની રૂમમાં જઈ, શેઠાણીને ન જોતાં 'શેઠાણી ક્યાં' એમ પૂછે છે, ત્યાં બાજુમાં ઊભેલી નર્સ કહે છે,

'ધીમેથી બોલો, શેઠ ગંભીર બિમારીમાં છે,'

વૈદ્ય તાડુક્યો, 'અરે ! ધીમેવાળી ! આઘી હટી જા આઘી ! તું પગારદાર શું સેવા કરતી'તી ? ક્યાં ગયા શેઠાણી ?'

શેઠાણી હાજર થયા. વૈદ્ય કહે છે, 'કેમ ? શેઠને આ અવસ્થામાં નર્સને સોંપી દીધા ? આ તમારું પતિવ્રતાપણું ? બસ, શેઠ સાજા, તો અમારા; ને માંદા તો નોકરના ? શરમ નથી આવતી આવા અવસરે શેઠાણીગીરી કરતા ? અત્યારે



તો ખાસ ચોવીસેય કલાક પાસે રહી જાતે સેવાનું કર્તવ્ય બજાવવું જોઈએ. એના બદલે આરામી ? **નિકટના સ્નેહી દરદીની પાસે બેઠા હોય, તો એથી દરદીના મનને કેટલો બધો આરામ લાગે !** આ પૈસા, બંગલા, ને મોટરો શું ઉપાડવાની ? એના કરતાં ગરીબની પત્નીઓ ભલી કે પતિને દરદમાં ખડે પગે સેવા કરી કેટલીય હુંફ આપે !' પણ ભૌતિક સામ્રાજ્યમાં રાચવાવાળા પાસે આ આશા શી ?

**ગુમાનનું ફળ :-** વૈદ્યે નાડી તપાસી કહ્યું, 'ફિકર કરવા જેવું નથી. દવા આપું સાંજના અડધો આરામ જણાશે, પણ એક પડિકીના રૂા. ૧૫૦૦/- પડશે. કહો તો મોકલાવું' સમજ્યા કેમ આટલી બધી કિંમત ? શેઠના ગુમાન ઉપર. દવા મંગાવી લીધી. ડૉક્ટરો માનતા કે આ શું કરશે ? પણ સાંજ પડતાં શેઠને આરામ જણાયો અને ડૉક્ટરો આયુર્વેદના ચમત્કાર પર મોંમાં આંગળાં ઘાલી ગયા !

**ભૌતિકનાં નાટક :-** આપણી વાત હતી નમિની રાણીઓના સ્નેહ અને સમર્પણની. આર્ય નારીને વાસના હોય, પણ બહુ મર્યાદિત ! પતિમાં જ સીમિત કરનારી ! પતિ એટલે એના હૃદયના દેવ ! એના જીવના પ્રાણ ! એની આગળ પરપુરુષની તો કોઈ કિંમત નહિ, પણ વૈભવવિલાસની અને સ્વાર્થની કોઈ ય કિંમત નહિ, કેમકે સ્ત્રીપણાના અવતારમાં એ બધા બચાવનારા નથી, પતિવ્રતાપણું બચાવનાર છે. આ સમજ આધ્યાત્મિક સામ્રાજ્યના ઘરની છે, ભૌતિક સામ્રાજ્યના ઘરની નહિ. ભૌતિકમાં તો આજે દેખાય છે તેવા ભવાડા જ હોય. પતિની ગંભીર સ્થિતિમાં પત્ની વીલ સંભારે, ને તાળાં તિજોરીની ગડમથલમાં હોય ! અને પત્નીની ગંભીર હાલતમાં પતિ નવીની શોધમાં હોય ! ભૌતિક સામ્રાજ્યમાં મિસ્ટરના સ્ત્રી Comrades મિત્રો જુદા ! ને મિસીસના પુરુષ મિત્રો જુદા ! ત્યારે વળી, કુમાર-કુમારિકાને ગમે તે કુમારિકા કુમારની સાથે હરવા ફરવાની છૂટ ! આર્યદેશની આ કેટલી અવદશા ! એનાં માઠાં પરિણામ આજે દેખો છો ને ? પવિત્ર આર્ય સંસ્કૃતિની ઘોર ખોદાઈ રહી છે ! આર્યદેશના શું કુંવારા કે શું પરણેલાને એ ગૌરવ નથી કે કેવી અમારી પ્રાચીન પવિત્ર આર્ય સંસ્કૃતિ માતા ! એના અમે સાચાં સંતાન બની આધ્યાત્મિક સામ્રાજ્યની હકુમતમાં રહીએ, અને નિર્દોષ, નિષ્પાપ અને પરોપકાર ભર્યું ધર્મજીવન જીવીએ !

**વિષયોની વેશ્યાગીરી :-**

નમિ રાજાની રાણીઓ સ્નેહ અને સમર્પણની રૂએ રાજાની પૂર્ણ સરભરામાં છે. પાસે બેસીને સ્વહસ્તે ચન્દન ઘસી ઘસી દાહજ્વરથી રીબાઈ રહેલા પતિને



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પોતાના સુંવાળા હાથે વિલેપન કરે છે ! પતિને શાતા આપવા મથે છે ! પગારદાર નોકર-નોકરાણી આમાંનું શું કરી શકે ? રાણીઓના અથાગ પ્રયત્ન છતાં રાજાને દાહ શમતો નથી એ એક કરુણ હકીકત છે. કર્મની આ વિટંબણા છે. જીવે પોતે ઉપાર્જેલાં કર્મનાં દારુણ અંજામ પોતાને ભોગવ્યે જ છૂટકો. એની આગળ સેંકડો સરભરા અને લાખો ઉપાય બેકાર ! નમિ રાજાને એવી કર્મવિટંબણામાં રાણીઓના સેવાકારી પ્રયત્નો પર એક વાર ઊલટી અસ્વસ્થતા વધે છે. એ કહે છે,

'આ કંકણોનો અવાજ મને વધુ પીડી રહ્યો છે.'

રાણીઓ ચંદન ઘસતી તેમાં કંકણો અરસપરસ અથડાઈ આ અવાજ કરતા હતા. **જુઓ ઇન્દ્રિયના વિષયોની આ વેશ્યાગીરી !** એક વાર પ્રિયતમાના જે કંકણનો રણકાર મધુરો લાગતો હતો, જીવને આનંદ પમાડતો હતો, એ જ અત્યારે દુઃખી કરી રહ્યો છે ! વેશ્યા શું કરે છે ? એક વાર જેને આનંદ પમાડ્યો, એને જ બીજા વખતે દુઃખ દેખાડે છે. વિષયસુખના ભૌતિક સામ્રાજ્યમાં એ જ બને. એ તો વિરતિના સુખવાળા આધ્યાત્મિક સામ્રાજ્યમાં ધર્મ એ સતીની જેમ ઠેઠ સુધી એક સરખી રીતે આનંદમાં મસ્ત રાખે.

**કંકણ ઉતાર્યા :-** નમિ રાજાની આ અવસ્થસ્થતા પર રાણીઓએ એકેકું સૌભાગ્યકંકણ રાખી બાકીના હાથ પરથી તરત જ ઉતારી નાખ્યા. હવે રાજાને અવાજ નથી સંભળાતો, નથી નડતો. તેથી એ અસ્વસ્થતા ટળી. એટલે પૂછે છે,

'કેમ હવે અવાજ નથી સંભળાતો ?'

રાણીઓ ઉત્તર કરે છે, **'પહેલાં હાથ પરના અનેક કંકણોનો અવાજ હતો; હવે એકેક કંકણ છ, તે કોની સાથે અથડાઈ અવાજ કરે ?'**

**ભેજું કામે લગાડો :-**

રાણીઓના આ બોલ પર રાજા ગંભીર વિચારમાં ચઢી ગયો. કેમકે અહીં એના ચારિત્રને રોકનારા આવરણભૂત કર્મબંધનો તૂટે છે. એટલે એને શુભ અધ્યવસાય પ્રગટે છે, શુભ વૈરાગ્ય-ભાવના ઉલ્લસે છે ! એ શી રીતે ? રાણીઓના શબ્દ પર રાજા તૂટી પડ્યો; ભેજું એમ કામે લગાડી દીધું. દુનિયામાં કેટલા રૂપિયા ખર્ચો તો ભેજું મળે ? ક્રોડો, અબજો ખર્ચતાં નહિ. એવું એ મહાકિંમતી ભેજું મળ્યાની કોઈ કદર છે, તે એને કચરાપટ્ટી વિચારોથી ખરડો છો ? કિંમતી ભેજામાં તુચ્છ વિચારો અને પાપવિચારોના ઉકરડા ભરતાં કોઈ આંચકો ન આવે ? આ ભેજું મળ્યાના તો મહામૂલ્ય આંકો. એનાથી ઉમદા ભાવનાઓ, તાત્ત્વિક ચિંતનો અને મહાપવિત્ર મનોરથોમાં રચ્યા-પચ્યા રહો. ન્યાલ થઈ જશો.



**એક શબ્દ પર વિચારોનું વૃક્ષ :-**

નમિ રાજા રાણીઓના એક બોલ પર ભવ્ય વિચારમાં ચઢી જાય છે. **એક શબ્દ પર તો વિચારોનું વૃક્ષ ઉગે છે ! આત્મા આધ્યાત્મિકતાની સન્મુખ હોય તો શુભ વિચારોનું વૃક્ષ ! અને ભૌતિકતાની સન્મુખ હોય તો અશુભ વિચારોનું વૃક્ષ ! મોં કંઈ બાજુ છે એના પર આધાર.** નમિ રાજાને પુદ્ગલના રમકડા તરફ જ દૃષ્ટિ હોત તો રાણીઓના મીઠા બોલ પર મુગ્ધ થાત ! અવાજ બંધ કર્યો એનો ધન્યવાદ આપીને એમના પ્રેમના સંસ્મરણ કરત ! એક મીઠા બોલ ઉપર કેઈ મોહઘેલી અશુભ વિચારણાઓનું વૃક્ષ ઉગાડત ! પરંતુ, ના, નમિ રાજાએ તો આત્મા તરફ મોં ફેરવ્યું છે; એ આધ્યાત્મિક તત્ત્વસન્મુખ દૃષ્ટિવાળા બને છે. રાણીના બોલ પર તત્ત્વચિંતનનું વૃક્ષ ઊભું કરે છે,

**વસ્તુ, વચન એનું એ જ; જેવું સામ્રાજ્ય તેવી ખતવણી; તેવી વિચારધારા. એક જ વસ્તુ પર, એક જ વચન પર ભૌતિક સામ્રાજ્ય હેઠળ જીવ રાંકડો એટલી ઊંધી, એટલી રાગદ્વેષભરી, એટલા વાસનાવિકારોને વધારનારી વિચારણા ઊભી કરે છે, કે જેની હદ નહિ પણ એથી શું પામે છે ! જાતે પોતાના જ સુખને દુઃખમાં પલટે છે ! ચિત્તમાં શાંતિને બદલે કલેશ ઊભો કરે છે ! દુર્ધ્યાન, દુર્ભાવનાઓથી મન બગાડી, સંસ્કાર બગાડી, નિરર્થક ઘોર પાપ બાંધે છે. બીજાને પણ જરૂર પડ્યે કલેશ અને કષાયમાં ઘસડે છે ! વાતાવરણ વિષમય કરી મૂકે છે !**

જો આના બદલે, **આધ્યાત્મિક સામ્રાજ્ય હેઠળ આવી જાય તો એ જ વસ્તુ કે વચન પર સારું વલણ લઈ સારી કલ્યાણકર વિચારધારા ઊભી કરી શકે છે; જેનાથી વાસના-વિકાર શમે છે ! દુઃખ સુખમાં પલટાય છે ! ચિત્તમાં અપૂર્વ શાંતિ પ્રગટે છે ! શુભ ભાવના ને શુભ ધ્યાનનો સ્રોત વહે છે !** બીજાને **પણ શાંતિ આપે છે, પ્રોત્સાહન આપે છે !** ભોંયરામાં ત્રણ દિવસ ભૂખી પુરાયેલી ચન્દનબાળાએ એ કેદની વસ્તુને મહાવીર પ્રભુના એકાંત જાપ માટે મળેલ અનુકૂળ અવસર તરીકે ગણી, ધના શેઠ પાસેથી આશ્વાસન લેવાને બદલે ધના શેઠને પોતે આશ્વાસન આપ્યું ! કેદની વસ્તુ એની એ, પણ ભૌતિકતાવાળો જીવ શોક કરે, પોક મૂકે, સ્વાત્મઘાતક પાપવિચારણા કરે; ત્યારે આધ્યાત્મિકતાવાળો લહેર માને, અને ઊંચી તત્ત્વવિચારણા કરે છે ! એથી વાતાવરણ પણ ખુશનુમા બનાવે છે ! **જીવન સુંદર જીવવાની આ કળા છે. હંમેશાં સારા વલણવાળાં બન્યા રહી દરેક વસ્તુને, દરેક વચનને લાભકારી રૂપમાં લો; ને શુભ વિચારોનું વૃક્ષ ઉગાડો; તે અનુસાર વાણી-વર્તાવ કરો.** આજ સુંદર જીવવાની કળા.



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

# (૨૫) આધ્યાત્મિક પ્રવચન

## • નમિ રાજાની વૈરાગ્યભાવના •

જુઓ, નમિ રાજા રાણીઓના આ બોલ ‘અનેક નથી તો સંઘર્ષ ક્યાં ?’ એના પર ભવ્ય વિચારણા કરે છે !

**“અહો, આ અનેક કંકણોમાં સંઘર્ષ થતો હતો; ત્યારે એકમાં સંઘર્ષ મટી ગયો ! તો દુ:ખ પણ ગયું ! જીવ જેમ જેમ અસંતોષ અને તૃષ્ણા વધારી બહુ પરિગ્રહ ભેગો કરતો જાય છે, તેમ તેમ એને સુખશાંતિ નહિ, દુ:ખ ને ચિંતા વધે છે. કંકણ એનો પ્રત્યક્ષ પુરાવો છે. તંત્ર જેમ મોટું, તેમ મનને કલેશ વધારે ! મોટાને મોટી હાયવોય !”**

**જેમ પરિગ્રહ વધે તેમ દુ:ખ પણ વધે :-**

“જીવ જેમ જેમ સંતોષ ગુમાવી બહુ પરિગ્રહ એકઠો કરે છે, તેમ તેમ એને દુ:ખ વધે છે. આ કંકણ એનું પ્રત્યક્ષ દૃષ્ટાન્ત છે. અભિમાનથી, ભ્રમણાથી ભલે પહેલાં સુખ દેખાય, પણ અંતે દુ:ખને જ લાવનારા બને છે. આ મારી પત્નીઓ છે, એના કંકણોનો રણકાર મીઠો છે, એવું હું આજસુધી ખોટી ભ્રમણામાં માનતો હતો, નહિતર આજે એના રણકાર કડવા કેમ લાગે ? તેમ એ પત્નીઓને પણ ભાર વધારનારા હતા છતાં એ ભ્રમણાથી સુખરૂપ માનતી હતી, આજે એ જ અનેક કંકણ અવાજ કરી મને દુ:ખી કરવાના કારણે પત્નીઓને પણ કડવા કેમ લાગ્યા ? કંકણ એના એ, છતાં મને અને એ પત્નીઓને એક વાર મીઠા, એક વાર કડવા, એનું શું કારણ ? જો કહીએ કે ‘સંયોગ ફરી ગયા માટે કડવા લાગ્યા.’ તો એનો તો અર્થ એ થયો કે અમુક સંયોગમાં એ સુખ આપે, બીજા સંયોગમાં દુ:ખ આપે; **એટલે ખરી રીતે કંકણ સુખરૂપ નહિ કે દુ:ખરૂપ નહિ, પણ સંયોગો સુખરૂપ કે દુ:ખરૂપ કહેવા જોઈએ.** એ સંયોગો પણ શું ગણાય છે ? આત્માની શાતા-અશાતાની અવસ્થા. એય ક્યાં નક્કી સુખ-દુ:ખરૂપ છે ? અશાતાને ખરાબ કહે છે, પણ ઘરનું કામ ન કરવું હોય એવી દેરાણી-જેઠાણી અશાતા આવે, તાવ બિમારી આવે તો તેને વહાલી કરે છે. એટલે **ખરી રીતે મનની અવસ્થા જ સુખરૂપ કે દુ:ખરૂપ છે. મન સારું તો બધું સારું, મન ખરાબ તો બધું ખરાબ.** માટે શું કંકણો કે શું પરિગ્રહ, એમાં સુખરૂપતા કંઈ જ નહિ, છતાં ઘેલો જીવ એમાં સુખ માની



મૃગજળ પાછળ દોડનારા હરણિયાની જેમ પરિગ્રહ વધારવા ખોટો દોડે છે. એથી, સંયોગ ફરતાં ઊલટું દુ:ખ પામે છે. ત્યારે **સંયોગો કોના શાશ્વત રહ્યા છે ? જગત એટલે જ ગતિશીલ; પરાવર્તનશીલ સંયોગોનું ઘર.** જીવની કેટલી મૂઢતા છે કે આવા સંયોગોમાં એ સુખની કલ્પના રાખી રહ્યો છે ! એવા સંયોગો વધાર્યે જવા મથી રહ્યો છે !’

**અનેકમાં ઘર્ષણ :-**

‘એવા સંયોગ વધ્યે સુખ શાના ? દુ:ખના પોટલાં ! **સંયોગો વધવાથી તો ઘર્ષણ વધે છે.** કંકણ એનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. અનેક હતા ત્યારે પરસ્પર અથડાતા અને મનેય અથડામણીમાં ઘસડતા ! માણસ એકલો હોય તે કોની સાથે અથડામણીમાં આવે ? પણ પછી પરણે એટલે પત્ની સાથે ઘર્ષણમાં આવે. એ ય ઓછું, પણ દીકરો થાય એટલે ઘર્ષણનું સ્થાન વધ્યું ! બે સંતાન થાય ત્યારે વળી વધ્યું ! કોઈની સાથે દોસ્તદારી બીજો સંબંધ બાંધો તો જ પાછળથી ઘર્ષણ ઊભું થાય. એકલે હાથે તાલી ન પડે. એકલું વાસણ કોની સાથે અથડાય ? એકલાનું કશું નહિ. **એકાકી જીવને ઘર્ષણના દુ:ખ જોવાનાં નહિ.** સિદ્ધ ભગવાન એકલા રહે છે તો એમને કોઈ દુ:ખ નથી. તેમ એ બીજાને પણ દુ:ખ દેતા નથી, દુ:ખરૂપ બનતા નથી ! કંકણ એકલા બન્યાં તો દુ:ખદાયી મટ્યાં, જીવ એકલાને બદલે શરીર સાથે બેકલો થાય છે તો જાતે ય દુ:ખ વહોરે છે, અને બીજાને દુ:ખી કરે છે. જ્યાં પોતાના શરીર સાથે સંબંધ થવાથી સંઘર્ષ વધે છે, દુ:ખ વધે છે, ત્યાં જગતનાં બીજા સગાં કે બીજી વસ્તુઓ સાથે સંબંધ વધવાથી સંઘર્ષ વધે જ, દુ:ખ વધે જ એ સહજ છે. તો હું પણ જો આ દાહ શાંત થઈ જાય તો એકાકીપણું અંગીકાર કરીશ. **આવા સંઘર્ષભર્યા જગતને વિષે હવે અનેકતામાં રહી દુ:ખી થવાની શી જરૂર છે ?** દાહ શમ્યા પછી ય અનેકતામાં રહું, **અનેકની સાથે સંબંધ રાખી બેસી રહું, તો પાછું ઠગાવું નહિ પડે, દુ:ખી નહિ થવું પડે એની શી ખાતરી ?** ભૌતિક સામ્રાજ્યમાં સંયોગોની ઘેલછા વધે, તેથી સંઘર્ષ વધે, દુ:ખ વધે. આધ્યાત્મિક હકુમત જ એવી ચીજ છે કે સંયોગ ઓછા કરાવી દુ:ખ ઘટાડી આપે. **જ્યારે મારું ગણાતું શરીર જ મને પીડી રહ્યું છે, ત્યારે બીજાના** શા ભરોસા ? બસ, **પૂરા સુખી થવું હોય તો સંયોગ માત્રથી મુક્ત બનવું જોઈએ. સંયોગ જેટલો ઓછો તેટલું દુ:ખ ઓછું, ને સુખ વધારે. સંયોગ બિલકુલ નહિ તો દુ:ખ બિલકુલ નહિ.** માટે દાહ શમે એટલી વાર, સંયોગો ત્યજી દઉં; કંચન, કુટુંબ વગેરે બહારના ય સંયોગો મૂકી દઉં અને રાગ-દ્વેષ વગેરે અંદરનાય સંયોગો મૂકી દઉં.”



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

આ શું કર્યું નમિ રાજાએ ? આધ્યાત્મિક સામ્રાજ્યના પણ વર્ચસ્વને સ્વીકારી લેવાનું, એની પરાકાષ્ઠાએ પહોંચી આધ્યાત્મિક એટલે એકલા આત્માના વર્ચસ્વને રાખવાનો નિર્ણય કર્યો અને બાહ્ય આભ્યન્તર બીજી બધી વસ્તુના વર્ચસ્વ મૂકી દેવા સજાગ બની ગયા. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

**"अप्पा चेव दमेयव्वो, अप्पा हि खलु दुद्दमो ।**
**अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ च ॥"**

-પોતાના આત્માનું જ દમન કરવું. કેમકે બીજાનું દમન હજી સહેલું છે, પણ આત્મદમન કઠિન છે; પાછું તે માનવભવમાં બહુ શક્ય છે, તેમજ એનાથી જ આત્મા આલોક-પરલોકમાં સાચો સુખી થઈ શકે છે. માટે અહીં આત્મદમન એ જ ખરું કર્તવ્ય છે.

**આત્માનું દમન એટલે શું ?**

**એ જ કે આત્મા પંચભૂતની પાછળ દોડાદોડ જે કરે છે, ભૌતિક સામ્રાજ્યના આદેશો પાછળ રાંકડો થઈ મજૂરી ઉપાડે છે, તેને અટકાવવો, તેને કબજામાં લેવો; અને આધ્યાત્મિક સામ્રાજ્યના કર્તવ્યોમાં ઓતપ્રોત કરી દેવો; આધ્યાત્મિક ગુણોરૂપી સંપત્તિ મેળવ્યે જવામાં ઉદ્યમ અને ઉદ્યોગશીલ કરી દેવો; દોષ-દુર્ગુણોનો હ્રાસ કરતાં ચાલવું; ઇન્દ્રિયોને તૃપ્ત કરવાની ચિન્તા છોડી દઈ આંતરિક અસંયોગિક તૃપ્તિ કેળવવામાં લાગી જવું; અજ્ઞાન અને મિથ્યાજ્ઞાનના, આવેશ અને પ્રવૃત્તિ ઓછા કરતાં કરતાં જ્ઞાનયોગની સુંદર રુચિ અને પ્રવૃત્તિઓ ખૂબ વધાર્યે જવી.**- આ બધું સાધે છે આત્મદમન. કષાયો, સંજ્ઞાઓ, શલ્યો, ગારવો, વિકથાઓ, દુર્ધ્યાન, ઇત્યાદિ **અશુભ ભાવોમાં પરોવાતા નિજના આત્મા પર કડક અંકુશ મૂકી ક્ષમાદિ ભાવો, દાનાદિ ગુણો, નિઃશલ્યતા-નિરહંકાર, ધર્મચિન્તા, શુભ ધ્યાન વગેરે શુભ ભાવોમાં લયલીન બનવું એ છે આત્મદમનનો માર્ગ.**

**નમિ રાજાને ઊંઘ આવે છે :-**

નમિ રાજા, એના દ્વારા આત્મા પર એકલું પોતાનું વર્ચસ્વ રહે, બીજા કોઈ પણ બાહ્ય-આભ્યન્તર સંયોગોનું વર્ચસ્વ ન રહે એ માર્ગ લેવા કૃતનિશ્ચય બની ગયા. જાણે એનો પ્રભાવ એવો પડ્યો કે એમને ઊંઘ આવી ગઈ; અને એમાં એક સુંદર સ્વપ્ન જોયું !

**સારી ભાવનાથી તરત પીડા જાય ? :-**

જો જો હોં, સારી ભાવના ઊભી કરીએ એટલે તરત બાહ્ય પ્રતિકૂળતા મટી જ જાય એવો નિયમ નથી. ધર્મ કરીએ એટલે તત્કાળ કષ્ટ વિખરાઈ જાય એ નક્કી



નથી. સીતા રાવણ જેવા સામે ય સતીત્ત્વમાં ખૂબ જ મક્કમ રહ્યા હતા. છતાં કલંક ચઢવાના ને વનમાં મૂકાવાના કષ્ટમાંથી બચી શક્યા નથી. ત્રિલોકનાથ મહાવીર પ્રભુનો ચારિત્રધર્મ ઘણો ઊંચો છતાં સંગમની છ માસ સુધીની કદર્થનાઓ છૂટી શકી નહિ. ત્યારે પૂછો ને કે,

**પ્ર.**- કદર્થના ઊભી જ રહેતી હોય તો પછી ધર્મ અને શુભ ભાવનાઓ શું કામની ?

ઉ.- અહીં સમજી રાખો કે **ધર્મ પરમ શાંતિ આપે છે; શુભ ભાવનાઓ અપૂર્વ બળ આપે છે; કદર્થનાના દર્દ મોળા પડી જાય છે, વેઠવાનું તો નિર્ધારિત છે પણ, આત્મા સાત્ત્વિકતાથી વેઠી શકે છે. આ તો પ્રત્યક્ષ લાભ ! અને પરોક્ષ લાભમાં નવી કદર્થનાઓ લાવનારાં પાપકર્મ આવતાં બંધ થાય છે; નવી પુણ્યાઈ ઊભી થાય છે; સદ્‌ગતિના રાહ ખુલ્લા થાય છે !** ત્યારે એવું પણ બને કે શુભ ભાવનાનું બલ વધી જાય અને ઉત્કટ પુણ્યોપાર્જન થાય તો તે આ ભવમાં ય ફળે.

**ઊંચા સ્વપ્ન પુણ્યે મળે, મહાપુણ્યોદય સૂચવે :-**

નમિ રાજાને શુભ ભાવનાના બળે કહો, કે અશાતા વેદનીય કર્મ ખપી જવાના યોગે કહો, ગમે તેમ પણ 'દાહ શમે એટલે એકાકી થઈ જાઉં' એ નિર્ણયાત્મક ભાવના ભાવી અને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પોતાને મેરુ પર્વત ઉપર સફેદ હાથી પર બેઠેલો જુએ છે. કેવું સુંદર સ્વપ્ન ! એક તો મેરુ પર્વત જ પ્રશસ્ત, જ્યાં અનંતા તીર્થંકર ભગવાનોના જન્માભિષેક સુરસુરેન્દ્રોએ ઉજવ્યા ! એના પર પાછો હાથી, એટલે પ્રશસ્ત પ્રાણી ! તે ય સફેદ એટલે વિશેષ પ્રશસ્ત ! એની ઉપર પોતે બેઠેલો, એ પોતાની ભાવી ઉન્નત સ્થિતિનું સૂચક ! પુણ્યશાળીને જ આવું સ્વપ્ન સાંપડે ! મહાપુણ્ય ઉદયમાં આવવાનું હોય તેને જ આવું સ્વપ્નમાં જોવા મળે ! નમિ રાજાને હવે મહાન ભાગ્યોદય જાગવાનો છે ! શાનો ભાગ્યોદય ? **વિનશ્વર** ચક્રવર્તી રાજા થવાનો નહિ, અબજોનું **માટીનું** ધન મેળવવાનો નહિ, પરંતુ અનંત ભવ પરંપરાના ઉચ્છેદક ચારિત્રરત્ન મળવાનો ભાગ્યોદય ! ભાગ્યોદય સમજવા જેવો છે. **અજ્ઞાન માણસ અર્થ-કામ મળે, દુન્યવી સુખ-સંપત્તિ મળે એને ભાગ્યોદય ગણે છે, પરંતુ ભૂલવા જેવું નથી કે એ બધાં ભવવર્ધક છે, દુર્ગતિપ્રેરક છે. ભાગ્યોદય તે કે જે મળવાથી ભવ કપાય, ને મોક્ષ નિકટ થાય; કર્મકચરો ટળે અને ક્ષમાદિ ગુણરત્નો મળે.**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

## ૨૬ આધ્યાત્મિક પ્રવચન

**ચમત્કાર ક્યાં ? :-**

નમિ રાજાને સુંદર સ્વપ્ન પૂરું થયું. પ્રભાતે જાગીને જુએ છે તો સમસ્ત દાહની પીડા શાંત થઈ ગઈ છે. છ છ માસથી જે પીડાનું માપ નહોતું, અપરંપાર પીડા હતી, તે હવે લેશમાત્ર નથી રહી. કેવો ચમત્કાર ! પણ ચમત્કાર શાથી લાગે છે ? એવી સમજથી કે ‘જીવને પીડા સાથે લાગેલી હતી, તે હવે હેં ? એકાએક લોપ ?’ **ખરી રીતે આત્માના અસલી સ્વરૂપમાં કોઈ પીડા જ નથી,** પછી એને લોપ શા ? એ તો એવી વિચારણા જોઈએ કે આ **શાતા-અશાતાના ઉદય વગેરે બાહ્ય ભાવો એ ઉપાધિઓના નાટક છે.** એમાં અશાતા મીટે તેથી જીવને નવું શું પામવાનું હતું કે આશ્ચર્ય થાય ? અને આશ્ચર્ય કદાચ થાય તો એ થાય કે ધર્મનો, ધર્મભાવનાનો કેવો રૂડો પ્રતાપ કે પીડા ટળી ! ચમત્કાર ધર્મની અસાધારણ તાકાતનો લાગે. નમિ રાજાને દાહનો દોષ ટળી ગયા પૂર્વેથી એવી આત્મિક સ્વસ્થતા ઊભી થઈ ગઈ છે કે હવે દોષ મટી ગયાથી ચમત્કાર લાગવાને બદલે ચિત્તનું સ્વાસ્થ્ય વધે છે. એમાં પાછું પોતાને પૂર્વ જન્મનું ત્યાં સ્મરણ થાય છે, અને એમાં ચારિત્ર ધર્મની ઉત્તમ આરાધના નજર સામે તરવરતી થઈ જાય છે ! એથી વળી વિશુદ્ધ સંયમભાવનાના માર્ગે આત્મપ્રયાણ વેગવન્તુ બને છે ! આત્મસ્વાસ્થ્ય વિશેષ જાગ્રત થાય છે ! ત્યાં પછી માત્ર અશાતા ટળ્યાના બહુ ચમત્કાર શા ? **ધર્મ કરતા જઈએ એમાં પ્રગતિ સાધી તો ગણી શકીએ કે આત્મસ્વાસ્થ્ય વધતું આવે.** બાહ્ય લાભના આધારે ધર્મનો મહિમા આંકવા જઈએ છીએ એટલે જ પ્રસંગે પાછું પડવાનું થાય છે. ‘અહો ! આણે ધર્મ કર્યો ને તત્કાળ ફળ્યો ! પૈસા બહુ મળ્યા ! ખૂબ સુખી થઈ ગયો ! લોક-પ્રશંસા ખૂબ મળી ! ગુરુમહારાજની ભારે કૃપાદૃષ્ટિ જાગી !...’ આ બધા બાહ્ય ચમત્કારમાં ધર્મની બાહ્ય તુચ્છ ફળ ઉપર જ આંકણી થઈ ! એમાં ખરા ફળ તરીકે જે આત્મસ્વાસ્થ્ય છે, તેને ભૂલી જવાય છે. **બાહ્ય ફળની કોઈ જ કિંમત ન આંકતાં આત્માનાં ક્ષમાશીલ સ્વરૂપ, સમભાવભર્યા પ્રશાંત સ્વરૂપ, નમ્રતા-ઋજુતાના તેજસ્વી સ્વરૂપ, વૈરાગ્યની મઘમઘતાવાળા સ્વરૂપ, તત્ત્વદૃષ્ટિનાં પ્રકાશમય સ્વરૂપ, જડસંગના ઝેર વિહોણાં ત્યાગરૂપી પ્રાણના ચૈતન્યવાળા સ્વરૂપ...** એમાં એમાં જ આકર્ષણ રહે. ધબકારા ત્યાગના ચાલે, સંગના નહિ,.... આવા આવા સ્વરૂપના મહામૂલ્ય અંકાય, એના જ કોડ જાગે, એ સાધ્ય બને, એવું હૃદય,



એવું દિલ, ને એવી દૃષ્ટિ બનાવી દેવી જોઈએ. પછી આત્મસ્વાસ્થ્યનો કંઈક કંઈક અનુભવ થવા માંડશે. ધર્મના ફળ તરીકે બાહ્ય પ્રાપ્તિમાં ઠરવાને બદલે જીવ આભ્યન્તર સ્વરૂપ શુદ્ધિમાં ઠરશે ! પછી એકે ધર્મ કર્યો, દાન દીધું, તપ કર્યો, પ્રભુભક્તિ કરી, ને લોકમાં એનું માન વધ્યું, લોકે બહુ માન્યા, ને આપણે ધર્મ કર્યો ને કોઈએ આપણને ન માન્યા, ન પ્રશંસ્યા, ત્યાં કરમાઈ જવાનું નહિ થાય; ઈર્ષ્યા કે નિરાશા નહિ થાય. બીજાનાં ધર્મભાષણ પર લોકે તાલીયો પાડી, ને આપણા ધર્મભાષણ પર એવો રાજીપો ન દેખાડ્યો, અથવા આપણી શક્તિના ટકા ઓછા આંક્યા, ત્યાં આપણને નિરાશા, નિરુત્સાહ નહિ થાય. આ તો જ બને કે જો આપણે ધર્મને બાહ્ય ફળ ઉપર ન માપતાં આન્તર સ્વરૂપશુદ્ધિ, ગુણવૃદ્ધિ કુમતિહ્રાસ વગેરે ઉપર માપતા રહીએ; ને આપણને આત્મસ્વાસ્થ્ય કેટલું મળ્યું, કેવું મળ્યું, એના ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરીએ. અરે ! ઊંચી ક્ષમા-નિસ્પૃહતાદિના સ્વાસ્થ્ય તો પછી, પણ આપણી ધર્મસાધના પર એટલું થાય કે ‘અહો ! કેવાં મારાં અહોભાગ્ય કે મને વીતરાગનો ધર્મ સેવવા મળ્યો ! કેવું સરસ પ્રવચન-પૂજન મળ્યું ! આમાં જીવનસમય કેવો સરસ સફળ થયો !’ આટલું થાય તો ય તે સ્વાસ્થ્ય છે. પછી ત્યાં લોકે સન્માન્યા કે નહિ તેના પર મન મદાર નથી બાંધતું. મન તો સમજી લે છે કે આપણું સુકૃત લોકે ન વખાણ્યું તો ય આપણા જીવનસમયને તો કૃતકૃત્ય કરી જ ગયું ! અર્હત્પ્રવચનારાધનારૂપે આત્માને ભાગ્યવાન બનાવી જ ગયું !

**કરશે તે પામશે, ગણતો રહેશે તે ગુમાવશે :-**

નમિ રાજા આત્માથી બહુ સ્વસ્થ બની ગયા છે. પુત્રને રાજ્યભાર સોંપી દે છે, અને દેવતા સાધુવેશ આપે છે તે લઈ સંસારના મમત્વ છેદી ચારિત્ર અંગીકાર કરી લે છે. ગુરુ વિના જ કોઈ નિમિત્ત પર વૈરાગ્ય પામીને જાતિસ્મરણાદિથી સાધુજીવનનું સ્વરૂપ સમજવાપૂર્વક જાતે સંયમ અંગીકાર કરાય તેને પ્રત્યેકબુદ્ધપણું કહેવાય. નમિ રાજા પ્રત્યેકબુદ્ધ બને છે. એમને સાધુવેશ દેવ આપે છે. અલબત્ત આમાં પૂર્વ જન્મની સાધના કામ કરે છે, પરંતુ એ સાધના ય કાંઈ ઉપરથી થોડી જ ટપકી પડી હતી ? જાતે કરી તો થઈ હતી. **સો વાતની એક વાત છે, જાગ્યા, સમજતા થયા ત્યારથી કરવા માંડો. કરશો એટલું પામશો. બાકી જેટલું ગણવા જશો કે શું કરીએ પૂર્વની સાધના ક્યાં છે, પુણ્ય ક્યાં છે, સંયોગ ક્યાં સારા મળ્યા છે, ગુરુ ક્યાં ઠીક મળ્યા છે,... એવું એવું ગણતા બેસશો તો ગુમાવશો એમાં તો પૂર્વ ભવની જેમ આ ભવના ય આવા કુસંસ્કારો આગળ ભવે સાથે રહેશે.**

**છતે સેવા કરનારાઓએ જીવ અનાથ :-**

નમિ રાજા હવે મુનિ બન્યા, નમિ રાજર્ષિ બન્યા. કુટુંબથી બોલાય એવું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

નથી; કેમકે છ છ મહિના સુધી એમની દાહની કારમી પીડા નજરે જોઈ છે. પોતે કોઈ નથી તો એને ઓછી કરી શક્યા કે નથી એમાંથી ભાગ પાડી શક્યા. એ બધા ગમે તેટલા ઉદ્વિગ્ન રહ્યા અને ગમે તેટલી સેવામાં ઊભા, પણ નમિની વેદનાનું શું ? અનાથીને પણ એવું જ બન્યું ને ? રાજા શ્રેણિકને એ કહે છે,

**'ગોરડી ગુણમણિ ઓરડી ચોરડી અબળા નાર;**
**(પણ) કોરડી પીડા મેં સહી, કેણે કીધી ન મોરડી સાર,**
**શ્રેણિકરાય ! હું રે અનાથી નિર્ગ્રંથ.**
**તેણે મેં લીધો સાધુજીનો પંથ, હું રે અનાથી નિર્ગ્રંથ.**

'હે રાજન્ ! મારી સેવામાં ખડે પગે કુટુંબે ય હતું અને ગોરી-રૂપાળી પત્ની ય હતી. પત્ની પાછી એવી કે ગુણરત્નોની ભરેલી ઓરડી. વિનીતતા, સહૃદયતા, કોમળતા, સમર્પિતતા, વગેરેથી મન હરી લેનારી. એ બધું છતાં શ્રેણિકરાય ! મારા ભાગે તો કોરી વેદના જ સહવાનું રહ્યું. કોઈએ મને એમાંથી બચાવ્યો નહિ ! ક્યાંથી બચાવે ? કેમકે એમાંથી કોઈ મારો નાથ નહોતો ! હું અનાથ હતો. એટલા જ માટે એવી અનાથદશામાં પડી રહી જીવન બરબાદ કરવાને બદલે અને આગળના ભવે વધુ અનાથ બનવાને બદલે મેં સાધુજીનો માર્ગ લીધો, મુનિપણાનું ચારિત્રજીવન અંગીકાર કર્યું.'

**ઈન્દ્રની પરીક્ષા :-**

આમ કરવામાં સ્નેહીઓ આડે શી રીતે આવી શકે ? નથીને ફરીથી બિમારી આવી અગર મૃત્યુ તો આવે જ, તો તે વખતે નાથ બની બચાવશે એની શું ગેરંટી આપી શકે ? નમિ રાજર્ષિ ચારિત્ર લઈ નીકળી પડ્યા. બસ, જ્યાં નગરની બહાર જઈ રહ્યા છે, એ વખતે ઈન્દ્ર અવધિજ્ઞાનથી એમના આ અતિ અદ્ભુત પરાક્રમને જોઈ હર્ષિત થાય છે ! છ છ માસની લા'યો શાંત પડ્યા પછી તો હવે નિરાંતે આરામી અને ભોગવિલાસ કરવાના કે કઠોર કષ્ટમય ચારિત્ર લેવાનું ? તે પણ મોટા બે રાજ્ય છોડીને ? તેય 'હવે એકેક કંકણ કોની સાથે અથડામણીમાં આવે ?' માત્ર એટલા બોલ પર ? ઈન્દ્ર આકર્ષાઈ જાય છે ! છતાં જાણે સ્વયં એમના વધુ પરાક્રમ દેખવા પરીક્ષા કરવા આવે છે, બ્રાહ્મણનું રૂપ કરીને. હવે અહીં જો જો પરીક્ષા કોઈ ઉપદ્રવની નથી કરવાની, પરંતુ મોહના પરિણામ જગાડે એવા યુક્તિબાજ મુદ્દા રજૂ કરવાની. એવા મુદ્દા કે જે સંસારમાં એમજ મનાય છે, અને જે કાચા-પોચાને લલચાવી પાડી નાખે. ત્યારે અહીં તો નમિરાજર્ષિ એના મહાન યુક્તિ અને તત્ત્વથી છલબલતા રદીયા આપે છે. બંનેનો સંવાદ જોવા જેવો



છે, અને વારંવાર મંથન કરવા જેવો છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં એનું આખું અધ્યયન છે.

## • ઈન્દ્ર અને નમિ રાજર્ષિનો સંવાદ •

નમિ રાજર્ષિનું સત્ત્વ જોઈ ભાગ્યશાળી બનવા માટે સત્ત્વ તપાસવા ઈન્દ્ર દેવલોકમાંથી આવે છે અને બ્રાહ્મણનું રૂપ કરી રાજર્ષિની પાસે ઉપસ્થિત થાય છે; થઈને આ પ્રમાણે પૂછે છે,

'હે નરાધિપ ! પ્રવ્રજ્યા તો પ્રાણિદયામૂલક કહી છે, અહીં તમે દીક્ષા લઈ ચાલી રહ્યા છો અને મિથિલામાં લોકોની મુંઝવણનો કોલાહલ ચાલી રહ્યો છે ! ઘરોમાં અને હવેલીઓમાં કરુણ શબ્દો સંભળાઈ રહ્યા છે ! એનું કારણ શું ?'

જુઓ, નમિ રાજર્ષિની દૃષ્ટિ હવે તત્ત્વજ્ઞાનથી એવી નિર્મળ બની ગઈ છે, આધ્યાત્મિક સામ્રાજ્યમાં એવી લીન થઈ ગઈ છે તો આનો કેવોક જવાબ આપે છે ! એ કહે છે,

**પંખેરા વૃક્ષનો સ્વાર્થ જોતાં નથી :-**

'મિથિલામાં એક શીતલ છાયા આપનારું મનોહર, બહુ પત્ર-પુષ્પ-ફળથી ભરેલું, અને અનેક રીતે લાભકારી એક ઝાડ હતું. હવે તે ઝાડ વાવાઝોડાથી હચમચી ઉઠ્યું એટલે એના ઉપર રહેલા પંખેરાં દુઃખિત અને અશરણ થવાથી કોલાહલ કરી રહ્યા છે ! કોલાહલનું આ કારણ છે.'

શું કહ્યું ? પોતે એક વૃક્ષ જેવા, બીજા એમના આશરે રહેતા હતા, હવે ઝાડ હચમચી ઉઠ્યું છે એમાં ઝાડનું બિચારાને શું થતું હશે એની ચિંતા કોઈને નથી. સૌ પોતાના સ્વાર્થને રડે છે ! પોતાની સ્વાર્થ ભાવનાથી દુઃખી થાય છે ! ઝાડ એમાં શું કરે ? દરેક પોતાનો સ્વાર્થ જુએ તો ઝાડ પણ પોતાનો સ્વાર્થ જુએ ને ? પોતાની હચમચી ઉઠેલી સ્થિતિનો પ્રતિકાર કરે ને ?'

ઈન્દ્ર, 'ત્યાં મહેલને આગ લાગેલી દેખાડે છે અને કહે છે, એ તો ઠીક, પરંતુ આ જુઓને તમારા મહેલને આગ લાગી છે, તો ભગવન્ ! એના તરફ તો જુઓ, અને એને તો બુઝવો.'

**મિથિલા બળે એમાં મારું કાંઈ બળતું નથી :-**

નમિ રાજર્ષિ કહે છે, 'હે વિપ્ર ! અમારી તો આમાં કોઈ ચીજ નથી; ને અમારે કંઈ જ મિલકત નથી તેથી સુખે જીવીએ છીએ અને સુખે વસીએ છીએ. પછી મિથિલા બળે એમાં અમારું કશું બળતું નથી. સાધુએ તો પુત્ર-સ્ત્રી-પરિવાર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વગેરે તો ત્યાગ કરી દીધા ! ઉપરથી મમત્વ ઉઠાવી લીધું છે ! તે સંબંધનું એને કંઈ પ્રિય નથી કે અપ્રિય નથી. સર્વ બંધનોથી મુક્ત અને એક માત્ર મોક્ષ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરેલા એવા એ સાધુને તો એની તત્ત્વશુદ્ધ દૃષ્ટિ અને એક માત્ર મોક્ષની સાધક જીવનચર્યા ખૂબ જ કલ્યાણકર છે.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૨૧,તા.૮-૨-૧૯૫૮

## ૨૭ આધ્યાત્મિક પ્રવચન

જનાવરના અવતાર કરતાં માનવનો અવતાર કેટલો બધો વિકસિત છે ! તો એવા અવતારના વિકાસ સાથે દૃષ્ટિ અને ચર્યાનો વિકાસ કેવો ઊંચો સાધવો જોઈએ એનું સુંદર સૂચન આપણને આમાંથી મળી રહે છે ! ભૌતિક સામ્રાજ્ય હેઠળ વિનશ્વર, પર અને દુઃખદ એવા જગતના પદાર્થો ઉપર સ્થિરપણાની, સ્વકીયપણાની અને સુખકારિપણાની દૃષ્ટિ ઘણી ધરી અને એની પાછળ સરવાળે નિષ્ફળ એવી દોડધામ પણ બહુ કરી, પરંતુ એમાંથી કંઈ સિઝ્યું નહિ, કંઈ જ કલ્યાણ થયું નહિ. તો હવે એવી ભ્રમ ભરેલી પોતાપણાની દૃષ્ટિ અને દોડધામ શા માટે ? ભ્રમણાના માર્ગે કલ્યાણ ક્યાંથી થાય ? નમિ કહે છે, 'मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण'- **મિથિલા બળે એમાં મારું કશું બળતું નથી, પછી શા સારું એની ચિંતા કરું ?'**

ઈન્દ્ર કહે છે, 'હે ક્ષત્રિય ! એ તો ઠીક, પરંતુ આ નગરને કિલ્લો કરાવો, દરવાજા, ભુંગળ વગેરે બરાબર કરાવો, શસ્ત્ર-સામગ્રી વ્યવસ્થિત કરો.'

**આધ્યાત્મિક નગર અને શસ્ત્રો :-**

નમિ રાજર્ષિ કહે છે, 'મહાનુભાવ જે મુનિ બને છે તે તો **શ્રદ્ધા** રૂપી નગરને સજે છે, બાહ્ય આભ્યન્તર તપ અને મહાવ્રતાદિ સંવરના દરવાજા તથા ભુંગળો બનાવે છે, અને મન, વચન અને કાયાની ગુપ્તિથી મજબૂત ક્ષમાનો એવો જબરદસ્ત કિલ્લો રચે છે, કે એમાં કોઈ દુશ્મનનું આક્રમણ ચાલી શકે નહિ ! ત્યારે શસ્ત્રમાં તો સત્પરાક્રમ રૂપી ધનુષ્ય, ધૃતિ અર્થાત્ રાગાદિની આકુલ-વ્યાકુલતાના અભાવરૂપી બાણ, સત્યની ઢાલ, તપનો ભાલો અને આવશ્યક સાધુચર્યાનું બખ્તર સજે છે. પછી એવા મુનિને બાહ્ય સંગ્રામ કોઈ ખેલવાનો રહેતો નથી, તો શા સારું બાહ્ય ઈંટ-ચૂનાના કિલ્લા અને માટીના શસ્ત્રોની શી મથામણ કરવાની ? એ તો



આંતર સંગ્રામ ખેલી પરમ વિજયવન્તા બની સંસારના બંધનમાંથી સદાને માટે છૂટી જાય છે.'

આ કેવું સુંદર આધ્યાત્મિક સામ્રાજ્ય ! માણસ જો મન દઈ વિચાર કરે તો આ સમજાય એવું છે. જેવી બહારની વસ્તુમાં સુખ-શાન્તિ અને સગવડની કલ્પના કરાય છે, એવી આંતરિક વસ્તુમાં કલ્પના કરવાની છે. પાછી એ કલ્પનાનુસાર વર્તન જબરદસ્ત કાર્ય કરે છે; આત્માને અપૂર્વ અને ચિરસ્થાયી નિરાંત આપે છે.

હવે ઈન્દ્ર કહે છે, 'એ બરાબર છે; પરંતુ તમે આ નીકળ્યા છો તો રહેવા માટે મહેલો, ઊંચાં સારા ઘર તો બનાવી રાખો !'

**માર્ગમાં ઘર કરે તે ભૂલો પડે :-**

નમિ રાજર્ષિ કહે છે, 'ઘર ક્યાં કરાય ? પ્રવાસના અધરસ્તે ? એમ ઘર કરવા જાય એ તો ભૂલો પડ્યો. સંસારના પ્રવાસમાં ક્યાંય સ્થિર તો ટકાવાનું નથી, પછી વચમાં કરેલું ઘર શા કામનું ? ઘર તો ત્યાં કરવું જોઈએ જ્યાં જઈને શાશ્વત રહેવાનું હોય.'

કેટલી ચોક્કસ અને સજ્ઞાનતાભરી દૃષ્ટિ ! કેવું સુંદર માર્ગદર્શન ! વાત સાચી છે **વચગાળા માટેની જીવનભરની મહેનત ! જેમાં પરિણામે મીંડું ! અને શાશ્વત સ્થાનની કોઈ મહેનત કે કોઈ વિચારણા સરખી નહિ ! જીવની કેટલી બધી મૂર્ખાઈ !**

ઈન્દ્ર કહે છે, 'એ તો યુક્તિયુક્ત છે, તો ભલે તમારા પોતાના માટે એવા મુકામની તૈયારી કરો, પરંતુ આ તમારા નગરમાં ચોર, ડાકુઓ વગેરે હોય તેને નિગ્રહમાં લઈ શાંતિ કરીને જાઓને.'

**ચોર-ડાકુ તો મિથ્યાત્વાદિ છે :-**

નમિ રાજર્ષિ કહે છે, 'મનુષ્યો પોતે જ પોતાનામાં મિથ્યામતિ અને એની પાછળ મન-વચન-કાયાની અસત્પ્રવૃત્તિ રૂપી ચોર-ડાકુ ઊભા કરે છે, તે ય વારંવાર ઊભા કરે છે; તેથી એમનું આત્મધન લૂંટાય છે અને મહાદુઃખ પામે છે. એમાં બહારના ચોર-ડાકુની શી કિંમત છે ? જે જીવો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની સાધના નથી કરતા તે બંધાય છે, અને જે કરે છે તે દ્રવ્ય અને ભાવ, બાહ્ય અને આભ્યન્તર, સર્વ પ્રકારના ચોર-ડાકુના ભયથી સર્વથા છૂટે છે.'

આધ્યાત્મિક સામ્રાજ્યની આ પણ દૃષ્ટિ ખૂબ જ વિચારપૂર્ણ છે. માણસ બહારના લૂંટારાને જુએ છે, અને અંદરના લૂટારાને જોતો નથી એટલે એને હાથે કરીને પગભર કરે છે. પોષે છે, પછી એ આત્માનું નિકંદન કાઢે એમાં શી નવાઈ ?

**શ્રદ્ધા :-** નમિ રાજર્ષિએ અહીં શ્રદ્ધાને નગરની ઉપમા આપી. એનો અર્થ એ છે કે સૌથી પહેલું શ્રદ્ધામાં વસવું જોઈએ. **શ્રદ્ધામાં વસીને જ પછી ઉપરની બધી સાધના-આરાધનાઓ કારગત થાય છે.** શ્રદ્ધાની બહાર નીકળી જઈને બીજી ગમે તેટલી સાધના કરે એની કોઈ કિંમત નહિ. જ્ઞાન પણ શ્રદ્ધાથી લેતાં વિકસે છે.

**ક્ષમા :-** બીજું ક્ષમાને કિલ્લો કહ્યો. **મોક્ષમાર્ગની સાધનાઓના સંરક્ષણ ક્ષમા-સમતાના કિલ્લાથી થાય છે.** જો એ કિલ્લો સલામત નહિ, તો એનો અર્થ એ કે ક્રોધ, વૈર, વિરોધ, અસમાધિ, ધમધમાટ વગેરે લૂંટારા ખડા છે; અને એમની હાજરીમાં બીજી લાખ રૂપિયાની સાધનાઓ લૂંટાઈ જાય છે, એળે જાય છે. **'ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ ફળ જાય.'** માણસ સમતા ગુમાવીને હિંસા કરી બેસે છે, અસત્ય બોલી નાખે છે, અન્યાય કરી બેસે છે, કલહ કરી બેસે છે, ઉપકારી પ્રત્યે પણ કૃતઘ્ન બનવા પ્રેરાય છે, ગુણીની નિંદા કરવા લાગી જાય છે... એમ **અસમતાથી કેટલાંય પાપ ઊભાં થાય છે, જે ધર્મસાધનાને ખેરવિખેર કરી દે છે.** માટે સમતાનો ક્ષમાનો કિલ્લો બરાબર જોઈએ.

**તપ-સંવર :-** તપ-સંવરને નગરના દરવાજાની આડે અર્ગલાઓ કહી, ભુંગળો કહી; જેથી શ્રદ્ધાના નગરમાં ચોટ્ટાઓ પેસી ન શકે. એનો અર્થ એ કે **શ્રદ્ધામાં ઘાલમેલ ન થવા દેવા માટે તપ-સંવરની જરૂર છે.** શ્રદ્ધા એટલે દેવ-ગુરુ-ધર્મની રુચિ. શ્રદ્ધા એટલે તત્ત્વની રુચિ. એ ખરેખરી તો જ ટકે અને વધે કે જો બાહ્ય તપ, બાહ્ય ત્યાગ, બાહ્ય સહન, અને આભ્યન્તર તપ, શુદ્ધિ, વિનય, જ્ઞાન-ધ્યાન વગેરે જીવનમાં ઝગમગતા રહે. સંવરમાં પરીસહો, શુભભાવનાઓ વગેરેમાં આત્મવીર્ય સારી રીતે ફોરવાતું હોય. આવી **સક્રિયતા વિના શ્રદ્ધા ટકવી-વધવી મુશ્કેલ છે; કેમકે શ્રદ્ધા હૃદયની વસ્તુ છે, અને હૃદયના ઘડતર તપ-સંવરની સક્રિયતાથી થાય છે.**

**ગુપ્તિ :-** નગરને સંરક્ષવા ગુપ્તિપાલો એટલે કોટવાલો જોઈએ. મન-વચન-કાયાની ગુપ્તિને કોટવાલ તરીકે બેસાડવાની છે; જે બરાબર ચોકી કરે; કોઈ કર્મ શત્રુને ચૂપકીથી પણ પેસવા ન દે. ગુપ્તિ એટલે અશુભનો નિરોધ અને શુભમાં પ્રવૃત્તિ. **માનસિક, વાચિક અને કાયિક ત્રણેય પ્રકારની એવી ગુપ્તિથી પાપકર્મને પેસવા જગા મળતી નથી.** એ જબરા ચોકિયાતો છે; પરંતુ એને સજાગ રાખવા જોઈએ.

**પરાક્રમ ને ધૃતિ :-** બસ, શ્રદ્ધા, સમતા, તપ-સંવર, અને ગુપ્તિ સુસ્થિત રાખ્યા પછી તો **પરાક્રમ, સદ્‌વીર્ય, ધૃતિ, વગેરે શસ્ત્રોથી કર્મની સામે જંગ ખેલ્યે**



**જવાનો.** એમાં કર્મોને મર્યે છૂટકો. શ્રદ્ધાદિ બધું છતાં ઉલ્લસિત પરાક્રમ પુરુષાર્થનો વેગ, વિઘ્નો સામે ધૃતિ એટલે કે અડગતા વગેરે જો ન હોય તો સર્વ કર્મ હટાવવા મુશ્કેલ છે. માટે કહ્યું એ પરાક્રમાદિ શસ્ત્રો જોઈએ.

ત્યારે આ રીતની આભ્યન્તર નગરની વ્યવસ્થા મૂકીને બાહ્ય ઈંટ-ચૂનાના નગરની વ્યવસ્થા કરવામાં આત્માનું શું લીલું વળે ? ઈન્દ્ર આ ઉત્તર સાંભળીને ય દિંગ થઈ જાય છે. નમિ રાજર્ષિની વૈભવ-વિલાસોના ત્યાગપૂર્વક ખીલેલી જ્ઞાનદૃષ્ટિ-આત્મજાગૃતિ, મોક્ષતમન્ના, વગેરે પર ઓવારી જાય છે !

**માર્ગમાં ઘર કે મથકે :-**

ફરીથી જ્યારે ઈન્દ્ર કહે છે, 'હે રાજન્ ! જરા મોટા મોટા મહેલો, હવેલીઓ, અટારીઓ વગેરે કરાવીને જાઓ ને.' ત્યારે નમિ રાજર્ષિ કહે છે, 'માર્ગમાં ઘર કોણ કરે ? એવી મહેનત તો માથે પડે; કેમકે ગમે તેમ તોય માર્ગ, એટલે ઉઠીને આગળ ચાલવું પડે; પછી ત્યાં બાંધેલું ઘર થોડું જ સાથે આવે ? આત્માને જ્યાં સુધી મોક્ષ નથી મળતો ત્યાં સુધી તો સંસાર બધો જ માર્ગ છે, એમાં પ્રવાસ કર્યે જ જવો પડે છે. મોટો ઈન્દ્રનો જન્મ મળે તોય તે માર્ગની વચ્ચે ! એટલે ત્યાં પછી મૃત્યુ થાય જ અને ઉઠીને ચાલતા થવું જ પડે ! તો પછી મોટા વિમાન પણ શું કામ લાગ્યા ? **संसयं खलु सो कुणइ जो मग्गे कुणइ घरं'** રસ્તા વચ્ચે ઘર કરવા બેઠો તે ભૂલો પડ્યો. ઘર તો જ્યાં સ્થિર મુકામ કરવો છે ત્યાં બનાવવું જોઈએ; અને તે માટેનો મારો પ્રયત્ન ચાલુ છે. મોક્ષમાં અનંતજ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઘર કરવાનાં છે, તેનું બાંધકામ એટલે અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્તરોત્તર ખીલવણી.'

નમિ રાજર્ષિના આ ઉત્તરથી તુષ્ટ થઈ ઈન્દ્ર વળી કહે છે, 'આ મિથિલા નગરીમાંના ચોર-ડાકુઓને વશ કરી નગરને ક્ષેમકુશળ કરી પછી જાઓને ?'

**મિથ્યાત્વાદિ એ ખરા ચોર-ડાકુ છે :-**

રાજર્ષિ કહે છે, 'બહાર ચોર-ડાકુ બિચારા આત્માનું કશું લૂંટી શકતા નથી એ લૂંટનારા તો અંતરના મિથ્યાત્વાદિ છે, મન-વચન-કાયાના 'દંડ' છે એટલે કે માનસિક કુવિચારો, વાચિક અસત્ બોલ છે, ને કાયિક કુપ્રવૃત્તિઓ છે. એ જે આત્માનું પુણ્યધન લૂંટે છે, ગુણસંપત્તિ લૂંટે છે, ધર્મવૈભવ લૂંટે છે, એમાં તો બિચારો આત્મા દરિદ્ર ચિંથરેહાલ બની પછી ઘોર દુર્ગતિમાં જકડાય છે, અનંતા દુઃખ પામે છે ! એ ચોરોને જો પ્રજા મૂકવા તૈયાર ન હોય, તો હું બહારના ચોર-ડાકુને વશ કરું તેથી એમનું ય શું વળે ? ને મારું ય શું કારજ સરે ?'

ત્યારે ઈન્દ્ર કહે છે, 'એ તો ઠીક. પરંતુ તમે છતે પરાક્રમે જો તમારા હરીફ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

રાજાઓને વશ નહિ કરો તો તમારે પોતાને ભય રહેશે, કીર્તિ નહિ વધે; માટે એમની સાથે સંગ્રામના પરાક્રમ દાખવી એમના પર વિજય મેળવીને પછી જાઓ. તો કીર્તિ ય વધશે. પછી એમ નહિ કહેવાય કે જીતવાનું બળ નહોતું એટલે બાવા થયા.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૨૨,તા.૧૫-૨-૧૯૫૮

## ૨૮ આધ્યાત્મિક પ્રવચન

**આત્મવિજય એ મહાવિજય :-**

**'एगं जिणेज्ज अप्पाणं एस मे परमो जओ' :-**

નમિ રાજર્ષિ કહે છે, 'ભલા માણસ ! તને ખરા પરાક્રમની ખબર નથી, એટલે આમ બોલે છે. જે માણસ બહારના યુદ્ધમાં હજારો સુભટોને જીતે એના કરતાં પોતાના એક આત્માને જીતે એ શ્રેષ્ઠ વિજય છે, શ્રેષ્ઠ પરાક્રમ છે. મને એ પસંદ છે. બહારના હજારો-લાખોને જીતવાથી શું વળ્યું જો પોતાનો આત્મા નથી જીતાયો ? અનાદિ અનંત કાળથી આત્મા પરમાં લોભાઈને લંપટ બનીને ઉચ્છ્રંખલ થઈ ગયો છે; અને અનેક પ્રકારના ઈન્દ્રિયોના ઉધમાત, વિષયતૃષ્ણા, ક્રોધાદિ કષાયો વગેરેના ઉધમાત કરી રહ્યો છે. વિજય તો એનો કરવાનો છે. એની સામે જંગ ખેલીને એને વશ કરી એના એ ઉધમાત મિટાવવાના છે. **'अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ?'** જ્ઞાનીઓની આ સોનેરી સલાહ છે કે યુદ્ધ કરે તો પોતાના આત્મા સાથે કર, બહારના સાથે ઝગડીને સરવાળે શું વળવાનું હતું ? એમાં તો ક્ષણિક કીર્તિ ને ક્ષણિક સંપત્તિ મળ્યા, પણ પછી ફરીથી દુશ્મન નહિ ઊભા થાય એની શી ખાતરી ? એ ભોગવવા આરોગ્ય રહેશે એનો શો ભરોસો ? અને છેવટે મૃત્યુ તો કર્મરાજ બકરાની જેમ ઉપાડી ચાલતો થઈ જાય છે અને ક્યાંય નરક-તિર્યંચની ગતિમાં ક્રૂરપણે રીબાતો કરી મૂકે છે. એમાં બાહ્ય સંગ્રામ જીત્યાના શા અરમાન રહ્યા ? જીત તો પોતાની ઈન્દ્રિયો અને ક્રોધાદિ કષાયો ઉપર મેળવી હોય તો ન્યાલ થઈ જવાય. ઈન્દ્રિયોનો વિજેતા અહીં પણ મહાસુખી ! કષાયોનો વિજેતા અહીં પણ મહાસ્વસ્થ ! બંને ય પરલોકના દીર્ઘકાળમાં પણ મહાસુખી ! મહાસ્વસ્થ ! માનવ જીવનમાં ખરી મહેનત કરવી હોય તો આ આંતરસંગ્રામની મહેનત કરવા જેવી છે. નિજના આત્માને એવો અંકુશમાં લઈ



લેવો, કે એ મનમાની રીતે વિષયો તરફ ઈન્દ્રિયોના ઘોડા ન કુદાવે, જ્યાં ને ત્યાં કષાયોના ઉકળાટ ન મચાવે.

**સંયમ એ શ્રેષ્ઠ ધર્મ :-**

ઈન્દ્ર કહે છે, 'હે ભગવન્, તમે મોટા યજ્ઞ કરાવો, શ્રમણો અને બ્રાહ્મણોને દાન દો, વડિલોને જમાડો, પછી તમે જાઓ.'

નમિ રાજર્ષિ કહે છે, 'મહાનુભાવ ! કોઈ માણસ મહિને મહિને લાખ ગાયનું દાન કરે એના કરતાં પણ સંયમ વધુ શ્રેયસ્કર છે, પછી ભલે તેમાં એક રાતી પાઈનું દાન કરવામાં ન આવતું હોય.' આનું કારણ સ્પષ્ટ છે, સંયમમાં પહેલું મહાવ્રત અહિંસાનું, તે અનંતાનંત જીવોને પોતાના તરફથી અભયદાનરૂપ ! એટલે મહાધર્મ ! એની સામે ગાયનાં દાન શી વિસાતમાં ? એમ ચારિત્રમાં તો કુટુંબ-પરિગ્રહ વગેરે બધા ઉપરના રાગનો ત્યાગ; એની પાછળના અનેક દ્વેષાદિ દોષોનો ત્યાગ. એની આગળ રાગ-દ્વેષાદિ ભર્યા ગૃહસ્થજીવનની કેટલી કિંમત ? ભલે ગાયોનાં દાન કરાતાં હોય તેથી શું ? નમિ રાજર્ષિની તત્ત્વ ઉપર કેવી ચોંટ લાગી છે, તે જોવા જેવું છે. એકાદવેળા વૈરાગ્યનો ઉછાળો આવી જાય તો ચારિત્ર તો લઈ લેવાય, પરંતુ ચારિત્રના મર્મ અને ભાવનું રગેરગમાં પરિણમન એક જુદી વસ્તુ છે. આ ય માત્ર ચારિત્રમાં શું, કોઈ પણ ધર્મમાં લાગુ થાય છે. ધર્મ હૃદયમાં તત્ત્વરૂપે પરિણામ પામી જાય એની બલિહારી ઓર છે. અંતરમાંથી પોકાર ઉઠે કે ધર્મ આગળ જગતની વડાઈ, માન-પાન અને ઋદ્ધિ-સમૃદ્ધિ તુચ્છ તણખલાની તોલે છે, તારક ધર્મક્રિયાઓ આરાધવા સાથે ધર્મ પર, તત્ત્વ પર ચોંટ લગાડી દેવા જેવી છે. એ માટે ખૂબ ખૂબ સાધુભક્તિ અને સાધુનો સંસર્ગ, જેને શાસ્ત્રકારો યોગાવંચક કહે છે, તે સાધવો જોઈએ. સાથે એમના કહેલા ઉપર હૃદયમાં રાત-દિવસ આંતર મનન, મન્થન અને શુભ ભાવનાઓના પ્રવાહ વહેતા કરી દેવા જોઈએ. તમારી વર્ષો જૂની ફરિયાદ છે કે,

**ફરિયાદ :-** 'સાહેબ ! વ્યાખ્યાન સાંભળતી વખતે તો અમને તત્ત્વ સચોટ બેસી જાય છે, દિલ વૈરાગ્યમાં ચઢે છે, કર્તવ્યોના દર્શન થાય છે, પરંતુ અહીંથી ઉઠ્યા પછી જ્યારે વિષય-કષાયના પ્રસંગમાં આવીએ છીએ ત્યારે પાછા કર્તવ્ય ભૂલીએ છીએ. ત્યાં વ્યાખ્યાનની અસર નથી રહેતી.'

**સમાધાન :-** પરંતુ આની પાછળનું કારણ વિચાર્યું છે ? ના, તમે તો જાણે માન્યું કે વ્યાખ્યાનના અક્ષર એટલે મંત્રાક્ષર. હવે એ પ્રસંગ આવ્યે યાદ કરીએ એટલે ચમત્કારિક કાર્ય થવું જોઈએ. વચમાં બીજી કોઈ મહેનતની જરૂર નહિ' જ્યાં અનંતાનંત કાળથી મોહનાં ઝેર ચઢી ગયા હોય, ત્યાં ઉપદેશના અક્ષર એમજ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ક્યારેક કોરા યાદ કરો તેથી શું વળે ? ઉપદેશના અક્ષર જરૂર મહામંત્ર છે, પરન્તુ અંતર આત્મામાં પરિણમાવ્યા હોય ત્યારે. અહીં સાંભળીને અહીં હેઠું મૂકો તે ન ચાલે. સાંભળ્યા પછી એ આત્માની પૂંઠે લાગી જવું જોઈએ. સાંભળેલાને સીધું તરત ભાવનાના પ્રવાહમાં ઉતારવું જોઈએ. કલાકોના કલાકો, ને દિવસોના દિવસો હૃદયની ચોંટ સાથે એની ભાવના-રટણા ચાલે, તો અંતરમાં પરિણામ પામે. પછી એ અવસરે ઉપયોગમાં આવી શકે. અધ્યાત્મનાં સામ્રાજ્ય એમને એમ નથી જામતાં ! વૈરાગ્ય, ક્ષમા, આદિની ભાવનાના પૂર આત્મક્ષેત્રે સતત ખળખળ વહેતાં રહેવા જોઈએ. નમિ રાજર્ષિએ ભલે ટૂંક સમયમાં, પણ કર્યું છે; તો ચારિત્ર પર ચોંટ લાગી છે, અને કહે છે, 'ક્યાં મહામૂલું ચારિત્ર ! અને ક્યાં લાખ ગાયનું દાન !'

**કપરો અને કિંમતી તો ચારિત્રમાર્ગ છે :-**

ત્યારે ઈન્દ્ર કહે છે, 'હે રાજન્ ! તમે કપરો ગૃહસ્થાશ્રમ છોડી દો છો, અને બીજું સહેલું ચાહો છો, પરન્તુ ખરૂં જોતાં તો તમારે ધીરતા અને બહાદુરીથી ગૃહસ્થાશ્રમ ચલાવી ઘરવાસે પોષધ વગેરેમાં પુરુષાર્થ કરવો જોઈએ.'

નમિ રાજર્ષિ કહે છે, 'હે વિદ્વાન બ્રાહ્મણ ! પ્રતિજ્ઞાપૂર્વક સંસારના સર્વ સંબંધો છોડ્યા વિના કોઈ માણસ મહિના-મહિનાના ઉપવાસ કરે અને પારણું અતિ અલ્પ અને તુચ્છ આહારથી પણ કરે, છતાં એ આગમમાં કહેલા મહાવ્રતવાળા ચારિત્ર ધર્મરૂપ ચન્દ્રની સોળ કળાની એક કળા જેટલી પણ કિંમત નથી ધરાવતો. કપરાં તો એ મહાવ્રતો છે, કપરો તો સંસારત્યાગ છે ! મન-વચન-કાયાએ સંસારથી અલિપ્ત થઈને આત્મામાં સ્થિર રહેવું તે કપરૂં છે ! તે કિંમતી, મહાકિંમતી છે !'

**ઈચ્છા આકાશ જેવી અનંત છે ! એનો અંત નથી :-**

ત્યારે ઈન્દ્ર પૂછે છે, 'તો હે ક્ષત્રિય ! તમે આવા પરાક્રમી છો, તો એક વાર ખજાને સુવર્ણ-મણિ-માણેક વગેરે અને વસ્ત્ર-વાહનાદિને વધારીને પછી જાઓ તો કેમ ?'

મહર્ષિ એનો ભવ્ય ઉત્તર કરે છે. એ કહે છે,

**'सुवर्णरूप्यरस उ पव्वया भवे...इच्छा उ आगाससमा अणंता ।**

જો મહાભાગ ! તું આશાઓ ધરીને સુવર્ણ આદિ વધારવાનું કહે છે, પરન્તુ તને ખબર છે કે માનો એમ કર્યું અને સુવર્ણના મોટા પહાડ ભેગા કર્યા, તે ય મોટા હિમાલય જેવા અને અસંખ્ય પ્રમાણમાં એકઠા કરી લીધા, છતાં એકવાર માણસ આશામાં પડ્યો, પછી લોભી બનેલા એને એ ય ઓછું પડે છે ! વધુ ને વધુ મેળવવાની લગની રહે છે, ઈચ્છા રહે છે; કેમકે ઈચ્છા તો આકાશ જેટલી અનંત



છે ! આકાશનો છેડો આવે તો ઈચ્છાનો છેડો આવે .' જગતના પદાર્થને એકવાર કિંમતી માન્યા, જરૂરી માન્યા, અને એના પર રાગ ધર્યો, પછી એની ઈચ્છાની પાતાળસેરો ફૂટે છે ! એ ઈચ્છાનાં વહેણ સતત ચાલુ ! ભલે ને ઘણું મળ્યું, પરન્તુ મૂળમાં એનાં આકર્ષણ ઊભાં કર્યાં છે ને ? બસ, ચાલ્યું એનું વિકસવાનું ! વિષયરૂપી ઈંધણ ઈચ્છારૂપી અગ્નિને કેમ શમાવી દેવાને બદલે વધુ ને વધુ પ્રદીપ્ત કરે છે ? આ જ કારણે કે ઈચ્છાના મૂળમાં જડની આસક્તિ આકર્ષણ અને મૂલ્યાંકન ઊભાં કર્યાં છે, તે વધુ ને વધુ મેળવવાની ઈચ્છાને પગભર રાખે છે. એ તો તો જ મીટે કે એ આસક્તિ અને મૂલ્યાંકન જ કાપી નાખવામાં આવે. એ ગયા પછી ઈચ્છા જ શું કામ થાય ? રાજર્ષિ કહે છે, 'એવા ઈચ્છાના અનંત સાગરમાં તણાઈ ન જવા માટે બાહ્ય તણખલાની પણ કિંમત અને ઈચ્છા નથી કરવાની. મોટાં પૃથ્વીનાં રાજ્ય મળે, ધાન્યના કોઠારો મળે, સુવર્ણના ઢગલા મળે, ઢોરોના વાડા ભરાય, છતાં એ બધું આત્માને તૃપ્ત કરવા સમર્થ નથી. માટે જ સુજ્ઞ પુરુષોએ એ બધાની લપ છોડી એક માત્ર તપમાં લાગી જવા જેવું છે, ઈચ્છાનિરોધ એ એક મોટો તપ છે; અકિંચન જીવન એ એક મોટો તપ છે; એથી જ જીવ તૃપ્ત બની શકે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૨૩,તા.૨૨-૨-૧૯૫૮

## ૨૯ આધ્યાત્મિક પ્રવચન

**તત્ત્વદૃષ્ટિ ક્યારે જાગે ? :-**

ઈંદ્રે ઘણા પ્રશ્નો કર્યા, એવા પ્રશ્નો કે દુનિયામાં જેના ધોરણ અનાદિ કાળથી ચાલ્યા આવે છે. ભવાભિનન્દી જીવો એવી જ ગણત્રી કરી બેઠા હોય છે; પછી ભલે એ ગણત્રી મુજબ જીવન ચલાવવા પાછળ એ જીવનમાં કેઈ ક્લેશો અને પર જીવનમાં કેઈ વિટંબણા તથા ત્રાસ ભોગવવા પડતા હોય. જીવન અનંતા વહી જવા છતાં, એ મિથ્યા ગણત્રીઓ ઉપર નમિ રાજર્ષિએ જે તત્ત્વદૃષ્ટિ આપી તે ક્યાંય જાગતી નથી. આશ્ચર્ય તો એ છે કે તિર્યંચ વગેરેના મૂઢ જીવનમાં તો તત્ત્વદૃષ્ટિ કદાચ ન જાગી. પરન્તુ આ ઊંચા માનવભવમાં શું છે ? એની એ ઘેલી ગણત્રીઓ જ ને ? કોણ કરાવે છે એ ? ભવાભિનન્દીપણું, પુદ્ગલરસિકતા, વિષયાસક્તિ, પરરમણતા, એ જો મંદ પડે, એ ભવ, એ પુદ્ગલ, એ વિષયો અને એ પર પદાર્થોમાં અમૃત નહિ પણ ઝેરનાં દર્શન થાય, ગુલામીનાં દર્શન થાય, દીર્ઘ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દુર્ગતિના નિમંત્રણ દેખાય અને ભય જાગે, તો પછી એની સામે મોક્ષાભિલાષ, આત્મદૃષ્ટિ, વિષયવૈરાગ્ય, અને સ્વાત્મરમણતાને પ્રગટવાનો અવસર મળે. ત્યાં નમિરાજર્ષિએ સમજાવેલ તત્ત્વોના પ્રકાશ દિલમાં રમતા થાય. ઇંદ્ર તો સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે, એટલે સ્વયં તત્ત્વને સમજનાર હોય છે, પરન્તુ અહીં માત્ર નમિ રાજર્ષિના સત્ત્વનું પારખું કરવા પ્રશ્નો મૂકે છે. એમાં જેમ જેમ તાત્ત્વિક ઉત્તરો સાંભળે છે, તેમ તેમ એ મહાન આનંદ અનુભવે છે. હવે એ છેલ્લો પ્રશ્ન પૂછે છે,

'હે ક્ષત્રિય ! આ તમે હાથમાં રહેલા ભોગસુખોને તરછોડી રહ્યા છો અને ભવિષ્યના સુખની કામના કરી રહ્યા છો તો એમાં શું તમને મૂઢતા નથી દેખાતી ? મનના કલ્પેલા ભાવી સુખ ખાતર વર્તમાન હસ્તગતને છોડી દેવું એ તો મૂર્ખાઈ જ કે બીજું કાંઈ ?'

પરલોકની વાત આવે ત્યાં દુનિયાના જીવોને આમ જ લાગે છે કે 'આ ભવમીઠા પરલોક કોણે દીઠા ?' નમિ રાજર્ષિ તો હવે એ અજ્ઞાનતાભરી દૃષ્ટિમાંથી બહાર નીકળી ગયા છે, એટલે બ્રાહ્મણવેષમાં રહેલા ઇંદ્રને સુંદર ઉત્તર આપતાં કહે છે,

'હે સુજ્ઞ પુરુષ ! હું કાંઈ ભાવી ભોગસુખોની આશાએ વર્તમાન ભોગોને નથી ત્યજતો. કેમકે જ્યારે અજીર્ણના યોગે શરીરમાં દોષો ઊભા થયા હોય ત્યારે વળી અજીર્ણ વધારનારૂં ઘૃતપાન કોણ કરે ? અર્થાત્ ઘી કોણ પીએ ? ભોગોના યોગે તો અનેક કલેશો ઉપસ્થિત થયા છે, હવે ભવિષ્ય માટે પણ એવા ભોગ કોણ પસંદ કરે ?'

જીવન સમગ્ર વિચારવામાં આવે તો આ સમજાય એવું છે કે જ્યાં ભોગની વાત છે ત્યાં જ સર્વ પ્રકારની પીડાઓ, અશાંતિ અને મુંઝવણ છે, ત્યાં જ રાગ-દ્વેષાદિ અપરંપાર દોષોના દેખાવ છે. ત્યાગની વસ્તુ હોય ત્યાં તો એ બધા શાંત પડી જાય છે; આત્માને સ્વસ્થતા સમાધિ અને આંતરિક સુખનાં દર્શન થાય છે. નમિ મહાત્મા કહે છે, "ભાવી ભોગોની લાલસા કરવી એ તો રોગ વધારવાનો ધંધો છે. મારે હવે એનો કોઈ ખપ નથી." એ કહે છે,

'હે મહાનુભાવ સમજજે કે

**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।**
**कामे य पत्थेमाणा अकामा जन्ति दुग्गइ ॥**

-શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શરૂપી વિષયોના ભોગ એ તો શલ્ય છે, ઝેર છે, ઝેરભરી દાઢવાળા સર્પ જેવા છે. એની કામના કરનારા જીવો ભલે ઇચ્છે નહિ છતાં દુર્ગતિના પ્રવાસી બને છે.'



શું કહ્યું ? ઇન્દ્રિયોના મનગમતા વિષયોના ભોગ એ શલ્ય છે અર્થાત્ શલ્યની જેમ હૃદયમાં ઘાલ્યા કે પછી એ ભૂલ્યા ભૂલાતા નથી. જીવને એને હરામચસકો લાગે છે. સિંહ-વાઘને એકવાર લોહી ચાખવા મળે પછી એનો ચડસ લાગે છે. કહેવાય છે ને કે વાઘે લોહી ચાખ્યું ! એક સરકસવાલો જે રોજ સિંહના મોંમાં માથું નાખી એને ઊંચકવાનો ખેલ કરતો હતો તેના ગળા પર એકવાર સિંહનો દાંત બેસી ગયો એટલે સિંહને સહેજ લોહી ચાખવા મળ્યું પછી શું પૂછવાનું ? સિંહે તરત જ માથું કરડી ખાધું. જન્મથી માંડી લોહી-માંસ ચાખવા સરખું નહિ મળેલું, એને એકવાર પણ મળ્યું એટલે એનો સ્વાદ એના હૃદયમાં શલ્યની જેમ ચોંટી ગયો ! એની સુષુપ્ત આસક્તિ જાગ્રત થઈ ગઈ. હવે એ જાગેલી આસક્તિને કાંટાની જેમ દિલમાંથી ઉખેડી નાખવી મુશ્કેલ ! એનો હરામચસકો એવો લાગે છે કે પછી નવ નવી વિષયપ્રાપ્તિની લાલસા બની રહે છે. નમિ રાજર્ષિનું કહેવાનું તાત્પર્ય એ છે કે **વર્તમાન ભોગને છોડી ભાવી આત્મસુખના માર્ગે લાગી જવું એમાં મૂર્ખાઈ નથી, એનું કારણ એ જ કે ભોગોની આસક્તિને દિલમાં ઘાલ્યા પછી તો એ એવી વધે છે કે ભોગનાં સાધન ખૂટે, ભોગનો સમય એટલે કે આયુષ્ય ખૂટે, પણ ભોગની આસક્તિ મિટતી નથી.** ભોગની ભૂખ કારમી વધે છે. પછી એમાં આત્મા-પરમાત્માનો વિચાર સરખો અવકાશ પામી શકતો નથી, તેમ એ આસક્તિ હોય અને કાયમ ભોગ મળ્યા જ કરે એવું છે નહિ; એટલે વિચારો કે મળવાનું કંઈ નહિ અને ભૂખ ભયંકર, એ સ્થિતિમાં આત્માની દશા કેવીક દુઃખભરી !

વળી રાજર્ષિ કહે છે, 'ભોગો એ ઝેર છે, ઝેરી સર્પ જેવા છે,' એટલે ? ઝેર ખાનાર કે ઝેરી સર્પથી ડસાનાર માણસને પીડાનો પાર નહિ, અને ભયંકર મોતને વશ થવાનું. ઇન્દ્રિયના વિષયોના ભોગમાં લુબ્ધ થનારની પણ એવી જ દશા ! માત્ર એવી નહિ, બલ્કે એથી ય મહાભયંકર દશા ! ભોગાસક્તિના ઝેરની પાછળ રિબામણ એવી કે એમાં કોઈ શુભ વિચારનું સ્વાસ્થ્ય નહિ, ક્ષમા-સંતોષાદિ કોઈ ગુણોની સ્વસ્થતા નહિ, કોઈ તત્ત્વચિંતનની શાંતિ નહિ ! આગળ-પાછળ સંતાપ પણ એટલો ! **દુનિયાનાં ઝેર કે ઝેરી સર્પ સારા કે એ માત્ર એક જ જીવનમાં સંતાપે, પણ ભોગરૂપ ઝેર તો ભવોભવ સંતાપે !** તે ય દુર્ગતિમાં ઘોર ત્રાસ આપીને ! ત્યારે દુનિયાના ઝેર સારાં કે એ એક જ વાર મૃત્યુ આપે; પણ ભોગરૂપી ઝેર મૃત્યુ ય એકવાર નહિ, પણ અનેકવાર આપે ! કારમી દુર્ગતિના જન્મ-મરણની ધારા ચલાવે છે ! **ભોગોની કામના કરી એણે તો દુર્ગતિને છંછેડી !** પછી એ ઇચ્છે કે ન ઇચ્છે પણ દુર્ગતિ એને વળગે જ છે. દુર્ગતિમાં



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

બળાત્કારે જવું જ પડે છે. આ છે કરુણ કથની ભોગોની. ત્યાં એ ભલેને આજે હાથવેંતમાં હોય, પરન્તુ હાથવેંતમાં રહેલા ઝેરના લાડુની જેમ એનો ભોગવટો કેમજ કરાય ? એનો સંગ પણ કેમ રખાય ? ઝેરનો લાડુ છોડી દીધા પછી ભૂખ્યા રહેવું પડે તો ય એ કેટલું મોટું દુઃખ ? અને ઝેર ખાઈને મહાત્રાસપૂર્વક કિંમતી જીવન આખાનો નાશ થાય એ કેવુંક મહાન દુઃખ !

મહર્ષિને ઈંદ્ર જે વર્તમાન ભોગોને આશ્ચર્યકારી અર્થાત્ બહુ ઊંચી કોટિના અને મહાસુખદાયી કહે છે તે આવા, ઝેરના લાડુ જેવા છે, શલ્યરૂપ છે. ઝેરી કાંટાનું શલ્ય શરીરમાં રહી જાય તો તે કહોવાય છે, પાકે છે અને મહાન આપદા ઊભી કરે છે. એમ ભોગો પણ ચિત્તમાં એવા ખૂંચી જાય છે કે એની કુવાસના ઉંડી જામી જાય છે; અને તેના યોગે જીવને જન્મો સુધી આપદાનો પાર નથી રહેતો. કેમકે જામી ગયેલી વાસનાનું જોર ઘણું અને પુણ્યના અભાવે જન્મોજન્મ ભોગો મળવાનું ઠેકાણું નહિ, પછી મનના બગાડાનો પાર નહિ ! શોક, ઈર્ષ્યા, હાયવોય, સંતાપ વગેરે રાત ને દિવસ ચાલુ.

નમિ રાજર્ષિ કહે છે, 'આમ કામ-ભોગો શલ્ય જેવા અને ઝેર જેવા હોઈને ભલે અહીં હસ્તગત હોય તો ય એમાં શું મોહવું હતું ? એમાં શું સારાપણું જોવું'તું ? ત્યારે વળી તું કહે છે કે તમે અસત્ એવા ભોગોની વાંછા કરો છો. પરંતુ સમજ કે એવી મને કોઈ વાંછા નથી, પછી તું જે કહે છે કે તમે સંકલ્પથી દુઃખી થાઓ છો, એ વસ્તુ જ ક્યાં છે ?'

**સંકલ્પ-વિકલ્પના દુઃખ :-**

વાત સાચી છે કે શલ્ય અને ઝેર સમા ભોગોમાં સુખ વસ્તુ ગત્યા છે જ નહિ એટલે એવા ભાવી ભોગો માટેની કામના, ભવિષ્યમાં મેળવવાના સંકલ્પ પણ નિષ્ફળ છે. પરંતુ અજ્ઞાન જીવો 'હું આ વખતે આ ભોગ મેળવીશ ! પછી આ મેળવીશ ! મને આ વિષયો મળશે, આ વિષયો બહુ સુખ આપશે...' વગેરે વિકલ્પો કરીને કેવળ સંતાપ જ પામે છે. જીવનમાં આવા વિકલ્પો થતા સંતાપના દુઃખ ઘણાં, હજી વર્તમાનમાં તો કાંઈ ન હોય છતાં ભવિષ્યના વિકલ્પો કરી કરીને જીવ દુઃખી થાય છે. મળવાનું તો ભાગ્યને આધીન છે, એમાં જીવનું કશું ઉપજે એવું નથી. છતાં માણસ સંકલ્પ-વિકલ્પોમાં રીબાય છે, એમાં ને એમાં જ મરે છે. ભોગો મનમાન્યા મળે નહિ, મળવાના હોય નહિ, અને કદાચ મળે તોય તે વિનશ્વર, ઊડી જવાના ! છતાં એના સંકલ્પ-વિકલ્પોમાં કુવાસનાના શલ્ય દૃઢ થાય છે, એમાં ઝેર અનેક જન્મ-મરણના ઘોર ત્રાસ આપે છે.

મહાત્મા નમિ કહે છે, 'હે વિપ્ર ! ઈન્દ્રિયોના વિષયોના ભોગોની પાછળ



જીવ જે ક્રોધ કરે છે, અભિમાન કરે છે, માયા ખેલે છે, લોભ કરે છે, તેનાં કટુ ફળ તું જાણે છે ? એ ક્રોધ વગેરે જીવને નીચી ગતિમાં લઈ જાય છે. ક્રોધ, દ્વેષ, તિરસ્કાર, ઈર્ષ્યા, રીસ વગેરે ભોગોની પાછળ સુલભ. એમાં જીવ દુર્ગતિદાયી પાપ બાંધે છે. એમ અભિમાન, અહંકાર, પ્રપંચ, કપટ, પોલીસી, તૃષ્ણા મમતા લાલસા લંપટતા વગેરે બધું ભોગોની પાછળ બહુ સુલભ, પણ એનાથી જીવની સદ્ગતિ રૂંધાય છે, દુર્ગતિ ખુલ્લી થાય છે. અનંતા કાળ જીવ આમ ને આમ ભોગની ઘેલછા પાછળ દુર્ગતિની રીબામણના કાઢ્યા હવે એ આવેશ શા માટે ? હવે તો મોક્ષસુખના જ એટલે કે પર વિષયોની અપેક્ષા પરવા છોડી દઈ આત્મસુખના જ આગ્રહ ધરવા જોઈએ. પેલા આગ્રહ છૂટી ગયા પછી શલ્યો મરી પરવારશે, અને ક્રોધાદિ પાપોને દેશવટો દેવાશે. આત્મ સુખના આગ્રહ ધર્યા પછી ક્ષમા, સમતા, નમ્રતા, સરળતા, સંતોષ, નિસ્પૃહા વગેરે અનંત કલ્યાણદાયી ગુણોને પગભર કરશે. પછી દુર્ગતિ બંધ અને સદ્ગતિ સિદ્ધ થશે.'

**જ્ઞાનદૃષ્ટિ અને સાત્ત્વિક વૃત્તિ :-**

નમિ રાજર્ષિએ ઈન્દ્રના અનેક પ્રશ્નોના ઉત્તર ખૂબ જ તત્ત્વથી છલબલતા અને જીવનમાં હૈયે કોતરી રાખવા લાયક અને અમલમાં ઉતારવા લાયક આપ્યા. ઈન્દ્ર તુષ્ટ થઈ ગયો. મહર્ષિની ઊંચી જ્ઞાનદૃષ્ટિ અને આત્મ સત્ત્વ ઉપર ઓવારી ગયો. ઓવારી જ જાયને ? જીવનમાં જ્ઞાનદૃષ્ટિ અને સાત્ત્વિકવૃત્તિની મહાબલિહારી છે ! **જ્ઞાનદૃષ્ટિથી મોહદૃષ્ટિ હટે છે અને સાત્ત્વિકવૃત્તિથી તામસી અને રાજસી વૃત્તિઓ શાંત પડે છે. ત્યારે એટલું યાદ રાખો કે સંસારમાં જીવને ભમાવનાર હોય તો મોહદૃષ્ટિ અને તામસી રાજસ વૃત્તિઓ છે.**

**મોહદૃષ્ટિના યોગે,** જીવ જગતમાં જે કાંઈ જુએ છે તેને રાગ, યા દ્વેષ, યા લોભ, યા ક્રોધ, કે અહંત્વ યા મમત્વ, આવા આવા ભાવથી જુએ છે; કોઈ પ્રસંગ આવે તો ય આવા ભાવથી એને લેખવે છે. આ ભાવો મોહના ઘરના છે. એની દૃષ્ટિ પછી વસ્તુના સારાસારનો વિચાર કરવા દેતી નથી; ત્યારે એની પાછળ વિચાર, વાણી અને વર્તાવ ઊંધા થાય, અહિતકારી થાય એમાં શી નવાઈ ? **જગતમાં સઘળા અનર્થોનું મૂળ મોહદૃષ્ટિ છે.** ધરમૂળમાં ઊંધી ગણત્રી એ જ કરાવે છે; ઊંધો હિસાબ એ મંડાવે છે. પછી આગળ ગણિત ખોટું જ થાય ને ? સત્તર પંચા પંચાણું માંડી એના ઉપર જેટલો હિસાબ ગણાય, જવાબ સાચો ક્યાંથી આવે ? એમ દા.ત. દારુડિયો રાગની દૃષ્ટિથી દારુને સરસ અને તાઝગી આપનારો જુએ, પછી ઢીંચવામાં શું બાકી રાખે ? પરિણામે પાગલતા અને ખુવારી બંને ! એમ મોહમદિરાના દારૂડિયા તરીકે જગતને પણ રાગથી જોવાના પાયા ઉપર જ

આખા જીવનની પાપપ્રવૃત્તિઓ ચાલે છે. એમાં આત્માનું ભાન લેશ પણ ન રહે અને પરલોકમાં મહાખુવારી નીપજે એ સ્વાભાવિક છે.

**ત્યારે જ્ઞાનદૃષ્ટિ** એથી જુદી જ છે. એ વસ્તુના સમ્યગ્જ્ઞાન ઉપર વસ્તુને લેખાવે છે. રાગ કે દ્વેષ કે લોભ, કશું જ આગળ કરવાની વાત નહિ. માત્ર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ જ આગળ કરવાની. તત્ત્વના ધોરણે વસ્તુને પ્રસંગને કે પ્રવૃત્તિને માપવાના ! તાત્કાલિક અને પરિણામે શી અસર, તથા કેટલી આવશ્યકતા એનો બરાબર ખ્યાલ કરી લેવાનો. એમાં અનિચ્છનીય હોય, અનિષ્ટ હોય તેને (૧) પહેલું તો શક્યતાએ ટાળવાનું. (૨) ન જ ટાળી શકાય એમ હોય તો એના પ્રત્યે અનાસ્થા, અણગમો, ભય, કંપ વગેરે બરાબર જાગતા રાખવાના. (૩) એમાં ય જે જે રીતે શક્ય હોય તે તે રીતે એવાય પ્રસંગ, પ્રવૃત્તિ કે પદાર્થને ઈષ્ટ સાધક કેમ બનાવાય, એમાંથી ય આત્મહિતના રસ્તા કેમ કાઢી લેવાય એ ધ્યાન રાખવાનું. દૃષ્ટાંત તરીકે પુણ્યના ઉદયે જરૂર કરતાં પણ પૈસા વધારે મળે છે અને જીવની તૃષ્ણા હજી શમતી નથી. તેથી લેવા ગયા, અને લીધા. ત્યાં એના ઝેર આત્મામાં ન ચઢે તેમજ પુણ્યની સિલિક સદ્ધર રહે એ માટે એના ઉત્તમ કોટિના જિનભક્તિ, દાન, સાતક્ષેત્રની ભક્તિ વગેરેમાં વાળી દેવાનું કરાય. પક્વાન્ન જમણ જમ્યા વિના રહેવાતું નથી, ને જમ્યા, તો એના પર ખાસ વિશિષ્ટ ધર્મસાધના ઊભી કરાય. જ્ઞાનદૃષ્ટિ જાગતી હોય તો આ બને; પણ એટલું ધ્યાનમાં રાખજો કે આનો અર્થ એ નથી કે પૈસા લેવા જતાં પહેલાં કે પક્વાન્ન જમતાં પહેલાં એ ખુશમિશાલ પગ માંડનારો હોય. એ માટે પહેલાં જ કહ્યું છે કે એ શક્ય બને તેટલું તો ટાળનારો, અને ન જ ટાળી શકાય તો એમાં હૃદયની ભારે અરુચિ, અનાસ્થા, ભય અને કંપ અનુભવે. એમ થાય કે 'ઉત્તમ ચારિત્રમાં લઈ જવા લાયક આ ભવ્ય ભવને હું ક્યાં આ વિષય-કષાયની ગટરમાં રગદોળી રહ્યો છું ! એકેન્દ્રિયપણામાંથી માંડ નીકળી માંડ આટલે ઊંચે ચઢેલા મારું શું થશે !...' ઈત્યાદિ. એમ બીજાની સાથે શત્રુવટ કરતાં પહેલાં વિચારવાનું કે 'શું ખરેખર શત્રુ આ છે કે મારાં પૂર્વનાં પાપ છે ? એ ન હોય તો સામો મારું શી રીતે જ બગાડી શકે ? માટે આ તો બિચારા ઉપલક નિમિત્ત છે; ખરું નિમિત્ત તો મારાં પૂર્વ કૃત કર્મ છે. એમાં ય નિમિત્ત મારો પૂર્વે દુષ્કૃત કરનારો આત્મા જ છે...' અથવા 'સારું થયું મને આ સાવધાન કરનારો મળ્યો. બધું ઠીક ઠીક બની આવતું, બધા ઠીક ઠીક મળી આવતા, તેથી અનુકૂળતાના મોહની નિદ્રામાં હું ઘોરતો હતો. આણે ઠીક જાગ્રત કર્યો ! આણે ઠીક ક્ષમાદિ કેળવવાની તક આપી !...' આવી બધી જ્ઞાનદૃષ્ટિ છે. નમિ રાજાએ એ ઊભી કરી તો કંકણના સંઘર્ષમાંથી વૈરાગ્ય ઊભો કર્યો.



**તામસ-રાજસભાવ :-**

જ્ઞાનદૃષ્ટિ સાથે સાત્ત્વિક વૃત્તિ જોઈએ. તો જ જ્ઞાનદૃષ્ટિ જાગવા છતાં કાયરતા નિઃસત્ત્વતા ન નડે; અને સત્પુરુષાર્થ ન અટકે. નહિતર તો માણસ તત્ત્વને સમજવા છતાં નિઃસત્ત્વતાના હિસાબે કેટલાંય પાપો અને કેટલાય દોષોની ગુલામી ભોગવે છે ! એ **નિઃસત્ત્વતાને તામસ અને રાજસભાવો પોષે છે.** તામસભાવ અનેક પ્રકારની મેલી લાગણીઓ, જેવી કે, ગુસ્સાની, અહંકારની, મત્સરની, નિર્દયતાની, અસત્ય-અનીતિની, વિષયાંધ આસક્તિની... ઈત્યાદિ લાગણીઓ કરાવે છે. ત્યારે એના ઉપર રાજસભાવ હિંસાદિ કેઈ પાપોમાં દોડધામ કરાવે છે. આરંભ-પરિગ્રહની પ્રવૃત્તિઓમાં રચ્યોપચ્યો રાખે છે. ઉમદા માનવભવના મહામૂલાં કલ્યાણ કર્તવ્યોનો કોઈ વિચાર નહિ, કોઈ પ્રવૃત્તિ નહિ, દિવસ અને રાત પેલી જ દોડધામ; પેલી જ પ્રવૃત્તિશીલતા ! જડ પદાર્થનાં સુખ, એની સગવડ, એના લાલન-પાલન અને માન-સન્માન વગેરેની ભૂખ પાછળ મથ્યા કરવાનું, પ્રયત્નશીલ રહેવાનું કરાવનાર રાજસભાવ છે.

**સાત્ત્વિકભાવ :-** એ તામસ અને રાજસભાવ ઓછા કરી સાત્ત્વિકભાવ જાગ્રત કરવો જોઈએ. એવી મેલી લાગણીઓ અને પાપપ્રવૃત્તિઓમાં દોડધામ ઓછી કરી સાત્ત્વિકભાવની લાગણીઓ જેવી કે ક્ષમાની, નમ્રતાની, સમતાની, સંતોષની, ભલાઈની, નિર્દંભતા અને ઉદારતાની... વગેરે વગેરે ઊભી કરવી જોઈએ. પછી એની સાથે દાનાદિ પ્રવૃત્તિ, જિનભક્તિ-ગુરુભક્તિની પ્રવૃત્તિ, વ્રત-નિયમની પ્રવૃત્તિ, શાસ્ત્રાધ્યયન-મનન-મંથનની પ્રવૃત્તિ-યાવત્ સંસારત્યાગ પૂર્વક સાધુજીવનની પ્રવૃત્તિ ઊભી કરવાની. સત્ત્વ ખીલે, ખમીર ઉછળે, તો આ કાંઈ જ અશક્ય નથી, દુષ્કર નથી.

**ઈન્દ્રની પ્રશંસા :-**

નમિ રાજર્ષિએ જ્ઞાનદૃષ્ટિ અને સાત્ત્વિકવૃત્તિ વિકસ્વર કરેલ છે. તેથી મહાસમૃદ્ધિ છોડી મુનિ થયા, અને ઈન્દ્રના પ્રશ્નોના ખૂબ જ તત્ત્વભર્યા ઉત્તરો કર્યા. ઈન્દ્ર ખૂબ જ તુષ્ટ થાય છે, અને બ્રાહ્મણ તરીકેના રૂપનો પલટો કરી મૂળ ઈન્દ્રપણાના રૂપને ધારણ કરે છે ! અને મહર્ષિને વન્દન કરી મધુર વચને એમની સ્તુતિ કરે છે, એ કહે છે, 'અહો, મહાત્મન્ ! તમે કેવો સરસ ક્રોધને જીત્યો, માન ઉપર કેવો સુંદર વિજય મેળવ્યો ! માયાને કેવી દૂર હાંકી કાઢી ! લોભને કેટલો સરસ વશ કર્યો ! શી તમારી સરળતા ! શી તમારી મૃદુતા ! કેવી અદ્ભુત તમારી ક્ષમા-સમતા ! ત્યારે કેટલી બધી ઊંચી નિલોભતા-નિસ્પૃહતા !'



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

'इहं सि उत्तमो भन्ते ! पच्छा होहिसि उत्तमो ।
लोगुत्तमुत्तमं ठाणं सिद्धिं गच्छसि नीरओ ॥

-હે ભગવંત ! અહીં પણ આપ ઉત્તમ બન્યા છો ! અને પછીથી પણ ઉત્તમ થવાના. આ ચૌદ રાજલોકમાં ઉત્તમોત્તમ સ્થાન જે મોક્ષનું, તેને આપ સર્વ કર્મનો નાશ કરીને, પામવાના.'

ઈન્દ્રે સ્તુતિ કરી, વારંવાર વંદના કરી અને આકાશમાં ચાલ્યો ગયો. નમિ રાજર્ષિ ઈન્દ્રની આ પરીક્ષા અને સ્તુતિ ઉપર વિશેષ સાવધાન થઈ પોતાના આત્માને મહાન સંયમમાં લીન બની ગયા.

ઉત્તરાધ્યયન સૂત્રકાર કહે છે કે 'જે આત્માઓ સંબુદ્ધ છે, પંડિત છે, વિચક્ષણ છે, તે નમિ રાજર્ષિની જેમ આજ કરે છે; તે ભોગોથી સર્વથા નિવૃત્ત થાય છે, ભોગોનો સદંતર ત્યાગ કરે છે.

❖ ❖ ❖

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૨૯,તા.૧૨-૪-૧૯૫૮

## (૩૦) આધ્યાત્મિક પ્રવચન

## 'જીવન પર અધિકાર અને અંજનાસુંદરી.'

**સાચા અને ખોટા અધિકાર :-**

અનંત ઉપકારી જગતગુરુ શ્રી જિનેશ્વરદેવો મનુષ્ય જીવનને એક મહામોંઘેરી તક કહે છે. કારણ, આ એક એવું ઉચ્ચકોટિનું જીવન છે કે એના પર પહોંચતો સાચો અધિકાર જો અજમાવતાં આવડે તો ભવોભવના ફેરા મટી જાય ! માટે જ, આવા ઉત્તમ ભવને પામેલા સુજ્ઞ પુરુષે વિચારવું ઘટે છે કે 'ક્યાં ક્યાં મારો સાચો અધિકાર પહોંચે છે, અને તે કેવી કેવી રીતે બજાવી જીવન સફળ કરું.' જીવનમાં આ જો નક્કી થઈ જાય તો ખોટા અધિકાર, નકલી અધિકાર અને વગર હકના અધિકાર અજમાવવાની ધોંશ ઓછી થઈ જાય. પછી તો સાચા અધિકારનો માર્ગ લાધવાથી એને અનુસરતાં જીવન ઉચ્ચ બની શકે છે, અને એમાં આગળ વધતાં ક્રમે કરીને ભવની પરંપરાનો અંત આવી જાય છે ! વિચાર એ કરવાનો છે કે અધિકાર સાચો કયો અને ખોટો કયો ?



**પુરુષાર્થનો આધાર પાત્રતા અને પહોંચ ઉપર :-**

અધિકાર એક એવી વસ્તુ છે કે સૌને અજમાવવી ગમે છે, નાનું બાળક પણ એ ચૂકતું નથી, અધિકારનું શાસ્ત્ર એ સમજતું નથી, છતાં એને ય એમ થાય છે કે મને આ મળવું જોઈએ, આટલું મળવું જોઈએ. પછી એ ન મળે તો મેળવવા રોવાનો પુરુષાર્થ આદરે છે. **જેની જેટલી પહોંચ અને પાત્રતા, પુરુષાર્થ તેના અનુસારે ચાલે છે.** પાત્રતા ઊંચી હોય તો પહોંચ ઓછી હોવા છતાં પુરુષાર્થ હલકો નહિ ચાલે. અલબત્ત, ઊંચા પુરુષાર્થની પહોંચ નહિ હોય અર્થાત્ શક્તિ, સામગ્રી અને સંયોગ સરખા નહિ હોય તો સારા પુરુષાર્થમાં કમી રહેશે, પરંતુ હલકો પુરુષાર્થ પ્રાયઃ નહિ કરે. **કેવો પુરુષાર્થ આપણે કરીએ છીએ, સારો યા હલકો, એના પર આપણી પાત્રતા મપાય છે.** આપણું ધાર્યું કરવા જો બહુ દાવપેચ કે હલકા શબ્દ અને હલકા ઉપાયથી રગડાઝગડા કરીએ છીએ, તો સમજવું જોઈએ કે આપણામાં પાત્રતા નીચી છે, અધમ છે.

**પાત્રતા સુધારવા શું કરવું ? :-**

પણ આનો એ અર્થ નથી કે આપણે તેમ માનીને એવું ચલાવ્યે રાખવાનું. **પાત્રતા સુધારવા-ખીલવવા માટેનો તો આ ભવ છે, અહીં આપણને તેમ** કરવાનો અધિકાર છે. માટે જ હલકો પુરુષાર્થ કરવાનો જ્યાં વિચાર આવે ત્યાં એને દાબવો જોઈએ; અને ઉમદા પુરુષાર્થનો વિચાર શરૂ કરી દેવો જોઈએ. દા.ત. કોઈ માણસ આપણું અને બીજાનું બગાડી રહ્યો હોય, ત્યાં જો આપણામાં પાત્રતા નહિ હોય, હલકી પાત્રતા હશે, તો એટલે સુધીના દુષ્ટ વિચાર આવશે કે આ માણસને જાણે શું શું કરી નાખવું જોઈએ, જેથી એની દુષ્ટતા અટકી જાય. પરંતુ હવે પાત્રતા સુધારવા એ વિચારને ઉમદા વિચારમાં ફેરવી નાખવો જોઈએ. આપણે એમ વિચારવું જોઈએ કે **'પ્રભુ ! આને સદ્બુદ્ધિ મળો, જેથી દુષ્ટતા અટકી જાય.'** એ માટે થાય કે 'લાવ સંકલ્પપૂર્વક એવો નવકારમંત્રનો જાપ કરું કે આ માણસને એથી સદ્બુદ્ધિ જાગે અને કોઈનું બગાડે નહિ.' **કામ તો દુષ્ટતા રોકવી એટલું જ છે ને ? પછી એ માટે દુષ્ટ ઉપાય શા માટે વિચારવો ?** આમ ઉમદા પુરુષાર્થના વિચારની પ્રેક્ટીસ અભ્યાસ કરતાં કરતાં પછી એની ટેવ પડવાથી વિચાર ઉમદા જ આવશે. આનું નામ પાત્રતા સુધરી. કામ તો ઉદ્દેશ સરવા સાથે છે, બાકી તે હલકી રીતે સરવો જોઈએ એવું શા માટે ઈચ્છું ? સામા માણસના અનર્થ આચરણ અટકે એ ઉદ્દેશ છે, તે સિદ્ધ થવા માટે એને આપત્તિમાં નાખવાની શી જરૂર છે ? એને સદ્બુદ્ધિ જાગી જાય તો ય અનર્થ આચરણ અટકી શકે છે, પછી હલકા ઉપાયની શી જરૂર ? માટે પુરુષાર્થ કરવો તે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ઉમદા ઉપાયનો કરવો. એવા ઉમદા પુરુષાર્થના વિચારની ટેવ પાડતાં એ સ્વાભાવિક થઈ જશે. એ જ પાત્રતા ખીલી, સુધરી.

**પુરુષાર્થની ખામીમાં સ્વ-પર અંગે કેવી વિચારણા ? :-**

પાત્રતા ઊંચી હોવા છતાં, પુણ્યની ખામી હોય તો પહોંચ ન હોવાથી, ઊંચો પુરુષાર્થ ન કરી શકે એ બને. ત્યારે બીજાના માટે વિચારવું હોય તો આ વિચારવાનું કે- **'શું કરે ? પાત્રતા તો છે, પણ પહોંચ નથી, શક્તિ નથી, સામગ્રી નથી, અંતરાય-આવરણ નડે છે, માટે એ બિચારા ઉમદા પુરુષાર્થ નથી કરી શકતા,'** પણ જાત માટે જો અધિરાઈ થતી હોય કે 'હાય ! હાય ! મારાથી કેમ સારું બનતું નથી ?' તો એ વિચારવાનું કે- **'બને, આપણાં પુણ્યની ખામી હોય તો પહોંચ ન મળે, તેથી પુરુષાર્થ ન થાય તે સહજ છે. માટે શુભ વિચારો, શુભ ભાવનાઓ વગેરેથી પુણ્ય વધારું.'** ત્યારે જો અધિરાઈ નહિ પણ ગુમાન થતું હોય કે-'ઉમદા પુરુષાર્થ ક્યાંથી થાય ? સામે સંયોગો સારા જોઈએ ને ?' આવું જાતની હોશિયારીનું ગુમાન થતું હોય તો એ વિચારવાનું કે **'નાદાન જીવ ! સંયોગોનો વાંક કાઢે છે પણ ઉમદા પુરુષાર્થ માટે પહેલી તો પાયામાં પાત્રતા જોઈએ; તે જ તારામાં ક્યાં છે ? આવા કપરા નહિ પણ આથી ય ભયંકર સંજોગોમાં મહાપુરુષોએ પોતાની ઊંચી પાત્રતાના યોગે ઉમદા પુરુષાર્થ સાધ્યા છે. માટે ખરું તો પાત્રતા કેળવ, પાત્રતા સુધાર.'**

**અધિકાર અજમાવતાં પહેલાં પુણ્ય માપો :-**

વાત એ હતી કે બાળક અધિકાર અજમાવવા રોવાનો પુરુષાર્થ કરે છે; કેમકે એની પહોંચ, પાત્રતા એટલી છે. ગમે તેમ પણ એનેય અધિકાર ગમે છે. ત્યારે વિચારવાનું તો એ છે કે-**'આપણે જે જે અધિકાર રાખીએ છીએ, જે જે દાવો કરીએ છીએ એ કેટલો વાસ્તવિક છે, કેટલો હકપૂર્વકનો છે, અને એવો અધિકાર ભોગવ્યાની પાછળ આપણો ઉદય કેટલો છે,'** આ વિચારવાનું છે. કેટલી ય વાર માણસ પોતાનું પુણ્ય નથી માપતો, અને સગવડ-અનુકૂળતા પર દાવો કરવા જાય છે, 'મને કેમ આટલું ન મળે ? બીજાઓ મારું કેમ ન માને ? કેમ ફલાણા મારી સેવા ન કરે ?'......વગેરે વગેરે. ખબર નથી કે માતાનું પુણ્ય પિતા કરતાં વધારે પહોંચતું હોય તો છોકરો એની સેવા વધારે કરે અને બાપની ઓછી કરે એમ બને. પછી ત્યાં અધિકારનો હઠાગ્રહ રાખવો નકામો છે કે-'છોકરો કેમ મારું ન માને અને એની માનું માને ?' **આપણા પુણ્યની પહોંચ ન હોય, કે આપણી તેટલી પાત્રતા ન હોય તો સામો ન માને. જે વાત પુણ્યના અધિકારની છે, તેના પર આપણો**



**અધિકાર હોવાની ભ્રમણામાં શા માટે તણાવું ?** જીવનમાં જે કાંઈ મનમાન્યું નથી મળતું, ને મનમાન્યું નથી બનતું, ત્યાં એ જ વિચારવું કે-'મારા પુણ્યની જ કમી હોવાથી, હું કાંઈ એ બધાનો અધિકારી નથી, હકદાર નથી. **પુણ્ય પાતળું ત્યાં હક શા ? ખરી રીતે તો મારો અધિકાર સાધના ઉપર પહોંચે છે, ગુણો પર પહોંચે છે, સારી ભાવના પર પહોંચે છે, તો એ કેમ ન અજમાવું ?'**

**જીવન પર અધિકાર પહોંચે છે, પરંતુ કેવા કેવા પ્રકારના જીવન ઉપર ? એ વિચારવું જોઈએ; તેમજ એમાં કેવા કેવા અધિકાર અજમાવેલા જાતને માટે હિતકારી બને, ઉન્નતિદાયી બને, અને કેવા કેવા અધિકાર નુકસાન કરનારા તથા અધોગતિ કરનારા બને, એ વિચારવું જરૂરી છે.**

**જીવન બે પ્રકારનું, બાહ્ય અને આભ્યંતર.** આ બંને પ્રકારના જીવનની અંદર કેટલો અને કેવો અધિકાર પહોંચે છે તેનું માપ કાઢવું. અધિકાર ત્યાં ગણાય કે જે આપણા હાથની વસ્તુ હોય અને ઈચ્છા મુજબ આદરી શકીએ. અધિકારને અજમાવીને એમાં જે આપણા આત્માને ઉન્નતિમાં મૂકી શકતા હોઈએ એ સાચો અધિકાર વાપર્યો કહેવાય. બાહ્ય જીવનમાં અધિકાર પહોંચે, પણ બહુ જ ઓછો અને માલ વિનાનો. આભ્યંતર જીવન પર અધિકાર પહોંચે તે ઘણો અને ઉચ્ચ કોટિનો.

**બાહ્ય જીવનના બે પ્રકાર છે,** એક વૈયક્તિક જીવન, અને બીજું પારસ્પરિક અર્થાત્ અન્યના સંસર્ગમાં આવતું જીવન.

**વૈયક્તિક જીવનના ત્રણ પ્રકાર પડી શકે.** આર્થિક, શારીરિક અને લૌકિક જીવન. પૈસા કેવી રીતે ઘરભેગા કરવા, કેવી રીતે એને સાચવવા, આ બધી વ્યક્તિગત વસ્તુઓ છે. એમાં અધિકાર કેટલો પહોંચે ? અધિકાર એટલો જ કે ન્યાયનીતિ સાચવી યોગ્ય ઉદ્યમ કરીને જે લક્ષ્મી પ્રાપ્ત થાય તેના પર આય અને વ્યયનો યોગ્ય હિસાબ રાખી શકે, તેટલો જ અધિકાર. આ આપણે અંજનાના પ્રસંગમાં જોવાનું છે. કેવા અને કેટલા અધિકારનો ઉપયોગ કર્યો એ વિચારવાનું છે. માણસ, જ્યાં અધિકાર પહોંચતો નથી, ત્યાં પહોળો થાય તો શું થાય ? રસ્તે જતાને એ ઊભો રાખી કહે, 'એ ? રૂા. ૫૦ આપી દે' તો તે શું કહે ? એવું જ કંઈક ને કે 'ગુંડા છો કે શું ?' અધિકાર નથી પહોંચતો ત્યાં અધિકાર અજમાવવા જાય તો તે પાછો પડે, અર્થને બદલે અનર્થ પામે. સત્તા, હોદ્દો, કીર્તિ ઉપર અધિકાર કેટલો ? પુણ્યની મહેરબાની જેટલો. પૈસા કમાવવા પર અધિકાર કેટલો ? પુણ્યની મહેરબાની જેટલો. વ્યવહારથી આટલો પહોંચે-કે નીતિ-ન્યાયનાં

ધોરણે ચાલ્યા કરો, યોગ્ય ઉદ્યમ કરો, મળે તમને. ન્યાય બહાર પગલું ભરે, અયોગ્ય રીતે ધંધો કરે, તેની પાછળ વિટંબણા ઊભી થાય. અનુચિત કંઈ પણ કરે તેની પાછળ અંતે શોષાવાનું. ગજું ઓછું છે ને ખેડે ઘણું, એક ખેતર ખેડવાનું ગજું છે ને પાંચ ખેડી નાખું, એમ કરે એ અધિકાર બહારની વસ્તુ છે. આર્યદેશમાં આટલો ઉદ્યમ કરી લોકો સુખી રીતે જીવતા હતા. જે કુળમાં જનમ્યો છે તેને અણછાજતો વેપાર કરે તે અધિકાર બહારનું છે. હજામે લશ્કર આવવાનું સમજી ભાજીનો મોટો વેપાર કર્યો, ને અંતે પાયમાલ થયો. એમ મહાપાપના ધંધા દેખીતી રીતે કદાચ પૈસા પણ આપે, પરંતુ એમાં મનની કોમળતા ખલાસ ! દેવગુરુ-ધર્મ ઉપર હાર્દિક આકર્ષણ મંદ ! હૃદયની સ્વસ્થતાનો નાશ ! આવા પગલા માંડનારની આજે એ સ્થિતિ દેખાય છે કે મનની પવિત્રતા-કોમલતા નથી, કલુષિતતા દેખાય છે, કઠોરતા દેખાય છે. બાકી આર્ય સંસ્કૃતિ તો કહે છે કે ન્યાયસર ચાલો, યોગ્ય ધંધા કરો, તોય મનમાન્યા પૈસા મળે જ એવું કાંઈ નહિ. કેમકે ત્યાં છેલ્લો અધિકાર પુણ્યનો પહોંચે છે. એટલે જ, માણસે મહેનત કરવા છતાં માનવું તો એ જ જોઈએ કે હું મહેનત માત્રથી પૈસાનો અધિકારી નથી બની જતો. ત્યાં અધિકાર મારો નહિ, પણ પુણ્યનો પહોંચે છે, તેથી મહેનત કરવા છતાં ન મળે તો માનવું કે અધિકારી એવા પુણ્યની કમી છે.

**શરીર પર અધિકાર :-**

હવે એ જુઓ કે આપણા શરીર પર આપણો અધિકાર કેટલો પહોંચે ? એને નિયમસર ભૂખ અને શારીરિક પ્રકૃતિનું બરાબર માપ કાઢીને આપો, એથી શરીર સુખેથી કામ કરવા દે. પણ 'ના, ના, ભૂખ તો નહોતી પણ ખાવાનું મીઠું હતું, એથી ખાઈ લીધું.' તો પછી શું સ્થિતિ એ ખબર છે ને ? પથારી બોલાવે. બીજા દિવસે દવાખાને દોડી જવું પડે. આમ જ દાક્તરોને કમાણી ! મોટા ભાગે બિનઅધિકાર ચેષ્ટા કરનારાઓથી દાક્તરના દવાખાનાં ભરપૂર ! મારી પ્રકૃતિ શું છે, ગરમ છે તો તીખું ન ખાઉં, વાયુવાળી પ્રકૃતિ હોય તો કઠોળ પર તૂટી ન પડું. કફની પ્રકૃતિ છે તો સાકરના સ્વાદ ઓછા કરું. ભૂખ છે છતાં પ્રકૃતિને ઓળખીને ખાવું અને સ્વાદ ઓછા કરવા. આ અધિકારની વસ્તુ છે. બહુ ચિંતા કરો નહિ, કેમકે એ પણ આરોગ્ય પર અસર કરે છે. વાપરતાં ધ્યાન રાખો, માખી ન આવી જાય. નહિ તો છક્કીનાં ધાવણ ઉછાળશે. માનસિક, આરોગ્યના નિયમો સાચવીને ચાલો. કાલાનુસાર તો તમારો આવો કંઈક અધિકાર છે; પણ તે થોડો જ. કેમકે એટલું સાચવવા છતાં રોગ થાય એ બને, ૪૨ વર્ષે ધોળાં ફૂટે, ૫૨ વર્ષે બત્રીશી જાય, ૬૨ વર્ષે ઝાંખ વળે, હાડકાં ઢીલાં પડી જાય, ૭૨ વર્ષે મન માંદુ, સ્મૃતિ



મંદ. વાત યાદ નહીં રહે. એટલે શરીર પર અધિકાર પણ પરિમિત છે. ત્યારે

**લૌકિક જીવનમાં** તો માન, કીર્તિ, સત્તા, સેવા ઇત્યાદિનો અધિકાર ભોગવવા માટે ઘણી સાવધાની રાખવી જરૂરી છે. અધિકાર મેળવતાં પહેલાં પોતાની પરિસ્થિતિ વિચારવી જોઈએ, કે લાયકાત કેટલી છે ? કઈ કિંમત ઉપર એ આપણે માગીએ છીએ. ગમે તેવા શ્રીમંતો હોય પણ જો તેમનામાં સ્વભાવની સૌમ્યતા-ઉદારતા ન હોય, ઉગ્રતા હોય, કૃપણતા અને તોછડાઈ હોય, તો કીર્તિ ના મળે, પાછળ ખરાબ બોલાય. **સૌમ્યતા-ઉદારતા વિના કીર્તિના અધિકાર માગવા ખોટા.** તેમ ગમે તેટલા પૈસા ખર્ચો, લોકોને જમાડો, પણ ઔચિત્ય ન હોય તો ય જશ મળતો નથી. **ઔચિત્ય વિના જશનો હક્ક કરવો ખોટો.** માટે હોશિયાર માણસો ઔચિત્યનો પહેલો વિચાર કરે છે. જમણમાં ઘી ને સાકરમાં ઝબોળે, પણ દાળ-શાકમાં ધ્યાન ન રાખે તો ચાલે ? એના ઘી-સાકર ખાઈને લોકો થુ થુ કરે છે. લૌકિક કીર્તિ અને માન પણ સૌમ્યતા અને ઔચિત્યને લઈને મળે છે. એકલાં નાણાં ખર્ચો તો મળે ? ઔચિત્ય સૌમ્યતા મોંઘા છે ? રાતી પાઈનો ખર્ચ નથી પણ અજ્ઞાનતાને લીધે સૌમ્યતા નથી. સૌમ્યતા અને વર્તાવનું ઔચિત્ય અંજનાસુંદરીના અધિકારમાં ઘણું જોવાનું મળે છે. સૌમ્યતાને લીધે લોકો પાસે આવીને બેસે છે, સલાહ લે છે. સૌમ્યતા નથી તો માણસ વાઘ જેવો દેખાય છે એનાથી લોક બિહીને ભાગે છે. ઔચિત્ય નથી તો માણસ જંગલી જેવો દેખાય છે. એના સંપર્કમાં આવવું હૈયાથી કોઈને ગમતું નથી. તેમજ જેનામાં કૃતજ્ઞતા નથી, જે સામાના ઉપકારને યાદ રાખવાને બદલે તેના પર અપકાર કરવાની ચેષ્ટા કરે છે તેને માન મળતું નથી. દિલમાં જો કરુણા નથી, તો પણ કીર્તિનો અધિકાર મળતો નથી. ગુણાનુરાગ નથી, નિંદા છે, તો પણ સારા ગણાવાનો અધિકાર નથી. **લૌકિક કીર્તિવાળા બાહ્ય જીવનનો પણ અધિકાર તો મળે કે જો એના જીવનમાં ઉદારતાની સુગંધ છે, સૌમ્યતાની સુરૂપતા છે, ઔચિત્યની મીઠાશ છે, કૃતજ્ઞતાની મુલાયમતા છે, ગુણાનુરાગની ફોરમ છે.**

જીવન તો જીવે જાઓ છો, પણ નિરીક્ષણ કરો, પૃથક્કરણ કરો કે 'એક જીવનમાં કેટલાં અને કેવાં જીવન જીવીએ છીએ.' પૈસા અને ખાનપાનની માફક કીર્તિ અને માનનું પણ જીવન છે. બીજાની સેવા ભોગવવાનું પણ એક જીવન છે. પણ એ અધિકાર ક્યારે મળે ? રોફ કે મારકૂટ કરવાથી ? તમે મારે માટે નવગજ ફાડો ને હું એક તસુ ન ફાડું તો ? પરમાર્થવૃત્તિ, બીજાનું કરી છૂટવું, જાત કરતા જગતને વધારે સંભાળવું તે અધિકારી બનાવે છે. ઇન્દ્રો અને દેવો કરોડોની સંખ્યામાં અમથા દોડાદોડ કરતા નથી. એ માટે ભગવાને કિંમત ચૂકવી છે; એટલે એમને



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દેવો અને ઈન્દ્રોની સેવા મળવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. મૂલ્યો ચૂકવવાથી અધિકાર મળે છે. એ મૂલ્યો સેવા અને પરમાર્થ છે. જીવનમાં અનિંદ્ય પ્રવૃત્તિવાળાને કીર્તિ અને જશનો અધિકાર મળે છે. અધિકાર કોને નથી ગમતા ? બધાને ગમે છે. એકમાં નહિં, સો વાતમાં અધિકાર જોઈએ છે. 'માન મને મળવું જોઈએ. સગવડ મારી સચવાવી જોઈએ. આજ્ઞા મારી મનાવી જોઈએ, પૈસા મને મળવા જોઈએ, આરોગ્ય મારું સારું રહેવું જોઈએ.' આ બધા અધિકાર જોઈએ છે; પણ ખ્યાલ નથી કે તેના માટે શું ખર્ચ કરવો પડે ? દુનિયાની ખબર પડે છે કે બે આના આપ્યા સિવાય કાછિયો પણ શાક ન આપે. બેંકમાં નાણાં લેવા ચેક લઈને જવું પડે છે, તે વિના કેશીયર તરીકે સગો કાકો બેઠો હોય તો પણ પૈસા આપતો નથી ! દિલ્હી જવા માટે ટિકિટ લેવી પડે છે. ટિકિટ માસ્તર મિત્ર સમ્બન્ધી હોય છતાં એમને એમ ટિકિટ આપતો નથી. કહી દે છે, 'દોસ્તદારી ઘરે, અહીં નહિ.' પોતાના શરીર ઉપર આરોગ્યનો અધિકાર રાખવા નિયમો પાળવા પડે છે. ભૂખ વેઠવી પડે છે. ન ગમતાં ઔષધ લેવાં પડે છે. પૈસાની સગવડ ન હોય છતાં ડૉક્ટરને બોલાવવા પડે છે. ત્રણ દિવસ ભૂખ્યા રહેવું પડે છે. આરોગ્યનો અધિકાર મેળવવા દિવસોના દિવસો સુધી મગના પાણી ઉપર રહેવું પડે છે અને દિવાળીના દિવસોમાં પકવાન્નનાં ભોજન છોડવાં પડે છે. **શરીરના અલ્પ કાળનું આરોગ્ય સાચવવા માટે ય આટલું કરવું પડે છે તો આત્માના અનન્તકાળના આરોગ્ય માટે કંઈ કરવું ના પડે ?**

શરીર તો ૬૦, ૭૦ કે ૧૦૦ વર્ષ સુધીનું છે. જ્યારે આત્મા ચિરકાળ સ્થાઈ છે, અમર છે. તો એના માટે 'ભાઈ ! ખૂબ ધ્યાન આપો, એમ રાખ્યું છે ને ?' ૨-૫ વર્ષ રહેનાર નોકર ઉપર શેઠ આફરીન થઈ જાય ને તેનું ઘર ભરી દે, પણ પોતાનો છોકરો જે કાયમ પોતાની પાસે રહે છે, તેને કાંઈ આપે નહિ ! તો એને તમે મૂર્ખ ગણો છો. ત્યારે શરીર કે જે ૨-૫ વર્ષ જેવું છે, એની પાછળ બધું અર્પણ ! અને આત્મા કાયમી છોકરા જેવો છે, એના માટે કાંઈ નહિ ! તો કેવા મૂર્ખ ગણાઓ ? આત્મા માટે કંઈ નથી તેથી જ નવકારવાળીને બદલે ગપ્પા મરાય છે ! તારક ભગવાનની ભક્તિના બદલે દુનિયાની ભાવ-ભક્તિમાં લાંબા પહોળા થવાય છે ! સાત ધર્મક્ષેત્રને બદલે દુનિયાના ૧૮ ક્ષેત્રમાં આંખમીંચીને વાપરતાં અચકામણ નથી ! અમર આત્માની સલામતી જોઈએ તો આ ફેરવવું પડશે. આરોગ્ય, માન, પૈસાનો અધિકાર તેને મળે છે જે કિંમત ચૂકવે, ભોગ આપે. તે વિના તો કર્મ ડામ દે !





# (૩૧) આધ્યાત્મિક પ્રવચન

**પારસ્પરિક જીવન :-**

વૈયક્તિક જીવનની વાત થઈ. શારીરિક, આર્થિક વગેરે બાબતમાં અધિકાર કેટલો પહોંચે, કેવી રીતે પહોંચી શકે વગેરે વિચાર્યું, હવે પરસ્પરના સંબંધના યોગમાં ચાલતા જીવન અંગે જુઓ. માણસને નાનેથી મોટો થાય ત્યાં સુધીમાં જીવનમાં અનેકના સંબંધમાં આવવું પડે છે. માતાના, પિતાના, ભાઈ-બહેનના, પત્નીના, પુત્ર-પુત્રીના, કાકા-મામા, મિત્ર-મંડળ, શેઠ-નોકર વગેરે અનેકના સંબંધમાં આવવાનું બને છે. ત્યાં જીવને સામા પાસેથી પ્રેમ, સેવા, સત્કાર, અનુકૂળ વર્તાવ લેવાના અધિકાર ગમે છે. 'ફલાણે મારા પર પ્રેમ રાખવો જોઈએ, મારી સેવા કરવી જોઈએ, મને સત્કાર-આવકાર દેવો જોઈએ, મને અનુકૂળ વર્તવું જોઈએ.' એવો જાણે અધિકાર ધરાવે છે. જો એમ ન હોત તો સામો પ્રેમ ન દેખાડે, સેવા ન કરે વગેરેમાં મનને ખોટું લગાડવાનું શા માટે રહેત ? પણ ખોટું તો વાત વાતમાં લાગે છે ! એ સૂચવે છે કે જાણે પોતે અધિકાર ધરાવે છે, તો સામો કેમ પ્રેમ ન રાખે ? સેવા ન કરે ? સત્કાર ન કરે ? અનુકૂળ ન વર્તે ? પણ માણસને એટલો વિચાર નથી આવતો કે શા માટે હું મારી જાતને એવો અધિકારી, એવો હકદાર માનું કે જેથી એ મુજબ ન બને એના ઉપર મારે ચિત્તકલેશ અનુભવવો પડે ? તેમ એ પણ વસ્તુ છે કે **એવા અધિકાર ધરવા પાછળ કયા ઊંચા ગુણ મેં પ્રાપ્ત કર્યા છે ? અથવા શી કિંમત ચૂકવી છે ?**

**બીજા પાસેથી પ્રેમની આશા રાખવા પૂર્વે જાતે એમના પર નિઃસ્વાર્થ પ્રેમના પૂર વહાવ્યા હોવા જોઈએ.** સંભવ છે સામાની કોકવાર ક્ષતિ ય થાય, તો પણ **આપણા પ્રેમનો સ્રોત અખંડ વહેતો રહેવો જોઈએ.** તો સામા પાસેથી પ્રેમ મેળવવાનો અધિકાર હજીય ધરવો યોગ્ય ગણાય. જો કે અધિકાર તો બીજા જ ધરવાના છે એ આગળ વિચારીશું; છતાં આ તો વ્યવહારથી વાત છે.

એમ, **બીજા પાસેથી સેવા, સત્કાર, સગવડ મળવાનો અધિકાર ધરવા પૂર્વે આપણે બીજાની સેવા, સત્કાર અને સગવડ સાચવવામાં ભગીરથ પુરુષાર્થ કરવો ઘટે.** ખરી વાત એ છે કે આપણે આપણી જવાબદારી અદા કરવામાં અખાડા કરવા છે, અને સામા પાસેથી બધું અનુકૂળ લેવાના દાવા રાખવા છે ! આ કેટલું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અજ્ઞાન ! પ્રેમપાત્ર તરીકેના જીવનનો અધિકાર, સેવ્ય તરીકેના જીવનનો અધિકાર, સત્કાર-સન્માન લેવા યોગ્ય જીવનનો અધિકાર રસ્તામાં નથી પડ્યો કે એમ જ મળી જાય.

**કર્મસિદ્ધાંત તો ત્યાં સુધી કહે છે કે - 'પહેલાં તારું પુણ્ય તપાસ કે પુણ્ય તારું પુષ્ટ છે કે પાતળું ?' અધિકાર,** દાવો ઈચ્છા મુજબ નથી મળતો; એ જ સૂચવે છે કે પુણ્ય પાતળું છે, **પુણ્ય પહોંચતું નહિ હોય અને ધમપછાડા કરવા જઈશ તો પેલું ન મળ્યાનું દુઃખ તો હતું જ, એમાં પાછું વધારામાં સંતાપની લ્હાયો, સામેથી નવાં આક્રમણ વગેરે અનેક નવાં દુઃખ વહોરીશ.**

બાકી વ્યવહારથી પહેલાં પોતે ભોગ આપવાની જરૂર છે.

સમૂહના સંબંધોમાં પોતાનો અધિકાર વ્યાજબી ગણાય એ પ્રમાણે પહેલું તો જાતે વર્તવું જોઈએ. પોતાની જવાબદારી સમજી પોતે જે છે એને યોગ્ય જીવન જીવવું જોઈએ. વિચારો કે 'હું કોઈનો પિતા છું, તો પિતા તરીકે મારી જવાબદારી કઈ છે ?' તેનું એકાન્તે હિત થાય એ રીતે તેની સંભાળ રાખવી જોઈએ. એ નાનો અને હું મોટો, એના કરતાં મારામાં બુદ્ધિ વધારે છે, અનુભવ વધારે છે, એમ સમજી યોગ્ય જીવન બનાવવું, સહિષ્ણુ બનવું, ત્યાગી બનવું, ઉદાર બનવું જોઈએ. પિતાનું પિતા યોગ્ય, પત્નીનું પત્ની યોગ્ય, પુત્રનું પુત્ર યોગ્ય જીવન જોઈએ.

**શા માટે જીવો છો ? :-**

આના માટે આજે નિશાળો નથી ! કોઈ પદાર્થપાઠ નથી ! કારણ કે જીવના મુખ્ય ધ્યેયની જ ખબર નથી. કોઈ પૂછે કે શું કરી રહ્યા છો ? આ દુકાને જઈએ છીએ. કેમ ? જીવવું હોય તો કરવું પડે ને ? હવે પૂછો, 'જીવવાની શી જરૂર છે ?' કહે છે, 'આત્માનો વિકાસ કરવા.' ભાડુતી શબ્દો ગોખી રાખ્યા છે. જીવવું શું કરવા એ કોઈ જાણતું નથી. કહે છે, 'જીવવું મોજ કરવા માટે !' ધારો કે કોઈને ફાંસીની સજા ફરમાવાઈ છે. ફાંસીની હજી વાર છે. રાજા તેને બધી ખાનપાનની લહેર આપે છે, છતાં એને ગમતું નથી; કેમકે એને તો નક્કી થઈ ગયું કે ફાંસી થવાની છે. તેમ અહીં જન્મ્યા એટલે મૃત્યુની ફાંસી નક્કી થઈ ગઈ છે. છતાં ખાનપાનાદિની લહેર માટે જીવવાનું માને એ કેવું ? એક રાજાએ કોઈને ચોર તરીકે પકડ્યો, અને તેને ફાંસીની સજા ફરમાવી. પેલો કરુણ કલ્પાંત કરે છે. તેની ચાર રાણીઓને દયા આવી, તેને છોડી દેવા રાજાને વિનંતી કરે છે. રાજા કહે છે, 'મારી આજ્ઞામાં ફેરફાર નહિ થાય.' છેવટે રાણીઓએ કહ્યું, 'અમને ૧-૧ દિવસ તો આપો.' રાજાએ કબૂલ કર્યું. રાણીઓને ચોર સોંપવામાં આવ્યો. એકેક દિવસ એકેક રાણી આ ચોરને સારી રીતે રાખે છે. પહેલી સારું નવરાવે છે, ખવડાવે છે,



પીવડાવે છે. બીજી રાણીનો વારો આવ્યો. તે નવાં નવાં કપડાં પહેરાવે છે. ઘરેણાં પહેરાવે છે. ત્રીજી રાણીએ બાગ-બગીચા દેખાડ્યા, વાહનમાં ફરવું, અત્તર-સેન્ટ-પાવડર વગેરે કરાવ્યું. ચોથી રાણી કહે, "હું તો ગરીબ જેવી છું. રાજાની એટલી માનીતી પણ નથી કે સારું સારું ખવડાવું, પહેરાવું. હું તો દાળ અને સૂકો રોટલો ખવડાવીશ; પણ તારા માટે આટલી ચીઠ્ઠી લઈ આવીશ 'અભયદાન'. આ ચોથી રાણીએ વિચાર કર્યો કે મેં કોઈ દિવસ રાજા પાસે કોઈ માગણી કરી નથી. એટલે રાજા આગળ આ ચોરને માટે પાંચ અક્ષર માગી લાવું. યુક્તિ અને નમ્રતાથી ગમે તેમ રાજા પાસે આ પાંચ અક્ષર માગી લીધા, 'અભયદાન'. પછી ચોરને છૂટો કરી રાજા સામે રજૂ કરવામાં આવ્યો. રાજાએ પૂછ્યું :

'ક્યાં મઝા આવી ?'

"ત્રણ રાણીઓએ મારી સરભરા તો બહુ સારી કરી, પણ મારે સ્વસ્થતાનું ઠેકાણું ન હતું. જીવવું શા માટે ? મોજ કરવા માટે ? મોજ તો ત્રણ રાણીઓએ ખૂબ આપી હતી, પણ એને મન એ મોજ ન હતી. સામે ફાંસી તરવરતી હતી. પેલીઓ સારું સારું જમાડે-કરે છે, પણ આને તો દૃષ્ટિ સામે એક માત્ર ફાંસીના માંચડે ચડવાનું હતું. 'ફાંસી થશે ત્યારે જોઈ લેવાશે, વારે વારે આયંબિલ ને ઉપવાસ, તપ, ત્યાગ, દાન ને શીલ એ બધું કષ્ટ શા માટે ? ખાવું, પીવું, મજા કરવી." એવું તો નઘરોર હોય તે માને. જેને જીવનનાં ધ્યેયની ખબર નથી, જીવનની એકે એક પ્રવૃત્તિ શા માટે કરવી, કેવી રીતે કરવી કે જેથી સાચો કલ્યાણમય અધિકાર મળે તે જાણતા નથી, એ જ એવી ધૃષ્ટતા સેવે. માટે સહૃદય તે કે જે જીવનના ધ્યેયને સમજે; એ માટે બીજાઓ સાથેના યોગ્ય વર્તાવને જાણે ને આદરે.

પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે એ પછી પણ ધાર્યો અધિકાર મળે જ એવો નિયમ નથી કેમકે આર્થિક અધિકાર, સામાજિક અધિકાર, લૌકિક-સામૂહિક અધિકાર, આ બધામાં તંત્ર ચલાવનાર ખરી ચીજ તો પુણ્યાઈ છે. પુણ્યાઈ ન હોય તો કાંઈ ન થાય. જુઓને, આરોગ્યના નિયમ જાણનારા પણ રોગી હોય છે ને ? ઔચિત્યવાળા, સૌમ્યતાવાળા, સેવા-પરાયણ પણ કીર્તિ પ્રાપ્ત કરી શકતા ન હોય, ગરીબ હોય એવું બને ને ? દાંડાઈ પણ, પુણ્ય હોય તો, પાર પડે. રાવણ દાંડાઈ કરતો હતો પણ એ પુણ્ય પહોંચતું હતું ત્યાં સુધી. પણ જ્યારે એ પુણ્ય પૂરું થયું ત્યારે વાલી રાજા પાસે ગરીબ ગાય જેવો થઈ ગયો. એથી આગળ વધીને પુણ્યાઈ પરવારી ત્યારે એકે ય વાત ઉપર તેનો અધિકાર રહ્યો નહિ. દશે શિર રણમાં રડવડ્યા. લક્ષ્મણે તેને ખતમ કરી નાખ્યો. માટે હવે એવું જીવન જોઈએ કે જેના



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પર અધિકાર પહોંચે. આભ્યંતર જીવન એવું છે કે તેના ઉપર આપણો અધિકાર પહોંચે છે.

**આભ્યન્તર જીવન :-**

આભ્યંતર જીવન બે જાતનું છે. એક શુદ્ધ આચારનું અને બીજું શુદ્ધ વિચારનું. શુદ્ધ આચારના જીવનમાં માર્ગાનુસારીપણાનું જીવન, સમ્યક્ત્વના આચારનું જીવન, શ્રાવકના આચારનું જીવન, અને સાધુના આચારનું જીવન-એના ઉપર અધિકાર પહોંચે છે. જ્યારે શુદ્ધ વિચારના જીવનની અંદર મોક્ષપ્રાપ્તિ, ભવઉદ્વેગ મૈત્રી આદિ ભાવનાઓ, તત્ત્વચિંતન, વિશુદ્ધ આશય, પરિણતિ જ્ઞાન, ક્ષમાદિ ભાવો, માનસિક પવિત્ર ધોરણો, ઉચ્ચ મનોરથો, વગેરે સેવવા. મેલી, કલુષિત અને કષાયભરી લાગણીઓ તથા વિચારો કરવા નહિ. એના ઉપર અધિકાર પહોંચે છે. **જ્યાં અધિકાર પહોંચે છે ત્યાં તેનો ઉપયોગ કરવો નથી અને જ્યાં અધિકાર પહોંચતો નથી ત્યાં આકાશ-પાતાળ એક કરી અધિકાર લેવા છે, એ કેટલું બેહુદું ! ધ્યાન રાખો, શુદ્ધ ભાવનાઓનો સ્રોત વહેતો રાખવો હોય તો એને કોઈ રોકનાર નથી.** તત્ત્વનું ચિંતન કરવામાં કોઈ રોકનાર નથી. ક્ષમાદિનો અભ્યાસ રાખવામાં કોઈ રોકનાર નથી. એના પર તમારો અધિકાર છે. ત્યારે કહો તો ખરા કે ક્ષમાને બદલે ગુસ્સો કર્યે શું વળે છે ? છોકરો મરી ગયો, કે પત્ની મરી ગઈ, શું જમરાજ ઉપર ગુસ્સો કરીએ તો પાછાં આવે છે ? અરે, એક ફૂટેલો ગ્લાસ પણ સાજો કરવાની તાકાત ગુસ્સામાં નથી. બની વાત ન બની થતી નથી. પ્રપંચ ખેલો, ગુસ્સો કરો, કાંઈ પણ ધમાધમ કરો, છતાં પણ તેના આધારે વસ્તુ ઉપર અધિકાર મેળવાતો નથી ! તો ડાહ્યો માણસ તો વિચારે કે એના કરતાં ક્ષમા, મૃદુતા, સરળતા ઉપર અધિકાર રાખવો શું ખોટો ? અધિકારની આ વસ્તુ કોઈ લૂંટી શકતું નથી. **ઉત્તમ કોટિની વિચારસરણી ઉપર આપણો અધિકાર છે. વિચારસરણી બગાડવા છતાં જે નથી મળવાનું, જ્યાં કાંઈ નથી વળવાનું, એના માટે શું કરવા ટૂટી મરવું ? જગતની વાતો ઉપર તો પુણ્યના જ અધિકાર છે.** અધિકારની અંદર પહોંચતી વસ્તુને છોડી અધિકાર બહારનો પ્રયત્ન કરવામાં અંતે પશ્ચાત્તાપની વસ્તુ બની રહે છે. દિનરાત ભગવાનનું સ્મરણ કરવું, દેવગુરુની ઉચ્ચ કોટિની ભક્તિ કરવી, એ અધિકારની વસ્તુ છે. કર્મનો બળાત્કાર જીવનને આરંભ-સમારંભાદિ પાપભર્યા રસ્તે દોરી જાય છે, પણ તેની ગ્લાની રહેવી, કંપ રહેવો, ભય રહેવો, એ અધિકારની વસ્તુ છે. અંજનાસુંદરીએ આ બધા આભ્યન્તર શુદ્ધ જીવન પરના અધિકારો સેવ્યા છે અને તો જ એ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના હાથે શાસ્ત્રમાં અમર કરાઈ છે ! આભ્યંતર જીવનમાં પણ આધ્યાત્મિક જીવન એ



મોક્ષને વધુ નિકટ છે.

શાલિભદ્રને પૂર્વ જન્મમાં એની માતાએ ખીર આપી ખાવા માટે, કહ્યું, 'ખાજે બેટા, હું આવું છું' પણ એ છોકરાએ કયો અધિકાર અજમાવ્યો ? **ખાઈ જવાનો નહિ, મહાતપસ્વી મુનિને દાન દેવાનો !** મા આવી ને એને હસતો દેખી પૂછે છે, 'ભાઈ ! પહેલી પહેલી ખીર મલી તે બહુ ભાવી લાગે છે !' તો ય તે બોલતો નથી. **અધિકાર સુકૃતને ગાવાનો ન અજમાવ્યો; પણ ગુપ્ત રાખવાનો, જાતે, ગંભીર બનવાનો અધિકાર વાપર્યો.** ગઠીયો માત્ર હસ હસ કરે છે ! ધર્મની તક લેવાનો અધિકાર મલ્યો છે, તેને વધાવવી હોય તો કોઈ રોકનાર નથી. ધર્મનો પુરુષાર્થ, ધર્મની પ્રશંસા, ધર્મ પર ઉછળતો રાગ, પરમાત્માની ભરપૂર ભક્તિની ભૂખ, એની તો સોલ એજન્સી મળી છે. યાવત્ સર્વવિરતિ, અને કષાયનિગ્રહ એના પર આપણો અધિકાર છે.

**ચાલુ જીવનમાં પ્રસંગ-પ્રસંગને કેમ ખતવવો એ આપણા અધિકારની વાત છે.** આ કિમિયો છે; સુખમાં છકી ન જવાય, દુઃખમાં શોક અને પોક મૂકતા ન થઈએ, એ માટે જીવનમાં પ્રસંગ-પ્રસંગને ખતવતાં શીખવું જોઈએ. નાદાન માણસ ઊંધું ખતવે છે. માંદો પડ્યો તો કહે છે, 'હવા લાગી ગઈ' પણ એમ કહેતો નથી કે કાલે વધારે દાબ્યું હતું ! કહે છે, 'વિટામીન્સ ઘટી ગયાં છે, ટોનિક આપો.' ઊંધું ખતવ્યું. પછી જે વિટામિન્સના ખોરાક લેવાય તેથી ઊંધો પડે કે ચાલતો રહે ? જેવી પાત્રતા તેવી ખતવણી થવાની છે. સારા અને ખોટા બંને ઉપર અધિકાર છે. કોઈએ ગાળ દીધી તો એ ભાવ રાખવો જોઈએ કે બે તો નથી દીધી ને ? બે દીધી-તો બાવીસ નથી દીધીને ? બાવીસ દીધી છતાં લાકડી તો નથી મારીને ? લાકડી મારી પણ તલવાર નથી મારીને ? તલવાર મારી, મોત તો નથી કર્યું ને ? મોત કર્યું છતાં આત્માનું ધર્મધન તો નથી લૂંટ્યું ને ? સમજુ આમ ખતવણી કરે છે. અજ્ઞાની આનાથી ઊલટી ખતવણી કરે છે, ને પછી બિનઅધિકાર ચેષ્ટાઓ કરવાથી નરકના ભાતા બાંધે છે ! કોઈ પૈસા લઈ ગયો, પાછા ન આપી ગયો. હાયવોયને મેલી વિચારણા કરવાથી પાછા મળે ? ના; જોવું જોઈએ પૈસા આપી શકે એમ છે ? ના, તો 'બસ, માનીશ કે દાન દીધા હતા.' એમ વિચારસરણી કરે. **સામો માણસ ગમે તેટલો ખરાબ હોય, પણ આપણા વિચારો સારા હોય તો આપણી પુણ્યાઈ વધે છે.**

**જાણો છો ને શેઠનું દૃષ્ટાંત ?** એક શેઠ હતા. એક વખત તેમની ડહેલીનું બારણું તૂટી ગયું. ઘરનું માણસ કહે છે,

'ખબર નથી આ બારણું તૂટી ગયું છે ?'



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

શેઠ કહે, 'સૌ સારા માટે થાય છે.' શેઠે બરાબર ખતવણી કરી. શેઠ સાંજે આવ્યા તો

શેઠાણીએ કહ્યું. 'શું સારું ? આ ડહેલીનું બારણું તૂટ્યું તો આ ભેંસ અંદર આવીને મરી ગઈ !'

ડેલીનું બારણું બરાબર ન કરાવ્યું. એનું ઉજાગરણ અડધી રાત સુધી કરવું પડે છે. ત્યારે આત્માની ડેલીનું બારણું સમારવા ઉજાગરણ ક્યારે ? રોજ ચાલું જ છે ને ? કેટલા વાગે ? 'આત્માનું થવું હોય તે થાય; અમે તો કાંઈ ઉજાગરણ કરતા નથી,' એમ જ ને ? શેઠની માફક ખતવણી સીધી કરતાં શીખવું એ ઉપર આપણો અધિકાર છે. પછી તો ભેંસને મરેલી જોઈને ચોકી કરનારું કૂતરું ડરીને નાશી ગયું.

શેઠાણીએ કહ્યું, 'કેટલો પ્રમાદ ? જોયું આ કૂતરું ચોકી કરતું હતું એ પણ ડરીને જતું રહ્યું.'

શેઠ કહે છે, 'જે થાય તે સારા માટે.' એ જ રાત્રે ચોર ડેલીમાં પેઠા, અંધારું ઘોર હતું, વચમાં ભેંસ મરેલી પડી હતી. એ ચોરોને ખબર ન હતી. ઉતાવળે પેઠા એટલે એની સાથે અથડાયા. એમાં ગભરાયા. થેલા પડ્યા નીચે. પાછું ચોરોને લાગ્યું કે પાછળ કોઈ આવે છે. ગભરામણમાં અને ગભરામણમાં ચોરો તરત જ ત્યાંથી ભાગી ગયા. શેઠાણી સવારે ઉઠીને જુએ છે તો માલના ઢગલા પડ્યા છે. શેઠને ઉઠાડે છે, અને એ બતાવે છે.

શેઠ કહે, 'ખબર પડી ક્યાંથી આવ્યું ? ભસનાર કૂતરો ન હતો, ડેલી ઉઘાડી પડી હતી, મરેલી ભેંસ વચ્ચે પડી હતી, એટલે આમ થયું.' આમ આવું તો દુનિયામાં કોઈ વાર બને. પણ આધ્યાત્મિક ખતવણી પ્રતિપળ બને એમ છે. ખમે તે ગમે, ધમધમે તે ન ગમે. ખમી કોણ શકે ? ખતવણી સારી કરે તે. 'ખરાબ બોલે છે ? હશે; બોલે. સ્વભાવ એવો છે. સૌ પોતપોતાનો સ્વભાવ બતાવે, એમાં નવું શું છે ?' આમ મન વાળી સીધી ખતવણી કરવી જોઈએ. સાકર મીઠાશનો, કરીઆતું કડવાશનો, અને અગ્નિ બાળવાનો સ્વભાવ બતાવે છે, એમાં ધમધમવું શું ? અજ્ઞાની ધમધમે, વિરુદ્ધ બોલે, તો પણ સારી ખતવણી કરનારને રોવાનું નહિ.

**ખતવણી તારક કે મારક ? :-**

વાત છે કે આ પ્રસંગને જેવી ભાવનાઓ આપો અર્થાત્ જેવી એની ખતવણી કરો તે અનુસાર તમને શાંતિ કે અશાંતિ મળે. તારક ખતવણી કરો તો શાંતિ મળે; મારક ખતવણી કરો તો અશાતિ મળે. ખતવણી કેવી કરવી તે આપણા



અધિકારની વાત છે. તાત્ત્વિક સમજ અને નમ્રતા ભાવદયાદિ, તથા મૈત્રી અને પ્રમોદ ભાવનાના આધારે તારક ખતવણી થાય. ત્યારે અજ્ઞાની અને મોહમૂઢદશા તથા સ્વાર્થાંધતા અને ઈર્ષ્યા-અહંકારાદિ ઉપર ખતવાય તે મારક ખતવણી થાય. ખતવણી કેવી કરવી તેના પર તમારો અધિકાર છે.

**બાહ્ય અધિકારનો ઉપસંહાર :-**

અધિકારની ઘણી વાત થઈ. બાહ્ય વસ્તુ સાથેના જીવનમાં એક વૈયક્તિક જીવન, બીજું પારસ્પરિક જીવન. વૈયક્તિક જીવનમાં **આર્થિક જીવન** પર અધિકાર કેટલો, કે તમે ન્યાય-નીતિસર યોગ્ય ઉદ્યમથી મળેલ આવકને અનુસારે ખર્ચ રાખી શકો. ત્યારે **શારીરિક જીવનમાં** અધિકાર એટલો કે જો તમે નિયમસર અને યોગ્ય આહાર-વિહારાદિ રાખો તો ચાલુ આરોગ્ય ભોગવો. ત્યારે **લૌકિક જીવનમાં** અધિકાર એટલો કે ઔચિત્ય, સૌમ્યતા, કૃતજ્ઞતા, સેવા, અનિંદ્યપ્રવૃત્તિ વગેરે રાખો તો લોકમાં માન, કીર્તિ સહકારાદિ મળે. આ વૈયક્તિક જીવનની વાત થઈ. પારસ્પરિક જીવનમાં કુટુંબીજનો સાથે, મિત્ર-સ્નેહી-માલીક-નોકર આદિ સાથે. અને જ્ઞાતિજન, ગ્રામજન વગેરે સાથેનું જીવન આદિ એમાં અધિકાર એટલો કે જો તમે એ દરેક સાથે તમારી જવાબદારી, અને તમારા માથેના ભારના બરાબર વહન કરો તો સામા પાસેથી અનુકૂળ વર્તાવની અને સામા પ્રત્યે તમારો તે તે હક બજાવવાની અપેક્ષા રાખી શકો. છતાં એટલું ધ્યાનમાં રહે કે **આ બધામાં છેવટે તો બધું પૂર્વ પુણ્યના હાથમાં છે, કર્મ કરે તે થાય ! સુખ, સગવડ અને આબરૂભર્યા જીવન પર અંતિમ અધિકાર પૂર્વની પુણ્યાઈ ઉપર છે. પુણ્યાઈ સલામત તો સુખ સગવડ સલામત.** માટે તો સીતાજી ખરેખરા મહાસતી હતા, રાવણને ત્યાં કપરી કસોટીમાંથી પાર ઊતર્યા હતા, છતાં અખંડ કીર્તિ અને સમૃદ્ધિભર્યા જીવન પર અધિકાર ન રાખી શક્યા, અપકીર્તિ પામીને ગર્ભિણી અવસ્થામાં એકલા અટૂલા પહેર્યે લુગડે જંગલમાં મૂકાઈ જવું પડ્યું. કારણ ? એ જ કે પૂર્વે મુનિની નિંદાથી બાંધેલું પાપ ઉદયમાં આવ્યું, તેથી પુણ્ય સલામત ન રહ્યું. આ જો બરાબર ધ્યાનમાં રહે તો પૂર્વ પુણ્યને આધીન એવા જીવન પર જાતે અધિકાર અજમાવવાનું મન ન થાય. એમ ન થાય કે 'આટલા પૈસા મને કેમ ન મળે ? મારો ભાઈ મારું કેમ લૂંટી જાય ? મારું વાંકું કોણ બોલનાર છે ?'...**આવા આવા બિનઅધિકાર ઓરતા ન થાય; કેમકે અંતે બાહ્યનું એ બધું પૂર્વના પુણ્ય પાપને તાબે છે.**

**આભ્યન્તર જીવન પર અધિકારનો ઉપસંહાર :-**

ત્યારે અધિકાર તો ત્યાં અજમાવાય કે જે વર્તમાન પુરુષાર્થને આધીન હોય. એવું શું છે ? આભ્યન્તર જીવન. એમાં આવે શુદ્ધ આચારમય જીવન અને શુદ્ધ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વિચારમય જીવન. આ બંને ઉપર, અને એમાં ય વિશેષ કહીને શુદ્ધ વિચારમય જીવન પર આપણો અધિકાર છે; કેમકે એ પૂર્વના પુણ્યની બહુ ઓછી અપેક્ષા રાખે છે, આપણા વર્તમાન પુરુષાર્થની બહુ અપેક્ષા રાખે છે. માત્ર આપણે એટલું ગૌરવ લઈએ કે અહો ! આ મોંઘેરા ભવમાં મને આવા શુદ્ધ આચાર-વિચારમય જીવન પર અધિકાર મળ્યો છે, તો એવો લોકોત્તર અધિકાર હું શા સારું ગુમાવું ? દુનિયામાં બીજા અધિકાર તો ઘણા ય મળ્યા ને મળશે, ઘણા ય અધિકાર ભોગવ્યા ને ભોગવાશે. પણ તેથી જીવને શું વિશેષ ? ત્યારે આ અધિકાર મળવા સહેલા નથી. મોટા હાથી જેવા પ્રાણીને પણ શુદ્ધ આચાર-વિચારમય જીવન પર જે અધિકાર નથી મળ્યો તે મને મળ્યો છે. માટે પુરુષાર્થ અજમાવી લઉં.' આટલું થાય તો પછી પુરુષાર્થ સુલભ છે.

**શુદ્ધ આચારમય જીવનમાં** માર્ગાનુસારી જીવનના પાંત્રીસ આચારો આવે. એના પર આપણો અધિકાર છે. ન્યાયસંપન્નતા પાળવી, આયોચિત વ્યય કરવો, નિંદા અને નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરવો, માતાપિતાના પૂજક બનવું, પરોપકાર કરવો વગેરે આચાર બજાવવા હોય તો બજાવી શકીએ છીએ. દિલને ગૌરવ જોઈએ કે 'આ કેમ ન બજાવું ? આ તો મારા હાથની અને મારા કલ્યાણની વાત છે. હલકા કુળમાં ગયો હોત તો ક્યાં આ શક્ય હતું ? ત્યાં તો ઉત્તમ આચાર-વિચારની મૂળમાં સમજ જ નહિ તો પછી પાળવાના હક શાના ? અહીં સમજ છે, હક છે, તો અવશ્ય પાળું.' એમ માર્ગાનુસારી જીવન પરનો અધિકાર બજાવાય. એની જ જેમ **અપુનર્બન્ધક અવસ્થાના આચાર,**-પાપ તીવ્ર ભાવે ન કરવાં, ઔચિત્યનાં પાલન કરવાં વગેરે, તેમજ **મૈત્રી-પ્રમોદ-કરુણાના પોષક આચારો, એમ યોગની પૂર્વ સેવાના આચારો, તથા યોગ બીજનાં આચારો**-જેવાં કે જિનેન્દ્રદેવનું કુશલચિંતનપૂર્વક પૂજન, ભાવાચાર્યની ભક્તિ-વૈયાવચ્ચ, ધાર્મિક પ્રતિજ્ઞાઓ, શાસ્ત્ર લખાવવા-વંચાવવા વગેરે... આ બધા પુરુષાર્થ સાધ્ય હોવાથી એના પર આપણો ખરો અધિકાર પહોંચે છે.

એથી આગળ વધતાં, **સમ્યક્ત્વના આચારો,** જેવા કે જિનેન્દ્ર-ભક્તિ, સાધુ-સેવા, જિનવાણી-શ્રવણ, ૬૭ પ્રકારનો વ્યવહાર વગેરે. **શ્રાવક ધર્મના આચારો** જેવા કે શક્ય વ્રત ગ્રહણ, દાન-શીલ-તપ-ભાવ, શ્રાવક-દિનચર્યા, પર્વકૃત્યો, વાર્ષિક કૃત્યો, જીવનકૃત્યો, ૧૧ પ્રતિમા, વગેરે, તથા **સાધુધર્મના આચારમાં** જ્ઞાનાચારાદિ પંચાચારના કેઈ પ્રકારો, ઓઘ સામાચારી, દશવિધ સામાચારી વગેરે સામાચારીઓ, ત્યાગ-તપશ્ચર્યા, વિનય-ભક્તિ, જ્ઞાન-ધ્યાન વગેરેની કેઈ પ્રવૃત્તિઓ... આ બધા આચારમય જીવન પર આપણો અધિકાર પહોંચે છે.





# (૩૨) આધ્યાત્મિક પ્રવચન

## 'જીવન પર અધિકાર અને અંજનાસુંદરી.'

**ખોટા અધિકારની કલ્પનાથી દુઃખ અને વિટંબણા :-**

ખ્યાલ આવે છે ? જાતજાતની અને ભાતભાતની સુખ-સગવડ ઉપર અમારો અધિકાર છે એવું મનને લાગ્યા કરે છે, એવું મનમાં જાણે નિશ્ચિત વસી ગયું છે, એટલે તો જરા જરા જેટલી સગવડમાં અને તદ્દન મામુલી સુખમાં વાંધો ઊભો થાય એ ઉદાર દિલે ખમી ખવાતું નથી; ત્યાં મન પ્રશાંત અને સ્વસ્થ રહી શકતું નથી; કચવાટનો અનુભવ થાય છે; કેમ જાણે અમારા અધિકારની વસ્તુ અમને કેમ ન મળે ? એક જ દુકાનમાં મોટા મુનિમને પાંચસોના પગાર મળે ત્યાં નાનો ગુમાસ્તો પોતાને પગારના માત્ર પોણોસો મળે એમાં કચવાટ નથી અનુભવતો કેમ વારૂ ? સમજે છે કે મારો અધિકાર આટલો જ છે, ત્યારે અહીં તો વાતવાતમાં કચવાટ થાય, વાતવાતમાં મનને ઓછું આવે, શા માટે ભાઈ એમ ? બધી સુખસગવડનો ખોટો અધિકાર માન્યો છે માટે ને ? સમજી રાખો **એ ખોટા અધિકારની પાછળ જ દુઃખ ભોગવો છો, અને વિટંબણા ઊભી કરો છો.**

**ત્યારે સુકૃતનો કેટલો અધિકાર માન્યો છે ?** સુકૃત ઓછું મળ્યાનો કચવાટ કેટલો થાય છે ? મનને ઓછું ક્યારે આવે છે ? 'બસ, મારું આટલું માન સચવાયું નહિ, મારી આટલી સગવડ ન સચવાઈ, ધાર્યા પૈસા ન મળ્યા...' આવું આવું મનને ઓછું આવ્યા કરે છે; પરંતુ 'આટલું સુકૃત હું ન કમાયો, આટલા ઉત્તમ શ્રાવકના કે માર્ગાનુસારીના આચાર ન ખીલવ્યા...' એવું એવું મનને કાંઈ ઓછું આવે ખરું ? 'અહીં નિંદામાં પડ્યો, અહીં સ્વાર્થમાં તણાયો, ને ધર્મકથા કે પ્રભુજાપના અને પરમાર્થના સુકૃત ગુમાવ્યા' આવો કચવાટ ક્યાં થાય છે ? કેમ નહિ ? આ ઉત્તમ ભવમાં એના જ ખાસ અધિકાર મળેલા છે, પાછા એ તારક અધિકાર છે એવું હાડોહાડ વસ્યું નથી; એની કદર નથી. તો હવે એ ઊભું કરો. એ વિચારો કે કેવા વિશુદ્ધ આચાર-વિચારભર્યા જીવન જીવવાના અધિકાર મને મળ્યા છે ! **'દુન્યવી સુખ-સગવડ અને સન્માન-સત્કાર પર કોઈ અધિકાર મને નથી; એનું કારણ, એક તો મારી પાસે તેવું પુણ્યબળ નથી, અને બીજું, એવા અધિકાર મળવા પાછળ કોઈ શાબાશી નથી. કેમકે એથી તો સંસારમાં ડૂબવાનું છે, તરવાનું નથી; તો શા અધિકાર માનવા'તા ?' આ ભાવના કેળવો, પછી જુઓ કે મન કેટલું**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**માતબર બને છે ! કેવા સાચા સુખના અનુભવ થાય છે ! જાતે સહર્ષ કષ્ટ ઉપાડીને પણ બીજા પર ઉપકાર કરવાના કેવા સુંદર માર્ગ ખૂલે છે ! ઉત્તમ આચાર-વિચારના કેટલા સરસ અધિકાર મળ્યાની કદર થાય છે !**

**ઉત્તમ વિચારના અધિકાર :-** (૧)-(૨)

**મોક્ષરુચિ અને પવિત્ર આશય :-** શુદ્ધ વિચારના અધિકારમાં (૧) પહેલા નંબરમાં એ વિચારવાનો હક રાખો કે 'સંસાર અસાર છે, મોક્ષ એ જ એક સાર છે. તો આ ઉત્તમ ભવમાં દાવાપૂર્વક મોક્ષ જ સારભૂત હોવાનો પવિત્ર આશય રાખીશ. સંસાર ગમે તેટલી લીલા દેખાડે, પણ મારે મન **'સંસાર એ નિર્ગુણી ! સંસાર એ અપકારી ! સંસાર એ ભયાનક ! સંસાર એ શુદ્ધ આત્મા પર એક ઘોર વિટંબણા !'** આ શુભ વિચારભર્યા જીવન પર અધિકાર છે; એ અધિકારની અજમાયશ આશીર્વાદભૂત છે.

(૨) બીજો અધિકાર પવિત્ર આશય અને ઉમદા દિલનો છે. બીજી વાતનું પુણ્ય કમી હશે તો એ ઓછું મળશે. અગવડ રહેશે, પરંતુ હૃદયના આશય પવિત્ર રાખવામાં અને દિલ ઉમદા રાખવામાં કોઈ અટકાવે એમ નથી, એ રાખવાનો આપણો અધિકાર છે. તો અધિકાર અજમાવવો હોય તો આ અજમાવવો જોઈએ કે હવે તો હું ઘણે ઊંચે આવી ગયો છું, હવે કદી મેલા આશય ધરું નહિ. દિલને ક્ષુદ્ર બનાવું નહિ. **દુનિયામાં પ્રસંગ ગમે તે બને, પણ હૃદય તુચ્છ બનાવવામાં અને મલિન આશય ધરવામાં જીવને કાંઈ જ લાભ થતો નથી, ઊલટો સંતાપ વધે છે; પાપ વધે છે. ઉત્તમ ભવ એટલો બરબાદ થાય છે.** માટે સદા પવિત્ર અને ઉત્તમ દિલ હકપૂર્વક રાખવાનું. એ માટે પહેલાં કહ્યું તેમ ખતવણી સીધી કરવી; તારક ખતવણી કરવી. મારક નહિ. એવી ખતવણી કરવી કે જેથી મનના ઉલ્લાસ મરે નહિ, પાપવિચાર અને દુર્ધ્યાન સ્ફુરે નહિ.

(૩) **શુભ ભાવનાઓના ખૂબ અભ્યાસ :-**

ઉત્તમ વિચારમય જીવન માટે બીજું શુભ ભાવનાઓ વારંવાર થવી જોઈએ. જીવ ઘેલો છે કે આના સુંદર હક મળ્યા છે, તે વિસારી અશુભ ભાવનાઓ અને ફાલતુ વિચારોથી મનને વિડંબ્યા કરે છે. **જેમ નાદાન માણસ બહુવાર ખાઈ ખાઈને શરીરને વિડંબે છે, જુગારી બહુ ખેલી ખેલીને ધનને વિડંબે છે, કામાંધ માણસ જ્યાં ત્યાં અડપલાં કરી આબરૂને વિડંબે છે, એમ ખોટા વિચારો અને ખોટી ભાવનાઓ કરી કરીને મનને વિડંબે છે.** પછી દુર્બળ અને નિઃસત્ત્વ બનેલું મન સારા કામમાં ચોંટતું નથી, ધર્મક્રિયામાં પણ ખોટા વિચાર કર્યા કરે છે. ઉચ્ચ કોટિના ઉપદેશ અનેકવાર સાંભળવા મળ્યા પછી પણ આજે એ ફરિયાદ શાથી છે



કે 'સાહેબ ! સાંભળીને ગયા પછી ટકતું નથી. એ પાવર ટકતો નથી ?' એટલા જ માટે કે સાંભળતાં અને વિશેષ કરીને સાંભળીને ગયા પછી શુભ વિચારો, ને શુભ ભાવનાના ભરપૂર આંદોલનનો મગજમાં રમતા રહેતા નથી. પાતંજલ યોગદર્શન પણ કહે છે કે **'વૈરાગ્યની ભાવનાના અભ્યાસથી અર્થાત્ વારંવાર એ ભાવના ભાવ્યા કરવાથી અનાદિના રાગના સંસ્કાર ઘસાતા આવે છે.' રાગ, મમતા, તૃષ્ણા વગેરેની ગાઢ જામેલી વાસનાના પાશ તો જ મીટે કે વૈરાગ્યની વારંવાર ભાવનાઓના એના પર ખાર લાગ્યા કરે.** માટે આ ખાસ શરૂ કરી દો કે હાલતાં ને ચાલતાં, ખાતાં ને પીતાં, બેસતાં ને ઊઠતાં શુભ ભાવનાઓ મનમાં રમ્યા કરે. શુભ ભાવના એટલે ? મૈત્રી વગેરેની ભાવનાઓ, સંયોગ માત્રની અનિત્યતા, સંસારમાં જીવની અશરણતા, સંસાર સંબંધોની વિચિત્રતા અને દુઃખમયતા,... વગેરે વગેરેની ભાવનાઓ એ શુભ ભાવનાઓ છે.

**(૪) તત્ત્વચિંતન :-** ત્રીજું જરૂરી આ છે કે જીવ, અજીવ વગેરે તત્ત્વોનું ચિંતન કરવું; કર્મના સિદ્ધાંત વિચારવા; સ્યાદ્વાદની વ્યાપકતા વિચારવી; ઇત્યાદિ અનેક રીતે તત્ત્વચિંતન કરવું. એથી દૃષ્ટિ નિર્મળ બને છે; ખોટી માન્યતાઓ અને ધોરણો પલટાય છે; અતાત્ત્વિક દૃષ્ટિ નાબૂદ થાય છે; સમ્યક્ત્વ દૃઢ થાય છે. માટે જ

**(૫) શ્રદ્ધાબળ :-** ઉત્તમ વિચારમય જીવન માટે શ્રી અરિહંત પરમાત્મા અને એમના વચન ઉપર અથાગ શ્રદ્ધાબળ કેળવવું; અને મિથ્યાત્વના ભાવને વમી કાઢવા. ક્યારેક પણ શંકા, કાંક્ષા ન ઊઠે એવી શ્રદ્ધાની પરિણતિ વધારતા જવી; ને કદાચિત ઊઠે તો સર્વજ્ઞ ભગવાનના અનંત જ્ઞાનનો, જગતમાં અરિહંતની મહાનતાનો, આપણી અલ્પતાનો...એવો બધો ખ્યાલ કરી શંકાદિને નિર્મલ કરવા; અને શ્રદ્ધા એવી કેળવવી કે બાળક માતાના ખોળામાં જેમ નિશ્ચિન્ત બને એમ આત્મા અરિહંત અને એમના વચનમાં નિશ્ચિન્ત બને.

**(૬) ક્ષમાદિના અભ્યાસ :-** શુભ વિચારભર્યા જીવનનો તારક અધિકાર ભોગવવા, મોક્ષરુચિ, પવિત્ર આશય, શુભ ભાવનાઓ, તત્ત્વચિંતન અને શ્રદ્ધાબળની જેમ ક્ષમાના, નમ્રતાના, સરળતાના અને નિસ્પૃહતાના **દિલ** કેળવવાની જરૂર છે. વારંવાર ક્ષમાદિના પ્રયોગ કરવા જોઈએ. આની વળી ઓર બલિહારી છે. એવા પ્રયોગને જે કરતા રહે છે, એ એના મીઠાં ફળ અનુભવે છે. જગતને ક્રોધ, અભિમાન, વગેરેના નશામાં પાગલ બનતું જોઈ એને દયા આવે છે, આશ્ચર્ય થાય છે કે 'આ કેવી પાગલતા ! એ સમજે છે કે 'બીજો ધર્મ કમાવવો મોંઘો હશે પણ આ ક્ષમાદિ કેળવવા સસ્તા છે;' અને સસ્તા છતાં અહીં અને પરલોક બંને માટે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મહાલાભકારી છે.' પરંતુ આ બનાવવા માટે 'એના સુંદર અધિકાર અહીં મળ્યા છે તો એ જ અજમાવું, પણ ક્રોધાદિના અધિકાર નહિ,' એવી જાગ્રતિ, એવી ખ્યાએશ રહેવી જોઈએ.

(૭) **ધર્મનો રાગ, પ્રશંસાદિ :-** સમય ટૂંકો છે; અંજનાસુંદરીએ આભ્યન્તર જીવનના ઉત્તમ અધિકાર અજમાવ્યા તે જોવાના છે; માટે ટૂંકામાં જ જોઈએ છીએ. શુભ વિચારમય જીવનમાં ધર્મનો રાગ, ધર્મની પ્રશંસા, ધર્મ કરવાની તાલાવેલી વગેરે આંતરિક ભાવને હક માનીને વિકસાવવાના છે. આજ સુધી જડ વસ્તુના રાગ, ગુણગાન અને ઈચ્છાઓ બહુ સેવી, અનંતકાળની એ રમત પછી આજે સરવાળે શું એ તો જાણો છે ને ? છે કાંઈ માલ ? કોઈ નક્કર લાભ ? કોઈ સંગીન-સદ્ધર કમાણી દેખાડી શકશો ? ના, તો હજી ય એના અધિકાર સેવવા છે ? મૂકો એની પંચાત; અને આ દિવ્ય અધિકાર મળ્યા છે તે બજાવો. જીવને કહી દો કે

'રાગ કરીશ તો ધર્મનો, પ્રશંસા કરીશ તો ધર્મની. જ્યાં જ્યાં ધર્મ દેખાશે, ત્યાં ત્યાં તેના ગુણ ગાઈશ. સારો તો ધર્મને જ માનીશ. અભિલાષા અને તાલાવેલી ધર્મ કરવાની કરીશ. હવે તો ધર્મની જ ગરજ રાખીશ. બીજી ગરજ બહુ કરી, પણ અંતે દ્રોહ દેખ્યો. જેની ગરજ કરી કરીને હું તૂટી મરું, કાયા તોડી નાખું, મન થકવી નાખું, આખું જીવન હોમી દઉં, એની પાછળ અંતે એ તો મને દગો જ દઈ જાય, રોતો જ રાખે ને ભવમાં ભટકતો કરે; તો શા માટે એવી ગરજ સેવવાની મૂર્ખાઈ કરું ? બસ, હવે તો મારે ધર્મની જ ગરજ કરવાની. સાચી ગરજ જાગશે પછી તો કોઈ બહાનાં નહિ ઊભા રહે...' આવા આવા શુભ ભાવ વિકસાવવાના છે. જીવનમાં વાંધા ધર્મની ગરજના જ છે ! ધર્મની સાચી ગરજ હોય પછી 'ધર્મ કેમ નથી કરતા ?' એના ઉત્તરમાં શું કરીએ ? 'પ્રમાદ નડે છે. બીજા કામ ઘણાં છે. ઉપાધિ બહુ છે. શરીર ચાલતું નથી...' વગેરે વગેરે બચાવ ધરાય ખરા ? તે ય હૃદયમાં ડંખ વિના, કલેજે કંપ વિના અને દિલમાં મહાનિસાસા વિના બચાવનાં ઓઠાં રજૂ કરી શકાય ? નથી લાગતું કે ગરજ નથી માટે જ પ્રમાદ વગેરેનું બહાનું છે ? દુનિયામાં કેઈ વાતોની ગરજ છે તો ત્યાં પ્રમાદ નડે છે ખરો ? બીજા કામ આડે આવે છે ખરા ? ઉપાધિઓ અટકાવે છે ? શરીર નથી ચાલતું ? મૂળમાં તેવી ગરજ નથી, પછી શું કામ દંભના બચાવ કરાય છે ? માટે દિલમાં ધર્મની તરણ-તારણતા અને મહાદુર્લભતા વિચારી પહેલાં ધર્મની ગરજનો ભાવ ઊભો કરો. આ કરવાનો અહીં સુંદર મોકો મળ્યો છે, અધિકાર છે, એને સફળ કરો. ધર્મના ગરજુ બન્યા પછી પણ કેટલો ય ધર્મ અમલમાં નહિ ઊતરે એવું ય બનશે, પરંતુ ત્યાં



બહાના બચાવને બદલે ખેદ થશે કે 'અહો ! હું કેવો કમભાગી કે ધર્મ-અમૃતને બદલે પાપનાં ઝેર પી રહ્યો છું !' આ ખેદની પાછળના બોલ પણ જુદા જ નીકળશે.

(૮) **ધર્મનો સમરસ :-** ધર્મની પાકી ગરજ ઉપરાંત **આત્મા સાથે ધર્મનો સમરસ કેળવવાની જરૂર છે.** આચારધર્મની જેમ વિચારધર્મમાં આ એક મહત્ત્વનો ભાવ કેળવવાનો છે, સમરસ એટલે સમજો છો ? દૂધમાં સાકર નાખો તો પછી એ સાકર દૂધમાં જુદી શોધી જડે ? ના, એ તો દૂધ સાથે એકરસ થઈ ગઈ. બસ, ધર્મ એ રીતે આત્મામાં એકરસ બની જવો જોઈએ. એકરસ પણ એવો કે જેમ જુદા જુદા મસાલા દાળ-શાકમાં એકરસ થઈ જાય છે તેમ જુદા જુદા ધર્મગુણો દા.ત., ક્ષમા, નમ્રતા, સહિષ્ણુતા, પરોપકાર વગેરે એકરસ થઈ ગયા હોય. તેથી પછી એમ ન થાય કે 'પરોપકાર તો કરું પણ સામો ગુસ્સો થાય તેવા બોલ બોલે ત્યાં શી રીતે પરોપકાર થાય ?' એ તો પરોપકાર સાથે ક્ષમા એકરસ થયેલી હોય તો એ ગુસ્સો કે રીસામણું થવા જ ન દે, અને પરોપકાર ચાલવા દે. સમરસની અદ્‌ભુત વસ્તુ સમજપૂર્વક બહુ આદરવા જેવી છે. ધર્મ અને ગુણો આત્મા સાથે એકરસ નથી થયા હોતા તેથી એ **સહજભાવે અમલમાં નથી** આવતા, જાણે પરાણે કરવા પડે છે, દા.ત. ઉપવાસ મન મારીને કરવો પડે છે, એનું પરિણામ, પ્રતિપક્ષી પાપો અને દોષથી એ વારે વારે દબાઈ જાય છે. દા.ત. ખાવાના રસમાં ઉપવાસ લાંબે ગાળે વિલંબાય છે, પાછા વળી ધર્મ અને ગુણો આદરાતા હોય ત્યારે પણ પરાયા જેવા ભાસે છે. માટે, ફૂલમાં સુગંધી જેમ એકરસ ભળેલી હોય છે, મધમાં મીઠાશ જેમ એકરસ હોય છે, સ્ફટિકમાં ઉજ્જ્વળતા આરપાર રહેલી છે, જેમ સૂર્યમાં તેજ એકાકાર છે, તેવી રીતે ધર્મને અને ગુણોને આત્મામાં એકાકાર-એકરસ, યાને આત્મા સાથે સમરસ કરવાના છે; જેથી એ સહજ બને; પોતાની વસ્તુ લાગે; ભૂલાયા ભૂલાય નહિ; એમાં હર્ષ-ઉલ્લાસનો પાર ન હોય. **ધર્મ અને ગુણોને સમરસ કરવાનો કલ્યાણ અધિકાર અહીં મળ્યો છે, તો એ મૂકીને પાપો અને દોષોને સમરસ રાખવાનો મારક અધિકારને બજાવવાનું શા માટે કરવું ?**

ભૂલશો નહિ કે-ધર્મ અને ગુણોને આ સમરસ કરવા વગેરેનું કાર્ય પુરુષાર્થ-સાધ્ય છે, માટે જ એના સાચા અધિકાર મળ્યા ગણાય; બાકી રંગરાગના પદાર્થ મેળવવા-ભોગવવા-સાચવવાનું તો પૂર્વના પુણ્યને આધીન છે; પુણ્ય સાબૂત હોય તો એ બને; તેથી એના પર આપણા સાચા અધિકાર નથી, ભાડૂતિ અધિકાર છે. અંજનાસુંદરીના ચરિત્રમાં જોશો કે એ મહાસમૃદ્ધિમાં જન્મેલી અને પરણેલી હોવા છતાં પુણ્ય વાંકું પડ્યું તો અધિકારો કેવા લૂંટાયા ! ત્યારે એનામાં શીલગુણ સમરસ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

થયો હતો તો કેવો સહજભાવે અને પોતાની વસ્તુ તરીકે એને સાચવવાનો અધિકાર એણે બજાવ્યો !

**(૯) અરિહંત પર ઉછળતી પ્રીતિ-ભક્તિના અધિકાર :-**

મોક્ષરુચિ, શુદ્ધ આશય, શુભ ભાવનાઓ, તત્ત્વશ્રદ્ધા, ક્ષમાદિ ગુણો કેળવવાપૂર્વક ધર્મરાગ-પ્રશંસા-ગરજ અને ધર્મના સમરસને પ્રદીપ્ત કરી, શુભ વિચારક્ષેત્રમાં અરિહંત પરમાત્મા પ્રત્યે ઉછળતી પ્રીતિ-ભક્તિનો ભાવ ઊભો કરવાનો. આવા પ્રીતિ-ભક્તિભર્યા જીવન પર આપણો સાચો અધિકાર છે, એવું જીવન બનાવવાનો અધિકાર અજમાવી શકાય એવો અધિકાર છે. **અધિકાર જ અજમાવવા હોય તો આવા અધિકાર અજમાવો, દાવો રાખવો હોય તો આનો દાવો રાખો, હક કરવા હોય તો આના હક કરો. બાકી વેઠિયા અધિકાર. ભાડુતી અધિકાર આત્માની મશ્કરી કરાવનારા અધિકાર અજમાવ્યાથી શું ? આત્માને** અંતે નાલેશી અપાવનારા, નુકસાન કરનારા અધિકાર અજમાવ્યાથી શું ? જેવી રીતે માણસને સુશીલ પત્ની પ્રત્યે ઊછળતી પ્રીતિ હોય છે, સુયોગ્ય માતા પ્રત્યે ઊછળતી ભક્તિ હોય છે, એવી રીતે અરિહંત પરમાત્મા પ્રત્યે અને એમના આદેશો પ્રત્યે ઊછળતી પ્રીતિ-ભક્તિ કેળવવાના છે. **ઊછળતી એટલે સમજો છો ને ? કલેજું તર કરે એવી ! હૃદયમાં થનમનાટ કરાવે એવી ! દિલને ગદ્ગદ કરે એવી !** અરિહંત અને ધર્મ એટલે બસ શી વાત ! કરોડો રૂપિયાનો ખજાનો અને એના આપનાર દેવતા પ્રત્યે કેવી પ્રીતિ અને બહુમાન થાય ? એવું ધર્મ અને ધર્મદાતા અરિહંત પ્રત્યે થવું જોઈએ. તો પછી સમરસ થતાં વાર નહિ; શુષ્ક હૈયા ભીંજાતા વાર નહિ; ઉમળકા અને કોડ ઊભરાવા સહેલા ! વાતે ય સાચી છે, અરિહંત અને એમના આદેશને છોડી બીજે ક્યાં હેત ઊભરાવવા જેવા છે ? બહુમાન પાથરવા જેવા છે ? બધી જ કલ્યાણ-સાધનાઓને ચેતનવંતી સ્ફુર્તિમતી અને વેગવંતી કરવી હોય તો પહેલું આ કરો.

**(૧૦) પરમાત્માસ્મરણ-સંવેગ-વૈરાગ્ય :-** એની સાથે અરિહંત પરમાત્માનું સ્મરણ એ વિચારક્ષેત્રમાં એક અધિકારની વસ્તુ છે. સ્મરણમાં પહેલું નામસ્મરણ બહુ સરળ અને સતત કરી શકાય એવું છે, તથા લાભ અપરંપાર ! જાપનો મહિમા જગત્પ્રસિદ્ધ છે. એનાથી મન-વચન-કાયા ત્રણે ય પવિત્ર થાય છે, અતીત-વર્તમાન-ભવિષ્ય ત્રણે ય ભવ નિર્મળ બને છે. અતીત ભવ નિર્મળ એ રીતે કે એના કેઈ પાપોનો અને કુસંસ્કારોનો નાશ થાય છે. બસ, સમય મળે ત્યારે એકાંત સ્થળે બેસી એકાગ્રપણે પ્રભુનું નામરટણ; અને બાકી ઊઠતાં-બેસતાં, કામકાજ કરતાં પ્રભુનું નામ સ્મરણ; એવું કે એ અજપાજાપ જેવું થઈ જાય. પણ તે



શૂન્યચિત્તે નહિ હો, પંચ પરમેષ્ટિનું સ્મરણ પણ એમ સિદ્ધ કરવાનું. આ સ્મરણની સાથે હૃદયે સંવેગ-વૈરાગ્યના પૂર ઊછાળતા રહેવા જોઈએ. મોક્ષ અને ધર્મનો અથાગ પ્રેમ એ સંવેગ, અને ઈન્દ્રિયોના વિષયો તથા એના જડ સાધનો લક્ષ્મી વગેરે ઉપર અનાસ્થા, ભય, અકળામણાદિ એ વૈરાગ્ય. આ સંવેગ-વૈરાગ્ય સતત જાગતા જોઈએ.

**(૧૧) પરલોકદષ્ટિ, પાપભય, નિંદા-પશ્ચાત્તાપ,-અસંગ :-**

વિચારક્ષેત્રમાં એક વળી બીજો જીવન-અધિકાર અજમાવવાની ખાસ જરૂર છે. એ છે પરલોકદષ્ટિ અને પાપના ભય વગેરે. પરલોકદષ્ટિ એટલે વર્તમાન જીવન જીવાય તેમાં કેન્દ્ર સ્થાને પરભવ ઉપર દષ્ટિ રહે, પરલોકનો વિચાર જાગતો રહે. 'અહીં જે આ કરું છું તેનાથી ભવાન્તરે શું ફળ મળશે ? શું પરિણામ નીપજશે ?' એનો વિચાર મુખ્ય રહે; તેમ 'ભલે પૈસા-ટકા કે રંગરાગ ઓછા મળે કે જતા કરાય, પણ મારો પરલોક ન બગડે એ ખાસ સંભાળવું.' આ પરલોકદષ્ટિ. શા માટે ? કારણ છે કે **વર્તમાન જીવન અને એના રંગરાગ વગેરે તો આવ્યા ને ગયા ! પરલોકનો દીર્ઘકાળ માથે ઊભો છે ! અહીં સુખ-સાહ્યબી ભોગવી એ તો ક્ષણજીવી; જ્યારે એની પાછળના દારુણ વિપાક ભવિષ્યમાં દીર્ઘકાળ ભોગવવા પડશે !** તો એવા ક્ષણજીવી ભોગોમાં શું રાચવું'તું ? શી ગુલામી ભોગવવી'તી ? અહીં ય એ શી બહુ નિરાંત આપે છે ? માટે પરલોક ન બગડે, પરલોક ઉજ્જવળ થાય એવા કાર્યમાં લાગી જઉં,' આ પરલોકદષ્ટિ **એ પરલોકદષ્ટિ સલામત રાખવા પાપના ભય, પાપની નિંદા, પાપના પશ્ચાત્તાપ અને પાપના અસંગ ઊભા થવા જોઈએ.** મનને ડર રહ્યા કરે કે પાપરૂપી ઝેર કેવાં ભયંકર નીવડે ! માટે ક્યાંય પાપમાં ન ફસાઉં ! રખેને મને પાપ વળગી ન જાય ! પાપ એટલે રાક્ષસ ! પાપ એટલે દાવાનળ ! પાપ એટલે પાતાળકૂવો ! એમાં પડ્યા તો ખતમ ! આવા પાપભયની સાથે પાપની ભયાનકતા, આત્મહિતનાશકતા વગેરે પર એની એવી નિંદા મનમાં તરવર્યા કરે કે નવાં પાપ આવીને ફસાવે નહિ. તેમ થઈ ગયેલાં પાપનાં ભારે પશ્ચાત્તાપ થાય, જેથી એનાં મમત્વ, એના અનુબન્ધ, કુસંસ્કાર, અને અનુમોદના નાબૂદ થઈ જાય. એ પછી પાપના અસંગ અર્થાત્ મનમાંથી પાપની પકડો છૂટી જાય; પ્રતિજ્ઞાબદ્ધ પાપત્યાગ થાય, કેઈ વ્રત-નિયમો થાય, ગુણસ્થાનકની વૃદ્ધિ થતી આવે...યાવત્ સ્વપ્નમાં શું કે કલ્પનામાં પણ પાપનો સંચાર નહિ. આવા જીવન પુરુષાર્થથી સાધ્ય છે, માટે એના પર આપણો અધિકાર છે.

શુભ વિચારના ક્ષેત્રમાં ઘણી વાતો વિચારી. આ બધી શક્ય કરવા માટે છેવટે આટલું ધ્યાનમાં રાખી લ્યો કે ફજુલ વિચારો, અશક્યના વિચારો અને બગડી



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વાતના વિચારો મનમાંથી કાઢી નાખજો. જે વિચારો નિષ્ફળ જવાના છે, જે વિચારો અમલમાં મૂકી શકાય એવા નથી, અને બગડી-સગવડી વસ્તુના જે વિચાર કર્યા કરવાથી સુધરવાનું કાંઈ નથી, તેવા વિચારોને મનમાં સ્થાન જ ન આપવું. એવા વિચારથી મનની શક્તિ ક્ષીણ થાય છે, સત્ત્વ હ્રાસ પામે છે, જીવ ખોટો તરંગી યા ઉદ્વિગ્ન બને છે; સારા વિચારની સ્થિરતા નથી રહેતી ! શો સાર એમાં ? માટે એવા અયોગ્ય વિચારોની ટેવ ઓછી કરી નાખી, પૂર્વે કહેલા શુભ ભાવોથી હૃદય ભરચક ભરી દેવું જોઈએ. એવા જીવન પર આપણો અધિકાર છે.

અંજનાસુંદરીના જીવન પર આવતાં પહેલાં બાહ્ય અને આભ્યન્તર તથા શુભ આચાર અને વિચારમય જીવન પરના અધિકાર અંગે ઠીક ઠીક વિચાર્યું. એ ખૂબ જ મનનીય છે ! વારંવાર મનનીય છે ! હવે સંક્ષેપમાં એ મહાસતીના જીવનને જોતાં ક્યાં કેવા અધિકાર એણે અજમાવ્યા એ જોઈએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૨,તા.૩-૫-૧૯૫૮

## (૩૩) આધ્યાત્મિક પ્રવચન

### • અંજનાસુંદરીનો જન્મ •

અંજનાસુંદરીના જીવનને આલેખતાં કહે છે કે એનામાં શિયળનો મુખ્ય ગુણ હતો. શિયળના જીવન પર એણે અધિકાર રાખ્યો હતો. એમ તો શિયળ જ શા માટે, આપત્તિમાં સત્ત્વ, કુળમર્યાદાનું પાલન, તરછોડનાર પતિ ઉપર પણ બહુમાન વગેરે કેઈ ગુણો પર એણે અધિકાર રાખ્યો હતો. કવિ મુખ્યપણે તેના શિયળના ગુણ ગાય છે. મહાસતીઓના શિયળના ગુણ ગાવા બેસીએ તો દિવસોના દિવસો જાય ! તેને યાદ કરવામાં પણ અદ્ભુત કોટિનો આનંદ અને પ્રેરણા મળે. ભરતક્ષેત્રે સમુદ્રની નજીક દન્તી નામના પર્વત ઉપર મહેન્દ્રપુર નગર છે ત્યાં **મહેન્દ્ર** નામે વિદ્યાધરેન્દ્ર રાજા અને તેની **હૃદયસુંદરી** નામની રાણી છે. રાજાને અરિદમ વગેરે સો પુત્રો ઉપર આ હૃદયસુંદરી રાણીથી એક ખોટની દીકરીનો જન્મ થાય છે, જેનું નામ **અંજનાસુંદરી** રાખવામાં આવે છે. **જુઓ, ખોટની દીકરીના લાડ, સન્માન કેવાક થાય છે, છતાં અવસરે એમના જ હાથે એનો તિરસ્કાર થવાનો છે ! કર્મના ખેલ વિચિત્ર છે !** અત્યારે તો એ સૌની લાડકવાયી છે; વિશિષ્ટ પુણ્યવાળી છે, વિદ્યા, કળા વગેરેમાં પાવરધી છે; અપ્સરાઓને પણ ઝાંખી પાડી દે એવા રૂપ અને લાવણ્ય એના દેહ પર લચી રહ્યા છે. યુવાનીમાં પ્રવેશ કરતાં એના વિવાહની



ચિંતા પિતાને થાય છે. 'આના રૂપ અને ગુણોને યોગ્ય વર ક્યાં મળે ?' એ માટે મંત્રીઓની સાથે **વિચારણા કરે છે.**

**બે મૂરતિયા :-**

મંત્રી દેશ-દેશાવર વિશ્વાસુ દૂતો મોકલીને હજારો વિદ્યાધર યુવાનોના રૂપ ચિતરાવી મંગાવે છે, એમાં બે ચિત્ર આગળ તરી આવે છે; એક છે વિદ્યાધર રાજા હિરણ્યાભ અને રાણી સુમનાકુક્ષીના પુત્ર વિદ્યુત્પ્રભનું; બીજું છે વૈતાઢ્ય પર્વત પર આદિત્યપુર નગરના વિદ્યાધર રાજા પ્રહ્લાદ અને તેની પ્રિયા કેતુમતીના પુત્ર પવનંજયનું. આમ તો દૂતો પોતપોતાની તપાસમાં લાવેલા ચિત્રના રાજકુમાર માટે રૂપ અને કળાના સારા ગુણ ગાય છે; **સૌને અહંભાવ હોય છે ને કે મેં શોધ્યું, તપાસ્યું એ લાખ રૂપિયાનું ?** પણ અહીં તો અનેકની વિગત ભેગી થઈ એમાંથી વિદ્યુત્પ્રભ અને પવનંજય, બે રાજકુમારો કુળ, રૂપ, કળા અને પરાક્રમાદિ ગુણોમાં આગળ તરી આવ્યા. ત્યારે હવે પ્રશ્ન રહ્યો કે આ બેમાંથી કોની પસંદગી કરવી.

રાજાના પ્રશ્ન પર મંત્રી કહે છે, "મહારાજ ! આ વિદ્યુત્પ્રભ માટે નિમિત્તિયાએ પહેલાં કહ્યું છે કે એ આ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જનારો ઉત્તમ જીવ છે, પણ તેનું આયુષ્ય માત્ર અઢાર વર્ષનું છે. ત્યારે પવનંજય દીર્ઘ આયુષ્યવાળો છે; બાકી એના મોક્ષ વગેરે અંગે સાંભળવા નથી મળ્યું."

જો જો હોં, આ તે કાળ છે કે જ્યાં મોક્ષગામી અને ચારિત્રી જીવો અંગે બહુમાન છે, પૂજ્યભાવ અને આકર્ષણ છે. પરંતુ મંત્રી કહે છે, "મહારાજ ! અંજનાસુંદરી માટે તો દીર્ઘ આયુષ્યવાળો પવનંજય પતિ કરવો ઠીક છે."

**ગમે તેમ તો ય સંસારીની દૃષ્ટિ કેટલે પહોંચે ?** સંસાર અખંડ ચાલવો જોઈએ એટલે સુધી જ ને ?

તમને એમ થતું હશે કે 'ત્યારે શું ૧૮ વર્ષના આયુષ્યવાળા સાથે પરણાવી અંજનાને વિધવા બનાવવી ?'

**વિધવા થવાની ઝટ કલ્પના ! વિરાગી થવાની નહિ ! :-**

પણ એ વિચારવું કેમ ભૂલી જાઓ છો કે 'અંજનાસુંદરી એવા ટૂંકા આયુષ્યવાળા પણ કેવળજ્ઞાન પામનારાના સંપર્કમાં આવીને પોતે પણ કેવળજ્ઞાન કે ચારિત્ર નહિ પાળે ?' બસ, વિધવા થવાની ઝટ કલ્પના ! વિરાગી થવાની નહિ ! રાજુલને શું બન્યું ? પતિ એવા મળ્યા કે તોરણે આવી પાછા ચાલ્યા જાય. છતાં રાજીમતી એમાં જ ન્યાલ થઈ ગઈ. પતિ તીર્થંકરદેવના હાથે ચારિત્ર અને એક વર્ષમાં જ કેવળજ્ઞાન પામી ગઈ ! ત્યારે એ ખૂબી જુઓ કે મંત્રી દીર્ઘાયુષી પવનંજયને પસંદ કરે છે, પણ એમને એ ખબર નથી કે એનો એ પરણ્યા બરાબર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

બાવીસ બાવીસ વર્ષ સુધી અંજનાના સામું ય નહિ જુએ. છતાં તમે કહેવાના કે 'એ ગમે તેમ, પણ જાણી જોઈને કૂવામાં ઉતારાય ?'

**બુદ્ધિમુડી પર અધિકાર :-**

બસ ! દૃષ્ટિ જ એક, કે આપણા માટે અને આપણા આશ્રિતો માટે સંસાર સલામત રાખવાનો; બધો વિચાર કરવાનો તે માત્ર વિષયસુખોની દૃષ્ટિએ ! ધન્ય તમારી માનવભવની મોંઘેરી બુદ્ધિમુડીને ! **આ બુદ્ધિમુડીની કિંમત સમજો છો ? ખબર છે તમને કે કેવા લખલૂટ પુણ્ય કમાવી આપે એવા બુદ્ધિના ખજાના પર અધિકાર તમને મળ્યો છે ?** કિંમત ન સમજો ત્યાં શું થાય ? બાકી તો તમને એવી સુંદર બુદ્ધિશક્તિ મળી છે કે બહાર સંયોગો ગમે તેવા હોય પરંતુ **ઉદાર અને ઉમદા કોટિની વિચારસરણી, ઉત્તમ ભાવનાઓ અને તત્ત્વચિંતન, નવકારમંત્ર અને અરિહંતાદિ મહાપુરુષોના જીવન સ્મરણ વગેરે દ્વારા (૧) અસંખ્ય ભવોનાં પાપોનો વિધ્વંસ કરી શકો ! (૨) શુભ અધ્યવસાયના યોગે પુણ્યાનુંબંધી પુણ્યના થોક ઉપાર્જી શકો ! (૩) જનમજનમના કુસંસ્કારોના ચાલ્યા આવતા પ્રવાહને સૂકવી નાખી શકો ! ખર્ચ કંઈ જ નહિ, ને લાભ અપરંપાર !**

રાજાએ મંત્રીનું કહ્યું સાંભળીને પવનંજયને મનમાં ધારી લીધો. એટલામાં તો પ્રહ્લાદ રાજાને બીજા વિદ્યાધર રાજાઓ સાથે નંદીશ્વરની યાત્રાએ જવાનું થયું. વિદ્યાધર હોવાથી પવનમાં ઊડીને જઈ શકે એમ હતું. વચમાં મહેન્દ્રનગર આવ્યું. વિચાર કર્યો, 'ઊતરીએ, જિનમંદિરોના દર્શન કરીએ.' મળેલી પુણ્યશક્તિના આ સદુપયોગ છે. અહીં તો અલબેલી નગરી છે, પ્રજા સુખી છે. સારા રાજ્યમાં આનંદ-મંગળ છે. દેવદર્શનાદિ કર્યા. મહેન્દ્રરાજાએ આદર-સત્કાર કર્યો; 'સાધર્મિકના પગલાં મારે ત્યાં ક્યાંથી ?' આ ભાવના છે. એના એ જ સ્વાગત-સમારંભ સગાં-સ્નેહીઓ માટે હોય તો મોહપોષક અને પાપદાયી બને છે, ત્યારે સાધર્મી માટે હોય તો ધર્મપોષક ને પુણ્યદાયી બને છે.

પ્રહ્લાદ રાજાએ અહીં અંજનાસુંદરીને જોઈ પોતાના પુત્ર પવનંજય માટે માગણી કરી. રાજાએ પવનંજયના ગુણ તો સાંભળ્યા જ હતા; તેમ મનમાં એને ધારી પણ રાખ્યો હતો. ત્યાં ભાવતું હતું અને વૈદે કહ્યુંની માફક સામેથી માગણી આવી. માગણી તો નિમિત્ત માત્ર બની. રાજાએ માગણી કબૂલ રાખી અને લગ્ન માટે રોકાઈ જવા જણાવ્યું. ત્રીજે દિવસે માનસ સરોવર પર લગ્ન લેવાનું નક્કી થયું. સૌ પોતાના સ્થાને ગયા. માનસ સરોવર પર બંને પક્ષના પરિવાર સાથે બંને રાજા પહોંચી ગયા; વિદ્યાના બળે મોટા મહેલો વિકુર્વી લગ્નના ઉત્સવ શરૂ કર્યા.

**પવનંજયનું ગુપ્ત નિરીક્ષણ :-** હવે અહીં પવનંજય પોતાના મિત્રને કહે છે,



"અરે ભાઈ ! અંજનાસુંદરીને જોઈ છે ? કેવીક છે એ ?"

મિત્ર પ્રહસિત કહે છે, "હા, જોઈ છે. એ બહુ જ રૂપાળી. બીજી માનવી તો શું પણ રંભાદિ દેવાંગનાઓને પણ ભૂલાવે એવી. એનું રૂપ જે નજરે દેખાય છે, તે મોટા કવિઓ વાણીથી ન વર્ણવી શકે એવું છે !"

પવનંજય એ સાંભળીને એને જોવા ઉત્કંઠિત બન્યો; કહે છે, 'તો એને જોયા વિના ત્રણ દિવસનો સમય કેમ જાય ? પ્રિયાની ઉત્કંઠામાં તો એક ઘડી પણ મોટા દિવસ જેવડી લાગે છે ! દિવસ મોટા મહિના જેવડો.' એને તો લગની લાગી.

મિત્ર પ્રહસિત કહે છે, 'અરે ! તું મર્યાદા જાણે છે કે નહિ ? એ કાંઈ હવે ભાગી નહિ જાય. તને મળવાની જ છે. છતાં તારું મન છે તો ચાલ, રાત્રે ગુપ્ત રીતે જઈશું.'

પ્રહસિત અને પવનંજય રાજકુમાર રાત્રિ થઈ એટલે અંજનાસુંદરીના મહેલ પર સાતમા માળે ગયા. બહારથી અગાશીમાં ઊભા રહી ગુપ્ત રીતે જુએ છે તો પવનંજય રૂપનો અંબાર જોઈને મુગ્ધ થઈ જાય છે, કે જગત ઉપર આવું રૂપ ધરનાર સ્ત્રી પણ હોય છે ? પુતળુ છે કે શું ? 'ના, સાચું છે, હસે છે, ખીલે છે.' જો જો વિધિના ખેલ છે કે ઘડીમાં કાંઈ કલ્પના અને ઘડીમાં બીજી જ કલ્પના હોય ! વિધિ એવો વક્ર છે કે હમણાં હાથીના હોદ્દે ચઢાવે અને પછી ગધેડે બેસાડે ! વરઘોડા બગીચેથી ચઢાવી ઉકરડે ઊતરાવે ! હમણાં તો પવનંજય રૂપ જોઈ લુબ્ધ થઈ જાય છે. પણ અહીં જ થોડીક વારમાં જ મન શું પલટો દેશે એની એને ખબર નથી.

અહીં અંજનાસુંદરી પાસે બે સખીઓ બેઠી છે; એક વસંતતિલકા અને બીજી મિશ્રકા. પહેલી સખી અંજનાકુમારીને કહે છે કે 'ધન્ય છે તને કે પવનંજય જેવો પતિ મળ્યો !'

આ સાંભળીને સખી મિશ્રકા તેનો વિપરીત જવાબ આપે છે, 'અરે ! ક્યાં વિદ્યુત્પ્રભ અને ક્યાં પવનંજય ? ચરમશરીરી વિદ્યુત્પ્રભને છોડીને બીજો કયો વર પ્રશંસવા યોગ્ય છે ?'

વસંતતિલકા કહે છે, 'ભલે ને મોક્ષે જનારા પણ આયુષ્ય કેટલું ? તું તો ભોળી છે ભોળી, એવા ટૂંકા આયુષ્યવાળા પતિ શું આપણી સ્વામિની માટે યોગ્ય ગણાય ?'

એટલે મિશ્રકા જવાબ આપે છે, 'અરે ! બેન મારી ! આ તારી તે બુદ્ધિ કેટલી મંદ છે ! અમૃત થોડું પણ હોય તો પણ તે સારું. વિષના મોટા ઢગ હોય



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

તો ય તે ખોટા !'

જુઓ, આ ય સંસારી છે અને સ્ત્રીજાત છે. છતાં દૃષ્ટિ કેટલી ઊંચી છે ! મોક્ષગામી એ અમૃત ! અને સંસારપ્રવાસી એ વિષ ! સખીને સાધ્વી નથી બનાવવી, છતાં સંબંધ જોડવો છે તે મહાગુણસંપન્ન આત્મા સાથે. માનવજીવન એટલે શું ? ભોગની રમત નહિ ! ગુણિયલના સંબંધથી વિકસતી ગુણમય અવસ્થા !

**પવનંજય ગુસ્સે :-**

અસ્તુ. મિશ્રકા તો બોલતાં બોલી ગઈ, પણ પવનંજય વાત સાંભળી ગુસ્સે થઈ ગયો. એને થયું કે 'અરે ! આ કેવું અજુગતું કે અંજના આને રોકતી નથી ! ખરેખર એને પણ આ વાત ગમતી લાગે છે. તો આવી પતિ-દ્રોહીને એક ઝટકે મારી નાખું. જરૂર લાગે છે કે એણે મને હૃદયથી વધાવ્યો નથી. એને મનથી તો વિદ્યુત્પ્રભ જ ગમે છે ત્યારે જ આ સખી આટલું છૂટથી મને વિષસમાન ગણાવી શકે ને ?' બસ ! એણે તો અંજનાને મારી નાખવા તલવાર ખેંચી ! **મોહની વિટંબણા અને અજ્ઞાનની વિટંબણા કેવી ઊંધી ખતવણી કરાવે છે !** જ્યાં અધિકાર નથી ત્યાં અધિકાર બજાવવા જાય છે. પોતાના વિચારોથી કોઈ વિપરીત વિચાર પણ ધરાવે, તો ત્યાં શું આવો મારી નાખવાનો અધિકાર ચલાવવાનો ? પ્રદેશી રાજાના વિચાર ફર્યા એટલે એની જ પ્રાણપ્યારી રાણી સૂર્યકાન્તાએ એને ઝેર દીધું. રુદ્રદેવે વિરાગી બનેલી પત્ની સોમાને સર્પ ડસાવી મારી નાખી. સંસાર તે કેવો છે ! પવનંજય પણ અજ્ઞાનના રાહે ચડ્યો. અજ્ઞાની જીવ **એવો અંધારે રખડે છે કે સાચી વસ્તુને વિપરીત જોવા લાગે છે ! પરિણામે ખરાબ ફળ લાવે છે ! વસ્તુને એના સ્વરૂપે નહિ જોવાથી તેની પાછળ અનર્થોની પરંપરા ચાલે છે; ધર્મ જેવો ધર્મ હાથમાં આવેલો ગુમાવાય છે !** અજ્ઞાનને કારણે માને છે કે ચોવીસેય કલાક દોડતો ફરીશ તો પૈસા મળશે ! માને છે કે ૭ વાગે ચા, ૮ વાગે નાસ્તો, ૯ વાગે ઈન્જેકશન...એમ સાચવીશ તો શરીર ચાલશે ! બસ, આમાં પછી ધર્મ ક્યાં થાય ? આત્માની લેશ્યા જ ઊડી ગઈ. પછી કેવળ જડચિંતાનું જીવન જીવાય છે. ખબર નથી કે એમાં અધિકાર તારો નથી ! ફોગટ ચેષ્ટા છે ! પુણ્યના હિસાબે બધું ચાલવાનું છે. અજ્ઞાનતાને કારણે વસ્તુસ્થિતિ ઊલટી જાય છે, ને માને છે કે 'હું ધ્યાન આપું છું તો ઠીક ઠીક ચાલે છે. આ, ધર્મમાં બેસું તો બધું વિણસી જાય.' ક્યાં ખ્યાલ છે કે પણ પુણ્યાઈ વગર કાંઈ થતું નથી; ઠીક ચાલે છે તે પુણ્યાઈ છે તો ચાલે છે; નહિતર તો સત્તર કાળજી રાખે તો ય ઊંધું વળે.

**સસ્તું શું ? વસ્તુઓ સુધારવાનું કે મન સુધારવાનું :-**

પવનંજયની પણ એવી દશા થઈ. બસ જાણે અંજનાને મારી નાખું !



સ્ત્રીઓ તે જાણે એક ઘડો ! ન ગમ્યો તો ફોડી નાખવાનો ! કેવી પાશવી જોહુકમી ? કેવી ક્રૂરતા ? નથી ને કદાચ આને મારી નાખે પણ પછી બીજી સ્ત્રી મળે તે ય આવી હોય તો ? શું એને ય મારી નાખવાની ? એવી કેટલીને મારી નાખતો ફરે ? છતાં શાન્તિ મળવાનું નક્કી ખરું ? ના.

**માણસ આવી રીતે મન બગાડી ખોટા વિકલ્પોમાં ફરે છે, અને સામી વસ્તુને સુધારવા મથે છે, એના કરતાં સસ્તું તો એ છે કે પહેલેથી પોતાનું મન જ સુધારી લે તો પછી સામી વસ્તુ અપ્રિય નહિ લાગવાથી કોઈ માથાફોડ નહિ, કોઈ દુષ્કૃત્ય આચરવાના નહિ, કોઈ ઝગડા-રગડા કરવાના નહિ, અને મહાશાંતિ ! નવી નવી મનગમતી વસ્તુ લેવા જવામાં ય અંતે સુખશાંતિની શંકા છે. એના બદલે જે મળી છે તેમાં જ મન સુધારી લેવામાં પહેલેથી નિશ્ચિત શાંતિ છે.**

**કલ્યાણમિત્ર રોકે છે :-**

રાત્રિનું અંધારું છે, એમાં પિશાચની જેમ પવનંજય અકસ્માત્ તલવાર સાથે તૈયાર થઈ ગયો, ગુસ્સામાં બોલે છે,

'જે બેના દિલમાં વિદ્યુપ્રભ વસ્યો છે, આ તેના માથાં છેદી નાખું છું.'

પણ જ્યાં એ રોષથી ધમધમતો આગળ વધવા જાય છે ત્યાં પ્રહસિત તેનો હાથ પકડીને અટકાવી કહે છે, 'અરે, મિત્ર ! શું તને એટલી ખબર નથી કે સ્ત્રીનો અપરાધ હોય તો ય તે ગાયની જેમ અવધ્ય છે, મારવા યોગ્ય નથી ? ત્યારે આ તો અંજના નિરપરાધી છે. એના મનમાં તારા માટે કોઈ દુર્ભાવ કે હલકો ભાવ હોય નહિ; માત્ર શરમની મારી એની સખીને સામો નિષેધ નથી કરતી. પોતાની સખીઓ ગમે તેમ વાતો કરે એમાં પતિના ગુણગાન પોતાને મોંઢે શી રીતે કરી શકે ? આટલું સમજતો નથી ને પારકા ઘરમાં ને પરણ્યા પહેલાં આવું અકાર્ય કરવા તૈયાર થાય છે ? મ્યાન કર તલવાર, અને ભ્રાન્તિ કાઢી નાખ.'

**સત્ત્વ અને હોશિયારીની ચાવી :-** દુન્યવી મિત્રે કલ્યાણમિત્રનું કામ કર્યું; પેલાને અટકાવ્યો; અને બંને ત્યાંથી ઉઠીને પોતાના આવાસે પાછા આવ્યા. પરંતુ પવનંજયના દિલમાં વસવસો રહી ગયો છે, તેથી મન પાછું વળતું નથી. મનમાં એ જ ભ્રમણા રહી ગઈ છે કે 'અંજનાને મારા પર પ્રેમ નથી, તો એને પરણીને આખી જિંદગી શી રીતે કાઢવાની ?' બસ, ચિંતામાં પડ્યો, તેમાં આખી રાત દુઃખિત દિલે જાગરણ કર્યું. અજ્ઞાન અને જાતનું ડહાપણ માણસને કેવો દુઃખી કરે છે ! કેવા હલકા વિચારની દુર્દશામાં સબડાવે છે ! દુઃખ અને દુર્દશા, ખરું તો, આપણે જાતે જ ઊભી કરીએ છીએ. **અહંભાવમાં તણાયા ખોટી કલ્પનાઓ કરવી છે, પછી શોક ને સંતાપ જ વધે કે બીજું કાંઈ ?** સત્ત્વની અને હોશિયારીની ખામી



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

છે માટે આમ બને છે; નહિતર તો મન તરત વિચાર કરી લે કે **'ફિકર નહિ, કદાચ સામું માણસ અત્યારે ખરેખર પ્રેમ નહિ ધરાવતું હોય તો પણ મારા યોગ્ય વર્તાવની હોશિયારીથી એ ધીમે ધીમે એવા પ્રેમમાં જોડાશે કે એને જ પછી પોતાના પૂર્વના વલણ બદલ પશ્ચાત્તાપ થશે. આવું હું જરૂર ઊભું કરી શકીશ.'-આમ હોશિયારી અને સત્ત્વથી કલ્પનાને, અને એની પાછળના શોક-સંતાપ તથા દુઃખ અને દુર્દશાને ઊઠવાની જગા જ રહેતી નથી.**

પવનંજયનું મન આ સમાધાન કરી શકતું નથી ને ખોટી ભ્રાન્તિમાં તણાયું જાય છે, તેથી રાતના ઊંઘ ન આવી, અને સવારે જ પ્રહસિતને કહે છે,

'દોસ્ત ! આને પરણીનું શું કરવાનું ? એક નોકર પણ જો વિરક્ત હોય, પ્રેમ વિનાનો હોય તો આપત્તિ માટે થાય તો પત્નીની તો શી ય વાત ? માટે ચાલ જલદીથી આપણા નગરે જતા રહીએ. સ્વાદિષ્ટ પણ ભોજન આત્માને ન રુચે તો શું કરવાનું ?'

પવનંજય આવેશમાં છે, ભ્રમણામાં છે એટલું જ. બાકી જે દૃષ્ટાંત કહે છે તે સત્ય છે, કેમકે નોકર જો શેઠ પ્રત્યે વિરક્ત હોય, પ્રેમ વિનાનો હોય તો એનો ભરોસો નહિ કે ક્યારે બીજાના ઉપરના પ્રેમના લીધે આ શેઠને અધવચ્ચે નહિ રખડાવે. આપણે પણ પ્રભુના સેવક છીએ ને ? પરંતુ જો પ્રભુ પર તેવો પ્રેમ ન હોય તો દુનિયાની બીજી વાતો ખાતર અવસરે પ્રભુને પડતા મૂકવાનું બને છે ને ? પરમાત્મા જેવાને ય પડતા મૂકવાનું બને છે ને ? હા, પ્રેમ ન હોય ત્યાં એમ બનવામાં કોઈ નવાઈ નથી. પ્રેમની બલિહારી છે. પ્રેમ હોય છતાં સેવાનું કાર્ય ઓછું વધતું થવાનું બને; અર્થાત્ એ ચલાવી લેવાય છે; પરંતુ સેવા પૂરી કરે છે છતાં પ્રેમ નથી અગર ઓછો છે તો એ ચલાવવું મુશ્કેલ છે. માટે જ પાયામાં પ્રેમ જરૂરી છે. અલબત્ત પ્રેમ પાછો સ્વાર્થિયો નહિ, શુદ્ધ પ્રેમ જોઈએ. સ્વાર્થિયો પ્રેમ તો ઉબળક આપી મૂકેલા નાણાં જેવો છે. અવસરે એના બદલામાં સામાએ જો માલ કે રકમ ન આપી તો ઝટ દિલ ઘવાશે કે 'હાય ! આના પર મેં પ્રેમ ક્યાં કર્યો ? આણે તો પ્રેમના બદલામાં કશું લીલું વાળ્યું નહિ !' તે પ્રેમને બદલે હવે દ્વેષ કરશે. આ સ્વાર્થિક પ્રેમનું પરિણામ. માટે પ્રેમ વિશુદ્ધ જોઈએ, સોદા માટે નહિ. આજે આવા પ્રેમના પાઠ નથી, અભ્યાસ, અનુભવ નથી માટે આજે લગભગ ઘરઘરમાં કલેશ છે. પવનંજય પ્રેમ પર ભારે મદાર બાંધી રૂપવતી એવી પણ અંજનાને પરણવું મૂકી દઈ ઘરે જવા ઇચ્છે છે. માત્ર એમાં ભૂલ એટલી જ છે કે એને ભ્રાન્તિ છે.



**ભ્રાન્તિની ભયાનકતા :-**

ત્યારે ભ્રાન્તિના પરિણામ તો કેટલાય ભયંકર આવે છે ! વેદાન્ત દર્શન કહે છે, 'શુદ્ધ એવો પરમ આત્મા ભ્રાન્તિવશ જીવાત્મા બની દુઃખ પામે છે.' જૈનદર્શન કહે છે, 'જીવ વિષયોમાં સુખની ભ્રાન્તિથી સંસારના જન્મ-મરણાદિ ભયંકર દુઃખ ઊભાં કરે છે !' ભ્રમણામાં જ વેપારી ખોટા વેપાર કરી પાયમાલ થાય છે ને ? તો જીવ પણ ભ્રમણામાં જ ધર્મ-કલ્યાણને બદલે આખી સંસારની જળોજથા માથે લઈ દુઃખી થાય છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૩૩,તા.૧૦-૫-૧૯૫૮

## (૩૪) આધ્યાત્મિક પ્રવચન

**પ્રહસિતની ભવ્ય શિખામણ :-**

પવનંજય ભ્રમણામાં છે; ઘેર જવા એકદમ તૈયાર થઈ ચાલવા માંડે છે, ત્યાં પ્રહસિત એને પકડી રાખી શાંતિથી સમજાવે છે, કહે છે.

**''મોટા પુરુષે પોતાનું સ્વીકારેલું ય ઓળંગવું યોગ્ય નથી તો માનનીય વડીલોએ સ્વીકારેલાનું તો પૂછવું જ શું ? પોતાના વડીલો કોઈ ચીજ મૂલ્ય લઈને વેચી દે અગર મહેરબાનીથી ભેટ આપી દે, એને પણ સજ્જનો તો પ્રમાણ જ કરી લે છે.''**

કેટલી સુંદર શિખામણ ! અધમ પુરુષ અને ઉત્તમ પુરુષમાં ફેર શો ? એ, કે **અધમ કોઈ જવાબદારી લે તે વિચાર્યા વિના લે અને એને અદા કરવામાં અખાડા કરે ! ઉત્તમ તે, કે જે જવાબદારી વિચારપૂર્વક ઉપાડે અને ઉપાડ્યા પછી એને સંપૂર્ણ અદા કરે, એને બરાબર પહોંચી વળે.** અધિકાર જવાબદારી ઉપાડવામાં અજમાવવા કરતાં વહન કરવામાં અજમાવવા જેવો છે. મનને એમ રહેવું જોઈએ કે 'હું કેમ એને છોડું ? એને અવશ્ય અદા કરવાનો હક બજાવીશ.' ઉત્તમતા પ્રતિજ્ઞાના પાલનમાં છે, મહત્તા જવાબદારીને વહન કરવામાં છે. ઉત્તમકુળમાં જન્મ્યાનો ખ્યાલ આ ન આપી શકે તો એની મહત્તા શી ? સતીઓના દૃષ્ટાંત આમાં પ્રેરક છે. પતિ ગમે તેવો નીવડે પણ સતીઓ એને બદલવાનો કે મૂકી દેવાનો વિચાર સરખો નથી કરતી. અબળા ગણાતીમાં આ સત્ત્વ હોય તો મરદમાં કેટલું સત્ત્વ જોઈએ ? ખાનદાન કુળમાં જન્મનારની તો એ કુલવટ હોય છે કે માત્ર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

પોતે જ શું પણ કોઈ વાત વડીલોએ નક્કી કરી હોય તો તેનો પણ અમલ થાય એ જવાબદારી પોતાના શિરે લઈ લે છે. પછી ચાહ્ય પૂર્વવડિલોએ મૂકેલ વારસામાંથી એ કોઈને વેચી દે અગર ભેટ કરી દે, તો ય સંતાન એને તથાસ્તુ કરી લે છે. દશરથે રાજ્યગાદી ભરતને સોંપી તો રામચંદ્રજીએ એ વાત વધાવી લીધી; તે પણ ત્યાં સુધી કે ભરતે રાજ્યગાદી લેવા ના પાડી તો ય રામે, પિતાનું વચન અખંડિત રહે, ઓળંગાય નહિ, એ માટે ભરત પાસે બળાત્કારે રાજ્યગાદી સ્વીકારાવી. આ છે આર્યસંસ્કૃતિની યશોગાથા ! જ્યાં પરિણામે લોહીની નદીઓ વહેવાને બદલે કેઈ જનકલ્યાણ સધાય છે.

**કુલીનની મર્યાદા :-**

પ્રહસિત એ સમજૂતી કરતાં આગળ કહે છે, "જો પવનંજય, આ તો વડીલોએ અંજનાની માગણી કરી લગ્ન નક્કી કર્યા છે; અને તેને તું અંજનાનો ગુનો ગણી તે કારણે અવગણવા તૈયાર થયો છે, પરંતુ એટલું સમજી રાખ કે એ મૂળ કારણ જ ખોટું છે. આ પ્રસંગમાં અંજનાસુંદરીનો લેશમાત્ર દોષ નથી. એ તો ભલી બાઈ છે, નિર્દોષ છે; એના ઉપર આરોપ ચઢાવવો એ કેટલું ભારે પાપકૃત્ય છે એ જાણે છે ? માત્ર કોઈ ભાગ્યના દોષે તારું હૃદય બગડ્યું છે. બાકી તારા અને અંજનાના બંનેના માતાપિતા જગતમાં પ્રતિષ્ઠાવાળા છે, એના કુળમાં જન્મીને, મારા ભાઈ ! તું આ રીતે સ્વચ્છંદપણે વર્તતા શરમાતો નથી ? તને એ ખ્યાલ નથી આવતો કે તું કે એ કોના ફરજંદ છો ? કુલીનની મર્યાદા શી ? એનામાં ય અઘટિત ન સંભવે, અને તારામાં ય આમ મનઃકલ્પનાએ લગ્ન છોડી ચાલ્યા જવાનું ન છાજે. નહિતર તારા પિતાની કેવી અપકીર્તિ થાય ? લોક કહે કે 'જોયું ? આવા ઉદ્ધત છોકરાના બાપ બન્યા છે ! પુત્રની કેવી કેળવણી કરી હશે ?"

પ્રહસિતે આ બહુ કિંમતી સલાહ આપી છે. અહીં નવા જમાનાવાળાને કદાચ પ્રશ્ન થાય કે,

**પ્ર.-** આમાં બળાત્કાર થાય છે, એના કરતાં પવનંજયના મનની રુચિ મુજબ સંબંધ છૂટા કર્યા હોય તો પાછળથી ઉપસ્થિત થયેલ કટુ પ્રસંગ તો ન બને ?

ઉ.- આ પ્રશ્ન ઉપલકિયા વિચારનો છે. (૧) **ભવિષ્યમાં જે અવશ્ય બનવાનું છે તે તો કદાચ આ નિમિત્ત નહિ તો બીજું નિમિત્ત ઉપસ્થિત થઈને બનવાનું જ !** અને બીજું (૨) **એ બનવાનું છે એવી ખબર પણ પહેલાં નથી હોતી.** તેથી એનો સામનો કરવા માટે અત્યારે અઘટિત આચરવામાં કોઈ ડહાપણ નથી. નહિતર પછી તો એનો ચેપ પોતાના અને બીજાના જીવનમાં ઊતરે છે. પોતે ય પછી



સ્વચ્છંદતાના બીજા કેટલાય આચરણો કરવા પ્રેરાય છે; અને બીજાઓ તેવા સ્વચ્છંદપણે અઘટિત આચરવામાં ટેવાય છે. માટે માર્ગ તે માર્ગ, ઉચિત તે ઉચિત. એનો ભંગ ન કરાય. વળી **વડિલો નિઃસ્વાર્થભાવે પોતાની બધી દૃષ્ટિ અને અનુભવનો ઉપયોગ કરીને આશ્રિતના હિતની કોઈ પ્રવૃત્તિ કરે તેને આશ્રિતે વધાવી લેવી જોઈએ. એમ કરવા જતાં કદાચ પાછળથી પોતાને કાંઈ કષ્ટ ભોગવવાનું આવે તો તેમાં પોતાના પુણ્યની કમી માનવી જોઈએ, અવશ્ય બનનાર ભાવીભાવ માનવો જોઈએ, કસોટીની એક તક માનવી જોઈએ.** જીવન પર અધિકાર તો આ સત્ત્વ કેળવવા માટે બજાવવો જોઈએ, કે 'યોગ્ય રાહે જે થતું હોય એના પરિણામ ભોગવી લેવાની મારી તૈયારી છે; પરંતુ પોતાની પ્રતિજ્ઞા કે વડિલોની યોજનાનું ઉલ્લંઘન હું હરગીઝ નહિ કરું.'

**પવનંજયનું રોકાણ : શલ્યની ભયંકરતા :-**

પ્રહસિતે આપેલી સમજૂતીથી પવનંજય તે વખતે તો વિચાર કરીને રાત્રે તે રીતે થોભી ગયો; પરંતુ તેના ચિત્તમાંથી શલ્ય ગયું નહિ. મનમાં ડંખ રહી ગયો કે 'આ અંજનાસુંદરી મારા પર પ્રીતિવાળી નથી, મારાથી વિરક્ત છે.' આ શલ્ય કેવી ભયાનકતા સર્જે છે. એ આગળ જણાશે. શલ્ય ચીજ ભૂંડી છે. એ બીજું બધું ભૂલાવી દે; અરે ! આગળ વધીને અઘટિત પ્રસંગો ઊભા કરાવે ! જ્ઞાનીઓએ તો દુન્યવી સુખ કે ચીજ-વસ્તુના પણ શલ્ય એટલે કે નિયાણાં રાખવાની ના પાડી છે. મનને જે સચોટ બેસી જાય છે કે મારે આ બળ, આ વૈભવ, આ સત્તા વગેરે જોઈએ જ, એ પણ શલ્યરૂપ છે. એની એવી ભયાનકતા છે કે એનું લક્ષ રાખીને કરાતી ધર્મક્રિયા પણ ઝેરરૂપ છે ! દીર્ઘ દુર્ગતિ સર્જે છે ! ત્યારે વૈરનાં શલ્ય, દુશ્મનાવટનાં શલ્ય, ઈર્ષ્યાનાં શલ્ય, બીજાને દોષિત જ દેખવાનાં શલ્ય...આનું તો વળી પૂછવું જ શું કે જે દેખીતાં ય અપ્રશસ્ત છે ! અગ્નિશર્માએ એમાં ને એમાં અનંત સંસાર ઊભો કર્યો. કમઠ પાર્શ્વપ્રભુને એથી જ દસ દસ ભવ સુધી કરડનારો બની રહ્યો ! આ શલ્ય દુન્યવી લાભ તો કશો જ નથી આપતો, પણ ઉપરથી અખંડ દુર્ધ્યાન, ગુણાનુરાગનો નાશ, હાર્દિક સરળતાનો અભાવ, નિંદા, ક્રૂરતા વગેરે કેઈ આત્મિક અનર્થ ઊભા કરે છે !

**પરણીને પવનંજય સામું જોતો નથી :-**

ખેર ! અહીં તો ઠરાવેલા ત્રીજે દિવસે એનો લગ્ન પ્રસંગ ઉજવાઈ ગયો. રાજા મહેન્દ્રે ખૂબ સત્કાર સાથે અંજનાને વળાવી. એ સસરા પ્રહ્લાદ વગેરે સાથે પતિના ઘેર આવી. સાસુને પગે પડી. જે લાવી હતી એ બધું સાસુને આપી દીધું. એવી વહુ કેમ ન ગમે ? વહાલા પ્યારા પ્રાણતુલ્ય પત્ની મળી હતી પણ પવનંજયે

ગાંઠ વાળી હતી. હૃદયના નેહ વિના આંખોમાં નેહ આવે નહિ અને તે સિવાય વાતમાં સ્નેહ આવતો નથી. સસરાએ તો અંજનાને રહેવા માટે અલગ સાત માળનો મહેલ આપ્યો છે. નોકર-ચાકર બધું દીધું છે, પણ પવનંજય પરણ્યો તે માફ, આના મહેલના પગથીએ પણ ચડતો નથી ! બધું સારું છે, સાસુ, સસરા, ધન, વૈભવ બધું ઠીક છે; પણ કંથની નેહ નજર નથી ! ત્યારે એ નથી તો તે સિવાયનું તો બધું જ ધૂળ છે ! કેમ ખરું ને ? હા, કહો છો, પણ સાથે એ નથી થતું કે-

**ધર્મ વગરનું બાકીનું ગમે તેટલું હોય પણ ધૂળ છે !** હૃદયમાં અરિહંત પ્રભુ પ્રત્યે ઉછળતી ભક્તિ ન વસી તો બાકીનું બધું ધૂળ ! એવું લાગે છે ? સમકિતદૃષ્ટિને તો ઊલટું એ પરમાત્માની કૃપા મળ્યાથી આખો સંસાર ધૂળધાણી લાગે છે ! તમને કદાચ એમ ન લાગતો હોય, સંસાર માલવાળો લાગતો હોય, બંગલા, બગીચા, પ્રેમાળ પત્ની, ડાહ્યા છોકરા, સુખભર્યા ખાનપાન-માન-સન્માન, બધું સારું લાગતું હોય, પરંતુ જીવનમાં જો વીતરાગનો મહામૂલો ધર્મ નથી આરાધી શકતો, અથવા થોડો આરાધાય છે પરંતુ સળગતી આત્મચિંતા નથી મળી, તો બાકીનું બધું ધૂળ છે એવું લાગે છે ? શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે વૈભવ-વિલાસ તો શું પણ દાન, શીલ, તપ વગેરે ધર્મક્રિયાઓ પણ ધૂળ છે જો અંતરાત્મામાં મેલી લેશ્યા અને મેલા પરિણામ છે, પરંતુ શુભ પરિણતિ, શુભ અધ્યવસાય નથી ! જ્યારે ખરો જીવન અધિકાર તો આ શુભ પરિણતિ પર અજમાવવાનો છે, બધી જ ધર્મ સાધનાઓ દ્વારા આ પરિણતિ જગાવવાની છે. સમજવાનું છે કે બધાના સ્નેહ વરસી ગયા પણ વીતરાગ પ્રભુની કૃપા ન ઝીલી તો શું ?

**કાવ્યનો સમન્વય કેવો કરવાનો ? :-**

કવિઓ એમની ભાષામાં પ્રભુને ઠપકો દે છે કે 'અબોલડા શાના લીધા છે ?' એટલે ? એ જ કે 'હે પ્રભુ ! તમે અમારી સાથે કેમ બોલતા નથી ? કેમ અમારી સામું જોતા નથી ?' પરંતુ **પહેલાં શું આપણે પ્રભુની ગરજ કરી છે ?** ને પછી પ્રભુને ઉપાલંભ આપીએ છીએ ? ના, તો તો 'અબોલડા...' બોલતાં આપણે આપણા મનને કહેવાનું છે કે 'પ્રભુ શું અબોલડા લે ? રે મન ! પ્રભુ સાથે તો તેં જ અબોલડા લીધા છે. **લાખ રૂપિયાના ભગવાન મળ્યા પછી રાખ જેવી દુનિયા પાછળ મોહી રહ્યો છું.** દુનિયા સાથે હૃદયના તાર એવા મેળવ્યા છે કે પ્રભુ સાથે મેળવવાની કોઈ જગા નથી ફુરસદ નથી, પરવા નથી ! પહેલા તું પ્રભુમાં જ મળ, પછી પ્રભુ તારામાં આવી મળશે.' **કેટલાક સ્તવનોના ભાવ આ રીતે પ્રભુને બદલે ઊલટા આપણા ઉપર ઘટાવવાના છે, તો કંઈક જાગ્રતિ આવે, ચૈતન્ય પ્રગટે.**



નહિતર તો વર્ષો સુધી બોલાયા કરે કે 'અબોલડા શાના લીધા છે,' એટલે કે પ્રભુએ રીસામણું મૂકવાનું કાર્ય કરવાનું છે, પોતાના મનને કશું કરવાનું રહેતું નથી ! વારે વારે પ્રભુને કહ્યા કરે 'શા માટે સાહેબ સામું ન જુઓ' પરંતુ જો એનો ભાવ એમ ન લે કે 'હે જીવડા ! સાહેબ તો બહુ દયાળુ છે, સામું જોવા તૈયાર છે, અરે ! જોઈ રહ્યા છે, પરંતુ ખરું તો **તું શા માટે સાહેબના સામું જોતો નથી ? આવા રૂડા સાહેબ મળ્યા પછી પણ ઠગારી દુનિયા સામે જો જો કરે છે, તને શરમ નથી ? આટલો બધો ધિટ્ઠો, શૂન્યહૃદય, ને કદરહીન ક્યાં સુધી રહીશ...?' આવો ભાવ જો ન લે તો કલેજે સ્તવનનો ઘા કદીય લાગે ?** આ તો પોતાનું ઠેકાણું નથી, પોતાને ગરજ નથી, પરવા નથી, ને દેવગુરુને ઠપકા દેવા છે, એમના પર આરોપ ચઢાવવા છે. કહો છો ને કે ગુરુની કૃપા ઓછી છે ? કૃપા હોય તો ધર્મ થાય. એટલે કે અમને તો ધર્મની બહુ ભૂખ છે, પરંતુ ગુરુકૃપા નથી કરતા તેથી ધર્મ વિનાના રહીએ છીએ, એમ ને ? કેમ જાણે ગુરુ નિર્દય છે તે કૃપા નથી કરતા ! ખરી રીતે વિચારવાનું-કરવાનું તો પોતાને છે. પોતે કંઈક કરી શકશે એમાં કૃપા દેવગુરુની રહેવાની. માટે જ કૃતજ્ઞ બની અહર્નિશ માનવાનું કે **આ જે કંઈ સારું કરી શકું છું તે વીતરાગદેવની કૃપાએ, ગુરુની કૃપાએ.** આ ન માન્યું તો કૃતજ્ઞતા ગઈ ! અને **કૃતજ્ઞતા ગઈ એટલે ધર્મની ઉન્નતિનો મૂળ પાયો ગયો !** દેવગુરુ પર અપરંપાર શ્રદ્ધા-પ્રીતિ જાગે તો કૃતજ્ઞભાવ જાગે; અને એ તો જ શક્ય છે કે એના વિનાનું બધું મળેલું ધૂળ લાગે !

અંજનાને ઘણું ય મળ્યું છે, પરંતુ પવનંજયની સ્નેહનજર વિના બધું ધૂળ લાગે છે. એ ક્યારેય આની સામે દૃષ્ટિ પણ નાખતો નથી; તો વચનથી બોલાવવાની તો વાતે ય ક્યાં રહી ? ચન્દ્ર વિનાની રાત્રિ અંધકારભરી બને છે ! એક સરખી અસ્વસ્થતા અનુભવે છે ! પલંગમાં વારે વારે પડખાં પછાડે છે ! પાણી વિના માછલી તરફડે તેમ તરફડે છે ! એકેકી રાત્રિ વર્ષ જેવી લાંબી લાગે છે ! ઢીંચણ વચ્ચે માથું મૂકીને માત્ર પતિના વિચારમાં દિવસોના દિવસો પસાર કરે છે ! છતાં પવનંજય મળવાનો ક્યાં છે ?

ખૂબી જુઓ, આ બધામાં નિમિત્ત શું બન્યું ? પેલી સખીનો શબ્દ 'અમૃત થોડું પણ સારું, વિષના ઢગ હોય તો શું કામના ?' માણસને બોલતા ખબર નથી હોતી કે આની પાછળ અવસર આવ્યે કેવા ખતરનાક પરિણામ સર્જાશે ! માટે જ જ્ઞાનીઓ માપસર બોલવાનું કહે છે, **'हितं मितं तथा तथ्यं'** કલ્યાણકારી, પરિમિત અને સાચું બોલો. બહુ બોલવામાં વટાઈ જવાનો સંભવ રહે છે. કોક બોલ તો જીવનભર ભૂલાતા નથી, જીવનના વૈર ઊભા કરે છે ! એવા જ કેટલાંક આચરણ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દેખાવમાં મામુલી હોય પરંતુ પરિણામ ભયાનક લાવે. એટલે જ બોલતાં ને ચાલતાં બહુ વિચાર કરવા જેવો છે. ખાનગીમાં પણ બીજાનું હલકું-ઘસાતું નહિ બોલવું જોઈએ. હવાને કાન હોય છે. પછી વાતનું વતેસર થાય છે. માટે સારું બોલો અને તેય જોખીને બોલો. કોઈનું સારું બોલવા જતાં બીજાની નિંદા ન કરતા. અહીં વિદ્યુત્પ્રભની પ્રશંસા તો કરી, પણ સાથે પવનંજયની નિંદા કરી. એમાંથી વાત વિફરી. જ્યારે પ્રત્યક્ષમાં આ દેખાય છે કે રજમાંથી ગજ, તો દેખાતા થોડા પાપમાંથી મોટા અનર્થ નીપજે એમાં શી નવાઈ ?

**મહાસતીનો જીવન પર અધિકાર :-**

અંજનાસુંદરી આટલી વિટંબણામાં છતાં એટલી બધી ઉત્તમ હૃદયવાળી છે કે એમાં દોષ પોતાની જાતને દે છે, પતિને નહીં. મનમાં એમ જ માને છે કે **'અહો આમાં મારા જ ભાગ્યનો દોષ છે. નહિતર આવો કુળવાન પતિ કેમ ન બોલાવે ?'** મુંગે મોંઢે સહન જ કર્યે જાય છે, બીજો કોઈ ભળતો વિચાર લાવતી નથી કે 'ક્યાં મારા બાપે આ કૂવામાં ઉતારી ? આના કરતાં બીજો કોઈ ગરીબ પતિ કર્યો હોત તો ય સારું થાત...' વગેરે વગેરે કાંઈ જ મનમાં લાવતી નથી. બસ ! આનું નામ આભ્યન્તર જીવન પર અધિકાર. પતિ એટલે સ્વામી, એને દોષ ન દેવાય. દોષ પોતાનો જ જોવાનો. આટલી પરિસ્થિતિમાં ય કોઈ જ કુશીલનો વિચાર નહિ; તેમ આ પતિ સાથેના લગ્ન પર ફિટકાર નહિ ! અલબત્ત સંસારી જીવ છે તેથી આ ઘટનામાં મનને દુઃખ લાગે; પણ જીવન પર અધિકાર એ કે અંદરનું હૈયું બગાડવાનું નહિ; અયોગ્ય વિચાર કોઈ જ કરવાનો નહિ. ત્યારે જો જો ૨૨-૨૨ વર્ષના વહાણાં વીતવા આવશે ત્યારે પણ એ કેટલી ઉત્તમતા દાખવે છે ! એ ક્યાંથી દાખવી શકે, જો પવિત્રતા પર અધિકાર ન જમાવ્યો હોય ?

પવનંજયે તો પરણીને તરત અંજનાસુંદરીને મૂકી દીધી છે. ૨-૪ દિવસ નહિ, ૨-૪ માસ નહિ, ૨-૪ વર્ષ નહિ, પણ ૨૨-૨૨ વર્ષનાં વહાણાં વાયાં છે, પતિએ સામું જોવાની પણ પરવા નથી કરી. કોણ છે અંજના ? વિદ્યાધર રાજાના સો પુત્રો ઉપરની સૌના વહાલનું પાત્ર મહાન રાજપુત્રી ! એનામાં નાનો સરખો ય ગુનો નથી. આવી પણ 'પુણ્યવતી બાઈને મહેલમાં એકલવાયા રહેવાનું બને છે, વિચારો દુર્ધ્યાન કેટલું થાય ? ૨૨ વર્ષનાં વહાણાં વાયાં છે. દુઃખ થાય છે ખરું, દુઃખ ગમતું નથી, પણ કોઈ અનુચિત વિચાર નહિ. પતિ તરફથી સુખ મળે એ બાહ્ય જીવન છે, એના પર હક પહોંચતો નથી. ત્યાં બફારા કાઢવા નકામા છે. તેથી અંજનાસુંદરી તો કર્મના વિપાકના ચિંતનનો અધિકાર બજાવે છે. પોતાની ખામી જુએ છે. આભ્યન્તર જીવન ઉપર અધિકાર મેળવતાં આત્મા ઉજ્જ્વળ બને



છે. 'આ મને પરણી લાવ્યો ને ખાડામાં નાખી.' આવો વિચાર કરે તો આત્મા ઉજળો થાય કે કાળો ?

**રાવણના સૈન્યની હાર : પ્રહ્લાદને આમંત્રણ :-**

એક વાર એવું બને છે કે પવનંજયના પિતા પ્રહ્લાદ રાજાની પાસે રાવણનો દૂત આવીને કહે છે કે "તે વરુણ રાજા રાવણ મહારાજને નમવાનું ન માનતાં હજી પણ સદા વૈર રાખે છે. એની પાસે નમસ્કાર માગવામાં આવ્યો ત્યારે અહંકારના મોટા પર્વત સમો એ પોતાના બાહુદંડ તરફ દૃષ્ટિ નાખી કહે છે, 'અરે ! રાવણ એટલે કોણ ? એનાથી શું સિદ્ધ થવાનું હતું ? એ ઘર ભૂલ્યો ? હું કાંઈ તે હારેલા ઈન્દ્રરાજા, કુબેરરાજા વગેરે જેવો નહિ ! હું તો વરુણ છું વરુણ ! દેવોથી અધિષ્ઠિત રત્નો પર એને ઘમંડ હોય તો આવે એ રણભૂમિ પર ! અને જુએ કે હું એનો બહુ વખતથી સંઘરેલો ઘમંડ કેવોક ઉતારી દઉં છું !' આ એના શબ્દોથી રાવણે ગુસ્સે થઈ એના પર સૈન્ય મોકલ્યું. ત્યારે એ એના પુત્રો સાથે બહાર લડવા આવ્યો; અને એ મહાસંગ્રામમાં એના વીર પુત્રો રાવણના ભાણેજ ખર અને દૂષણને બાંધીને ઉપાડી ગયા ! નાયક જવાથી રાવણના સૈન્યમાં ભંગાણ પડ્યું; અને વરુણ વિજય પર મુસ્તાક બની પોતાની નગરીમાં ગયો. ત્યારે હવે રાવણે વિદ્યાધર રાજાઓને બોલાવવા દરેકની પાસે દૂત મોકલ્યા, તેમાં આપની પાસે મને મોકલ્યો છે."

જુઓ, આ અધિકારની લડાઈ ! રાવણ સામાને દબાવવાનો અધિકાર અજમાવવા જાય છે એમાં થપાટ ખાય છે ! ત્યારે સામો પણ અક્કડતાનો હક બજાવવા જતાં જો જો કેવો થાપ ખાય છે ? સંસારમાં આવા જ ફોગટિયા અધિકાર અજમાવવા પાછળ રગડા-ઝગડા અને ઘોર અશાન્તિમાં જીવો વિડંબાઈ રહ્યા છે ! તેથી જ શાણા સાનમાં સમજીને જીવન એમ વેડફી ન નાખતાં આત્મહિતકર ધર્મના મળેલા અધિકારને સફળ કરે છે. લડાઈ તો બને, પણ **બહારના સાથે લડવામાં બરબાદી ! અને અંદરના રાગાદિ દુશ્મનો સાથે લડવામાં અર્થાત્ એને મચક ન આપવામાં મહાન આબાદી !** ખર અને દૂષણ બહારની લડાઈમાં અહીં જ સાક્ષાત્ બરબાદી પામ્યા ! ઉપડાઈને હરાઈ ગયા ! તો **જીવ પણ છેવટે મૃત્યુથી આમ જ ઉપડાઈને હરાઈ જાય છે ને ? અહીં તો ઉપડાઈ ગયા પછી કદાચ કોઈ છોડાવાય આવે, પણ પરલોકમાં કોણ આવે ?** છતાં પરલોકને ખરાબખસ્ત કરી નાખનારા અભિમાન, રીસ, રોષ, ઈર્ષ્યા, નિંદા, અનીતિ, અસત્ય વગેરે દુર્ગુણો અધિકારપૂર્વક સેવ્યે જવાનું ! કઈ અક્કલથી થતું હશે ? **પરલોક સુધારવો હોય તો પાયાના દોષો દૂર કરો.**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

# ૩૫ આધ્યાત્મિક પ્રવચન

અસ્તુ. પ્રહ્લાદ રાજા રાવણની મદદે જવા તૈયાર થઈ ચાલવા માંડે છે ત્યાં પવનંજય કહે છે, "પિતાજી ! આપ અહીં જ રહો. રાવણના મનોરથને હું જ પૂરીશ. શંકા નહિ કરતા કે આ છોકરો શું કરી શકશે ? કેમકે હું પણ આપનો જ પુત્ર છું ને ?"

ત્યારે પ્રહ્લાદને પવનંજય પર એટલો બધો પ્રેમ છે કે એ આ કષ્ટમાં એને ઉતારવા ખુશી નથી, પરંતુ આ તો પવનંજય ! એક માત્ર ભ્રમણાવશ અંજનાનો ત્યાગ કર્યો એ દોષ ખરો, પણ બાકી તો વિનયાદિ અનેક ગુણોને ધરનારો છે ! એમાં ય સતીના ગુણની કદર કેવી કરે છે એ આગળ જોઈશું. અહીં એણે આગ્રહ કરીને પિતાને રોકી અનુજ્ઞા લેવાપૂર્વક સૌને પૂછીને ચાલ્યો.

**અંજના જોવા આવે છે :-**

પવનંજય શુકનપૂર્વક રસાલા સાથે જ્યારે નીકળે છે ત્યારે અંજના લોકના મુખેથી એ સાંભળે છે. પત્ની છે, મોટા રાજકુળમાંથી આવેલી છે, છતાં પતિની અગત્યની પ્રવૃત્તિ પણ એને આમ ન જણાતાં લોકમુખે સાંભળવા મળે છે. ખૂબી એટલી જ છે કે કર્મના વિપાક તો સહ્યે જ છૂટકો છે, પરંતુ અંજના એમાં મનને બગડવા દેતી નથી. મન બહુ જ ફોરું રાખે છે. વાત સાંભળીને ઉત્સુક બને છે, અને અધિકાર અજમાવવા પ્રયત્ન કરે છે. કયો અધિકાર ? 'આ મારું ખરાબ કર્યું છે તે તમારું સારું નહિ થાય,'- એ શ્રાપ આપવાનો નહિ. એ તો જુદો જ અધિકાર બજાવે છે. શરીર કૃષ્ણપક્ષના ચન્દ્રની જેમ ક્ષીણ થતી ગઈ છે, તાંબૂલ વિલેપન વગેરે છોડી દીધા છે ! એવી એ આંસુભરી આંખે બહાર આવી થાંભલાને ટેકે ઊભી રહી પતિની રાહ જુએ છે.

**પવનંજયની રોષભરી વિચારણા :-**

પવનંજય અંજનાને જુએ છે; જોઈને વધુ રોષમાં આવી જાય છે. વર્ષોના વહાણાં વાઈ ગયાં છે. છતાં દિલમાં પડેલું શલ્ય નાબૂદ થતું નથી. શલ્યની કેવી ભયાનકતા ! **અંજનામાં બધું સારું છે, પરંતુ આનું શલ્ય એ સારું જોવા દેતું નથી;** ઊલટું અહંકારી અને તિરસ્કારભરી વિચારણા કરાવે છે. છતી આંખે અંધાપો આનું નામ. શલ્યના પડથી અંધાપો. એના મનને થાય છે કે 'અહો ! આ દુર્બુદ્ધિ સ્ત્રીની નિર્લજ્જતા કેવી ! નિર્ભીકતા કેવી ! પણ હા, એના મનની દુષ્ટતા તો મેં પહેલાં



પણ જાણી છે; તો આ નવું શું જોવાનું છે ? મારે તો માત્ર માતાપિતાની આજ્ઞાનું ઉલ્લંઘન થવાના ભયથી જ એની સાથે લગ્ન કરવા પડ્યા છે.'

**અંજનાનું ઉમદા નિવેદન :-**

ત્યારે અંજના આગળ આવીને પવનંજયના પગમાં પડે છે. પછી હાથ જોડી નમ્ર શબ્દમાં વિનંતી કરે છે, "નાથ ! આપે બધાને બોલાવ્યા કર્યા, માત્ર મને જ લેશમાત્ર બોલાવી નથી, પણ એ મારા પૂર્વકર્મનો દોષ છે. છતાં હું વિનંતી કરું છું કે આ દાસીને આપ ભૂલી ન જશો; ચિત્તમાંથી કાઢી ન નાખશો. ફરી સકુશળ પાછા આવો એ રીતે તમારો માર્ગ કલ્યાણરૂપ બનો."

ધૈર્ય અને ક્ષમા ઉપર અંજનાસુંદરીએ અધિકાર જમાવ્યો છે, એટલે શુભેચ્છાના વચન વરસાવે છે ! ત્યારે એ પણ સાચું છે કે ધૈર્ય જાળવવાનું જેવું શક્ય છે, એવું અધીરાઈથી આપણા ધાર્યા મુજબ વસ્તુ સુધારવાનું ક્યાં શક્ય છે ! ધૈર્યથી તો આત્મતેજ ખીલે છે. અગ્નિમાં ઝીકાયેલું સોનું વધારે પ્રકાશમાન બને છે ! એ કાલિમા લાવ્યા વિના પોતાની પ્રકાશવંતી દશા કાયમ રાખે છે ! આ તો જડ સોનું છે. તો ચેતન જેવો ચેતન એ પ્રકાશવંતો બનવાને બદલે ઊલટો શોક-રોષ વગેરેની કાલિમાવાળો બને ? આશ્ચર્ય નથી આ ? જડ કરતાં ય જઘન્યતા નથી ?

**દમયંતીના આત્મતેજ :-**

દમયંતી કોની પટરાણી ? નળરાજાની. ચરિત્રકાર તેને ત્રણ ખંડનો નરપતિ કહે છે. **એવી દમયંતીએ કેટલી આપત્તિમાં કેવાં આત્મતેજ ચળકતા રાખ્યા છે, જાણો છો ?** રાજ્યપાટ ખતમ ! માત્ર પહેર્યે લુગડે એ પતિની સાથે જંગલમાં મૂકાઈ જાય છે. ત્યાં ય અડધું વસ્ત્ર કાપી અડધી રાત્રે નળરાજા ચાલ્યા જાય છે. શસ્ત્ર રહિત ભલભલા સુભટોનાં જ્યાં હાજાં ગગડી જાય એવી ઘોર અટવીમાં એ એકલો ! નથી ને વાઘ વિફર્યો તો ધબો નારાયણ કે બીજું કંઈ ? એવા ભયંકર જંગલની કાંટાળી ધરતી પર કેળથી પણ કોમળ દમયંતી આગળ ધપ્યે જાય છે ! સારી જેવી ગુફા જોઈ સાત વર્ષ કાઢ્યાં ! કુલ ૧૨ વર્ષનો વિયોગ સહ્યો, પણ આ બધું આત્માને પ્રકાશવંતો રાખીને ! કયા અધિકારની બજવણી પર ? બાહ્ય જીવનના નહિ, આભ્યન્તર શુભ જીવનના. આભ્યન્તર જીવન એક મોટું સામ્રાજ્ય છે. એમાં કર્મ-વિપાક અને તત્ત્વનાં ચિંતન છે, નવકાર-સ્મરણ છે, અનિત્યભાવનાઓનાં ભાવન છે, શીલનાં સંરક્ષણની સચોટ પરિણતિ છે, એ અધિકાર છે. પતિનો મેળાપ ન થાય ત્યાં સુધી દૂધ-દહીં વગેરે વિગઈ ત્યાગ, શોભા શુશ્રૂષાના પચ્ચક્ખાણ, રંગેલાં ભપકાદાર વસ્ત્ર પહેરવાનું બંધ ! મખમલની તળાઈઓમાં સુવાનું નહિ ! આ આત્મતેજ છે હોં. પર્વતની ગુફામાં શ્રી શાન્તિનાથ ભગવાનની માટીની મૂર્તિ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

સ્થાપિત કરી ધ્યાન ધરવા બેસે છે ! જીવનને ધન્ય માને છે કે **પ્રભુ તો પાસે છે જ. એટલું સમજી રાખો કે બધું લૂંટાય, પણ તમે લૂંટાતા નથી જો સાચવતાં હો ધૈર્ય, ખામોશ, સમતા, રંગરાગના ત્યાગ, પરમાત્મસ્મરણ !** એના ઉપર તારક અધિકાર પહોંચે છે, તો એ કેમ ન બજાવવો ?

**શ્રાપ પર આશીર્વાદ :-** અંજનાસુંદરીએ તિરસ્કારનારા પતિને ચરણમાં પડી આ શુભેચ્છા વ્યક્ત કરી કે **'તમારો માર્ગ ક્ષેમકુશળ થજો.'** વર્ષો સુધી પતિની ભયંકર અવગણના સહી છે. લગ્ન કર્યું એટલે માફ. લગ્નથી બન્ધનમાં આવી. હવે બીજું કાંઈ થાય નહિ. એવી પરિસ્થિતિમાં મૂકીને પતિ એને તરછોડે છે ! ૧-૨ દિન-માસ નહિ વર્ષોના વર્ષો ! છતાં વર્ષો સુધી મનમાં શી મથામણ કરી હશે કે એ આજે વિડંબક પતિના પગમાં પડી આ ઉદ્‌ગાર કાઢે ? સામાએ શ્રાપ વરસાવ્યા જેવું કર્યું હોય, એની સામે આશીર્વાદ વરસાવવાનું કેટલા બધા ઉમદા દિલના ભારે મન્થનથી બને ? પતિની સામે પત્ની, પિતાની સામે પુત્ર, ગુરુની સામે શિષ્ય આવા બની જાય તો ? ખૂબી તો એ જુઓ કે પતિનો કોઈ તેવો ઉપકાર નથી, ત્યારે માતા-પિતા અને ગુરુનો તો અપરંપાર ઉપકાર છે; છતાં એ ઉપકારની કદર ભૂલાવી કર્મ અવસરે જીવને અયોગ્ય, અધમ વિચાર-વાણી-વર્તાવમાં ઉતારે છે ! માણસ એટલું જ વિચારે કે **'માતા-પિતાએ કે ગુરુએ ગમે તે અવગણના કરી, પરંતુ એમના જે અગણિત ઉપકાર છે, એથી થયેલા મહાલાભની આગળ આ અવગણનાથી થતી ખોટ શી વિસાતમાં છે ?'** તો પછી કોઈ અનુચિત વર્તન કરવાનું ન બને. માત્ર એવા શુભ ઉમદા વિચારમાં ભારે મનોમન્થન જોઈએ. એમાં સાધુ જેવાને તો થાય કે એક સંસારી ઘરબારી અંજનાસુંદરી જેવી આ ઉમદા દિલ કેળવે, તો મારે તો વળી એથી ય કેટલું ઊંચું ઉમદા દિલ ધરાવવું જોઈએ ? વાત આટલી છે, દિલને ઉમદા બનાવી સુંદર કોટિના મનોમન્થન કરો. એના પર તમારો અધિકાર છે. અંજનાએ એ બજાવ્યો તો જુઓ હવે સહેજે સહેજે વાતમાં કેવો પલટો થાય છે !

**પવનંજયના મનનો પલટો :-**

અંજના શુભેચ્છા દેખાડે છે છતાં પવનંજય એને અવગણીને ચાલી નીકળ્યો. અંજના દિલ ઉપર કાબૂ રાખી મહેલમાં પહોંચી ગઈ ! પરંતુ પતિના આ વર્તાવથી પાણીથી ભીંજેલા સમુદ્રતટની જેમ એ થીજી ગઈ છે ! જડ જેવી બની ગઈ છે ! પવનંજય તો ત્યાંથી ગયો, તે તેને રાવણ પાસે જવું છે, પણ વચમાં સંધ્યા થઈ, એટલે માનસરોવર ઉપર મુકામ કરે છે. ચાંદની રાત છે. વિદ્યાધર હોવાથી વિદ્યાના બળે આવાસ ઊભો કર્યો છે. પ્રહસિત મિત્ર પાસે બેઠો છે. વાતો કરે છે. એટલામાં



સરોવર ઉપર પવનંજયની દૃષ્ટિ પડે છે. ત્યાં એ જુએ છે તો એક ચક્રવાકી તરફડિયાં ખાઈ રહી છે ! ઝૂરી રહી છે !

પવનંજય પૂછે છે, 'મિત્ર ! આ શું ?'

તેનો મિત્ર કહે છે, 'આ ચક્રવાકી તેના પતિ ચક્રવાકથી સૂર્યાસ્ત થવાથી છૂટી પડી છે. હવે સૂર્યોદય થયે મેળાપ થશે. ત્યાં સુધી પતિના વિરહને લીધે આ ટળવળાટ છે.' આ ટળવળાટ જોઈ પવનંજયને પણ સળવળાટ થયો. ગમે તેમ તો ય માણસનું દિલ છે ને ? દુશ્મન પણ ટળવળતો દેખાય તો ય માણસ એ જોઈ થંભી જાય છે. પવનંજય હવે પશ્ચાત્તાપના વિચારમાં ચઢે છે.

**પવનંજયને પશ્ચાત્તાપ :-**

'અરે ! આ તો દિવસે તો પતિને મળે છે, માત્ર રાત્રિના બાર કલાકનો વિયોગ થાય ત્યાં યે જો આ દશા તો પછી મે તો પરણ્યા બરાબર વર્ષોના વર્ષો છોડી દીધી છે જેને, એવી મહાસતી શિરોમણિની શી દશા થતી હશે ?' અંજનાનાં પાપકર્મનો ઉદય આપમેળે દૂર થયો, ત્યારે પવનંજયનો હૃદયપલટો થઈ ગયો. '૨૨ વર્ષ કેવી રીતે ગાળ્યાં હશે ! કેટલા કોડથી આવેલી ! પવનંજયના પિતાએ ખાસ માગેલી ! નહિતર તો અંજનાના ઉમેદવાર ઓછા ન હતા. રાજાની ૧૦૦ પુત્રો ઉપરની લાડકીના શું હાલ કર્યા ? નીકળતાં નીકળતા પણ જાણે લાતે ફગાવી દેતો ચાલ્યો. એ વિચારે છે કે લગ્ન પ્રસંગથી માંડીને આજદિન સુધી મેં એને એકવાર બોલાવી સરખી નથી ! મળવા આવી તો અવગણી છે ! અહાહા ! દુઃખના દરિયામાં ડૂબેલી એનું શું થયું હશે ? એ હવે જીવી શકે નહિ. ધિક્કાર છે મારા અવિવેકને કે જો એ બિચારીને આમ મરવાનું થાય ! તો એના ઘાતના પાપથી હું મરીને ક્યાં જઈશ ?'

પવનંજય પોતાના આ દિલદર્દની વાત પ્રહસિત મિત્રને કરે છે. મિત્ર વિના પોતાના દુઃખની વાત કોની આગળ કરવાની ? મિત્ર પૈસાટકા કશું ય આપી શકતો ન હોય છતાં **દુઃખની વાત ઝીલવા જે હૃદય આપે છે એની મોટી કિંમત છે ! વાત ઝીલતાં જે હાર્દિક સમવેદન બતાવે છે એનાં મહામૂલ્ય છે ! ઝીલીને જે કલ્યાણ આશ્વાસન આપે છે એની મહાવડાઈ છે !**

મિત્ર કહે છે, 'અંજનાના ભયંકર દુઃખની આજે પણ તને ખબર પડી એ સારું થયું. વાત તો સાચી છે કે એ બિચારી નક્કી મૃત્યુ પામે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. માટે તું અત્યારે ને અત્યારે એની પાસે જઈ પ્રિયવચનથી એને મધુરું આશ્વાસન આપે એ યોગ્ય છે, એ અત્યંત જરૂરી છે. પછી એની રજા માગીને તારે તારા કાર્ય માટે જવું જોઈએ. માટે ઊઠ, ઊભો થા.'



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**પવનંજય અંજનાના મહેલ પર :-**

પવનંજયના પલટાયેલા દિલમાં હવે એ સ્ફૂરી જ ગયું હતું કે અંજનાને પોતે સ્વસ્થ કરવી જોઈએ. એટલે મિત્રની સલાહ પોતાના આશયને મળતી આવતી સાંભળી જવા વિશેષ ઉત્સુક બન્યો, બંને જણા ત્યાંથી વિદ્યાબળે આકાશમાર્ગે ઊડીને અંજનાસુંદરીના મહેલ પર ગયા.

જુઓ, અહીં અંજનાના ભાગ્ય ઊઘડે છે ! પરણીને વર્ષો સુધી સામું નહિ જોનારો પતિ, અંજનાના કોઈ પુરુષાર્થ-પ્રયત્ન વિના, ગળગળો થઈને સ્વયં ચાલ્યો આવે છે. માણસની અધીરાઈએ શું વળે ? જ્યાં ભાગ્યને આધીન વસ્તુ પર પોતાના અધિકાર નથી, ત્યાં અધિકાર અજમાવવાના યત્ન એ કષ્ટ અને કલેશ કે બીજું કાંઈ ? કેમકે એવા યત્નમાં મહેનત તો પડવાની જ; કષ્ટ ઉપાડવાનું જ; અને દુર્ભાગ્યનો સામનો કરવો છે તેથી ગમે તેવા ઉપાય આદરવા જતાં ચિત્ત પાપબુદ્ધિના કલેશમાં મૂકાવાનું જ. ત્યારે, જો એટલું જ સમજી લેવામાં આવે કે 'મારા અધિકાર બહારની વાત-વસ્તુ માટે ફોગટ ફાંફા શા સારું મારું ? એમ કરી શા સારુ ફોગટ કષ્ટ-કલેશ ઉપાડું ? ભાગ્યાનુસાર બનવા દો, મન બગાડવાની જરૂર નથી;' તો ઠેઠ માનવતાના ગુણોનું દેવાળું કાઢવાનું બને છે તે ન બને. જુઓ છો ને આજે, કે **સમય ખરાબ છે એ તો સૂચવે છે કે ભાગ્ય નબળું છે. છતાં એ દુબળા ભાગ્યનો સામનો કરવા, અસત્ય, અનીતિ, મહાકર્માદાનના ધંધા, ટેક્ષ-ચોરી વગેરે કેટલાં પાપો આચરાય છે !** તમે કદાચ કહેશો

**પ્ર.-** 'પણ એમાં મનમાન્યા પૈસા મળે છે ને ?'

**ઉ.-** પરંતુ ભૂલતા નહિ કે એ પૈસા પણ ભાગ્ય હોય તો મળે છે. ભાગ્ય ન હોય તો પૈસા મળવા તો દૂર, ઊલટું અસત્ય, અનીતિ વગેરેથી માત્ર પાપનાં પોટલાં માથે ચઢે ! માટે ખરી વાત એ છે કે આપણો ખરો અધિકાર ગુણોની સિદ્ધિ કરવા ઉપર છે, તો તે જ અજમાવવો, બીજી સિદ્ધિ અધિકારવાળા ભાગ્ય પર છોડી દેવી. અંજનાએ એમ કર્યું છે તો આજે એનું ભાગ્ય જાગ્રત થતાં પવનંજય આપમેળે અહીં ખેંચાઈ આવે છે. એ વાત સાચી છે કે જો કે એણે પતિને ખેંચવાના આડા-અવળા પ્રયત્ન નથી કર્યા; છતાં પતિના અબોલડા પર એને દુઃખ ભારે છે. તેથી જ્યારે પવનંજય તથા પ્રહસિત આવ્યા અને પવનંજય દ્વાર આગળ છૂપો ઊભો રહ્યો, ને પ્રહસિત અંદર ગયો ત્યારે એણે અંજનાની ભારે દુઃખભરી સ્થિતિ જોઈ. જેવી રીતે માછલી તળાવના સૂકાઈ જઈ થોડા રહેલા પાણીમાં ઊંચી-નીચી થતી હોય છે, એમ અંજના પલંગમાં ગલોટિયાં ખાઈ રહી હતી. જેમ હિમ જેવી પણ ચન્દ્રની જ્યોત્સ્નામાં સૂર્યવિકાસી કમલિની પીડાય છે, તેમ અંજના કોમળ



શય્યામાં પણ પીડાઈ રહી હતી. એની વસંતતિલકા સખી એને વારંવાર આશ્વાસન આપી રહી હતી; છતાં એ તો ઘડી ઘડીમાં શૂન્ય ચિત્તવાળી ને શૂન્ય દૃષ્ટિવાળી પુતળી જેવી બની જતી હતી.

**સતીનો હાકોટો :-** સંસારમાં આવું જ બધું ને ? છે ત્યાં ગમે તેવા સારા ગુણિયલ જીવની કદર ? શાની હોય ? હોય તો સંસાર શાનો ? એનો તો સ્વભાવ કે અનેકાનેક પ્રકારની વિષમતા વિલક્ષણતા દેખાડવી. એ તો જીવ મૂર્ખ છે કે વિષમ અને વિલક્ષણ સંસાર પર મુગ્ધ બને છે, પણ સમતા અને એકરૂપતાવાળા મોક્ષ પર નહિ. પ્રહસિત અંદર પેઠો ને જેવો અંજનાસુંદરીએ જોયો કે એ ચમકી ! એને થયું કે 'અરે ! આ વ્યંતરની માફક અહીં અકસ્માત્ કોણ આવ્યો ?' કંઈક ભય પણ લાગ્યો, બીજી બાજુ દુઃખની સીમા નથી, કેમકે પતિ ધુત્કારીને ગયેલ છે, છતાં પરપુરુષનો પ્રવેશ જોઈ સાવધાન બની જાય છે ! મનને એમ નથી થતું કે 'કોઈ સારો માણસ આશ્વાસન આપવા આવ્યો હશે ઠીક છે.' **કેમકે પરપુરુષનું એને કાંઈ નથી જોઈતું. જ્યાં પરપુરુષની છાયા ન ખપતી હોય તો દૃષ્ટિ ખપે કે નહિ ? એની સાથે ટાયલાં ખપે કે નહિ ? ટાયલાં સમજ્યા નહિ ? માત્ર વાણીના નહિ... આજે જગતમાં શું ધીંગાણું મચ્યું છે ! માનવ માનવી યુગમાંથી દિવ્ય યુગમાં પેસવાને બદલે પાશવી યુગમાં પેસે છે ! ખ્યાલ નથી કે આર્યદેશમાં અવતાર એટલે કુલીનતા જીવવાના અવતાર ! સતીત્વ જીવવાના, સજ્જનતા જીવવાના અવતાર !** કોઈ ખોટો વિચાર પણ થઈ શકે નહિ, ત્યાં ખોટો શબ્દ કે ખોટી નજરની વાતે ય શી ? **સુશીલ નારી તો જેમ બિલાડાના આગમન પર ઉંદરડી સાવધાન બની જાય તેમ પરપુરુષના આગમન માત્ર પર સાવધાન બનનારી હોય.** સતી ધૈર્ય ધરી હાકોટો કરીને કહે છે,

'રે ! કોણ છે તું અહીં આવનારો ? અથવા પરપુરુષ એવા તને ઓળખવાની મારે જરૂર નથી. પરનારીના આ નિવાસમાં ખબરદાર અહીં ઊભો છે તો. ચાલતો થઈ જા.'

**સતીનો હાકોટો છે; પરપુરુષનો એને છાયો ય ન ખપે. આર્ય સંસ્કૃતિની એ ભવ્યતા ક્યાં ! અને આજની હાઈસ્કૂલ-કૉલેજની યુવતીઓના યુવાન છોકરાઓ સાથેના સહવાસની બેહૂદી સંસ્કૃતિ ક્યાં !** સતીને લાગ્યું કે આ માણસ પાછો જતો નથી તેથી એકદમ અકળાઈ જઈને એ કહે છે, 'અરે વસંતતિલકા ! જોઈ શું રહી છે ? આને હાથેથી પકડીને બહાર ઘસડી જા. ચન્દ્રના જેવી નિર્મળ હું આને જોવા માટે પણ સમર્થ નથી. આ મહેલમાં તો એક માત્ર પવનંજયને છોડીને બીજા કોઈ પણ પુરુષને પેસવાનો અધિકાર નથી; તો તું જોઈ શું રહી છે ? કેમ એને કાઢી

મૂકવામાં વિલંબ કરી રહી છે ? કાઢ ધક્કો મારીને બહાર કાઢ એને.'

આ સાંભળીને પ્રહસિત ખુશ થાય કે નાખુશ ? ખુશ ? કેમ વારૂ ? એને કાઢી મૂકવાનું કહે છે ને ? પણ કહો કે એ **અંજનાની આટલી બધી કરુણ સ્થિતિમાં ય એનો એક તો પવનંજય પ્રત્યે આદરભાવ અને બીજું સતીત્વની મર્યાદાનો કડક અમલ જુએ છે !** પવનંજયે ભયંકર છેહ દીધો છે, તિરસ્કાર કર્યો છે, છતાં અહીં એકાંતમાં પણ એનું કંઈ જ વાંકું નહિ બોલવાનું, બલ્કે એનું સ્વામીપણું જાહેર કરવાનું. દિલમાં ક્ષુદ્રતા નહિ પણ કેટલી ઊંચી ઉદારતા, ઉમદાપણું હોય તો આ બને ? **માનવજીવનની શોભા જ આ છે કે હૈયું ખૂબ જ ઉમદા બનાવવું, ખૂબ જ ઉદાર બનાવવું.** મહાસતીમાં બીજું છે સતીત્વના આચારની મર્યાદાનું પાલન. વરસોથી પતિએ તરછોડી છે પણ કોઈ બીજા પુરુષો સાથે લપ્પન-છપ્પન તો શું પણ દર્શનની ય વાત નહિ ! પછી ત્યાં પરપુરુષ સાથે વાતોચીતો કરી હૂંફ લેવાની તો વાતે ય શી ? આ ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવું છે. પ્રિય-પ્રિયાના વિરહમાં મન વ્યાકુલતા અનુભવે છે, વલવલાટ કરે છે, પરસ્ત્રી-પરપુરુષ સાથે વાતોચીતો કરીને હૂંફ-આશાયસ લેવાના અભરખા સેવે છે ! એમ દલીલ થાય છે કે શું એકલા અટૂલા બેસી રહીએ ? ત્યારે વિચારણીય બને છે કે **પવિત્ર જીવનની મર્યાદાના કોઈ ભાર ઉપાડવા જેવા હોય કે નહિ ? મન કેવું ચોર છે એ ભૂલશો નહિ. એ ઠગી ન જાય એ માટે જ આર્યસંસ્કૃતિની મર્યાદાઓ છે.** કુલવાન આત્માઓને એ સહેજે વરેલી હોય છે. અંજનાસુંદરી એ જીવી રહી છે. પ્રહસિત એની સતીત્વની મર્યાદા તથા ધુત્કારનાર પતિ પ્રત્યે પણ આદરભાવ, આ બંને વસ્તુ ઉપર ખૂબ ખુશ થઈ તરત નમસ્કાર કરીને ખુલાસો કરે છે.

'દેવી ! ધન્ય છે તારા સતીત્વને ! સ્વામિનિ ! ચિર કાળે આવેલા તારા આતુર પતિ પવનંજયના સમાગમની તને હું વધામણી આપું છું. હું એનો પ્રાણપ્રિય મિત્ર પ્રહસિત આગળ આવ્યો છું અને એ પણ પાછળ આવ્યો સમજ.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૫,તા.૨૪-૫-૧૯૫૮

## (૩૬) આધ્યાત્મિક પ્રવચન

ખુલાસો સાંભળીને અંજના ભયમુક્ત બની; પરંતુ એની કલ્પનામાં બેસતું નથી કે આટલો બધો પરાઙ્મુખ પતિ પોતાની સન્મુખ બને ! તે પણ ઉત્કંઠાથી ! એટલે એ પ્રહસિતને કહે છે,



**'અરે ગાંડા ! જ્યાં મારું નસીબ જ મને હસી રહ્યું છે ત્યાં તું કાં મારી મશ્કરી કરે ? જેમને મારું નામ સુદ્ધાં નથી ગમતું, એ મને હોંશપૂર્વક ભેટવા આવે એવી સંભાવના જ શી ? વિધિથી પીડાયેલીની મશ્કરી કરવાનો આ અવસર નથી, અથવા આમાં તારો કોઈ દોષ નથી, દોષ તો મારાં જ પૂર્વ કર્મનો છે. નહિતર એવો કુળવાન પતિ મને કેમ ત્યજી દે ? અફસોસ કે ઠેઠ પાણિગ્રહણથી જ માંડીને સ્વામીએ મને છોડ્યાને આજ ૨૨-૨૨ વર્ષ વીત્યા, છતાં હું પાપિણી હજી સુધી જીવતી રહી શકું છું !...'**

**વસ્તુની ઉજળી બાજુ જુઓ :-**

અંજનાના શબ્દ બહુ વિચારવા જેવા છે. પવનંજયનું હૃદય પરિવર્તન પામે એ એને અસંભવિત લાગે છે, તેથી કહે છે કે- "જ્યાં ક્રૂર વિધિ મશ્કરી કરી રહ્યું હોય ત્યાં તું અસંભવિત વાત કહી વધુ મશ્કરી કાં કરે ? દુર્દૈવથી મહાદુઃખમાં રીબાતાની આવી મશ્કરી કરવી યોગ્ય નથી." પાછું મન વાળી લઈને કહે છે કે- "દોષ મશ્કરી કરનારનો શું માનવો જ્યાં પોતાના કર્મનો જ દોષ છે." આટલી બધી પરિસ્થિતિ ઊભી થઈ એમાં વાંક પોતાના કર્મનો જ માને છે, અને તે પણ યુક્તિ પુરસ્સર. યુક્તિ એ કે પતિ કુળવાન છે, માટે એમનો વાંક હોય નહિ. અંજનાના પોતાના સ્વાર્થની દૃષ્ટિએ જોઈએ તો વગર ગુન્હે પતિ તરફથી એની અવગણના થવામાં બાકી નથી રહી, છતાં પતિની એ ગુન્હાહિત બાજુ ન જોતાં એના કુળવાનપણાની અને તેથી ઉત્તમતાની બાજુ જુએ છે, છતાં આમ કેમ બન્યું તો એ માટે પોતાના પૂર્વ કર્મની પ્રબળતા સામું જુએ છે. જોવા-જોવાની જ ખૂબી છે. **પેલી હલકી બાજુ ય જોઈ તો શકાય પરંતુ એમ કરવામાં પોતાના રોષ, રીસ, ગર્વ, ક્ષુદ્રતા, મનોદુઃખ વગેરે દોષો ખીલે છે ! વૈર વધે છે ! જ્યારે સારી બાજુની વિચારણા કરતાં રોષ વગેરે હોય તો ય શમી જાય છે.** વસ્તુની કાળી બાજુ જોવા કરતાં ઊજળી બાજુ જોવામાં ઊજળામણ આવે છે. પતિ કુળવાન છે એ વાત પણ સાચી છે. બીજી રીતે અનેક ગુણોથી પરિવરેલો ય છે; તો પોતાનો સ્વાર્થ ભાંગ્યો એટલે એ બધું સારું તત્ત્વ જોવા જેવું નહિ એ ક્યાંનો ન્યાય ?

**દૃષ્ટિનો સુધારો એ ઉન્નતિનો પાયો છે :-**

**માણસ દૃષ્ટિના દોષને લીધે એ શુભ તત્ત્વ અવગણી હલકું તત્ત્વ જોવા પ્રેરાય છે. પરંતુ એમાં કોઈ રીતે પોતાની ઉન્નતિ સાધી શકતો નથી. કેમકે જ્યાં પાયામાં દૃષ્ટિ જ સુધારે નહિ, પછી ઉપરની ગુણ-ઈમારત શી રીતે રચાય ?** બધી ય ઉન્નતિના પાયામાં દૃષ્ટિનો સુધારો રહેલો છે. જો દૃષ્ટિ અશુદ્ધ હશે-મેલી હશે તો ઉપરના દેખાતા ગુણ, ગુણ નહિ, પણ ગુણાભાસ હશે. માનવ-જીવનનું પહેલું કાર્ય



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દૃષ્ટિ સુધારવાનું છે, જુદા જુદા ધર્મમાં જુઓ તો દેખાશે કે સૌએ દૃષ્ટિનો સુધારો પ્રથમ આવશ્યક ગણ્યો છે. સાંખ્ય અને યોગદર્શન કહે છે કે વિવેકખ્યાતિ પહેલી ઊભી કરવી જોઈએ. આત્મા જડ પ્રકૃતિમાં હું અને મારાપણાનો જે ભ્રમ રાખી રહ્યો છે તે ભ્રમનો નાશ થવો જોઈએ. એવો વિવેક પ્રગટવો જોઈએ કે હું પ્રકૃતિથી જુદો છું અને પ્રકૃતિના કાર્યોનો કર્તા નથી. આમ અહંત્વ અને કર્તૃત્વનું અભિમાન દૂર થવાનું કહેવું એ દૃષ્ટિનો સુધારો જ કરવાનું કથન છે. વેદાન્ત દર્શન કહે છે અવિદ્યાના આવરણને લીધે શુદ્ધ અને એક એવો પણ આત્મા જગતને સત્ય માની બેઠો છે, અનેક જીવોનું અસ્તિત્વ માની 'હું જુદો, બીજા જુદા' એવા ભ્રમમાં છે; હવે એણે '**तत् त्वमसि**'-ઇત્યાદિ વેદ શ્રુતિ દ્વારા 'તે શુદ્ધ બ્રહ્મ તું છે' વગેરે તત્ત્વજ્ઞાન ઊભું કરવું જોઈએ પછી ઉન્નતિની સીડીએ ચઢી શકાય. ન્યાયદર્શન વગેરે પણ પ્રમાણ-પ્રમેય વગેરેના તત્ત્વજ્ઞાનને આવશ્યક માને તોય દૃષ્ટિના સુધારાનું જ કથન છે. બૌદ્ધ દર્શન પ્રશાન્તવાહિતાને જરૂરી માને છે. તે આત્મા ભ્રમથી જગતને જુદા જુદા પદાર્થમય અને સ્થિર માની બેઠો છે, એને બદલે વિજ્ઞાનમય અને ક્ષણિક સમજે, તો બને. આ સમજમાં પણ દૃષ્ટિ સુધારવાનો ઉપદેશ છે. ત્યારે જૈનધર્મ તો કહે છે જ કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હટીને સમ્યગ્ દૃષ્ટિ પ્રગટે નહિ ત્યાં સુધી ઉપરના શ્રાવકપણા વગેરેના ગુણસ્થાનકે ચઢી શકાય નહિ; તેમ સંસારદૃષ્ટિ મૂકાઈને મોક્ષદૃષ્ટિ જાગે નહિ ત્યાં સુધી નીચેની ભૂમિકા પણ તૈયાર થાય નહિ. આમ જોઈએ તો બધે દૃષ્ટિનો સુધારો પાયામાં જરૂરી માન્યો છે. અંજનાએ દૃષ્ટિનો સુધારો કેળવ્યો છે તેથી પ્રહસિતની આગળ પતિનું કુળવાનપણું એટલે સારાપણું અને પોતાના પૂર્વકર્મનો વાંક કહી શકે છે. એટલું જ નહિ પણ આગળ વધીને એમ કહી શકે છે કે આવા ઉત્તમ પતિના વિયોગમાં પોતે જીવતી રહી શકી એ પોતાની ધિટ્ઠાઈ પોતાનું પાપાત્માપણું સૂચવે છે. જો જો દિલમાં કેવા ધોરણ મનાયા હશે તો આ ઉદ્‌ગાર નીકળી શકે ? **સારા સ્નેહીના વિરહમાં સુખે ખાઈ-પી જીવવાની લહેર પુણ્યાત્માને શાની હોય ? એ તો પાપાત્માને હોય,** એવું કહેવાનો એનો ભાવ છે. માનસિક કેવા જીવન પર અધિકાર રાખ્યો હોય તો આ નિર્મળ દૃષ્ટિ રહી શકે એ જોવા જેવું છે.

હવે પવનંજય આમ તો પિગળીને આવેલો જ છે, એમાં અંજનાના 'હું પાપિણી ૨૨-૨૨ વરસ જીવતી ઊભી છું' ત્યાં સુધીના શબ્દો સાંભળવા પામે એટલે શું બાકી રહે ? એનું હૈયું ભરાઈ આવ્યું. આંખો આંસુથી ભીની થઈ ગઈ. અંજનાના દુઃખનો ભાર એનામાં ઊતરી ગયો અને તરત જ બહારથી અંદર પેસીને ટપકતા આંસુએ અને ગદ્‌ગદ સ્વરે આ પ્રમાણે કહે છે કે-'હે પ્રિયા ! નિર્દોષ એવી



પણ તારા પર પાણિગ્રહણથી માંડીને દોષનું આરોપણ કરીને અબુઝ પંડિતમાની એવા મેં તારી અવગણના કરી છે. માત્ર મારા જ વાંકે તું આટલી દુસહ્ય દુર્દશા પામી છે ! આમ તો લગભગ મૃત્યુ સુધી પહોંચેલી તું મારા સદ્‌ભાગ્યે જ મૃત્યુથી સ્પર્શ નથી કરાઈ !...' પવનંજયના બોલવામાં ભારોભાર ખેદ સાથે પોતાની અને પત્નીની તુલના છે. પોતે અબુઝ તથા અજ્ઞાન ! અને પત્ની મૂંગે મોંઢે આટલું બધું ઉમદા દિલથી ખમી ખાવામાં સજ્ઞાન, વિવેકવતી ! પોતે પંડિતમાની અર્થાત્ જાતે બહુ સમજુ હોવાના ઘમંડવાળો, ત્યારે પત્ની ખરેખર સમજવાળી હોવા છતાં ખૂબ જ નમ્ર, મૃદુ અને વિનયભરી ! પોતે અવગણના અને તિરસ્કાર કરનારો ઉલ્લંઠ ! અને પત્ની એ બધું સહવાના દુઃખમાં કચરાયેલી ! આ તુલના એના ઉઘડેલા આંતરચક્ષુમાંથી દેખાઈ છે ! પાછું હૃદય અને વાણી ગદ્‌ગદ બનેલા છે !

આ બધા પરથી અંજનાસુંદરી એને પોતાના પતિ તરીકે ઓળખી લે છે, અને તેથી એનાં નેત્ર ચમકી ઊઠે છે ! કાયા સ્તબ્ધ થઈ જાય છે ! ૨૨-૨૨ વરસ સુધી જે દર્શન મહાઝંખના છતાં દુર્લભ હતાં એ આજે એકાએક સુલભ બને છે, તથા જે પ્રેમ અને મમતાના સાંસા હતા એના આજે મેહ વરસવા માંડે છે, એથી નેત્ર ચમકે જ ને ? **આ ભવાટવીના અનંત અનંત ભ્રમણમાં વીતરાગ અને સદ્‌ગુરુના દર્શન તથા પ્રેમ-મમતાના સાંસા સમજનારો જ્યારે એ કોઈ ધન્ય પળે પામે ત્યારે એનાં નેત્ર ચમકે, હૃદયમાં થનગનાટ થઈ આવે, ને આત્મા અપૂર્વ ઉલ્લાસ, આહ્‌લાદ અનુભવે એ સહજ છે.** તમને આ બધો અનુભવ થાય છે ખરો ? થતો હોય તો કહી શકાય કે દેવ-ગુરુના દર્શન અને પ્રેમ-મમતા કેટલા બધા દુર્લભ અને કિંમતી છે તે તમે સમજ્યા છો.

**પતિની ક્ષમાયાચના :-** અંજનાસુંદરી પતિના પોતાના માટે આ શબ્દો સાંભળી લજ્જા પામી જાય છે. પતિ નાથ છે, પોતે સેવિકા છે, એ પોતાની ભૂલ, પોતાની હલકી વાત તો સાંભળી શકે પણ નાથની ભૂલ કેમ સાંભળી શકે ? માટે લજ્જા આવે છે. તેમજ પોતે પલંગમાં બેઠેલી ને એકાએક પતિએ અંદર પ્રવેશતાં આમ કહ્યું તેથી પણ લજ્જા આવવાથી સફાળી ઊભી થઈ થાંભલાને ટેકે ઊભી રહે છે. પરંતુ પવનંજય એને પલંગમાં બેસાડી ફરી પણ કહે છે,

'હે પ્રિયે ! તદ્દન નિર્દોષ એવી પણ તને મેં અતિ તુચ્છ બુદ્ધિથી કનડી છે, મેં ક્ષુદ્ર બુદ્ધિ કરી છે, તો તું મને ક્ષમા કરજે.'

**જીવન પર અધિકાર ક્ષમા-દાનના નહિ, કૃપાયાચનાના ! :-**

અંજના કહે છે, 'નાથ ! આવું ન બોલો. હું તો સદાને માટે તમારી દાસી છું, તેથી તમારે મારી ક્ષમા માગવાની હોય નહિ. દાસી તો અનુગ્રહને જ યોગ્ય



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

હોય,' અંજના હૃદયથી એમ સમજે છે કે 'દોષ પતિનો નથી, પોતાનાં કર્મનો છે. ત્યાં પતિ આજે હસીને બોલે છે એ પતિની વડાઈ છે.' **આર્ય સંસ્કૃતિની કેટલી ભવ્યતા કે મહાઅપરાધી પ્રત્યે પણ વિશાલ હૃદયમાંથી ભવ્ય ઉદ્ગાર નીકળે છે ! જીવન પર કેવા અધિકાર ક્ષમા-દાનના નહિ, પણ કૃપા-યાચનાના અજમાવાય છે !** પત્નીના સ્થાને, શિષ્યના સ્થાને, પુત્રના સ્થાને, સેવકના સ્થાને રહેલાની મર્યાદા કેવી હોવી ઘટે તે આમાંથી સુંદર જાણવા મળે છે. બાપનો-ગુરુનો એકાદ વેળા કદાચ ગુનો પણ હોય છતાં પુત્ર કે શિષ્ય અંજનાની જેમ આજ ઉદ્ગાર કાઢે કે 'હું તો સદાને માટે તમારો દાસ છું. દાસની ક્ષમા માગવાની ન હોય, દાસ તો કૃપાને જ યોગ્ય છે,' તો પિતા-પુત્ર અને ગુરુ-શિષ્યનો સંબંધ કેટલો સુંદર બન્યો રહે ? પુત્રપણું કે શિષ્યપણું કેવું સુંદર દીપી નીકળે ? ત્યારે જીવન પર ખરા અધિકાર ભોગવવા હોય તો આવા સમર્પિત જીવન પર ભોગવવા જેવા છે. મનને નિર્ધાર જોઈએ કે 'સુપુત્રપણું કે સુશિષ્યપણું મારા હકનું છે. એ માટે વડિલનો વાંક હશે તો ય, તેને ઈન્કારીને માત્ર તેમની કૃપા જ માગીશ.'

**પવનંજય રાત રહી જાય છે :-** અંજનાની સખી વસંતતિલકા અને પ્રહસિત બહાર ગયા. પવનંજય રાત્રિના ત્યાં રહ્યો. સવારે અંજનાસુંદરીને એ કહે છે,

'હે કાન્તા ! હું હવે વિજયને માટે જાઉં; નહિતર વળી વડિલોને એમ લાગશે કે હું ગયો જ નથી. તો તું હવે પછી જરા ય ખેદ ન કરજે. હવે દુઃખના દહાડા ગયા. સુંદરિ ! સખી સાથે સુખપૂર્વક રહેજે, ને રાવણનું કાર્ય પતાવી આ હું આવ્યો સમજ !'

અંજના પણ કહે છે, 'તે કાર્ય તો વીર એવા તમારું સિદ્ધ જ છે. માત્ર કાર્ય પત્યે જલદી ચાલ્યા આવજો, જો મને જીવતી જોવા ઈચ્છતા હો તો. આટલો રાગ બતાવ્યા પછી હવે તમે દૂર રહો એમાં મારે જીવવું મુશ્કેલ છે. તમારે જલદી આવવાનું બીજું પણ એ કારણ છે કે હું આજે જ ઋતુસ્નાતા છું એટલે ગર્ભ રહેવાનો સંભવ છે. હવે તમારી ગેરહાજરીમાં મને ગર્ભ રહ્યો એવું દુર્જનો જો જાણે, તો મારી નિંદા કરે. માટે જ કહું છું કે શીઘ્ર પાછા આવી જજો.'

પવનંજય કહે છે, 'પ્રિયા ! હું જલદી આવીશ; અને હું આવ્યો એટલે પછી તારા માથે કોઈ અનિષ્ટને સ્થાન જ ક્યાં છે ? અથવા લે મારા આગમનની સૂચક મારા નામની વીંટી. જરૂર પડ્યે તેનો ઉપયોગ કરજે.'

એમ કહી વીંટી આપીને પવનંજય ચાલ્યો ગયો. માનસરોવર પરથી સૈન્ય લઈ આકાશમાર્ગે લંકા નગરીમાં પહોંચ્યો. પછી રાવણ પણ કિરણોથી દીપતા સૂર્યની માફક બધાની સાથે વરુણની સામે ઉપડ્યો.



**જીવનમાં સ્યાદ્વાદ :-**

અહીં જુઓ કે ૨૨-૨૨ વરસે અંજનાસુંદરી પર પતિ તુષ્ટમાન થાય છે, અધરસ્તેથી પાછો આવે છે, ને ભારે પ્રેમ દેખાડે છે, એ બધું ઉપલક રીતે જોતાં પુણ્યના ઉદય તરીકે એટલે કે સારું દેખાય છે; પરંતુ આની જ પાછળ જે મહાકટુ પરિણામ સર્જાય છે, એ જોતાં પતિનું આ ખાનગી આગમન જાણે ઘણું ખરાબ લાગે છે ! પતિ વિમુખ હતો અને જે દુઃખ હતું, એના કરતાં પણ ભયંકર દુઃખકારી, એમ લાગે છે. આનો અર્થ શો ? **એ જ ને કે જગતમાંની કોઈ પણ વસ્તુ જેટલી સુંદર માનીએ છીએ એટલી સુંદર એ નથી, જેટલી ખરાબ માનીએ તેટલી ખરાબ એ નથી.** જે છોકરાને સુંદર માન્યો હોય છે એ ખરાબ, અને ખરાબ માન્યો હોય છે એ સુંદર નીવડે છે ને ? પક્વાન્નનું ભોજન સારું માન્યું હોય છે એનાથી જ અકળામણ, અજીર્ણ વગેરે ખરાબી અનુભવવામાં આવે છે ને ? સારા માનેલા મિત્રો રાશી નીકળે છે ને ? સામાન્ય માનેલા માણસો અવસરે સારા ઉપયોગી બને છે ને ? એક વખત સારી લાગેલી ધનકમાઈ જ બીજા-ત્રીજા કલેશ ઊભા કરી ચિત્તને ખરાબ લાગે એવું બને છે ને ? આ વાત છે,- દુનિયાની વસ્તુ સારી માનેલી અવસરે ખરાબ લાગે છે ! અનિષ્ટ માનેલી સારી લાગે છે ! બહુ સારી માનેલી સામાન્ય સારી લાગે છે, ને સામાન્ય ઠીક માનેલી બહુ સારી લાગે છે ! જો વસ્તુસ્થિતિ આમ હોય **તો પછી સારી માનીને રાગાંધ અને ખરાબ માનીને દ્વેષાંધ બનવાની શી જરૂર ? ઈષ્ટ-અનિષ્ટ સંયોગ થતાં દિલમાં જે રાગ અને દ્વેષ ઊછળે છે એને દબાવવા આ ચાવી છે કે મન એમ વિચારે કે 'જગતનું સુંદર લાગતું એટલું સુંદર નથી, ખરાબ લાગતું એટલું ખરાબ નથી. સારું લાગતું એ કદાચ અમુક અંશે સારું હશે, પણ બીજા અંશે ખરાબ પણ છે; તેમ અનિષ્ટ એ બીજી દૃષ્ટિએ ઈષ્ટ પણ હોઈ શકે છે. માટે મારે તો સ્યાદ્વાદ દૃષ્ટિથી જોવાનું-લેખવાનું.' મન આ વિચારી સ્યાદ્વાદને જીવનમાં જીવતો કરે તો કેટલા ય દુઃખથી બચી જાય.** શ્રી દેવચંદ્રજી મહારાજ સ્તવનમાં વીર પ્રભુને વિનંતી કરે છે,

**'વિનતિ માનજો, શક્તિ એ આપજો,**
**ભાવસ્યાદ્વાદતા શુદ્ધ ભાસે.'**

રોજીંદા જીવનમાં કેઈ ઘટનાઓ, કેઈ પ્રસંગો બને છે, કેટલીય વસ્તુઓ અને વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું થાય છે, એથી ય આગળ વધીને, જેની સામે આપણે કાંઈ જ લેવા-દેવા ન હોય એવું કેટલું ય જોવા મળે છે, સાંભળવા મળે છે, **આ બધાની સાથે જો સ્યાદ્વાદ દૃષ્ટિથી વર્તીએ તો કેઈ કલેશો અને કેઈ પાપબંધનથી બચી જઈએ.** પછી કુટુંબ પ્રત્યે એકાન્ત મમત્વ નહિ, વિરોધી પ્રત્યે


E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

એકાન્ત શત્રુતા નહિ. ધન-માલ વગેરે પર આંધળો રાગ ન હોય, અને ગરીબી આદિ ઉપર એકાન્તે અરુચિ નહિ. પુત્રજન્મ પર એટલો હર્ષ નહિ, પુત્રમરણ પર એવો શોક નહિ; એક જ દૃષ્ટિથી, કે સુંદર એ એવું સુંદર નથી, ખરાબ એ એવું ખરાબ નથી.

અંજનાને હવે જુઓ કે કેવી આપદા ખડી થાય છે. એને તે દિવસથી ગર્ભ રહ્યો. એક બાજુ ગર્ભ વધતો ચાલ્યો અને બીજી બાજુ શરીર-સૌન્દર્ય વિશેષ ખીલતું ચાલ્યું. ગર્ભવૃદ્ધિના લક્ષણો પ્રગટ દેખાવા માંડ્યા એટલે એની સાસુ કેતુમતી અચંબો પામી કે 'આ શું ? જેને પતિ સાથે ૨૨-૨૨ વર્ષના વિયોગ છે એવી આ કુલવધૂને ગર્ભ ?' એને ગુસ્સો આવી જાય છે, ને અંજનાને ધુત્કારતા કહે છે,

'અરે, પાપીણિ ! તેં બંને કુળને કલંક લગાડે એવું આ શું કર્યું કે તારો પતિ દેશાન્તર ગયો છે અને તું આ ગર્ભવતી બને છે ? મારા મનને કે દીકરો આવી ગુણિયલ સ્ત્રી પ્રત્યે અનાદર દાખવે એ ઠીક નહિ; નાદાન ગણાય. પરંતુ હવે મને ખબર પડે છે કે તારો ત્યાગ એણે કેમ કર્યો હતો !

પતિની ગેરહાજરીમાં અંજનાસુંદરીને આ તિરસ્કાર તથા આરોપ ખૂબ જ અસહ્ય બની ગયા ! એનું હૃદય ભરાઈ આવ્યું, આંખમાં આંસુ ઊભરાયા, રોતી રોતી કહે છે, 'તમારા પુત્ર વચ્ચેથી પાછા આવ્યા હતા, તેનું આ પરિણામ છે; અને આવ્યાની નિશાની તરીકે આ વીંટી પણ મને આપતા ગયા છે.' એમ કહી વીંટી બતાવે છે, અને શરમથી મોં નીચું રાખી બેસે છે.

પરંતુ સાસુ તો આ ખુલાસો માનવા તૈયાર નથી. એ તો એને ખોટો બચાવ સમજે છે ! ને તેથી વધુ ચિડાઈને કહે છે, 'અરે ! જે તારું નામ પણ લેતો નહોતો એનો તને મેળાપ ? વળી વીંટી દેખાડીને અમને ઠગવા માગે છે ? પણ ઠગે, કેમકે વ્યભિચારિણી સ્ત્રીઓ બીજાને ઊઠાં ભણાવવાના ઘણા પ્રકાર જાણે છે, કિન્તુ હવે અમે આ સહન કરનાર નથી...'

વિચારજો ૨૨-૨૨ વર્ષ સુધી સતીત્વપણાની રૂએ કેટલુંય સહન કરનારને પણ આવા વ્યભિચારના કલંક ! એમાં બાહ્ય જીવન પર શા અધિકાર પહોંચ્યા ? ઊલટું એવું પણ બને છે કે પતિની સાથે રહેતી હોય અને ગુપ્ત વ્યભિચાર ચલાવતી હોય છતાં સુશીલ નારીમાં ગણાતી હોય. ત્યારે એ નિયમ ક્યાં રહ્યો કે ગુણ હોય તો જશ જ મળે ? ને અપજશ મળે તો તે દોષના લીધે ? હા, નિયમ એ ખરો કે શુભનો ઉદય ચાલતો હોય તો યશ મળે, અશુભના ઉદય જાગે તો અપકીર્તિ થાય. માટે જ આ વાત છે કે આપણો અધિકાર જશ-કીર્તિ ઉપર નથી. ગુણ ઉપર છે. અંજનાએ ઘણું સહ્યું છે છતાં જાણે કુદરત રૂઠે છે તે સાસુ એને સાફ



સંભળાવી દે છે,

'સ્વચ્છંદચારિણિ, નીકળી જા મારા ઘરમાંથી; અને જા તારા બાપના ઘેર. અહીં હવે ક્ષણ માત્ર ઊભી ન રહેતી. આ ઘર એવું વ્યભિચારીને સંઘરનારું નહિ.'

**અંજનાને કાઢી મૂકે છે ! :-**

બિચારી અંજનાનો સાસુ એટલો બધો ફિટકાર-તિરસ્કાર કરે છે કે જે મહાસતી માટે અત્યંત દુઃસહ્ય હોય. કોઈ એને અહીં આશ્વાસન આપનાર નથી ! અરે ! એટલું પૂછનાર પણ નથી કે 'ઊભો રહો તપાસ તો કરો કે પવનંજય આવ્યોતો' કે નહિ ? અથવા તાબડતોબ પૂછવા માણસ મોકલો' ના, એ તો નિર્દય રાક્ષસી જેવી બનેલી સાસુએ સિપાઈઓને બોલાવી કહી દીધું, 'જાઓ આને એના બાપના નગરે મૂકી આવો !'

**ગુણના પક્ષકાર છતાં નિર્દય ન બનો :-**

જુઓ ખૂબી, સિપાઈઓ આમ દોડાવવા છે, પણ દીકરાને પૂછાવવું કે રાહ જોવી નથી ! માણસ સુશીલતાદિ ગુણોનો પક્ષ કરવા છતાં કેટલીકવાર એના ઓઠા હેઠળ બીજી બાજુ અઘટિત કાર્ય કરી બેસે છે, કઠોર બની જાય છે. કહે છે, 'અમે તો જરા ય પોણીસોળઆની ન ચલાવી લઈએ' અરે ભાઈ ! એ વાત તમારી સાચી, પણ બગડેલાને સુધારવાની આવડત તમારી પાસે છે ? કે માત્ર દંડો જ ચલાવતાં અવડે છે ? ગુણનો પક્ષપાત એમ નથી કહેતો કે દોષવાળાના તિરસ્કાર કરો, દોષિતની નિંદા કરો, એના પ્રત્યે નિર્દયતાના કાર્ય કરો. અહીં સાસુ એ જોવું ભૂલી જાય છે કે આમ અંજનાને કાઢી મૂકવામાં એના બાપના ઘેર તો વળી કેવી ય કુશંકાઓ અને તિરસ્કાર થશે. બસ, અમે ગુણના જ હિમાયતી, એ ઘમંડમાં સામાની કઈ દુર્દશા અને ત્રાસ-વિટંબણા થશે એનો વિચાર જ નહિ ! માણસની વિચારકતા અને કોમળતાની અહીં પરીક્ષા થાય છે. સંભવ છે કે કોઈની ભૂલ થઈ, પણ હૃદય મુલાયમ રાખી એને એવો સમાવી લેતાં આવડવું જોઈએ કે એનામાં ભૂલ હોય તો સુધરી જાય. પોતાની પાસેના ગુણનો અહંકાર એ ભૂલ કરનારને જુદો જ પાડી નાખે છે; 'કેમ જાણે તું હવે અમારામાં નહિ. પછી પેલાને સુધરવાનો અવકાશ જ ક્યાંથી રહે ? અહીં તો અંજનાની ભૂલ જ નથી; છતાં ભૂલ કલ્પીને સાસુએ માણસોને કઠોર આદેશ આપ્યો.

માણસો એટલા ઉત્સાહિત નથી, કે અંજનાના મહાસતીત્વને જોયા પછી એને બદચાલની માનવા તૈયાર હોય. પરંતુ કરે શું ? ગમે તેમ તોય નોકર. માટે જ નોકરી નો કરી સારી ! એ દિલને અણગમતા, આદર્શથી વિરુદ્ધ, પાપનાં પોષક એવા કેટલાં ય કાર્ય કરાવે છે. અંજનાને શોકનો પાર નથી. અહીં કોઈ એને હૂંફ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

આપનાર નથી. માત્ર એક એની સખી વસંતતિલકા સાથે રહેવા તૈયાર છે. એવું સખા-સખીપણું જગતમાં દુર્લભ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૬,તા.૩૧-૫-૧૯૫૮

## (૩૭) આધ્યાત્મિક પ્રવચન

**મહેન્દ્રપુરની નજીકમાં :-** માણસો અંજનાસુંદરીને વસંતતિલકા સખીની સાથે રથમાં બેસાડી લઈ ચાલ્યા અને મહેન્દ્રનગરની નજીકમાં આવી પહોંચ્યા. હુકમ એટલો જ છે કે એના બાપના ગામની ગોંદરે મૂકી આવો એટલે એને અહીં જ મૂકી દેવાની છે, પરંતુ જીવ ચાલતો નથી. **ક્યાં આ એક મોટા વિદ્યાધર રાજાની પુત્રી ! એક પરાક્રમી રાજપુત્રની પત્ની ! અને ક્યાં એને એકલી મૂકી દઈ પગ ઘસડતી જવા દેવાનું કાર્ય !** એમાં ય પાછું પોતાના સ્વામી પવનંજયની પત્નીને આ સ્થિતિમાં છોડી દેવાની ! સેવકોને ભારે ખેદ થાય છે; દિલ ભરાઈ આવ્યું; હૃદય રડવા લાગ્યું; આંખમાંથી આંસુ ટપકી પડે છે. અંજના સખી સાથે રથમાં ઊતરી જાય છે. સેવકો માતાની જેમ એને નમસ્કાર કરી ક્ષમા માગે છે !

**માતા પત્નીને સુપરત ! :-** કવિ માતાની જેમ નમસ્કાર કર્યાનું કહે છે ! એટલે ? **આર્યપ્રજામાં માતાને નમસ્કાર એ તો એક સહજ કર્તવ્ય. દિલમાં માતાના અસંખ્ય ઉપકાર યાદ હોય એને એની પ્રત્યે ભારે પૂજ્યભાવ હોય, તો નમસ્કાર સહેજે થાય;** અને એમ નમસ્કાર કરતા રહેવાય તો એ પૂજ્યભાવ જાગતો ય રહે. આજે આ ક્યાં જોવા જવું ? નાના છોકરાને પણ આજે તો માને નમતાં શરમ આવે છે ! પરિણામ ? એ છોકરો મોટો થતાં માતા પર તેવો ભક્તિપ્રેમ તો હોતો નથી, એટલે **પત્નીના પ્રેમમાં ખેંચાઈ જઈ માતાને પત્નીની સેવામાં સોંપી દે છે ! પત્નીની દયાનું પાત્ર બનાવે છે !** કેવી કરુણ દશા ! જ્યારે હવે તો સર્વાંશે માતાને નિવૃત્તિ આપી જીવનભર પોતે અને પત્નીએ એના પૂજક બની રહેવાનું હતું, આવા માતૃભક્ત જીવન પર અધિકાર ભોગવવાનો હતો એના સ્થાને પત્નીના પક્ષપાતભર્યું જીવન અને માતાના ચિત્તને રાત-દિ' કલેશ, ને હૈયાહોળી એ શું ? કૃતજ્ઞતા દર્શાવવા જેટલી ય માનવતા પુત્રમાં ક્યાં રહી ? આજે કેટલી માતાઓને સંતોષ છે ?

**ક્ષમાનો મહાધર્મ :-**

રાજસેવકો માતાની જેમ અંજનાસુંદરીને નમીને એની ક્ષમા માગે છે ! છે



એમનો કોઈ ગુનો ? ના, છતાં કેમ ક્ષમા માગી ? એટલા જ માટે કે બીજાથી થતા અકાર્યમાં અથવા નીપજવાના દુઃખમાં પોતાને એક નિમિત્તરૂપ બનવું પડ્યું. **સજ્જનો જાતે તો કાંઈ અકાર્ય ન કરે કે કોઈને ય દુઃખ ન દે, કિંતુ બીજાના અકાર્યમાં હાથારૂપ પણ ન બને.** અહીં નાઈલાજે બનવું પડે છે માટે ક્ષમા-પ્રાર્થના. **ક્ષમા માગવી અને દેવી એ મહાન ધર્મ છે. ક્ષમા માગવા આપવાનું જીવન માણસને વરેલું છે. એવા જીવન પર અધિકાર માનવાનો છે.** ક્ષમા-ધર્મ વિનાનો કહેવાતો ચોક્ખો ચટ વ્યવહાર એ લુક્ખો વ્યવહાર છે, માણસાઈનો વ્યવહાર નહિ ! આજ તો અંગ્રેજો ય વાત વાતમાં "Beg your pardon, excuse me, sorry તમારી માફી માગું છું, ક્ષમા કરો, દિલગીર છું." વગેરે શબ્દપ્રયોગ કરે છે, ત્યારે ભવ્ય આર્યસંસ્કૃતિવાળી ભારતીય પ્રજાની તો કેટલી ય ઊંચી સ્થિતિ જોઈએ ! પણ આજે અહંત્વનો ગ્રહ વળગ્યો છે તેથી નસકોરાં અભિમાનમાં ફૂલી જાય છે અને ક્ષમા માગવાની નમ્રતા-મૃદુતા નથી રહેતી, પણ ભૂલશો નહિ કે **બીજાં જીવન પર અધિકાર મોંઘા અને શંકિત; ત્યારે આ માગવા-દેવા વગેરેના જીવન-અધિકાર નિશ્ચિત હાથમાં છે ને સસ્તાં છે.** સેવકોએ લુક્ખે દિલે જો અંજનાને કહી દીધું હોત કે 'જાજો તમારા પિયર; અમારું કાર્ય પૂરું થયું, હવે અમે જઈશું' તો ન ચાલત ? પણ એમ ન કરતાં નમસ્કારપૂર્વક ક્ષમા માગે છે, 'ક્ષમા કરજો, બાઈસાહેબ ! અમારે તમને અહીં મૂકી દેવા પડે છે ! શું કરીએ ? અધમ એવી ગુલામીમાં પડ્યા છીએ; નહિતર તમને ઠેઠ ઘરે પહોંચાડી દેત !' એમ કહી પાછા વળે છે.

**રાત્રિ જંગલમાં :-** અહીં સૂર્યાસ્ત થાય છે, એટલે અંજના અને એની સખી નગરમાં જવાને બદલે બહાર જંગલમાં જ રાત્રિ વીતાવે છે. જો જો પવનંજય લડાઈ લડવા ગયો છે; ને અહીં આ કર્મની લડાઈ ચાલી છે. ત્યાં પવનંજય કદાચ જીતીને આવશે, પણ અહીં તો **જીત કર્મની અને હાર જીવની છે. કર્મ ધારી વિટંબણા જીવની કરે છે ! એ ટાળવા જીવનું કાંઈ ઉપજતું નથી.** અંજના અને સખી જંગલમાં મૂકાયા. સૂર્ય પણ ચાલી ગયો. કેમ જાણે સૂચવતો ન હોય કે **સત્પુરુષો બીજાનું દુઃખ જોવા સમર્થ નથી હોતા.** અહીં અંજનાએ જીવનમાં ભયંકર પ્રસંગો જોયા નથી એને આ જંગલમાં રાત્રિભર એ જોવાનું આવ્યું. ઘુવડોના ઘોર ધુત્કાર ચાલી રહ્યા હતા, શિયાળણો ફેત્કાર કરી રહી હતી, વરુઓ ચીસો નાખી રહ્યા હતા, બીજા વનચરોની રાડો ઉઠી રહી હતી. જાણે કાન ફોડી નાખે એવી એ બુમરાડો અંજનાના કલેજાને કમકમાવી રહી હતી. પણ શું કરે ? ભાગીને ક્યાં જાય ?



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**સંસારની કરુણ કહાણી :-** જીવનમાં કદીય આવું જોયેલું નહિ, છતાં આવા ય અવસર આવી લાગે છે ને ? પૂર્વકર્મની આ ભયંકરતા છે. **સંસારની આ કરુણ કહાણી છે કે કર્મ જીવનનાં અણદેખતાં બંધાય છે, ને પ્રતિક્ષણ દેખાતા ભોગવટામાં ઊતરે છે !** શું સમજ્યા ? હિંસાદિ પાપોમાં રૂલતાં, આહારાદિ સંજ્ઞાઓમાં રાચતાં, અને ક્રોધાદિ કષાયોમાં રક્ત રહેતાં ઊભાં થતાં કર્મબંધનો નજરે ચઢતા નથી; ને એનો ઉદય જાગે ત્યારે એની એકેકી પીડા ધ્યાન બહાર નથી હોતી; પ્રતિક્ષણ પીડા તરફ ધ્યાન રહે છે. **અધમાત્મા અને મહાત્મામાં આ ફરક હોય છે કે અધમાત્માને કર્મનાં કટુ વિપાક વખતે દુઃખ બરાબર લક્ષમાં આવે છે, પણ કર્મબંધન ધ્યાનમાં ય નથી આવતા ! ત્યારે મહાત્માને કર્મબંધન બરાબર ધ્યાનમાં હોય છે, પણ કર્મના વિપાકની પરવા નથી હોતી. દુઃખ તરફ દૃષ્ટિ નાખ્યા કરવાને બદલે નવાં કર્મ ન બંધાઈ જાય એ જોયા કરે છે.** ત્યારે અહીં જીવન-અધિકાર વિચારવા જેવો છે. બંને અધિકાર છે. 'અરે રે ! આ કેવાં દુઃખ આવ્યાં ! આ કેટકેટલી પીડા ! ફલાણાએ મારું બગાડ્યું ! શું કરું ? ક્યાં જાઉં ?...' આવાં આવાં દુર્ધ્યાનમય દુઃખદર્શનના ય જીવન-અધિકાર છે; ત્યારે **'જીવ ! સાવધાન રહેજે, ક્યાંય મન બગાડવાથી શોક ઉદ્વેગ કરવાથી, અસમાધિ-દુર્ધ્યાનમાં સબડવાથી. ક્રોધાદિ કષાયોમાં રમવાથી, નવાં કર્મ ન બંધાઈ જાય ! જ્ઞાનાવરણીયાદિ કર્મોની ભરતી ન થઈ જાય !'** આ પણ જીવન-અધિકાર છે. પરંતુ આ પહેલો જીવન અધિકાર દુઃખ જ ગણ્યા-ગોખ્યા કરવાનો બજાવતાં અધમદશામાં રહેવાય છે ! અંજનાને દુઃખ છે. પરંતુ કર્મબંધન તરફ દૃષ્ટિ છે, તેથી કોઈના ઉપર એ રોષ નથી કરતી. રાત્રિ એમજ વીતાવે છે.

**પિતાના દ્વારે :-** પ્રભાત થતાં અંજનાસુંદરી પોતાના પિયરમાં જાય છે. મહાસુશીલ હોવા છતાં પોતાના માથે જે કલંક ચઢ્યું છે એનો એને ભારે ઉદ્વેગ છે. એથી એ બિચારી દીન બની ગઈ છે. પગમાં જોર નથી. શરમની મારી ધીમી ધીમી ચાલે છે; અને મોટા પરિવારની શોભાને લાયક એવી એ આજે પરિવાર રહિત એક ભિખારણની જેમ પિતાના દ્વારે જઈ ઊભી રહે છે. એક વાર 'કુંવરીબા, કુંવરીબા, બહેન, બહેન,' એમ જ્યાં અછો અછો થતી હતી, ત્યાં જો જો એ જ જીવનમાં કેવા તિરસ્કાર પામે છે. આવાં ક્ષણિક માન અને ક્ષણિક સુખ પર ગુમાન કે નિશ્ચિન્તતા સેવવામાં શા ડહાપણ ?

મહેલના દ્વારે ઊભેલો ચોપદાર જોઈને ચકિત થઈ જાય છે; પૂછે છે, 'આમ કેમ ?' સખી વસંતતિલકા એને બનેલી હકીકત કહે છે. એ જઈને રાજાને એ હકીકત



કહે છે. રાજા બાપ છે, ખુલાસો કરનાર ઘરનું માણસ છે, તો શું એને લાગણી ન થઈ આવે કે 'બિચારી દિકરી નિર્દોષ હોવા છતાં અને ૨૨-૨૨ વર્ષે માંડ પતિનું સુખ પામી હોવા છતાં એની સાસુએ એના માથે આ કલંક ચઢાવ્યું ?' પણ ના, સખીએ કરેલા ખુલાસા પર વિશ્વાસ પડે તો ને ? એને તો અંજનાની સાસુએ કરેલ કલ્પના પર વિશ્વાસ બેઠો. ભૂલશો નહિ, અંજનાના પૂર્વના અશુભ કર્મ ઉદયમાં આવેલા આ કાર્ય કરી રહ્યા છે કે ભળતી કલ્પના સાચી મનાવી લે અને સત્ય ખુલાસા પર વિશ્વાસ ન બેસવા દે. આ સિવાય બીજું શું કારણ આપી શકાય ? માટે જ આથી ભવાંતરની, આત્માની, ને શુભાશુભ કર્મની સાબિતી થાય છે. બુદ્ધિની આડે આ અશુભ કર્મ એવાં આવરણ ખડાં કરે છે કે એથી સાચો ખ્યાલ આવી જ ન શકે. એ તો જ્યારે કર્મ દૂબળાં પડી જશે ત્યારે સાચો ખ્યાલ આવશે, અને પછી તો માત્ર ખ્યાલ નહિ, પરંતુ ભારે પશ્ચાત્તાપ થશે ! પણ હમણાં તો કર્મ જાણે કહે છે, 'ખબરદાર ! આને નિર્દોષ માની તો ?' એટલે રાજા એને દોષિત સમજવાથી ક્ષોભ અને શરમ પામી જાય છે ! એનું મુખ નીચું ઢળી પડે છે.

એને વિચાર થાય છે કે-'અહો ! અંજનામાં આ શું ? પણ હા, જેમ ભાગ્યના વિપાકની ખબર નથી પડતી, તેમ સ્ત્રીઓના ચરિત્રની ખબર નથી પડતી. પરંતુ હવે તો આ કુલટા છોકરી પાછી કુળને કલંક દેવા અહીં ઘરે ચાલી આવી છે ! એ અહીં માત્ર રહે તો પણ અમને કલંક લાગે. કાજળના અંજનનો લેશ પણ ઉજળા વસ્ત્રને દૂષિત કરે છે.'

**સદાચાર પર આર્ય સંસ્કૃતિના ટકાવ :-**

અલબત જેમ સાસુએ તેમ બાપે પણ કોઈ પણ તપાસ કરાવ્યા વિના જે આ વિચાર કર્યો અને પછી એ કઠોર વર્તાવ કરે છે તે ખૂબ જ અનુચિત છે, પરંતુ આમાંથી એક ખ્યાલ આવે છે, કે ઉત્તમ કુળોમાં સદાચારને માટે કેટલો બધો ઊંચો ખ્યાલ અને પ્રેમ હશે ! કે વહાલસોયા દીકરા-દીકરી પણ જો સદાચારભ્રષ્ટ હોય તો સામું જોવા જેવા ય નહિ, પછી બીજા વહાલ દેખાડવાના તો હોય જ શાના ? સંસ્કારી જીવનની આ વિશેષતા છે કે ભલે અવસ્થા એક ઘરબારીની એટલે કે સંસારી ભોગ-વૈભવની છે છતાં લાઈન બહારના વર્તાવ અર્થાત્ દુરાચારના અને અયોગ્યતાના વર્તાવ એમાં ખપતા નથી. કુટુંબી કોઈના ય તેવા વર્તાવ ચલાવી લેવાનું ગમતું જ નથી. જંબૂકુમારના કાકા જુગાર વગેરે ભારે વ્યસનમાં પડ્યા હતા તો જંબૂકુમારના પિતા ઋષભદત્તે ખૂબ ખૂબ શિખામણ-ધમકી આપવા છતાં ન સુધરતાં એમને ઘરત્યાગ કરાવી દીધો. પ્રેમની કમી નહોતી, પરંતુ આર્યને મન



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દુરાચારના જીવન એટલે અસહ્ય વસ્તુ. આથી જ પવિત્ર આર્ય સંસ્કૃતિ લાખો-કરોડો વરસ તો શું પણ યુગના યુગ ટકી શકી છે. ત્યારે એનો હ્રાસ થતો આવવાનો તે પણ દુરાચારને ચલાવી લેતાં લેતાં જ આવવાનો. નવમા તીર્થંકરદેવ શ્રી સુવિધિનાથ ભગવાનના શાસનનો વિચ્છેદ એમ જ થઈ ગયો; સદાચારની મર્યાદાઓ ભંગાઈ અને વિરુદ્ધ આચારો આચરાતા ગયા.

આમ છતાં પ્રસ્તુતમાં અંજનાસુંદરીની કાંઈપણ તપાસ કર્યા વિના સાસુએ કાઢી મૂકી અને અહીં બાપ પણ જે પગલું ભરે છે તે તદ્દન અજુગતું છે. જ્યાં બાપને વિમાસણમાં પડેલો અને ઉદાસ મુખવાળો દેખ્યો એટલે એનો પુત્ર પ્રસન્નકીર્તિ કહે છે, 'પિતાજી ! આણે તો આપણું કુળદૂષિત કર્યું. માટે વિચાર શું કરો છો ! કાઢી મૂકો એને દેશપાર. શું બુદ્ધિમાન માણસ આંગળીએ સર્પ ડસતાં આંગળીને છેદી નાખતો નથી ?'

એના આ વચન પર મહોત્સાહ નામનો પ્રધાન રાજાને કહે છે, "મહારાજ ! સાસુ તરફના દુઃખમાં તો દીકરીને પિતાનું શરણ એ જ આલંબન બને છે. તો આવા વિચાર શા માટે કરવામાં આવે છે ? વળી તમને અંજનામાં શંકા જાય છે, પરંતુ શું એ ખબર નથી કે કેતુમતી તો સાસુ છે, એટલે એ તો ક્રૂર બનીને ગમે તે દોષનું બહારનું ઊભું કરીને કાઢી મૂકે એમાં શી નવાઈ ? વિચાર આપણે કરવાનો છે; જ્યાં સુધી એનામાં દોષિતતા કે નિર્દોષતાની આપણને ચોક્કસ ખબર ન પડે ત્યાં સુધી આનું ગુપ્તપણે પાલન કરો. ગમે તેમ તો ય પોતાની દીકરી છે માટે એના પર દયા કરો, ક્રૂરતા નહિ." મંત્રીએ ડહાપણથી વાત કરી.

**સંસારના અવસ્થિત ભાવ : સંસારભાવના :-**

સાસુની ઓળખાણ કેવી કરાવી ? અલબત જગતમાં સારી સાસુઓ પણ હોય, ન હોય એમ નહિ; પરંતુ સામાન્ય રીતે જગતના ભાવો અમુક અમુક રીતે અવસ્થિત જેવા ચાલ્યા આવે છે, એમાંનો આ એક ભાવ છે, કે માતાપિતા દયાળુ અને વાત્સલ્યવાળા મનાય છે, ત્યારે સાસુ ક્રૂર અને દ્વેષવાળી ગણાય છે. આવા આવા તો કેઈ વિચિત્ર ભાવો સંસારમાં છે. સંસારભાવના નામની ત્રીજી ભાવનામાં આ બધું વિચારી આત્માએ સંસારથી ઉભગવાનું શાસ્ત્ર કહે છે. **જીવનમાં બનતા દુઃખદ યા આનંદદાયી પ્રસંગોને સંસારભાવનાની ચક્ષુએ જોવા જોઈએ; જેથી ચિત્ત ઉદ્વેગ યા હર્ષમાં ન ચઢે.** ક્યાંય એમ દેખાય કે 'અરે ! આમણે આમ કર્યું ?' ત્યાં ઝટ એ વિચારવાનું કે **'ભાઈ ! આશ્ચર્ય કે ખેદ કરવા જેવું નથી, કેમકે અંતે તો એ સંસારનો ભાવ છે ને ? સંસારમાં સહેજે વિચિત્ર, અઘટતું, ને અણગમતું હોય.**



**અનંતાનંત કાળથી સંસાર ચાલ્યો આવે છે તેમાં આવું તો ઘણું બનતું આવ્યું છે...'** આ રીતે વિચારતાં મન ફોરું અને શાંત બની કેટલાય દુર્ધ્યાનથી બચે છે.

**પિતા કાઢી મૂકે છે :-** મંત્રીએ સાસુની પ્રકૃતિની દૃષ્ટિએ અંજનાનો બચાવ તો કર્યો, પરંતુ રાજા ઉત્તરમાં કહે છે, 'વાત ખરી છે સાસુ બધે જ એવી હોય છે, પરંતુ સાથે એ વાત પણ નક્કી છે કે પુત્રવધૂનાં આવા આચરણ ક્યાંય જોવા નહિ મળે. ત્યારે આપણે તો પહેલાં પણ સાંભળ્યું હતું કે આ અંજના પ્રત્યે પવનંજયને દ્વેષ હતો, તો વિચારણીય થઈ પડે છે કે એ પવનંજય થકી આને ગર્ભ શી રીતે રહે ? બસ, આનાં આચરણ જ ખોટાં છે એટલે તો સાસરેથી એને ઠીક જ કાઢી મૂકી છે, અને અહીંથી પણ એને ઝટ રવાના કરો. એનું મુખ પણ આપણે જોવું નથી.' આમ કહીને દ્વારપાલને આજ્ઞા કરી તે મુજબ એ અંજનાને ત્યાંથી કાઢી મૂકે છે.

**બહારના જીવન અધિકાર કરવા ફજુલ છે :-**

જ્યાં એક વાર વરસો સુધી ભારે લાડમાં અને માનપાનમાં ઊછરી છે, ત્યાં જ આજે ભારે દ્વેષ અને તિરસ્કાર સહવાના આવે છે ! પૂર્વનું યાદ કરી-કરાવી એવા માનવંતા જીવન પર અધિકાર અત્યારે અજમાવવા જાય તો ? 'તમે એટલું માન અને પ્રેમ દેખાડનારા અત્યારે આમ કેમ વર્તો છો ?'-એમ કહેવા જાય તો ? ઉપરથી માર જ પડે ને ? **પોતે સાવ નિર્દોષ છે, છતાં આવા અધિકાર કરી શકતી નથી એ શું સૂચવે છે ? એ જ, કે બહારના સુખ-સગવડભર્યા જીવન પર અધિકાર કરવા ખોટા છે. ફજુલ છે.** અહીં નગરનું લોક અંજનાને કાઢી મૂકાતી જોઈ કકળી ઊઠે છે ! બૂમરાણ કરે છે ! પરંતુ સત્તા આગળ શાણપણ શા કામનું ? કોઈ એને બચાવી શકતું નથી. અંજના પોતે ભૂખી છે, તરસી છે, થાકેલી છે, પણ એની સામે કોને જોવું છે ? **કર્મ રૂઠ્યા પછી વિટંબણાનો પાર નહિ ! કોઈ રક્ષણ નહિ ! કોઈ જ શરમ પડતી નથી !** અંજનાસુંદરી સુશીલ છે, કોઈ ગુનો નથી, પાછી રાજપુત્રી અને રાજકુમારની પત્ની તરીકે છે, છતાં ભયંકર કલંક, ભયંકર અપકીર્તિ અને ભયંકર તિરસ્કાર સાથે દેશનિકાલ ! દુઃખ આવતાં ગભરાઈ જઈએ છીએ, પણ આવા પ્રસંગ નજર સામે રાખવા જેવા છે. લોકની ચાહના છે, એટલે કોઈ આશરો આપનાર નીકળે, પરંતુ અહીં તો રાજાનો કડક આદેશ બજાવનારા સિપાઈઓ જરાય મચક આપે એવા નથી.

**બધેથી અડધૂત ! જંગલના માર્ગે અંજના :-**

અંજનાને સીધેસીધી નગરની બહાર લઈ જાય છે, એટલું જ નહિ પરંતુ આગળ પણ જ્યાં કોઈ ગામ કે નગરમાં એ પેસવા જાય છે ત્યાં પિતા રાજાના



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અગાઉથી આવેલા માણસો એને પેસતી અટકાવે છે ! હડધૂત કરી કાઢી મૂકે છે ! જીવ મરીને પરલોકમાં જાય ત્યાં કર્મથી હડધૂત થાય એમાં કોઈ રક્ષણ ન મળે, તેમ આને અહીં જ કોઈ રક્ષણ નથી મળતું. વધુ મુસીબત આ કે કર્મ તો દુશ્મન ગણાય તે વિટંબણા કરે, પરંતુ અહીં તો ખુદ પિતા અને એના માણસો તરફથી જ ત્રાસ અને જુલ્મ છે. ગામ-નગરમાં સ્થાન નથી મળતું એમાં હવે અંજના જંગલનો માર્ગ લે છે. રસ્તામાં કાંટા-કાંકરા ભોંકાય છે ! પગમાંથી લોહી નીકળે છે ! ઊંચી-નીચી જમીન, અને ભૂખ તરસની પીડા, તે ડગલે ને પગલે અંજના ઠોકર ખાય છે ! દિલને ધીરજ રહેતી નથી. હૈયું રડી ઊઠે છે, આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે, મોટા અવાજે રોઈ પડતાં તો જાણે દિશાઓને પણ રોવરાવી રહી છે ! ખૂબ સમજુ અને સહિષ્ણુ એવી એને રડી ઊઠવાનું બને, ત્યારે વિચારજો કે દુઃખ કેટલું અસહ્ય હશે !

**વિષયસેવનના વાંકે :-** આ બધાનું નિમિત્ત શું ? ગર્ભવતી થઈ માટે સાસુએ ઉપાડો કર્યોને ? ગર્ભવતી શાથી થઈ ? વિષયસેવનથી. એનો અર્થ એ થયો કે વિષયસેવનના વાંકે આ ઘોર વિટંબણા ઊભી થઈ. તો જ્ઞાનીઓ શું ખોટું કહે છે કે **'વિષયનાં સુખ અલ્પ, અને દુઃખ અનંત !'** જંબૂકુમાર આઠ સ્ત્રીઓને કહે છે,

**"જંબૂ કહે સુખ વિષયનું અલ્પ, અપાય અનંત !**

**એકેક ઈન્દ્રિયના વિષયનો ભોગવટો ભયંકર છે.** આવા **ભયંકર દુઃખદ વિષયો ખાતર, આશ્ચર્ય છે કે, જીવો કેટલા કલેશ કરે છે ! જીવનમાં કેટલાય દુર્ગુણો અને દુષ્કૃત્યો આચરે છે ! વિચારજો ઉદાર મટી ક્ષુદ્ર બનાય છે તે કોની ખાતર ? સત્ય છોડી જૂઠ બોલાય છે તે કોના માટે ? અનીતિ, ઈર્ષ્યા, વૈર, વિરોધ, જોહુકમી, પ્રપંચ નિર્દયતા, સ્વાર્થાંધતા, એ બધું માનવભવનું લિલામ કોની પાછળ ? વિષયોની જ પાછળ ને ? એ વિષયો અંતે શું પરખાવવાના છે ? અનંત દુઃખ કે બીજું કાંઈ ?** છતાં એની પાછળ માણસ માણસાઈ મૂકી હેવાનિયત કરે છે, પશુતા આચરે છે ! દોષ-દુર્ગુણ-દુષ્કૃત્ય આચરતાં પહેલાં આટલું જ વિચારો કે 'એ બધું કોના માટે આચરું ? ઠગારા વિષયો માટે ? ભલે ઓછું મળે ઓછું ભોગવીશ, પણ વિનશ્વર અને વિનાશક વિષયો પાછળ મારે અધમ નથી બનવું, ઉત્તમતા નથી ગુમાવવી.





## (૩૮) આધ્યાત્મિક પ્રવચન

**આત્મારામ પર બધો આધાર :-**

અંજનાસુંદરી અથડાતી-કૂટાતી કોઈ એક મહાઅટવીમાં જઈ ચઢી. ત્યાં પર્વત છે, નિકુંજ છે, દેખાવ રમણીય છે, પરંતુ શું કરવાનો ? જ્યાં દિલને જંપ નહિ તો કશુંય રમણીય ન લાગે. **બધું સારું આત્મારામના ઠેકાણા ઉપર છે. આત્મારામનું જો ઠેકાણું નહિ, આત્મારામને કરાર નહિ, સ્વસ્થતા નહિ, તો બહારનું ગમે તેટલું રમણીય પણ એને મન અકારું લાગે છે.** આ વસ્તુ આત્મતત્ત્વની એક મહાન સાબીતીરૂપ છે. એનું એ સુંદર જગત જે એક વાર રુચિકર હતું તે હવે કેમ અરુચિકર લાગે છે ? કાયા તો એવી ને એવી ઊભી છે ! પણ કહો કે અંદરના આત્મારામ વિહ્વલ બન્યા છે. દા.ત. બંગલા, બગીચા, પૈસા, ટકા...યાવત્ કાયા સુદ્ધાં બધું બરાબર છે, પરંતુ પરદેશથી દીકરાનું કરુણ મોત નીપજ્યાના સમાચાર આવવાથી આત્મારામને ભારે શોક-ઉદ્વેગની વિહ્વલતા છે, તેથી બાકીનું બંગલા, મિલકત બધું અત્યારે અકારું લાગે છે. એ જ આત્માની પ્રધાનતા સૂચવે છે. ત્યારે માણસ જો વિચાર કરે તો સમજાય એવું છે કે આપણો આત્મા જો સ્વસ્થ હોય તો બહારનું સામાન્ય પણ મજેનું લાગે છે, અને અસ્વસ્થ હોય તો બહારનું સારું દેખાતું પણ અકારું લાગે છે ! માટે એ સ્વસ્થતા જ મહત્ત્વની વસ્તુ છે; તો ખરો પ્રયત્ન સ્વસ્થતા અખંડ રાખવા કરવો. પ્રશમરતિ, યોગશાસ્ત્ર વગેરે શાસ્ત્રો એવા પ્રયત્નમાં નિર્મળ ભાવનાઓનું જોર રાખવાનું કહે છે, તો

**શુભ ભાવનાઓનું જોર રાખો, એને વારંવાર મનમાં ભાવ્યા કરો.**

**વળી જીવનના પ્રસંગોને તત્ત્વદૃષ્ટિથી નિહાળો,**

**પદાર્થોમાં પ્રસંગોમાં જે કોઈ અંશ આત્મહિતને અનુકૂળ હોય એને શોધી કાઢો, અને એ હિસાબે પ્રતિકૂળ પદાર્થ-પ્રસંગને અનુકૂળ સમજો.**

**આત્માનું વીતરાગતામય અને શુદ્ધ જ્ઞાનમય શુદ્ધ સુખમય સ્વરૂપ ખૂબ જ નજર સામે તરવરતું રાખો.**

**આ બધા ઉપાયો છે આત્મારામને ઠેકાણે રાખવાના.**

**અંજનાનો કરુણ વિલાપ :-** અંજનાસુંદરીને સાસુના તિરસ્કારથી માંડીને ઉપરાપર એટલી બધી વિટંબણાઓ આવી, ભૂખ, તરસ, કાંટા, કાંકરા, વગેરે તો



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ખરા જ પણ પિયરમાંથી ફિટકાર અને દેશનિકાલ, પછી ગામેગામ હડધૂત; વગેરે એટલી બધી વિટંબણાઓ આવી, કે એ ખૂબ જ અસહ્ય હતી, તેથી આત્માને સ્વસ્થતા મુશ્કેલ બની. પછી જંગલમાં ગિરિ, નિકુંજ વગેરેનું રળિયામણાપણું કાંઈ જ શાંતિ આપી શક્યું નહિ. ત્યાં એ પોતાની સખી સાથે એક ઝાડ નીચે બેઠી અને આ પ્રમાણે કરુણ વિલાપ કરવા લાગી કે,

**‘અહો ! હું કેવી મંદ ભાગ્યવાળી કે મને વડિલોએ પહેલાં કાંઈ પણ વિચાર કર્યા વિના સીધી સજા કરી દીધી, અને પછી મારા અપરાધની વિવેચના કરી ! ત્યારે હે સાસુ કેતુમતિ ! તમે સારું કર્યું કે તમારા કુળને કલંકમાંથી બચાવી લીધું હે પિતા ! તમે પણ કલંકિત સંબંધીને રાખવામાં ઊભા થતા ભયથી બીને સારું વિચાર્યું ! હે માતાજી ! દુનિયામાં તો જીવોને દુઃખના સમયે માતા આશ્વાસન આપનારી ગણાય છે, પરંતુ તમે પતિની ઇચ્છાને અનુસરી મારી ઉપેક્ષા કરી તે ઠીક કર્યું ! હે ભાઈ ! પિતાજી જીવતે, તમારો દોષ પણ ન ગણાય. હે નાથ ! એક તમે દૂર રહ્યે, બધા જ મારે દુશ્મનરૂપ બન્યા ! હું તો કહું છું કે જેમ હીનભાગીમાં શિરોમણિ એવી હું નાથ વિના જીવતી રહું છું તેમ કોઈ સ્ત્રી નાથ વિના એક દિવસ પણ જીવતી ન રહેશો.’**

અંજનાસુંદરીએ કલંક, ફિટકાર, વગેરે પામવા છતાં તેમાં નિમિત્ત બનનાર કોઈના પણ ઉપર ગુસ્સો કે વૈર કર્યા વિના, તેમ ધિક્કારનો એક પણ ઉદ્ગાર કાઢ્યા વિના પોતાના દિલનું દર્દ વિલાપમાં ઠાલવતાં સાસુ, પિતા, વગેરેને એમના કૃત્ય બદલ ન્યાય આપ્યો ! હૃદય ઉપર કેટલો બધો કાબૂ રાખ્યો હશે કે ન કોઈ અનુચિત-અશિષ્ટ વિચાર યા ઉચ્ચાર ! **માનવપ્રાણી તરીકેની ઉચ્ચતા આ સાધી કહેવાય કે વિચાર-વાણી-વર્તાવ ઉપર સુંદર કાબૂ રખાય. કોઈ જાતનો અધમ વિચાર નહિ, એલફેલ બોલ નહિ.** એમાં ય એના દૃષ્ટાંતથી મરદ માણસે તો કેટલો કાબૂ ધરાવવો ઘટે, એ તમે વિચારી લો. **સંતો અને સતીઓના દૃષ્ટાંત એ તો મહાત્માનું જીવન જીવવા ઇચ્છનારને ભવ્ય પ્રેરણા અને બળરૂપ છે,** કાગડા-કૂતરા જેવું અધમાત્માનું જીવન જીવવું હોય એને માટે કોઈ વાત જ નથી.

**ઉત્તમતાની કસોટી :-**

અંજનાનું આત્મસુવર્ણ અત્યારે દુઃખના અગ્નિતાપમાં તવાઈ રહ્યું છે, કોણ તાવે છે ? ભાગ્ય નહિ; કેમકે એ તો બિચારું જેવું જીવથી પૂર્વે ઉપાર્જાયું તેવું અત્યારે છૂટી રહ્યું છે ! પોતાનું લેણું લઈ રહ્યું છે, ત્યારે કોણ તાવી રહ્યું છે ? એની સાસુ, પિતા વગેરે ? ના, એમણે ક્યાં પરીક્ષા કરવા આ ગોઠવ્યું છે ? એ તો અંજનાની સાચી સ્થિતિના અજાણ હોવાથી આ અજ્ઞાનચેષ્ટા આદરી રહ્યા છે,



તો અંજનાને કોણ તાવી રહ્યું છે ? કહો એની ઉત્તમતા ! ઉત્તમતા જાણે કહે છે, **‘વીરતાથી સહન કરો અને બતાવો અંદરનું સત્ત્વ ! તમે કચડાઈ મરો તો ય જરાય કોઈનું ભૂંડું ઇચ્છતા નહિ ! તમારી મહાદુર્દશા કરનારી વ્યક્તિનું પણ ભૂંડું ચાહતા નહિ. ઉત્તમ છો માટે જ સહવું પડશે...’** શું સમજ્યા ? ઉત્તમ છો માટે સહી જ લેવું જોઈએ. અધમ જીવને તો સહવા જેવું કાંઈ છે જ નહિ... એ તો આવો કોક પ્રસંગ બને એટલે સામો ભારે ઉધમાત મચાવે છે ! ન વિચારવાનું વિચારે છે, ન બોલવાનું બોલે છે, ન આચરવાનું આચરે છે ! એવી બધી અધમ અને અયોગ્ય પ્રવૃત્તિથી જીવને અટકાવી રાખનાર કોઈ હોય તો ઉત્તમતાનો ખ્યાલ છે, એટલે કહેવાય છે કે ઉત્તમતા કસોટી કરી રહી છે, આટઆટલું દુઃખ આવે, છતાં દુષ્ટ વિચાર-વાણી નથી પ્રવર્તાવવાને ? સોનાનું સુવર્ણપણું સોનાને છે, ‘ગમે તેટલી ગરમી લાગે, ઝાંખું નથી પડતું ને ? તો પાસ; તો રાજા કે દેવાધિદેવના માથે મુગટરૂપ સુધી બની શકશે.’ એવું ઉત્તમતામાં છે. **જેને ઉત્તમતા પર અધિકાર રાખવો હોય એણે સમજી જ રાખવાનું કે સહન આપણે જ કરવું પડશે, છતાં સામું આપણાથી ઢેડ-ભંગીની જેમ અધમ આચરણ નહિ કરાય. અધમ વિચાર સરખો નહિ કરાય. ઉત્તમ જીવન પર અધિકાર રાખવો છે માટે જ એકલી સહવાની વાત.**

**પર્વતની ગુફામાં :-** અંજનાસુંદરીના કરુણ વિલાપથી એની સખી વસંતતિલકાનું હૈયું વધારે દ્રવી ઉઠ્યું. જંગલ વચ્ચે જંગલી પશુના જોખમ, એમાં અંજના આમ રડતી બેસી રહે એ ઠીક નહિ, એટલે સખીએ એને સમજાવી-સમજાવીને આગળ લીધી. શું સમજાવ્યું હશે ? અંજનાની ઉત્તમતા જેવું જ ને ? કેમ ? ઉત્તમની સખી છે, તેમજ ઉત્તમની આગળ બોલ કાઢવા છે; માટે સમજ પણ ઉત્તમ અપાય. એમ સમજાવીને લઈ ગઈ એક પર્વતની ગુફામાં. બંને ભૂખ્યા છે, તરસ્યા છે, પણ ત્યાં કોઈ તૈયાર રસોઈ-પાણી ? કોઈ ખાવાની ચીજ તૈયાર ? ભગવાન-ભગવાન કરો. ત્યાં તો પાષાણની શિલાઓ છે. છતાં ત્યાં એક એવી ચીજ મળી કે એમના દિલને નવી સ્ફૂર્તિ આવી.

**મહાત્માનો યોગ :-** વાત એમ બની કે આ બંને પહોંચ્યા તે પૂર્વે ભાગ્યયોગે ત્યાં એક ચારણમુનિ અર્થાત્ આકાશગામી વિદ્યાને ધરનાર સાધુ, અમિતગતિ નામે, આવીને ગુફાની અંદર ધ્યાનમાં રહેલા હતા. એમને અંજના અને વસંતતિલકાએ જોયા. જોઈને આનંદ થયો, વિનયપૂર્વક એમને પ્રણામ કર્યા, અને એમની આગળ ભૂમિ ઉપર બંને બેઠી. મહર્ષિએ પણ ધ્યાન પાર્યું અને જમણો હાથ ઊંચો કરી ધર્મલાભનો આશીર્વાદ આપ્યો ! કેવો આશીર્વાદ ? મનોવાંછિત રૂપી મહાન બગીચાને માટે નીક સમાન. એ એને નવપલ્લવિત કરી દે, તેમ ધર્મલાભની આશિષે બંનેને



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

નવપલ્લવિત કર્યા. નવી સ્ફૂર્તિ આવી. મહાત્માનાં દર્શન અને મુલાયમ ધર્મલાભની આશિષ, ચીજ જ એવી છે કે, એ ચીજ આમ ખાનપાન-માલ-મિલકત કશું નથી આપતી, છતાં અપૂર્વ આહ્લાદ આપે છે; અદ્ભુત ધર્મપ્રેરણા આપે છે, જે નીકની જેમ મનોવાંછિતરૂપી બગીચાને સિદ્ધ કરી આપે છે. મહાત્માના દર્શન-સમાગમની બલિહારી છે ! એનો અનુભવ કરનાર સમજી શકે છે કે એથી મન કેટલું બધું ફોરું બની જાય છે, ઉલ્લસિત બની જાય છે, પાપબુદ્ધિ કેટલી બધી મંદ પડી જાય છે, અંતરમાં કેવું નવું ચૈતન્ય સ્ફૂરી ઊઠે છે ! વસંતતિલકાને સખીના દુઃખનું ભારે દુઃખ હતું. એમાં મહાત્માનો પુણ્યયોગ થવાથી મન ઉલ્લસિત થયું ! એમને ફરીથી ભક્તિપૂર્વક નમસ્કાર કરી મૂળથી માંડીને આજ સુધી અંજનાના માથે વરસેલ દુઃખની બધી વિગત કહે છે. મહાત્મા આગળ એટલું કહેવા માત્રથી જાણે બંને જણ કેટલા ય દુઃખના ભારથી હળવા થાય છે. વસંતતિલકા એમને પૂછે છે,

'પ્રભુ ! આ અંજનાસુંદરીના ગર્ભમાં કોણ અવતરેલ છે ? અને આને આવી દશા કયા કર્મથી પ્રાપ્ત થઈ ?'

## • અંજનાના પુત્ર હનુમાનના પૂર્વભવ •

મુનિ કહે છે, "ભદ્રે ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મંદર નામનું નગર છે. ત્યાં પ્રિયનન્દી નામનો એક વણિક રહેતો હતો. તેને જયા નામની પત્નીથી દમયંત નામનો એક પુત્ર થયો. પુત્ર પુણ્યશાલી, તે ઇન્દ્રિયો પર કાબુવાળો અને ચન્દ્રની જેમ કળાનો ભંડાર હતો. **ઇન્દ્રિય-નિગ્રહમાં પૂર્વ જન્મના સંસ્કાર કારણભૂત હશે, પરંતુ વર્તમાન જીવનનો સત્પુરુષાર્થ પણ એક મહાન કારણ બને છે,** અને કેવા પુરુષાર્થ તરીકે જુઓ કે એક વાર ઉદ્યાનમાં એ ક્રીડા કરતો હશે ત્યાં સાધુ મહારાજોને શાસ્ત્ર-સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન બનેલા જોઈ એણે તેમને પ્રણામ કર્યા અને પછી એણે શુદ્ધબુદ્ધિએ તેમની પાસે ધર્મનો ઉપદેશ સાંભળ્યો. બગીચામાં ફરવા તો ઘણા ય જાય છે, પરંતુ ત્યાં સાધુ મળે તો વંદના કરી તત્ત્વોપદેશ સાંભળનારા કેટલા ? **ઉત્તમ જીવોની આ એક વિશેષતા હોય છે કે સાંસારિક પ્રવૃત્તિમાં પડેલા હોય છતાં ત્યાં ધર્મ પુરુષાર્થની તક મળ્યે ઝડપી લેનારા હોય છે; સંસાર-સમયમાંથી સંયોગ મળતાં, ધર્મસમયનું પરાવર્તન કરનારા બને છે.** દમયંતે સત્સંગથી પોતાના જીવનમાં સમ્યક્ત્વ સહિત વિવિધ વ્રતો સ્વીકાર્યાં. પછી સાધુ ભગવંતોને યથાયોગ્ય નિર્દોષ દાન આપવાનો લાભ લીધો. ત્યાર પછી તે તપ અને સંયમમાં લીન બનીને આયુષ્ય પૂર્ણ થયે કાળ કરીને બીજા દેવલોકમાં મહાઋદ્ધિમાન દેવ થયો ! **ધર્મનાં ફળ મીઠાં, જગતમાં ઊંચા સુખ ધર્મના પ્રતાપે જ મળે છે; જીવન ધર્મથી જ સફળ બને છે;** દમયંત ધર્મપ્રભાવે દેવ થઈ, પછી જંબૂદ્વીપના મૃગાંક નગરમાં હરિચન્દ્ર રાજા અને પ્રિયંગુલક્ષ્મી રાણીનો **સિંહચન્દ્ર** નામનો પુત્ર થયો. જૈન ધર્મ સ્વીકારી ક્રમે કાળ કરીને દેવ થયો. ત્યાંથી ચ્યવીને આ અહીં જ વૈતાઢ્ય પર્વત પર વારુણ નામના નગરે રાજા સુકંઠ અને તેની રાણી કનકોદરીનો પુત્ર **સિંહવાદન** થયો. રાજ્ય ભોગવીને શ્રી વિમળનાથ પ્રભુના શાસનમાં લક્ષ્મીધર નામના મુનિની પાસે ચારિત્ર લીધું; અને જીવનના સારભૂત દુષ્કર તપ સાધી છઠ્ઠા લાન્તક દેવલોકે દેવ થયો. તે ત્યાંથી ચ્યવીને આ તારી સખીની કુક્ષીમાં અવતર્યો છે. આ ગુણોનો આવાસ બનશે, પરાક્રમી અને વિદ્યાધરોનો રાજા થશે અને ચરમશરીરી છે." મુનિએ ગર્ભમાં કોણ અવતર્યું છે એનો ઉલ્લેખ કર્યો આનું નામ આગળ પર **હનુમાન** રખાશે. એટલે હનુમાનના આ પૂર્વભવ થયા, એ સંયમ અને તપથી ઉચ્ચ સ્થિતિ પામ્યા. હવે મુનિશ્રી અંજનાના પૂર્વભવ બતાવતાં કહે છે,



## • અંજનાના પૂર્વભવ •

"વળી કનકપુર નગરમાં પરાક્રમીમાં શિરોમણિ એવો કનકરથ નામનો રાજા છે. એને કનકોદરી અને લક્ષ્મીવતી નામની બે રાણીઓ છે. એમાં લક્ષ્મીવતી હંમેશાં અતિશય શ્રાવકધર્મનું પાલન કરે છે. ઘરમંદિરમાં રત્નમય જિનબિંબ બનાવીને પ્રતિષ્ઠિત કર્યા છે. રોજ ઉભયકાળ પ્રભુની ઉત્તમ પૂજા-વન્દના-સ્તવના કરે છે. કનકોદરીને બિચારીને આવું કંઈ સુકૃત સાધવાનું તો દૂર રહ્યું પરંતુ લક્ષ્મીવતીની આ પ્રવૃત્તિ પર ખૂબ જ ઈર્ષ્યા આવે છે. અહીં તો માત્ર શુદ્ધ પ્રભુભક્તિ નિમિત્તે જ ગીત-ગાન અને શોભા-સજાવટ થાય છે, પરંતુ કનકોદરીને બિચારીને કમભાગ્યે ઊલટું પડે છે; તે એનાથી અધિકાધિક ઈર્ષ્યામાં બળે છે. એ બળાપો એટલો બધો વધી ગયો કે એક દિવસ એણે ઈર્ષ્યાની મારી, ભગવાનની પ્રતિમા જ ચોરી ઉઠાવીને એક ગંદા ઉકરડાના અંદર ખોસી. એટલું સારું થયું કે ત્યાં જયશ્રી નામે એક સાધ્વીજી વિચરતા આવી રહ્યા હતા. એમણે આ જોયું, તરત જ પેલીને કહે છે, 'અરે ! ભલી બાઈ ! તેં આ શું કર્યું ? **આ તો તેં ભગવાન જિનેશ્વરદેવની પ્રતિમાને ઉકરડામાં સ્થાપતાં તારા આત્માને અનેક ભવોના દુઃખનું પાત્ર બનાવ્યો !** આવા ઉત્તમ ભવમાં દુષ્કૃત્ય ?' કરુણામૂર્તિ સાધ્વીજીના આ શબ્દો એના દિલમાં સોંસરા ઊતરી ગયા. સચોટ અસર થવાથી કનકોદરીને ભારે પશ્ચાત્તાપ થયો કે 'અરે ! મેં આ કેવું દુષ્કૃત્ય કર્યું !' પછી તો તરત જ પ્રતિમાજીને ત્યાંથી લઈ લીધા, અને સાફસુફ કરીને ક્ષમા માગવાપૂર્વક તેમને યથાસ્થાને પધરાવી દીધા. ત્યારપછી તો એ દુષ્કૃતના ખેદે એને જોરદાર ધર્મ તરફ વાળી. એણે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

સમ્યક્ત્વ ધારણ કર્યું અને જૈનધર્મની ભવ્ય આરાધના કરીને સૌધર્મ નામના પહેલા દેવલોકે દેવી થઈ; અને ત્યાંથી ચ્યવીને અહીં આ મહેન્દ્ર રાજાની પુત્રી અંજનાસુંદરી બની, તારી સખી થઈ. આ જે અહીં દુઃખ પડ્યું તે અર્હત્ પરમાત્માને ઉકરડામાં મૂકવાના પેલા દુષ્કૃતનું ફળ છે. તું પણ તે કનકોદરીની બેન અને તેના અશુભ કૃત્યમાં સંમત બનેલી તેનો વિપાક આની સાથે તું ભોગવી રહી છે. હવે તે દુષ્કર્મનું ફળ લગભગ ભોગવાઈ ગયું છે, તો આ જૈનધર્મનો સ્વીકાર કરો, કેમકે એ ભવે ભવે શુભ ફળ આપનારો છે.''

ચારણમુનિએ જ્ઞાનબળે પૂર્વભવ કહ્યા. એમાં હનુમાનજીના પૂર્વભવમાં સંયમ અને તપ તરી આવે છે. એનાં ફળ ભલે પ્રત્યક્ષ ન દેખાય, પ્રત્યક્ષમાં તો કષ્ટ સહન કરવાનું ભલે દેખાય, પરંતુ તીર્થંકરદેવ જેવા લોકોત્તમ પુરુષોએ એની સાધના કરી છે. તેમજ જીવન કર્તવ્ય એ જ બતાવ્યું છે, તો એને જ વધાવી લેવું જોઈએ. તપોમય અને સંયમમય જીવન ઉપર અધિકાર સ્થાપવો જોઈએ. એમ નહિ કે 'અમે કેમ આ ખાઈએ-પીએ નહિ ? અમને પુણ્યથી અથવા અમારી મહેનતથી મળ્યું છે તે અમે શું ભોગવીએ નહિ ?' આ દલીલ વ્યાજબી નથી. **મહેનતથી મળો કે ભાગ્યથી, પણ મળેલાને રાખવા કે ભોગવવામાં શું પરિણામ આવે એ વિચારવા જેવું છે.** અનંત જ્ઞાનીઓ ભોગના ફળ ભૂંડા કહે છે. એ હિસાબે જ એ ત્યાજ્ય ઠરે છે. વ્યવહારમાં પણ જેવો ત્યાગી વખણાય છે, એવો ભોગી નહિ. દુનિયામાં ભોગની અને પરિગ્રહની પાછળ જ અનેક જાતના વૈર-વિરોધ, જૂઠ-અનીતિ, દીનતા-ઈર્ષ્યા વગેરે દુર્ગુણો ઊભા થાય છે. ખોટા જીવન-અધિકાર કલ્પ્યા પછી દુર્ગુણ ઊભા ન થાય તો બીજું થાય પણ શું ? હનુમાનજીના જીવે પૂર્વભવમાં એક વાર સમકિત, દાન અને તપ-સંયમના જીવન પર અધિકાર સ્થાપ્યા, તો પછી કામ ચાલ્યું આગળ ! પછી તો કેઈ દોષ-દુર્ગુણોમાંથી બહાર નીકળી ઉચ્ચ ઉચ્ચતર ગુણમય ભવ પામ્યા, જેમાં થોડા જ ભવમાં હનુમાનજી થઈ મુક્તિના જીવન પર અધિકાર લે છે.

**ધર્મ સિદ્ધ ક્યારે થાય :-**

અંજનાસુંદરીના પૂર્વ ભવોમાં મુખ્ય વાત ઈર્ષ્યાની આવી. ઈર્ષ્યાએ એને એટલી સતાવી કે એને ઠેઠ અરિહંત પ્રભુના બિંબને ચોરીને ઉકરડામાં મૂકવા સુધી પહોંચાડી ! વિચારવા જેવું છે કે જેને સામાન્ય દોષ સમજવામાં આવે છે, એ ફાલીફૂલીને કેવા અનર્થમાં જીવને ઉતારે છે ! માર્ગાનુસારીના ગુણોમાં જુઓ, કે યોગની પૂર્વસેવામાં જુઓ, યા ધર્મના સ્વરૂપમાં જુઓ તો જણાશે કે આવા ઈર્ષ્યાદિ દોષો ટાળવાનું પાયામાં જરૂરી માન્યું છે. **ધર્મ તે જ આત્માને સિદ્ધ થઈ શકે છે**



**જેના આંતરપરિણામ શુદ્ધ થતા આવે. ચાહ્ય દાનનો ધર્મ હો, શીલનો હો, કે તપનો; જિનભક્તિનો ધર્મ હો, શ્રાવકના વ્રતનો હો કે સાધુના વ્રતનો, ધર્મ સિદ્ધ તો જ થશે કે આત્માના શુદ્ધ પરિણામ ઉપર એ આચરાશે, અથવા એ આચરતાં પરિણામ નિર્મળ બનતા આવશે; અને પરિણામની નિર્મળતા ઈર્ષ્યાદિ દુર્ગુણોને દેશવટો આપ્યા વિના બની શકશે નહિ.** માણસની એ માત્ર ભ્રમણા છે કે એ દુર્ગુણો એટલા જ વિકસ્વર રહે અને છતાં માની લે કે હું ધર્મ કરું છું. ખૂબી તો એ છે કે અંજનાનો જીવ પૂર્વે કનકોદરી રાણી જૈન ધર્મ સમજતી નહોતી અને ઈર્ષ્યામાં સપડાઈ હતી, ત્યારે આજ તો રૂડા દેવ-ગુરુ-ધર્મનો યોગ મળ્યા પછી પણ ઈર્ષ્યા, ગુમાન, સ્વાર્થાંધતા, ક્રૂરતા વગેરે દુર્ગુણો નથી છોડાતા ! એ કેવું ? વિચારવું તો એ જોઈએ છે કે **જગતમાં અરિહંત જેવા શ્રેષ્ઠ દેવને** અવલંબીને તો ભવ પાર કરી જવાનું લક્ષ જોઈએ; કર્મોની વિટંબણા અને પરાધીનતાનો અંત સાધી લેવા મથવું જોઈએ. **રોટલીના બે ટૂકડા કે કપડાના બે ડૂચા ઓછા મળ્યા-ભોગવ્યા એમાં શી મોટી ખોટ આવી જાય છે, જે મહાન ખોટ ગુમાન, કલહ અને ઈર્ષ્યાદિ દુર્ગુણો રાખવામાં આવે છે ?** એ દુર્ગુણો તો ધર્મને પ્રવેશ જ નથી કરવા દેતા. ત્યારે દુર્ગુણ નીકળી ગયા પછી ધર્મને પ્રવેશવા વાર નથી લાગતી. કનકોદરીએ અજુગતું કાર્ય કર્યું ખરું પણ સાધ્વીજીએ જ્યાં સમજાવ્યું કે જિનેન્દ્રદેવની આશાતનાથી ઘોર નરકની ભઠ્ઠીમાં સેકાઈ મરીશ તેની તને ખબર છે ? જો કે તને થોડો મનઃતોષ થયો પણ પછી અસંખ્ય કાળ નરકની પીડા શે ભોગવાશે ?' અને એ સાધ્વીજીની સમજણથી પાછી ફરી તો ઝટ એમની પાસેથી ધર્મ પામી. પામી તે એવો કે એના પરિણામે મહાસતી મહાગુણીયલ અંજનાસુંદરી બની !

**જાગ્રતિ કોનું નામ ? :-**

છતાં ઈર્ષ્યા અને આશાતનાનું પાપ એવું કે એમાં બાંધેલા કર્મ ધર્મથી ધોવાવા છતાં કંઈક બાકી રહી ગયા તે અહીં નડી રહ્યા છે. પરંતુ મહર્ષિ એને કહે છે, 'હવે ચિંતા ન કરીશ, કર્મ પૂરાં થવા આવ્યાં છે.' વસંતતિલકાને આની સાથે વિટંબણા ભોગવવી પડી તેનું કારણ પૂર્વે પાપકાર્યમાં કરેલી અનુમોદના કહ્યું. આશાતના, નિંદા, અવગણના કોઈ કરે અને દૂર બેઠાં પણ એની અનુમોદના બીજો કરે, તો **એ પાપની અનુમોદના કરનારને કર્મ જાણે કહે છે, 'આવજો, કંકોતરી વગર આવજો, સાથે ટીપીશ.'** જીવનના એકેક દિવસમાં માણસ કેટલી વાર બીજાનાં પાપની અનુમોદના કરતો હશે ? કોઈ હિસાબ ? ન લેવા, ન દેવા, બંગલા-બગીચા કોઈના, ને પોતે અનુમોદના કરે 'કેવા સારા બંગલા-બગીચા મળ્યા છે !' પોતાને પાઈ સરખી ન મળવાની હોય છતાં અનુમોદના કરે છે, 'શેઠની કેવી



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

સારી મીલો ચાલે છે !' અથવા ત્યાં ય અનુમોદના કરશે, આણે આને ઠીક સુણાવી દીધું, ઠીક પડ્યો બતાવી દીધો !' **બસ જાગ્રતિ આનું નામ છે કે વિચાર કરતાં પહેલાં વિચારે કે આ કોઈ પાપની અનુમોદનાનો વિચાર તો નથી ને ? એવા પૂર્વ વિચારનો અભ્યાસ પડતાં પડતાં, પછી તો, પાપ દેખે ત્યાં ભડકે, 'રખેને એની અનુમોદનામાં ન સપડાઉં !'** વસંતતિલકા અનુમોદનાથી દુઃખ પામી. એમ મુનિએ કહ્યું. પછી મુનિ કહે છે, 'અહીં અકસ્માત્ અંજનાનો મામો આવશે અને એ તમને પોતાના સ્થાને લઈ જશે. તે પછી થોડા જ વખતમાં આનો પતિની સાથે મેળાપ થશે. માટે એ સંબંધમાં ચિન્તા કરવી નકામી છે ! ચિંતા તો, જે અજ્ઞાનતાના યોગે જીવ રેશમના કોશેટાની જેમ કર્મબંધનથી પોતાને જ જકડે છે, અને દુઃખની ભઠ્ઠીમાં શેકાય છે, એ અજ્ઞાનતાની કરી, એને દૂર કરનારા જૈન ધર્મને વિષે આદર કરો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"          વર્ષ-૬,અંક-૩૮,તા.૧૪-૬-૧૯૫૮

## (૩૯) આધ્યાત્મિક પ્રવચન

**તરણતારણ જૈન ધર્મ :-**

'જિનેશ્વરદેવે ભાખેલો ધર્મ તરણતારણ છે ! પ્રકાશદાતા છે ! પાપથી બચાવનાર છે ! અનંતાકાળે પણ એ પ્રાપ્ત થવો દુર્લભ છે અને પ્રાપ્ત થયા પછી તો એ અનંત સંસારનો પણ ઉચ્છેદ કરી શકે છે ! ત્યારે સંસાર મિટ્યા પછી તો કોઈ પણ દુઃખ, વિટંબણા, અવગણના કે પરાધીનતાનું નામ પણ શાનું ઊભું રહે ?' મુનિએ ઉપદેશ કરીને બંને જણને જૈન ધર્મમાં સ્થાપિત કર્યાં, અને પછી એ વિદ્યાધર ચક્રવર્તીની જેમ ગગનમાર્ગે ઊડીને ચાલ્યા ગયા.

**પૂર્વની સાધનાનું ફળ :-**

ચરિત્રકાર આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ અંજનાસુંદરીને અહીં જૈન ધર્મમાં સ્થાપિત થવાનું લખે છે, એ સૂચવે છે કે આ જીવનમાં આ પૂર્વે એ જૈન ધર્મ નહિ પામી હોય. એટલે જ પૂર્વના દુઃખના પ્રસંગોમાં નવકાર સ્મરણ વગેરે કર્યાનું જોવા નથી મળતું. છતાં **જે અદ્‌ભુત ગુણવિકાસ જોવા મળે છે એ પૂર્વ જીવનમાં કરેલી જૈનધર્મની શુદ્ધ સાધનાનું ફળ છે.** ત્યારે એ જુઓ કે અહીં કરેલી જૈન ધર્મની શુદ્ધ સાધના ભવાંતરે કેવી સહાયક બને છે ! કદાચ કોઈ ભૂલભાલના યોગે અગર પૂર્વના પાપના ઉદયે ભવાંતરે વિષમ સ્થિતિ ઊભી થાય તો પણ અહીંની સાધના એવો ગુણનો વારસો સાથે મોકલે છે કે જેથી આત્માને નવાં



કર્મબંધનમાંથી બચાવ મળે છે.

**ગુફા તરફ સિંહનું આગમન :-**

હવે અહીં તો ગુફામાં અંજનાસુંદરી અને એની સખી બે જણ જ રહ્યા છે, ત્યાં એમણે સામેથી એક જુવાનજોધ સિંહ રાડો પાડતો આવતો જોયો ! ચળકતી આંખો, વજ્રસમી દાઢો, કરવત જેવા ક્રૂર દાંત, જ્વાળા સમી કેસરા, લોખંડી અંકુશ જેવા નખ, શિલા જેવી છાતી, આ બધાથી ભયંકર દેખાતો સિંહ સામે આવે એટલે ? એમાં વળી હાથીને મારીને આવેલો, તે લોહી ખરડ્યો હતો, અને પાછો પૂંછડાને જોસથી ધરતી પર અફાળતો અને ગર્જનાથી દિશાઓને ગજાવી મૂકતો હતો ! આવા સિંહને આવતો જોતાં જ ભયથી આ બંનેના ગાત્ર કંપવા જ લાગે ને ? મનને થયું, 'જાણે ધરતીમાં પેસી જઈએ.' પણ એમ ધરતી ય ક્યાં દયાળુ બનીને જગા કરી આપે એવી હતી ? એટલે બિચારી બંને જણી હરણીની જેમ ક્યાંય દોડી જવાને તત્પર બની.

અહીં વિચારો કે મોટી ફલાંગો મારી કૂદી આવે એવા સિંહની સામે દોડી દોડીને ક્યાં જાય, અને કેમ બચે ? અત્યાર સુધી જાણે આપત્તિઓ ઓછી હતી તેમાં આ પૂર્તિ થઈ ! જીવન કેવું વિચિત્ર છે ? સંપત્તિઓનો પ્રવાહ ચાલ્યો તો એ જ; અને આપત્તિઓનો વરસાદ વરસવા લાગ્યો તો એ જ ! ત્યારે ક્યાંક સંપત્તિ-આપત્તિના વારા ! આવી વિચિત્રતા વિશ્વવ્યાપી છે, એટલે આપણા પર લદાયેલી હોય એમાં નવાઈ નથી. ફક્ત એના પ્રત્યે ઉદાસીન બની ઉપેક્ષા-ભાવવાળા બની સત્કર્તવ્યનિષ્ઠ બનવાની જરૂર છે. એથી જ ભવિષ્ય ઉજ્જવળ બનશે.

**પુણ્યના ઉદય કસાઈના ધન જેવા કલંકિત ! :-**

અંજનાની સામે સિંહ આવી રહ્યો છે. કોણ બચાવે જો પોતાના પુણ્ય પગભર ન હોય તો ? મહેલાતો તો ગઈ, પણ એકાંત શૂન્ય ગુફામાં ય શાન્તિ નથી, ઘોર ભય ઊભો થયો. પરંતુ પુણ્ય સલામત છે, એટલે ત્યાં જ ગુફાનો અધિપતિ એક ગંધર્વ મણિચૂલ નામે હતો તે પ્રગટ થયો; સિંહના માથે અષ્ટાપદ શત્રુ હોય છે, એ અષ્ટાપદ નામના પ્રાણીનું રૂપ કર્યું; અને સિંહને મારી નાખ્યો. કેવી ખૂબી છે ! સિંહ મરે તો અંજના બચે. **અંજનાને બચવાનું પુણ્ય ખરું, પરંતુ તે, સિંહને વિનાશના ઘોર પાપ ઉદયમાં આવે ત્યારે ઉદયમાં આવનારું ! સંસારમાં આવા કેઈક પુણ્યના ઉદય બીજાના ઘોર પાપના ઉદયથી કલંકિત છે. કસાઈના ધનને કેવું માનો ? એ ય પુણ્ય વિના મળે ? ના, પુણ્ય હોય તો મળે, છતાં એ ખરાબ લાગે છે, તો એની માફક પાપોદયથી કલંકિત પુણ્યના ઉદય નીપજતાં સંસાર-સુખોમાં શું રાચવું'તું ?**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ગંધર્વદેવે અંજનાસુંદરીનો બચાવ કર્યા પછી અષ્ટાપદ પ્રાણીનું રૂપ સંહરી લઈ પોતાનું રૂપ પ્રગટ કર્યું, અને એ મહાસતી પ્રત્યે એવો આકર્ષાઈ ગયો કે એની આગળ એ પોતાની પ્રિયા સાથે અરિહંત પ્રભુના ગુણગીત ગાવા લાગ્યો ! અંજના જૈન ધર્મમાં તાજી સ્થાપિત થઈ છે, એમાં ઘોર ઉપદ્રવ ટળીને અર્હત્ પ્રભુના ગુણગાન સાંભળવા મળ્યા ! પછી આહ્લાદનું પૂછવું જ શું ? દેવ પણ માત્ર ગુણગીત ગાઈને પતાવી દેતો નથી, પરંતુ હવેથી અંજનાનું સાંનિધ્ય પણ મૂકતો નથી, એટલે બંને જણ સુસ્થિત બને છે. કહેવત છે કે ભાગ્યશાળીને ભૂત રળે ? સાસુ અને માતાપિતાએ કાઢી મૂકેલીની અહીં દેવ સંભાળ કરે છે !

**અરિહંતનું આશ્વાસન :-**

હવે અંજનાસુંદરી કંઈક સ્વસ્થ બની છે. એ વખતે વીસમા શ્રી મુનિસુવ્રત ભગવાનનું ધર્મશાસન ચાલે છે, એટલે એણે એ પ્રભુજીની મૂર્તિ સ્થાપીને પૂજાભક્તિ કરવા માંડી. અરિહંત પ્રભુ તો અનંત સુખના દાતા છે, ત્યાં દુઃખના અવસરે મહાઆશ્વાસન આપે એમાં શી નવાઈ ? માત્ર આશ્વાસન લેતાં આવડવું જોઈએ, લેવાની તૈયારી જોઈએ. બાકી બીજે ફાંફા ગમે તેટલા મારો, સાચું આશ્વાસન નહિ મળે. જીવનમાં કમમાં કમ એક વાત નક્કી કરો કે કોઈ પણ દુઃખ આવે ત્યારે પહેલું આશ્વાસન અરિહંત પ્રભુ પાસેથી લેવું. એમ તો બોલો છો કે

**'સુતાં, બેસતાં, ઊઠતાં, જો સમરે અરિહંત,**
**દુઃખિયાનાં દુઃખ ભાંગશે, સુખ હોંશે આનંદ;**
**આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ.'**

પરંતુ બોલ્યા પછી અવસર આવ્યે એનો ઉપયોગ ક્યારે કરો છો ? ઉપયોગ આ કરવાનો છે કે દિલ અંદરથી પોકારે કે "અરિહંત પ્રભુના પ્રભાવે મારું દુઃખ રહેવાનું નથી. **'अरिहंत नमुक्कारो सव्वपावप्पणासणो'**-અરિહંતને નમસ્કાર એ સર્વ પાપોનો નાશ કરનાર છે. દુઃખ આવ્યું ? ભલે, અરિહંત મળ્યા છે તો શી ફિકર છે ? હું તો અરિહંતની જ ધૂન માંડું, ગુણ-ગાન કરું, ધ્યાન કરું, એ આત્માનું અપૂર્વ ઉત્થાન કરી આપશે." આવી આવી હૂંફ હૈયે અનુભવાતી હોય. દમયંતીએ જંગલમાં અરિહંત પ્રભુનું આશ્વાસન લઈ ભક્તિ-પૂજા જમાવી હતી. અહીં અંજનાસુંદરીએ પણ મુનિસુવ્રત પ્રભુની પ્રતિમા સ્થાપી, પૂજા-ભક્તિ ધ્યાન જમાવ્યું.

**પુત્રજન્મ અને અંજનાનો કલ્પાંત :-**

આમ ક્યાં સુધી ચાલ્યું ? ગર્ભનાં ચિહ્ન પ્રગટ થયે ઘરેથી તરછોડાઈ છે. તે અહીં રહેતા ગર્ભનો કાળ નવ માસનો પૂર્ણ થયો ત્યાં સુધી ચાલ્યું. હવે



અંજનાસુંદરીને ગુફામાં પ્રસુતિ થઈ. સિંહણ જેમ સિંહને જન્મ આપે એમ એણે ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. સૂતિકર્મ વસંતતિલકાએ કર્યું. વિધિના ખેલ છે. રાજશાહી સેવાને યોગ્ય અંજનાને આજે એક ગરીબના ઘર જેટલી ય સગવડતા નથી ! પુત્રના પગ ઉપર વજ્ર, અંકુશ, ચક્ર વગેરેના સુંદર ચિહ્નો છે ! મુખ પર ભવ્ય રૂપ, કાન્તિ, ને લાવણ્ય ઝળહળે છે ! જાણે દેવકુમાર જોઈ લ્યો ! ભવ્ય લલાટ, વિકસ્વર નેત્ર, સુંદર ગુલાબી મુખાકૃતિ, કમળના નાળ જેવા કોમળ હાથ-પગ ! અંજનાસુંદરી આવા એક પુણ્યાત્માનો પોતાના પુત્ર તરીકે આવા વન-વગડામાં જન્મ જોઈને ખિન્ન થઈ જાય છે ! હૈયું એટલું બધું ભરાઈ આવે છે, કે રોઈ ઊઠે છે ! મોટા સ્વરે રડી પડવાને લીધે જાણે જંગલને પણ રોવરાવી રહી છે ! આંખમાં આંસુ સાથે કલ્પાંત કરે છે.

**'હે મહાત્મા પુત્ર ! તારા તો ભારે દબદબાભર્યા જન્મોત્સવ ઉજવવા જોઈએ, પરંતુ આ જંગલમાં જન્મેલા તારા હું પુણ્યહીન રાંકડી શું જન્મોત્સવ કરું ? હું અભાગણી, તારા જેવો જીવ મારા ઘરે આવ્યો, ને કાંઈ કરી શકતી નથી !...'**

એને ચારણ મુનિ આ પુત્રની મહત્તા કહી ગયા છે, ચરમશરીરી ને આ ભવમાં જ મુક્તિગામી છે, એવી ઉત્તમતા જાણવા ઉપર પાછી અહીં એની ભવ્ય આકૃતિ અને કાન્તિ જુએ છે, અને બીજી બાજુ મહેલાતમાં અને આખા નગરમાં જેના જન્મના વધામણાં અને ઉત્સવ ચાલવા યોગ્ય હોય એવા એની જંગલમાં કપરી સ્થિતિમાં જન્મદશા જુએ છે, એટલે એના દિલમાં આવા સુયોગ્ય આત્માના યોગ્ય સ્વાગત-સત્કાર નહિ કરી શકવા બદલ દુઃખ એટલું બધું ઉભરાય છે કે રડવું અટકતું નથી. જોવાનું એ છે કે અહીં ખેદ એ મોહ કરતાં ગુણજ્ઞતા સાથે વધુ સંબંધ ધરાવે છે. પુત્રને મહાત્મા તરીકે પિછાણે છે, મહાત્માના યોગ સ્વાગત ન કરી શકવા બદલ ખિન્નતા અનુભવે છે ! **આત્મા ઉન્નતિ પામ્યો છે કે અધોગતિમાં રખડે છે, એનું માપ આ પરથી નીકળે છે, કે હૈયું ક્યાં ઢળે છે ? ગુણગાન આત્માઓના, મહાન આત્માઓના યોગ્ય સ્વાગત ન થાય, મૂલ્યાંકન ન થાય, પોતે એમની ઉચિત સેવાશુશ્રૂષા ન કરી શકાતી હોય, એના માટે હૈયું ખેદમાં ઢળતું હોય, નિસાસો અનુભવતું હોય; ઉચિત સેવા-સત્કાર કરવા માટે હૈયું તલસતું હોય ! કેમકે આ સંસારમાં મહાત્મા પુરુષોના પહેલાં તો સમાગમ થવા જ મહાદુર્લભ છે ! વળી પોતાને ગુણની મહત્તા સાચી સમજાઈ હોય તો જ જ્યાં ગુણ દેખાય ત્યાં હૈયું ઢળે. આવા જીવન પર સાચો અધિકાર લાધ્યો કહેવાય.**

**મામાનું આગમન :-** અંજનાનો કલ્પાંત કોણ જાણે કેટલો ચાલત ? પરંતુ ત્યાં એટલામાં પ્રતિસૂર્ય નામનો એક વિદ્યાધર આવી ચઢ્યો ! આને રડતી જોઈ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

મધુર શબ્દોમાં પૂછે છે, 'બહેન ! શા સારું આટલું દુઃખ ધરો છો ? દુઃખ કરવાનું શું કારણ છે ?'

આવા સ્થાને ને આવા પ્રસંગે આશ્વાસન દેનાર મળે છે એના ઉપર બંનેને ભારે હૂંફ મળે છે ! ઉત્સાહ આવે છે ! હર્ષના આંસુ વહે છે ! વસંતતિલકા આંખમાં આંસુ સાથે અંજનાસુંદરીના વિવાહથી માંડીને અહીં પુત્રજન્મ થયો ત્યાં સુધીની બધી હકીકત કહી સંભળાવે છે. હકીકત આપણે જાણીએ છીએ કે એ કેવા કરુણ પ્રસંગોથી ભરેલી છે ! એને અનુભવતાં તો શું, પણ સાંભળતાં ય દિલ કમકમી ઊઠે એવી એ છે ! એટલે વિદ્યાધરનું પણ હૈયું હચમચી ઊઠવાથી એની આંખમાં ય પાણી આવી ગયાં ! એના મનને થયું કે 'અહાહાહા ! આટલી બધી વિટંબણા ! અને તે પણ મારી ભાણેજની !' એ રોતો રોતો કહે છે,

'હું હનુપુર નગરનો વિદ્યાધર રાજા છું. મારા પિતા ચિત્રભાનુ, અને મારી માતા સુન્દરીમાલા. હે બાળા ! તારી માતા માનસવેગાનો હું ભાઈ થાઉં ! એટલે તું તો મારી ભાણેજ થાય ! ખરેખર, તને જીવતી જોવા હું ભાગ્યશાળી બન્યો છું, તો હવે તું સ્વસ્થ થા, નિર્ભય થા.'

હજી અંજનાના આંસુ સુકાયા નહોતાં, એમાં આ ખેચર પોતાનો મામો છે એ જાણી એની અચાનક પ્રાપ્તિ થતાં વધારે રડવું આવી ગયું. ઘોર જંગલમાં અને એકાંત ગુફાના ભાગમાં આવું બનવાની કલ્પના જ શી ? સ્નેહી મળે તે પણ મામા જ જેવો નિકટનો સ્નેહાળ સગો, એ અસંભવ જેવું. માણસ સમજે તો એને લાગે કે અહીં ભગવાન શ્રી જિનેશ્વરદેવ, અને એમનો ધર્મ મળ્યો, એ પણ કેવું અસંભવ જેવું ! વર્તમાન પાપભરી દુનિયામાં આ મળવાની કલ્પના જ શી ? માટે જ શાસ્ત્ર કહે છે કે **જીવને પ્રથમ સમ્યક્ત્વ પ્રગટે છે ત્યારે અનંત સંસારકાળમાં ક્યારે ય નહિ થયેલો એવો અપૂર્વ આનંદ થાય છે ! અપૂર્વ ચમત્કાર લાગે છે ! કેમકે લોકોત્તર દેવ-ગુરુ-ધર્મનો મહાદુર્લભ યોગ થાય છે. સંસાર તરફ જોતાં તો એ મળવાની કલ્પના જ શી ? ત્યારે અકલ્પ્ય પ્રાપ્તિ નથી ને જો થઈ ગઈ, તો તેનું મૂલ્યાંકન કેટલું જોઈએ ? કદર કેટલી જોઈએ ? એની પાછળ તન-મન-ધનનો કેટલો ભોગ આપીને ઉપાસના જોઈએ ?** હૃદયમાં અવિવેક અને નિર્વિચારતાની જડતા મીટે, ને વિવેક-વિચારનું ચૈતન્ય સ્ફૂરે, તો જ આ મૂલ્યાંકન, કદર અને ભોગપૂર્વકની ઉપાસના જાગવી શક્ય છે.

ગુફામાં મામાના સમાગમે, અંજનાનું હૈયું વધુ ભરાઈ આવ્યું; મહાત્મા પુત્રનો કોઈ જન્મોત્સવ ન ઉજવી શકવાના રૂદનમાં વધારો થયો. મામો પ્રતિસૂર્ય વિદ્યાધર એને સાંત્વન આપતાં કહે છે,



'ભાણી ! હવે રોવાની કોઈ જ જરૂર નથી. હવે દુઃખના દહાડા ગયા !' એમ કહીને એને રોતી અટકાવે છે. પછી વિદ્યાધર પોતાની સાથે આવેલા જ્યોતિષીને પૂછે છે.

જોષી કહે છે, 'રાજન્ ! શું પૂછો છો ? આ બાળક નક્કી મહાન રાજા થશે અને આજ ભવમાં મોક્ષ પામશે; કેમકે શુભ ગ્રહોના બળવાળા લગ્નમાં આ પુણ્યશાળીનો જન્મ થયો છે. એક તો આજે ચૈત્ર વદની અષ્ટમી જેવી સારી તિથિ છે. સુંદર શ્રવણ નક્ષત્ર છે, અને રવિનો વાર છે. લગ્નકુંડળી જોતાં સૂર્ય મેષનો ઉચ્ચ સ્થાને રહેલો છે, ચન્દ્ર મકરનો મધ્યમ સ્થાનમાં છે, મંગળ વૃષનો મધ્યમ છે, બુધ મીનનો મધ્ય સ્થાને છે, ગુરુ કર્કનો ઉચ્ચ સ્થાને છે, શુક્ર મીનનો ઉચ્ચનો છે, અને શનિ પણ મીનનો છે. મીન લગ્નના ઉદયમાં બ્રહ્મયોગે આનો જન્મ હોવાથી બધું જ શુભ બની આવ્યું છે.'

જાણો છો આ કોની વાત છે ? હનુમાનજીની. જીવનમાં એ મહાપરાક્રમી થનાર છે, સીતાના હરણ પછી રામચન્દ્રજી અને લક્ષ્મણજીની મુંઝવણમાં રાવણની અશોકવાટિકામાં પહોંચી સીતાજીને સાંત્વન આપનાર અને રાવણને સભા વચ્ચે ધૂતકારનાર એ થવાના છે... યાવત્ સૂર્યાસ્ત પછીની સંધ્યા અને અંધકાર જોઈ વૈરાગ્ય પામી ચારિત્ર લેનાર અને પૂર્વ કર્મ ખપાવી મોક્ષે તે જનાર છે ! આવા પરાક્રમી મહાપુરુષની જનેતા અંજનાસુંદરી છે.

**વિમાનમાં મામાના ઘર તરફ :-**

હવે પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાસુંદરીને એની સખી અને પુત્ર સાથે વિમાનમાં બેસાડી દઈ પોતાના નગર તરફ ઉપડે છે. વિમાન સડસડાટ આકાશમાર્ગે જઈ રહ્યું છે; એમાં ઊંચે એની છત ઉપર રત્નની ઘૂઘરીઓ લટકી રહી છે, તે લેવાની ઈચ્છાથી બાળક અંજનાના ખોળામાંથી ઉછળે છે ! ઘૂઘરીઓ પકડવાની બાજુએ રહી ગઈ, અને ખોળાનો ય સ્પર્શ છૂટી ગયો ! અંજના ધ્રૂજી ઊઠી, પણ કંઈ કરી શકે એ પહેલાં બાળક રહ્યું આકાશમાં, ને વિમાન વચમાંથી નીકળી ગયું ! પરિણામ ? એ પડ્યું નીચે એક પર્વત ઉપર ! અંજનાને કલ્પાંતનો પાર નથી! અહીં શું થાય ? **બચાવ હોય તો કોના હાથમાં ? કયા જીવન પર અધિકાર પહોંચે છે, એ ખૂબ વિચારવા જેવું છે. પ્રસંગો અનેક આવી ગયા; એમાં જોવા જેવું છે કે એ કોના હાથમાં હતા ?**

**ગુફામાં મુનિ મળ્યા, શું એ અંજનાની બહાદુરી પર ?**

**ગંધર્વદેવતા સિંહથી અંજનાનો બચાવ કરનાર મળ્યો, એ મળવાનું શું અંજનાની મહેનતના પ્રતાપે ?**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**મામો ગુફામાં આવી લાગ્યો તે શું મહાસતીના પ્રયત્નથી ?**

**ના, આ દુર્ઘટ ઘટનાઓ બની તે અદૃશ્ય કર્મસત્તાનો અધિકાર સૂચવે છે.** એના ઉપર સનાતન આત્મતત્ત્વની સિદ્ધિ થાય છે ! જીવે એ શુભ કર્મ ઊભા કરવા પાછળ ધર્મની સિદ્ધિ થાય છે !

**ત્રણ મહાન પુરાવા :-**

**(૧) અચિંત્ય સારી ઘટનાઓ પૂર્વના શુભ કર્મ વિના બને નહિ.**

**(૨) પૂર્વના કર્મ પૂર્વે આત્મા હોવા વિના ઉપાર્જાય નહિ, ને વિના અહીં સુધી આવી શકે નહિ !**

**(૩) એ શુભ કર્મ પૂર્વે ધર્મસાધના વિના ઊભાં થાય નહિ.**

**ધર્મને જીવનમાં મુખ્ય સ્થાન ખરું ? :-**

ત્યારે આટલી અચિંત્ય પ્રાપ્તિ કરાવનાર ધર્મનું મૂલ્ય કેટલું ? જીવનમાં સ્થાન હોય તો મુખ્યપણે ધર્મને કે બીજાને ? ધર્મને સ્થાન કેટલું જોઈએ ? રાખ્યું છે ને ? તમારા જીવનમાં ધર્મને જ મુખ્ય સ્થાન છે ને ? અને તે પણ બહુ ભારે સ્થાનને ? અરિહંત સ્મરણ તો હાલતાં-ચાલતાં ને ? કે માત્ર સવારે ઊઠતી વખતે ? અરિહંતની ભક્તિ ભરપૂર પ્રમાણમાં ને ? વાત વાતમાં ત્યાગવૃત્તિ, વ્રત-નિયમ, ધર્મવાંચન, સાધુસેવા, સામાયિક, જાપ, ધ્યાન આ બધું ખરું ને ? ના, કારણ કે એનાં મહામૂલ્ય જ કોણ સમજ્યું છે ? મૂલ્ય તો ધનકમાઈ, વિષયભોગ, અને પરિવાર-પાલનનાં લાગ્યાં છે તે પેલું બધું વિસારી આમાં લાગ્યા રહેવાય છે ! પણ એ ખબર નથી કે આ બધા પર તમારો અધિકાર નથી પહોંચતો. તમારા ધાર્યા મુજબ અને પ્રયત્ન કર્યા મુજબ કમાઈ, ભોગ અને કુટુંબપાલન થઈ શકે છે ખરાં ? ના, જ્યારે ત્યાગ, વ્રત, સામાયિક, પ્રભુભક્તિ વગેરે તો ધાર્યા મુજબ અને પ્રયત્ન મુજબ કરી શકાય છે.

**જીવન પર અધિકાર હોય તો આવા ધર્મજીવન પર છે.**

**ગાડા નીચેનો કૂતરો :-**

અંજનાસુંદરી તો બાળક નીચે પડવાથી ચીસ પાડી ઊઠે છે ! બાળક આમ ઘૂઘરી લેવા ઉછળે, ને ઉછળીને નીચે પડે એ ન થવા દેવાનું અંજનાના હાથની વાત ખરી ? શું અંજનાનો પ્રયત્ન બાળકની જતનાનો નહોતો ? બાળકને શું ખોળામાં પણ હાથેથી પકડીને જ રાખવો જોઈએ ? **વિચારવા જેવું છે કે માણસના બધા પ્રયત્ન રક્ષાના હોવા છતાં, અકસ્માત્ ઘટનાઓ કેમ ઊભી થાય છે ? અને ઊભી થાય છે તો કેમ ક્યારેક બચાવના સંયોગ મળે છે, ને ક્યારેક નથી મળતા ?** જાતની હોશિયારી ઉપર દોડ્યા જાઓ છો, અદૃશ્ય પુણ્યથી સારું બનતું



હોય છે પરંતુ ગાડા નીચેનો કૂતરો જેમ જાતની વડાઈ માને તેમ વડાઈ માનો છો, અરે ! કૂતરો તો બિચારો માનીને બેસી રહે, ત્યારે તમે તો માનવા ઉપરાંત બીજાની આગળ ગાવા માંડો છો. એ વખતે કાંઈ વિચાર આવે ખરો ? **પુણ્યના ઘરનું એટલે કે મૂળ ધર્મના ઘરનું. તે ધર્મના ખાતામાં ખતવવાના બદલે, અહીંના પ્રયત્નના ખાતે ખતવવાની મૂર્ખાઈ ઉપર જ અભિમાન, ધર્મપ્રત્યે કૃતઘ્નતા, ઉપરાંત નવાં પાપપ્રયત્નો ધરખમ વધાર્યે જવાની અને નવો ભરપૂર ધર્મ નહિ કમાવાની ભયંકર મૂર્ખાઈ કરાવે છે.** પરંતુ આજસુધીના અનંતા માનવ જન્મ પણ આમ વેડફી નાખ્યા, હવે આ જન્મ સુધારી લો. તે માટે ભલે લાખ પ્રયત્નથી મેળવ્યું હોય, પણ મળેલું બધું સારું ધર્મના ખાતે ખતવો. ધર્મની મહાન કૃતજ્ઞતા અદા કરો, અને નવો ધર્મપ્રયત્ન ખૂબ ખૂબ વધારો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૯,તા.૨૧-૬-૧૯૫૮

## (૪૦) આધ્યાત્મિક પ્રવચન

**વારંવાર આપત્તિ કેમ ? :-**

અંજનાના ખોળામાંથી બાળક નીચે પડતાં અંજના છાતી કૂટતી ચીસ પાડી ઊઠે છે; 'હાય ! મામા ! મામા ! દીકરો ગયો !' ભારે કલ્પાંત કરી મૂકે છે ! મનને રુદનથી ભરી દે છે ! પહેલાંની આપત્તિઓ તો જાત ઉપર હતી, આ આપત્તિ હમણાંના જન્મેલા બાળક ઉપર છે ! એ એને મન સૌથી વધારે આપત્તિ લાગે છે ! અજ્ઞાનપણે વિવિધ રીતે કરી લીધેલી કર્મની કેવી શિરજોરી છે કે ઉપરાપર આપત્તિ વરસાવતાં કોઈ સંકોચ નથી ! પરંતુ રખે આ અન્યાય સમજતા ! **વારંવારની કુપ્રવૃત્તિઓનાં આ ફળ છે કે વારેવારે ભિન્ન ભિન્ન જાતની નાની મોટી આપત્તિઓ આવ્યા કરે !** હાલતાં ને ચાલતાં કાયાથી આરંભ-પરિગ્રહ-કામ-કલહ વગેરેની ક્રિયા થયા કરતી હોય, વાચિક તેવા તેવા પાપ ઉચ્ચારણની કુપ્રવૃત્તિઓ ચાલતી હોય, અને એથી ઘણા વધારે પ્રમાણમાં તો માનસિક ક્રિયા, રાગ, દ્વેષ વગેરેની હિંસાદિની, ને આહારાદિ સંજ્ઞાઓની વિચારણા ભરચક ચાલુ હોય, પછી આપત્તિદાયી કર્મનો ગંજ આત્મામાં કેમ ન ભરાય ? એ તો **જીવ જો મન-વચન-કાયાની કુપ્રવૃત્તિઓનું જીવન જીવવાનો અધિકાર બજાવે તો કર્મ જાણે કહે છે, 'આવી જા, હવે આપત્તિઓ વરસાવવાનો અધિકાર હું બજાવું.'**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**માનસિક કુપ્રવર્તન ટાળવા શું કરવું ? :-**

માણસમાં હજી ય કાયિક કુપ્રવર્તન ઓછું, વાચિક પણ ઓછું, કિન્તુ માનસિક કુપ્રવર્તન એટલું બધું ચાલે છે કે એનો હિસાબ નથી ! માટે એને ખાસ અટકાવવાની જરૂર છે, અને તે માટે સરળ રસ્તો મનને સારો ખોરાક આપી દેવો તે છે. ચિત્તને જે કોઈ તત્ત્વો રુચતા હોય, જે કોઈ ઉત્તમ પુરુષાર્થના જીવન મનને આકર્ષતા હોય, જે કોઈ સ્તવન, સજ્ઝાય, એના અર્થ, અથવા નવકારજાપ વગેરેમાં મનને લગાડી શકાતું હોય, એમાં લગાડી દેવું. એક જાતનો મનનો વ્યવસાય જ બની જાય એ રીતે મનને એનો અભ્યાસ પાડતા જવું. આથી કેટલાય કુવિચારો, ખોટી ચિંતાઓ વગેરે કેઈ માનસિક કુપ્રવર્તન અટકશે.

**અક્ષત બાળક :-**

અંજનાને ઉપરાપર અણચિંત્યા કષ્ટ આવે છે તે પાપના યોગે; પરંતુ સાથે પુણ્યનો ઉદય આવી મળવાથી કષ્ટ ટળતાં વાર નથી લાગતી. અહીં પણ એમ જ બન્યું. એ તો જાણે છે કે છોકરો ખલાસ થઈ ગયો. અચાનક ઉછળી નીચે પડે તે કોના હાથમાં ? બચાવે તો પુણ્ય જ કે બીજું કોઈ ? ત્યારે જ્યાં પાપોદયના અધિકાર પહોંચતા હોય ત્યાં સામનો કર્યેય શું વળે ? બંદૂક-તોપોવાળાની સામે દંડુકિયો પોલીસ શું કરી શકે ?

પ્રતિસૂર્ય વિદ્યાધર તરત ઉડીને જઈ બાળકને અક્ષત-અખંડ લાવીને અંજનાને સોંપે છે. અંજના ચકિત થઈ પૂછે છે,

'મામા ! આ શું ? નીચે પડવા છતાં ક્યાંય ઈજા નથી !'

મામો કહે છે, 'અંજના ! પડવાનું શું કહે છે ? આ તો પડ્યો'તો પર્વત ઉપર !'

'હેં ? પર્વત ઉપર ! છતાં કંઈ ન થયું ?'

'કાંઈ કેમ ન થયું ? થયું, પણ પર્વતને થયું ! જ્યાં પડ્યો ત્યાં આ દેવાંશી પુરુષના આઘાતથી પર્વતના ભાગના ભૂકા થયા !'

**બળ-શક્તિના અધિકારનું મૂળ :-**

અંજનાને આનંદનો પાર નથી, પુત્ર તો અખંડ મળી ગયો. ઉપરાંત આવો સમર્થ કે પત્થરના ચૂરા કરે એવો ! ક્યાંથી આ બળનો અધિકાર મળ્યો ? પૂર્વભવ સાંભળી ગયા છો ને ? કહો, તપ અને સંયમના પ્રભાવથી ! મળેલા બળનો ઉપયોગ તપ અને સંયમમાં કરવાનો અને ફળમાં મહાબળ નીપજે. હજી તો હમણાં જન્મ થયો છે ! એવું આ બાળક આભલામાંથી નીચે પર્વત પર પડતાં જાતે ભૂકા થઈ જવાને બદલે પત્થરનો ભૂકો કરે છે એ. કેવુંક મહાબળ ? અખાડાની કસરતથી



મળ્યું છે ? ના, **બાહ્ય બળ, શક્તિના અધિકાર આભ્યન્તર તપ, સંયમના અધિકાર અજમાવવાથી મળે છે.** જો એકલા શરીર પુદ્‌ગલના વજન પર માપ કાઢો કે ઘી-દૂધ ખાધા પર યા ખૂબ કસરતથી કસ્યા પર માપ કાઢો તો એમાં કાંઈ ન વળે. એવા વજનવાળા કે એવા ખોરાક યા કસરતવાળા દુનિયામાં ઘણા દેખાય છે, પરંતુ શક્તિ કેટલી ? કેમ એટલી બધી શક્તિ નથી દેખાતી ? કહો એટલા જ માટે કે આંતરિક આત્માનું બળ ભેગું નથી મળ્યું. આત્મા જેવી વસ્તુ હોવાની આ પણ એક સાબિતી છે. દેખાવમાં યા ખોરાકમાં બે માણસ સરખા છતાં એકમાં વધારે બળ અને તાકાત દેખાય છે તે આત્માના વીર્યાંતરાયના ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે; અને તેનો આધાર પૂર્વે કરેલી તપ-સંયમાદિની સાધના ઉપર છે. **સાધનામાં વીર્યનો સદુપયોગ કરો તો વળતરમાં મહાવીર્યની પ્રાપ્તિ થાય; અને એમાં સદુપયોગ ન કરતાં પાપકાર્યોમાં એ ખર્ચો તો ઊલટું નવું વીર્યાંતરાય કર્મ ઊભું થવાથી ભવિષ્યમાં નિર્બળતા, નિર્વીર્યતા પ્રાપ્ત થવાની !** હવે વિચારો કે કેવા જીવન પર અધિકાર અજમાવવા જેવો છે ? સારું સારું ખાવા-પીવા ને વજન વધારવાના જીવન પર ? કે તપ, સંયમ, પરોપકાર, ઇન્દ્રિયનિગ્રહ, વગેરેના જીવન પર ? તપ અને સંયમની તો બલિહારી છે. માત્ર ભવિષ્યમાં કાયિક બળ આપે છે એમ નહિ, પત્થરનો ભૂકો કરનારી તાકાત આપે છે એટલું જ નહિ, પરંતુ બીજા કેઈ પુણ્યોદય આપે છે ! તેમજ વર્તમાનમાં પણ અપૂર્વ ઓજસ આપે છે ! દૃઢ મનોબળ આપે છે ! મહાન ઇન્દ્રિયવિજય આપે છે ! તપ-સંયમીના વિવેક-વર્તાવ જુદા, બોલ-ચાલ જુદી, વિચારસરણી જુદી ! ભૂલશો નહિ કે-આ **તપ-સંયમ એ તો માનવજીવનની લ્હાણ છે, જીવનનું સત્ત્વ છે, એમાં જ જીવનની સફળતા છે ! બાકી ખાધું-પીધું કે ભોગવ્યું એ કાંઈ ચોપડે જમા નથી થવાનું ! 'ખા ગયા સો ખો ગયા.' જમા તો તપ અને સંયમ થશે ! દાન અને દયા જમા થશે.**

**હનુમાન નામ શાથી ? :-** અંજનાસુંદરીને ઇષ્ટ નિધાનની જેમ પુત્ર પાછો મળી ગયો; ને વિમાન જાણે મનની ગતિએ ઉપડ્યું તે હનુરુહ નગરમાં આવી પહોંચ્યું ! નગરમાં મોટો પ્રવેશ-મહોત્સવ કરવામાં આવ્યો છે ! પ્રજામાં આનંદ-આનંદ વર્તાઈ રહ્યો છે ! અંજનાને મહેલમાં લઈ આવતાં પ્રતિસૂર્યનું અંતેપુર જાણે કુળદેવી આવી એવા એનાં સ્વાગત-સન્માન કરે છે ! પૂજા-ભક્તિ કરે છે ! બાળકનો જન્મતાં જ હનુરુહમાં પ્રવેશ થયો તેથી મામાએ તેનું નામ **હનુમાન** રાખ્યું, તેમજ પર્વતના ભૂકા કર્યા તેથી **શ્રીશૈલ** એવું બીજું પણ નામ કર્યું. અંજનાસુંદરી અને હનુમાનની મહાન સેવાશુશ્રૂષા થઈ રહી છે ! એમાં હનુમાનના મહાન લાલન-પાલન થઈ રહ્યા છે ! માનસરોવરના કમળવનમાં રાજહંસની જેમ એ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ખેલી રહ્યો છે !

**અંજનાનો સંતાપ :-** અંજનાસુંદરીને બીજી બધી વાતે કુશળ આવી મળ્યું છતાં એના દિલમાં હંમેશાં સંતાપ રહ્યા કરે છે કે સાસુએ ચઢાવેલું કલંક ક્યારે ઊતરે ? અંતરમાં શલ્ય ભોંકાય તેમ ચઢેલું આળ ભોંકાય છે. જીવનમાં એક દોષ નથી સેવ્યો, લેશ માત્ર અયુક્ત આચર્યું નથી, છતાં આવો ભયંકર આરોપ, એ મહાસતીને મન અસહ્ય છે. જો જો ત્યાં આજનો જમાનો નથી હોં ! હવે તો એને આનંદ-મંગળ થઈ ગયું છે, તો ય એમ નથી થતું કે-'જવા દો એવા લોકનું નામ ! મારે શી પડી છે ?' એને તો ખોટો આરોપ માથેથી કેમ ઊતરે એ ફિકર છે.

**પવનંજયને હકીકત મળે છે ! :-**

આ બાજુ પવનંજય અંજનાસુંદરી પાસેથી જઈ યુદ્ધમાં પહોંચ્યો, વરુણની સાથે સંધિ કરી. ખર અને દૂષણને છોડાવી લાવ્યો અને એણે રાવણને આનંદિત કર્યો. ત્યાંથી પછી રાવણ પરિવાર સાથે ઉપડ્યો લંકા તરફ; અને પવનંજય તેની રજા લઈને પોતાના નગરે આવ્યો. વિનયી છે તેથી એ માતાપિતાના ચરણમાં પડે છે, સુખ-શાંતિના સમાચાર પૂછે છે, અને ત્યાંથી સીધો અંજનાસુંદરી રહેતી હતી તે મહેલમાં આવે છે. પરંતુ ત્યાં શું જોવાનું ? શૂનકાર ! નિસ્તેજ નક્ષત્રની જેમ અંજનાસુંદરી વિનાનું ઘર નિહાળ્યું ! બેબાકળો થઈ ત્યાં ઊભેલી સ્ત્રીને પૂછે છે,

"નયનને અમૃત આંજનારી ક્યાં છે તે મારી પ્રાણપ્યારી અંજના ?"

તે પણ કહે છે, "તમે પ્રવાસે ગયેલા ત્યાર પછી કેટલાક દિવસો બાદ તમારા માતાજી કેતુમતીએ અંજનાને ગર્ભવતી જાણીને કાઢી મૂકી તે પાપી માણસો એમને બિચારીને ભયભીત હરણીની જેમ એમના પિતાના નગર મહેન્દ્રપુરની પાસે વનમાં મૂકી આવ્યા છે."

આ સાંભળીને પવનંજય ક્યાં ઊભો રહે ? પૂર્વનો ભય નજર સામે તરવરી આવ્યો ! સીધો ત્યાંથી ઊપડ્યો સસરાના નગર તરફ ! પરંતુ ત્યાં પણ અંજના મળી નહિ. ત્યારે એક બાઈને પૂછે છે,

'અહીં મારી પ્રિયા અંજનાસુંદરી આવી હતી કે નહિ ?'

પેલી કહે છે, 'આવી તો હતી. સાથે એની વસંતતિલકા સખી પણ હતી. પરંતુ દુઃશીલતાના દોષને જાણી એના પિતાએ કાઢી મૂકી.'

વજ્રથી હણાયાની જેમ પવનંજય આ વચનથી ભારે આઘાત પામ્યો. પત્નીનું મહાસતીપણું એ જાણે છે. ૨૨-૨૨ વરસ કેવાં વિરહ દુઃખમાં એ તરફડી છે એનો કરુણ ચિતાર એની નજર સામે છે ! એવી એને પાછી આ શી આપત્તિ ?' એમ



મુંઝવણ છે ! અંજનાએ તો આગાહી પણ કરી હતી કે 'જલદી પાછા આવજો નહિતર કદાચ કલંક ચઢશે.' પોતાને આવવામાં મોડું થતાં હવે બરાબર એમજ બન્યું દેખી એને ખેદનો પાર નથી !

**પવનંજય ઠપકો કોને દે ? :-**

એ ઠપકો પણ કોને આપવા જાય ? કોને એ કહે કે 'તમે આ શું કર્યું ?' શું પોતાની માતાને કહે કે 'આ મને આવવા ય દીધો નહિ, ખુલાસો ય લીધો નહિ, ને આ કર્યું ?' તો શું અંજનાના માતાપિતાને કહે કે-'અરે ! મારી મા તો સાસુ કહેવાય, તે રોષ બતાવે; પણ તમે એના માબાપ થઈને એને બિચારીને ધકેલી મૂકવાનું આ શું કર્યું ? આવી કુલીન શિરોમણિ પુત્રીને હડકાયી કૂતરીની જેમ હડધૂત કરી જંગલમાં ભગાડી ?' કોને કહે ? જેને કહે તે એમજ કહે ને કે-'ભાઈસા'બ ! અમને ખબર નહિ કે વસ્તુસ્થિતિ આમ હશે ?' અને એ કથન તો પોતાના ઉપર પહેલું લાગુ પડે; કેમકે પોતે અંજનાના સતીત્વ અને પતિવ્રતને નહિ જાણીને જ ૨૨-૨૨ વરસ છેહ દેનારો બન્યો હતો. શું એને કે બીજા કોઈને ય અંજનાના ઉપર તેવો વ્યક્તિગત દ્વેષ નહોતો, પરંતુ વસ્તુ સ્વરૂપની અજ્ઞાનતા હતી, એ કારણે જ આમ બનવા પામ્યું હતું !

**અજ્ઞાનતાની ભયંકરતા :-**

અજ્ઞાનની ભારે મોંકાણ છે ! અજ્ઞાનને લીધે જ જીવ ખોટી કલ્પનામાં દોડી કેટલાંય અજુગતાં કાર્ય કરે છે ! અજ્ઞાનતાથી પોતાના નિકટના સ્નેહી સાથે પણ ઝગડે છે ! કેમકે સામાનો આશય શો હતો, સંયોગો કેવા હતા, વગેરે કાંઈ જાણવા ઊભો રહેતો નથી, ને ઉપર ઉપરથી ભૂલભાલ જોઈને તપી જાય છે, ને ખોટો ધમધમે છે ! કોની ઉપર ? જેની સાથે જિંદગી કાઢવાની છે, જેના સ્નેહ અને જેની સહૃદયતાની જીવનભર અપેક્ષા રહેવાની છે, એની ઉપર ધમાધમ ? એની સાથે ક્લેશ ? એથી સામાના દિલ ભાંગી ગયા, પ્રેમભર્યા હૃદયના તાર તૂટી ગયા, પછી એનું સંધાન કેવી રીતે થશે ? આ બધું શાના ઉપર છે ? એક અજ્ઞાનતાના લીધે જ ને ? **ડહાપણ તો એ છે કે એવો કોઈ ક્લેશ ધમધમાટ એવો કોઈ સંતાપ અને વિકલ્પ કરતાં પહેલાં પોતાનું અજ્ઞાન દૂર કરવું જોઈએ; એટલે કે સામાના સંયોગો, સામાનો આશય, આજુબાજુની પરિસ્થિતિ વગેરે સમજવી જોઈએ; ને ક્લેશ ટંટો કરવામાં સામાને તેમજ બીજાને શું અનર્થ થાય, ને પોતાના જ વિરુદ્ધ કેવું પરિણામ આવે... ઈત્યાદિ વિચારવું પડે.** નહિતર આ બધાની અણસમજમાં અજ્ઞાનતામાં એવા ભારે નુકસાનો ય નીપજે છે કે જે જિંદગી સુધી સાલ્યા કરે છે !

અજ્ઞાન એ મોટું પાપ છે. માટે તો કહ્યું છે કે,



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**अज्ञानं खलु कष्टं हिंसादिभ्योऽपि सर्वपापेभ्यः ।**

- અજ્ઞાન એ, ખરેખર ! હિંસાદિ સર્વ પાપો કરતાં વધુ ક્લેશમય છે, ક્લેશદાયી છે. નાગદત્ત શેઠને ખબર નહોતી કે પોતાની દુકાન પર ચઢી જનાર બોકડો એ પોતાનો પૂર્વ ભવનો બાપ હતો અને એ પૂર્વ જન્મના સ્મરણથી રક્ષણાર્થે દુકાન પર ચઢી ગયો હતો, તેથી જ એને ડંડો મારીને દુકાન પરથી નીચે ઉતારી કસાઈના હાથમાં જવા દીધો અને કસાઈએ એને હલાલ કરી નાખ્યો ! ગરીબ મા-દીકરાએ સામ સામે ગાળ દીધી, દીકરે કહ્યું કે 'તું શૂળીએ ચઢવા ગઈ'તી તે મારા માટે રોટલો ન કરી રાખ્યો ?' ત્યારે માએ કહ્યું કે 'તારા હાથ કપાઈ ગયા'તા કે શીકા પરથી રોટલો ઉતારી તેં ન ખાધો ?' એમાં બંનેને ધર્મના યોગે પછીના ભવમાં સારો ભવ મળવા છતાં એ જ શબ્દો મુજબ બન્યું; માતાનો જીવ શેઠની પુત્રી થઈ, ચોરે કંકણ લેવા એના હાથના કાંડા કાપી નાખ્યા ! દીકરાનો જીવ શ્રેષ્ઠી પુત્ર થયો અને એ જ કંકણ ચોરે ધર્મશાળામાં ઊંઘતા એવા એની પાસે મૂકી દેવાથી સિપાઈઓ વડે આ પકડાયો અને શુળીએ દેવાયો ! આ શાથી ? એવા બોલના કરપીણ વિપાક નજર સામે નહિ માટે ને ? આ જીવનમાં એવા તો દુષ્ટવાણી-વર્તાવ અને વિચારો તથા કામ-ક્રોધ-લોભાદિ કષાયોની પાછળ નીપજતા નરકાદિ દુર્ગતિઓના કારમા દુઃખ નજરે નથી ચઢતા માટે જ જીવો એ દુષ્ટ વાણી, વર્તાવ તથા વિચારો અને કષાયોથી ભલે પ્રત્યક્ષ તેવો લાભ નહિ મળવા છતાં એને નિરંતર સેવ્યે જાય છે !! માટે તો જ્ઞાની કહે છે કે તત્ત્વજ્ઞાન મેળવો, જેથી આત્મા, કર્મ, કર્મબંધના કારણો, કર્મના વિચિત્ર બંધ-ઉદય-સંક્રમણ વગેરે જાણવામાં આવે તો દુષ્ટ પ્રવૃત્તિથી બચાય, અને પવિત્ર જીવનના માર્ગે લગાય. તત્ત્વજ્ઞાન જેવું જગતમાં બીજું ધન નથી.

**'જ્ઞાન સમો કોઈ ધન નહિ, સમતા સમ નહિ સુખ.'**

જ્ઞાન એ જબરદસ્ત રક્ષણ આપે છે ! પુણ્ય આપે છે ! આશ્વાસન અને વિવેક આપે છે ! ભગવાન શ્રી જિનેશ્વરદેવના જ્ઞાનભર્યા શાસનનું આલંબન મળ્યા પછી જ્ઞાનનો ખપ ન કરવો એ તો શાસનને ન ઓળખવા જેવું છે. અસ્તુ.

**પવનંજય બળી મરવા તૈયાર :-**

પવનંજય સાસરામાં પણ અંજનાસુંદરીને ન જોતાં એને કાઢી મૂક્યાનું જાણી પર્વતો અને વનોમાં શોધવા નીકળી પડે છે; પણ ક્યાંય એનો પત્તો લાગતો નથી, એટલે હિંમત હારી જાય છે ! મિત્ર પ્રહસિતને એ કહે છે,

"હે મિત્ર ! હવે તું ઘેર જા, અને જઈને માતાજી તથા પિતાજીને કહેજે કે આ પૃથ્વી ઉપર હું ઘણું ભમ્યો, ઘણી શોધ કરી છતાં હજી સુધી અંજનાસુંદરીનો



ક્યાંય પત્તો લાગ્યો નથી. તે બિચારીનો પત્તો લગાડવા હજી ય વનમાં હું શોધ તો કરીશ, પરંતુ જો એ નહિ જ મળે, તો પછી મારાથી એના વિના જીવી શકાય એમ નથી ! એટલે હું અગ્નિમાં પડીને બળી મરીશ."

**દાનો દુશ્મન સારો... :-**

આ એ જ પવનંજય છે કે જેને એક વાર અંજનાસુંદરી તરફ ભારે ઈતરાજી હતી. આજે એ એની પાછળ અગ્નિમાં બળી મરશે, એમ કહે છે. માણસના દિલ ક્યારે ફરે એ શું કહી શકાય ? અલબત્ત **સરખું નિમિત્ત મળે તો નરસામાંથી સારો થાય, અને હલકું નિમિત્ત મળે તો સારામાંથી નરસો થાય.** નિમિત્ત કશું નથી કરતું એ કહેવું એ અજ્ઞાનદશા છે. પવનંજય ઝૂરતી ચક્રવાકીને જોવાના નિમિત્તે જ પલટાયો છે. પરંતુ એટલું છે કે એ એક વાર દુશ્મન જેવો છતાં અંદરખાને ઉદાર સમજદાર હતો. તો આ શક્ય બન્યું. માટે તો કહેવાય છે કે **દાનો દુશ્મન સારો પણ મૂરખ મિત્ર ખોટો.** કહેવાય મિત્ર, સગો, કે સ્નેહી પરંતુ ક્ષુદ્ર સ્વભાવનો હોય, કદરહીન હોય, કૃતઘ્ન હોય, દુરાગ્રહી હોય તો અવસરે એ ગરદન મારે. **કોણિક** એ શ્રેણિક રાજાના પુત્ર કહેવાવા છતાં ક્ષુદ્ર સ્વભાવનો અને કૃતઘ્ન હતો, તો એનાથી જ શ્રેણિકને વેઠવું પડ્યું. **બાળચન્દ્ર** એ હેમચન્દ્રસૂરિજી મહારાજનો શિષ્ય હતો પરંતુ કદર વિનાનો હતો તો ગુરુના સ્વર્ગવાસ પછી ગુરુભાઈ રામચન્દ્રસૂરિજી પાસે ગુરુવચન ભંગાવવા પ્રેરે છે. એ તો રામચન્દ્રસૂરિજી મહારાજ કૃતજ્ઞ હતા, ગુરુની અનંત ઉપકારની કદર કરનારા હતા, અને ગુરુ કરતાં પોતાને અજ્ઞાન સમજનાર હતા તેથી ગુરુ-આજ્ઞાને શિરસાવંદ્ય કરી. ગુરુએ બાળચન્દ્રને આચાર્યપદની આપવાની ના કહી હતી તો તે ન જ આપી અને એ આજ્ઞાને વળગી રહેવા ખાતર યાવત્ ધીખતી કઢાઈ પર સહર્ષ ચઢી બેસી પ્રાણના બલિદાન આપ્યા. પણ જો એ બાળચન્દ્રની જેમ ગુરુના અનંત ઉપકાર સમજવાને અશક્ત હોત, કદરહીન હોત, તો તો વિચારત કે ગુરુ તો આજ્ઞા કરે પરંતુ મને બાલચન્દ્ર યોગ્ય લાગે છે, અગર એને આચાર્યપદ આપવું આવશ્યક લાગે છે, તો ગુરુ-આજ્ઞાનો સામનો કર્યો હોત. માટે જ કહેવાય છે કે મૂરખ મિત્ર ખોટો. રામચન્દ્રસૂરિજી તો કૃતજ્ઞ અને સમજદાર શિષ્ય હતા એટલે બાલચન્દ્રને મચક ન આપી, ને ગુરુ-આજ્ઞાને પ્રાણના ભોગે સાચવ્યું !

જીવન પર અધિકાર બે ય જાતના બજાવી શકાય. એક, ગુરુને બહુમાનવા, ગુરુની અખંડ ભક્તિ કરવા, ને ગુરુનો વિનય કરી ગુરુ આજ્ઞાઓને વળગી રહેવાના. જીવન પર અધિકાર. બીજો ગુરુને અવગણવા, ગુરુને હલકા પાડવા, ગુરુ સામે ઘમંડ, ઉદ્ધતાઈ ને તોછડાઈ કરવા તથા ગુરુઆજ્ઞાને ઠોકર મારવાના જીવન ઉપર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અધિકાર. અંતરાત્મામાં જ્યારે અભિમાન, જાતવડાઈ, સ્વાર્થાંધતા ક્ષુદ્રતા વગેરે દુર્ગુણો અધિકાર જમાવી બેઠા હોય છે, જ્યારે સાત્ત્વિકભાવને બદલે તામસીભાવ જોર કરતો હોય છે, ત્યારે ગુરુદ્રોહના જીવન જીવાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"     વર્ષ-૬,અંક-૪૦,તા.૨૮-૬-૧૯૫૮

## (૪૧) આધ્યાત્મિક પ્રવચન

પવનંજય ક્ષુદ્ર નહોતો, ઉદાર અને સમજદાર હતો, તેથી ભ્રમણા દૂર થતાં અત્યારે એ સ્થિતિ સુધી પહોંચ્યો કે અંજનાની વિટંબણા પાછળ પ્રહસિતને કહે છે કે-'જા જઈને પિતાજીને કહે કે હજી પણ અંજનાની શોધ કરીશ અને એનો પત્તો નહિ લાગે તો હું અગ્નિ-સ્નાન કરીશ.'

**પ્રહસિત ખબર આપે છે :-**

પ્રહસિત ઉપડ્યો, આદિત્યપુર નગરે, અને ત્યાં જઈને એના પિતા પ્રહ્લાદ અને કેતુમતીને એનો સંદેશો કહ્યો. સંદેશો સાંભળીને કેતુમતી ક્યાં ઊભી રહે ? હૃદય પર પત્થરનો ઘા લાગવાની જેમ આ સમાચારથી એવો જોરદાર આઘાત એ પામી કે ત્યાં ને ત્યાં મૂર્છિત થઈ ગઈ ! પડી જમીન પર ! તરત જ ત્યાં એની મૂર્છા ઉતારવા ઉપાય કરવામાં આવ્યા; ને એ ચેતના પ્રાપ્ત થતાં કલ્પાંત કરતી કહે,

**કેતુમતીનો કલ્પાંત :-**

'રે પ્રહસિત ! આ તેં શું કર્યું ? તું જ કહે છે કે એણે મરવાનો નિશ્ચય કર્યો છે, તો પછી એવી સ્થિતિમાં એ તારા પ્રિય મિત્રને વનવગડામાં એકલો મૂક્યો ? કેટલો તું કઠોર કાળજાનો ! અથવા, તારો હું શો દોષ કાઢું ! પાપિણી ને વગર વિચાર્યું કરનારી તો હું જ છું ! અંજના બિચારી ખરેખર નિર્દોષ હોવા છતાં મેં જ કેમ એને કાઢી મૂકી ? એ સાધ્વી સ્ત્રીના ઉપર ખોટો દોષારોપણ કરવાનું ફળ મને અહીં જ મળી ગયું !' **અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીં જ મળી જાય છે !**

આવી રીતે કેતુમતી કાળો કલ્પાંત કરી રહી છે ! પ્રહસિતને ઠપકો આપે છે કે-'મિત્રને કેમ એકલો જંગલમાં મૂક્યો !' કારણ એ જ કે કટોકટીની સ્થિતિમાં એકલો મૂકાયેલો અનર્થ કરી બેસે ! **સંસારરૂપી વનમાં પણ એકલા જીવનું એવું જ છે ને ? જીવ કેઈ અનર્થો કરી બેસે છે માટે જ એને સદ્‌ગુરુ તથા સાધર્મિકના**



**સહવાસની જરૂર છે કે જેથી એ અનર્થ કરતો અટકે.** આ બે વિના બીજું તો કોણ એવા પાપોથી બચાવનાર છે ? સૌ શરીરના જોખમથી વારે, આત્માને થતા મહાજોખમથી કોણ વારે ? ખરું વારવાનું તો એ છે. કલ્યાણમિત્રનું કાર્ય એ છે, તમે બીજા સાથે સંસારની સગાઈમાં હોવા છતાં કલ્યાણમિત્ર સાધર્મિકનું કામ કરી શકો. કામ એ કે સામાનો આત્મા ક્યાં ક્યાં જોખમમાં મૂકાય છે એ જોઈ જોઈને એને શક્ય ઉપાયો દ્વારા એથી અટકાવવો જોઈએ. એવું જ જાતને માટે એ સગાંઓ સાધર્મિકનો વર્તાવ કરે એવા કલ્યાણમિત્ર બનાવી દેવા જોઈએ, કે જેથી એ આપણને અનર્થોથી બચાવે.

પ્રહસિતના આવવાથી કેતુમતીને પોતાની ભયંકર ભૂલનું સચોટ ભાન થાય છે. 'મહાસતી એવી પુત્રવધૂ પર પોતે આળ ચઢાવ્યું, અને એને કાઢી મૂકી, એ અતિ ઉગ્ર પાપ થયું અને એનું તત્કાળ ફળ મળ્યું',-એમ સમજે છે. શાસ્ત્ર પણ કહે છે કે અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીં જ મળી જાય છે. માણસ આપત્તિ આવ્યે મૂંઝાય છે; શોક, ઉદ્વેગના કાળાં પાપ ઉપરાંત કેઈ ખોટા વિચારો અને પાપપ્રવૃત્તિઓ કરવા માંડે છે ! પણ એને એ ખબર નથી કે આ કર્યા કરતાં ત્યાગ, તપસ્યા, બ્રહ્મચર્ય, જિનભક્તિ આદિના અતિ ઉગ્ર પુણ્યકાર્યમાં કાં ન લાગી જવું કે જેથી એ અહીં જ ફળી ઉઠે ! અને ચિત્તની મુંઝવણ, અસમાધિ જાય. **જો જો હોં વિષક્રિયારૂપ બનતી ધર્મક્રિયા નથી કરવાની ! પરંતુ સમાધિ માટે, અસમાધિ ટાળવા માટે ધર્માનુષ્ઠાન સેવી શકાય છે. બેમાં બહુ ફરક છે.**

**એકમાં પૌદ્‌ગલિક ભોગો અને એના સાધનોની જ મુખ્ય લંપટતા છે, બીજામાં ચિત્તની સમાધિ-સ્વસ્થતાની મુખ્ય કામના છે.**

**એકમાં ધર્મનું વેચાણ છે, બીજામાં ધર્મનું શરણ છે.**

કર્તવ્ય આ છે, વારંવાર ધર્મને શરણે જાઓ. પ્રારંભમાં કદાચ એમ થાય કે,

**'ધર્મ કરું, નવકાર ગણું, જેથી આપત્તિ ટળે, સમાધિ મળે.'** પરંતુ પછી આગળ વધતાં એમ થવું જોઈએ કે,

**'ધર્મ કર્યા કરું, નવકાર રટ્યા કરું, કેમકે ધર્મ જ શ્રેષ્ઠ પુરુષાર્થ છે. માત્ર ધર્મ જ કર્તવ્ય છે !'**

આમાં આગળ વધવા લાગે એટલે **ધર્મ કરતાં કરતાં એટલા બધા ભાવોલ્લાસ વધે છે કે એ ધર્મસાધનાને ઉગ્ર પુણ્યની ઉપાર્જક બનાવે છે.**

**શું પુણ્ય, કે શું પાપ, ઉગ્ર બનવાનો મુખ્ય આધાર અંતરના શુભાશુભ ઉગ્ર ભાવોલ્લાસ પર છે.** પાપનું કામ નાનું પણ હોય, પરંતુ અંતરના ભાવ જો ઉગ્ર હોય તો ય ઉગ્ર પાપકર્મ બંધાય છે. માટે જ અંતરના ભાવ, લેશ્યા, લાગણી વગેરે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ઉપર કાબુ રાખવાનો છે. નહિતર બાંધેલા ઉગ્ર પાપ કદાચ આ જીવનમાં જ ફળ દેખાડી દે !

વર્તમાન કાળે પણ અહીં જ ઉગ્ર પાપ ફળ્યાના દાખલા બને છે.

**ઉગ્ર પાપના બે દૃષ્ટાંત :-**

(૧) એક માણસ ઓરડીનું બારણું બંધ કરી ભીંતના ખૂણામાં અગ્નિની ઝાળ ફેરવતો હતો, પણ એક વાર એવું બન્યું કે બાજુનો શ્રાવક મિત્ર અચાનક બારણું ખોલી અંદર આવ્યો; પૂછે છે,

'આ શું કરો છો ?'

પેલો કહે છે, 'કાંઈ નહિ, એ તો માળા માકણ બહુ કરડે છે એટલે...'

'અરે ! તમારું ભલું થાય ! આ જીવ મારવાનો ધંધો ?'

કેટલાક વખત પછી એ ભાઈ દેશમાં ગયેલા, ત્યાં આ શ્રાવક મિત્રને મળવા જવાનું થયું. જઈને જુએ છે તો પેલા ભાઈના મોં-હાથ બળી ગયા છે !

પૂછ્યું, 'આ શું ?'

પેલો રડી ઊઠતાં કહે છે,

'એ તો ભાઈસાબ ! સ્ટવ સળગાવતાં ઝાળ ઊઠી તેમાં આ બળ્યો !'

આને પૂર્વની હકીકત યાદ આવી અને દિલ સંવેગથી ભરાઈ ગયું !

(૨) બીજો દાખલો એવો બન્યો કે એક ભાઈને સાધુની નિંદા, દ્વેષ વગેરે કરવાની બહુ આદત. અવસર એવો આવી લાગ્યો કે એના પહેલા દીકરાનું લગ્ન લીધેલું. આખી નાતને જમાડવા વરો કર્યો. જમણના દિવસે સવારમાં જ કાંક શું થયું તે એ ભાઈનું શરીર અને જીભ જ ખેંચાવા માંડ્યા ! રાડ પાડે છે; બધા ભેગા થઈ જાય છે; પોતાને કંઈક કહેવું છે, પરંતુ કહે શી રીતે ? જીભ અંદર ખેંચાઈ ગઈ છે, તે સ્પષ્ટ બોલાતું નથી એટલે 'આ...આ...આ' કરે છે. લગ્ન લગ્નને ઠેકાણે રહ્યું. અને ભાઈ શરીર તો લોખંડી પહેલવાન જેવું હતું છતાં ત્રણ દિવસની વિટંબણા ભોગવી ઉપડી ગયા ! કહેવાનું ઘણું ય હતું પરંતુ બધું ય મનમાં રહ્યું !

કેતુમતી કલ્પાંત કરે છે ! પહેલાં તો પ્રહસિતને કહ્યું કે- 'તું કઠોર કાળજાનો, મિત્રને એવી દશામાં મૂકીને શું આવ્યો ?' પણ પછી કહે છે, 'વાંક મારો જ છે, એટલે તેનું આ મને ફળ મળી રહ્યું છે. **'અતિ ઉગ્ર પાપ અહીં જ ફળે'** એવું મારે થયું. દેવી જેવી પુત્રવધૂ અંજનાસુંદરી પર મેં આળ ચઢાવ્યું તો મારો દીકરો હવે બળી મરવા તૈયાર થયો છે...' આ પ્રમાણે રોતી અને કલ્પાંત કરતી તેને પતિ પ્રહ્લાદ કહે છે,



'અત્યારે રોતાં બેસી રહેવાનો અવસર નથી, નહિતર વહુ ને દીકરો ય હાથથી જશે. માટે એની તપાસ કરાવીએ, અને જાતે પણ કરીએ.'

**એકલાં રોદણાં શું સૂચવે છે ? :-**

કેતુમતી કબૂલ થાય એ સહજ છે. ઉપાય કરવાને બદલે માત્ર રોતાં બેસી રહેનારો વધુ નુકસાન વેઠે છે. વસ્તુસ્થિતિ હાથથી ગુમાવે છે ! 'હાય મારે પાપનો ઉદય ! મારાથી કંઈ ધર્મ નથી થતો ! મારામાં કોઈ ગુણનું ઠેકાણું નથી' એમ એકલાં રોદણાં રુઓ છો ને ? કે ચાંપતા ઈલાજ કરો છો ? ના; કેમ ના ? ધર્મ કે ગુણ પર સાચી લગની નથી જાગ્રત. તો પરિણામ શું ? પ્રહ્લાદ અને કેતુમતી તરત જ ચાંપતા ઈલાજ લે છે; કેમકે દીકરા પર અથાગ પ્રેમ છે. ઈલાજ કરે તો લાભની આશા. તેમ શક્ય એટલા પણ ધર્મની, સુકૃતોની અને ક્ષમાદિ ગુણોની પ્રવૃત્તિ કરે તો બાજી સુધરવાની આશા. બાકી તો 'મારાથી કશું નથી બનતું' એમ માત્ર રોદણાં કર્યાથી શું વળે ?

**શોધમાં :-** પ્રહ્લાદ પોતાના વિશ્વાસપાત્ર વિદ્યાધર રાજાઓ પાસે માણસો મોકલી પવનંજય અને અંજનાસુંદરીની શોધ કરવાનું કહેવરાવે છે. પોતે પણ રસાલા સાથે શોધવા નીકળી પડે છે.

**પ્રહ્લાદનો ખેદ અને શોધ :-**

કેતુમતીએ અંજનાસુંદરીને કઢાવી મૂકી એ વાત કદાચ એનો પતિ પ્રહ્લાદ જાણતો પણ નહિ હોય. હવે જો તેને એમ જાણવા મળે કે આવી સુશીલ મહાસતી પુત્રવધૂને ધકેલી મૂકી હતી અને તેમાં ય એ પરથી અંજનાના બાપે પણ એને ન સંઘરતા જંગલમાં ધકેલી દીધી હતી, તો એ જાણતાં એને કેટલો બધો પારાવાર શોક થાય ! તેમાં પાછું પોતાના પુત્રની ભટકવાની સ્થિતિ અને અંતે બળી મરવાની તૈયારી જાણે, ત્યારે તો કેટકેટલો ખેદ અને ભયંકર આકુલ-વ્યાકુલતા એ અનુભવે ! પણ હજી બંનેમાંથી એકેયના મૃત્યુના સમાચાર નથી મળ્યા ત્યાં સુધી આશા છે, બીજાઓ દ્વારા તપાસ કરાવવા સાથે જાતે પણ ભારે ત્વરાથી બંનેની શોધમાં નીકળી પડ્યો છે !

**અંજનાને જાણ :-** ત્યારે અહીં પવનંજય અને અંજનાસુંદરી બંનેની સ્થિતિ વિકટ બની છે. પવનંજયને અંજનાનો પત્તો લાગતો નથી, એટલે અંતે એ આશા મૂકી દે છે ! ત્યારે, અંજનાના મામા પાસે પ્રહ્લાદનો માણસ જઈને પવનંજયનો પત્તો નહિ અને એની ઠેઠ બળી મરવાની તૈયારી સુધીના સમાચાર મળ્યાની હકીકત કહે છે, એટલે અંજનાનો બધો આનંદ ખતમ થઈ જાય છે !



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**વસ્તુ ક્યાં અને શોધ ક્યાં ? :-**

પવનંજયે વને-વન ભટકીને ઘણી શોધ કરી પણ અંજનાસુંદરી મળી નહિ. ક્યાંથી મળે ? અંજના વનમાં ગયેલી વાત સાચી, પણ અત્યારે તો એ મામાના રાજમહેલમાં જઈ વસી હતી, તે જંગલમાં ક્યાંથી જડે ?

**સાચું સુખ આત્માની નિર્વિકારદશામાં પડ્યું છે, વિષયોથી અલિપ્ત રહેવામાં પડ્યું છે તે સુખને વિષયોના સંગમાં શોધવા જાય તો ક્યાંથી જડે ?**

**સાચો ધર્મ જિનવચનના પાલનમાં વસ્યો છે, તેને આપમતિમાં કે મિથ્યામાર્ગમાં શોધ્યે ક્યાંથી હાથ લાગે ?**

**સાચી ઉન્નતિ આધ્યાત્મિક જીવનમાં રહેલી છે, તેને ભૌતિક પ્રવૃત્તિઓમાં ખોળ્યે શી રીતે સાંપડે ?**

**સાચું જ્ઞાન કષ-છેદ-તાપની પરીક્ષામાં પસાર થયેલા જિનાગમમાં ભર્યું છે, તેને અશુદ્ધ મિથ્યાશાસ્ત્રોમાં કે પૌદ્‌ગલિક શાસ્ત્રોમાં શોધે, વરસોના વરસો એમાં કાઢે, છતાં ત્યાં ક્યાંથી પ્રાપ્ત થાય ?**

**સર્પના મુખમાં અમૃતની શોધ કરવા જાઓ તો જડે ?** બસ, વિષયોમાં સુખ શોધવાનો પ્રયત્ન, અસર્વજ્ઞ-અજ્ઞાનીના વચનમાં સાચો ધર્મ કે સાચાં તત્ત્વ ખોળવાનો પ્રયત્ન, ભૌતિક વિકાસમાં જીવનની ઉન્નતિ મેળવવાનો પ્રયત્ન એવો જ ફૂજૂલ યત્ન છે.

મહેલમાં વસેલી અંજનાને શોધવા પવનંજય વનોવન ભટકે છે ! પાસે ગગનગામિની વિદ્યા છે, એટલે શીઘ્રતાથી અને દૂર દૂરના વનોમાં ભમી શકે છે ! પણ તેથી શું ? ઊડવાની છતી વિદ્યાએ **કોઈ શહેરમાં જોવા તરફ એનું ધ્યાન પણ જતું નથી ! અજ્ઞાનદશા કેવી કારમી વિટંબણા કરાવે છે ! જીવની પાસે પુરુષાર્થ-પ્રયત્નની શક્તિઓ છતાં એને સાચે રસ્તે ખરચવા તરફ એનું ધ્યાન પણ જતું નથી ! ને અવળે રસ્તે એ જોસભેર ખરચે છે !** બુદ્ધિ ગમે તેટલી દુન્યવી શાસ્ત્રો શીખવામાં ખર્ચી, પરંતુ એમાંથી **સરવાળે પોતાને શો લાભ ?** એમ પૈસા-ટકા, માન-સન્માન, આદિ પાછળ ખર્ચેલી શક્તિ, એમાં ય કૂડ-કપટ, જૂઠ-ડફાણ વગેરેની **દોડધામ એ અંતે પોતાને કયા લાભમાં ?** પૈસાની શક્તિ મળી તો એને બંગલા, પેઢીઓ, પરિવાર તરફ વહેવડાવવાનું મન થાય; પરંતુ મંદિર, ધર્મખાતાઓ, કે બીજા સુકૃતો તરફ ધ્યાન જ ન જાય, તો પરિણામે એમાંથી કયું નવનીત નીકળે ? પવનંજયે પોતાની શક્તિ કોઈ શહેરો તપાસવાને બદલે વનો-વન ભમવામાં ને શોધવામાં ખર્ચી, શો સાર ? અંજનાસુંદરીનો પત્તો ન લાગ્યો. ત્યારે અંતે નિરાશ થઈ એ ભૂતવનમાં હવે બળી મરવાની તૈયારી કરે છે. એણે એક ચિતા



તૈયાર કરી. જંગલનાં સૂકાં લાકડાં ભેગાં કરી એમાં ભડભડ અગ્નિ સળગાવ્યો. ધગધગતી જ્વાળાઓ ભભુકી ઊઠી ! અને પોતે હવે ચિતાની બાજુમાં ઊભો રહી વનદેવતાને ઉદ્દેશીને કહે છે કે,

**ચિતા આગળ પવનંજયનો ઈકરાર :-**

**'હે વનદેવતાઓ ! હું વિદ્યાધર રાજા પ્રહ્‌લાદ અને કેતુમતીનો પુત્ર પવનંજય છું. મારી પત્ની મહાસતી અંજનાસુંદરી તદ્દન નિર્દોષ હોવા છતાં મેં દુષ્ટતાથી એને લગ્નના દિવસથી માંડીને બહુ રંજાડી છે ! વર્ષો સુધી એના સામું પણ મેં જોયું નથી. એમાં એક વાર સ્વામીના કાર્યે હું પ્રવાસે નીકળ્યો, પણ વચમાં ભાગ્યયોગે એને નિર્દોષ જાણીને હું પાછો ઊડી એની પાસે આવ્યો, ને મેં એની સાથે ભોગક્રીડા કરી. પછી પાછો નીકળતાં મેં એને મારા આગમનના ચિહ્‌ન તરીકે મારી વીંટી આપી. મારા આગમનની ખબર મારા માતા-પિતાને પડવા દીધેલી નહિ, તેથી એમણે અંજનાને ગર્ભ રહ્યો જાણી અંજનામાં દોષની શંકા કરી, પણ હે વનદેવો ! આમાં ખરેખર વાંક તો મારો જ હતો પરંતુ એમણે એને બિચારીને કાઢી મૂકી. તે આજે એ ક્યાં છે તે શોધી મથવા છતાં હું જાણી શક્યો નથી. પૂર્વે પણ નિર્દોષ અને હાલ પણ નિર્દોષ એવી એ ભયંકર દશા પામી એ મારા જ અજ્ઞાનતાના અપરાધે ! ધિક્કાર છે મારા જેવા મૂર્ખ પતિને ! તો આજે હું અહીં મારી કાયાને આ અગ્નિમાં હોમી દઉં છું, કેમકે હવે મારે જીવતા જીવે એનો જીવનભર વિરહાગ્નિ સહવો કઠીન છે. હે વનદેવો ! જો તમે એ મારી પ્રિયાને ક્યાંય જુઓ તો એને આ કહેજો કે તારા પતિએ તારા વિયોગના દુઃખથી અગ્નિમાં પ્રવેશ કર્યો છે.'**

આટલું બોલીને પવનંજય હવે ઊડીને આકાશમાં જરા ઊંચે જઈ ભડભડતી જ્વાળાઓવાળી ચિતામાં ઝંપાપાત કરવા ઊંચે જાય છે.

પવનંજયની પાસે હજી સુધી કોઈ આવી પહોંચ્યું નથી તેથી આ સ્થિતિ સુધી મામલો પહોંચી ગયો છે ! ત્યારે અંજનાની પાસે માણસો પવનંજયની પ્રતિજ્ઞાના સમાચાર સાથે પહોંચી જવાથી, જો જો, એની કેવી કેવી સ્થિતિ થાય છે ! આ બધી પરિસ્થિતિનો ખૂબ જ વિચાર કરવા જેવો છે. અંજના માટે પવનંજયનો ખ્યાલ સુધરી ગયો, ઉપરાંત સાસુ-સસરાનો પણ ખ્યાલ હવે સુધરી ગયો છે. ત્યારે પવનંજયને શોધવા માણસો પણ નીકળી ગયા છે. આ બધી પરિસ્થિતિ છતાં એમાં ઉપજવાનું કેટલું, એનો આધાર શાના ઉપર ? પવનંજય બળી મરે તે પહેલાં બરાબર કોઈ બચાવનાર મળી જાય; અંજના એવું કશું કરે તે પહેલાં એને પવનંજયનો ભેટો થઈ જાય; મા-બાપ હતાશ થઈ કાંઈ કરી બેસે તે પહેલાં પવનંજય અને અંજનાના કુશળ સમાચાર મળી જાય;- આ **બધી વસ્તુ બનાવવા ઉપર અધિકાર**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**કોનો ?** આપણે એ વિચારી રહ્યા છીએ કે આપણને કેવા જીવન પર અધિકાર મળ્યો છે, બાહ્ય કે આભ્યન્તર ? અર્થાત્ **શું બહારની સગવડ, સાહ્યબી, માનપાન વગેરે મેળવવાનું આપણા અધિકારમાં છે ? કે આંતરિક સમ્યગ્દર્શનાદિ ગુણો, દાનાદિ ધર્મપ્રવૃત્તિ, ક્ષમાદિ વિશેષતાઓ કેળવવાનું આપણા અધિકારમાં ?** આનો સાચો નિર્ણય જો થઈ જાય તો તો પછી જિનાજ્ઞાના માર્ગે ખરેખરું પ્રયાણ શક્ય બને. ભગવાન શ્રી તીર્થંકરદેવોએ ફરમાવેલ માર્ગનો સાર આ છે કે **માનવજીવનને પામેલ તે આત્માના અહોભાગ્ય છે કે જે સમજે છે કે પ્રાપ્ત થયેલી આ જિંદગીમાં જો બાહ્ય જીવન ઉપર પોતાનો અધિકાર નથી. તો એ જીવન પરના અધિકારની બજવણીની મથામણ કરવી નકામી છે. એના બદલે સમ્યગ્દર્શનાદિ જે આભ્યંતર જીવન પર પોતાનો અધિકાર છે તે બજવવો જોઈએ, તેમ કરનારો આત્મા ભવસાગરને તરી જાય છે.** બાહ્ય જીવન પર અધિકાર આ રીતે નથી કે ઘણી ઘણી રીતિએ બાહ્ય આર્થિક જીવન સંબંધમાં બુદ્ધિ અને હોશિયારી, ન્યાય અને નીતિ, કષ્ટ અને ઉદ્યમ કરવા છતાં યે અંતિમ સૂત્ર **'કર્મ કરે તે થાય'** તેના આધાર પર પરિણામ આવે છે.

ઘણું યે મથવા છતાં **અર્થ** પર અધિકાર અજમાવી શકાતો નથી. એ જ પ્રકારે **બાહ્ય-શારીરિક** જીવન પર ઘણા આરોગ્યના નિયમ પાળે છતાં અંતિમ નિયમ **'કર્મ કરે તે થાય'** તે મુજબ પાપકર્માનુસાર રોગ ફાટી નીકળે છે. ત્યાં પોતાના અધિકારની અજમાયશ કરી શકતો નથી. બાહ્ય કૌટુમ્બિક જીવનમાં ઘણાંનું ઘણું કરે, ઔચિત્ય, સેવા, પરમાર્થ કરે છતાં અંતિમ સૂત્ર **'કર્મ કરે તે થાય.'** તેના હિસાબે એવા પ્રકારની વિપત્તિ, નાલેશી, હડધૂતતા, અપયશ વગેરે પ્રાપ્ત કરે છે. એમ સ્પષ્ટ કહી શકાય છે કે લૌકિક જીવન ઉપર અધિકાર પહોંચતો નથી.

સીતા ઘણું સારું જીવન જીવતી હતી. છતાં એનો અપયશ ગવાવા લાગ્યો. પતિને પૂર્ણ વિશ્વાસ હોવા છતાં તેમના જ હુકમથી વનમાં જવું પડ્યું. લૌકિક અધિકાર ક્યાં ચાલી શક્યો ? જેણે અણધાર્યા સમયે લક્ષ્મી ખોઈ નાખી, અધિકાર ક્યાં ચાલી શક્યો ? આરોગ્યના નિયમ સાચવનારા ય જો બિમારીમાં પડે છે, તો અધિકાર ક્યાં ચાલ્યો ?

માટે જ ડહાપણ એ છે કે જ્યાં પુણ્ય-પાપનો અધિકાર છે, ત્યાં તમારા અધિકારની બજવણી ન કરો; અને જ્યાં આભ્યન્તર શુભ વિચાર અને શુભ આચાર પર અધિકાર પહોંચે છે ત્યાં જરૂર બજવણી કરો. જો એનાથી ઊલટું વર્તવું છે, તો તો એવું થયું કે આપણું ચાર માણસ જ્યાં માને છે ત્યાં હક કરવો નથી, ને જ્યાં ડંડા પડે છે ત્યાં હક કરતા ચાલવું છે ! તો એ મૂર્ખાઈ કે બીજું કાંઈ ?



એમ ઉપર કહેલા સુખ, સગવડ, ધન, માનપાનાદિ બાહ્ય જીવનમાં હક કરવા જતાં કેટલીય વાર કલેશ, સંતાપ વગેરેના દંડા પડવાનો અનુભવ છે, છતાં ત્યાં હક કરવા છે ! ને જ્યાં શુદ્ધ આચાર તથા શુદ્ધ વિચારના આભ્યન્તર જીવન પર અધિકાર પહોંચે છે, કોઈ અટકાવનાર નથી; જુલ્મગારના હાથમાં પડ્યા હોઈએ તો પણ હૃદયની નિર્મળતાઓ અખંડ રાખવામાં કોઈ અટકાવનાર નથી; ત્યાં એ અધિકાર બજાવી ન્યાલ થવું નથી એ કેવી દુર્દશા !'

સર્વજ્ઞ ભગવાને બતાવેલા તત્ત્વોનું ચિંતન કરવામાં કોઈ અટકાવનાર નથી, નવકાર મંત્રનું રટણ-સ્મરણ ગમે ત્યારે, ગમે તેવા પ્રસંગમાં કરવું હોય તો શું એમ કોઈ રોકી શકે કે ખબરદાર નવકાર ગણ્યો તો ? અરે ! જોરદાર આપત્તિઓ તૂટી પડે છતાં નવકાર મંત્રની રટણા ઉપર અધિકાર પહોંચે છે; એ કરી શકીએ છીએ. કમઠ તાપસના લાકડામાં અર્ધા બળેલા સાપને કાયા ખતમ થવા બેઠી હતી, પણ નવકારના સ્મરણને એ ન તોડી શકી. એ જીવે અધિકાર બજાવ્યો, નવકાર મંત્રમાં ચિત્ત રાખ્યું તો કર્મસત્તાએ ધર્મરાજાની સેવક બની એને ધરણેન્દ્ર બનાવ્યો ! બધો દોર કર્મના હાથમાં છે. **જીવને કર્મ જાણે કહે છે, 'તું મોહનો હક બજાવવા જા તો દુઃખોની ઘોર સર્જી દઉં; ને ધર્મનો** હક બજાવે તો સુખના મહા ઈનામ દઉં !' **જીવ કોનો પક્ષ કરે છે એના પર સજા કે ઈનામનો આધાર !** પણ મોહના અધિકાર બહુ સફળ થતા નથી. **પુણ્યાઈ ન હોય ને લડવા જાય તો હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં પણ હારી જવાય.** એના બદલે સંવેગ-વૈરાગ્ય ઉપર આપણો અધિકાર છે. એ બજાવતાં આવડે તો લડાઈના સ્થાને સામાના હૃદય હચમચાવી નાખે એવા સુકૃત ઊભા કરાય. બાહુબળજીએ શું કર્યું ? ભરતને મુઠ્ઠી મારવાનો દાવો છોડી દઈ લોચ કરી ચારિત્ર સ્વીકાર્યું, તો પછી ભરતને પારાવાર પસ્તાવો થયો. અને બાહુબળજી ક્રમશઃ કેવળજ્ઞાની બન્યા, આન્તર શુદ્ધિના અધિકારની બલિહારી છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૪૧,તા.૫-૭-૧૯૫૮

## (૪૨) આધ્યાત્મિક પ્રવચન

દેવતા હીરામાણેકના ઢગ કરે, પણ આપણે એને તુચ્છ ગણી સંવેગ-વૈરાગ્યને અદ્‌ભુત કોટિના સમજતા હોઈએ તો તે શું કરી શકે ? જેને એ નહિ હોય તો કોઈ એક રૂપિયાની અનુકુળતા કરી આપે ત્યાં ઓશિયાળો થશે, ભારે પાડ માનશે ! આ ઉચ્ચ ભવમાં એક રૂપિયા પર બહુ પાડ માનવાનો ? બજારમાં ખરીદી



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

કરવી છે. બધા વેપારી સરખો ભાવ બતાવે, એક વેપારી જરા ઓછું કહી રૂપિયો ઓછો કરી આપે તો મનને થાય છે કે-'આ ખરો વેપારી ! બીજા બધા લુંટણિયા છે !' એક રૂપિયામાં પ્રશંસા પાછળ મોંમાંથી ફીણ કાઢી નાખશે ! ત્યારે એથી ઊલટું વૈરાગ્ય પર અધિકાર છે. એની આગળ દેવતા ધનના ઢગલા કરે છતાં એ દિલને લ્હેવાઈ જવા નહિ દે. માનશે કે-'ઠીક છે, પુણ્યનો ઉદય છે ત્યાં સુધી દેવતાને ય આપવાનું મન થાય, પણ પુણ્ય અધિકાર ઉઠાવી લે પછી સગો દીકરો ય કોડી ન દેખાડે.' એમ કરી ધન પ્રત્યે ઉદાસીન રહી શકે. ઉચ્ચ કોટિના જીવનમાં અધિકાર લક્ષ્મી ઉપર નથી, ને કાયા પર નથી, સંવેગ-વૈરાગ્ય અને સદ્આચાર વિચાર પર છે. ખંધક મુનિએ તો આન્તરિક ક્ષમા અને સહનશીલતા પર અધિકાર પહોંચાડ્યો ! ત્યાં પછી ગમે તેવા ચામડી ઉઝરડનારા મારા કે ઉઝરડાવનારો રાજા આવે, એ એમનું શું બગાડી શકે ? **એમણે તો હિસાબ ચોકખા કરી નાખ્યા, બાહ્યને તો કહી દીધું 'તું તારું કર, હું મારું બજાવું છું.'**

શેઠની લાડીલી છોકરી **અચુંકારી ભટ્ટા** ગર્વ અને ગુસ્સાનો અધિકાર બજાવતી હતી, પણ અવસર આવ્યે લૂંટાણી, વેચાણી, તો એના પર જુલ્મગારોએ સોયા કોચવાના, લોહી કાઢવાનું પાછી તગડી કરવાની, પાછા રોજ સોયા ભોંકી-ભોંકી લોહી નીચોવવાનું ! એ કર્યું તો સમજી કે હક્ક કરી સેવેલા ક્રોધના પ્રતાપે, ધમાધમના પ્રતાપે, આ બધાં કટુફળ લેવાનાં આવ્યાં. તેના પરથી બોધપાઠ લીધો. જે અધિકાર દુનિયા પર માનતી હતી, તે હવે આત્મા પર સમજી લીધો; ક્ષમા-સમતા રાખવી એ મારા હાથની વાત છે, એમ નક્કી કરી એવી અપૂર્વ ક્ષમા આદરી કે દેવલોકમાં એના ગુણ ગવાયા ! દેવતા પરીક્ષા કરવા આવ્યો ! લક્ષપાક તેલના ત્રણ કિંમતી સીસા ફૂટે છે; પણ બધુંય સળગી જાય તો ય શું ? એ માનતી હતી કે 'મારો અધિકાર એના પર નથી, ક્ષમાના જીવન પર છે ! **દુનિયાને સળગવું હોય તો મારાથી નહિ અટકે, મારે ક્ષમાને સળગાવવી નથી.** બહારની ચીજ એ ફૂટવાનું કાર્ય બજાવે, હું ક્ષમા બજાઉં'

ત્યારે આ જો ન આવે ને **ચીજ ફૂટવા પર હૈયાનું બોઈલર ફાટે તો તેથી શું ચીજ સાજી થાય ?** ના, એના પર તમારો અધિકાર નથી, અધિકાર તો આભ્યંતર જીવન ઉપર છે. શુદ્ધ-હૃદય અને શુભ-ભાવના, સમ્યગ્દષ્ટિ અને વૈરાગ્યક્ષમાદિના ગુણો ઉપર અધિકાર છે. પાપના સંયોગ કેટલીય વિટંબણાઓ લાવે છે; પણ એ બધું અનુકૂળ છે એમ બનાવી લેતાં આવડવું જોઈએ. એ બધામાં આધ્યાત્મિકતા અને આંતર જાગ્રતિનો દીવડો હક્કપૂર્વક જલતો રાખવો જોઈએ. એના ઉપર અધિકાર પહોંચે છે.



**આંતર જાગ્રતિ :** એક **ચિતારાની પુત્રી** રાજરાણી બની હતી. કેવી રીતે ? એનો બાપ રાજસભામાં ચિતરામણ કરતો હતો. આ છોકરી પોતાના બાપને બપોરે ભોજન આપવા ગઈ હતી. બાપે તેને બેસવા કહ્યું અને પોતે સંડાસ ગયો; એ વખતે રાજા ત્યાં આવ્યો. તેણે ચિત્રનાં મોરનાં પીછાં સાચાં સમજી લેવા હાથ લાંબો કર્યો; પણ હાથ ભીંતે અથડાયો ! છોકરી હસી પડી.

રાજા કહે, 'કેમ હસે છે ?'

છોકરીએ જવાબ આપ્યો, 'મારે મૂર્ખાના ખાટલાના ત્રણ પાયા તો મળી ગયા હતા, પણ ચોથો પાયો ખૂટતો હતો, એ આજે મળી ગયો; તેથી હસું છું ?'

'એ ત્રણ પાયા કયા ?'

'આ જુઓને રસ્તે આવતાં એક ઘોડેસવાર (જે રાજા પોતે જ હતો પણ આ છોકરીએ બરાબર મોં નહિ જોયેલું તે) પોતાના ઘોડાને જોરથી દોડાવતો હતો. કોઈ ગરીબ મરી જશે તેની જેને પરવા નથી, માત્ર પોતાનો જ સ્વાર્થ જુએ, રસ્તો જાણે માત્ર પોતાના માટે માને, એ બુદ્ધિનો બારદાન નહિ તો બીજું શું ? બીજો મૂર્ખ ગામનો રાજા કે જેણે વૃદ્ધ, યુવાન બધાને સરખે ભાગે રાજસભા ચિતરવા સોંપી. અમારા ઘરમાં એકલા બાપ કમાનાર, બીજાઓના ઘરમાં અનેક કામ કરનાર ! છતાં એનો વિચાર ન કરતાં એકેક ને સરખું જ ચિતરવા આપ્યું. આમાં અમારું શી રીતે પૂરું થાય ? ત્રીજો મૂર્ખ મારો બાપ. કે હું રોજ ગરમાગરમ ખાવાનું લઈને આવું જેથી બિચારા વૃદ્ધને જલદી પચે, વાયુ ન કરે, ત્યારે તેમને સંડાસ જવાનું સૂઝે છે ! અને ચોથો મૂર્ખ તું, કે અહીં મોરનાં પીછાં લેવા આવ્યો છે. અહીં બંધિયાર સભામાં શાનો મોર અને શાનું પીછું ?' છોકરીને ખબર નથી કે આ રાજા છે, પણ રાજાને આકર્ષણ થયું. એની બુદ્ધિ ઉપર ખૂબ ખૂશ થયો તેણે છોકરીની ચિતારા પાસે માગણી કરીને એને પરણ્યો. ચિતારાની છોકરી રાણી બની. જુદો મહેલ મળ્યો. રાજા ત્યાં આવે છે. સુવાનો સમય થયો. રાણીએ અગાઉથી દાસીને કહી રાખેલું તે મુજબ રાજાને ઉંઘ આવે તે પહેલાં દાસી રાણીને કહે છે, 'એકાદ વાત તો સંભળાવો.' રાણીએ વાત શરૂ કરી.

એક ઝાડ હતું. ત્યાં એક ઊંટ આવ્યું. એને ફળ ખાવાની મજા પડે તેમ હતી તેથી તેણે ડોક લંબાવી, પણ પહોંચ્યું નહિ. એટલે તેને ગુસ્સો આવ્યો ને તેણે ફરીને પેશાબ કર્યો, અને એથી ઝાડનાં ફળ ભીનાં થઈ ગયાં.

દાસી કહે, 'એમ કેમ બને ? પોતે ડોકેથી તો પહોંચ્યું નહોતું ?'

રાણી કહે, 'મને ઉંઘ આવે છે, કાલે આવજે.'

રાજા આ વાત સાંભળે છે. એને રસ રહી ગયો; પણ કહેવાય કેમ કે ઉત્તર

હમણાં જ કરી દે ? તેથી બીજે દિવસે પાછો અહીં જ આવ્યો. બીજે દિવસે ફરી દાસીએ પૂછ્યું, ત્યારે રાણીએ કહ્યું કે - 'એ ઝાડ ખાડામાં હતું. ખાડા બહાર ઉપરથી ડોક પહોંચી નહિ, એટલે ઉપરથી નીચે પેશાબ કર્યો.'

પાછી બીજી વાત બુદ્ધિની માંડી, અને રહસ્ય આવ્યું ત્યાં ઉંઘનું બહાનું કાઢી જવાબ બીજા દિવસ પર ઊભો રાખ્યો. એમ રોજ રોજ રસ પડવાથી રાજા ત્યાં આવતો ગયો ને આથી સ્નેહ પણ વધતો ગયો. બીજી રાણીઓ એની ઈર્ષ્યા કરે છે; પણ તેનો કોઈ ગુનો જડતો નથી. આખરે એક પ્રસંગ શોધી કાઢે છે, ને રાજાને કહે છે,

'એની પાછળ આ તમે કેમ ગાંડા થઈ ગયા છો ? એ તમને કામણ-ટૂમણ કરે છે.'

'શી રીતે ?'

'એ બપોરે ઓરડો બંધ કરી અંદર બેસી કંઈક જપે છે.'

રાજાને જોવાનું કૌતુક થયું. તે એકવાર ઓરડાની બહારથી તરાડમાં જુએ છે. ત્યાં શું દેખ્યું ? એક સુંદર આભ્યંતર જીવન ઉપરના અધિકારની બજવણી જોઈ. રાજરાણીનો ડ્રેસ બાજુએ મૂકી પોતાના બાપના ઘરનાં ચીંથરેહાલ કપડાં પહેર્યાં છે, ને અરીસામાં પોતાના પ્રતિબિમ્બને ઉદ્દેશીને કહે છે.

'હે જીવ ! તારી લાયકાત તો આ થવાની છે, રાજરાણી થવાની નહિ માટે જરાય અહંકાર ન કરીશ. આ વૈભવનો કોઈ વિશ્વાસ નથી કે કેટલા ટકે ? માટે એમાં અપજશ ન લઈશ. શોક્ય બહેનો માટે દુર્ભાવના ન લાવીશ. તેમને માન આપજે. પરિવાર સાથે નમ્રતાથી વર્તજે...'

રાજા તો સાંભળીને સ્તબ્ધ થઈ ગયો ! આ તબક્કે આમ કરવાની કોઈ જરૂર છે ? રાજાનો ઘણો પ્રેમ અને માન છે. પોતે ધારે તે કરી શકે એમ છે. છતાં શું દેખ્યું એમાં ? એ જ કે બાહ્ય પર અધિકાર નથી. પુણ્યની શરમ પડે છે ત્યાં સુધી બધું ઠીક ચાલે છે, પણ પછી બધું નરમ પડી જશે ! ત્યારે આત્મજાગ્રતિ, આત્મનિંદા અને ક્ષમાદિ ગુણો ને ધર્મ ઉપર અધિકાર પહોંચે છે. રાજાએ બીજી રાણીઓની કાનપટ્ટી પકડી આ બધું બતાવ્યું. આ જોઈ બીજી રાણીઓ તેને હવે મહામાન આપે છે !

સારું જીવન, દિવ્ય જીવન એટલે ગુણો અને ધર્મની સાધના; અને એ બને મનોબળથી, મનને તૈયાર કરવાથી.

**પ્ર.-** મનોબળ ન હોય તો ?

ઉ.- માનસશાસ્ત્રીઓ કહે છે, 'તમે ધારો છો તેના કરતાં, ઓછામાં ઓછું,



દસગણું બળ, શક્તિ તમારા મનમાં રહેલ છે. માત્ર તમારે નિર્ધારપૂર્વક ઈચ્છાશક્તિ વાપરવાની છે. એથી અદ્‌ભુત મનોબળ પ્રગટતું આવે છે. એથી આત્માની શક્તિ વધતી ચાલે છે. માણસનું જીવન વધારે તો બીજાઓના સંપર્કની વચ્ચે જાય છે. ત્યાં બીજાઓના મનને જીતવાના નિર્ધારપૂર્વક યોગ્ય પ્રયત્ન જોઈએ.

મનુષ્ય-સ્વભાવને ઓળખી જીવન વર્તાવ બનાવવો જોઈએ. મનુષ્ય-સ્વભાવ એ છે કે એને સૌથી વધારે રસ પોતાના વિષયમાં હોય. સામાના પેટમાં આંકડી આવતી હોય, ઊંધો-ચતો થઈ જતો હોય; જ્યારે પોતાને થોડુંક જ દુખતું હોય, પણ પેલો પૂછે કે-'તમને દુઃખે છે ? કયા ડૉક્ટરની દવા કરો છો ?' તો એમાં જેટલો રસ પડે છે, એટલો સામો એની વાત લંબાવે 'મને આમ થાય છે, તેમ થાય છે, આ દવા કરી, આ કરી,...વગેરે.' તો એમાં રસ નથી પડતો. આ સૂત્રને પરખીને જીવન જીવવાના નિયમો એમણે બનાવ્યા છે. એને માર્ગાનુસારી જીવનના કેટલાક નિયમ કહી શકાય. અત્યારે એના વિવેચનનો સમય નથી. બાકી એ ગુણોની વસ્તુ આપણા કેટલા બધા અધિકારમાં છે, અને ઉપરાંત મહાન લાભ કરનાર છે, એ વિચારતાં એ અધિકાર બજાવવાનો રસ જાગે એવું છે.

**પાપનો ઈકરાર કેટલો જરૂરી ? :-**

આપણે જરા દૂર નીકળી ગયા. પરંતુ જીવન પર અધિકારનો વિષય ટૂંકમાં વિચાર્યો. વાત એ ચાલે છે કે પવનંજય ભડભડતી ચિતામાં કૂદી પડવા તૈયારી કરે છે અને વનદેવતાને ઉદ્દેશીને શુદ્ધ હૃદયે અને નિખાલસ ભાવે પોતાનો ઈકરાર કરે છે. શાસ્ત્રકારો આ રીતે ગુરુની આગળ પાપનો ઈકરાર કરી પ્રાયશ્ચિત્ત માગવાનું કહે છે. બાળકની જેમ **શુદ્ધ હૃદય અને નિખાલસ ભાવે કરેલો પાપનો ઈકરાર કેટલાંય પાપોનો નાશ કરી દે છે.** પરંતુ એ કરવા માટે જેમ પવનંજયને પોતાનાં દુષ્કૃત્યનો ભારે ખેદ થયો, અને સાથે દિલમાં અત્યંત નમ્રભાવ આવી ગયો, તેમ આપણને આપણાં છૂપાં સેવેલાં પાપ બદલ ખેદ અને ગુરુ આગળ હલકા પડવાનો નમ્રભાવ આવી જાય તો એનો ઈકરાર શક્ય છે. 'હું આવું કહીને ગુરુની આગળ હલકો કેમ દેખાઉં,' એવું અહંત્વ નડતું હોય ત્યાં સુધી ઈકરાર થવો મુશ્કેલ છે. ત્યારે **શુદ્ધ હૃદયના ઈકરાર વિના તો પાપનાં શલ્ય એવા ઊંડા જામે છે કે જે લક્ષ્મણા સાધ્વીની જેમ ભયંકર દુર્ગતિઓમાં ભમાવે છે.** ત્યાં પછી અહંત્વ-અભિમાન કોની આગળ રાખવાનું ? લક્ષ્મણા સાધ્વીને એટએટલું સંયમ અને તપ છતાં એ ૮૦ ચોવીસી એટલે કે લગભગ ૮૦૦ ક્રોડ ક્રોડ સાગરોપમ સંસારમાં ભમી. માટે જ જ્ઞાની મહાપુરુષો કહે છે કે **ગુરુ આગળ બાળભાવે શુદ્ધ હૃદયથી પાપની આલોચના (ઈકરાર) જે નથી કરતો એ આત્મા આરાધકને બદલે વિરાધક બની**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

દુર્ગતિઓમાં ભમે છે.

**આભ્યન્તર તપમાં પ્રાયશ્ચિત્તને મોખરે મૂક્યું છે. આલોચના-પ્રાયશ્ચિત્તથી જે શુદ્ધિ કરે એને જ વિનય-વૈયાવચ્ચ અને સ્વાધ્યાય-ધ્યાનરૂપ બીજા આભ્યન્તર તપ ફળે છે.**

**સાધુપણામાં શું, કે શ્રાવકપણામાં શું, વ્રતો એ જેમ પાયો છે, તેમ દોષોની શુદ્ધિ એ પણ પાયો છે.**

ધ્યાનમાં રહે કે મોટા ત્યાગ અને તપ સહેલા છે, ભારે દુશ્મનોથી ન હંફાવું સહેલું છે, પરંતુ ગુરુ આગળ પાપનો ઈકરાર કઠીન છે. ત્યારે એ પણ સમજવા જેવું છે કે **શુદ્ધિ નહિ કરનારો આત્મા કેટલીય વાર છૂપાં દુષ્કૃત્યમાં આગળ વધે છે.** વાત પણ સાચી છે કે જેણે માથે ભાર રાખ્યો હોય કે 'ફરીથી જો હું દુષ્કૃત્ય સેવીશ તો ગુરુની આગળ કહેવું પડશે, અને સંયમ ઘવાશે એ જુદું, તો પછી એ સેવું જ શા માટે ?' આવો ભાર રાખ્યો હોય એ પાપ વધારવામાંથી બચી શકે. **બાકી જેને ગુરુ આગળ કશું કહેવા-કરવાનું જ નથી, જેને નિખાલસ ઈકરાર જ નથી કરવા, એ શી રીતે બચી શકે ?** યોગ્ય આત્માઓ તો 'સ્ત્રી ઉપર રાગવાળી દૃષ્ટિ પડી કે પુરુષને પણ રાગભર્યો સ્પર્શ કર્યો,' ત્યાં સુધીની આલોચના (ઈકરાર) કરી પ્રાયશ્ચિત્ત લે છે. શાસ્ત્રે કહ્યું પણ છે કે શબ્દ, રૂપ, સ્પર્શ... વગેરેમાં રાગભર્યું આકર્ષણ એ બ્રહ્મચર્યવ્રતમાં દોષરૂપ છે. આલોચના એ મહાન સાધના છે.

**સજ્જનને અન્યાય કર્યાનો ખેદ :-**

પવનંજય જે અત્યારે ઈકરાર કરે છે તેમાં મુખ્ય તો અંજના પ્રત્યેના પોતાના રાગને બદલે એવી ગુણભંડાર મહાસતીને પોતે કરેલ અન્યાયનો મહાખેદ કામ કરી રહ્યો છે. એટલે જ એ ખેદ પરથી કહી શકાય કે અંજનાસુંદરીને જે વીત્યું એમાં પવનંજયની અધમતા કારણ નહિ, પણ અંજનાના "પૂર્વ ભવનાં કર્મ કારણ હતાં. કેમકે પવનંજય જો અધમ હોત તો એનામાં આવો અને આટલો પલટો ક્યાંથી થાત ? પવનંજય ઉમદા હતો અને તેથી જ અહીં પોતે સતીને કરેલા અન્યાય બદલ ભારે ખેદ અનુભવે છે. **સજ્જનોનાં દિલ એવાં પોચાં હોય છે કે એ બીજાના પ્રત્યે પોતાનાથી થયેલ અન્યાય બદલ દ્રવિત થઈ જાય છે; ખિન્નતા અનુભવે છે !** ખૂબી તો એ છે કે વચમાં બીજા પણ સંડોવાયા હોય, પરંતુ એમને દોષ ન આપતાં જાતનો દોષ જ ખાસ જુએ છે. પવનંજય અહીં પોતાની માતા કે સસરાને દોષ નથી આપતો, 'એમણે બધું બગાડી નાખ્યું, ખોટું કર્યું, કેવા મૂરખ માણસો !'...ઈત્યાદિ રોદણાં એ નથી રોતો.

**ખતરનાક ત્રિપુટી :-**



અંજનાના વિયોગ પાછળ એને હવે જીવવું ભારે બન્યું છે ! દુનિયામાં એવા પણ માણસો હોય છે કે જેમને મન પત્ની મરી એટલે ઉંદરડી મરી. પત્નીને કેવળ ભોગનું સાધન અને એક ગુલામડી સમજતા હોય એની પાસેથી બીજી શી આશા રખાય ? **ભોગલંપટતા, સ્વાર્થાંધતા અને ગુમાન તો માનવ જેવા ઉચ્ચ પ્રાણીની પાસે પણ પશુની કાર્યવાહી કરાવે છે ! કેઈ અધમ કૃત્યો સેવરાવે છે ! માનવતા કોણ ચૂકાવે છે ? એ જ.**

**ન્યાયસંપન્ન જીવન, પરોપકારી જીવન, સૌમ્યતાવાળું જીવન, બીજાની નિંદા-તિરસ્કાર વિનાનું જીવન,-એ જીવવાના અધિકાર કોણ ખૂંચવી લે છે ? એ જ ભોગલંપટતા, સ્વાર્થાંધતા અને ગુમાન.**

**આ ખતરનાક ત્રિપુટીએ તો જગત પર કાળો કેર વર્તાવ્યો છે. આજના ભયંકર અધઃપતન આના લીધે છે. જીવના અનંત કાળના ભવભ્રમણ આની ઉપર ઊભાં છે. એને જ્યાં સુધી મોળાં પાડવામાં ન આવે ત્યાં સુધી પ્રગતિ, ઉન્નતિ કે સદ્ગતિની આશા વ્યર્થ છે.**

પવનંજય એવો ભોગલંપટ નથી કે ચાલો એક અંજના મરી તો બીજી અનેક અંજનાઓ મળશે. નહિતર તો એ પરાક્રમી છે, વૈભવી છે, યશસ્વી છે, એને શું બીજી પત્નીઓ ન મળે ? મળે, મહા રૂપવતી વિદ્યાધર રાજકન્યાઓ મળે ! પરંતુ અંજનાસુંદરી જેવી ગુણભંડાર અને મહાસતીની ખોટ એને જીવવાનું મુશ્કેલ બનાવે છે, એટલે ચિતામાં બળી મરવા તૈયાર થયો છે !

એક બાજુ એની આ સ્થિતિ છે, ત્યારે બીજી બાજુ જુઓ કે અંજનાસુંદરીની હવે શી સ્થિતિ બને છે.

**અંજનાસુંદરી પાસે માણસો જાય છે :-**

પવનંજય અને અંજના બંનેની શોધ માટે પ્રહ્લાદે ચારે બાજુ મોકલેલ વિદ્યાધર પુરુષો પૈકી કેટલાક વિદ્યાધરો શોધતાં શોધતાં હનુપુર નગરમાં આવ્યા. ત્યાં રાજા પ્રતિસૂર્ય અને ત્યાં અંજનાસુંદરીને જોતાં ચકિત થઈ ગયા. અંજનાસુંદરીનો પત્તો લાગ્યો તેથી તો હર્ષિત થયા, પરંતુ પવનંજયના મળેલા સમાચાર ઉપર ઉદ્વેગ ઊભો છે. હવે તેઓ અહીં એની વિગત આપતાં કહે છે,

"પવનંજય યુદ્ધ પતાવી ઘરે પાછા આવતાં અંજનાસુંદરીની હકીકત જાણી નીકળી ગયા છે, અને એમણે તેમના મિત્ર પ્રહસિત સાથે ઘરે કહેવરાવ્યું છે કે 'મેં અંજનાસુંદરીની શોધ કરી પણ પત્તો લાગ્યો નથી, છતાં હજી શોધીશ અને નહિ મળે તો એના વિરહને સહવા અશક્ત હોવાથી અગ્નિમાં પડી બળી મરીશ.' આવી પ્રતિજ્ઞા કહેવરાવવાથી એમના પિતાએ એમની અને અંજનાસુંદરીની શોધ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

માટે રાજાઓની પાસે માણસો મોકલ્યા છે, તેમાં અમે પણ અહીં આવ્યા છીએ."

**રાગ એ દુઃખનું મૂળ :-**

કહો જો, અંજનાસુંદરી આ સાંભળીને ક્યાં ઊભી રહે ? મહાસતી, મહાપતિવ્રતા એવી એના માટે તો પતિના આ સમાચાર સાંભળવા મહાકઠિન હતા. તે વિષપાનની જેમ એ વચનપાન કરતાં વેંત જ એના મુખમાંથી 'હાય ! મરી હું !' એમ ચીસ પડી ગઈ અને ત્યાં તરત જમીન પર મૂર્ચ્છા ખાઈને પડી. જગતમાં રાગ શું કામ કરે છે ! પવનંજય પર અથાગ રાગ છે તો આ સ્થિતિ બને છે. નહિતર તો દુનિયામાં બીજા કેઈના આવા પ્રસંગ બનતા હોય છતાં ક્યાં ખેદ થાય છે ? માટે જ વીતરાગ ભગવાનનો એ ઉપદેશ છે કે **રાગ જ દુઃખનું મૂળ છે. 'पापाद् दुःखम्' કહેવાય છે એ ખોટું નથી, પરંતુ પાપ થવામાં ય મૂળ કારણ રાગ હોય છે. જેટલા જેટલા અંશે રાગ ઓછો કરવામાં આવે તેટલા તેટલા અંશે પ્રત્યક્ષમાં પણ દુઃખ ઓછું થવાનું.** અંજના મૂર્ચ્છિત થઈ ગઈ. તરત જ ચન્દન વટાવી એના શીતળ પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. વીંજણાથી પવન વીંજવામાં આવ્યો; થોડી વારે એણે આંખ ખોલી, પરંતુ મગજ પર દુઃખના અત્યંત ભારને લીધે એ ઉઠીને કલ્પાંત કરે છે ! કહે છે,

**મહાસતીનો કલ્પાંત :-**

**'અરે આ તે કેવી ઘટના કે પત્નીની પાછળ પતિ મરે ! હજી ય પતિના મૃત્યુ પાછળ એના ભયંકર શોકને લીધે પતિવ્રતા સ્ત્રીઓ અગ્નિમાં બળી મરતી હોય છે; કેમકે એને તો જીવનભર માટે એક જ પતિ, અને તે પતિ વિનાનું જીવન એને મહાદુઃખકારી બને છે. પરંતુ જેને હજાર સ્ત્રીઓ હોય એવા પતિને કોઈ એક પત્નીનો વિયોગ થાય તો તેનો શોક શાનો ? અને શોક હોય તો ય તેથી ક્ષણિક હોય; પછી તેની પાછળ બળી મરવાની વાતે ય ક્યાંથી હોય ? ત્યારે આ તો ઊલટું થયું, કે મારા વિયોગમાં, હે નાથ ! તમે બળી મરવા તૈયાર થયા છો !**

**ધિક્કાર તો મને છે કે હા ! તમારા વિયોગે એક સ્ત્રીજાત એવી હું હજી જીવતી ઊભી છું !**

**ખરેખર નાથ ! મહાસત્ત્વશાલી આપ અને અલ્પ સત્ત્વવાળી હું, બેની વચ્ચે મહાન અંતર મેં હવે જાણ્યું ! અહાહા રત્ન તે રત્ન અને કાચ તે કાચ ! કેવીક ધિટ્ઠ હૃદયની હું !**

**અરેરે નાથ ! મારા જેવી રાંકડી ખાતર આ તમે બળી મરવાના ? મારે માથે આ કેવા દુઃખના પહાડ તૂટી પડ્યા ! આમાં સાસુ-સસરાનો ય દોષ નથી તેમ માતા-પિતાનો ય નથી, દોષ તો મારાં જ કર્મનો છે.'**





# (૪૩) આધ્યાત્મિક પ્રવચન

**ઉત્કર્ષ-અપકર્ષનાં ઈનામ :-**

પવનંજયના ઈકરારની જેમ અંજનાનો આ **કલ્પાંત પણ કેટલો બધો ગુણગ્રાહી છે ? કેવોક પરગુણપ્રેક્ષી અને સ્વદોષદર્શી છે !** શાસ્ત્રકારો આ ભાવને ઉચ્ચ-ગોત્ર નામનાં પુણ્યબંધનું કારણ કહે છે, એ પછી ઊંચા કુળમાં જન્મ અપાવે છે.

**નિજના અપકર્ષ એટલે કે પોતાનું હલકું અને પરના ઉત્કર્ષ એટલે કે બીજાનું ઊંચું ગાઓ તો ઉચ્ચ ગોત્ર મળે; એથી ઊલટું,**

**નિજના ઉત્કર્ષ અને પરના અપકર્ષ ગાઓ કે નીચ ગોત્ર ચોંટે !**

**ત્યારે નિંદા એ શું છે ?** પરના અપકર્ષ ગાવાનું જ ને ? બીજાનું ઘસાતું બોલવાનું જ ને ? એમાંથી ઈનામ શું મળવાનું ? નીચ ગોત્ર નામના પાપકર્મની કમાઈ કે બીજું કાંઈ ? પણ માત્ર આટલું નહિ, પરંતુ શાસ્ત્ર જ્યારે નિંદા એટલે કે પરાપકર્ષને નીચ ગોત્રનું કારણ કહે છે ત્યારે એ હૈયાનો અશુભ ભાવ હોવાનું નક્કી થાય છે; અને **અશુભ ભાવ એ બીજા કેટલાંય શુભને બદલે અશુભ કર્મોનો ય ઉપાર્જક છે !** દા.ત. યશ-સૌભાગ્ય-આદેયવચન-શુભવર્ણાદિ વગેરે ઉપાર્જાય નહિ, પરંતુ અપયશ-દૌર્ભાગ્ય-અનાદેયવચન-અશુભ વર્ણ રસ, ગંધ, સ્પર્શ, આદિ પાપકર્મો; એમ શાતાવેદનીય પુણ્ય નહિ પણ અશાતાવેદનીય પાપ; ઉપરાંત જ્ઞાનાવરણીય, દર્શનારણીય, મોહનીય અને અંતરાય કર્મ ચીકણાં બંધાય,- એ તો વધારામાં ! કહો જો જ્યાં બહુ લેવા-મૂકવાનું છે નહિ એવી નિંદા, એવા પરના અપકર્ષ, એવું બીજાનું ઘસાતું, અને પોતાના ઉત્કર્ષ અર્થાત્ નિજનું ઊંચું બોલવા-વિચારવામાં શો સાર કાઢ્યો ? એ જ કે નીચ ગોત્રાદિ અનેકાનેક પાપકર્મના કચરા આત્મઘરમાં ઘાલ્યા !!

**નિંદા અને નીચ ગોત્રની ખંધાઈ અને જોહુકમી :-**

એમાં એક નીચ ગોત્ર કર્મ પણ એટલું બધું ખંધુ છે કે એનાથી હલકા કુળમાં, હલકા ભવમાં જન્મ મળ્યો એટલી વાર ! પછી તો ત્યાં એ ઢેડ-ભંગી-ચંડાલ કે તિર્યંચના ભવમાં સારું સૂઝવાનું નહિ અને તે તે કુળ કે ભવમાં સુલભ એવું હલકું જીવન જીવવાનું ! વાઘ-બિલાડી-ગિરોલી વગેરેના ભવ જ એવા છે માટે જ દિન-રાત 'જીવને મારું મારું' એવી લેશ્યા રહે છે ને ? હલકા અવતારમાં હિંસા, જૂઠ, માંસાહાર, મહાનિંદા, કલહ-ટંટા, વગેરે કેઈ મહાહલકી કાર્યવાહીનું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

જ જીવન ! એના પરિણામે નરકાદિ દુર્ગતિઓનો દીર્ઘ સંસાર જ નીપજે કે બીજું કાંઈ ? કહો જો નીચ ગોત્રની આ કેવી જોહુકમી ? તેમ નીચ ગોત્રને લાવનાર પરાપકર્ષ, નિંદા, સ્વોત્કર્ષ, અભિમાન, વગેરેની કેટલી ખંધાઈ અને જોહુકમી ?

**શાસન પામેલાની દશા :-**

માણસને પેટભરીને નિંદા કરતાં રસ આવે છે ! જાતની વડાઈ ગા-ગા કરતાં થાક લાગતો નથી ! વાતવાતમાં બીજાનું ઘસાતું અને જાતનું ઊંચું બોલવા જોઈએ છે ! એ વખતે એના ભયંકર પરિણામની હારમાળાનો કોઈ વિચાર આવતો હશે ? એ વિચાર આવે તો આવી પાશવી પ્રવૃત્તિ કરે જ શા માટે ?

**જેનો પ્રત્યક્ષમાં ખાસ લાભ નહિ અને પરોક્ષમાં દુર્ગતિઓમાં ફેંદાઈ જવું પડે, એવું બોલવા-ચાલવા કે વિચારવાનું જૈનશાસન પામેલો આત્મા શાનો કરે ?** શાસન પામેલો એટલે કર્મ, કર્મબંધના કારણ અને વિપાક-પરિણામ જેને સાંભળવા-સમજવા અને સદ્દહવા મળ્યા છે તે...**એને તો હવે બીજાનું ઘસાતું કે જાતની વાહ-વાહનું બોલતાં સત્તર વિચાર પડે. હવે તો એને અવસર મળે ત્યાં શોધી શોધીને બીજાના ગુણ જ અને પોતાના અવગુણ જ વિચારવા-બોલવાની સાવધાની રહે, તત્પરતા રહે.** વીતરાગ પરમાત્માના શાસન પામેલાની આ દશા હોય. **સામાના સો અવગુણ પડતા મૂકીને એક ગુણ, એક સારી વાત પણ શોધી કાઢી દૃષ્ટિ એના પર જ ઠેરવે.** કૃષ્ણ મહારાજે ગંધાઈ અને ફદફદી ઉઠેલા કૂતરીના કલેવરમાંથી સફેદ દંતની પંક્તિ શોધી કાઢીને એના પર જ દૃષ્ટિ ઠેરવી ગાયું કે 'કેવી મોતીના દાણા જેવી સફેદ આ દાંતની પંક્તિ !' આમ કરવામાં એમની શી હલકાઈ થઈ ? ઊલટું, બીજાઓ અચરજ પામ્યા ! અને પોતાનું હૃદય સામાનું હલકું વિચારતાં હલકું બનત, ક્ષુદ્ર બનત, કાળુ વિચારતાં કાળું થાત તે અટક્યું ! લખી રાખો,-

**મન એ ભીંત છે, એના ઉપર પરાપકર્ષ, યાને બીજાની હલકાઈના વિચારરૂપી કાજળના કૂચડા લગાવશો તો કાળાશ ચઢશે ! અને બીજાનાં ગુણાનુરાગના વિચારરૂપી સફેદાના કૂચડા લગાવશો તો સફેદાઈ ચઢશે !**

**હૈયું હલકા વિચારે ક્ષુદ્ર અને તામસી બને છે, ઉમદા વિચારે ઉમદા અને સાત્ત્વિક બને છે.** બીજાની હલકાઈનો વિચાર એ હલકો વિચાર છે, પોતાની વડાઈનો વિચાર એ પણ હલકો વિચાર છે, બીજાની વડાઈનો વિચાર એ ઉમદા વિચાર છે, પોતાની હલકાઈનો વિચાર પણ ઉમદા વિચાર છે. જેવો વિચાર તેવા બોલ. એ બોલ પણ એમ જ હલકા યા ઉમદા છે.

**જીવનને અજવાળવું હોય, પ્રકાશમય કરવું હોય તો ઉમદા વિચાર અને ઉમદા ઉદ્ગાર રાખો; નહિતર હલકી વિચારસરણી તથા હલકા વાણી-વિલાસથી**



**જીવન કાળું અંધકારમય થશે.**

**નરસા ભૂતકાળ ભૂલાય તો :-**

અંજનાસુંદરી જે કલ્પાંત કરે છે, એમાં પતિના ઉત્કર્ષનો અર્થાત્ વડાઈનો અને જાતના અપકર્ષનો યાને હલકાઈનો વિચાર છલોછલ ભર્યો છે. જો જો હોં, પતિએ પરણ્યા બરાબર ૨૨-૨૨ વર્ષ સુધી તરછોડવામાં બાકી રાખી નથી, પરંતુ એમાંનું કશું જ એના મનને સ્પર્શતું સરખું ય નથી તો એને વખોડવાની વાતે ય શી ! નરસા ભૂતકાળ ભૂલ્યા વિના વર્તમાન સારું નહિ દેખાય. એ તો પતિની એ વડાઈ જુએ છે કે આશ્ચર્ય છે કે-'જ્યાં પતિની પાછળ શોકવશ પત્ની તો બળી મરે, પણ આ તો પત્નીની પાછળ પતિ સળગી મરવા તૈયાર થયા છે ! તેમાં ય જેને હજાર પત્ની મળે એવો પતિ !' જીવતા બળી મરવાનું સહેલું નથી ! પોતે હામ-દામ-ઠામથી પૂરો છે ! જે પત્નીના વિયોગ પાછળ આ કરાય છે, એને ધકેલી મૂકવાનો વાંક પોતાની માતાનો છે; છતાં એ ગમે તે હો, પણ પોતે ખૂબ શોધ કરી પત્ની ન મળી તો હવે જીવન ત્યાગના નિર્ણય પર આવ્યો છે !

**શું જોતાં આવડે છે ? :-**

અંજનાના મનને આ પતિની મોટી વડાઈ જ નજરે ચઢે છે. વડાઈ શોધવી હોય તો ન જડે ? 'વૈભવી જીવનના હજાર રૂપસુંદરીઓ સાથેના રંગરાગ અને જગતમાં જય, વિજય અને સત્તાના ભોગવટા જતા કરી એ પ્રાણનાં બલિદાન કરે છે,' એમ વિશેષતા જોવી હોય તો એમ જોવાય; અને એના બદલે 'હાય ! આણે મને ૨૨-૨૨ વર્ષ તો રઝળાવી, હવે લ્યો મરવા ચાલ્યા ! મોટા વિદ્યાધર રાજાના ઘરે જન્મેલી છતાં મારાં સંસારસુખ સળગાવી નાખ્યા !'...આવો વિચાર કરવો હોય તો તે ય કરી શકાય. પણ ના, અંજનાને તો પતિની વિશેષતા જ જોવી છે. એ જ્યારે હજાર સ્ત્રીઓના ભોગને પણ ખોવા તૈયાર થાય છે તો પોતાને એક પતિના ભોગ ન મળ્યા તો શું ?

**આશ્વાસનની ચાવી :-**

નિસાસાને બદલે આશ્વાસન લેવા હોય તો મળે, પણ તે સરખી ટકાવારી મૂકતાં આવડે તો. **જીવનમાં કેટલાં ય સુખ-દુઃખ તો સવળી-અવળી ટકાવારી ઉપર મંડાય છે. તમારા કરતાં બીજા કેઈને અધિક દુઃખ છે એ જોવા દૃષ્ટિ ખુલ્લી રાખો તો તમારા દુઃખના ટકા કપાય.** ત્યારે બીજાને બહુ સુખ છે, બહુ સુખ છે, એ જોયા કરશો તો છતાં સુખે તમારી જાત દુઃખી લાગશે; પછી કાં ઈર્ષ્યા થશે, કાં નિસાસા ઊઠશે અને એના સંતાપથી શરીરે ય અડધા થઈ જશો, તેમ દુર્ધ્યાન વગેરે કેઈ દોષ-દુષ્કૃત્યોથી પાપના ભાર પણ વધશે !



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

અંજનાને દુનિયાની બીજી સુખી સ્ત્રીઓ તરફ જોવું નથી કે-'હાય ! એ બધીને સુખ અને મારે આ વિટંબણા ?' તેમ પોતાના ભોગસુખ લૂંટાઈ જતા દેખાય છે એના તરફ દૃષ્ટિ નાખવી નથી. એટલે એ કોઈ અઘટિત ઉદ્ગાર કાઢતી નથી. એ તો પતિની મહાન વિશેષતા જ જોઈ રહી છે ! એટલે એ બોલે છે કે-**'નાથ ! આ તમારું કેવુંક આશ્ચર્ય કે મારી એકની ખાતર બળી મરવા તૈયાર થયા છો !'**

પતિની એટલી જ વિશેષતા નહિ, પણ પોતાનામાં રહેલી હીનતાની યાને અપકર્ષની દૃષ્ટિએ પણ એનામાં રહેલી અધિકતા, ઉત્કર્ષ એ પ્રગટ કરે છે; કહે છે કે-**'જ્યારે પતિના વિયોગમાં હજી પોતે જીવતી રહેવાની ધૃષ્ટતા કરી રહી છે ત્યારે પતિ એના વિયોગમાં પ્રાણ-ત્યાગ કરવા તૈયાર થાય છે !'** તેથી જ ૨૨-૨૨ વરસ પતિને દોષ દીધા વિના એક સરખું સહન કરનારી આ મહાસતી પોતાને અલ્પ સત્ત્વવાળી અને પતિને મહાસત્ત્વ ધરાવનાર તરીકે વ્યક્ત કરે છે !

**આશામાં તણાવાથી સત્ત્વહીનતા :-**

આપણને વિચાર થશે કે આમાં અલ્પસત્ત્વ મહાસત્ત્વ શું ? પણ અંજનાના આ એક આંતરનિરીક્ષણની વસ્તુ સમજવા જેવી છે. વર્ષો સુધી એક પણ દિવસ પવનંજય અંજના પર દૃષ્ટિપાત સરખો કરતો નહોતો, તો ય અંજના સમજે છે, "મને આશા રહેતી કે 'એ કાલે સામું જોશે, પરમ દિ' જોશે અને હું એ આશામાં તણાયા કરતી.' ત્યારે બીજી બાજુ એ જુએ છે કે પવનંજય પોતે શોધ કરતાં હું ન મળી તો હવે આશામાં નથી તણાતા કે 'હજી અંજના મરી ગયાના સમાચાર ક્યાં મળ્યા છે ? એટલે ક્યારેક મળવાની આશા રહે છે." એ તો હવે આશામાં તણાવાનું મૂકી દે છે, અને તેમ કરીને પણ બીજી રીતે સુખ-વૈભવ ભોગવવાની વાત નહિ, પણ પ્રાણત્યાગની તૈયારી ! આમ **આશામાં તણાવા પાછળ અલ્પસત્ત્વ અને આશાની ગુલામી મૂકી દેવા પાછળ મહાસત્ત્વ,** અંજના જોઈ રહી છે !

વાત પણ સાચી છે કે **માણસને આશા જ મારે છે; આશા જ સત્ત્વહીન બનાવે છે.** વઢકણી અને રોફ બજાવી અપમાન કરનારી પણ પત્ની પાસેથી ભાવી સુખ મળવાની આશામાં પતિ સત્ત્વહીન બની એની ગુલામી ઉઠાવ્યે જાય છે ને ? એ આશામાં ન તણાય તો પોતે યોગ્ય કરવા-કહેવાનું સત્ત્વ શું ન દાખવી શકે ? નોકરને રોજ દબડાવનાર શેઠ પાસેથી જ આજીવિકા મળશે, બીજે નહિ,-એવી આશામાં તણાતો નોકર હીનસત્ત્વ બની ખોટી દબામણી સહન કરે છે ને ? એવી આશામાં ન તણાય તો ભાગ્ય પર વિશ્વાસ રાખી યોગ્ય શબ્દોમાં પ્રતિકાર કરવાનું સત્ત્વ શું ન બતાવી શકે ?



**સત્ત્વ નહિ એટલે માનવતાનું દેવાળું :-**

એથી ય આગળ જુઓ કે માન-પાન અને વૈભવ-વિલાસના સુખની આશામાં તણાઈ માણસ એટલું બધું સત્ત્વ ગુમાવી દે છે કે એમાં એ માનવતાના પણ ગુણો ગુમાવી દે છે ! એ ન્યાયસંપન્ન વ્યવહાર, અનિંદ્ય પ્રવૃત્તિ, કામ-ક્રોધાદિ અંતરંગ શત્રુનો નિગ્રહ, દીર્ઘદૃષ્ટિ, વિવેક, સૌમ્યતા, પરોપકાર વગેરે ગુણોનું દેવાળું કાઢે છે ! શાથી આમ ? સત્ત્વ ગુમાવ્યું છે માટે. સત્ત્વ શાથી ગુમાવ્યું ? ભાગ્ય ન વિચારતાં ખોટી આશામાં તણાયો માટે. સમજી રાખો **સત્ત્વ ટકાવી રાખવું હશે તો ખોટી આશામાં તણાવાનું બંધ કરવું પડશે; અને સત્ત્વ હશે તો જ ગુણરક્ષા, ધર્મસાધના વગેરે આત્મોન્નતિના માર્ગે ચાલી શકાશે.**

(૧) સત્ત્વહીન માણસો તો વાત-વાતમાં તપી ઉઠે છે, કલેશ-કંકાસ કરે છે. ક્ષમા-સૌમ્યતા એમને મોંઘા પડે છે. (૨) સત્ત્વ રહિત જીવો હાલતાં-ચાલતાં જૂઠ બોલે છે, ને સત્યને ઠોકરે મારે છે; ત્યારે અવસરે પણ સત્ત્વ રક્ષવાની વાતે ય શી ? (૩) સત્ત્વ નહિ હોવાથી જ અવસરોચિત શક્ય એવો પણ પરમાર્થ ગુમાવી સ્વાર્થમાં અંધ બન્યા રહેવાય છે ! આવા તો કેઈ ગુણનાશ અને દુર્ગણપોષણ સત્ત્વહીનતાને લીધે સ્ફુરાયમાન રહે છે. એ સત્ત્વહીનતા શાથી ? કહો, આશાની ઘસડામણને પ્રતાપે. **ખોટી આશા મૂકી દેવાય, અને એ માટે દેવ-ગુરુ-ધર્મ અને પોતાના ભાગ્ય પર વિશ્વાસ રખાય, તો હમણાં સત્ત્વ ખીલે; અને સાત્ત્વિક બનીને ગુણરક્ષા તથા દાનાદિ વિવિધ ધર્મ-પરાક્રમો સારી રીતે અજમાવાય.**

**કોની ખાતર શું જતું કરાય ? :-**

અંજનાએ પોતાની અલ્પ સત્ત્વતા નિહાળી. એટલું જ નહિ પણ કહે છે, **'હે ભાગ્યવાન વીર પુરુષ ! મારા જેવી રાંકડીને ખાતર તમે કાં જીવન નાશ કરી રહ્યા છો ?' એટલે ?**

**એ જ કે, આવા મહાકિંમતી જીવનનો ભોગ આપવાનું કોઈ તેથી પણ વધુ કિંમતી વસ્તુ ખાતર કરાય, પણ નહિ કે તુચ્છ વસ્તુ ખાતર !** સમજાય છે આ ? 'હા,' 'શું હા ?' અંજનાની ખાતર પવનંજયે પ્રાણત્યાગ નહિ કરવા જોઈએ એ જ સમજાય છે ને ? ના, એ સમજવાનું નહિ; સમજવાનું તો એ છે કે-**'આ તમને મળેલું ધર્મજીવન એ મહાકિંમતી છે, એનો ભોગ આપવાનું તુચ્છ લક્ષ્મી અને તુચ્છ વિષયો ખાતર ન કરાય.** અહીં મળેલા દેવાધિદેવ અને એમના શાસન તથા મહાવ્રતધારી ગુરુઓના સંયોગ મહાકિંમતી છે, એ સંયોગના મહાલાભ ઉઠાવવાને બદલે, એમાંથી **સુંદર ગુણોની, સુકૃતોની અને શુભ ભાવનાઓની કમાઈ કરી લેવાને સ્થાને, એ મહા મોંઘેરા સંયોગોને એમ જ નિષ્ફળ જતા કરવાનું જે કરી**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**રહ્યો છું, તે કોની ખાતર ?** તુચ્છ તૃષ્ણા, તુચ્છ મમતા ને તુચ્છ ધન-માલની ખાતર જ ને ? એ મારી કેટલી મોટી મૂર્ખતા છે ! મને ભાન નથી કે-**'આ કોની ખાતર કોને જતા કરું છું ?...'** આવું આવું સમજવાનું છે. **માનવ જીવનની દિવ્ય વિશેષતાઓ કઈ, તેનો ખ્યાલ નથી, તેની સમજ નથી, એટલે જ આજે એ વિશેષતાઓને તુચ્છ ધનોપાર્જન અને ભોગ-વિલાસની લંપટતામાં જતી કરાય છે.** વિવેકની જરૂર છે, વિશેષતાઓનો તફાવત આંકવાની જરૂર છે, સત્ય અને નીતિની વિશેષતા કેટલી ? અને સત્ય-નીતિના ભોગે મળેલી સંપત્તિ કે સુખ-સગવડની વિશેષતા કેટલી ? તપ, ત્યાગ અને ઇન્દ્રિયજયની કિંમત કેટલી ? અને એને જતા કરી પોષેલી કાયા, અને ઇન્દ્રિયોની કિંમત કેટલી ? આ વિશેષતાનો ફરક માપવાનો છે. સાચો ફરક સમજાય ત્યારે મન એમ નિર્ધાર કરે કે-**'ઓછી કિંમતી વસ્તુ ખાતર મહાકિંમતી વસ્તુને જતી ન કરું,'** અને કદાચ મોહાદિવશ જતી કરવી પડે તો કમમાં કમ ખેદનો પાર ન હોય ! પોતાની મહામૂર્ખતા ભાસે ! ભારે નિસાસો પડે કે-**'આમાં મારું થશે શું ?' પછી, એવી મહાકિંમતી સાધનાની ખોટ વહોરી તે બદલ એટલો બધો ઉદ્વેગ હોય કે એના ભોગે મેળવેલી પેલી તુચ્છ વસ્તુમાં હર્ષ ન માનવા દે, એના ગુણગાન ન કરવા દે; એમાં નિશ્ચિન્ત ઠરવાનું ન થવા દે; સદા ચિન્તા રહ્યા કરે, અને હવે તો મહાકિંમતીની સાધના કરવા ખાતર તુચ્છ લક્ષ્મી, વિષયો અને માનપાનાદિને જતા કરવાનું સત્ત્વ કેળવવા મથે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"    વર્ષ-૬,અંક-૪૩,તા.૧૯-૭-૧૯૫૮

# (૪૪) આધ્યાત્મિક પ્રવચન

અંજનાસુંદરી પોતાના જેવા પામર પ્રાણી ખાતર પોતાનો પતિ મહાકિંમતી જીવનનો નાશ કાં કરી રહ્યા છે, એનું દુઃખ ધરે છે; અને કલ્પાંતમાં અંતે પોતાના માથે આટલી બધી કષ્ટમય વીતક વીતી તેમાં દોષ બીજા કોઈનો ય નહીં, માત્ર પોતાના પૂર્વકૃત કર્મનો જુએ છે. આ ઓછી વિવેકદષ્ટિ નથી ! કમ જાગ્રતિ નથી ! સાસુનો વાંક નહિ, સસરાનો નહિ, પતિનો નહિ, માબાપ કે મોટા ભાઈનો નહિ, વાંક માત્ર પોતાના કર્મનો.

**કર્મનો વાંક જોવે એ દિવ્ય દૃષ્ટિ :-**

**જૈનશાસનની બલિહારી છે કે પોતાના કર્મનો વાંક જોવાની દિવ્યદષ્ટિ આપે છે ! સ્વકૃત કર્મનો જ વાંક જોવાની દિવ્યદષ્ટિ જાગ્યા પછી કોર્ટ-કચેરીએ ચઢવાનું**



**રહેતું નથી, સામસામા મોરચા માંડવાના હોતા નથી, સામાને બતલાવી આપવાની, ને યાવત્ એનાં કચ્ચરઘાણ કાઢવા સુધીની કાળી લેશ્યા ધરવાની હોતી નથી. એમાં તો કેવળ પોતાના થોકબંધ પાપનો ચૂરો કરવાની અને ત્યાં સુલભ એવા અરિહંતાદિ ચારના-શરણ તથા પરમેષ્ઠીના સ્મરણ દ્વારા પુણ્યાનુબંધી પુણ્યના થોક ઉપાર્જવાની જ વાત હોય છે.** કલ્યાણમિત્ર મહાસતી મદનરેખાની પ્રેરણાથી એના પતિ યુગબાહુએ એ જ કર્યું હતું, તો એ પાંચમા દેવલોકે ઋદ્ધિસંપન્ન દેવ થયો, અને વિશેષમાં જૈનધર્મની અટલ શ્રદ્ધા કેળવી ભાવી ઉજ્જવળ કારકિર્દીને સુલભ બનાવી ! **ગજસુકુમાર, ખંધક મુનિ, સાધુ સુકોશલ,** વગેરેએ એ જ રીત અખત્યાર કરી, સર્વ કર્મબંધનોથી મુક્ત થઈ સિદ્ધિપદે સિધાવ્યું !

**અંજનાને મામાનું સાંત્વન :-**

અંજનાસુંદરી પતિની વિશેષતા, પોતાની અલ્પસત્ત્વતા અને કર્મનો જ વાંક વિચારતી કલ્પાંતભર્યા રુદન કરી રહી છે, એને મામો પ્રતિસૂર્ય સાંત્વન આપે છે. શું સાંત્વન આપ્યું હશે ? એવું જ કંઈક કે,

**સાંત્વન માટે વિવિધ પ્રકારની સમજ :-**

"ભાણી ! શાંત થા, ધૈર્ય ધારણ કર. **આટઆટલું સહન કરનારી અને તત્ત્વ સમજનારી તારે આટલો બધો કલ્પાંત કરવાનો હોય ?** આપણે પવનંજયને શોધવા પ્રયત્ન કરીએ છીએ. તારા પિતા અને બીજાઓ પણ શોધવા નીકળી પડ્યા છે એટલે કદાચ પવનંજયને એમણે શોધી ય કાઢ્યો હશે. તો અધીરાઈ શા માટે કરવી ? ને જો,

**"જીવનમાં દસકો ઊંચો ને દસકો નીચો ચાલ્યા જ કરે છે.** તેં આટલું બધું સહન કર્યું છે, તો હવે એવું એકલું સહન જ કરવાનું થોડું જ ચાલ્યા કરશે ? આપત્તિ-સંપત્તિ ક્યાં કાયમ ટકી રહે છે ? **સૂર્ય અસ્ત** પામ્યા પછી શું ઉદય નથી પામતો ? **સમુદ્રમાં ઓટ** આવી ગયા બાદ શું ભરતી નથી આવતી ? માણસના જીવનમાં **ભાગ્યનું ચક્ર** ફર્યા કરે છે, એટલે મને તો લાગે છે કે તેં જે સહ્યું છે એના દહાડા હવે ભરાઈ ગયા છે. હવે સુખ-શાંતિના દિવસ નજીકમાં છે. ને, ગુફામાં મહામુનિ તને શું કહી ગયા છે તે તો વિચાર. માટે કલ્પાંત રહેવા દે. **શોક અને કલ્પાંતથી તો ભાગ્યવંતી ! વળતું કોઈ નથી, ને મહાન કર્મબંધન વધે છે. યોગ્ય પુરુષાર્થ કરવાને બદલે રોતાં બેસી રહેનાર ઉપર તો ભાગ્ય જાણે હસે છે કે-'આ નાદાન જીવ કેવો મારા મારને પોતે જાતે જ બેવડાવી રહ્યો છે ! જાતે જ બમણો કરી રહ્યો છે !'**

**"ત્યારે ભવિતવ્યતા બળવાન છે,** એ પણ ધ્યાનમાં લે. ભાવી ભાવ અનુસાર



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

જે બને એને કોણ અટકાવી શકે છે ? તીર્થંકરનાથ જેવા પણ એને રોકી શકતા નથી, તો એની સામે તો ધીરજ ધરવાની હોય.

"ખરી રીતે તો **જેને ભગવાન જિનેશ્વરદેવનું આલંબન મળ્યું છે, એમના શાસનની ઓથ મળી છે એ તો આપત્તિઓના ધાડાંને ય કહી શકે, 'મારા દિલમાં જ્યાં સુધી ત્રણ લોકના નાથ વસ્યા છે, જગતદયાળુ જિન વસ્યા છે, ત્યાં સુધી મારા સદ્ભાગ્યની અવધિ નથી. મારે કાંઈ જ રોવાની જરૂર નથી.' ઇન્દ્રો જેવાને ય પૂજ્ય એવા જે વીતરાગ પ્રભુ અને એમનું શાસન, એ પામેલાને તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યા છે, પછી બીજી તુચ્છ વસ્તુની ખોટ શાની લાગે ?**

"બાકી તો અંજના તું એટલું સમજ કે **આપત્તિ એ તો આપણા આત્માનું સંશોધન કરી શુદ્ધિ કરવાનો અગ્નિતાપ છે. સોનું** અગ્નિમાં પડ્યાથી શું ગુમાવે છે ? કંઈ જ નહિ, ઊલટું રહ્યા-સહ્યા મેલને બાળીને સાફ થઈ જવું પડે છે, ને સુવર્ણ સો ટચનું શુદ્ધ થઈને ઊભું રહે છે ! **લોઢું** ઘણના ઘા ખાઈને સુંદર ઘડતર અને મજેના ઘાટ પામે છે ! **પાષાણ એ શિલ્પીના ટાંકણા ખાઈને પરમાત્માની મૂર્તિ બની જગતની પૂજા-પ્રતિષ્ઠા પામે છે."**

ઇત્યાદિ ગમે તેમ સમજાવીને અંજનાને શાંત કરી અને એને લઈને બધા વિમાનમાં ઉપડ્યા પવનંજયને શોધવા.

**પ્રહ્લાદને પવનંજયનો પત્તો :-**

હવે અહીં એવું બન્યું છે કે પવનંજયના પિતા પ્રહ્લાદ પવનંજયને શોધતાં શોધતાં જોગાજોગ બરાબર તે વખતે ભૂતવનમાં આવી પહોંચ્યા છે કે જ્યારે પવનંજય વનદેવતાને પોતાનો ઇકરાર અને અંજનાને કહેવાનો સંદેશ સંભળાવે છે, અને અગ્નિની ચિતામાં ઝંપાપાત કરવા ગગનમાં ઊંચે ઊડે છે. પ્રહ્લાદ એના શબ્દ સાંભળી ગભરાટમાં ઝપાટાભેર આવી પહોંચે છે અને જેવો પવનંજય ઝંપાપાત કરવા જાય છે તેવો જ પ્રહ્લાદ રાજા પાછળથી આવી ઝટ એને પોતાના બંને હાથથી છાતીસરસો પકડી લે છે.

**ધર્મક્રિયામાં ધૂન :-**

પવનંજયને તો આ પાછળથી આવે છે એની ખબર જ નહોતી; કેમકે એ તો એક જ ધૂનમાં હતો કે હવે આ હું બળતી ચિતામાં ઝુકાવી દઉં છું. ધૂન ચીજ જ એવી છે કે માણસને આગળ-પાછળનું જોવા જ ન દે; એટલો બધો એમાં ઓતપ્રોત કરી દે છે. માટે તો જ્ઞાનીઓ કહે છે કે જેવી રીતે અર્થ-કામનો રસિયો સંસારી જીવ એમાં ધૂન લગાવીને આગળ-પાછળ શું બને છે એનો કોઈ જ ખ્યાલ નથી કરતો, એવી રીતે **ધર્મના રસિયા જીવે ધૂન લગાવીને ધર્મમાં એવા ઓતપ્રોત**



**થઈ જવું જોઈએ કે આગળ-પાછળ ક્યાંય મન જાય નહિ.** પ્રભુનાં દર્શન, પૂજા કે ચૈત્યવન્દનમાં આત્મા એવો ગુલતાન થઈ જવો જોઈએ કે એની જ એક લેશ્યા હોય. મહામંત્રી પેથડશાહ ફૂલોથી પ્રભુની અંગરચના ઓતપ્રોત બનીને કરતા હતા તો પાછળથી રાજા આવી બેઠો પણ પોતાનું ધ્યાન ગયું નહિ. ખબરે ય ન પડી. એ તો રાજાએ મંત્રીને એકેક ફૂલ આપનાર માણસની જગાએ બેસી ખોટું ફૂલ આપ્યું ત્યારે પેથડશાહ પાછળ જોતાં રાજાને જોઈ આશ્ચર્ય પામ્યા. **જેવી આ ક્રિયા. તેવી નવકારવાળી, સામાયિક, સ્વાધ્યાય, ઉપદેશ-શ્રવણ વગેરે ક્રિયામાં ધૂન લાગવી જોઈએ, ઓતપ્રોત થઈ જવું જોઈએ, એની જ એક લેશ્યા રહેવી જોઈએ. આગળ-પાછળની કશી વાત-વસ્તુમાં ધ્યાન ન જાય તો જ એ ઊંચી ક્રિયાઓનાં ઊંચા ફળ મળે; આત્માનો જુગજૂનો ચંચળતાનો સ્વભાવ, આડા-અવળા ડાફોળિયાં મારવાની કુટેવ મોળી પડતી આવે; અને આત્મા. મન, હૃદય એ શુભ પ્રવૃત્તિમાં ઠરે ! મહાઆનંદ અનુભવે !**

પવનંજય ધૂનમાં હતો, એને પિતા આવી રહ્યા છે એની કોઈ જ ખબર નહોતી, પાછી ઝંપાપાતની ઉતાવળ હતી; એમાં એકાએક કોઈ બાહુથી પકડી લે છે એ જોતાં જ એકાએક બૂમ પાડી ઉઠે છે,

"પ્રિયના વિયોગનું દુઃખ નિવારવાના મૃત્યુની આડે હમણાં આ મને વિઘ્ન કોણ કરી રહ્યું છે ?"

પ્રહ્લાદને પણ આંખમાં આંસુ ભરાઈ આવે છે, તરત કહે છે : 'વિઘ્નભૂત બીજો કોઈ નહિ પણ આ તારો પાપી પિતા છે કે જેણે પુત્રવધૂના દેશવટાની તરફ ઉપેક્ષા કરી.' પોતાના વહાલસોયા પુત્રનું આ ભડભડતી ચિતામાં આત્મબલિદાન દેવાની પરિસ્થિતિ દેખી પ્રહ્લાદ ગળગળો થઈ જાય છે ! અને એના મૂળ કારણમાં, બિનગુનેગાર એવી અંજનાને જે કાઢી મૂકવામાં આવેલી તેની કરેલી ઉપેક્ષા બદલ એને પારાવાર પશ્ચાત્તાપ થાય છે ! અલબત પોતે કાઢી નથી મૂકી, કઢાવી મૂકી નથી, બધું કર્યું છે કેતુમતીએ, છતાં એનું સજ્જન દિલ એમ સમજે છે કે-'હું એક અધિકારના સ્થાને હોઈ ખબર પડ્યા પછી પણ ઉપેક્ષા નહોતી કરવી જોઈતી; સમજે છે એટલું જ નહિ પણ પોતાની મોટાઈ ભૂલી પશ્ચાત્તાપ સાથે ઇકરાર કરે છે ! **સજ્જનતા શું કામ કરે છે ! જાતે અકાર્ય કરવાનું કે બીજા પાસે અકાર્ય કરાવવાનું તો ભયંકર સમજે જ, પરંતુ બીજા દ્વારા થતાં અકાર્યને જો પોતે અટકાવી શકવાના સ્થાનમાં હોય, તો એને અટકાવવાને બદલે એની ઉપેક્ષા કરવાનું પણ અનુચિત લેખે ! અને ઉપેક્ષા થવા બદલ દિલમાં દર્દ અનુભવે ! અને પ્રગટ ઇકરાર કરે ! સજ્જનની આ ખાસિયત છે.** એટલે પ્રહ્લાદ ઉપેક્ષા કર્યા બદલ ખિન્ન થાય



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

છે, ને પુત્ર આગળ ખેદ જાહેર કરે છે. આગળ એ કહે છે,

"વગર વિચારે એક અજુગતું તો પહેલેથી તારી માતાએ કર્યું અને હવે મારા લાલ ! બીજું અજુગતું તું કરવા તૈયાર થયો છે ? ન કર એવું; વિશેષ શું કહું તને, તું તો બુદ્ધિમાન છે; તો સ્થિર થા, ઉતાવળ ન કર. અંજનાને શોધવા માટે હજારો વિદ્યાધરોને મેં આદેશ કર્યો છે. તે શોધમાં જ છે, તો હે વત્સ ! તેમના આવી જવાની રાહ જો."

**વગર વિચાર્યાનાં માઠાં ફળ :-**

પ્રહ્લાદનું હૃદય વલોવાઈ જાય છે ! પત્નીએ એક અવિચારી કાર્ય કર્યું તેનાં કટુ ફળ નજર સામે અનુભવે છે; તેથી જ પવનંજયને બળી મરવાનું અવિચારી કાર્ય કરતો અટકાવે છે. વાત પણ સાચી છે કે કેતુમતી થોડોક વિચાર કરવા ન થોભી તો રાજકુળના વૈભવવાળી અને પાછી મહાસતી એવી અંજનાને, એક ગરીબમાં ગરીબ અને અનાડી સ્ત્રીને જે ઘોર વિટંબણામાં ન ઊતરવાનું થાય તેવી વિટંબણામાં ઉતારી ! **પુખ્ત વિચાર કર્યા વિનાની પ્રવૃત્તિની પાછળ મહાન આપત્તિ, અનર્થ અને પસ્તાવો ઊભો થવાનું માણસ પહેલેથી સમજી લે તો એ કેવોક બચી જાય ! કહો કે,**

**અવિચાર્યું કરીને આપત્તિ ભોગવવી એ મોંઘું છે; એના કરતાં વિચાર કરવામાં થોડો સમય કાઢવો એ સસ્તું છે.**

**કૈકેયીએ** વગર વિચાર્યું માગ્યું તો રામ અને સીતા જેવાને વર્ષોનો વનવાસ ભોગવવાનો અનર્થ ઊભો થયો ! **ભરત ચક્રવર્તીએ** વગર વિચારે ભાઈઓ પાસે આજ્ઞા મનાવવાની ધૃષ્ટતા કરી તો ૯૯ ભાઈઓ ગુમાવ્યા ! **નંદરાજાએ** વગર વિચાર્યું માની શકડાલ મંત્રી પર અભાવ દેખાડ્યો તો એક મહામંત્રીના નાશમાં નિમિત્ત બન્યો ! **નળ અને પાંડવો** જુગારમાં વગર વિચારે હોડ બકતા ગયા, તો રાજ્યપાટ ગુમાવ્યા અને જંગલમાં ભટકતા થયા ! અવિચાર્યું કરીને પાછળથી મહાન કલહ અને પસ્તાવો વેઠવા કરતાં પહેલાં વિચારી લેવું શું ખોટું ? ત્યારે પૂછશો કે,

**પ્ર.**- તો પછી કોઈ પણ સાહસ કેવી રીતે થઈ શકે ?

**ઉ.**- સારા સાહસમાં પણ પૂર્વ વિચાર અવશ્ય હોય છે; માત્ર સાહસ એટલા માટે કહેવાય છે કે નિડર બનીને શક્તિઓનો એકદમ ઉપયોગ કરવાનો હોય છે. બાકી વગર વિચારના સાહસ તો આંધળિયાં કહેવાય છે. **વગર વિચાર્યુ બોલી નાખનારા** કેવા જૂઠા પડે છે ! કેવો સામનો વૈર-વિરોધ ઊભો કરે છે, કે જે કદાચ જીવનભર ચાલે છે ! કેવો કલહ વધારે છે ! કેવું રજનું ગજ કરે છે ! યાવત્ એ



જિંદગી સુધી વિરોધ ઊભા રહે છે !-એ બધું દુનિયામાં અને પોતાના જીવનમાં જોવા મળે છે ને ? તો પછી શા સારું મોંમાંથી અક્ષર કાઢતાં પહેલાં પૂરો વિચાર ન કરવો ? ત્યારે **વગર વિચાર્યું ખાઈ નાખવાથી** ઊભી થયેલી અકળામણ અને રોગનો અનુભવ તો છે ને ? જરૂર પડ્યે મહિનાના મહિના કે વર્ષો યા જીવનભર વેઠવું પડે છે ને ? **તો વગર વિચારે પ્રવૃત્તિ કરવામાં** નુકસાન નથી અનુભવ્યું ? **વગર વિચારે પૈસા ધીરવામાં, દેવું કરવામાં, વેપાર કરવામાં** કેટલું સહન કરવું પડે છે ! અરે ! એક નોકરને વગર વિચાર્યે રજા આપવામાં કે એકદમ નોકરીમાં લેવામાં ક્યાં સોસવું નથી પડતું ?

**ન્યાયી વર્તાવ :-** પ્રહ્લાદ અકાર્યનો ન્યાયી રીતે એકરાર કરે છે. જીવનમાં ન્યાયસંપન્નતા કેટલી ખપે છે એ આવા પ્રસંગ પરથી મપાય છે. **પોતાની ભૂલ કબૂલવામાં દેખીતી રીતે દીન બનવા જેવું દેખાય છે; પરંતુ વસ્તુસ્થિતિએ એમાં સત્ત્વ પ્રગટ થાય છે.** સાત્ત્વિક માણસો જ સંકોચાયા વિના, ને પોતાનું હલકું દેખાશે એવો ભય રાખ્યા વિના, સાત્ત્વિકતાથી ભૂલ કબૂલી લે છે. **મોક્ષમાર્ગની સાચી સાધના માટે આવી સાત્ત્વિકતા, ન્યાયી વર્તાવ, વગેરે ગુણોની પણ ખૂબ જ આવશ્યકતા છે.**

પ્રહ્લાદ પવનંજયને કહે છે, 'હવે તું વગર વિચાર્યું સાહસ ન કર, ધીરો પડ, વિદ્યાધરો હમણાં શોધ કરીને આવશે,' એમ કહીને એને શાંત પાડે છે.

**ભૂતવનમાં અંજનાનું આગમન :-**

હવે બીજી બાજુ આપણે જોઈ ગયા છીએ કે અંજનાસુંદરીને લઈને મામો પ્રતિસૂર્ય વિમાનમાં પવનંજયની શોધ માટે નીકળ્યો છે. તે ફરતો ફરતો તે જ ભૂતવનમાં આવી પહોંચે છે. અહીં બધા ખૂબ આતુરતાથી રાહ જોતાં બેઠાં છે. એમાં કોઈક વિદ્યાધર આવીને એમ પણ કહેતા હશે કે હજી અંજનાસુંદરીનો પત્તો નથી લાગતો. એથી નિરાશાનો અંધકાર છવાઈ જતો હશે. પરંતુ જ્યાં પ્રતિસૂર્યનું વિમાન આવી લાગ્યું અને પવનંજયનો મિત્ર પ્રહસિત આંસુભરી આંખે એને દૂરથી જુએ છે, ત્યાં આશા બંધાણી. એ નજીકમાં ઝડપભેર આવી રહ્યું છે, એમાં અંજનાને જોઈ પ્રહસિત કૂદ્યો ! હર્ષના સાગરમાં ઝીલ્યો ! ઝટ જય-જયકાર કરવા સાથે પ્રહ્લાદ પવનંજયને કહે છે,

'જુઓ જુઓ, આ અંજનાસુંદરી વિમાનમાં આવી રહેલ છે !'

**સંસારના પદાર્થોમાં આનંદ કેમ નથી ? :-**

એ સાંભળતાં બંનેને આનંદના પૂર ઊભરાય છે ! વિચારજો કેવો આનંદ અનુભવ્યો હશે ! અંજના એની એ જ છે, પરંતુ અત્યારે એને જોતાં એટલો બધો



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

આનંદ શા માટે ? આમાં ખૂબ રહસ્ય ભરેલું છે. જો અંજના પોતે અપૂર્વ આનંદનું સાધન હોત તો પહેલાં પણ એણે અપૂર્વ આનંદ આપવો જોઈતો'તો ! તેમ અત્યારે જે છોળો અવર્ણનીય આનંદની ઊછળી રહી છે, એ પછીથી કેમ નથી ટકતી ? અંજના તો હાજર જ છે. **'સંસારના પદાર્થોમાં એ સ્વાભાવિક આનંદ નથી કે જે હરેક વખતે તે પદાર્થમાંથી મળી શકે,'-આ સાચી સમજ રાખવાને બદલે એમાં સ્વાભાવિક આનંદ હોવાની ભ્રમણા રખાય છે ! માટે જ ભૂલા પડાય છે, અને તે પદાર્થો ખાતર કેઈ પાપો સેવાય છે !** ક્લેશ, કષાય, કલહ, જૂઠ, અનીતિ, ધર્મ-ઉપેક્ષા...ઇત્યાદિ બધું આવા ઊંચા જીવનમાં કેમ સેવાય છે ? કહો, એ ભ્રમણાના કારણે જ. જીવ જો એમ જાણી લે કે આનંદ સંસારના પદાર્થમાં સહજ નથી પડ્યો. આનંદ તો અમુક અમુક જાતના સંયોગ વગેરે બની આવે તો જ અનુભવાય છે. 'અંજનાનો આ રીતે વિરહ પડ્યો હતો, પવનંજય આમ બળી મરવા તૈયાર થયો હતો, ને મહામુસીબતે અંજના હાથ લાગી હતી,'-આવા બધા સંયોગ અને પરિસ્થિતિ બની આવી હતી તો એની એ અંજનાને જોતાં અપૂર્વ આનંદ ઊલટે છે. આ સંયોગ અને પરિસ્થિતિ ઘડી પછી એની એ નથી ઊભી રહેવાની; કેમકે પછી તો વિરહપૂર્વકનો તાજો સંયોગ નથી રહેવાનો; તેથી એવો જ અપૂર્વ આનંદ થોડો જ ચાલવાનો !

**માનવનાં ખોળિયે દાનવનાં દિલ :-**

એટલે ચીજ એની એ હોવા છતાં જો આનંદની ફેરફારી થાય છે, તો શું વિચારવું નથી જોઈતું કે એવી **આનંદની મિથ્યા સાધનભૂત જગતની ઠગારી ચીજો ખાતર માનવના ખોળિયે દાનવનાં દિલ શા સારું કરવાં ?** કહો તો ખરા કે ઈર્ષ્યા-અસૂયા, ક્લેશ-કજીયા થવાનું શું કારણ ? સામા પાસે બહુ ધન છે, કે એને બહુ માન મળે છે, એવા જ કોઈ નિમિત્ત પર ને ? પણ જો ત્યાં સમજાઈ જાય કે 'એ સામો બિચારો ઠગારાં ધન-માલ કે ઠગારાં સન્માનમાં ફસાયો છે' તો પછી શું એની ઈર્ષ્યા થાય કે દયા આવે ? **એક ઈર્ષ્યાની પાછળ કેટલાં પાપો આચરાય છે ! એની નિંદા, એના પર ખોટા આક્ષેપ, એની સામે માયા-પ્રપંચની કુપ્રવૃત્તિ. આવું જ બધું સુલભ ને ? એ બધું કરવામાં પછી અહીં મળેલી મોંઘેરી આત્મચિંતા, પરમાત્મ-સ્મરણ, શુભ ભાવનાઓ વગેરે ગુમાવવાનું જ ને ?** રાંડી-રાંડ પણ, કમમાં કમ, મૂડી પર વેપાર ન કરે તો ય, મૂડી તો સાચવી રાખે છે, ત્યારે અહીં તો એનાથી ય ગયા ! **મળેલી પુણ્ય મૂડી, ધર્મમૂડી અને સારા સંસ્કારની મૂડી વધારવાનું તો દૂર રહ્યું, ઊલટું એને ઈર્ષ્યા, કલેશ, જૂઠ, પ્રપંચ વગેરે કરીને ઘટાડવાનું કર્યું !** અને આજે આ દુર્ગુણોનો ચાલી પડેલો ચેપ ઊગતી પ્રજાને ય ભયાનક અસર કર્યે જાય



છે ! કેમ જાણે દિલ દાનવનાં ન બની ગયા હોય એમ ઠગારાં ધનમાલ ને માનપાનની પાછળ વાતવાતમાં હુંસા-તુંસી ને ચડસા-ચડસી, વિરોધ અને વૈમનસ્ય, જૂઠ અને અનીતિ, તૃષ્ણા અને લંપટતા વગેરેના કેઈ તાંડવો મચી રહ્યા છે ! એની સામેના ઢગલાબંધ ભાષણોની કોઈ અસર નથી દેખાતી !

**આત્માનો ઊંચો ખ્યાલ અને પરલોકનો વિચાર :-**

કેમ આમ ? આત્માનો જે ઊંચો ખ્યાલ અને પરલોકનો જે વિચાર જોઈએ, તે નથી, અને અફસોસ કે આજના સમાજ-સુધારાની વાતો કરનારાને આ નિદાન ધ્યાનમાં લેવું નથી ! અને સુધારાના લાંબા લેક્ચર કરવા છે ! રોગ ક્યાંથી જવાનો ? પ્રજામાં જ્યાં કાયા જ પ્રધાન, કાયાની સુખ-સગવડ એ જ પ્રધાન મનાતા હોય, અને 'એ બધું જૂઠ અનીતિથી મળે છે, વૈર-વિરોધથી ભોગવી શકાય છે,' એમ મનાતું હોય ત્યાં પછી એ દુર્ગુણો ટાળવાના ભાષણ કોણ ઝીલે ? રોગનું નિદાન જોવું જોઈએ. **નિદાન આ છે, કે કાયા કરતાં અંદર રહેલા આત્માનો જે ઘણો ઊંચો ખ્યાલ જોઈએ અને દૃષ્ટિ સામે આ લોક કરતાં જે પરલોક મુખ્ય રહેવો જોઈએ, તે નથી. માટે દુર્ગુણોનો રોગ છે.** કાયા ન સંભાળાય, કે આ લોકનો વિચાર ન આવે, એમ નહિ; પરંતુ તે આત્મા અને પરલોકને ભૂલીને નહિ; કિંતુ એનો ઊંચો ખ્યાલ રાખીને. પૂર્વે એ હતું તો વિદ્યાર્થી-અવસ્થામાંથી વિનય, સેવા-ભક્તિ, સત્ય-નીતિ વગેરે ગુણો પોષાતા. આજે શું પોષાય છે એ નજરે અનુભવો છો ને ? પૂર્વે હજારો રૂપિયાવાળો કેઈના દુઃખ ફેડતો, આજે કરોડો કે લાખોવાળો શું કરે છે તે નજર સામે દેખો છો. આત્માનો ઊંચો ખ્યાલ અને પરલોકનો પ્રધાન વિચાર નથી માટે તો ઘોર હિંસા વધી ! ઘોર હિંસાથી નીપજતી વસ્તુના મોહ વધ્યા ! લક્ષ્મીનો હલકટ રાગ વધ્યો ! એની પાછળ નિષ્ઠુર હૃદય, ઘાલમેલ, રોફ અને રોષ વગેરે કેઈ દુર્ગુણો ખીલ્યા ! મોજશોખ અને ભોગ-વિલાસની કારમી ભૂખ ઊઠી ! એની પાછળ મર્યાદાભંગ, ઉદ્ભટ જીવન, બેસુમાર સાધનો, ધૂમ ખર્ચા, વગેરે કેટલું બધું વધ્યું છે !

**કાયાનો ઊંચો ખ્યાલ અને આ જીવનનો જ વિચાર, એણે આ બધું તોફાન વધારી દીધું છે.** જે દેશમાં આત્મા અને પરલોકની માન્યતા જ નથી તે તો ભૂલે, પણ જ્યાં એની માન્યતા છે એવો આ દેશ પણ શું ભૂલાવામાં પડે ? હજી પણ જાગો, તમારા અને તમારા સંતાનોમાં આત્માનો ઊંચો ખ્યાલ જગાવો; **આપણે એટલે માટીનું પૂતળું નથી, પણ જન્મ-જન્મના સંસ્કાર અને પુણ્ય-પાપ લઈ આવેલ આત્મા છીએ ! જ્ઞાન, વૈરાગ્ય અને સંયમને યોગ્ય મહાન પાત્ર છીએ ! દયા, દાન અને ઈન્દ્રિય-દમનના અધિકારી છીએ ! ઉચ્ચ વિવેક અને ઉચ્ચ વર્તાવના હકદાર**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**છીએ** તો કેમ આ પાત્રતા, આ અધિકાર અને આ હક જતા કરીએ ? **ખોખાના ઊંચા ખ્યાલ રાખવા કરતાં આત્માના ઊંચા ખ્યાલ રાખીએ તો આના જીવન પર અધિકાર બજાવી આબાદ બની શકીએ. બાકી ખોખાની મુખ્યતા કરવામાં તો હલકા અધિકારની બજવણી અને પરિણામે બરબાદી જ છે !**

**ત્યારે પરલોકનો પ્રધાન વિચાર કરાય** તો તો હાલતાં ને ચાલતાં એ જોવાશે કે આમાં મારો પરલોક ભારે તો નથી થતો ને ? બગડતો નથી ને ? મારે તો પરલોક સુધારવો છે; એ માટે અહીં ખમી ખાવું પડે, ઓછું સુખ ભોગવવું પડે, ને ધર્મનાં કષ્ટ ઉઠાવવા પડે તો ચિંતા નહિ. એને તો હું ઊંચા જીવન-અધિકાર સમજી વધાવી લઈશ, પરંતુ મારો દીર્ઘ-પરલોક બગાડી નાખે એવા ધમધમાટના, ઉછાંછળા સુખના, અને ધર્મની વાતમાં અખાડા કરવાના જીવન અધિકાર નથી અજમાવવા. **આત્માની ઉચ્ચતાનો ખ્યાલ અને પરલોકનો પ્રધાન વિચાર જીવને માત્ર માનવ નહિ, દેવ જેવો બનાવે છે, જીવમાંથી શિવ બનાવે છે. અસ્તુ.**

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૪૪,તા.૨૬-૭-૧૯૫૮

## ૪૫ આધ્યાત્મિક પ્રવચન

**પ્રહ્‌લાદ પ્રતિસૂર્યને ભેટી પડે છે :-**

વાત એ ચાલે છે કે અંજનાસુંદરી આવી રહી છે એ જોતાં પવનંજયને આનંદનો પાર નથી. અપૂર્વ આનંદ છે ! એટલામાં વિમાન નીચે ઊતરી આવ્યું; પ્રતિસૂર્ય અને અંજના બહાર નીકળી આવી રહ્યા છે, ત્યાં પ્રહ્‌લાદને દૂરથી જોતાં બંને જણ ભક્તિવશ જમીન પર મસ્તક નમાવી નમસ્કાર કરે છે !

**વડિલોની પ્રત્યે વિનયની બલિહારી છે ! ત્યાં પછી એ નથી જોવાતું કે 'શું તમે અમારું લીલું વાળ્યું હતું ?' એ તો સ્વાર્થદૃષ્ટિ છે. આર્યત્વ એવી સ્વાર્થ દૃષ્ટિથી પર હોય છે કે જે વડિલો પ્રત્યેના વિનય અને પૂજ્યભાવને ભુલાવે. વડિલ તે વડિલ, પૂજ્ય તે પૂજ્ય.**

અંજના અને એનો મામો બંને પ્રહ્‌લાદને નમસ્કાર કરે છે. પ્રહ્‌લાદ તરત જ નજીક આવી પ્રતિસૂર્યને ભેટી પડે છે; અને પછી પૌત્ર હનુમાનને ખોળામાં લઈ નીચે બેસે છે. એને આશ્ચર્યનો પાર નથી ! જુએ છે કે-'જે મહાસતી અંજનાને અમે ધકેલી મૂકી હતી એના માબાપે ય સંઘરી નહોતી એને પ્રતિસૂર્ય મામાએ આશ્રય આપ્યો છે ! એ મામાની કેટલી બધી વડાઈ ! એનો અમારા પર કેટલો



બધો ઉપકાર !' આ જોઈને કેમ એને ન ભેટી પડે ? કેમ આશ્ચર્યભરી ગદ્‌ગદતા ન ઊભરાઈ આવે ? એ બોલી ઉઠે છે,

**પ્રહ્‌લાદની ગદ્‌ગદ વાણી :-**

''હે પ્રતિસૂર્ય ! દુઃખના મહાસાગરમાં ડૂબતા એવા મારો અને કુટુંબનો તમે ઉદ્ધાર કર્યો ! ખરેખર ! અમારા સંબંધીઓમાં તમે જ અગ્રગણ્ય બંધુ બન્યા છો ! મારા વંશમાં વાંસના પર્વસમી કે જેમાંથી આગળ વૃદ્ધિ થાય એવી, તેમજ મારી કુળશાખાની ભાવી સંતતિની જનેતા, એવી આ પુત્રવધૂને અમે તો એનો કાંઈપણ વાંક નહિ છતાં ત્યજી દીધી હતી, પરંતુ તમે એનું રક્ષણ કર્યું એ બહુ ઉત્તમ કર્યું. એનું રક્ષણ કરવામાં તો તમે અમારી ભાવી સંતતિને સલામત રાખી ! ક્યાં અમારી ક્ષુદ્ર ચેષ્ટા ! અને ક્યાં તમારી ગુણગૌરવભરી આ મહાસતીનાં જતન કરવાની ઉત્તમ ચર્યા !''

સમજી શકો છો પ્રહ્‌લાદના આ શબ્દો કેટલો ખ્યાલ આપી જાય છે ? **દુનિયામાં ખરો બંધુ એ છે જે અવસર આવી લાગ્યે દુઃખના સાગરમાંથી બચાવી લે.** સામો દુઃખમાં પડ્યો હોય ત્યારે છતી શક્તિએ હાથ જોડીને બેસી રહેનારો એ પેલાનો બંધુ નથી; તો પછી ઉપરથી દુઃખમાં વધારો કરનારો તો બંધુ શાનો જ કહેવાય ? **માનવના આ મોંઘેરા અવતારમાં આવ્યા પછી પણ જીવો કેવા મોહમૂઢ રહે છે, ને પાપકર્મના કેવા ગુલામ બન્યા રહે છે કે સામાના દુઃખ ફેડવાની સોનેરી તક વખતે પૈસા વહાલા કરે છે ! જાત વહાલી કરે છે ! નિજના ઘમંડ વહાલા કરે છે ! ખબર નથી કે**

**પૈસા તો બીજી રીતે પગ કરીને ચાલ્યા જવાના છે ! અને રહેશે ત્યાં સુધી પણ મલિન ભાવનાઓ ને મલિન કામો કરાવવાના છે !**

**ત્યારે સાચવી રાખેલી જાત પણ શું બહુ પરખાવી દે છે ? એક દિ' એ દુર્બલ બનવાની છે ! ચેહ ભેગી થવાની છે !**

**તો 'સામાએ મારું આ બગાડ્યું હતું, અથવા સામાએ મારું શું સુધાર્યું છે ? તો હું શાનો એને સહાય કરું ?' એવા ઘમંડ અને સ્વાર્થી ગણત્રીઓ શાશ્વત કાળના ચોપડે કોણ લખી રાખવાનું છે ?**

**ઊલટું એનાથી ચીકણાં કર્મબંધન, ને કષાયોના કુસંસ્કાર પોતાના જ આત્મા પર એવા દૃઢ થઈ રહ્યા છે કે જે ભાવી દીર્ઘકાળને ભારી દુઃખમય કરી દે !**

કેટલીક વાર તો ભાઈ-ભાંડુને કે આડોશી-પાડોશીને સહાય કરવાની ઇચ્છા પણ હોય છતાં એમ કરવામાં પત્નીને ખોટું લાગે છે, કે દીકરાને ખોટું લાગે છે, માટે માણસ સહાય કરવાનું જતું કરે છે, એ દુઃખી ભાઈ-ભાંડુ આદિના દુઃખ સામે



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

આંખમિંચામણાં કરે છે ! **શું ત્યારે ભવિષ્યમાં પોતાના સંકટ પર બીજા આંખમિંચામણાં કરશે તે વખતે એ પત્ની બચાવવા આવશે ? એ પૈસા, એ જાત, ને એ ઘમંડ રક્ષણ આપી શકશે ?**

**વર્તમાનમાં બીજાના દુઃખ ટાળવા સહાય કરવી એ તો, ભવિષ્યમાં આપણને દુઃખ વખતે સહાય મળે, એ માટેની પુણ્યની ચિઠ્ઠિ લખાવી લેવા જેવું છે.**

**લખી રાખો, બીજાને દીધું હશે તો અવસરે તમને બીજા દેશે, બીજાને ઠાર્યા હશે તો તમને કોઈ ઠારશે.**

**પરોપકારનાં વ્યસન માટેની વિચારણા :-**

ચરિત્ર ગ્રન્થોમાં પૂર્વના પુરુષોના એવાં વર્ણન મળે છે કે લોક વ્યસની હતા ! પણ શેમાં ? પરોપકાર કરવામાં, બીજાનાં દુઃખ ફેડવામાં ! વ્યસન સમજો છો ને ? જેના વિના ચેન ન પડે, જે મેળવવા માણસ તલપાપડ થતો હોય, જેની શોધમાં ફરતો હોય, જે મળ્યાથી અનહદ આનંદ અનુભવતો હોય ! પરોપકારનાં વ્યસન એનું નામ કે જેમાં આવો અનુભવ હોય.

**સવાર પડી ત્યારથી પેટની ચિંતામાં તો કાગડા-કૂતરા ય નીકળી પડે છે; માણસ પણ એટલું જ કરીને બેસી રહે તો પેલા પ્રાણીઓ કરતાં એની ઉચ્ચતા શી ? ઉત્તમ જીવનની આ બલિહારી હોય કે એને સવારથી એ ધગશ હોય કે કોઈ દુઃખીના દુઃખ હું કેમ ફેડું ! બીજાની સેવા કરવાનું મને કેમ મળે ! હું અને મારું બીજાને કેમ કામ લાગે !**

**દુઃખીના દુઃખ ફેડનારને તો એ દુઃખીના કેટલા આશીર્વાદ મળે છે !**
**ઉપરાંત જનસમાજમાં એની ખ્યાતિ અને એના પ્રત્યે ચાહના કેટલી વધે છે !**
**પોતાના દિલમાં પણ એમ થાય છે કે ચાલો આટલી લક્ષ્મી લેખે લાગી !**
**તેમ આટલું સુકૃત કમાવવાનો લાભ મળ્યો !**

**કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય બનેલા તીર્થંકર ભગવાન પણ પછી આ પૃથ્વીતલ પર પગપાળા વિચરીને દુઃખીઓના દુઃખ કેવાંક ફેડે છે ! એ વિચારીને પણ બીજાનાં દુઃખ ફેડવામાં યત્ન થાય; પરોપકારનાં વ્યસન લાગી જાય !**

**પ્રહ્‌લાદ પ્રશંસા કરે છે :-**

પ્રહ્‌લાદ પ્રતિસૂર્યની પ્રશંસા કરે છે, કે 'તમે તો અગ્રગણ્ય બંધુનું કાર્ય કર્યું ! કેમકે અમે જ્યારે અંજનાને નિર્દોષ છતાં રખડતી કરી ત્યારે તમે એનું સારું રક્ષણ કર્યું. એનું રક્ષણ કરીને તો તમે અમારી ભાવી વંશવૃદ્ધિના પ્રેરક બન્યા. સારું થયું તમે તો અમને દુઃખના સાગરમાં ડૂબતા ઉદ્ધર્યા !'

**આનંદ ઉત્સવ :-** પવનંજય પણ ખૂબ આનંદિત થઈ ગયો છે. એના



આત્મામાં, સમુદ્રમાં ભરતી ચઢે તેમ, દુઃખની ભરતી ચઢી હતી, તે હવે તરત જ ઓટ આવી ગઈ, દુઃખ શમી ગયું ! અંતરાત્મામાં શોકની આગ ઊઠી હતી તે શાંત થઈ ગઈ ! તે જ વખતે સર્વ વિદ્યાધર રાજાઓએ વિદ્યાના સામર્થ્યથી ત્યાં જ જંગલમાં મંગળ કર્યા ! મહાન આનંદોત્સવ ઉજવ્યો ! **ચંદ્ર ઉદય પામીને જેમ સમુદ્રમાં લહેરીઓ ચઢાવે, સમુદ્રને તરંગોથી ઊછળતો કરી દે, તેમ આ ઉત્સવે એમના હૃદયમાં આનંદની લહેરીઓ ચઢી ! હર્ષના તરંગોએ હૈયાંને ઊછળતા કરી દીધાં !**

**સૌ હનુપુરમાં :-** ઉત્સવ ઉજવીને સૌ ત્યાંથી વિમાનમાં ઉપડ્યા હનુપુર નગર તરફ. આકાશમાં થઈને વિમાનો જઈ રહ્યા છે. વિમાનોથી આકાશ પ્રકાશમય થઈ ગયું છે. બીજી બાજુ અંજનાસુંદરીના પિતા મહેન્દ્રને ખબર આપવામાં આવી છે, એટલે એ પણ પત્ની માનસવેગા વગેરે કુટુંબ સાથે હનુપુર આવી રહ્યા છે. ત્યારે પવનંજયની માતા કેતુમતી વગેરેને પણ ત્યાં લઈ આવવામાં આવે છે. સૌ હનુપુર નગરમાં આવી પહોંચે છે. હવે તો પૂછવાનું જ શું ? કુટુંબો ભેગા મળ્યા ! વિદ્યાધર રાજાઓ ભેગા મળ્યા ! હરખનો પાર નથી ! પૂર્વના કરતાં પણ મોટો ઉત્સવ ઊજવવામાં આવ્યો ! અને તે વિદ્યાધરો ઊજવે એટલે શું બાકી રહે ? આખું નગર અને આખું વાતાવરણ ઉત્સવમય બની ગયું !

**ધર્મ પામ્યાનો સાચો આનંદ કેમ મપાય ? :-**

ઉત્સવ ઊજવવાનું શીખવવું પડે છે ? ના, અંતરમાં હરખના ઉછાળા એ કરાવે છે. **હર્ષ-આનંદના અતિરેક એવા છે કે એ ચાલુ જીવન કરતાં વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા પ્રગટ થઈ જાય.** પ્રભુનો જન્મ થતાં ઈન્દ્રો અને દેવો કેમ દોડાદોડ કરે છે ? મેરુ ઉપર જન્મોત્સવ ઊજવે છે ? પાછું બાકી રહ્યું તે નંદીશ્વરદ્વીપમાં જઈને જિનભક્તિ ઉત્સવ કેમ ઊજવે છે ? કહો અંતરમાં ઊછળતા સાચા હરખના એ પ્રતીક છે. **અંદરમાં હરખ ઊભરાતો માતો નથી, તે આવા ઉત્સવના ઉદ્યમરૂપે બહાર પડે છે.** દાવો એ રાખવામાં આવે કે મેમાન મળ્યાથી અમને બહુ આનંદ થાય છે, અને પછી એનું કાર્ય કાંઈ જ ન કરાય, એ બનવા જોગ છે ? એમ,

**ધર્મી જીવને ગુરુ મહારાજ પધાર્યાનો, નવો ધર્મ મળ્યાનો, અપૂર્વ ઉપદેશ સાંભળવા મળ્યાનો આનંદ ઊભરાય છે, અને તે કોઈ ઉત્સવરૂપે બહાર નથી પડતો એ બનવા જોગ છે ?** આ તો કહે છે, 'મહારાજ સાહેબ ! આપ પધાર્યાથી બહુ આનંદ થયો,' અને પછી કેમ, તો કે આપ ઉપાશ્રયમાં, અને અમે અમારા સંસારના કાર્યોમાં ! બહુ આનંદના ઉત્સવ તો એવા થાય કે આખું ગામ જાગી જાય. પેથડશાહે ગુરુ ધર્મઘોષ સૂરિજી મહારાજ પધાર્યાના આનંદમાં એવો પ્રવેશોત્સવ



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

ઊજવ્યો કે આખું માંડવગઢ ગાજી ઉઠ્યું ! જૈન-જૈનતરો સૌ જાગી પડ્યા !

અહીં તો કહે છે, 'સાહેબ ! અપૂર્વ વાણી સંભળાવી !' પછી કેમ, તો કે હવે આવતી કાલે હાજર થાશું. કેવી રીતે ? જેમ આજે અમે એકલ-દોકલ આવ્યા તેમસ્તો ! આનંદના પૂર ઊછળતા હોય તો એ અનેકને જણાવ્યા વિના રહે ? અનેકને ખેંચ્યા વિના રહે કે-'ચાલો, ચાલો, અપૂર્વ સાંભળવાનું મળે છે ?' એક ફિલ્મ જોઈ આવ્યા પછી એને સિનેમાવાળો કાંઈ જ એડવરટાઈઝિંગ ચાર્જ નથી આપતો, છતાં કેટલાયની આગળ જાહેરાત કરે છે, 'જાઓ જાઓ, ફિલ્મ જોવા જેવી છે. જિંદગીમાં ન જોઈ હોય એવી !' પહેલાં એકલો ગયો હોય તો હવે કુટુંબ આખાને લઈને જાય છે ! ફિલ્મના કેટલા ગુણગાન કરે છે ! ત્યારે અપૂર્વ ધર્મશ્રવણ મળ્યાનો આનંદ ઊભરાયો એની પાછળ શું ? ભૂલશો નહિ, **અંતરમાં ખરેખર હરખ ઊલટ્યો છે કે કેમ, તે એની પાછળની પ્રવૃત્તિથી મપાય છે, એની પાછળ કેટલો ભોગ આપ્યો તે પરથી જાણી શકાય છે; પાછળ કાંઈ પણ થાય એ એની કદર છે.** તમે કહેશો કે,

**પ્ર.**- ઉપદેશને અમલમાં મૂકીએ છીએ કે ન બને એની અનુમોદના કરીએ છીએ એ એની કદર જ છે ને ?

**પ્રભુની, ગુરુની અને ધર્મસ્થાનોની કદર :-**

ઉ.- પણ એ તો ઉપદેશની કદર થઈ. વાત તો એ છે, કે ઉપદેશ-શ્રવણ મળ્યું એની શી કદર કરીએ છીએ; પ્રભુપૂજા કરવાનું મળ્યું એની કઈ કદર કરી ? શું મનને એ વિચાર આવે છે ખરો કે-'**ભાઈ રે ! આ પ્રભુ અને આ ગુરુ તથા શાસ્ત્રો ન હોત તો આ ઉમદા પૂજા, વંદન, ઉપદેશ વગેરે ક્યાંથી મળત ? આ ધર્મસ્થાનો ન હોત તો ક્યાંથી એ ધર્મસાધનાઓ કરવા પામત ?** એ છે તો આવી અપૂર્વ સમજ અને સાધના મળે છે; મહાન પાપક્ષય તથા પુણ્ય-કમાઈ મળે છે. માટે એ દેવ, ગુરુ અને ધર્મસ્થાનોની કદર મારે પહેલી કરવી જોઈએ. પૂજન, નમસ્કાર કે સલાહ-સૂચન તો દુનિયામાં ગમે તેવાના ય મળી શકે છે, પરંતુ તેથી આત્માના દાળદર શા ફીટે ? એ તો, **આ ઉત્તમોત્તમ પાત્રો એવા મળ્યા છે કે જેમના પૂજન, વંદન વિનય કરું તો લખલૂંટ પુણ્ય મળે છે, પાપના ઢેર દૂર થાય છે ! આ રુડાં ધર્મસ્થાનો, મંદિર-ઉપાશ્રયનો ઉપકાર કે એ અપૂર્વ કમાઈ કરવાની અનુકૂળતા કરી આપે છે ! તો મારે એ ધર્મસ્થાનોના સાધારણ ખર્ચ આદિમાં સારો હિસ્સો આપવો જ જોઈએ; આ દેવ અને ગુરુની સેવામાં ભોગ આપવો જ જોઈએ.** આજે સાધારણ ખાતામાં ટોટાની બૂમ પડે છે. શા માટે ભાઈ, બૂમ ? જો એ ધર્મસ્થાનોમાંથી અઢળક પુણ્યનો લાભ પામનારા આરાધકો કદરદાન હોય તો બૂમ



શા માટે ? કૃતજ્ઞતાની રૂએ એ વિવેકભર્યું કરતા હોત તો શું કામ ખોટ આવે ? શું એટલું મનને ન થાય કે-**'આ મને મહાન કમાઈ કરાવી આપે છે, મારા જીવનને સફળ કરી આપે છે, તો મારે ભોગ આપવો જ જોઈએ.'**

આજે મંદિરમાં કદાચ સાધારણ ખાતામાંથી આવતા કેસર, સુખડ, અગરબત્તી, દૂધ વગેરેનો ઉપયોગ કરતા હો, ત્યાં દિલને સંકોચ થાય ? શું મનને એમ ન થાય કે મહાન પુણ્ય-કમાઈ મળે છે ત્યાં હું તે એક કદરરૂપે પણ મારી વસ્તુ અહીં લાવીને મૂકું કે ઊલટી એની વાપરી જાઉં ? આ દેવ કે જે મને દર્શન, પૂજા વગેરે કરવાનો લાભ આપે છે એમની સેવા હું કરું કે પૂજારી કરે ? તે પણ પૂજારી પારકા પગારે ? આ ગુરુ મહારાજ કે જેમનો અઢળક ઉપકાર મારા પર વરસ્યો છે અને વરસી રહ્યો છે એમની સેવા-ભક્તિ ન કરું તો હું કેવો કૃતઘ્ન ગણાઉં ? એ કદાચ મને ખોટો ઠપકો આપે, મારો તિરસ્કાર કરે, તો પણ એ પેલા અનંત ઉપકારની આગળ શી વિસાતમાં છે ? માટે એ મારે સહર્ષ સહી લેવું જોઈએ; આવું મનને ન થાય ? કદર નથી, કૃતજ્ઞતા નથી એટલે કોક આવા પ્રસંગે ગુરુથી રિસામણાં થાય છે, અબોલડા લેવાય છે, યાવત્ ગુરુની નિંદા અને સામનો થાય છે ! કેટલી દુર્દશા ! કેટલી મૂઢ અજ્ઞાનદશા ! કેવોક કષાયનો આવેશ ! આમાં સાધુતા તો શું પણ સમ્યક્ત્વ પણ રહે ખરું ? એમના થકી મળેલા અને મળતા ઉપકારનો ખ્યાલ નથી માટે આ તોફાન છે. ઉપકાર થયાનો ખ્યાલ ન હોવાના લીધે જ મન એમ માને છે કે-'મેં ગુરુનું આટલું કર્યું, એમને હું સાચવું છું !' અરે મૂરખ ! **શું તેં ગુરુનું કર્યું કે ગુરુએ તારું ભલું કર્યું ? શું તેં ગુરુને સાચવ્યા કે ગુરુએ તને સત્કર્મમાં જોડી રાખી સાચવ્યો ?** ગુરુ ન હોત તો તું ગુરુવિનય-ગુરુસેવા-ધર્મસાધના વગેરેને બદલે કેઈ પાપકર્મોમાં ફસત !

**ભરત-બાહુબલીના જીવ** પાંચસો-પાંચસો સાધુની તનતોડ ભક્તિ કર્યા પછી પણ એમ નહોતા માનતા કે અમે આટલા બધા સાધુઓનું ભલું કર્યું, એ તો માનતા હતા કે-**'અહોભાગ્ય અમારાં ! કે આ મહાત્માઓએ અમારા પર દયા કરી, અનુગ્રહ કરી અમને આ સેવા-ભક્તિનાં સુકૃત સાધવાનો લાભ આપ્યો !'**

**વિવેક :- સારાંશ, માન્યતાના ઊંધાં વહેણ બદલી સીધાં કરવા જોઈએ. વિવેક વાપરીને ભાવના અને મંતવ્ય ઘડવાં જોઈએ. અવિવેકના ખ્યાલ અહીં પણ અપજશ આપી આગળ પણ પાપની ખાડમાં જઈને પટકશે ! ત્યારે વાતવાતમાં જો વિવેકભર્યા ખ્યાલ કર્યા, વિવેકભર્યા ભાવના અને મંતવ્ય ધર્યા, તો એ યશ પુણ્યને ઉન્નતિના શિખરે લઈ જશે.**

**વિવેક આ છે કે, 'દેવ-ગુરુ-ધર્મ અને ધર્મસ્થાન તથા ધર્મખાતાંઓ આપણા**



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

**પર કેટલી ઊંચી માત્રાનો ઉપકાર કરે છે !' એ લક્ષમાં રાખી હંમેશાં એમજ માન્યા કરવું કે-'હું એમની સેવા-ભક્તિમાં ગમે તેટલું ધન ખર્ચું, તન તોડું કે ભોગ આપું, પરંતુ બલિહારી એ બધા ભોગની નથી, પરંતુ એ બધું કરવા માટે પાત્ર આપનાર દેવ-ગુરુ આદિની જ છે ! વિશેષતા મારી કોઈ નથી, એમની છે ! એમનો અનુપમ ઉપકાર કે મને આ બધો લાભ આપે છે !'**

**'આ મંદિરરૂપી ધર્મસ્થાન અને દેવાધિદેવ મને પૂજાભક્તિ આદિથી કેવા અઢળક પુણ્ય-લાભ કરાવી આપે છે ! આ ઉપાશ્રય અને ગુરુ મહારાજ મને તપ-જપ-વિનય-વૈયાવચ્ચ-જિનવાણીશ્રવણ આદિ દ્વારા કેવા અઢળક લાભ કમાવી આપે છે !'**

**'ગુરુ છે તો વિનયના મહાન ધર્મને અવકાશ છે. ગુરુ ન હોત તો વિનય ક્યાંથી કરત ? કલ્યાણ આજ્ઞા કોની માનત ? જૈનશાસનમાં ગુરુવિનય અને ગુરુઆજ્ઞા તો ધર્મનો પાયો છે, મહાધર્મ છે. એ કમાવવાનો લાભ કરાવનાર ગુરુનો કેટલો ઉપકાર માનું !'**

**'એમ, ધર્મસ્થાનો છે તો જિનવાણી શ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ વગેરેનો કેવો ઊંચા લાભ મળે છે. એક માત્ર સંવત્સરી પ્રતિક્રમણથી ય કેટલો બધો લાભ ! આવા અનુપમ લાભની સગવડ આપનાર ધર્મસ્થાનોનો કેવો મહાન ઉપકાર !'**

**'ત્યારે, ધર્મખાતાંઓનો પણ કેવો સરસ અનુગ્રહ કે મને સત્પાત્રમાં ધનવ્યય કરવાની સગવડ આપી અઢળક પુણ્ય ઉપાર્જિત કરાવે છે !'**

આ વિવેકને જો નિરંતર ધ્યાનમાં રાખવામાં આવે તો કૃતજ્ઞતાની ભાવનાનાં અને વર્તાવનાં કેટલાં ભવ્ય વહેણ વહેતાં થઈ જાય ! **અવિવેકથી તો કરેલા ધર્મ પર ધૂળ ફેરવવામાં આવે છે !** ત્યારે દેવ-ગુરુ-સંઘ-ધર્મસ્થાન-ધર્મક્ષેત્રો-શાસ્ત્રો વગેરેનો અનંત ઉપકાર માનવાનો વિવેક તો દાન-શીલ-તપ અને જિનભક્તિમાં તન-મન-ધનના ભોગ આપ્યા પછી પણ મનાવે છે કે-'એ દેવાદિએ મારા પર અથાગ ઉપકાર કર્યો ! એ ઉપકારની સ્મૃતિમાં હવે ખાસ એમની પાછળ બીજો ભોગ આપું.' આ થાય તો કરેલા ધર્મમંદિર પર શિખર ચઢે !

**હનુપુરમાં જ પવનંજય :-**

હનુપુર નગરે મોટો ઉત્સવ ઉજવીને સૌ એકબીજાની રજા માગી પોતપોતાના નગરે ઉપડ્યા. પવનંજય, અંજનાસુંદરી અને હનુમાન સાથે ત્યાં જ રોકાયો. એને હનુમાન પર નવા નવા મનોરથો થતા જાય છે, અને હનુમાન પણ પિતાના મનોરથોની સાથે ઉંમરમાં વધતો જાય છે. યોગ્ય ઉંમરે આવતાં વિવિધ કળાઓ શીખે છે; અને વિદ્યાઓ સિદ્ધ કરે છે. શરીર સૌષ્ઠવ-યુક્ત બન્યું છે; હાથ નાગરાજના જેવા લાંબા છે, બીજા અવયવો સુઘડ અને રળિયામણા છે. પાછો શસ્ત્ર અને



શાસ્ત્રોમાં ચતુર બની ગયો છે; ક્રમે કરીને યૌવન પ્રાપ્ત કરે છે; ત્યારે ઊંચે ચઢેલા સૂર્યની જેમ તેજથી દીપે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૪૫,તા.૨-૮-૧૯૫૮

## (૪૬) આધ્યાત્મિક પ્રવચન

**રાવણ પાછો વરુણ સામે :-**

આ બાજુ રાવણના દિલમાં વરુણ રાજાની બળવત્તા ખૂંચી રહી છે. આમે ય એનામાં અસહિષ્ણુતા ભારે છે. તે હવે પૂર્વે કરેલી સંધિમાં ગમે તે દૂષણ ઊભું કરે છે અને એને જીતવા ઉપડે છે. જગતમાં લડાઈઓ, કલેશ અને કુસંપ બધાં જ સાચાં કારણે થોડાં જ થાય છે ? મનમાં અસહિષ્ણુતા હોવાના કારણે અસત્ બહાનાને ખરા બહાના તરીકે આગળ કરવામાં આવે છે, ને મામુલી નિમિત્તને મોટાં નિમિત્ત તરીકે ઓળખાવવાનું થાય છે; ને પછી કલહ શરૂ થાય છે. આવું બધું કરાવનાર અસહિષ્ણુતા છે.

### • અસહિષ્ણુતા •

અસહિષ્ણુતાનો જુલ્મ ઘણો. હૃદયમાં કોઈના પ્રત્યે જો સળવળાટ ચાલ્યો કર્યો, એની કોઈ વાત ભલે ન્યાયની પણ હોય છતાં આપણાથી સહન ન થઈ, તો પછી એ ક્યારેક ભળતું પણ બહાનું પકડીને બહાર વ્યક્તરૂપ ધારણ કરશે ! બાહ્ય ખુલ્લા ધમધમાટના રૂપે પ્રગટ થતાં સંકોચ નહિ અનુભવે ! પછી તે આગ ત્યારે બુઝાશે કે સામો જ્યારે બરાબર દળાઈ-કચરાઈ ગયો કે હલકો પડી ગયો એવું દેખાશે ! **આમાં, વિચારો કે, લેશ્યા કેવીક કાળી થતી હશે !** એનાથી આ ઊંચા માનવ જીવનમાં જૂની વાઘ-વરૂની વૃત્તિઓ શમી જવાને બદલે એવી તાજી અને પુષ્ટ થશે કે જે પછીના દીર્ઘકાળ સુધી દુર્ગતિના ભવોમાં ચાલી શકે ! કહો જો અસહિષ્ણુતા રાખીને શો સાર કાઢ્યો ?

**અસહિષ્ણુતા ભયંકર છે ! ગુણાનુરાગ ભુલાવી ગુણ-દોષ કરાવે છે.** સામામાં ગમે તેવા ગુણ હોય, સામો ગમે તેવા સારા સુકૃત કરતો હોય, પણ જો અહીં અસહિષ્ણુતા છે, તો મનને એમ થશે કે-'જોયા જોયા એના ગુણ ! દંભ છે દંભ બધો એ !'

'અલ્યા પણ એણે આવું સારું કામ કર્યું ! તે તો દેખ.'



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

તો કહેશે, 'દેખ્યું દેખ્યું ! શો માલ છે એમાં ? બિલ્લી સો ચૂઆ માર કે હજ કરનેકો ગઈ !' મન આવું આવું કેટલું ય દ્વેષ, જૂઠ અને ધિટ્ઠાઈભર્યું વિચારશે. શાથી ? મનમાં અસહિષ્ણુતાની આગ સળગી રહી છે માટે. **ગુણાનુરાગ તો ધર્મ-શરીરના પ્રાણ છે;** પ્રાણ કાયમ હોય તો શરીર કામનું, પ્રાણ વિનાનું શરીર નકામું; કિંમત વિનાનું. **ગુણાનુરાગને બદલે જો ગુણદ્વેષ છે તો બીજી કહેવાતી ધર્મસાધના મડદા જેવી બની જાય છે.** માટે જ ગુણાનુરાગ ટકાવવો હોય તો ભૂલે-ચૂકે સામા પ્રત્યે અસહિષ્ણુતા ન રાખો.

**અસહિષ્ણુતાથી તો માણસ છતાં સુખમાં દુઃખી બન્યો રહે છે;** કેમકે એનું ચિત્ત મળેલી સંપત્તિ-સગવડમાં નથી, પરંતુ સામાના સાચા-ખોટા વાંક પર લાગેલું છે. પછી **એ ધૂનમાં અવસર આવ્યે ઘરના માણસ ઉપર પણ ધમધમશે !** પછી ત્યાં, કહો જો, જેનાથી સુખ લેવાનું છે એ કુટુંબીઓ સાથે પ્રીતિ વધવાની કે દ્વેષ ? **અસહિષ્ણુતાનો સળવળાટ એના ચિત્તને સંતાપ-સંતાપમાં રાખ્યા કરવાથી કદાચ એ ઘરના પણ કેટલાંય કામ બગાડશે !** અસહિષ્ણુતા રાખીને આમ કુટુંબીઓના સ્નેહ બગાડવા, પોતાના કામ બગાડવા, ધમધમાટથી લોકમાં આબરૂ બગાડવી, આ શું જીવન છે ?

જો આ એક માત્ર અસહિષ્ણુતાને દૂર કરી મનને સમતોલ કરવામાં આવે અને એક સહિષ્ણુતા કેળવવામાં આવે તો પણ કેટલા બધા લાભ થાય ! **માટી** સહિષ્ણુ રહે છે તો ઘડો તૈયાર થાય છે. **બાજરો** સહિષ્ણુ રહે તો એમાંથી વડાં તૈયાર થાય છે. **વડા (મોટા) એમને એમ બનાય છે ? જડ એવી પણ વસ્તુઓ જો સહિષ્ણુ રહીને જ સુંદર રૂપક પામી શકે છે, તો શું આત્મા જેવો ચેતન અસહિષ્ણુતાથી સુંદર રૂપક અને પ્રશંસા પામે એમ સમજો છો ?** ઉત્તમ પુરુષોના દૃષ્ટાંતો જુઓ તો એમાં શું દેખવા મળે છે ? **કેટલાય જન્મો સુધી એક સરખી સહિષ્ણુતા ! સમરાદિત્યના** જીવને અગ્નિશર્માનો જીવ એવો પૂઠે લાગ્યો હતો કે જન્મે-જન્મે દુશ્મનગીરી બતાવ્યા જ કરે; પરંતુ એ મહાપુરુષે સહ્યે જ રાખ્યું ! લેશમાત્ર સંતાપ, ઉકળાટ કે દ્વેષ સામા જીવ પર કર્યો નહિ ! **મહાસતીઓ સીતાજી, દમયંતી, અંજનાસુંદરી, સુરસુંદરી** વગેરેએ ક્યાં ઓછું સહ્યું છે ? **તે પણ સામા પર સહેજ પણ દ્વેષ કર્યા વિના ! સહિષ્ણુતા તો આત્માનું સત્ત્વ છે,** ત્યારે અસહિષ્ણુતા, સામાના પ્રત્યે ઉકળાટ એ કાયરતા છે, તામસીભાવ છે, એવો છૂપો અગ્નિ છે કે ગમે ત્યારે ભભૂકી ઉઠી બહાર આગ લગાડી દે.

**સહિષ્ણુ જીવન પર અધિકાર :-**

**જીવન પર અધિકાર બંને રીતે અજમાવી શકાય છે; સહિષ્ણુ જીવન ઉપર,**



**યા અસહિષ્ણુ જીવન પર.** એમ પણ માની શકાય છે કે-'ફલાણાનું આવું આવું હું શાનો ચલાવી લઉં ? ચલાવી લે એ બીજા, હું નહિ. અવસર આવવા દે, એને બરાબર બતાવીશ...' પણ આ અધિકાર બજાવવામાં બરબાદી છે, વિનાશ છે, દીર્ઘ દુર્ગતિ છે. ત્યારે એમ પણ દાવો રાખી શકાય છે કે-**'શું છે ? મહાપુણ્યવંતા જીવોને ય જે આપદાઓ આવી છે એની આગળ આ તો કાંઈ વિસાતમાં નથી ! તો એમણે એને સહર્ષ વધાવી લીધી, એમ હું પણ વધાવી જ લેવાનો.** ઉકળાટ કરે **એ બીજા. વાંક હોય તો મારા કર્મનો છે, સામાનો વાંક શાનો ? સામો તો દયાપાત્ર છે, અગર ઉપકારી છે. એને જરા ય દુશ્મન ન દેખું.'** આ પણ જીવન-**અધિકાર છે. એની પાછળ કેટલાય કષાયો, કેટલાય ખોટા વિચારો, ચિંતાઓ, કે કાર્યોને અવકાશ જ મળતો નથી.** ધ્યાન રાખજો, સહિષ્ણુતાનો અધિકાર બજાવવામાં પૂર્વના કર્મને પણ બહુ દોષ દીધા કરવાની જરૂર નથી; એ રોદણાં ય રોયા કરવાનું કામ નથી. એમાં ય દીનતા આવી જાય છે; નિસાસા પડે છે. એના બદલે ખરી રીતે તો એવી એવી વિચારણા મનમાં રમ્યા કરે કે,

**'સૌના આત્મા અંદરથી તો બહુ સારા છે, પણ એનાં ને આપણાં કર્મ એને ભુલાવી અમુક અમુક આચરાવે છે !... વળી આપદા તો કસોટી છે ! તેમ, ગમે તેવી બહારની સ્થિતિ બને એમાં મારો અધિકાર નથી' ત્યારે શો અધિકાર છે ? 'કર્મના ઉદયથી નીપજતી વસ્તુ પર કર્મનો અધિકાર છે; પરંતુ આત્મામાં ઉચ્ચ કોટિની શુભ ભાવનાઓ, ઉમદા વલણ અને ઉચ્ચ મનોરથો સેવવા, સુવર્ણની જેમ આપત્તિના આક્રમણોના અગ્નિ-કષ્ટને સહર્ષ સહ્યે જ જવાનું... આ બધું મારા અધિકારમાં છે. તો એ જ કાં ન અજમાવું ?...'**

**હનુમાનની પરાક્રમવૃત્તિ :-**

અસ્તુ, રાવણ અસહિષ્ણુ હતો એટલે ગમે તે બહાનું કાઢી વરુણ સાથેની સંધિનો કરાર વરુણે બરાબર પાળ્યો નહિ, એ મુદ્દો ઊભો કરી એની સામે લડવા ચાલ્યો. પોતાના આજ્ઞાંકિત કેટલાય બીજા રાજા-મહારાજાઓને તેડાવ્યા. એમાં અહીં પવનંજય અને પ્રતિસૂર્ય ઉપર પણ કહેણ આવ્યું. બંને જણ જવા માટે તૈયાર થાય છે, ત્યાં હવે તો હનુમાન વગર કહ્યે કહે છે,

**'આપને જવાનું હોય ? જો શસ્ત્ર પાસે હોય તો હાથેથી પ્રહાર કોણ કરે ? અને હું બાળ હોવાથી દયા ખાવા-લાયક છું એમ માનશો મા; કેમકે આપના કુળમાં પરાક્રમનો અવસર પ્રાપ્ત થયે વય પર નથી જોવાતું.'**

હનુમાન પરાક્રમીનો પુત્ર છે, સ્વયં પરાક્રમી છે. પાછો વિનયી છે, એટલે આગ્રહપૂર્વક આ માગણી કરી રહ્યો છે, અને આગ્રહ સાથે રજાની રાહ જોઈ રહ્યો



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

છે ! પરાક્રમી માણસો અવસર આવ્યે એવા સુસ્ત નથી હોતા કે બીજાઓ ઘોંચપરોણા કરે ત્યારે ટટાર થાય ! એ તો જાણે તકની રાહ જોતા ન બેઠા હોય તેમ તક મળી કે તરત એને ઝડપી લેનારા હોય છે ! જીવન પર અધિકાર એ આ સમજે છે કે- **'શક્તિ મળી છે તો પરાક્રમી જીવન પર અધિકાર બજાવવો.'** પછી ત્યાં, 'કષ્ટ પડશે તો ? ને હાલની સુખમોજ જતી કરી દુઃખમાં ઊતરવું રહેશે તો ?...' વગેરે નમાલી વિચારણાઓ રહેતી નથી. કેમકે સમજે છે કે-**'આમે ય કષ્ટ, દુઃખ ક્યાં ઓછા સહીએ છીએ ? બાકી કાયર નિઃસત્ત્વ જીવન પર અધિકાર બહુ બજાવ્યા, હવે તો પરાક્રમી જીવન, સાત્ત્વિક જીવન પર અધિકાર બજાવું.'** આ અધિકારનો **ખ્યાલ માણસને સ્ફૂર્તિ આપે છે, જોમ આપે છે, સત્ત્વ આપે છે. પછી સત્ય, પ્રામાણિકતા, સૌમ્યતા, ઉદારતા, ગંભીરતા,...** વગેરે ગુણો હોશપૂર્વક કેળવાય છે, **ને એ માટે ભોગ આપવાનું પરાક્રમપૂર્વક જળવાય છે ! એમજ, દાન-શીલ-તપ, ભક્તિ-સેવા-સાધના... વગેરેને પરાક્રમ દાખવીને આરાધાય છે; પરાણે કે પતાવવારૂપ નહિ; કંગાળ માયકાંગલી રીતે નહિ !**

**શક્તિ માનવની અને દાનવની :-**

વિચાર જોઈએ કે-**'મારામાં શક્તિ તો બંને ય જાતની છે,- માનવ બનવાની અને દાનવ બનવાની; ધનનો સંગ્રહ કર્યે જવાની અને ધનનાં દાન કર્યે જવાની; ભોગમાં ધપ્યે જવાની અને ત્યાગમાં વધ્યે જવાની શક્તિ તો બંનેય છે, પરંતુ કયી શક્તિને અમલમાં મૂકવાના પરાક્રમ મને અને બીજાઓને તારક થાય, અને કયી શક્તિના પરાક્રમ મારક થાય ? કયા પરાક્રમમાં એમ દેખાય કે કીડા-પશુ-પંખી વગેરેમાંથી હું માનવપણા સુધી ઊંચે આવ્યો છતાં કાંઈ વિશેષ નથી કરતો, અથવા કયા પરાક્રમમાં હવે એથી ય ઊંચે વધવાના માર્ગે ગમન કરી રહ્યો છું ?** ઉચ્ચ ગમનનો અર્થ જ એ છે કે આંતરિક વલણ અને વૃત્તિઓ સુધરતી આવે. હલકા જન્મોમાં માત્ર આહાર, વિષય, પરિગ્રહ અને નિદ્રાનાં વલણ તથા એની ખાતર હિંસા, અસત્ય વગેરે ગમે તે દુર્ગુણ સેવવાની વૃત્તિ રહેલી, તે હવે સુધરીને તપ, ત્યાગ, ધર્મસાધના વગેરેના જ વલણ થાય, અહિંસા, સત્ય, નીતિ વગેરેની વૃત્તિઓ ઉઠે, તો કહેવાય કે ઉચ્ચ ગમન ચાલુ થયું છે.

**પરાક્રમ અને વય :-** હનુમાને કહી દીધું કે પરાક્રમ બતાવવાનો અવસર મળે ત્યારે આ કુળમાં વયની ગણત્રી કરવામાં આવતી નથી. આ કેવું સરસ સૂચક વાક્ય છે ! 'કુળ'ને બદલે 'ભવ' શબ્દ મૂકી વાક્ય વિચારીએ તો ? **પરાક્રમ બતાવવાનો અવસર મળે ત્યારે આ ભવમાં વયની ગણતરી કરવામાં આવતી નથી.** કેમકે પેલા કુળની જેમ **આ માનવભવ પરાક્રમનો ભવ છે.** ત્યાં માણસ વય જોવા



બેસે તો તો ભૂલો પડી જાય. પૂર્વના તેવા સંસ્કારોનો યોગે નાની ઉંમરવાળામાં ય ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાનશક્તિ વગેરે જોવામાં આવે છે ને ? નાની ઉંમરમાં વૈરાગ્ય પામે છે, સાધુપણું લે છે, મહાન જ્ઞાનાભ્યાસ કરે છે, વર્ધમાન-તપની ઓળીઓ કરે છે, વગેરે આજે પણ જોવા મળે છે. ત્યાં તમે જો એમ કહો કે 'બાળક શું સમજે ? એની શી તાકાત હોય ?' તો તમે પોતે જ સમજ્યા નથી એમ ગણાય. આ ભવમાં વયની ગણતરી નથી એ પોતાના માટે પણ સમજવાનું છે. કેમકે શાસ્ત્ર કહે છે, **'अकालो नास्ति धर्मस्य'** ધર્મને માટે અકાળ નથી. કેમકે જીવન ચંચળ છે, મૃત્યુનો ભરોસો નથી. જાગેલી ધર્મભાવનાનો પણ ભરોસો નથી કે એ અમલ વિના ટકી શકે. ત્યારે, સંયોગોનો ય ક્યાં ભરોસો છે કે એ સરખા અને અનુકૂળ ચાલશે જ. માટે જ, જાગ્યા ત્યારથી સવાર, ધર્મ પરાક્રમની બુદ્ધિ જાગી, એની આવશ્યકતા સમજાણી ત્યારથી પરાક્રમ અજમાવી લેવું જોઈએ. અલબત તપ જેવાના પરાક્રમ ખેડવો હોય તો શક્તિ માપવી જોઈએ. પરંતુ જો જો કે કેટલીકવાર તપનો અને ત્યાગનો અભ્યાસ પાડ્યો નથી, અભ્યાસથી કેટકેટલા આગળ વધી શકાય છે એની ખબર નથી, માટે જ બોલી ઉઠાય છે કે-ભાઈ ! આઘા જઈને પાછા પડવાનું થાય.'

## • રાણી અને ભેંસ •

**અભ્યાસથી શું થઈ શકે ? :-**

અભ્યાસથી તો બીજાને આશ્ચર્યકારી લાગે તેવા કાર્ય કરી શકાય છે. એક રાજાની સભામાં મલ્લો આવ્યો, પોતાની ભારે શરીર-શક્તિ દેખાડી. રાજા હેરત પામી ગયો.

રાણીને કહે છે, 'જો કેટલું બધું પરાક્રમ મલ્લોનું ?'

રાણી કહે છે, 'એમાં પરાક્રમ શાનું ? અભ્યાસથી બધું થાય.'

'અરે ગાંડી ! અભ્યાસથી તે આવું બની શકતું હશે ? લે તું ને હું શું આ પરાક્રમ કરી શકીએ ?'

રાણી કહે છે, 'હા, અભ્યાસથી થઈ શકે. અવસર આવ્યે બતાવીશ.'

રાજાને તો આ શબ્દો પર રાણીની ઘેલછા લાગે છે; કારણ કે અનુભવ નથી. માટે જ કહો, જેને જે વાતનો અનુભવ નહિ, એ એમાં વિરુદ્ધ અભિપ્રાય આપે કે ઘેલછા કહે એની કેટલી કિંમત ગણવી ? હવે રાણીએ શું કર્યું ? એણે મહેલના પાછલા ભાગમાં એક ભેંસ વીયાએલી, તેના વાછરડાને પોતાની બોચી ઉપર બે પગ એક ખભે અને બે પગ બીજા ખભે લઈ ઊંચક્યું. તાજું જન્મેલું



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3

વાછડું, બહુ ભાર નહોતો; તે ઊંચક્યું તો ઊંચક્યું, પણ પાછું ઊંચકીને પાછળની ચાર સીડી ચઢી ઠેઠ ચોથા મજલે ચઢાવી દીધું, અને પાછું ઉતાર્યું ! એવું એણે બીજે દિવસે કર્યું ! ત્રીજે દિવસે કર્યું ! ચાલ્યું રોજ ને રોજ ઊંચકીને ચડાવતી ચાલી. જોત જોતામાં બચ્ચું તો મોટી ભેંસ રૂપમાં આવી ગયું. પરંતુ રોજ કાંઈ એકદમ વજન થોડું જ વધી જાય છે ? રોજ સહેજ સહેજ ૦I-૦II-૧ રતલ વધે અને રાણીનો રોજનો ઊંચકવાનો કાર્યક્રમ ચાલુ એટલે ઊંચકવામાં વજન ખાસ વધ્યું લાગે નહિ. તે મોટી ભેંસ થઈ તો ય અભ્યાસના યોગે સહેલાઈથી એને ઊંચકી ચડાવી દેતી.

પછી તો એક વાર રાજાને કહે, 'પેલું યાદ છે ? અભ્યાસથી બધું થઈ શકે એમાં નવાઈ પામવાની જરૂર નથી કે ઓહો આ કેવુંક પરાક્રમ !'

રાજા કહે છે, 'હજી તારો ભ્રમ ન ગયો ?'

રાણી કહે છે, 'ભ્રમ નથી. કહો તો બતાવી આપું. બોલાવો તમારા બહાદુર સુભટોને, મલ્લોને અને બીજા જે લઠ્ઠબાજ હોય એને.'

રાજાને કૌતુક થયું કે રાણી તે વળી શું કરવાની હશે. મહેલના પાછલા ભાગમાં બધાને ભેગા કર્યા. રાણી કહે છે, 'જુઓ આ ભેંસને ઊંચકીને ચોથે મજલે ચડાવી દેવાની છે, જેની તાકાત હોય તે જાતે ઊંચકીને ચડાવી દો એને !'

રાજા કહે, 'જાતે ઊંચકીને ભેંસ તે ચડાવી શકાતી હશે ?'

રાણી કહે, 'હા, તમે આ બહાદુરોને પૂછી જુઓ ને ?'

રાજાને તો વાત મનમાં જ બેસતી નથી; છતાં પૂછ્યું, 'બોલો ભાઈ ! ભેંસને ઊંચકીને ઉપર કોણ ચઢાવી દે છે ?'

કોણ આગળ આવે ? મોટું વજન ઊંચકી જાણનારા પણ અહીં વિચારમાં પડી ગયા કે મોટી ભેંસને ઊંચકવી અને લઈને ચાર દાદર ચઢવું એ બને જ શી રીતે ? કોક ૨-૪ જણ પ્રયત્ન કરવા આવ્યા પણ ન ઊંચકી શકવાથી વિલખા થઈ પાછા ગયા.

રાણી કહે છે, 'બોલો છે કોઈ ઊંચકનાર ? પછી હું ઊંચકીને ચઢાવી દઉં ત્યારે કોઈને એમ ન લાગે કે ઓહો એમાં શું હતું, એ તો હું ય ચઢાવી દેત !'

પણ કોણ આગળ આવે ? રાજાને વહેમ પડ્યો કે આ રાણી ઊંચકવા જતાં એની ને મારી આબરૂ ન લૂંટાવે. તે એને કાનમાં શિખામણ દે છે.

પણ રાણી કહે છે, 'જરાય ફિકર કે શંકા ના કરો.' એમ કહેતાંક કછોટો મારી ભેંસના પેટ નીચે પોતાનું માથું ઘાલી એને બોચી પર ઊંચકી; ને એના બે પગ પોતાના ગળાની એક બાજુ, અને બીજા બે પગ બીજી બાજુ લઈ પોતાના હાથેથી પકડી ચઢી દાદર પર. રોજનો અભ્યાસ હતો તે એક દાદર, બીજો દાદર



એમ ઠેઠ ચાર દાદર ચઢી ગઈ; ને પાછી ચાર દાદર ઊતરી આવી; ને ભેંસને સલામત નીચે મૂકી.

રાજા ને મલ્લો-સુભટો-અમલદારો વગેરે બધાને એટલું બધું આશ્ચર્ય થયું કે આ રાણી સાહેબનું કેટલું બળ ! આ કેવુંક પરાક્રમ ! ખલાસ આની આગળ મોટા મલ્લો પણ પાણી ભરે છે !'

ખરી રીતે રાણી કાંઈ મલ્લો સામે કુસ્તી કરી શકે એમ નહોતું. કેમકે કુસ્તીનો અભ્યાસ નહોતો; જ્યારે આનો અભ્યાસ હતો એટલે આ સરળ થઈ ગયું; પણ બીજાને એ ચમત્કારિક લાગ્યું.

રાજા પૂછે છે, 'પણ આ શી રીતે ઊંચકી શક્યા ?'

રાણી કહે છે, 'એમાં કાંઈ જ કઠિન નથી. માત્ર અભ્યાસ ! જુઓ હું એ નાનું વાછરડું હતું ત્યારથી માંડીને એને રોજ ઊંચકી ચઢાવતી હતી, તે ગઈ કાલ સુધી. એટલે આજે કંઈ મુશ્કેલ ન પડ્યું. આ બધાને અને આપને અભ્યાસ નથી એટલે મહામુશ્કેલ લાગે છે. અભ્યાસથી તો મોટી કુસ્તી ખેલી શકાય, મોટા કામ સહેલાઈથી પતાવી શકાય, મોટા પહાડ દોડતા ચઢી શકાય છે, ને મોટા ખાડા કૂદી શકાય છે ! અભ્યાસથી મોટા વ્યાયામ, મોટી કળાઓ, શાસ્ત્રજ્ઞાન વગેરેને એવા સિદ્ધ કરી શકાય કે એમાં બીજાને અચરિજ થાય, પણ પોતાને કંઈ જ મુશ્કેલી નહિ.'

રાજા અને બીજાઓ સમજી ગયા કે-'અભ્યાસ જ ખરી ચીજ છે.' વાત પણ સાચી છે, તપમાં-ત્યાગમાં ચોકખું દેખાય છે કે એનો અભ્યાસ પાડેલાને મોટા તપ, ત્યાગ કરવા એટલે રમત વાત ! એટલે જ અભ્યાસથી પરાક્રમી કાર્યો કરી શકાય છે. અસ્તુ. હનુમાને પરાક્રમભર્યા શબ્દ કહ્યા.

**હનુમાન રાવણની છાવણીમાં :-**

હનુમાનના પરાક્રમભર્યા વચન સાંભળી પવનંજય અને પ્રતિસૂર્ય ખુશ થઈ જાય છે; વિચાર કરીને રજા આપે છે; અને મસ્તકે એને ચુંબન કરે છે. પછી પ્રસ્થાન-મંગળ કરવામાં આવે છે; મોટા સામંત રાજાઓ, સેનાપતિઓ, અને સેંકડો સેનાઓથી પરિવરેલો એ યુદ્ધ માટે ઉપડે છે; અને ક્રમે કરીને રાવણની છાવણીમાં જઈ પહોંચે છે. હનુમાનને આવતો જોઈ રાવણના હર્ષનો પાર નથી રહેતો; કેમકે હનુમાનનું પરાક્રમ દુર્વાર દેખાય છે. લાગે છે કે જાણે આ હનુમાન શું, પણ સ્વયં વિજય પોતે રૂપ ધરીને ન આવ્યો હોય ! જ્યાં રાવણને હનુમાન પ્રણામ કરે છે ત્યાં એને બાહુથી ઊંચકીને રાવણ આનંદભેર પોતાના ખોળામાં બેસાડે છે. છાવણીમાં નવો ઉત્સાહ આવી જાય છે !

**પરાક્રમી નેતા :-** પરાક્રમી માણસના આગમને સમૂહ ઉત્સાહિત થાય છે, એવું દુનિયામાં બીજે ય દેખાય છે. એટલે તો ધર્મના કાર્યોમાં પણ જો એક એવો પરાક્રમી આગેવાન નહિ, તો સમૂહ હજારોનો હોય છતાં એમને એમ નિષ્ક્રિય બેસી રહેલો દેખાય છે ને ? કુટુંબમાં પણ વડેરો જો તેવો ધર્મ-પરાક્રમી નહિ તો કુટુંબ મોટા ભાગે ધર્મની વાતમાં સુસ્ત જોવા મળે છે. એ સૂચવે છે કે **ધર્મમાં પરાક્રમ દાખવીને આગળ પડનાર પાછળના કેટલાયને ધર્મમાં દોરી કેટલું બધું થોકબંધ પુણ્ય ઉપાર્જે !** પરાક્રમની મોટી કિંમત છે. અંદર શક્તિ તો ભરી છે, બહાર સામગ્રી પણ મળી છે, હવે માત્ર પરાક્રમ ફોરવવાની જરૂર છે. પરાક્રમ વિના મોટાં કાર્યો સધાતાં નથી.

**હનુમાન અને રાવણનો વિજય :-**

રાવણ વરુણ રાજાની નગરીને ઘેરીને રહ્યો. વરુણ અને એના શૂરવીર છોકરાઓ લડવા માટે બહાર નીકળ્યા, એ પણ ભારે પરાક્રમી હતા. રાવણ સાથે મોટી લડાઈ ચાલી. વરુણના પુત્રોએ રાવણને થકવ્યો. ત્યાં હનુમાને આવી પહોંચી ક્રોધે ભરાઈ એમની સામે ટક્કર લીધી; અને વિદ્યાના સામર્થ્યથી એમને સ્તંભિત કરી પશુની જેમ બાંધ્યા. ત્યારે આ શું વરુણ જોઈ રહે ? એ તો એકદમ ક્રોધાવિષ્ટ થઈને હનુમાન ઉપર દોડ્યો. વચમાં સુગ્રીવ વગેરે નરવીરો આડા આવ્યા, એમને પણ વરુણે માર્ગમાં આવતા વૃક્ષોની જેમ ધ્રુજાવી નાખ્યા. ત્યાં રાવણે બાણોનો ભીષણ વરસાદ વરસાવ્યો. એટલે વરુણ રાવણ સામે લડવામાં પડ્યો; અને એમાં રાવણે પોતાનું બધું ઓજસ દાખવ્યું. એને આકુલવ્યાકુલ કરીને છળથી એના પર કૂદી એને પકડીને બાંધ્યો ! તરત જ ચારે બાજુ જય-જયારવ થઈ ગયો. દિશાઓ ગાજી ઉઠી. બધા છાવણીમાં આવ્યા. ત્યાં રાવણે વરુણને અને એના છોકરાઓને ઉદારતાથી છૂટા કર્યા. કેમકે **મહાન પુરુષોના કોપ સામાના નમન સુધી જ હોય છે.**

**રાવણ અધમ નથી :-**

રાવણની આ ઉદારતા જોવા જેવી છે. લોકો રાવણને રાક્ષસ, અધમ, દુષ્ટ, દુરાચારી, ક્ષુદ્ર વગેરે તરીકે ઓળખે છે. પરંતુ એ સાચી ઓળખાણ જ નથી; અને તેથી એક મહાન પુરુષની આશાતના કરે છે. **રાવણ રાક્ષસ નહોતો** પણ રાક્ષસ નામના વંશમાં ઉત્પન્ન થયો હતો; **રાવણ અધમ નહોતો** પણ અદ્‌ભુત જિનભક્તિ, ગુરુભક્તિ વગેરે ઉત્તમ કાર્ય ઉત્તમ દિલથી કરતો હતો. વળી **રાવણ દુષ્ટ નહોતો** પણ શિષ્ટ પુરુષ હતો. અલબત માણસના જીવનમાં કોકવાર આવેશ આવવાથી દુષ્ટ કામ થઈ જાય, પણ તેથી કાંઈ તે આખી જિંદગી માટે દુષ્ટ ન કહેવાય. એવું રાવણના ભાણેજ શંબૂકનું માથુ અજાણતાં કપાઈ ગયું, કેમકે શંબૂક વાંસના ઝુંડની



વચમાં બહારથી ન દેખાય એ રીતે રહીને વિદ્યાજાપ કરતો હતો અને લક્ષ્મણે તલવારની ધાર તપાસવા એને વાંસ પર ચલાવી. એમાં શંબૂક કપાઈ ગયો; એની માતા સૂર્પનખા ગુસ્સે થઈ અને એણે રાવણને ચઢાવી સીતાનું હરણ કરાવ્યું. સંયોગવશ આવું કોક દુષ્ટ કાર્ય થઈ જાય, પરંતુ તેથી જીવનભર માટે માણસ દુષ્ટ ન ગણાય. તેમ રાવણ દુરાચારી પણ નહોતો, તેથી તો સીતાને ઊંચકી વિમાનમાં બેસાડી ઉપાડી ગયો એટલું માફ; બાકી સીતા ન ઇચ્છે ત્યાં સુધી એને અડવા તૈયાર નહોતો ! **એમ જ રાવણ ક્ષુદ્ર નહોતો** અને તેથી તો એના જીવનમાં કેટલીય ઉદારતા દેખાડી જોવા મળે છે. દા.ત. અહીં જ એણે વરુણ અને એના પુત્રોને મારી ન નાખ્યા, જીત્યા પછી પણ કેદમાં ન નાખી મૂક્યા પરંતુ તરત જ છોડી મૂક્યા અને રાજ્ય એમને જ કરવા દીધું. એવું જ તાજી વિદ્યાસિદ્ધિ કર્યા પછી વૈશ્રવણને હરાવતાં એને જ્યાં સંસારત્યાગ કરતો જોયો ત્યારે રાવણે કહ્યું છે કે- 'તમે રીસ ન કરતા, ખુશીથી લંકાનું રાજ્ય ભોગવો; અમે પૃથ્વી વિશાળ છે તે ગમે ત્યાં સ્થાન કરી લઈશું.' ક્ષુદ્રતાવાળો અધમાત્મા આવી ઉદારતા ક્યાંથી દાખવી શકે ? માટે જ ચરિત્રકાર કહે છે,

**મહાત્માનો કોપ, સામો નમે એટલે ઊતરી જાય છે.** રાવણને આમાં મહાત્મા ઠેરવ્યો. માણસને ગુસ્સો થાય, અભિમાન થાય, પરંતુ એના પરિણામ એ ક્યાં સુધી પહોંચાડે છે, એના પર એની ક્ષુદ્રતા-ઉદારતાનું માપ નીકળે છે, ક્ષુદ્ર માણસ આવેશમાં સામાને મોટું નુકસાન કરશે, એની નિંદા કરવામાં બાકી નહિ રાખે; સામો નમી જશે તો ય વેરનો બદલો લેવામાં એને કચરવામાં કાંઈ કમીના નહિ રાખે. ત્યારે રાવણે કાંઈ એવી જિંદગી નથી ગાળી. માટે જ અહીં જોવા મળે છે કે રાવણે વરુણ અને એના છોકરાઓને રાજ્ય પાછું સોંપ્યું.

આ બધી જિત થવામાં હનુમાનનું મહાન પરાક્રમ કારણભૂત હતું. એ જોઈને વરુણે પોતે પોતાની પુત્રી સત્યવતીને એની સાથે પરણાવી. સ્વયં જેનું પરાક્રમ અનુભવવા મળ્યું હોય એવો જમાઈ ઝટ ક્યાંથી મળે ? રાવણ ત્યાંથી લંકા ગયો; અને હર્ષથી હનુમાનને પોતાની બેનની પુત્રી અનંગકુસુમા પરણાવી. સુગ્રીવે પોતાની દીકરી પદ્મરાગા, નળરાજે હરિમાલિની અને બીજાઓએ પણ પોતાની પુત્રીઓ પરણાવી. રાવણે પછી હનુમાનને દૃઢ આલિંગન કરી વિદાય આપી.

જીવન પર અધિકાર અને મહાસતી અંજનાસુંદરીનું વિવેચન અહીં પૂર્ણ થાય છે. એને વારંવાર ચિંતન-મનનમાં લઈ આધ્યાત્મિક જીવન પરના અધિકાર જે બજાવશે તે અનંત કલ્યાણની મંગળમાળા વરશે. (ઇતિ અંજનાચરિત્ર)



E:/Divya-Darshan(Part-16)(Prav... Maho...)(Adhyatmik Pravachan).pmd/prf.3